# પરમપદદાયી આનંદઘન પદરેહ

ॐ

# પરમપદદાયી આનંદઘન પદરેહ...

## (ભાગ - ૨)

❀ ચિંતક ❀

**સ્વાનુભૂતિ સંપન્ન શ્રી ખીમજીબાપા**

❀ સંસ્કરણકર્તા પ્રવચનકાર ❀

**પંન્યાસપ્રવર શ્રી મુક્તિદર્શનવિજય ગણિ**

❀ સંયોજન સહાયક ❀

**સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**

❀ પ્રકાશક ❀

**શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**

પુસ્તકનું નામ : **પરમપદદાયી આનંદઘન પદરેહ**

પ્રકાશક : સાધુ-સાધ્વી ભગવંત તથા જ્ઞાનભંડાર લાભાર્થે
**શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ** (મુંબઈ)
**અને**
**શ્રી નવજીવન સોસાયટી શ્વે. મૂ. સંઘ** (મુંબઈ)
જ્ઞાનખાતાનિધિ ફંડ પ્રેરિત પ્રત

આવૃત્તિ : પ્રથમ (નકલ - ૧૦૦૦)

મુખપૃષ્ઠ, પાર્શ્વપૃષ્ઠ
ચિત્ર રેખાંકન : જયભૈરવ ગ્રાફીક્સ

મુદ્રક : હિતેશભાઈ દસાડીયા
ફોન : ૨૬૮૩૦૯૨૧

પ્રાપ્તિ સ્થાન : મુંબઈ

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
ઈર્લા, વિલેપાર્લા (વે), મુંબઈ - ૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૭૧૨૬૩૧ / ૨૬૭૧૯૩૫૭

**શ્રી સૂર્યવદનભાઈ ઠાકોરદાસ જવેરી**
૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન,
મલાડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૬૪.
ફોન : ૨૮૦૬૭૭૮૭

**શ્રી પીયુષભાઈ મનુભાઈ શાહ**
મસ્કતી મહાલ, પાંચમે માળે,
લુહારચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૮૪૭૯૭

અમદાવાદ

**શ્રી હેમંતભાઈ ભાઈલાલભાઈ શાહ**
૬૬, લાવણ્ય સોસાયટી,
જીવરાજ હોસ્પીટલની બાજુમાં,
વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૩૯૯૦૩

# અર્પણ

જેમની અદમ્ય ઈચ્છા, જેમના દિવ્ય પ્રભાવથી
અનાયાસેજ આ ગ્રંથનિર્માણ થયું
એવાં
મૂળશ્રોત સ્વાનુભૂતિસંપન્ન
**શ્રી ખીમજીબાપાને**
સાદર સસ્નેહ અર્પણ !

અહોભાગ્ય છે કે આ યોગદાનના સહભાગી
થવાનું સૌભાગ્ય સાંપડવા
સહ ઋણતર્પણ થયું !

**પં. મુક્તિદર્શનવિજયજી ગણિ.**
**શ્રી સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**

# પ્રકાશકીય નિવેદન

**પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી મુક્તિદર્શનવિજયજી મ.સા.**નું વિ.સં. ૨૦૬૦માં ધર્મપ્રભાવક ચાતુર્માસ, પૂણ્યોદયે અમારા શ્રીસંઘમાં થયું.

યોગીરાજ આનંદઘનજી મહારાજાના અપરોક્ષાનુભૂતિપ્રાપક સ્તવનો અને પદોના નિચોડરૂપ જેમના જીવનનો પ્રયાસ રહ્યો છે તે સુશ્રાવક ખીમજીબાપા (વસઈ રહેવાસી) ની ચિંતન અને મનનની નોંધ પ્રાપ્ત થઈ અને ચાતુર્માસ દરમ્યાન દૈનિક પ્રવચનનો વિષય ''આનંદઘનજી મહારાજા રચિત સ્તવનો - પદો' પસંદ કરાયો.

વિ.સં. ૨૦૬૧ના ગોવાલિયા ટેન્ક ચાતુર્માસ દરમ્યાન, પંન્યાસજી મ.સા. એ પ્રવચનધારાને આગળ વધારી પ્રાયઃ ૨૧ સ્તવનો અને ૯૦ પદોનું વિવરણ પ્રવચનોમાં આવરી લેવાયું. લોકમાંગના પ્રતિસાદરૂપે પ્રવચનકાર પૂજ્યશ્રીએ સુશ્રોતા શ્રી સૂર્યવદનભાઈને સહાયતામાં રાખી સુસંગત વિવરણ તૈયાર કર્યું. તે વિવરણનું **''પરમપદદાથી આનંદઘન પદરેહ''** એ શિર્ષકથી બે ભાગમાં **અમારા શ્રી સંઘ દ્વારા પ્રકાશન થઈ રહ્યું છે અને વિમોચન અવસર પણ અમારા શ્રી સંઘના આંગણે ઉજવાયેલ છે. આ પ્રવૃત્તિઓનો અમને અનેરો આનંદ છે.**

શબ્દોને ધારદાર તીક્ષ્ણ બનાવનાર શબ્દધારા એટલેજ પદ્યરચનારૂપ પદો. આનંદઘનજી મહારાજાના પદો દીર્ઘકાલ સુધી હૃદયમાં સ્થિર થઈ જાય એવા છે. તે પદો સંક્ષેપમાં વિશાળ તાત્પર્યને કહી જાય છે, તે પદોમાં વિધિ-નિષેધને યુગપદ્ જણાવવાની ટંકોત્કીર્ણ કલા છે. આવા આ પદોને અક્ષર (અક્ષય) બનાવનાર ચોટદાર વેધક અક્ષરોની અસરનું આસ્વાદન કરાવનાર આ ગ્રંથ છે.

સર્વે પૂજ્યપાદ, ચારિત્રચૂડામણિ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**, પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**, સકલસંઘહિતચિંતક ગીતાર્થ શિરોમણિ સિદ્ધાન્તદિવાકર આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**, અધ્યાત્મરાગી, શાંત અને સરળ સ્વભાવી **પંન્યાસજી મુક્તિદર્શનવિજયજી મ.સા.** વગેરે પરમ પૂજ્ય મહારાજ સાહેબોનું અમો આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ. સર્વેને અમારા શ્રીસંઘની ભાવભરી વંદના.

આ સુંદર ધર્મકાર્યરૂપ વિવરણના પ્રકાશનમાં અનેક પરિબળોનો સહિયારો ફાળો છે. એ ફાળો આપી આત્માર્થે ધર્મલાભ લેનાર ભાગ્યશાળી ભવ્યાત્માઓની સૂચિ ઋણસ્વીકાર રૂપે અત્રે આપેલ છે :

## -: ઋણસ્વીકાર :-

### આર્થિક સહયોગ :

(૧) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ (જ્ઞાનખાતું).

(૨) શ્રી નવજીવન સોસાયટી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતું), લેમીંગ્ટન રોડ, મુંબઈ સેન્ટ્રલ જૈન સંઘ - જે ઉભય શ્રીસંઘે સાધુ-સાધ્વીજી ભગવંતો અને જ્ઞાનભંડારોમાં પ્રસ્તુત ગ્રંથની નિ:શુલ્ક ફાળવણી માટે શ્રીસંઘના જ્ઞાનખાતાના ફંડમાંથી ફાળો નોંધાવી સંઘને ધર્મલાભના ભાગી બનાવેલ છે.

(૩) શ્રીયુત્ હરીભાઈ ગણપતભાઈ ગગુભાઈ શાહ પરિવાર

(૪) શ્રીમતી દક્ષાબેન શૈલેષભાઈ પરીખ પરિવાર.

(૫) શ્રીયુત્ રોહિતભાઈ હિંમતભાઈ દોશી પરિવાર (યુ.એસ.એ.)

(૬) શ્રીયુત્ જયંતિલાલ, ગોવિંદજીભાઈ, મણિલાલભાઈ ખીમજીભાઈ વોરા તથા લીલાવંતીબેન સતીષભાઈ શાહ આદિ પૂજ્ય **ખીમજી બાપા પરિવાર.**

(૭) અન્ય શુભેચ્છકો :
શ્રીમતી કીર્તિબેન મોદી પરિવાર
એક સદ્‌ગૃહસ્થ
શ્રીમતી રેણુકાબેન દલાલ પરિવાર
શ્રીમતી ઝવેરબેન મંગળભાઈ નાગડા પરિવાર
એક સદ્‌ગૃહસ્થ
શ્રીમતી હેમલતાબેન શાંતીલાલ ભેદા પરિવાર
શ્રી ગોવિંદજીભાઈ જીવરાજભાઈ શાહ પરિવાર
શ્રીમતી જાગૃતિબેન સમીરભાઈ શાહ પરિવાર
શ્રીમતી મૃદુલાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર

### ગ્રંથનિર્માણ યોગદાન :

(૧) શ્રીયુત્ પિયુષભાઈ મનુભાઈ શાહ... જેમણે પૂજ્યશ્રીના પોતે અવતરિત કરેલ પ્રવચનોમાંથી ટંકોત્કીર્ણ બને એવાં રત્નકણિકારૂપ વાક્યો વીણી કાઢી આપ્યા છે જે પ્રત્યેક પાના ઉપર પૂજ્યશ્રીની પ્રવચન પ્રસાદી રૂપે રજુઆત પામેલ છે.

(૨) શ્રીયુત્ ચંદ્રકાંતભાઈ ભોગીલાલ શાહ... જેમણે જહેમત લઈને પૂજ્ય ખીમજીબાપાના આત્મકથા સ્વરૂપના લખાણ ઉપરથી સંક્ષિપ્ત જીવન પરિચય તૈયાર કરી આપેલ છે.

(૩) **શ્રીયુત્ ચંદ્રકાંતભાઈ હિરાલાલ શાહ...** જેમણે ગ્રંથ પ્રકાશન અને વિમોચનના સુંદર આયોજન દ્વારા શ્રુતજ્ઞાન પ્રસારનો લાભ લીધો છે.

(૪) મુખપૃષ્ઠ, પાર્શ્વપૃષ્ઠ, ચિત્ર રેખાંકન જયભૈરવ ગ્રાફીક્સના **શ્રી હિતેશભાઈ રાંકા.**

(૫) ડી.ટી.પી. અને સુંદર મુદ્રણ બદલ મોનિલ ક્રિએશનના **શ્રી હિતેશભાઈ દસાડીયા.**

**પરિશિષ્ટ :**

(૧) 'સ્વરૂપ વિજ્ઞાન', 'સ્યાદ્વાદ-સ્વરૂપ નિરૂપણવાદ', 'અઢાર હાથીનું દષ્ટાંત' આ ત્રણ પરિશિષ્ટ સ્વરૂપચિંતક **શ્રી પનાલાલ જ. ગાંધી** ના 'પ્રબુદ્ધજીવન' માસિકમાં પ્રકાશિત થયેલ લેખ છે.

(૨) 'ચેત્ મછંદર ગોરખ આયા' લેખ સાન્તાક્રુઝ નિવાસી **શ્રી ગુણવંતભાઈ સી. શાહે** તૈયારી કરી આપેલ છે.

(૩) 'આત્માષ્ટક' **શ્રી શંકરાચાર્યજીનું** છે.

(૪) પરમપદ પ્રાપ્તિ પ્રાર્થના - આત્મસ્વરૂપવાસ અભિલાષા ગાન **શ્રી ગજાનન ઠાકુરનું** છે.

આ ધર્મકાર્યનો લાભ લેનાર સર્વ ભવ્યાત્માઓને અમારા વંદના સહ ધન્યવાદ !

આ વિવરણ - પ્રકાશન કુતૂહલને ઉશ્કેરનારી નવલકથા નથી કે એકી બેઠકે પુરી કરવી પડે. આ વિચારણા તો મોતીનો ચારો છે, જે હંસ બની ચણવો પડશે. હંસ બની જે આ ચારો ચરશે તે ભવ નિસ્તરશે અને પરમહંસ બનશે.

સમસ્ત ચતુર્વિધ સંઘ આ અધ્યાત્મને પ્રાપ્ત કરી પરમહંસ બને - તે જ મંગલ કામના...

લિ.

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ.**

# સાધનામય જીવન......
# ......મોક્ષપ્રાપ્તિના એંધાણ

નિયતિના કોઈ અકળ એંધાણ મુજબ યોગીરાજ આનંદઘનજી મહારાજાના પદોના મર્મને પ્રચારવામાં - પ્રસારવામાં નિમિત્ત બનવાનુ સદ્ભાગ્ય લલાટે લખાયુ હશે, માટેજ મારી ભવિતવ્યતાએ મને કોઈપણ જાતના વિશેષ પ્રયત્ન વિના સ્વાનુભૂતિ સંપન્ન **શ્રી ખીમજી બાપા**નો પરિચય કરાવ્યો અને તેમના હસ્તે લખાયેલા ટાંચણરૂપ છતાં માર્મિક આનંદઘનજીના પદો ઉપરનુ લખાણ મળ્યુ. એ મળવાથીજ વિ.સં. ૨૦૬૦ ના ઈરલાના ચાતુર્માસમાં તેના ઉપર પ્રવચનો કરવાનો સુયોગ સાંપડ્યો. **વાડ વિના વેલો ચડે નહિ** તેમ, કોઈ વિશેષ આધાર વિના આ મહાપુરુષના પદોનો મર્મ ખોલવો એ અશક્યતો નહિ પણ દુ:શક્ય તો જરૂર છે જ. આમેય કવિના હૃદયને કળવું કઠિન હોય છે, કારણકે કવિની કૃતિ એ અનાહતનાદ - બ્રહ્મનાદ હોય છે.

યોગીરાજના પદોમાં સ્વયંને પામવાનો તલસાટ છે. તેઓશ્રીનું સમગ્ર જીવન એક માત્ર આત્મતત્ત્વને પામવા માટે જ હતું. જગતના કોઈપણ પદાર્થો - પ્રલોભનો, આકર્ષણો તેમને સ્પર્શી શકે તેમ નહોતાં. બસ, **"જે ખરેખર મારું પોતાનું છે અને જે ત્રિકાળ છે તેજ તત્ત્વ મને કેમ મળે ?"** એ એક માત્ર લગનથી એ આત્માએ ઘરબાર છોડીને જૈન શાસન નિર્દિષ્ટ ત્યાગ માર્ગ સ્વીકાર્યો અને તેમાં પણ જ્યારે અધ્યાત્મને બદલે સંપ્રદાયવાદની બોલબાલા દેખાઈ ત્યારે તેઓએ સંપ્રદાયવાદનો ત્યાગ કરી જંગલનો માર્ગ સ્વીકાર્યો, એકાકી બન્યા પણ આત્મતત્ત્વને પામવાની જે લગન હતી તેને જતી ન કરી. આ વાત પદ ૬૬માં જોવા મળે છે.

કલિકાળમાં પ્રભુ મહાવીર પરમાત્માના શાસનમાં થઈ ગયેલા આ ઓલિયા, ફકીર, શાંતિના દૂત, શાંતિના વાહક, ચાહક, શાંતિનો પૈગામ પસારનાર પયંગમ્બર, જ્ઞાની, ધ્યાની યોગીરાજશ્રી આનંદઘનજી મહારાજાનો કોઈ નામ નિક્ષેપો, સ્થાપના નિક્ષેપો કે દ્રવ્ય નિક્ષેપો શોધ્યોય જડતો નથી, જે મળે છે તે એમનો, એમણે રચેલા વર્તમાન ચોવીસીના ચોવીસ ભગવંતોના સ્તવનો અને સાધનાકાળમાં પ્રભુ પ્રાપ્તિના તલસાટને તરફડાટમાં થયેલ સ્વાનુભૂતિની સ્પર્શનાના સંવેદનરૂપ **૧૧૦ પદોની પદ્ય રચના રૂપ ભાવ નિક્ષેપો છે.**

એ અનામી અને અરૂપીના ચાહક અને વાહક યોગીરાજે સ્વયંના નામ અને રૂપને ભૂલી જઈ એકમાત્ર પદ્ય રચનામાં વહાવેલી ભાવાનુભૂતિની સંવેદનાઓજ આપણને માણવા મળે છે કે જેના સિવાય એમના કોઈ નામ, નિશાન કે ઓળખ પ્રાપ્ત થતાં નથી, સિવાય કે કેટલીક કિવદંતીઓ.

રાગ-રાગિણીના એ જાણકારે જુદાજુદા રાગમાં ઢાળેલી એમની રચના ગેય છે અને તેથી કર્ણપ્રિય છે તેમ એના મર્મને પામવામાં આવે તો તે હૃદયંગમ પણ બને તેમ છે અને તેમ થાય તો એના ગાનનું ગુંજન નાભિકમલમાંથી ગુંજારવ પણ કરે તેમ છે.

એમની કૃતિનાં આધારે આનંદઘનજી મહારાજાના જીવન ઉપર જો દૃષ્ટિપાત કરવામાં આવે તો આપણને દેખાશે કે આનંદઘનના એ અવધૂત યોગીએ આત્માનો અનુભવ કરવા અને મુક્તિને નજીક લાવવા આશા - ઈચ્છા - તૃષ્ણા, સ્પૃહા, લાલસાઓને કચડી નાંખી છે અને તેનો જરાપણ ઉદ્‌ભવજ થવા દીધો નથી તે વાત તેમણે **આશા ઓરનકી ક્યા કીજે** પદ-૨૮ માં વ્યક્ત કરી છે. સાધકને એ વાતનો ખ્યાલ આવવો જરૂરી છે કે અંદરથી નવી નવી ઈચ્છાઓના અંકુર ફુટ્યાજ કરશે તો તે સાધનાના માર્ગ પર આરોહણ નહિ કરી શકે અને તેથી સિદ્ધિના શિખરો તેને માટે દૂર દૂરને દૂરજ રહેશે.

ઘરબાર છોડીને ચારિત્ર જીવનના પરાક્રમ કરવા છતાં આજે આત્મા શુદ્ધિના એ પરમતત્ત્વનો કેમ અનુભવ કરતો નથી ? એ પ્રશ્નના સમાધાનમાં એમ કહી શકાય કે એના જીવનમાં કાંઈકને કાંઈક તૃષ્ણાઓ પડેલી છે જે એને વારંવાર હેરાન કરીને પરિણતિને ડહોળી રહી છે. પદ - પ્રતિષ્ઠા, નામના કીર્તિ, શિષ્યાદિનો લોભ એ આગળ વધવામાં પ્રતિબંધક બને છે.

જેમ તૃષ્ણા એ બાધક છે તેમ માર્ગમાં આગળ વધતા, આવતા વિઘ્નોથી જો આત્મા ભય પામી જાય તો પણ તે આગળ વધી શકતો નથી. યોગીરાજે આત્મતત્ત્વને પામવા મોતને પણ ગણકાર્યું નથી. જંગલમાં, ગુફાઓમાં, વગડાઓમાં, નિર્જન સ્થાનોમાં વાઘ-સિંહની વચ્ચે રહીને, લોકસંપર્કથી સંપૂર્ણ દૂર રહી નિર્ભય બની સાધના કરી છે. તેથી તો તેઓશ્રી અવધૂતયોગી તરીકે ઓળખાયા છે.

અનાદિકાળથી આત્મા ઉપર અડ્ડો જમાવીને બેઠેલી રાગદ્વેષના નિબિડ પરિણામરૂપ ગ્રંથિ, જ્યારે જીવ એકાંત, મૌન, ધ્યાન અને સ્થિરાસન દ્વારા અસંગ યોગ સાધે છે ત્યારે છંછેડાય છે, વાઘણની જેમ વિફરે છે, સાધકની સામે અનેક ભયસ્થાનો ઉપસ્થિત થાય છે, તે વખતે જો સાધક ડરીને પાછો હટી જાય તો ગ્રંથિભેદ કરી શકતો નથી. ચોથીદૃષ્ટિ સુધી આવીને જીવ અનંતીવાર પાછો ફર્યો

છે. અનંતીવાર કિનારે આવેલું વહાણ ડૂબી ગયું છે. આવા સમયે તો ગમે તેવા ભયસ્થાનો ઉપસ્થિત થાય તો પણ જે નિર્ભય બની દઢ પ્રણિધાન કરીને આગળ વધે છે, મોતથી પણ ગભરાતો નથી, અને "**ક્યાં તું નહિ ક્યાં હું નહિ, કાર્ય સિદ્ધ કરીનેજ રહીશ તે માટે મોત આવે તો પણ મંજુર છે પણ ગ્રંથિભેદ કરીનેજ રહેવું છે**" - આવો દઢ સંકલ્પ કરીને જે આગળ વધે છે, તેજ વીતરાગતાના અંશ રૂપ ઉપશમ સમ્યકત્વને પામે છે કે જેની પ્રાપ્તિથી અનાદિકાળના અજ્ઞાનના અંધારા ઉલેચાય છે અને આત્મઘરમાં આનંદ - આનંદ - આનંદના અજવાળા પથરાય છે. **અનંતીવાર દેહની ખાતર આત્માને ગાળ્યો છે જેના ફળ સ્વરૂપે અનંતીવાર નરકાદિની યાતના જીવ પામ્યો છે. હવે જો એક ભવ પણ આત્મા ખાતર દેહને ગાળવામાં આવે તો ગ્રંથિભેદ જનિત સમ્યગ્દર્શન અને મોક્ષપ્રાપ્તિ નિકટ લાવી શકાય તેમ છે.**

ત્રીજી વાત યોગીરાજને સંપ્રદાયમાં રહેવા છતાં સંપ્રદાયવાદ અડ્યો નહોતો અને તેથી નડ્યો નહોતો. જીવને એ ખ્યાલ આવવો જરૂરી છે કે સંપ્રદાય એ આત્માની સાધના કરવા માટે વ્યવસ્થા છે, નહિ કે સંપ્રદાયમાં ચાલતી ભિન્ન ભિન્ન પ્રણાલિકાઓના ખંડન મંડનમાં ઉતરી વાદ-વિવાદમાં પડવા માટે. **સંપ્રદાયમાં રહેવા છતાં આંખ સામે તો એક માત્ર આત્માને પામવાનુ લક્ષ્ય જ રહેવું જોઈએ અને તેને માટે તો સાધનાજ કરવી પડે. સાધના કરવાથીજ મોક્ષ પ્રાપ્તિની નિકટતાના એંધાણ સાંપડે છે બાકી બીજી કોઈ રીતે નહિ એ વાત આપણને યોગીરાજના જીવનમાંથી જડે છે. પદ-૪૨ માં અબ હમ અમર ભયે ન મરેંગે** ના હૃદયોદ્‌ગારમાં એમને થયેલ આત્માની અનુભૂતિ અને મોક્ષની નિકટતાનો અહેસાસ થાય છે. યોગીરાજ સાધના દ્વારા ઠેઠ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક સુધીની સ્પર્શનાને પામ્યા અને પ્રાયઃ એકાવતારીપણું સિદ્ધ કર્યું એવુ જાણીને, *"એ તો એજ કરી શકે આપણુ ગજુ નહિ !"* એવી કાયરતા કોઈએ દાખવવાની કોઈ જરૂર નથી. એમના જીવનમાં જોવા મળતા આ ત્રણ મહત્વના મુદ્દાઓ **(૧) સ્પૃહાનો અત્યંત અભાવ (૨) સાધના કાળમાં અત્યંત નિર્ભયતા અને (૩) સંપ્રદાયવાદનો અભાવ એ જો આપણે પણ પામીએ તો આપણે પણ મુક્તિને નિકટ લાવી શકીએ છીએ, જીવને એ યાદ રહેવુ જોઈએ કે મનુષ્યભવ, પરમાત્માનું શાસન અને પ્રાપ્ત કરેલ દ્રવ્યચારિત્ર આ ત્રણની સફળતા સદ્‌ગતિને પામવામાં નહિ પણ ગ્રંથિભેદજનિત ઉપશમ સમ્યક્ત્વને પામવામાં છે.**

**સ્વાનુભૂતિ સંપન્ન સુશ્રાવક ખીમજીબાપાએ** યોગીરાજના ભાવવાહી પદો પર ખૂબ ઉંડું મનોમંથન કરી જે કાંઈ નોંધ તૈયાર કરેલ હતી તે એમના આગવા વિશિષ્ટ વિવરણના આધારેજ એનુ સંસ્કરણ કરી પ્રવચન દરમ્યાન લોકમાંગણી

**થતાં અને એ સદ્ગત સાધક ખીમજીબાપાની અદમ્ય ઈચ્છાના પ્રતાપે અને પ્રભાવે યોગીરાજના પદોને હૃદયંગમ બનાવવા માટે થઈનેજ આ પરમપદદાચી આનંદઘન પદરેહ** ભાગ-૧ અને ભાગ-૨નું નિર્માણ કોઈ તથાપ્રકારની ભવિતવ્યતાનુસાર અનાયાસેજ થઈ ગયું છે.

પ્રસ્તુત ભાગ-૧ અને ભાગ-૨ ને બહાર પાડવામાં મારો એકલાનોજ ફાળો છે એવું માનવાની ભૂલ કોઈ પણ ન કરે. એકલો માણસ ક્યારે પણ કશુંજ કરી શકતો નથી. તેની પાછળ ઘણી વ્યક્તિઓના સાથ અને સહકાર રહેલા હોય છે.

પ્રસ્તુત ભાગ-૧ અને ભાગ-૨ ના પ્રકાશનમાં **શ્રીયુત્ સૂર્યવદનભાઈ જવેરીનો** ફાળો અત્યંત નોંધ પાત્ર છે. તેઓ આ કાર્યમાં મારી સાથે દૂધમાં સાકર ભળે તેમ ખભે ખભા મીલાવી રહ્યા છે. ૧૧૦ પદોના આ વિવેચનમાં ૧ થી ૫૨ પદનું વિવેચન શ્રીયુત્ સૂર્યવદનભાઈની કલમે કંડારાયેલ છે. શબ્દચિત્ર તેમના દ્વારા આલેખાયેલ છે, જેમાં રંગોળી પૂરવાનું કામ મારા દ્વારા થયેલ છે જ્યારે બાકીના ૫૩ થી ૧૧૦ પદોનું વિવેચન મારા દ્વારા થયેલ છે, જેમાં રંગપૂર્તિ અને સંશોધનનું કાર્ય તેઓશ્રીએ કરેલ છે.

દ્રવ્યાનુયોગના જ્ઞાતા ધ્રાંગધ્રાવાસી **સ્વ. શ્રીયુત્ પનાલાલ જગજીવનદાસ ગાંધી** એ તેઓશ્રીના ગુરુ છે જેમના સાંનિધ્યમાં રહી, તેમના અંતેવાસી બની તેઓએ તેમના દ્રવ્યાનુયોગના વારસાને પ્રબુદ્ધ જીવન માસિકના માધ્યમે જગતના જીવોના હિતાર્થે ઉદાર હાથે લૂંટાવેલ છે. જેના થકી જૈન શાસનને (૧) ત્રૈકાલિક આત્મવિજ્ઞાન અને (૨) સ્વરૂપ ઐશ્વર્ય યાને કેવલજ્ઞાન મિંમાંસા આ બે મહાન પુસ્તકો તેમજ સ્વરૂપમંત્ર પુસ્તિકાની ભેટ મળી. જે દ્રવ્યાનુયોગના મર્મને પામવા માટે ઉપયોગી છે. આજે જગત વક્તાઓને ઓળખે છે પરંતુ પડદા પાછળ રહી આવુ મહાન કાર્ય કરનાર ગૃહસ્થ વેશમાં રહેલ આત્માઓને ઓળખતુ નથી એ વાત ઘણી કઠે છે.

**પદ-૫૨,** ઉપર જે વિવેચન સૂર્યવદનભાઈ દ્વારા કરાયેલ છે તેને વાંચતા વાચકવર્ગને તેમના અંતરમાં રહેલ દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મના ઊંડાણનો ખ્યાલ જરૂર આવશે.

પ્રસ્તુત ભાગ-૧ અને ભાગ-૨ ના પ્રકાશનમાં ગ્રંથવાચનની ભૂખ જગાડનારી એપિટાઈઝર જેવી પ્રસ્તાવનાઓ લખી આપી ગ્રંથનું પ્રાસ્તવિક આસ્વાદન કરાવનાર કવિહૃદયી પૂજ્યપાદ આ.ભ. **શ્રી યશોવિજયસૂરિજી મહારાજા,** સહૃદયી પૂજ્યપાદ આ.ભ. **શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મહારાજા,** આત્મહૃદયી પંન્યાસ પ્રવર **શ્રી ભાગ્યેશવિજયજી મહારાજ સાહેબ,** શ્રેષ્ઠીવર્ય

પદ્મશ્રી **ડૉ. કુમારપાળ દેસાઈ** તેમજ આત્મપ્રેમી પંડિતવર્ય **શ્રી પુનમચંદભાઈ પંડિતજીએ** આપેલ પ્રોત્સાહક સહયોગનું હૃદયથી અભિવાદન કરીએ છીએ. તેઓશ્રીએ પોતાના કિંમતી સમયનો ભોગ આપી જે કાર્ય કરેલ છે તે બદલ તેમના ઋણી છીએ. પ્રસ્તુત કાર્યમાં **પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના** પ્રેરણા અને માર્ગદર્શન પણ સહાયક બન્યા છે. અંતેવાસી તરીકે રહીને સેવાધર્મ બજાવનાર જ્ઞાનરુચિ **સ્થિતપ્રજ્ઞવિજયજી**, અત્યંત સેવાભાવી **સોહમ્દર્શનવિજયજી** તથા પરમ વિનયી **પ્રશમરતિવિજયજી** નો સહયોગ પણ અત્રે યાદ આવ્યા કરે છે.

યોગીરાજના પદ સાહિત્યના મર્મને પામવા એક એક પદ ઉપરનુ વિવેચન ખૂબજ શાંતિથી એકાંતમાં કુદરતના ખોળે બેસી ચિંતન-મનન કરવા યોગ્ય છે. જ્યાં સુધી એક પદનો મર્મ આત્મસાત ન થાય ત્યાં સુધી બીજા પદનું વિવેચન વાંચવાની ઉતાવળ જો જરાપણ ન કરવામાં આવે તોજ પ્રસ્તુત લખાણ લાભદાયી થશે એવી જિજ્ઞાસુ પાઠકને ભલામણ છે. એજ,

॥ शिवास्ते पंथानः ॥

પ્રાપ્ત સાહિત્ય અને સ્વ ક્ષયોપશમના આધારે મસ્ત ફકીર અવધૂત-યોગીશ્રી પૂજ્ય આનંદઘનજી મહારાજાના પદોના ગહન ગૂઢ રહસ્યોને યથાશક્તિ પ્રકાશિત કરવાનો અનાયાસે થઈ ગયેલો આ નમ્ર પ્રયાસ છે.

પૂર્ણ થયાં નથી, સર્વજ્ઞ બન્યા નથી ત્યાં સુધી છદ્મસ્થ છીએ અને તેથી ભૂલચૂક થઈ હોય, વીતરાગ સર્વજ્ઞની વીતરાગ વાણીથી વિપરીત કાંઈ પ્રરૂપણા થઈ ગઈ હોય, દોષ સેવાયો હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં !

॥ तत्त्वं तु केवलिगम्यं ! ॥

કેવળજ્ઞાની થવા માટે કેવળજ્ઞાની ભગવંતનો સાક્ષાત્ યોગ થાય અને સત્ય પ્રકાશ પ્રાપ્ત થાય એવી અંતરેચ્છા !

સાંપ્રદાયિકતાથી ઉપર ઉઠી વિશાળદષ્ટિથી કરાયેલ અવલોકનથી ઉદ્‌ભવતી ટીકા આવકાર્ય છે. નિઃસંકોચ ભૂલચૂક ચીંધશો જેથી સુધારાને ફેરફારને અવકાશ રહે !

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ આજ્ઞાવર્તી

**પં. મુક્તિદર્શનવિજય ગણિ**

વિ.સં. ૨૦૬૨ ફાલ્ગુન કૃષ્ણા નવમી,
કુંથુનાથ જૈન દેરાસર - ઉપાશ્રય,
શાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ.

# સો હી પરમ મહારસ ચાખે....

સાંભળવા મળેલ કિંવદન્તી પ્રમાણે પરમાત્મ પ્રેમ અને આત્મપ્રેમમાં સર્વાંગ ભીંજાયેલા, **આત્મસાધનાની મસ્તીમાં મસ્ત શ્રી આનંદઘનજી મહારાજ** જંગલોમાં રહેલા, ક્યારેક મેડતાનગરમાં પધારતા. એ જ મેડતામાં એકવાર પધારેલા પ્રચંડ પ્રતિભાસંપન્ન પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના થતા ધારદાર પ્રવચનોમાં પ્રચંડ માનવમેદની વાણીમાં ભીંજાતી હતી ત્યારે જંગલમાંથી પધારેલા શ્રી આનંદ્ઘનજી મહારાજ પણ પ્રવચનમાં આવી એક ખૂણામાં બેસી ગયા. વિચક્ષણ ને ભક્તહૃદયી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની દૃષ્ટિ શ્રી આનંદઘનજી મહારાજની આંખોમાં વિલસતી અનુભવની મસ્તી અને કપાળમાં ઝગારા મારતી અધ્યાત્મની ખુમારીને પારખી ગઈ.

**'યોગીરાજ ! અમને કાં શરમાવો, પધારો પાટ પર. આપની પાસેથી પામવા તો અહીં સુધી ખેંચાઈને આવ્યો છું'** ને પછી તો અધ્યાત્મરસથી છલકતી અનુભવજ્ઞાનથી ભરેલી અમૃતમયી સહજવાણી શ્રી આનંદઘનજીના મુખેથી વહી જે સાંભળી શ્રોતાઓતો મંત્રમુગ્ધ બન્યાં જ પરંતુ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તો જાણે રોમ રોમથી નાચ્યા. વર્ષો નહીં, ભવોનાં ભવો વીત્યાં બાદ આજ આત્મસંતૃપ્તા વાણીનો પ્રસાદ મળ્યો. અનુભવનો આસ્વાદ કેમ ચાખવો તેની કળાના સ્વામી પાસેથી હવે ભવ સાફલ્ય બક્ષતી પ્રસાદી મળશે તે ભાવે ધન્ય બન્યો.

*જેમની આંખોમાં પરમનું પ્રતિબિંબ ઝલકતું જોવા મળે,*
*જેમના શ્વાસોચ્છ્વાસમાં પરમની સુગંધ માણવા મળે,*
*જેમના ધબકતા સ્પંદનમાં પરમનું સંગીત સાંભળવા મળે,*
*જેમના હૃદયમાં પરમની રુચિનો રસ છલકાયા કરે,*
*જેમની વાણીમાં પરમના અનુભવનો આસ્વાદ ચાખવા મળે,*
*જેમના રુધિરાભિસરણમાં પરમનું ઝરણું વહ્યા કરે,*
*જેમના સમગ્ર અસ્તિત્વમાં અનુભવનાં આનંદની કાંતિ*
*ઝગારા માર્યા કરે*

એવા શ્રી આનંદઘનજી મહારાજની ભક્તિ-સાધના અને અનુભવના ક્ષેત્રે એક અજોડ પ્રતિભા હતી.

યોગીરાજના જીવનનું લક્ષ્ય હતું આત્માનુભવ કરવો અને તેમાં નિરંતર રમણતા કરવી તે. આત્મદર્શન-સ્પર્શનથી આગળ વધી નિરંતર આત્મગુણોમાં જ મસ્ત રહેવું, આત્મગુણોમાં જ ઠરવું, આત્મગુણોને જ ભોગવવાં એ જ એક લક્ષ્ય બાંધીને લક્ષ્યમાં સ્થિર રહીને સાધનાયાત્રાએ નીકળેલા આનંદઘનજી મહારાજે પોતાનું સમગ્ર જીવન જ નહીં પરંતુ સમગ્ર અસ્તિત્વ સાધનાના દાવ પર લગાવેલું. આ અદ્‌ભૂત પરાક્રમ હતું. અતિભવ્ય પુરુષાર્થ હતો. અંતે એ પુરુષાર્થની સફળતાને તેઓશ્રી વર્યા....

ભક્તિ અને સાધનાની ક્ષણોમાં જ્યારે જ્યારે તેઓશ્રીની ચેતના વ્યાપ્ત બનતી ત્યારે સહજ રીતેજ સ્તવનો અને પદોની રચના થઈ ગયેલી. તત્ત્વરંગે રંગાયેલી ચેતનામાંથી વહેલી આ અભિવ્યક્તિ અધ્યાત્મ જગતમાં છવાઈ ગઈ. સાધકો અને ભક્તોનાં હૃદયમાં વસી ગઈ અને અનેકોને પથદર્શક બની ગઈ. આત્મસાધક **પૂજ્ય પંન્યાસજીશ્રી મુક્તિદર્શનવિજયજી મહારાજા** તથા તત્ત્વપ્રેમી **શ્રી સૂર્યવદનભાઈ** દ્વારા આલેખિત શ્રી આનંદઘનજી મહારાજના પદો પરની વિવેચનાનું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે ત્યારે એ અધ્યાત્મપ્રેમીઓ માટે આનંદનો વિષય છે.

શ્રી આનંદઘનજી મહારાજના પદો સ્વરૂપ સાધના - આત્મલક્ષી સાધનામાં આત્મસાધકોને મધુરુ ને સશક્ત પાથેય પુરું પાડે છે. પ્રથમ પદથીજ તેઓશ્રી શુદ્ધાત્મલક્ષ્યને ઘૂંટવાની શરુઆત કરે છે. **'આનંદઘન ચેતનમય મૂરતિ શુદ્ધ નિરંજન પદ ધ્યાઉં રે'** (પદ - ૧) થી શરૂ કરે છે. શુદ્ધ આત્મસ્વરુપની સાધના એ નિશ્ચય સાધના છે. પૂજ્ય દેવચંદ્રજી મહારાજે પણ આ જ આત્મસ્વરૂપની સાધનાની વાતોને ઘૂંટી ઘૂંટીને મૂકી છે.

*શુદ્ધ તત્ત્વરસ રંગી ચેતનારે, પામે આત્મ સ્વભાવ,*
*આત્માલંબી નિજગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ (૧૨મું)*

*જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત,*
*તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરુપ નિદાન હો મિત્ત... (૪થું)*

શુદ્ધ તત્ત્વના રસથી રંગાયેલી ચેતનાજ શુદ્ધસ્વભાવને પામી શકે છે, આત્માનું આલંબન જ આત્મગુણોનું ઉદ્‌ઘાટન કરાવે છે ને પૂજ્ય સ્વભાવ પ્રગટાવે છે... માટે જ પૂજ્ય આનંદઘનજી મહારાજ પણ વર્તમાનકાલીન સાધકોને એક સાધનાકીય દિવ્યસંદેશ અહીં પ્રથમ પદમાંજ આપી રહ્યા છે કે તમારી

સાધનાનો પ્રારંભ **"શુદ્ધ નિરંજન પદ ધ્યાઉં રે'** થી કરો... આજ સાધના પ્રવાહને આગળના લગભગ પદોમાં ખૂબ દઢતાથી ને વિશદતાથી રજૂ કરાયેલ છે.

**શુદ્ધ આત્મ સ્વરૂપને શાશ્વતરૂપે પામવા માટે પ્રથમ જરૂર છે ક્ષણિક પ્રગટતા આત્માનુભવની, ને એ આત્માનુભવને પ્રગટાવવા જરૂર છે અનુભવની પ્યાસની, અનુભવની પ્રીતની, અનુભવની રુચિની ને એટલે પૂજ્ય આનંદઘનજી મહારાજે પોતામાં રહેલી આ ધારાને પદોમાં વહેતી કરી છે.**

આ અનુભવ શું છે તેવી સહજ જાગતી જિજ્ઞાસાને સંતોષે છે.

**યોગીશ્વર શ્રી ચિદાનંદજી મહારાજ અધ્યાત્મ બાવનીમાં -**

*આપે આપ વિચારતાં મન પામે વિસરામ,*
*રસાસ્વાદ સુખ ઉપજે અનુભવ તાકો નામ....*
*આતમ અનુભવ તીરસે, મીટે મોહ અંધાર,*
*આપ રૂપમેં જલહલે નહિ તસ અંત ઓ'પાર...*

**સમયસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યજીએ પણ** અનુભવ માટે આ જ અભિગમ આપ્યો છે.

*વસ્તુ વિચારત ધ્યાવતેં મન પામે વિશ્રામ,*
*રસાસ્વાદન સુખ ઉપજે, અનુભવ તાકો નામ....*

**આત્મતત્ત્વ કે પરમાત્મતત્ત્વની સૂક્ષ્મ અનુપ્રેક્ષા કરતાં કરતાં જે એકસંતાનીય જ્ઞાનની તૈલવત્ શુભધારા ચાલે તે ધ્યાન છે. તે સમયે મન પણ અન્ય પરભાવોના તમામ વિચારેથી ઉપર ઉઠેલું હોય છે. ધ્યાનની આ ધારા ધ્યેયમાં લીન બને છે, મન સંપૂર્ણ વિકલ્પોથી વિશ્રામ પામે છે ત્યારે સ્વરૂપ દર્શનના રસનો આસ્વાદ મળે છે. પોતાના શુદ્ધ અલૌકિક સ્વરૂપનું દર્શન થાય છે. આ જ પ્રક્રિયાને શાસ્ત્રકારો અનુભવ કહે છે, જેનાથી અનાદિના મોહાંધકારો દૂર ભાગે છે, આત્મા જ્ઞાનપ્રકાશથી ઝળાંહળાં બને છે.**

**એક મર્મી સાધકે આ સ્થિતિનો ખ્યાલ આપતાં એકવાર અધ્યાત્મસભર ગોષ્ઠિમાં મને કહેલું કે મહારાજ ! એકવાર અનુભૂતિ થયા પછી કર્મસંયોગે ફરી પાછો આત્મા વિકલ્પોની દુનિયામાં ખેંચાઈ જાય છે ત્યારે બહારથી તે વિકલ્પોમાં રમે છે ને અંદરથી પેલો થયેલો અનુભવ ને માણેલો અનુભવ નો આનંદ આત્માને ફરી ત્યાં પહોંચવા ખેંચે છે... એવી કરૂણતામાં આત્મા**

**ફસાઈ જાય છે. અરે ! આત્માનુભૂતિ થયા પછી ફરી આત્માનુભવમાં આવવા માટે સાધકો ક્યારેક માથા પછાડે છે કે ક્યારે મળશે ફરી આ અનુભવનો આનંદ ?**

પૂજ્ય આનંદઘનજી મહારાજ પણ એવી સ્થિતિમાંથી પસાર થયા છે :

*નિરંજન નાથ મોહે કૈસે મિલેગેં ?*
*હમારી લય લાગી પ્રભુ નામ... પદ-૭૭.*

*દરિસણ પ્રાણજીવન મોહે દીજે,*
*બીન દરિસણ મોહિ કલ ન પરતુ હૈ - પદ-૬૨,*

*નિરાધાર કેમ મૂકી શ્યામ મને નિરાધાર કેમ મૂકી - પદ-૬૪*

પ્રભુ સાથે અભેદ મિલન કરવા માટે પૂજ્ય આનંદઘનજી મહારાજે દિવસોનાં દિવસો ને રાતોની રાતો આસૂંઓના નીર વહાવ્યાં છે. પ્રભુ પ્રીતિ-ભક્તિ અને વચનની આરાધનાથી શ્રી આનંદઘનજી મહારાજ પ્રભુની અનુભૂતિમાં નિમજ્જિત થયાં છે. આવા મસ્ત યોગીરાજને એક પ્રાર્થના કરવાનું મન થાય કે -

**હે મહાયોગીરાજ !** સંકલ્પ વિકલ્પોની અગનજાળમાં સતત જલતા અમારા જેવા માટે એક પ્રચંડ હિમમોજું બનીને આપ પધારો અને નિર્વિકલ્પતાની હિમયાત્રામાં અમને લઈ જાઓ !

**હે સાધકેશ્વર !** ઘટનાઓથી સતત પ્રભાવિત થતાં અમને આપની સાક્ષી ભાવની સાધનામાંથી એકાદ કિરણ તો આપો !

**હે પ્રભુ સમર્પિત યોગી !** પદાર્થને પરભાવની દોસ્તીમાં જકડાયેલા અમને પ્રભુ સમર્પણનું શિખર નહીં તો નાનકડી ટેકરી તો આપો !

**હે અધ્યાત્મના સ્વામી !** બહિર્ભાવમાં રમતા અમને અધ્યાત્મનો રાજમાર્ગ ન પકડાવો તો નાનકડી કેડી તો પકડાવો !

બસ આપ પધારો.... અમે છીએ આપની પ્રતીક્ષામાં....

**ભક્તયોગી શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજે સુરતમાં છ મહિના શ્રી સૂરજમંડન પાર્શ્વનાથના ભોંયરામાં બેસીને ધ્યાનમાં જઈને પછી** શ્રી આનંદઘનજી મહારાજ પર લખ્યું ત્યારે સંતોષ થયો. માટે પૂજ્યશ્રી કહે છે:

*આશય આનંદઘન તણો રે, અતિ ગંભીર ઉદાર,*
*બાળક બાહુ પસારી જિમ કહે ઉદધિ વિસ્તાર....*

**શ્રી જ્ઞાનસારજી મુનિએ વિ.સં. ૧૮૨૫ થી શ્રી આનંદઘનજી મહારાજ પર ચિંતન શરૂ કર્યું તો ૧૮૬૬માં એ બધું યથાર્થ સમજાયું, પછી લખ્યું. આથી સમજાય છે કે અનુભવ ગર્ભિત - ગહન પદો પર લખવું કેટલું કઠિન છે. તે છતાં આવું કઠિન કાર્ય સૂક્ષ્મપ્રજ્ઞાવાન્, અધ્યાત્મરસિક, આત્મલક્ષી જીવનના સ્વામિ પૂજ્યપાદ પંન્યાસ શ્રી મુક્તિદર્શન વિજયજી મહારાજે કર્યું છે.** છેલ્લા બે-ત્રણ વર્ષોથી ચાતુર્માસિક પ્રવચનોમાં પણ આજ સ્તવનો ને પદો પર બોલીને પંક્તિઓને વારંવાર ઘૂંટીને તેનાથી ભાવિત બન્યાં. ને વર્ષોના આ અભ્યાસ પછી ચિંતક, સાધક ને આલેખક પૂ. પંન્યાસજી મહારાજ દ્વારા કલમ ઉપાડાઈ ગઈ છે. ને આ પ્રસ્તુત વિવેચનનું પુસ્તક તૈયાર થયું છે. શ્રી આનંદઘનજી મહારાજના આ પદોનાં અધ્યાત્મ ભાવોને ખોલવામાં તેઓશ્રીએ એક નૈષ્ઠિક ને અહોભાવથી ભરેલો પ્રયાસ કર્યો છે જે સુંદર રહ્યો છે.

**પ્રસ્તુત પરમપદદાયી આનંદઘન પદ રેહ ! પુસ્તકમાં ઠેર ઠેર તેઓશ્રીની યોગિકદષ્ટિ, અધ્યાત્મમગ્નતા, નિશ્ચયનયનું ઊંડાણ, આત્મવિકાસ ક્રમનું સચોટ જ્ઞાન, ગુણસ્થાનકની ભાવાત્મક સ્થિતિની ઊંડી સમજ, ક્યા ક્યા તબક્કે જીવોની ગુણસ્થિતિ શું હોઈ શકે તેની અનુભવિતા, નિશ્ચયને પામવાની ને અનુભૂતિમાં રમવાની સતત-નિરંતર વહેતી અંતરંગ ધારા, જિનશાસનના ઉત્સર્ગ-અપવાદની જાણકારી, જૈન દાર્શનિક ધારા તથા અન્ય ધારાઓનો સમન્વય ક્યાં કેવી રીતે કરવો તેની સૂઝબૂઝ, દ્રવ્યાનુયોગની નિપુણતા, ઈત્યાદિ જોવા મળે છે.**

**પૂજ્ય પંન્યાસજી મહારાજની સાથે ચિંતનના સૂરમાં સૂર પૂરાવ્યો છે, એક તત્ત્વપ્રેમી, આત્મસાધક, સૂક્ષ્મ દષ્ટિવાન શ્રી સૂર્યવદનભાઈ જવેરીએ. દ્રવ્યાનુયોગી ને અનુભવજ્ઞાની પં. શ્રી પનાલાલભાઈનું ચિંતન જેમણે ખૂબ પીધું છે એવા શ્રી સૂર્યવદનભાઈએ પદો પર પ્રાયઃ પ્રથમ ભાગનું લખાણ કરેલ છે. આપણે તેમની આ આત્મસાધનાના ભાગ રૂપે લખાયેલ પદ વિવેચનાને અનુમોદીએ. એક ગૃહસ્થ થઈને પણ આટલા ઊંડાણમાં જઈ આવા ગહનો પદો પર વિવેચન લખવું એ એક જીવનની મોટી સિદ્ધિ છે. પ્રભુકૃપા ને ગુરુકૃપા છે.**

**પ્રસ્તુત વિવેચનમાંથી ઊડીને આંખોને નહીં આત્માને પ્રકાશિત કરતી કેટલીક ચિંતનની દિવાદાંડીઓ....**

- અજ્ઞાને કરીને અનંતાકાળના અનંત સંયોગોને ભૂલી ગયા. પણ હવે જ્ઞાને કરીને પૂર્વના અને વર્તમાનના સંયોગોને ભૂલી જઈએ તો છૂટી જવાય.
- પર્યાયદષ્ટિથી - વ્યવહારનયથી જીવ જગતને જાણનારો ને જોનારો બને છે. જ્યારે દ્રવ્યદષ્ટિથી નૈશ્ચયિક નયથી સ્વ-સ્વરૂપમાં રમનારો બને છે.
- પદાર્થોના દષ્ટા બનવાનું છે તેમ વિકલ્પોના પણ દષ્ટા બનવાનું છે.
- પોતાના જ્ઞાનમાં બધું જાણતા હોવા છતાં એમાં લેશમાત્ર ફેરફાર કરવાનો વિકલ્પ ન ઉદ્ભવતા નિર્વિકલ્પતા અને વીતરાગતા રહે તે મોક્ષ પુરુષાર્થ.
- અનુભવ વિકલ્પ અંતે મોહથી રહિત છે.
- આત્માના વિશુદ્ધ સ્વરૂપનો ઉઘાડ એ નૈશ્ચયિક શાસન.
  આચાર માર્ગની મર્યાદાઓનું પાલન એ વ્યવહાર શાસન.
- જ્ઞાનનો ઉપયોગ જ્ઞાતા સાથે જોડવો કે કર્મના ઉદય સાથે જોડવો એમાં જીવ સ્વતંત્ર છે.
- દર્શન મોહનીયના ક્ષયોપશમથી સ્વરૂપદષ્ટા બનાય.
  ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી સ્વરૂપકર્તા બનાય.
- **માનવભવમાં**.... છોડવા જેવું મિથ્યાત્વ, મેળવવા જેવું સમ્યક્ત્વ, પામવા જેવું સિદ્ધત્વ છે.
- યોગ દ્વારા ઉપયોગને સ્થિર કરવો તે વ્યવહાર અને
  ઉપયોગ દ્વારા ઉપયોગને સ્થિર કરવો તે નિશ્ચય.
- જગત ન્યાય સ્વરૂપે નથી અને અન્યાય સ્વરૂપે નથી. જગત તો વ્યવહાર સ્વરૂપ છે.
- પરમાત્મતત્ત્વને પામવું અને તે માટે સાધના કરવી એજ ન્યાય છે, બાકી બધો વ્યવહાર છે.
- ચૈતન્ય જાતિથી વિપરીત જડજાતિ અને પરમાત્મ કુલથી વિપરીત પુદ્ગલ કુળ તેની સાથે સંબંધ જોડવાથી જીવને સુખ-દુ:ખના બેસૂરા ગાણા ગાવા પડે છે.

- પોતાના સ્વભાવમાં રહેવું તે પૂર્વદિશાના સૂર્ય સમાન છે.
- તેમાંથી બહાર નીકળી વિભાવ ભાવમાં રમવું તે પશ્ચિમ દિશાના સૂર્ય સમાન છે.
- પોતાના સમતા ઘરમાં રહેવું તે ચેતનની કુળવટ છે.
- જીવન સફળ કરવા વ્યવહારથી મૂર્તિરૂપે રહેલ પરમાત્માના શરણે જવાનું છે અને નિશ્ચયથી પોતાના શુદ્ધ ચૈતન્યમય આત્માનું અવલંબન લેવાનું છે.
- પુત્રની પ્રાપ્તિ પહેલા જેમ સ્ત્રીને પ્રસૂતિની પીડા ઉપડવી આવશ્યક છે તેમ પરમાત્માની પ્રાપ્તિ પહેલા ભક્તને / સાધકને ભગવાન આત્માની પ્રાપ્તિનો પરાકાષ્ઠાનો વિરહ સાલવો જરૂરી છે.

**અંતર્મુખી, સમત્વભાવની સાધનામાં રમતા ને અનુભવના પ્રેમી પૂજ્ય પંન્યાસજી મહારાજે આવી અનેક રત્નકણિકાઓ 'પરમપદદાયી આનંદઘન પદ રેહ' નામના આ ગ્રંથમાં વિકીર્ણ કરી છે. આત્મલક્ષને કેળવી પામવાની નિષ્ઠા સાથે જો આ વિવેચનને વાંચવામાં આવે તો એક વાત ચોક્કસ છે કે આત્મધારા બંધાઈ જાય અને અનુભવની પ્યાસ પ્રગટી જાય.**

સૂક્ષ્મદષ્ટિના સ્વામી પૂજ્ય પંન્યાસજી મહારાજની વિવેચનાની આગવી શૈલી તથા દ્રવ્યાનુયોગનો વિશેષબોધ અમુક પદોમાં સ્પષ્ટ જણાઈ આવે છે -

પદ-૫૭ **'દેખો એક અપૂરવ ખેલા'** નામના પદમાં ગાથા-૪નાં વિવેચનમાં જોશો... તથા પદ-૫૮માં આધ્યાત્મિક વિકાસક્રમમાં થતી વિશુદ્ધિનાં સોપાનામાં ક્યાં ક્યાં કેવાં તરંગો આવે છે તેની સૂક્ષ્મ વાતો રજૂ થઈ છે. પદ-૬૦માં ઉપાદાન - નિમિત્તની બહુજ ગંભીર વાત અત્યંત સૂક્ષ્મતાથી નૈશ્ચયિક ભાવથી મુકાઈ છે. પદ-૯૮ અને પદ-૯૯માં યોગીરાજે ગહન કોયડાઓ મુક્યા છે તેના જે સમાધાનો વિવેચનામાં ખોલાયા છે તે બધું વાંચકોને ત્યાંજ વાંચવાની ખાસ ભલામણ કરું છું. આવું અનેક પદોમાં જોવા મળશે. **શ્રી સૂર્યવદનભાઈ** ના લખાણમાં પણ ક્યાંક સુંદર વિશેષતા તથા પોતાની સાધનાની દષ્ટિ નજરે ચડે જ છે.

અનુભવના પોતે દરિયા છે, દ્રવ્યદષ્ટિની સાધનામાં તેઓશ્રી સતત પુરુષાર્થશીલ છે, બાહ્યજગત્ સાથે એક મિનિટ પણ ખોટી વેડફવા જેઓશ્રી

તૈયાર નથી એવા **પૂજ્ય પંન્યાસજી મહારાજે** આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું આમંત્રણ આપીને મને જાણે ઊંઘમાંથી જાગતો કર્યો છે... કે આ વિષય કેટલો આત્મસ્પર્શી છે અને તે અણખેડાયેલો કેમ રહે !

કોઈ પી.એચ.ડી. ના નિબંધ પર તે વિષયમાં બિલકુલ અલ્પજ્ઞને પ્રસ્તાવના લખવાનું કહેવાય ત્યારે કેવી સ્થિતિ સર્જાય તેવો ઘાટ મારો થયો. પણ છતાં પૂજ્યપાદ સંઘ એકતા શિલ્પી આ. દે. **શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજા** તથા મારા સદ્ગુરુદેવ પૂજ્ય તપસ્વીરત્ન **શ્રી ચંદ્રયશવિજયજી મહારાજા**ની દિવ્યકૃપાથી તથા **પૂજ્ય પંન્યાસજી મ.** ની આત્મીયતા ને લાગણીથી પ્રેરાઈને કાંઈક લખાઈ ગયું છે. હું પૂજ્યોનો ઋણી છું.

**પદો પોતે જ અધ્યાત્મ જગતનું એક ઘરેણું છે. પણ આવા વિવેચનો તે ઘરેણાને ઓર ચમક આપી જિજ્ઞાસુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવે છે. અનુભવના પ્યાસી સાધકો આ ગ્રંથ વિવેચનને ખૂબ મનનપૂર્વક મનના તરંગોને શાંત કરીને વાંચે - માણે ને તેમાં ડૂબે તો જરૂર આત્માનુભવનો પ્રકાશ પામી સ્વના આનંદમાં ડૂબશે. જે અનુભવ પામશે તે પરમનો મહારસ પણ ચાખશે.... ગ્રંથવાંચનથી સહુ અનુભવના પરમ મહારસને ચાખો... પીઓ... એજ મંગલકામના....**

**પૂજ્ય પંન્યાસજી મહારાજ** દ્વારા આવા અનુભૂતિનાં અગમપ્યાલા પીવડાવતાં વિવેચનો સાધકોને સાધનામાર્ગે મળતાં રહે - એજ અભિલાષા.

કલ્યાણકારિણી જિનાજ્ઞા વિરુદ્ધ તથા શ્રી આનંદઘનજી મહારાજના ભાવોથી વિરુદ્ધ, પૂજ્ય પંન્યાસજી મહારાજ તથા શ્રી સૂર્યવદનભાઈના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો તેને સહુ ક્ષમ્ય ગણશો...

લિ. પૂજ્યપાદ સંઘ એકતા શિલ્પી આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**ૐકારસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન તપસ્વી
પૂજ્ય ગુરુદેવ **શ્રી ચન્દ્રયશવિજયજી મહારાજા**ના શિષ્યાણુ
**પંન્યાસ ભાગ્યેશવિજયજી ગણિ.**

★ ★ ★

# આનંદઘનનો આંતરખજાનો

....આનંદઘનકી બાતાં આનંદઘન હી જાને.... ન જાણે પં. પ્રવર મુક્તિદર્શનવિજયજી મ.સા. એમને શું થયું કે... આનંદઘનનાં આનંદ ખજાના ને ખોજવા માટે પ્રબલ અને પ્રચંડ પુરૂષાર્થ આદર્યો અને એમને મળી ગયા શ્રી ખીમજી બાપા કે જેઓ ખલકના ખોજીલા આત્મા હતાં. આનંદઘનની પાછળ તેમણે પણ દોટ મુકી હતી. અને તેમને પામવા ને પહોંચવા માટે તેમણે પણ એક અલગ દુનિયાના માર્ગે "એકલવીર' બનીને પ્રયાસ અને પ્રયોગ આદર્યો હતો. "આનંદઘનના પારસમણિ" જેવાં પદોને પામવા અને તેનાં અતલ ઊંડાણમાં ઉતરવાનું પંસદ કર્યું. અને ખરેખર ! આવા મરજીવાઓજ સાગરનાં અતલ ઊંડાણમાં જઈને મોતના ભોગે સાચાં મોતી શોધી લાવે છે. આ રીતે જ્યારે.... **અગમ-નિગમનાં ઉંડાણ ખેડનારા ખલકનાં ખેલંદામાં ત્રીજો મરજીવો કે જે પંડિત શ્રી પનાલાલના વિચાર મિત્ર કે વિચાર પુત્ર જેવાં ભાઈશ્રી સૂર્યવદનભાઈશ્રી કે જેઓ પૂજ્ય પંન્યાસજીના હંમેશનાં સાધનાનાં વિચાર-સાથી બની રહ્યાં છે. તેઓએ પણ આ માર્ગે જવા માટે ઝંપલાવ્યું.** આમ આ વિચાર-ત્રિપુટી અને સાધક-ત્રિપુટી એ આનંદઘનજીને **ખોલવા** અને **ખેડવામાં** કાંઈ બાકી ન રાખ્યું. પૂ. પંન્યાસજીએ તો ચાતુર્માસમાં તે અંગે પ્રવચનો - આ પદો ઉપર પેટ ભરી-ભરીને આપ્યાં અને આનંદના જાણે પુર ઉમટ્યાં ન હોય ! તેમ આનંદનાં ઓઘ ઉભરાવ્યાં. પારસમણિના સ્પર્શે જેમ લોઢું - સોનું બને તેમ આનંદઘનજીનાં પદના **ભાવ-સ્પર્શે** પૂજ્યશ્રીએ લોઢા જેવાં આત્માઓને આ પદ પારસમણિનાં સ્પર્શે સોનું બનાવવાં કામ શરૂ કર્યું અને અનેક આત્માઓ **શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ** અને **શ્રી ગોવાલિયા ટેંક સંઘ** માં ઝૂમી ઉઠ્યાં અને બહારથી પણ પ્રવચનમાં આવનારા અનેક સાધક આત્માઓએ તેનો ભરપેટે લાભ ઉઠાવ્યો. ખરેખર ! આવા મરજીવા સાગરખેડુઓએ સાચાં મોતી શોધીને શ્રી આનંદઘનજીના પદ રૂપ રત્નને પામીને કૃતકૃત્યતાનો અનુભવ કરવા - કરાવવાં અલગારી આનંદઘનનાં આત્માની ઉત્તમતા રૂપ તેમના ગુણો પૈકી **"નિર્લેપતા"** જેવી કે.... "રાજાકી રાણી કો લડકા હોવે તો ભી આનંદઘન

કો ક્યા ઓર લડકા ન હોવે તો ભી આનંદઘનકો ક્યા ?'' તેમજ **પરમાત્મા પ્રીતિ રૂપ ગુણ** જેમ કે ''અભિનંદન જિન દરિશણ તરસીયે'' ઋષભ - જિનેશ્વર પ્રીતમ માહરો ઓર ન ચાહું રે કંત... વિગેરે **સંસારની અનિત્યતા** જેમકે ''નદી કિનારે મઠકા વાસા'' મઠ જાયે ચટપટમેં - ''પાણી બીચ પતાસા'' - **અપ્રમત્તતા** - જેમકે ''ઉઠ જાગ મુસાફર - કહાં વિલંબ કરે...'' આગળ જતાં જેમ કે **આત્મરતિ** અને **આત્મપ્રીતે આત્માનુભવ** માટે ''સુહાગન જાગી અનુભવ પ્રીત'' નિંદ અજ્ઞાન અનાદિકી મીટ ગઈ... ''ઘર-મંદિર દીપક કીયો, સહજ સુજ્યોતિ સરૂપ'' અનુભવ નાથકું ક્યું ન જગાવે ? આગળને આગળ જતાં **અલ્પતા** અને **હીનતા-દીનતા** માટે જેમકે.... ''અવધુ ક્યા માંગું ગુન હીના - ગુન ગાન ન પ્રવિના'' અંતર-સાધનામાં આગળ વધતાં... **આત્મરસ... જ્ઞાનરસ** માટે **સુધારસ...** (અમૃતરસ)... અંતરમાં ડોકિયું કરીને કહે છે. ''આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન-સુધારસ પીજે...'' આવા **જોગંદર** જેનાં ખજાનામાં અનેક સાધનાનાં રત્નો પડેલાં છે, તેનો ખજાનો ખોલવા માટે પદને પારસમણિ સમજીને તેમના પદ એટલે કે તેમનાં પગલે પગલે ચાલીને પૂ. પંન્યાસજી **મુક્તિદર્શનવિજયજી મહારાજ સાહેબ** તથા ભાઈશ્રી **સૂર્યવદનભાઈ** આ બંને સાધક આત્માઓએ - પોતાની સાધનાની પ્રસાદી અન્યોને આપવા માટે ભગીરતથ પ્રયાસ કરીને અને આત્મ-ખજાનો ખોલીને આ ''આનંદઘન-પદ-સંગ્રહ''ના ગ્રંથને **'પરમપદદાયી આનંદઘન પદ રેહ'** શિર્ષક હેઠળ બે વિભાગમાં વહેંચીને ખરેખર ! આધ્યાત્મિક અદ્‌ભૂત સાહસ કર્યું છે. તે બદલ તેમની ખૂબ ખૂબ અનુમોદના કરીને તેઓશ્રીને વંદુ છું; અભિનંદુ છું. આત્મ-દર્શનનાં આશક - જ્ઞાતા-દ્દષ્ટા અને સાક્ષી ભાવના સાધક આવા આત્માઓ આ કાળે મળવા એ મહાભાગ્યની નિશાની છે. **ખારા સમુદ્રમાં મીઠી વીરડી, મારે તો દુષમાથી સુષમો અવસર.... પુન્ય નિધાનજી** - અનુભવનાં આરાધક અને સત્‌ના સાધક ને જ આ વાત રૂચે. તેઓ વર્ષોથી આ માર્ગનું ખેડાણ કરતાં આવ્યાં છે.... **જનમોજનમની સાધનાની આ છે ફલશ્રુતિ.**

**સાધનાનાં માર્ગે જતાં ભેદ નથી રહેતો પણ ભાવ રહે છે. ભેદભાવ જ ભવ-ભ્રમણનું કારણ છે... ભાવ - ભવ નિવારણનું કારણ છે. ભવભ્રમણની ભીતિમાંથી જ પ્રગટે છે પ્રભુ પ્રીતિ - આત્મપ્રીતિ. પુદ્‌ગલની પ્રીત અનાદિની**

**છે. તેના કારણે જ આ ભવભ્રમણ છે. પરમાંથી નીકળીને સ્વમાં જવા માટે વચ્ચે પ્રભુપ્રીતિ સેતુનું કામ કરે છે. સંસાર આ રીતે સાગર છે. તેનાં કિનારે જવા માટે પરપ્રીતિમાંથી બહાર આવવા માટે અને સ્વપ્રીતિને પામવા માટે પરમાત્મા પ્રકૃષ્ટ - પરમ આલંબન છે. અને આ જ માર્ગ સાધના છે. જે સાધકોએ સાધ્યો છે; શોધ્યો છે, આરાધકોએ આરાધ્યો છે...** એમાંના આજે આ એક છે. પ. પૂ. પંન્યાસજી મુક્તિદર્શનવિજયજી મ.સા. કે જેમણે પહેલાં પણ **"યોગદષ્ટિના અજવાળા"** ગ્રંથનું ત્રણ ભાગમાં સર્જન કરેલ છે. ખરેખર યોગ-અધ્યાત્મના રસિક આત્માઓને માટે આ ત્રણે ભાગો પ્રેરણાનું પિયુષપાન કરાવનારા છે.

આ રીતે પૂજ્યશ્રીના રસનો વિષય અને... સાધનાનો મુખ્ય વિષય આત્માનુભુતિ, આત્માનુભવ અને આત્મ-વિકાસ એમ પ્રકાશનો માર્ગ અંતરમાંથી સદાયે પ્રકાશતો રહ્યો છે.

.... ખરેખર ! વિચારતાં એમ ચોક્કસ લાગે છે કે.....

નિશ્ચય અને વ્યવહારનો નિષ્કર્ષ.... આત્મા....
ત્યાગ અને તપનો નિષ્કર્ષ.... આત્મા....
જ્ઞાન અને ધ્યાનનો નિષ્કર્મ.... આત્મા....
વ્રત અને નિયમનો નિષ્કર્ષ.... આત્મા....
દ્રવ્ય અને ભાવનો નિષ્કર્ષ.... આત્મા....
જ્ઞાન અને ક્રિયાનો નિષ્કર્ષ.... આત્મા....
દર્શન અને જ્ઞાનનો નિષ્કર્ષ.... આત્મા....
ચારિત્ર અને તપનો નિષ્કર્ષ.... આત્મા....
યોગ અને અધ્યાત્મનો નિષ્કર્ષ.... આત્મા....
સાધના અને સ્વાધ્યાયનો નિષ્કર્ષ... આત્મા....
મૈત્રી અને ભક્તિનો નિષ્કર્ષ.... આત્મા....

**આમ સર્વાંગી રીતે વિચારતાં આત્મા જ... આત્માએ પ્રાપ્ત કરવાનો છે. સાધન ગમે તે હોય. યોગ અસંખ્ય જિને કહ્યાં... તેમાંથી સાધકે રૂચિ પ્રમાણે સાધનામાં જોડાઈને અંતે 'સ્વ'ને સાધવાનો અને સિદ્ધ કરવાનો છે.**

'પર' અને 'સ્વ' નો ભેદ પામી અંતે અનંતગુણ... સ્વરૂપ આત્માને સિદ્ધ સ્વરૂપે સાદિ અનંત સુખનો ભોક્તા બનાવવા માટે આ જન્મ - જીવન અને સાધના તેમજ આરાધના... આ સઘળાંની સાર્થકતા પામી કૃતકૃત્યતાને વરવાની છે.

**ઉપકારીઓના ઉપકારના બળે અને કરૂણાળુઓની કરૂણાના તળે આવેલ આત્મા આ માર્ગને સહજ રૂપે પામી સ્વ-સ્વરૂપમાં લીન બને છે... આ નિર્વિવાદ વસ્તુ છે....** અનુભવના મર્મી અને ધર્મી આત્માઓ આ કાર્યમાં **આનંદઘનજી** જેવા મહાપુરુષની જેમ આનંદ-યાત્રામાં જોડાઈને તેમનાં પદો દ્વારા તેમનાં પગલે ચાલી આ કાર્ય જરૂરથી કરી શકશે. માટે જ તો આ મહામૂલો પ્રયાસ પૂ. પંન્યાસજી મ.સા... તથા ભાઈશ્રી સૂર્યવદનભાઈએ કરેલ છે. ખરેખર ! અનુમોદનને પાત્ર છે; પ્રસંશનીય છે; સરાહનીય છે.

પૂ. પંન્યાસજીનાં પરિચયમાં વર્ષોથી હું છું. અમારે ઘણી જ ચર્ચા-વિચારણા સાથે થયેલ છે. કલાકોના કલાકો અને દિવસોના દિવસો... આ નિશ્ચય અને વ્યવહાર તેમજ આત્માનુભવ અને આત્મરતિ - આત્મપ્રીતિ અંગે તેમજ જ્ઞાતા-દૃષ્ટા અને સાક્ષીભાવ અંગેની વાતોના રહસ્યો અંગે તેમજ અગમ-નિગમ અને આગમ તથા અધ્યાત્મ અને યોગ ધ્યાનનાં વિષયમાં તેમનું જીવન જે રીતે વહી રહ્યું છે. તે વાત હું નિ:શંક રીતે કહી શકું તેમ છું. મેં તે વાત જાણી છે. અને ચોકસાઈ કરી છે. આવા અનુભવના માણીગરો આજે **વિરલા અને હીરલા** ગણી શકાય. અંતમાં તેમની આ અંતરયાત્રા... પરમપદ સુધી પહોંચે એવી અંતરની અભિલાષા સહ વિરમું છું.

**- પંડિતવર્ય શ્રી પૂનમચંદભાઈ કે. શાહ**

ગોરેગાંવ

સં. ૨૦૬૨, ચૈત્ર સુદ ૬, સોમવાર, તા. ૩-૪-૨૦૦૬.

★ ★ ★

# પરમપદદાયી આનંદઘન પદરેહ - ભાગ ૨

## અ નુ ક્ર મ ણિ કા


- અર્પણ 3
- પ્રકાશકીય નિવેદન 4
- સાધનામય જીવન - મોક્ષપ્રાપ્તિના એંધાણ 7
  **- પં. મુક્તિદર્શનવિજય ગણિ**
- **પ્રસ્તાવના**
  - સો હી પરમ મહારસ ચાખે.... 12
    **- પંન્યાસ ભાગ્યેશવિજયજી ગણિ**
  - આનંદઘનનો આંતરખજાનો 19
    **- પંડિતવર્ય શ્રી પૂનમચંદભાઈ કે. શાહ**
- અનુક્રમણિકા (ભાગ - ૨) 24
- વીતરાગ ધર્મની સાંપ્રદાયિક ધર્મથી ભિન્નતા 32
  **- પં. મુક્તિદર્શનવિજય ગણિ**

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ / પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૫૧ | **ભાદુંકી રાતી કાતિસી વહે, છાતીય છિન છિન છિના...** | ચેતનાનો સ્વામી ચેતનને મળવા માટેનો તલસાટ. અરિહત-અરિહંત રાજકુમારી ઢેડને પરણે એવો જીવ-પુદ્ગલ સંબંધ કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ. | ૧ |
| ૫૨ | **મેરે પ્રાન આનંદઘન, તાન આનંદઘન...** | આનંદ એ આત્માનું સ્વરૂપ હોઈ આનંદઘન મહિમાગાન. સચ્ચિદાનંદ શબ્દસમજ. સ્વસમય એજ સ્વસત્તા. વ્યકિત, વ્યકિત્વ અને વ્યકિતત્વની અભિવ્યકિત. | ૧૧ |
| ૫૩ | **સારા દિલ લગા હૈ, બંસી વારેસું....** | કૃષ્ણભકિતથી ધ્યાતા - ધ્યેય, ધ્યાન અભેદતા. આનંદઘનજીની ગુણગ્રાહીતા અને દૃષ્ટિ વિશાળતા સૂચક પદ. | ૨૧ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ / પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૫૪ | **રાતડી રમીને અહિંયાથી આવિયા... મૂલકો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે...** | આત્મિક રત્નોના વ્યાપારથી સંવર તત્ત્વારાધનાથી ઋણ ચૂકવણી. | ૨૪ |
| ૫૫ | **ચેતન આપા કૈસે લહોઈ...** | આરોપિત ભેદ સ્વરૂપધર્મ અને નિરૂપચરિત અભેદ સ્વરૂપ ધર્મ. | ૩૦ |
| ૫૬ | **બાલુડી અબલા જોર કિશ્યું કરે, પિઉડો પરઘર જાય...** | વિવેક - અવિવેક અને સમ્યક્ત્વ - મિથ્યાત્વ. | ૩૩ |
| ૫૭ | **દેખો એક અપૂરવ ખેલા, આપહી બાજી આપહી બાજીગર...** | પોતે જ પોતાને બંધનમાંથી સંસારની બાજીની રમતમાંથી ખટ્રાગ-વાદવિવાદથી પર થઈ છોડાવવાનો છે અને બાજી છોડી લોકાગ્ર શિખરે સ્થિરવાસ કરવાનો છે. | ૪૦ |
| ૫૮ | **પ્યારે આય મિલો કહાં યેતે જાત....** | પ્રભુ પરમાત્મ મિલન ઝુરાપો અને વિરહિણીની નીરસ દશા. | ૪૭ |
| ૫૯ | **મોકૂં કેઉ કેસી હૂતકો...** | 'પરસ્પરોપગ્રહ જીવાનામ્' - પરસ્પરના સહયોગથી એકમેકને અશુભનો ધક્કો ન મારતા એકમેકના ટેકે ઉત્થાન. જાગૃતિ અને સમતાયોગ. | ૫૨ |
| ૬૦ | **અબ મેરે પતિ ગત દેવ, નિરંજન....** | અંતરસ્થિત પરમાત્મ સ્પર્શન સંવેદના. જે મારા પરમાત્મપતિની મતિ, ગતિ તે જ મારી મતિ, ગતિ. | ૫૬ |
| ૬૧ | **મેરીંસુ તુમતેં જુકહા, દૂરીકિ...** | સમતાની નશ્વર, પરાધીન, રોગ - અશુચિ ભરી કાયાની માયા મમતાથી છૂટવાની ચેતનને ટકોર. | ૬૧ |
| ૬૨ | **પીયા બીન સુધબુધ ખૂંદી હો, વિરહભૂયંગ નિશાસેમે....** | સમતા-ચેતનાનું ચેતનને મળવા માટેનું આક્રંદ. વિરહવ્યાકુળતાની વ્યથા. | ૬૫ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ / પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૬૩ | વ્રજનાથસેં સુનાથવિણ, હાથોહાથ વિકાયો.... | સુનાથ વિનાની નિસહાય લાચાર અનાથ દશાનો ચિતાર. પૂર્વભવોની પરવશતા - પામરતા અને એમાંથી ઉદ્ધાર કરવા પ્રાર્થના. | ૭૨ |
| ૬૪ | અબ જાગો પરમગુરુ પરમદેવ પ્યારે.... | કાયા જ બાધા છે અને સર્વ દુ:ખનું મૂળ છે માટે કાયાતીત - અદેહી થવાની વાંછના. કાયાની માયા મમતાના પાપે બધાં પાપ અને ભવભ્રમણ છે માટે કાયાની માયા છોડી કાયાથી કામ કાઢી કાયાતીત થવું. | ૮૭ |
| ૬૫ | રાસ શશી તરા કલા, જોસી જોઈ ન જોસ.... પિયા બિન કીન મિટાવે રે, વિરહવ્યથા અસરાળ ?... | ચેતનાની ચેતન મિલાપ માટેની ચિંતા, વિચારણા. વર્તમાન સાંપ્રદાયિકતાની દુ:ખદ પરિસ્થિતિ અને અધ્યાત્મિકતા, નૈતિકતા ખોવાઈ જવાનું દુ:ખ. | ૯૦ |
| ૬૬ | સાધુભાઈ અપના રુપ જબ દેખા... | સ્વરૂપને ઓળખી સ્વરૂપના પક્ષપાતી બની જ્ઞાની અંકીત મર્યાદામાં રહી સાધના કરાય તો વિઘ્નો-બાધક તત્ત્વથી બચાય. અકર્તાભાવથી અક્રિય પ્રતિ ગમન. | ૯૮ |
| ૬૭ | રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો મહાદેવ રી.... | પ્રભુનામનો લક્ષ્યાર્થ પકડાય તો બધાંય ભગવાનના નામ અનામી બનાવવા સમર્થ છે. દષ્ટિની વિશાળતા, ઉદારતા અને નિરાગ્રહીતાથી વીતરાગતા ભણી પ્રયાણ. | ૧૦૪ |
| ૬૮ | સાધુસંગતિ બિનુ કૈસેં પૈયેં... | સાધુ સંગતિ મહાત્મ્ય. સંસારનો અંત આણનાર અનુભવજ્ઞાની સંત સંગતિની ચાહત. | ૧૦૯ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ/ પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૬૯ | **પ્રીતકી રીત નહીં હો, પ્રીતમ...** | પરમાત્મપ્રાપ્તિ વિરહ વેદના. ચિત્તભાવમાં સઘનપણે ધ્યાનધારાના અખંડ વહેણ માટેની પ્રભુને વિનવણી. | ૧૧૪ |
| ૭૦ | **આતમ અનુભવ રસકથા, પ્યાલા પિયા ન જાય... મંકિ આગે મામુ કી કોઈ, વરનન કરય ગિવાર...** | શ્રદ્ધા સમતાની કાયા વિષયક ચર્ચા. સમતા અને મમતાનો કાયવિષયક વિવાદ. કાયા પ્રત્યે નિર્મમ રહી કાયાને યોગ સાધન બનાવી યોગસિદ્ધિ સાધી લેવાની પ્રેરણા. | ૧૧૭ |
| ૭૧ | **અનન્ત અરૂપી અવિગત સાસતો હો, વાસતો વસ્તુ વિચાર...** | પદરચના યોગીરાજ આનંદઘનજીની જણાતી નથી અને અર્થઘટન સરળ હોવાથી વિવરણ ટાળ્યું છે. | ૧૨૫ |
| ૭૨ | **મેરે માજી મજીઠી સુણ એક બાત....** | સમતાની શ્રદ્ધા સન્મુખ સ્વાગતોક્તિ. શૃંગારરસના માધ્યમથી દ્વંદ્વાતીત થવાની પ્રેરણા. | ૧૨૬ |
| ૭૩ | **ભોલે લોગા હું રહું તુમ ભલા હાંસા...** | આંતરખોજનું પાગલપન. પ્રભુવિરહ એજ મારી અશાતા છે. | ૧૩૪ |
| ૭૪ | **યા કુબુદ્ધિ કુમરી કૌન જાત, જહાં રીઝે ચેતન જ્ઞાન ગાત...** | જગત સુધારકતાની કુબુદ્ધિ અને જાત સુધારકતાની સુબુદ્ધિ. સાસરે જવું એટલે સ્વમાં સમાવું અને પર એવા પિયરને ભૂલી જવું. | ૧૪૦ |
| ૭૫ | **લાલન વિન મેરો કુનુ હવાલ, સમજે ન ઘટકો નિઠુરલાલ.** | વિવેકની સહાય યાચના અને વિવેક ગુણ મહિમા. વિવેક એટલે ભલી પુરચાઈવાળી સંવરદૃષ્ટિ-આંતરદૃષ્ટિ. | ૧૪૩ |
| ૭૬ | **પ્યારે પ્રાણ જીવન એ સાચ જાન, ઉતરવકત નાહીં તિલ સમાન...** | મમતા-સમતા તુલના. પર્યાવરણ રક્ષણ - પર્યાવરણશુદ્ધિમાં પર્યાય વિશુદ્ધિ. વકતા-જડતા, ત્યાગ અને ઋજુતા-પ્રાજ્ઞતાની માંગ. | ૧૪૬ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ/ પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૭૭ | **હમારી લય લાગી પ્રભુનામ....** | પ્રભુનામ ધૂન પ્રભુનામ લયલીનતા અને અદાલતી ન્યાયની નિરર્થકતા. | ૧૫૧ |
| ૭૮ | **જગતગુરુ મેરા, જગતકા ચેરા, મિટ ગયા વાદવિવાદકા દોરા....** | અંતરાત્મા તે ગુરુ અને બહિરાત્મા તે શિષ્યની ભેદકથા. પશ્ચાતાપ. આંતરિક નવનિધિ વૈભવ. | ૧૬૦ |
| ૭૯ | **કીસી કૈસી ઘરવસી, જિનસ અનેસીરી....** | શ્રી-સીરી-લક્ષ્મી વિષયક વિચારણા. ભાગ્યલક્ષ્મીથી શ્રીદેવી - કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિ. | ૧૬૭ |
| ૮૦ | **ચેતન ! શુદ્ધાતમકું ધ્યાવો પરપરચે ધામધૂમ સાદાઈ, નિજપરચા સુખ પાવો.** | સ્વસંગી રંગી તે પરત્યાગી થઈ લબ્ધિ પ્રસિદ્ધિથી પર થાય તો સિદ્ધિ સાંપડે. ૧૩ કાઠિયા, અષ્ટમહાસિદ્ધિ દૃષ્ટિ ઉઘાડ. અધ્યાત્મશૈલી. | ૧૭૩ |
| ૮૧ | **ચેતન ઐસા જ્ઞાન વિચારો, સોઽહં સોઽહં સોઽહં.** | જડ ચેતન ગર્ભિત આત્માને આત્માની આત્મહિત શિક્ષા. પ્રજ્ઞા છીણીથી સ્વરૂપાકાર પરિણમન. કુબુદ્ધિ ત્યાગ, સુબુદ્ધિ સાથ નિસ્તાર. | ૧૮૦ |
| ૮૨ | **પ્રભુ તો સમ અવર ન કોઈ ખલકમેં, હરિહર બ્રહ્મા વિગુતે સોતો. મદન જીત્યો તેં પલકમેં...** | બ્રહ્મચર્ય મહાતમ ગાતી પ્રભુ પાર્શ્વ સ્તુતિ. | ૧૮૫ |
| ૮૩ | **નિસ્પૃહ દેશ સોહામણો, નિર્ભયનગર ઉદાર હો. વસે અંતરજામી.** | અંતરયામીના અંતરનગર આત્મનગર જે નિસ્પૃહનગર નિર્ભયનગર છે તેની ઓળખ. બ્રહ્મવિદ્યામંદિર પ્રવેશપૂર્વે - ઈન્દ્રિય-મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર ત્યાગ, દાર્પણ્યભાવ. | ૧૮૯ |
| ૮૪ | **લાગી લગન હમારી, જિનરાજ સુજસ સુન્યો મેં....** | પ્રભુ લગનનો ધ્યાનયોગ. લોકહેરીથી પર આત્માસ્વાદન નિમગ્નતા. | ૨૦૨ |
| ૮૫ | **વારી હું બોલડે મીઠડે, તુજ વિન મુજ નહિ સરે સૂરિજન...** | સમતા-ચેતનાનો ચેતન સ્વરૂપ મિલનનો તલસાટ. પરાવાણીના ઉદ્ગાતા સૂરિજન યોગ ઝંખના. | ૨૦૮ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ / પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૮૬ | સલૂણે સાહેબ આવેંગે મેરે, આલીરી વીરવિવેક કહો સાચ. | ચેતના-સમતાની ચેતનના આવાગમન અંગે વીરા વિવેકને પૃચ્છા. જ્ઞાયક કેન્દ્રિત સતત વહેતી જ્ઞાનધારાનો આત્મયોગ - આત્મકલા. | ૨૧૪ |
| ૮૭ | વિવેકી વીરા સહ્યો ન પરે, વરજો ક્યું ન આપકે મિત્ત... | સમતાના ભાઈ વિવેક દ્વારા ચેતનને સ્વઘેર પાછા ફરવાનો સંદેશ. સમત્વયોગ. | ૨૨૦ |
| ૮૮ | પૂછીયે આલી ખબર નહીં, આયેં વિવેક વધાય... | જાગૃત જ્વલંત વિવેકથી વાણી વ્યવહારમાં આવતી અલૌકિકતા-મધુરતા, શ્રદ્ધા-સમતા-વિવેકનો ત્રિવેણી સંગમ. | ૨૨૭ |
| ૮૯ | ચેતન સકલ વિયાપક હોઈ, સત અસત્ ગુન પરજય પરિનતિ, ભાવ સુભાવ ગતિ દોઈ... | આત્મસ્વરૂપ વિચારણા અને નિશ્ચય વ્યવહાર ધર્મ. આત્માની વ્યાપકતા વિષયક વિચારણા. સ્યાદ્વાદ-અનેકાન્તવાદ-સાપેક્ષવાદ. | ૨૩૩ |
| ૯૦ | અબ જોવતાં લાખ, જોવે તો એકે નહીં.... મ્હોટી વહૂયે મન ગમતું કીધું, પેટમેં પેંશી મસ્તક રહેંસી... | મોટી વહુ સમતાનું નાની વહુ મમતાને મારી હઠાવી શ્રદ્ધા સુમતિ સમતાના ત્રિવેણી સંગમથી થતી આત્માનુભૂતિ. કુંડલિની જાગરણ. | ૨૪૨ |
| ૯૧ | વારોરે કોઈ પરઘર રમવાનો ઢાલ, ન્હાની વહુને પરઘર રમવાનો ઢાલ. | કુમતિ સુમતિની ખેંચાતાણી અને સ્વદોષ દર્શન. | ૨૪૯ |
| ૯૨ | દરિસન પ્રાનજીવન મોહે, દીજે, દરિસન મોહિ કલ ન પરતુ હૈ તલક તલક તન છીજે.... | ચેતનાની દરિસન તરસ. સ્વપ્નસંકેત. | ૨૫૬ |
| ૯૩ | મુને માહરા નાહલીયાને મલવાનો કોડ.... | ભીતર સ્થિત પરમાત્મ પ્રાગટ્યના લક્ષ પૂર્વકનો સ્વરૂપધર્મ. | ૨૬૩ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ / પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૯૪ | નિરાધાર કેમ મૂકી, શ્યામ મને નિરાધાર કેમ મૂકી.... | અબળા એવી ચેતનાની સબળ એવાં ચૈતન્ય પ્રભુને સ્ત્રૈણભાવે સહાય યાચનારૂપ પ્રાર્થના. | ૨૭૧ |
| ૯૫ | ઐસે જિનચરણે ચિત્ત લાઉં રે મના, ઐસે અરિહંત ગુન ગાઉં રે મના.... | સર્વદા, સર્વત્ર, સર્વ કાર્ય કરતાં ચિત્તની પ્રભુમયતા. લક્ષવેધકતાનું સાતત્ય. | ૨૮૦ |
| ૯૬ | અરી મેરો ન હેરી અતિવારો, મૈં લે જીવન કિત જાઉં... | સમતાની સખી સુમતિને કહેવાયેલી આત્મવ્યથા. કામરાગભય. | ૨૮૪ |
| ૯૭ | આ પુદ્ગલકા ક્યા વિસવાસા, હૈ સુપને કા વાસા રે... | પાની બીચ પતાસા જેવી દેહાદિની વિનાશીતા - વ્યર્થતા અને આત્માની અવિનાશીતા - શાશ્વતતા - વિશ્વસનીયતા. | ૨૮૮ |
| ૯૮ | અવધૂ સો જોગી ગુરુ મેરા, ઈનપદકા કરે રે નિવેડા... | બહિરાત્માવસ્થારૂપ શિષ્યત્વને દૂર કરી અંતરાત્માવસ્થારૂપ ગુરુત્વને ધારણ કરી પરમાત્મત્વરૂપ પરમરસનું પાન સગુરો બનીને કર. કોયડારૂપ પદ. | ૨૯૨ |
| ૯૯ | અવધૂ ઐસો જ્ઞાન વિચારી, વામેં કોણ પુરુષ કોણ નારી.... | કષાય અને તેની દાસીઓથી છોડાવતા સમતા અને વિવેકે આપેલ ચિતારથી ચેતના અને ચેતનની અભેદતા માટેનો નિશ્ચય. કોયડારૂપ પદ. | ૩૦૩ |
| ૧૦૦ | બેહેર બેહેર નહીં આવે અવસર, બેહેર બેહેર નહીં આવે.... | તન-મન-ધનની ક્ષણભંગુરતા વિચારી પ્રાપ્ત શાણપણભર્યા માનવભવને સાર્થક કરી લઈ ભવાંત સુધીના ભવોભવના સુખને અંકે કરી લેવાની ભલામણ. | ૩૧૬ |
| ૧૦૧ | મનુ પ્યારા મનુ પ્યારા, રિખભદેવ મનુ પ્યારા... | આદિનાથ ઋષભદેવ ગુણગાન સ્તવના. | ૩૨૦ |

| પદ ક્રમાંક | પદ | પદ ધ્વનિ/ પદરવ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧૦૨ | **એ જિનકે પાયે લાગરે, તુને કહીયે કે તો...** | સ્વાનુભૂતિ નિષ્પન્ન સાંકેતિક હિતશિક્ષા. | ૩૨૪ |
| ૧૦૩ | **પ્રભુ ભજલે મેરા દિલ રાજીરે....** | પ્રભુ ભજનાથી પ્રાપ્ત માનવભવ સાર્થક કરવાની હિતશિક્ષા. | ૩૨૮ |
| ૧૦૪ | **હઠીલી આંખ્યાં ટેક ન મેટે.. ફિર ફિર દેખણ જાઉં....** | ચેતન ચેતના મિલાપ વાર્તાલાપ. | ૩૩૦ |
| ૧૦૫ | **અવધૂ વૈરાગ બેટા જાયા, યાને ખોજ કુટુંબ સબ ખાયા.** | વૈરાગ્યભાવ બેટાના જન્મથી દુર્ગુણ નાશ. | ૩૩૬ |
| ૧૦૬ | **કિન ગુણ ભયો ઉદાસી, ભમરા...** | પાપ પશ્ચાતાપ અને મનને હિતશિક્ષા. | ૩૪૫ |
| ૧૦૭ | **તુમ જ્ઞાન વિભો ફૂલી વસન્ત, મન મધુકર હી સુખસોં રસન્ત.** | જ્ઞાન જ્ઞાની મહાતમ અને દિવ્યચક્ષુ પ્રાપ્તિ. | ૩૪૮ |
| ૧૦૮ | **અબ ચલો સંગ હમારે કાયા, તોયે બહોત યત્ન કરી રાખી કાયા...** | અંતિમ મૃત્યુસમયનો જીવાત્માનો કાયા સાથેનો વાર્તાલાપ. | ૩૫૩ |
| ૧૦૯ | **હું તો પ્રણમું સદ્ગુરુ રાયા રે, માતા સરસતી વંદુ પાયા રે...** | સ્વઘર - આત્મઘરવાસ અને પરઘર ત્યાગ. | ૩૫૮ |
| ૧૧૦ | **મેરે એ પ્રભુ ચાહીએ, નિત્ય દરિસન પાઉં...** | નિત્ય પ્રભુ દરિસન ખેવના, ધ્યેય ધ્યાન ધ્યાતા અભેદતા. | ૩૬૩ |


**પરિશિષ્ટ :**


- પદ - ૯૯ અનુલક્ષિત પરિશિષ્ટ - ૪ 1
  'ચેત મછંદર ગોરખ આયા' એ રીતિસૂત્ર ઉપર અનુપ્રેક્ષા
- પદ - ૫-૨૯ અનુલક્ષિત પરિશિષ્ટ - ૫ 13
  પરમપદ પ્રાપ્તિ પ્રાર્થના
- પદ - ૧૪ અનુલક્ષિત પરિશિષ્ટ - ૬ 15
  નાવમેં નદીયા ડૂબી જાય; મુજ મન અચીરજ થાય...

# વીતરાગ ધર્મની સાંપ્રદાયિક ધર્મથી ભિન્નતા

કલિકાલમાં માર્ગને સમજનારા હજુ ઓછા જોવા મળે છે પણ મર્મને પામનારા વિરલા હોય છે. આંતરિક વિશુદ્ધિ વધે તોજ મર્મ લાધે છે. વિશુદ્ધિ માટે સાધના જોઈએ, મૌન જોઈએ, ઉપાસના જોઈએ.

પરમાત્મા એ બહારથી ક્યાંય મળતા નથી તેના માટે તો ચેતનાને ભીતરમાં જગાડવી પડે છે. ચેતના બહારથી પ્રગટ કરાય છે એવી ભ્રમણા જીવને અનંતકાળથી છે. જે જાગૃત વ્યક્તિ આ વિરાટ છેતરપિંડી સમજી લે છે એ કદીય અણમોલ માનવ જીવનને ઘેટાના ટોળાની જેમ ક્યારેય વેડફે નહિ.

મૂળભૂત ધર્મ તો રાતરાણીની સુગંધની જેમ ભીતરમાંથી પ્રગટ થતો હોય છે. એને સંખ્યા, મોનોપોલીના દાવા, પ્રચાર કેન્દ્ર, માર્કેટિંગ, રાજકીય ટેકા વગેરેની જરૂર હોતી નથી. વીતરાગ ધર્મના ઉપાસકને સંપ્રદાયવાદી બની રહેવુ પાલવતુ નથી.

વર્તમાનમાં તીથિ, દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, ગુરુપુજન, સૂતક, કરપાત્રી, નગ્નતા, વસ્ત્ર, પાત્ર, ગર્ભાષ્ટ, જન્માષ્ટક, વગેરે અનેક મતભેદો દ્વારા અંદરનો ગુણાત્મક - વીતરાગ ધર્મ શોષાઈ રહ્યો છે.

રત્નચિંતામણિથી પણ અધિક કિંમતી એવા માનવભવમાં જે વિવેક ચૂક્યો તેણે શું ગુમાવ્યું તેની કલ્પના કરી શકાય નહિ. વિવેક એ મહારત્ન છે. તેનું કોઈ પણ ભોગે રક્ષણ કરવુંજ રહ્યું. સર્વજ્ઞ પ્રણીત માર્ગ એ વીતરાગ માર્ગ છે. તેને આપેલુ જ્ઞાન એ વીતરાગ વિજ્ઞાન છે તેને સમજવા માટે વીતરાગી **સ્વચ્છ દષ્ટિ જોઈએ.**

સાંપ્રદાયિક દષ્ટિને આગળ કરનારા, વીતરાગના માર્ગને અને તેના સાચા અનુયાયીઓને સમજી શકતા નથી. મહાપુરુષોના શબ્દો ન પકડતા તેમના ભાવ અને આશયને પકડવામાં આવે તોજ ન્યાય આપી શકાય. આશયને ન સમજતા માત્ર શબ્દો પકડવાથી મન તરંગોમાં - વિકલ્પોના તોફાને ચઢે છે તેનાથી ખંડનાત્મક પ્રવૃત્તિ આવે છે. પોતે જે સમજે છે તેજ સાચુ છે એવો આગ્રહ બંધાય છે જેનાથી ગર્ભિતપણે અહંકાર પુષ્પ થતો રહે છે. અધ્યાત્મના શિખર ઉપર પહોંચીને બોલાયેલા વચનો અધ્યાત્મની તળેટીએ રહેલા આત્માઓ સમજી શકતા નથી. આગમશૈલી અને અધ્યાત્મશૈલીનો ભેદ ન સમજાય ત્યાં સુધી આ ગજગ્રાહ ચાલુ રહે છે. આનંદઘન પ્રભુના વચનના અવલંબને સહુ કોઈ આત્મા દેહાતીત દશાને પામે એજ.

અનાદિનું કર્તાબુદ્ધિનું શલ્ય તેનું વિષ ચઢેલુ છે તેની સામે તેનાથી અનંતગણું અકર્તાનું પ્રાબલ્ય આવે ત્યારે ભગવાન આત્મા પ્રગટ થાય છે. જ્યાં સુધી ખૂણે-ખાંચરે પણ કર્તાપણું ભાસે છે ત્યાં સુધી સંસારનો અંત નહિ આવે. પહેલા નિશ્ચયથી દરેક વસ્તુને એના યથાર્થ સ્વરૂપમાં સમજવાની છે પછી વ્યવહારમાં તેનુ અમલીકરણ કરવાનું છે. માત્ર નિમિત્તાધીન દષ્ટિ કેળવવાથી વિકલ્પની પરંપરા સર્જાય છે.


**પં. મુક્તિદર્શનવિજય ગણિ**



॥ ॐ ह्रीं ऐं कषायनासिनी मयूरासनी श्री सरस्वतीदिव्यै नमः ॥
॥ ॐ ह्रीं ऐं विद्याविवेकदायिनी हंसासनी श्री सरस्वतीदिव्यै नमः ॥
॥ ॐ ह्रीं ऐं स्वरूपदायिनी कमलासनी मा ब्रह्माणी श्री सरस्वतीमात्यै नमः ॥



મસ્ત ફકીર અવધૂતયોગી શ્રી આનંદઘનજી મહારાજ



પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત
શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા



# સ્વાનુભૂતિસંપન્ન ખીમજી બાપા

<u>આવાગમન</u>
માગશર સુદ-૨
વિ. સંવત ૧૯૭૪
(ઇ. સ. ૧૯૧૮)

<u>પ્રયાણ</u>
કારતક વદ-૯
વિ. સંવત ૨૦૬૧
૫ ડીસેમ્બર ૨૦૦૪

# પુસ્તક પ્રકાશન સુકૃતના સહભાગી

પિતૃદેવો ભવ: માતૃદેવો ભવ:



સ્વ. ગણપતભાઈ ગગુભાઈ શાહ



સ્વ. નાનબાઈ ગણપતભાઈ શાહ

*પુરુષાર્થમય સત્યનિષ્ઠ જીવન જીવ્યા. ન્યાયસંપન્ન વૈભવ, સંતોષભેદના અમૂલ્ય સંસ્કારવારસાથી અમને શોભાવ્યા. સેવાના પંથે ચાલી અમ જીવનપથ અજવાળ્યા.*

**- સ્વ. નાનબાઈ ગણપતભાઈ શાહ સમસ્ત પરિવાર**

**યોગીરાજ પૂ. આનંદઘનજી**ના પદો કે જે વિષય ઘણો ગહન અને જટિલ છે. તેના રહસ્યો ખોલવા એ તો અધ્યાત્મના જાણકારો અને જીવનમાં અનુભવ કરતા મહાનુભાવો જ કરી શકે. આપણો મહાપુન્યોદય છે કે આપણને **પૂજ્ય પંન્યાસ મુક્તિદર્શનવિજયજી મ.સા.** જેવા જ્ઞાની મહાત્માનો સત્સંગ થયો છે. પદોના ગહન પદાર્થોને પૂજ્યશ્રીએ પોતાની સરળ શૈલીમાં આપણી સમક્ષ રજુ કરેલ છે.

પૂજ્યશ્રી સતત બોધ આપી રહ્યા છે કે આપણે મોહ-માયા-મમતાના કુરાજ્યમાંથી મુક્તિ મેળવી શ્રદ્ધા-સુમતિ-સમતાના સુરાજ્યમાં આત્માને સ્થાપન કરીએ અને તે માટે એકાંત-મૌન-ધ્યાન-સ્થિરાસન દ્વારા અસંગ યોગને કેળવી સાધનામાં આગળ વધી જે સંયોગો જીવનમાં આવે તેનો માત્ર સહજ સ્વીકાર કરીએ કે જેથી આપણામાં અહંકાર કે આગ્રહ ન આવે. દરેક વસ્તુને તેના સ્વભાવથી જોતા શીખીએ. સાથે જે કોઈ ધર્મક્રિયાને કરીએ તે આત્મલક્ષી બનીને કરીએ.

પૂજ્યશ્રીએ બતાવેલ સાધના-સમાધિ માર્ગ અપનાવી આપણા સર્વેનું જીવન શાંત-પ્રશાંત-ઉપશાંત બને એજ...

**સ્વ. નાનાબાઈ ગણપતભાઈ શાહ**
**સમસ્ત પરિવારના હૃદયની શુભેચ્છા**

# પુસ્તક પ્રકાશન સુકૃતના સહભાગી



સ્વ. ધીરજલાલ કચ્ચરસીંગભાઈ પરીખ



સ્વ. પ્રભાવતીબેન ધીરજલાલ પરીખ



સ્વ. રસીકલાલ ચીમનલાલ મહેતા



સ્વ. કાન્તાબેન રસીકલાલ મહેતા

*બધું ભગવાનનું છે, બધે ભગવાન છે; બધાં ભગવાન છે.*

*ભગવાનનું દીધું, ભગવાન બનનારા*

*આત્મીય સાધર્મિકને ભગવાન બનવા માટે*

*સાદર સસ્નેહ અર્પણ.*

*અહોભાગ્ય છે કે આ યોગદાનમાં*

*સહભાગી થવાનું સૌભાગ્ય સાંપડ્યું !*

**શૈલેષભાઈ ધીરજલાલ પરીખ - દક્ષાબેન શૈલેષભાઈ પરીખ**

**સમીર, જીગર**

# પદ - ૫૧

## (રાગ : ધમાલ)

भादुकी राति कातिसी वहे, छातीय छिन छिन छिना ॥ भादुंकी ॥१॥

प्रीतम सब छबी निरखके हो, पीउ पीउ पीउ कीना ।
वाही बीच चातक करें हो, प्रान हरे परवीना ॥ भादुंकी ॥२॥

एक निसी प्रीतम नाउं की हो, विसर गई सुधनाउ ।
चातक चतुर विना रही हो, पीउ पीउ पीउ पाउ ॥ भादुंकी ॥३॥

एक समे आलापके हो, कोने अडाणे गान ।
सुघड बपीहा सुरघरे हो देत है पीउ पीउ तान ॥ भादुंकी ॥४॥

रात विभाव विलात है हो, उदित सुभाव सुभान ।
सुमता साच मते मिले हो, आए आनन्दघन मान ॥ भादुंकी ॥५॥

ભાદરવા માસની કાળી મેઘલી રાતે પતિ વિહોણી વિરહિણી પત્નીની જે કારમી દુ:ખદ વિરહદશા હોય છે તેના માધ્યમથી યોગીકવિરાજશ્રીએ ચેતનસ્વામી વિહોણી ચેતનાની વિરહદશા અને સ્વામી ચેતનને મળવાનો તડફડાટ - તલસાટ જે છે તેને આ પદમાં વ્યકત કરેલ છે.

**ભાદુંકી રાતી કાતિસી વહે, છાતીય છિન છિન છિના. ભાદુંકી...૧.**

ભાદુંકી - ભાદરવા માસની ગરમી ઓકતી કાળઝાળ રાત્રી કાતિ જેવા પ્રાણઘાતક હથિયાર જેવી કાતિલ લાગે (વહે) છે. એ એવી તો કાતિલ છે કે છાતીને (હૃદયને) છીણી છીણીને જાણે એનો છનો - છુંદો નહિ બનાવતી હોય !

ચેતન વિનાની ચેતનાની દશા, 'એક દિલકે ટુકડે હુએ હજાર' જેવી સ્થિતિ છે. ચેતના એના સ્વામી ચેતનના દર્શનને, એની એક ઝલકને ઝીલવા અને મહેકને માણવા તરફડે છે - વલખે છે. પરંતુ મિથ્યાત્વના ભાદરવી-શ્રાવણી

કાળી મેઘલી રાત્રીનાં ગાઢ અંધકારમાં એના દર્શન થવા તો દૂર રહ્યા પણ એનો અણસાર - એના એંધાણેય દીસતા નથી. ચેતનસ્વામી કર્મોના થરો તળે એવો તો દબાઈ ગયો છે, ઢંકાઈ ગયો છે, ખોવાઈ ગયો છે કે એના દર્શન અશક્ય નહિ, તો ય દુર્લભ તો છે જ. ચેતનાનો સ્વામી ચેતન ઈષ્ટના વિયોગે અને અનિષ્ટના સંયોગે એવો તો આકુળ વ્યાકુળ બેબાકળો થઈ જાય છે કે રાતદિવસ આર્ત અને રૌદ્રધ્યાનમાં જ સબડ્યા કરે છે. આવી શ્રાવણ (ગુજરાતી પંચાંગાનુસાર) ભાદરવી (મારવાડી વર્ષાનુસાર) રાત્રિ જેવી કાળી વિભાવદશા તો છે જ, જેમાં પાછી શાતા-અશાતા, સાનુકુળતા-પ્રતિકુળતા વેદનીયની વૃષ્ટિ થયા કરે છે, ઈર્ષારૂપ વીજળી ઝબુકે છે અને માન ને ક્રોધની ગાજવીજ થાય છે - રાગ અને દ્વેષના કડાકા બોલે છે. આવી ભયાનક કાળઝાળ રાક્ષસી કષ્ટદાયી રાત્રિની વચ્ચે પણ જેમ હજારોની મેદનીમાં સ્ત્રી પોતાના પતિને ગોતી લઈ વારંવાર એને જોયા કરે કે પછી માથી વિખૂટું પડી ગયેલું બાળક એની મા ને શોધ્યા કરે અને મળે નહિ ત્યાં સુધી રુદન કર્યા કરે, એમ ચેતના કે જેના શ્વાસોશ્વાસમાં ચેતન રમી રહ્યો છે અને દૃષ્ટિ એક માત્ર ચેતન ભણી જ છે, ચેતનની જ શોધ છે અને ચેતનના મેળાપને માટેનો જ વલોપાત છે કે ક્યારે મને મારો પીયુ મળે !

**પ્રીતમ સબ છબી નીરખકે હો, પીઉ ! પીઉ ! પીઉ કીના;**
**વાહી બીચ ચાતક કરેં હો, પ્રાન હરે પરવીના. ભાદુંકી...૨.**

ભાદરવી મેઘાડંબર છાયી કાળ રાત્રિની વચ્ચે પણ એક વીજળીનો ઝબકારો થાય અને માર્ગનું દર્શન થાય, એમ હે પ્રીતમ ! મારા વહાલા ચેતન ! તમારી પૂરેપૂરી (સબ) - અખંડ છબી - મૂર્તિ - ઝલક નિહાળીને - નીરખીને હું ખુશીની મારી પીયુ ! પીયુ ! પીયુ ! નું રટણ કરવા લાગી.

વાહી એટલે કે વાવ-વાવડીની વચ્ચે કોઈ વૃક્ષ કે વેલડી ઉપર બેસીને ચાતક પક્ષી, કે જેની ચાંચની રચનાજ એવી છે કે એ ઉપરથી વરસતા મેઘનું જલ જ ઝીલીને પી શકે છે અને તરસ છીપાવી શકે છે, જેથી પીયુ પીયુ પીયુ ! ના પોકારોથી મેઘને વરસવા અને તૃષા છીપાવવા કાલાવાલા કરતાં કહે છે કે

વરસો નહિ તો આ ભાદરવાની કાળઝાળ ગરમી મારા પ્રાણ હરવા તત્પર બની છે - પરવીના - પ્રવિણ - કુશળ થઈ છે અર્થાત્ પ્રાણ હરન માટે તૈયાર જ બેઠી છે. આમ ચાતકપક્ષી જેમ મેઘને પીયુ પીયુના પોકારથી કરગરે છે, વિરહિણી સ્ત્રી પતિની છબી જોઈને પીયુ પીયુ હૃદયે રટવા લાગે છે, એમ દર્શનમોહનીયકર્મના ઉપશમનથી સ્વામી ચેતનના સ્વરૂપની ઝલક મેળવીને - સ્વરૂપદર્શન થતાં હું ચેતના પણ મારા ચેતનને હવે આકંઠ ઈચ્છી રહી છું, પ્રત્યક્ષ દર્શન - પર્યાયમાં, મારી ચેતનાને ચેતનરૂપે નિખારવા હું તલસી રહી છું અને પીયુ પીયુ ! ના હૃદયોદ્‌ગારથી એને પોકારી રહી છું. મહોપાધ્યાયજી યશોવિજયજીએ પણ નવપદની પૂજામાં ગાયુ છે....

**પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય જે હોવે, તિહાં આપ રુપે સદા આપ જોવે.**

**સ્વરૂપસ્પર્શન થયું, સ્વરૂપ આસ્વાદન થયું તેથી સ્વરૂપ દષ્ટા બન્યો પરંતુ હવે તો સ્વરૂપકર્તા બની સ્વરૂપસ્થ થઈ સ્વરૂપભોક્તા બનવા માટે તલસું છું તેથી પીયુ ! પીયુ ! કરું છું કે હવે આખેઆખી પરિપૂર્ણ છબી નહિ પણ છબીમાં રહેલો સાક્ષાત-પ્રત્યક્ષ તું ચેતન મારી ચેતનામાં અભિવ્યક્ત થાય તો જ આ તૃષા શાંત થાય એમ છે અને તૃપ્તિ અનુભવાય એમ છે.** કવિ વીરવિજયજીએ પણ ગાયું છે....

**સીમંધર સીમંધર હૃદયે ધરતો, પ્રત્યક્ષ દર્શનની આશા હું કરતો;**
**એવા વિયોગના દુ:ખ મારા, જઈ કહેજો ચાંદલિયા,**
**કહેજો ચાંદલિયા... સીમંધર તેડા મોકલે...**

એક નિસી પ્રીતમ નાઉંકી હો, વિસર ગઈ સુધનાઉ;
ચાતક ચતુર વિના રહી હો, પીઉ પીઉ પીઉ પીઉ પાઉ... ભાદુંકી...૩.

ચેતના - સમતા કહે છે કે એક રાત્રિના સમયમાં પ્રીતમ-વ્હાલા શુદ્ધ ચેતનસ્વામીના ધ્યાનમાં ને ધ્યાનમાં - પીયુ પીયુના રટણમાંથી એવી દશા થઈ કે ધ્યાતા ધ્યેય અને ધ્યાનની અભેદતા થઈ ગઈ તેથી હું ચેતના અને મારો

સ્વામી ચેતન (પર્યાય અને દ્રવ્ય) જુદા - ભિન્ન છીએ એવું ભાન જ નહિ રહ્યું. **ચેતન સાથેની** મારી ચેતનાની તદ્રુપતામાં બધી સૂઝ બુઝ વિસરાઈ ગઈ **અને એમાં ચેતનનું** - પ્રીતમનું નામ (નાઉં) પણ ભૂલી ગઈ. સવિકલ્પતામાંથી **નિર્વિકલ્પતામાં** એવી તો સરકી ગઈ અને ગરકાવ થઈ ગઈ કે ચેતન ચેતનાની પૂર્વની સવિકલ્પ સ્થિતિ તદ્દન ભૂલી જવાઈ અને નિર્વિકલ્પ તદ્રુપતાના અપૂર્વ આનંદમાં ડૂબી જઈ એમાં ગરકાવ થઈ જવાયું. પરંતુ આવી અનુપમ અપૂર્વ આનંદાવસ્થામાં ચિત્તરૂપી ચાતકે ભંગાણ પાડ્યું અને નિર્વિકલ્પતા ખોઈ બેસી પાછી પૂર્વની સ્મૃતિ આદિ સૂઝબુઝ વાળી સવિકલ્પદશામાં પાછા ફરવું પડ્યું. પીયુ પીયુ કરતી પીયુમય થઈ ગઈ હતી, તે પીઉને પામીને (પાઉ) પણ પાછી ચિત્તચાતકના કારણે ચતુર ચેતન વિહોણી ચેતના થઈ જતાં પાછી પીયુ પીયુ પીયુના પોકાર કરવા માંડી - ચેતનના - શુદ્ધ ચેતનના જાપ જપવા લાગી. કવિશ્રીનું કહેવાનું તાત્પર્ય એ છે કે **નામ અને રૂપ ભૂલાઈ જવાય તો અનામી અને અરૂપી થવાય, જે ન થવાય ત્યાં સુધી, જે પ્રગટ અનામી - અરૂપી છે તેના નામનું રટણ અને એના વીતરાગ શાંત પ્રશાંત ઉપશાંત આનંદમય સ્વરૂપનું દર્શનપાન કરતાં રહેવાનું છે. જીવનું ખોટું નામ અરિહત છે, જે છગનલાલ - મગનલાલ - ચીમનલાલ કે રમેશ-મહેશ-નરેશ, એવાં પલટાનારા વિનાશી નામથી ઓળખાય છે, બાકી એનું સાચું નામ તો એક અરિહંત જ છે.** એવા અરિહંત પ્રભુના સ્મરણ વિનાની એક પણ રાત્રિ વીતતી નથી અને જેના ચિત્તમાંથી એ અરિહંત ભગવાનની શુદ્ધતા - બુદ્ધતા હટતી નથી, તેને તેના ભીતરના ભગવાન આત્મા, પરમાત્મા રૂપે અવશ્ય પર્યાયમાં પ્રગટ થાય છે. ચાતકની તૃષાતૃપ્તિ માટે તો મેઘવૃષ્ટિની આવશ્યકતા છે, જે ચાતક સહિતના સર્વેના સામુદાયિક પુણ્યકર્મના ઉદયે જ શક્ય બને છે, જ્યારે સાધકને પોતાને પોતામાંથી પોતાના પરમાત્મસ્વરૂપના પ્રગટીકરણ માટે તો પોતાની વૈયક્તિક આત્મવિશુદ્ધિ - પર્યાયવિશુદ્ધિની આવશ્યકતા રહે છે.

**એક સમે આલાપ કે હો, કીને અડાણે ગાન,**
**સુઘડ બપીહા સુર ધરે હો દેત હૈ પીઉ પીઉ તાન. ભાદુંકી...૪.**

ચેતના પોતાનો સ્વાનુભવ બ્યાન કરતાં કહે છે કે એક સમયે હું મારા

ચેતન સ્વામીની યાદોમાં - વિચારમાં એવી તો ખોવાઈ ગઈ હતી, તન્મય બની ગઈ હતી કે મને દેશ કાળનું કોઈ શાનભાન જ રહ્યું નહોતું અને એવાં સમયે જ જાણે મારા સૂરમાં સૂર નહિ પુરાવાતો હોય એવુ સુઘડ - ચતુર બપૈયાનું "પિયુ ! પિયુ !" નું અડાણે - અટાણાંનું ગાન-આલાપ શરૂ થયો ! જાણે મારી તન્મયતામાં તાન પૂરાવવા રૂપે દાદ ન આપતો હોય ! વિરહિણી સ્ત્રી પતિ વિરહમાં પતિને યાદ કરતી ઝૂરતી હોય છે ત્યારે બપૈયાના "પિયુ ! પિયુ !" ના ટહુકા એના ઝુરાપા-બળાપામાં વૃદ્ધિ કરવાનું કાર્ય કરે છે.

એજ રીતે ચેતના - સમતા એના સ્વામી ચેતનનું ધ્યાન ધરતી હતી, તેવામાં ચિત્ત-મનરૂપ બપૈયાએ પણ એ ગાન પૂર્વેનો જે આલાપ હોય છે - ચેતનાના ચેતનથી મિલાપ પૂર્વે જે મિલનની તડપન હોય છે તેમાં સાદ પૂરાવ્યો અને તેથી ચેતનાની ચેતનને મળવાની તડપન તલસાટમાં - આક્રંદમાં - વિલાપમાં ફેરવાઈ ગઈ. ચેતના એટલે કે સમતા મનની સમસ્થિતિ - સ્થિતપ્રજ્ઞતા - ઉન્મનીદશા જાળવવા મનને કેળવે છે, તો તેના પ્રતિસાદરૂપે, મન પણ ક્ષયોપશમ ભાવથી સાથ આપે છે અને ચિત્તની સ્થિરતા, ચિરસ્થાયી સમસ્થિતિ રૂપ વીતરાગતા પ્રગટ ન થાય ત્યા સુધી, ઠેઠ બારમા ગુણ સ્થાનક સુધી, શુકલ ધ્યનની ધારાએ ચઢી ભાવમનમુક્તિ મેળવવા લગીનો સાથ આપે છે. એ ચેતન ચેતનાના આત્મમિલનના કેવળદર્શન કેવળજ્ઞાનના ગાનના પ્રારંભ પૂર્વેનો આલાપ છે.

પદના આ ચરણનું અર્થઘટન સ્વાનુભતિસંપન્ન ચિંતક ખીમજી બાપાએ જરા જુદી રીતે કરેલ છે, જે હવે જોઈએ.

ચિત્ત સાધારણ રીતે અસ્થિર અને ડામડોળ ચંચળ સ્વભાવી હોય છે. ચિત્તમાં ક્યારેક આનંદના આવર્તો રચાતા હોય છે એટલે આનંદનો આલાપ અપાતો હોય છે તો વળી ક્યારેક બીજે સમયે ચિત્ત વિલાપ - આક્રંદ પણ કરતું હોય છે. આવા અડાણા એટલે કે બેસુરા ગાણા ચિત્તને - જીવને કોણ ગવડાવે છે ?

કવિરાજશ્રીનું કહેવાનું આધ્યાત્મિક તાત્પર્ય એ છે કે જીવે - ચેતને

**મમત્વભાવથી સ્વનું** વિસ્મરણ કરી પર જડ વિનાશી એવાં પુદ્ગલ એટલે કે **દેહ સાથે સંબંધ સ્થાપી** દેહમાં આત્મબુદ્ધિ સ્થાપી તેથી દેહાત્મબુદ્ધિના કારણે **એ મૂળમાં અદ્વૈત** હતો, તે એકસ્વભાવી ચેતન આત્મા બહુસ્વભાવી પુદ્ગલ **સાથે જોડાવાથી** અદ્વૈતમાંથી એકમાંથી અનેક થયો. ''एकोऽहं बहु श्याम'' એક એવો એ બહુ બહુ રૂપે પરિણમન પામીને પોતાની પ્રકાશતા - ઉજ્જવલતા ખોઈ બેસીને શામળો થઈ ગયો અર્થાત્ કર્મની કાલિમાથી કલંકિત થઈ ગયો. માટે જ તેનું ગાણું તાલ વિનાનું બેતાલ, અડાણું બેસુરું બની ગયું કેમકે તે ન તો પૂરેપૂરો ચેતન રહ્યો કે ન તો પૂરેપૂરો જડ પુદ્ગલ સંગે જડ બની ગયો. **ચેતન, ચેતન મટી જડ જેવો થઈ ગયો તેથી નહિ તો સ્વની સક્રિય વીતરાગતા રહી કે ન તો જડની અક્રિય વીતરાગતા આવી.** ધોબીના કૂતરા જેવી દશા થઈ ગઈ કે ન રહ્યો ઘરનો કે ન રહ્યો ઘાટનો ? બસ ભટક ભટક જ કરવાનું રહ્યું ! પુણ્યના ઉદયમાં આનંદનો આલાપ અને પાપના ઉદયમાં દુ:ખનો વિલાપ એવી સુખ દુ:ખની દ્વૈત - બેસુરી અવસ્થામાં મૂકાઈ ગયો અને પોતાના ચિરસ્થાયી શાશ્વત નિતાંત અદ્વૈત આનંદાવસ્થાને ગુમાવી દીધી.

જો કે વાસ્તવિકતા તો એ છે કે જીવનું મૌલિક સ્વરૂપ આવું બેસુરું નથી. જીવના શિવસ્વરૂપમાં તો એના અનંત આત્મગુણો એક સાથે યુગપદ્ અક્રમથી કાર્યશીલ હોય છે તે તેની સુસંવાદિતા આત્મસંપદા છે. **આ તો રાજકુમારી દેડકાને પરણે એવી હાલત શિવસ્વરૂપ જીવની પુદ્ગલને પરણવાથી એટલે કે પુદ્ગલ સાથે જોડાવાથી થઈ છે. ક્યાં પરમાત્માના કુળનો, અગરૂલઘુ ગોત્રનો, ચૈતન્યજાતિનો નિત્ય પૂર્ણ સ્થિર આનંદસ્વભાવી જ્ઞાનસ્વરૂપી જીવ અને ક્યાં અનિત્ય, અપૂર્ણ, અસ્થિર, જડ બહુ સ્વભાવી પુદ્ગલ ! આ તો 'કાગડો દહીંથરું લઈ ગયો' જેવો ઘાટ થયો છે.** આ અડાણા ગાન-અડાણા-ડહાપણ વગરના આંધળુકિયાં સંબંધો છે.

સંસારના વ્યવહારમાં પણ એવી પરિસ્થિતિ સર્જાતી હોય છે કે ઘરની સ્થિતિ નબળી હોવાથી કે પછી અન્ય કોઈ કારણે ઘરના દીકરાને જ્યારે કોઈ નાતીલો કે જાતીલો કન્યા આપવા તૈયાર થતો નથી ત્યારે સામસામી કન્યાઓની આપ લેના આરચામારચાના - સાટાના - અડાણા સગપણો - સંબંધો બંધાતા

પોતે બીજાઓ વડે છે અને બીજાઓ પોતા વડે છે એમ સમજવું તે દેહભાવ.

હોય છે. આ અડાણા સંબંધમાં કન્યા મળવાનો અને દીકરો વરાવ્યાનો આનંદ તો મળે છે પણ તે થોડા કાળનો અસ્થાયી જ હોય છે, કારણ કે પોતાની જ દીકરી, તે કન્યા જેને વહુ બનાવી છે, તેના ઘરમાં તેના ભાઈ સાથે વરાવી હોય છે. એટલે આવા સંબંધમાં બાપને જીવનભર દબાયેલા - ચુમાયેલા - ઓશિયાળા રહેવું પડતું હોય છે અને તે સાટામાં માંગીને લાવેલી કન્યા, હુકમ ચલાવતી થઈ જાય છે, જેથી તેના કહ્યામાં જ રહેવાનો, પારતંત્ર્યનો વારો આવે છે. આમ આમાં સુખના આલાપ કરતાં દુ:ખના વિલાપ વધુ હોય છે અને આનંદ તો ખોવાઈ - ઝૂંટવાઈ - લૂંટાઈ ગયો હોય છે.

આ રીતે યોગીરાજજી જાતને અને જગતને જણાવે છે કે **પરદ્રવ્યના સંયોગે પરમાં સ્વબુદ્ધિના સ્થાપનથી જ આવા અડાણા ફટાણા - બેસુરા ગાણા જીવને ગાવા પડતા હોય છે.**

પદના આ ચોથા ચરણની પહેલી પંક્તિનું આટલું વિસ્તૃત અર્થઘટન કર્યા બાદ બીજી પંક્તિ "સુઘડ બપીહા સૂર ધરે હો, દેત હૈ પીઉ પીઉ તાન" નું અર્થઘટન કરતાં જણાવે છે કે...

ઉત્તમ પ્રકારના કુળના સંસ્કારોથી, સુસંસ્કારોથી ઘડાયેલો એવો સુઘડ બપૈયો જ્યારે પોતાની માદા બપૈયાણીથી વિખૂટો પડે છે ત્યારે આપસમાં તેઓની વચ્ચે આંતરું પડે છે. પતિથી વિખૂટી પડી ગયેલી માદા બપૈયાણી જ્યારે પીઉ પીઉના નાદનો આલાપ કરે છે ત્યારે સુઘડ બપૈયો તેમાં સુર પુરાવવા દ્વારા તાન ગાન અને લયની અભેદતા - એકતા સાધે છે. તે નર બપૈયો પોતાની માદાના સ્વરને તરત જ પીછાની લે છે. કહેવાય છે કે પક્ષીવિદ્‌ની જાણકારી મુજબ ચાતક પક્ષીમાં જે પ્રવીણતા, ચતુરાઈ હોય છે, જે સભાનતા, માદા પ્રત્યેની જે ખેવના - લગની - સૌજન્યતા હોય છે, તેના કરતાં કંઈગુણી અધિક જાગૃતિ બપૈયા પક્ષીમાં હોવાથી તે પોતાની માદાના સ્વરને - પોકારને તુરતજ પીછાની લે છે.

ચાતક પક્ષીનો અવાજ સાંભળીને એની ચાતકી વિરહિણી માદાને પ્રાણ નીકળી જતો હોય, એવું દુ:ખ થતું હોય છે પણ એ જ વિરહિણી માદા જ્યારે

બપૈયાનો અવાજ સાંભળે છે, ત્યારે એને એવો અહેસાસ - લાગણી થાય છે કે જાણે બપૈયો પોતાના જ સૂરમાં સૂર ન મિલાવતો હોય !

આ દૃષ્ટાંતથી કવિશ્રીનું કહેવાનું તાત્પર્ય એ થાય છે કે સંસારના વહેવારના વેપારમાં સંસારીઓના સંબંધો આવાજ પ્રકારના રાગયુક્ત છે કે ચાતકનો સ્વર-સૂર સાંભળતા વિરહનો વિલાપ ઊઠે તો બપૈયાનો સૂર-સ્વર સાંભળતા આનંદનો - મિલનનો - મેળાપનો સંલાપ જાગે. ટૂંકમાં કહેવાનો ભાવ એ છે કે જગત - **સંસાર આખો દ્વૈતભાવથી ભરેલો હોય ત્યાં દ્વંદ્વ જ છે અને તેથી દ્વંદ એટલે કે યુદ્ધ - સંઘર્ષ છે. તેથી તો કહ્યું છે કે આ જીવન એક સંગ્રામ છે - મહાભારતનું કૌરવો-પાંડવોનું ધર્મ-અધર્મ વચ્ચેનું યુદ્ધ છે.**

**સંસારમા પતિપત્ની વચ્ચેનો રાગભાવ ભારે ચીકણો હોય છે, તેથી તેને કામરાગ કહ્યો છે કે જેનો સહજમાં અંત આવતો નથી. જ્યારે બીજો માતા-પિતા, પુત્ર, પરિવાર, સ્વજન, સ્નેહી સંબંધી પ્રત્યેનો રાગ હોય છે જેને સ્નેહરાગ કહેલ છે તે હળવા પ્રકારના હોય છે. પરંતુ પોતાના વિચારોની - પૂર્વ માન્યતાઓની દૃઢ પકડથી - પૂર્વાગ્રહથી જે વાસ્તવિકતાને - વસ્તુસ્વભાવને - વસ્તુધર્મને સમજવા જ ન દે તે દૃષ્ટિરાગ છે, જે સંસારનો અંત આણવામાં અત્યંત બાધક છે.** તેથી તો કવિશ્રીએ પૂર્વના પદ-૪૧માં કહ્યું કે....

"સમજી તબ એતી કહી, કોઈ નેહ ન કીજ્યો હો..."

**અધ્યાત્મ ક્ષેત્રે નેહ નહિ નીરિહી બની નેક (પવિત્ર) થવાનું છે.**

રાજ વિભાવ વિલાત હૈ હો, ઉદિત સુભાવ સુભાન;
સુમતા સાચ મતે મિલે હો, આએ આનંદઘન માન. ભાદ્રુંકી...૫.

સમતા ચેતના કહે છે કે, પ્રિયે પ્રિયે એવા શબ્દોની ધૂન જગાવતા જાગૃતિ વર્તે છે, જેથી મારો ઉપયોગ મારા સ્વામીમાં લાગેલો રહે છે અને તેથી વિભાવદશારૂપ રાત્રિમાં સ્વામીના નામસ્મરણરૂપ ઉપયોગ - જાપથી એક મોટું આલંબન મળે છે, જે કારણે અંતરમાં નિદ્રાનું જોર ટળે છે, જેથી વિભાવદશારૂપ

રાત્રિ વિલાત એટલે કે વિલય પામતી જાય છે - વિલાતી - વિતતી જાય છે - ઘટતી જાય છે. અંતે વિલાતી વિલાતી બિલકૂલ લય પામી જાય છે, જેના ફલસ્વરૂપ અરુણોદયરૂપ અનુભવ જ્ઞાન પ્રકટે છે. બેભાન - અભાનદશા વિલય પામતા સુભાન એટલે કે સભાન એવી જાગૃતદશારૂપ સ્વભાવ (સુભાવ) પ્રગટે છે - ઉદિત એટલે ઉદય પામે છે.

**અનુભવજ્ઞાન રૂપ અરુણોદય પ્રગટતા અંધારાનું જોર ઓછું થાય છે અને પછી કેવલજ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ થતાં અંધારું અજવાળું બની જાય છે.**

આવી રીતે કેવળજ્ઞાનરૂપ સૂર્ય - ચિદાદિત્ય કે જે લોકાલોક પ્રકાશક એટલે સર્વપ્રકાશક, સ્વ-પર પ્રકાશક, સર્વોચ્ચપ્રકાશનો પૂંજ ફેલાતા આનન્દના સમૂહભૂત-સુખકંદ-સુખપિંડ એવા પરમાત્મા સ્વામી સ્વયં ચેતના (સમતા)ના ઘરે આવીને તેને પોતાની માનીને સાચ મતે એટલે કે સચમુચ - પ્રત્યક્ષ ખુદ આવીને મળ્યા એટલે કે ચેતન, ચેતના અને ચેતનાકાર્યની - ચિતિની અભેદતા થઈ.

આધ્યાત્મિક રીતે શાસ્ત્રીય પરિભાષામાં પદના આ અંતિમ ચરણનું અર્થઘટન કરીએ તો કહી શકાય કે વિભાવદશારૂપ મિથ્યાત્વની રાત્રિના અંધકારના યોગે ચેતન પોતાની ચેતનાને - પોતાના ગુણ વૈભવ - આત્મસંપદાને દેખી શકતો, ઓળખી શકતો નહોતો. પરંતુ કેવળજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતાં ચિદાદિત્યના જ્ઞાનપ્રકાશના અજવાળામાં ચેતનચેતનાની એક્યતા - તદ્રુપતા - અભેદતા - મિલન સધાયું.

**ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે મતિ-શ્રુત અને હોય તો અવધિજ્ઞાન હોઈ શકે છે. સાતમા ગુણસ્થાનકે મનઃપર્યવજ્ઞાન મુનિ હોય તેને પ્રગટે છે. મોહનો - છેવટના લોભમોહનીયનો ક્ષય દશમા ગુણ સ્થાનકે હોય છે તેથી દશ ગુણસ્થાનક પર્યંત મોહનીકર્મની અપેક્ષાએ વિભાવદશારૂપ રાત્રિ હોય છે. ઘાતિકર્મની અપેક્ષાએ બારમા ક્ષીણમોહ છદ્મસ્થ વીતરાગ ગુણઠાણા સુધી વિભાવદશારૂપ રાત્રિ કહી શકાય. બારમેથી તેરમા સયોગી કેવલિ ગુણસ્થાનકે અરોહણ થતાં જ કેવલજ્ઞાન ભાનુનો ઉદય થતાં ચેતનાને એનો શુદ્ધ ચેતન**

---

બુદ્ધિ એ જ્ઞાનનો ક્ષયોપશમ છે. વૈરાગ્ય એ મોહનીયનો ક્ષયોપશમ છે.

**- ત્રિકાલ શુદ્ધ પરમપારિણામિક ભાવે મળે છે અને જેવો ચેતન છે એવી જ એની ચેતના વિશુદ્ધ બની જાય છે.**

આ પદથી યોગીરાજજી કહેવા એમ માંગે છે કે મિથ્યાત્વનો અંધકાર ગમે તેટલો હોય, કર્મોના આવરણો ગમે એટલા ઘનિષ્ઠ હોય તો પણ જો સાધક આત્મા ચરમાવર્તમાં આવી યોગ્ય પુરુષાર્થ કરીને એના પોતાના મૌલિક શુદ્ધ-વિશુદ્ધ પરમ અદ્વૈત એવાં આત્મસ્વરૂપની ઓળખ કરી લઈ, એનું શ્રદ્ધાન કરીને એના આલંબને દ્વૈત અને દ્વંદભાવ - દુવિધામાંથી છૂટી ધૂની ધખાવી મચી પડે તો મિથ્યાત્વના અંધકારને સમ્યક્ત્વ વડે ચીરીને કેવલજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશને ચિદાદિત્ય, ચિદાદર્શ, ચિદાકાશ, ચિદાનંદ સ્વરૂપને પામે છે.

卐

*અધ્યાત્મક્ષેત્રે જ્ઞાન, જ્ઞાન માટે નથી પણ જ્ઞાનદશા-આત્મદશા પામવા માટે જ્ઞાન છે.*

★

*જેમ કમળને પાણી અડતું નથી એમ સંસાર જેને અડતો ય નથી અને નડતો ય નથી તે સત્પુરુષ છે.*

★

*વૃત્તિ એટલે કે પરિણામ (ભાવ) તો સુધારીએ છીએ પણ દષ્ટિ એટલે કે માન્યતા સુધારતા નથી.*

# પદ - પર

(રાગ : જયજયવંતી)

मेरे प्रान आनन्दघन तान आनन्दघन ॥ ए आंकणी ॥

माल आनन्दघन, तात आनन्दघन ।
गात आनन्दघन, जात आनन्दघन ॥ मेरे. ॥१॥

राज आनन्दघन, काज आनन्दघन ।
साज आनन्दघन, लाज आनन्दघन ॥ मेरे. ॥२॥

आभ आनन्दघन, गाभ आनन्दघन ।
नाभ आनन्दघन, लाभ आनन्दघन ॥ मेरे. ॥३॥

**આનંદ એ આત્માનું સ્વરૂપ છે, તેથી જીવ માત્ર પોતાના સ્વરૂપને માંગે છે અને તેને જ બધામાં શોધે છે. જીવની જે સુખની શોધ છે, તે જ સૂચવે છે કે જીવ પોતાના મૂળ મૌલિક સ્વરૂપમાં સુખ સ્વરૂપ એટલે કે આનંદસ્વરૂપ છે. અરસપરસ મળતી બે વ્યક્તિની પહેલી પૃચ્છા એ હોય છે કે સુખમાં - મજામાં છો ને ? બધું ક્ષેમકુશળ-આનંદમંગળ છે ને ?**

**વળી જીવ સચ્ચિદાનંદ સ્વરૂપી છે એટલે કે સત્ + ચિદ્ + આનંદ સ્વરૂપ છે. આમાં જીવનું સત્પણું અને ચિદ્પણું એટલે કે જ્ઞાનસ્વભાવ છેવટે અજ્ઞાન રૂપે પણ રહ્યો પરંતુ એનું મૂળ આનંદસ્વરૂપ ખોવાઈ જઈ નંદવાઈ ગયું અને તે સુખ દુ:ખ રૂપે, દ્વૈત સ્વરૂપે પરિણમ્યું. એથી જ જીવ માત્ર બધે, બધામાં આનંદને શોધતો ફરે છે. કારણ કે જીવ જ્ઞાનાનંદી સ્વરૂપવાળો હોવાથી આનંદથી વિખૂટું પડી ગયેલું જ્ઞાન બધે પોતાના આનંદને જ શોધે છે. જ્ઞાન શક્તિ અને રસ ઉભય સ્વરૂપ છે. આનંદ એ જ્ઞાનનું જ રસસ્વરૂપ - સુખસ્વરૂપ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ એ શક્તિ છે પરંતુ એ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ, જો મોહનીયકર્મના ક્ષયોપશમ પૂર્વક હોય છે તો તે જ્ઞાન રસરૂપ બને છે. જે જ્ઞાન સાચું જ્ઞાન છે.**

**જ્ઞાન ખોટું છે તો વેદન ખોટું એટલે કે સુખદુ:ખ રૂપ છે. જો જ્ઞાન સાચું છે તો વેદન સમ્યગ્ બને છે જેમાં આત્માનંદ, નિજાનંદ પ્રજ્ઞાનંદ હોય છે અને જ્ઞાન જો પૂર્ણ બને છે તો તે વેદનપૂર્ણ બને છે. જે બ્રહ્માનંદ - પરમાનંદ સ્વરૂપ હોય છે. અને ત્યારે જ્ઞેય જ્ઞાનમાં ડૂબે છે અને જ્ઞાન આનંદમાં ડૂબે છે. અન્યથા જ્ઞાન જ્ઞેયમાં ડૂબતું હોય છે જેથી જ્ઞેયાકારે પરિણમી વિકારી બનતું હોય છે. જ્ઞાન જ્ઞાનમાં સમાય - આત્મા આત્મામાં ઠરે છે ત્યારે જ્ઞાનાનંદ - પ્રજ્ઞાનંદ હોય છે. અને જ્યારે જ્ઞેય, જ્ઞાન, જ્ઞાતાનો અભેદ ત્રિવેણી સંગમ થાય છે ત્યારે તેમાંથી બ્રહ્માનંદ - પરમાનંદ નિષ્પન્ન થાય છે.**

હવે જીવની આ જે પોતાની શોધ, પોતાની માંગ, પોતાની ચાહ છે એ સાચી છે પરંતુ તેની ચાલ ખોટી છે. એ પોતાની ચાહની પૂર્તિ ખોટે ઠેકાણેથી ખોટી વસ્તુમાંથી કરવા જાય છે જેથી એની ચાહની પૂર્તિ થતી નથી, તેથી દુ:ખીનો દુ:ખી રહે છે અને પૂર્તિ માટે પ્રયત્ન - પરિશ્રમનો થાક લાગે છે તે પાછો નફામાં. એ આનંદ-સુખ શોધવાના ફાંફા જ્યાં મારે છે, એ જડ પર વિનાશી પુદ્ગલમાં આનંદ નામનું કોઈ તત્ત્વ જ નથી કે તે જીવને આપીને સંતોષી શકે - તૃપ્તિ પમાડી શકે. આનંદનું મૂળ આત્મપ્રદેશ - આત્મદ્રવ્ય છે જે આનંદનો પિંડ છે - આનંદનો નક્કર સમુહ એવો સુખકંદ છે. એ કાંઈ આનંદનો કણિયો નથી પણ આનંદનો ગચ્ચો - આનંદનો જામી ગયેલો જથ્થો છે કે જેવો ઘીનો લોંદો હોય છે. એ સુખપિંડ છે. એને આનંદનો ઘન એટલે કે આનંદનો નક્કર Solid સમુહ કહ્યો કેમકે એમાં કોઈ Porosity છિદ્રતા હોતી નથી કે અન્ય કોઈ તત્ત્વ એમાં પેસી જાય. એ આનંદઘન એવોતો ઘન-ઘનિષ્ઠ-નક્કર છે કે એમાં અન્ય કોઈ કશું પ્રવેશી શકતું નથી અને એમાંથી આનંદ સિવાય કશું નીકળતું નથી. એ પૂર્ણાવસ્થા છે, જેમાંથી પૂર્ણતા જ પ્રવહે છે અને ત્રણેકાળ તે પૂર્ણ જ રહે છે. અન્યદર્શનના ઋષિઓએ પણ ગાયું છે કે....

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

આવાં પોતાના નિજાનંદ, જ્ઞાનાનંદ, આત્માનંદ, સ્વરૂપાનંદનું લક્ષ્ય અને તેની તન્મયકારીતા - એકાકારીતા - તદ્રૂપતા - સર્વસ્વતાનું ગાન, અવધૂત યોગીરાજ આનંદઘનજી મહારાજાએ આ પદમાં ગાયું છે. વળી એ ગાન દ્વારા યોગીરાજજીએ જીવ જે આનંદ શોધે છે તે ક્યાંથી મળે તેનું સરનામું આપ્યું છે. પદનો શાબ્દિક અર્થ સરળ છે પણ આધ્યાત્મિક ગુહ્યાર્થ જટિલ છે.

**મેરે પ્રાન આનન્દઘન તાન આનન્દઘન**
**માત આનંદઘન તાત આનંદઘન;**
**ગાત આનંદઘન જાત આનંદઘન. મેરે...૧.**

અવધૂત યોગીરાજશ્રી કહે છે કે હવે દુન્યવી કોઈપણ વસ્તુ મને સુખરૂપ લાગતી નથી. કારણ કે દેખાય છે તે સઘળાં દુન્યવી પદાર્થો જડ પુદ્ગલ છે અને અનાદિના અનંતકાળના દેહાધ્યાસથી, હવે જ્ઞાન થયાં પછી મને જણાઈ ગયું છે કે એ જડ પદાર્થોમાં પોતામાં કોઈ સુખ કે આનંદ નામનું તત્ત્વ જ નથી, તો પછી એ મને એનામાં નથી તે કેમ કરીને આપી શકે ?

દેહાધ્યાસે કરીને હું મારી પાંચ ઈન્દ્રિયો, ત્રણ મન-વચન-કાયાના બળને, મારા ચાલતા શ્વાસોશ્વાસને અને પ્રાપ્ત આયુષ્ય એમ સ્થૂલ બાહ્ય દશ પ્રાણોને જ હું મારા પ્રાણ માનતો - સમજતો હતો. પરંતુ હવે સાચું તત્ત્વ હાથ લાગ્યું અને સમજાયું કે આ દશ પ્રાણો જેના આધારે ટક્યા છે અને જે આ દશ પ્રાણનો પણ પ્રાણ છે તે તો આત્મા છે, કે જે જ્ઞાનાનંદ સ્વરૂપી છે. માટે હવે મારે મન મારા પ્રાણ સ્વરૂપ કોઈ હોય, તો તે એક માત્ર આનન્દઘન એવો મારો ત્રિકાલ શુદ્ધ ચૈતન્ય આત્મા જ છે. તેથી હવે મારી તાન-ધૂન-તૃષ્ણા-તાણ-તાલાવેલી એક માત્ર આનન્દઘન - ચિદ્ઘન સ્વરૂપ શુદ્ધાત્માની જ છે.

આજ દિવસ સુધી મારા દેહને જન્મ આપનાર સ્ત્રીને માતા અને પુરુષને પિતા માનતો આવ્યો છું. પરંતુ આ દેહપિંડ તો વીર્યરજના સંયોગનું પરિણામ છે, જે માટી-પંચમહાભૂતમાંથી બનેલ છે અને પંચમહાભૂતમાં - માટીમાં મળી જનાર છે, કે જેમ શ્રીમદ્ રાજચંદ્રજીએ જણાવ્યું છે...

**"વીર્યરજથી બન્યું માટીનું ઢેકૂં આ જાય સમશાને;**
**માટીનું ઢેકૂં તો મળે અને વિખરાય તેથી મારે શું ?"**

એવાં એ દેહપિંડને આકાર્યો તો આનંદઘન સ્વરૂપી આત્માએજ ને ! એ આત્મા છે તો આ દેહપિંડ છે. માટે દેહપિંડનું પણ જે મૂળ છે, તે આનંદઘન સ્વરૂપી એવો મારો આત્મા જ મારે મન મારો આધાર, મારું મૂળ, મારા માતા અને પિતા (તાત) છે. દેહપિંડ એ તો અવસ્થા - પર્યાય છે પરંતુ એ પર્યાય જેના આધારે છે, તે તેનો અધિષ્ઠાતા તો આનંદપિંડ એવો આત્મા છે.

ગાત એટલે ગાત્ર અર્થાત્ અંગોપાંગ એ કાંઈ દેહ, દેહના અવયવો આદિ મારા નથી પણ અસંખ્યપ્રદેશનો બનેલો આત્મપ્રદેશ પિંડ એ જ મારું ગાત એટલે ગાત્ર કહો તા ગાત્ર છે અને ગોત્ર કહો તો ગોત્ર છે કેમકે એ આત્મપ્રદેશપિંડ અખંડ, અભંગ, સળંગ, અગુરૂલઘુ સ્વભાવી છે અને તેથી જ હવે મારું ગાતપણું ગતિનું જવાપણું એ આનંદઘન સ્વરૂપી આત્મપિંડ ભણીનું છે. હવે મારી ગતિ પરિધ - બાહ્યપરિભ્રમણ - ચક્રાવામાંથી છૂટી એ ચક્રની ધરી - કેન્દ્ર એવાં આત્મા ભણીની થઈ છે.

જાત પણ મારી કાંઈ જૈન - શ્રીમાળી - ઓસવાલ - પોરવાળ નથી. હું જાતથી જીવ જાતિનો છું અને સ્વરૂપથી સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી આત્મસ્વરૂપી છું.

**રાજ આનંદઘન કાજ આનંદઘન;**
**સાજ આનંદઘન લાજ આનંદઘન. મેરે...૨.**

રાજવીઓ રાજ્યોના - ક્ષેત્રના વિજેતા બની તે તે રાજ્યના રાજા બને છે અને તે તે રાજ્યક્ષેત્રમાં એ રાજાઓનું રાજ ચાલે છે. પરંતુ આવો રાજા જેવો રાજા પણ દેહ, ઈન્દ્રિયો, જનમ-જરા-મૃત્યુ આગળ રાંક બને છે અને એનો કાળ પૂરો થતાં કાળ આવીને એને હરી - લઈ જાય છે અને ત્યારે અનિચ્છા થતાં રાજપાટ છોડીને ચલતી પકડવી પડે છે અથવા તો પુણ્ય પરવારી જતાં એ પોતે રાજ વગરનો રાંક રહે છે અને રાજ છીનવાય જાય છે.

એ પૃથ્વીપતિ ક્ષેત્રવિજેતા કરતાં, મારું મારા આનંદઘન સ્વરૂપ આત્માનું રાજ તો એવું છે, કે ક્ષેત્રવિજેતા થયા વિના લોકાલોક પ્રમાણ અસીમ આકાશક્ષેત્રને સ્વમાં - સ્વદ્રવ્યમાં શમાવી દે છે. અર્થાત્ કેવળજ્ઞાનમાં લોકાલોક ઝળકે છે. એટલું જ નહિ પણ સાથે સાથે કાળનો પણ કોળિયો કરી જઈ કાળવિજેતા થઈ અનાદિ અનંતકાળને પણ પોતાના પેટાળમાં, ભાવમાં ભરી લે છે - શમાવી લે છે. એટલે કે કેવળજ્ઞાનમાં કાળના કોઈ ભેદ રહેતાં નથી. આમ મારું આનંદઘનનું રાજ, એના કેવળજ્ઞાનથી, ક્ષેત્ર અને કાળ ઉભય વિજેતા છે, જેમાં રાજ ચલાવ્યા વગર સ્વરાજ છે, જે જ્ઞાતસત્તાથી અને વીતરાગ સત્તાથી સમગ્ર બ્રહ્માંડ ઉપર રાજ કરે છે કેમકે ક્ષેત્ર-સમસ્ત લોકાલોક આકાશને પોતાના દ્રવ્યમાં અને કાળ સમગ્રને પોતાના ભાવમાં શમાવી લેવા પૂર્વક એ દેશકાળથી પર માત્ર દ્રવ્યભાવાત્મક બની રહે છે. આમ મારું આ રાજ સ્વરાજ છે, **જેમાં મારી સ્વસત્તાનું જ ચલણ છે અને પરસત્તાનો લેશમાત્ર હસ્તક્ષેપ નથી, એવો મારો સ્વસમય, એજ મારું ચિદ્‌ઘનસ્વરૂપી, આનંદઘનસ્વરૂપી આત્માનું પરમસ્વરૂપ, મારું સ્વરાજ - મારી સ્વસત્તા છે.** દુન્યવી ભૌતિક વ્યવહાર કાર્યો, વ્યવહાર ક્રિર્યા, અધ્યાત્મિક ક્રિયાઓ ઘણી ઘણી, ઘણી બધીવાર, ઘણે ઘણે ઠેકાણે કરતો આવ્યો અને કરતો રહ્યો. પરંતુ એ મારા કરવાપણાનો અંત લાવી, કાર્ય-કારણનો અંત કરી મને કૃતકૃત્ય બનાવી સક્રિયમાંથી અક્રિય જે મારા આત્માનું સાચું સ્વરૂપ છે એમાં લઈ જનારી નહિ બની. કારણ કે એ બધી ક્રિયામાં પરક્રિયતા હતી, પારતંત્ર્ય હતું. એ સ્વને ભૂલીને સ્વપ્રતિની સ્વક્રિયતા, સ્વસક્રિયતા ખોઈને પર વડે પરમાં પર માટે કરાતી પરિક્રિયતા હતી. મારા ષડ્કારકનું પ્રવર્તન બાહ્યમાં પર પ્રતિ હતું. એ હવે સ્વપ્રતિ પરિવર્તિત થતાં હું પર પ્રતિ અક્રિય અને સ્વપ્રતિ સક્રિય એટલે કે પરમાં અક્રિય અને સ્વમાં સક્રિય બનેલ છે, તેથી મારે મન જો કોઈ કાજ હોય, **જો કોઈ કાર્ય હોય તો તે માત્ર અને માત્ર મારા સ્વયંના આનંદઘનનું વેદન - આત્માનંદ - સ્વરૂપાનંદનું વેદન જ છે, જ્યાં એવી કૃતકૃત્યતા છે કે કરવાપણું, બનવાપણું કે થવાપણું નથી પણ માત્ર હોવાપણું છે.**

આજ દિ' સુધી આ દેહના સાજ શણગાર, સજાવટ વસ્ત્રાલંકાર આદિથી

ઘણી ઘણી કરી પણ એ દેહની જ શોભા બની રહી અને તે પણ એ દેહ એના **અધિષ્ઠાતા આત્માથી** વિખૂટા પડી જતાં વિલય પામી, દેહની સાજસજાવટમાં મારો આત્મા, જે સ્વયં, અનેકગુણોની સંપદાથી અલંકૃત છે તે આત્માના ગુણવૈભવને, આત્મવૈભવ, આત્મસંપદાને હું ભૂલી ગયો હતો કે જે મારો સાચો, શાશ્વત, સર્વોચ્ચ અપ્રતિહત, સ્વવૈભવ છે. મારો આત્મા જ અનંતગુણધામ હોઈ, એની એ સર્વ ગુણસંપદાની શોભા-સજાવટ જ કોઈ અનૂઠી - અનેરી - અનોખી - અનુપમ - અદ્‌ભૂત - અલૌકિક છે. એ સર્વગુણો યુગપદ્ એટલે કે સમકાળે સક્રિય - કાર્યશીલ છે અને તે ગુણો પાછા એના પૂર્ણ સ્વરૂપે કાર્યાન્વિત હોવાથી એનું કાર્ય પણ પૂર્ણ છે. It functions to its fullest capacity with its full strength. એ એની પૂર્ણ શક્તિથી - પૂર્ણ ક્ષમતાથી પૂર્ણપણે કાર્યાન્વિત છે અને તે કાર્ય પણ પાછું સતત, સહજ અને સરળપણે એટલે કે કોઈપણ ભેદભાવ વિના, અનાયાસ-અપ્રયાસ નિરંતર થતું કાર્ય છે. આવા ગુણ સ્વરૂપ, જે મારો આનંદઘનસ્વરૂપી આત્મા છે, તે જ મારે મન મારો સાજ - મારી સજાવટ - મારી શોભા છે. **હું ચિદ્‌ઘન - આનંદઘન સ્વરૂપી આત્મા એ વ્યક્તિ છું, ગુણ મારું વ્યક્તિત્વ (સાજ - સંપદા) છે અને ગુણકાર્ય તે મારી પર્યાય, એ મારી વ્યક્તિ-દ્રવ્યના વ્યક્તિત્વ (ગુણ)ની અભિવ્યક્તિ છે. જેવું હું દ્રવ્ય છું, જેવાં મારા ગુણ છે, તેવી જ મારી દ્રવ્યગુણથી અભેદ અભિવ્યક્તિ છે, જે પરમાં અક્રિય અને સ્વમાં સક્રિય છે.** પર એ મારામાં જણાય છે, પ્રતિબિંબિત થાય છે પણ હું એને જાણવા જોવા સ્વયં જતો નથી તે મારી અક્રિયતા છે અને તે મારી જ્ઞાતસત્તા છે. જ્યારે સ્વમાં હું મારા સ્વરૂપનો - આનંદનો ભોક્તા છું તે મારી સક્રિયતા છે, જે સ્વમાં છે. આમ પરપ્રતિ અપ્રયાસ - સહજ પ્રકાશકતા છે તો સ્વપ્રતિ સ્વનું સહજ, સતત વેદન છે. **આમ મારા સાજ એ મારા ગુણ અને ગુણકાર્ય છે, જે મારો ચિદ્‌ઘનસ્વરૂપી, આનંદઘન સ્વરૂપી આત્મા જ છે, તેથી મારે મન મારું આનંદઘન સ્વરૂપ એ જ મારી સાજ-શોભા છે.**

આજ દિવસ સુધી, હું મારી લાજ-મર્યાદા-લક્ષ્મણ રેખાને ઉલ્લંઘી (ઓળંગી) જઈ કેન્દ્રમાંથી બહાર ફેંકાઈ ગયેલો પરિઘ ઉપર જ બહાર અને

બહાર, આંખે પાટા બાંધેલા ઘાણીના બળદિયાની જેમ ગોળ ગોળ ફરતો હતો, જેમાં ગતિ હતી પણ ગંતવ્યસ્થાન ભણી લઈ જતી પ્રગતિ નહોતી. તેથી મારે રાજની મર્યાદામાં રાજશાસનથી શાસિત થઈને અને સમાજની મર્યાદામાં સમાજના નીતિ નિયમોથી શાસિત થઈને સામાજિક પ્રાણી બની રહેવું પડતું હતું. હવે તો હું **ધર્મશાસનથી શાસિત થઈને તેથીય ઉપર ઉઠી આત્માના સ્વરૂપથી શાસિત થઈ સ્વરૂપની મર્યાદામાં એટલે સ્વમાં સ્થિત સ્વસ્થ રહેવાપૂર્વક પરથી હું પર થયો છું અને સ્વમાં જ વસું છું. તે જ મારું આનંદઘનરૂપ સ્વ સ્વરૂપ એ મારી લાજ છે, જે એવું અરૂપી, અનામી, સ્વરૂપ છે કે જેને ઢાંકવાને કોઈ વસ્ત્રની જરૂર નથી અને જેના અસ્તિત્વને જણાવવા નામોની તકતીની જરૂર નથી.**

આભ આનંદઘન ગાભ આનંદઘન;
નાભ આનંદઘન લાભ આનંદઘન. મેરે...૩.

મારા આભ એટલે આકાશ કહેતાં ચિદાકાશ એવાં મસ્તિષ્કમાં - બ્રહ્મરંધ્રમાં અને ગાભ કહેતાં ગર્ભમાં - ગુહ્યિત ભાગ - ગભારામાં એટલે કે અંતરતમના પેટાળમાં કણીયેકણિયામાં અર્થાત્ સર્વ આત્મપ્રદેશે આપ વ્યાપીને રહેલાં છો. મારા નાભિપ્રદેશે આઠ રૂચકપ્રદેશરૂપ શુદ્ધ ચેતનારૂપે આજે પણ આપ મારી સાથેને સાથે મારામાં જ વસેલાં છો, પણ હું મૂઢ અજ્ઞાની તેનાથી અજાણ છું કેમકે સ્વને ભૂલીને, સ્વને છોડીને બાહ્ય પરમાં હું ભટક ભટક કરું છું. **એવાં નાભ એટલે નાભિ અને સત્તાગત - ગર્ભિતપણે રહેલ એવાં ગાભ સ્થિત આનંદઘન સ્વરૂપ શુદ્ધાત્માને જે ભાવશે - ભજશે - તેનું ધ્યાન ધરશે - તેમાં જ ઠરશે તે એ નાભિસ્થિત આઠ રૂચકપ્રદેશ વાસિત શુદ્ધ ચેતનાની વ્યાપ્તિ કરી, ચેતનાનો ઘાત કરનારા - ચેતનાને ઢાંકનારા ઘાતિકર્મોનો ઘાત કરી, આભ એટલે આકાશ જેટલી વ્યાપક બનાવશે અને શુદ્ધ, સંપૂર્ણ, સર્વોચ્ચ, સ્વાધીન, શાશ્વત આનંદનો લાભ પામશે.**

આમ મારો આનંદઘન સ્વરૂપી શુદ્ધ ચૈતન્યાત્મા, મારામાં જ - મારા જ પેટાળમાં - મારા જ ગર્ભમાં રહેલો છે અને જે **એના કેવળજ્ઞાનસ્વરૂપથી**

**આકાશ-લોકાલોક વ્યાપક છે, તે આનંદઘન જ મારું આભ એટલે મારી વ્યાપ્તિ - મારી અભિવ્યક્તિ છે અને તે વ્યાપક હોવા છતાં પણ તે મારા આત્મપ્રદેશથી સીમિત - ગર્ભિત જ રહે છે, જે એની સ્થિતિપૂર્વકની વ્યાપ્તિ છે. અર્થાત્ વીતરાગતાપૂર્વકની સર્વજ્ઞતા છે. આમ મારે તો મારો આનંદઘન એ જ મારો આભ - મારું આકાશ અને એ જ મારે ગાભ એટલે કે મારું દ્રવ્યત્વ - અસ્તિત્વ છે, અને એજ મારો લાભ છે જે મારા ઈચ્છિતની પ્રાપ્તિ પૂર્તિ અને તૃપ્તિ છે.**

મારું કોઈ ઠરવિક, ફોઈએ પાડેલું કે ઓળખ માટે નિર્ધારિત કરેલું નામ નથી કે જે નામની નનામી નીકળતી હોય છે. મારું નામ તો મારું સ્વરૂપ આનંદઘન જ છે. મારી ઓળખ કોઈ નામથી નથી પણ મારા સ્વરૂપથી છે તેથી મારું સ્વરૂપ આનંદઘન તે જ મારું સાચું નામ. **જીવના સાચા નામ જ અરિહન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ છે. અને ખોટા નામ અરિહત, અસિદ્ધ, અનાચારી, અજ્ઞાની, અસાધુ છે જેને જુદા જુદા ભવે જુદા જુદા લેબલ મારી જુદા જુદા નામે તે તે ભવ પૂરતા ઓળખવામાં આવે છે. અનામીનું કોઈ નામ નામાંતર નથી અને અરૂપીનું કોઈ રૂપરૂપાંતર નથી, એવું આનંદઘન જે મારું શુદ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપ છે એ જ મારું નામ છે.** 'નાભના સ્થાને નામ હોય તો તે અપેક્ષાએ આ વિવરણ છે.'

એમ મારો જો કોઈ લાભ હોય, મારી કોઈ કમાણી હોય, મારી કોઈ સિદ્ધિ હોય, મારી કોઈ પ્રાપ્તિ હોય તો તે મને જે પ્રાપ્ત જ હતું પણ ગુપ્ત હતું તેનું પ્રાકટ્ય, એજ મુજ પ્રાપ્તની પ્રાપ્તિ, જે પાછી નિવૃત્તિની નિવૃત્તિ એટલે કે અભાવનો અભાવ છે. **એ આનંદઘન સ્વરૂપ મારો લાભ છે.**

યોગીરાજ મુનીશ્રી લાભાનંદજીએ આનંદ પાછળ આખુંય જીવન હોમી દીધું હતું. એ લાભાનંદજીને સાચે જ આનંદનો લાભ થયો હતો જે વાસ્તવિકતાનો ધર્મલાભ હતો. **આનંદઘન તો એનો ભીતરનો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ એવા પરમપારિણામિક ભાવ, કે જે અપ્રગટ પ્રચ્છન્ન સત્તાગત શુદ્ધાત્મા - પરમાત્મા હતો એજ એમનું લક્ષ - સાધ્ય - ધ્યેય એક માત્ર હતું, તેથી જીવનમાં એનો**

**જ પક્ષ હતો, જે એમણે અહીં આ બાવનમાં પદમાં ગાઈ બતાવ્યો છે, કે જે પદ ૧૧૦ પદોની લગભગ કેન્દ્રમાં આવેલું હોઈ એ એમના ૧૧૦ પદોનો એક માત્ર સૂર - એક માત્ર નિચોડ - કેન્દ્રવર્તી વિચાર રહ્યો છે.**

એમને પોતાના નામનો, પોતાના રૂપનો કે પોતાની કૃતિ યા કર્તૃત્વનો લેશમાત્ર મોહ હતો નહિ. તેથી એમની આટલી આ પદ્યકૃતિ સિવાય કોઈ ગદ્ય કે પદ્ય કૃતિ પણ સાંપડતી નથી કે એમના ખુદના જીવન કવનની તવારીખ - ઈતિહાસ યા ગુરૂ આદિના નામની કશી નોંધ યા એંધાણી કશેય શોધ્યા જડતા નથી.

ફક્ત આ બાવનમાં પદમાં ગર્ભિત રીતે પદના છેલ્લા ચરણની છેલ્લી પંક્તિમાં અછડતો ઉલ્લેખ સાંપડે છે. એમાંય વળી એ નામને એમને જે એક માત્ર લક્ષ અને પક્ષ હતો એવાં આનંદ સાથે જોડીને આનંદથી અભેદ થઈ **આનંદલાભને જ એ લાભાનંદજીએ આખાય જીવન દરમ્યાન વાંચ્છ્યો છે અને પ્રાર્થ્યો છે.** આવા વિશિષ્ટ પ્રવાહમાં આત્મનિમજ્જન રહેનાર, એ અલગારી, ખાખીબંગાળી, અવધૂત યોગીરાજને વ્યવહારરસિયા ભલેને નિશ્ચયગામી કે નિશ્ચયવાદી, વ્યવહારના ભંજક તરીકે નવાજે, તો પણ આપણે જો વિચારવંત હોઈએ તો આપણે તો તેમના આ અતિ ટૂંકા, અતિ સરળ પણ અતિ ગુહ્યભાવથી સભર, એમની લગની - એમની ધૂનને અભિવ્યકત કરનાર, આ પદ દ્વારા એમને પ્રભુ માટે અને સ્વ રૂપ એવાં પોતાના સ્વરૂપ માટે પ્રયોજેલ સ્વરૂપવિશેષણ આનંદઘનને, આનંદઘન તરીકે જ નવાજવા - ઓળખવા અને બિરદાવવા જોઈએ. **આનંદ એ તો યોગી ભોગી સર્વના જીવનનો જીવનરસ છે અને આત્માનો અર્ક છે. એ અર્કને અંકે કરવામાં એટલે કે આનંદને પોતામય કરવામાં જ યોગીની સિદ્ધિ છે, જે યોગસિદ્ધિ તો છે જ પણ જીવન-સિદ્ધિ-જીવન સાફલ્ય છે.** આવી યોગસિદ્ધિનો સ્વામી હોય તેવા યોગીરાજની ચિદ્‌ગુહામાંથી જ, જાણે નાભિના આઠ રૂચક પ્રદેશથી સ્વયંસ્ફૂરિત થઈ નીકળતાં હૃદયોદ્‌ગારરૂપ ગાન નીકળી શકે કે "અબ હમ અમર ભયે, ન મરેંગે..." જે જાતને, જગત આખાને, બ્રહ્માંડ સમસ્તને આનંદ આનંદ મય જોઈ જાણી અનુભવી શકે છે, એવાં દ્રવ્યદષ્ટિ - બ્રહ્મદષ્ટિના સ્વામી અવધૂત યોગીશ્રી આનંદઘનજી મહારાજાના

---

દુર્યોધનનો દર્પ કે રાવણનો કંદર્પ (કામ) એ બન્ને દમન-દફનને યોગ્ય છે.

ચરણોમાં પડી નત મસ્તકે બે હાથ જોડી કોટિ કોટિ વંદના કરીએ ! એમને બિરદાવીએ અને ઋણ વ્યકત કરીએ કે એમના આત્માના આનંદગાનને આપણા માટે આપણા સુધી આપણને પણ એમના જેવાં જ આનંદઘન બનાવવા રાગ રાગણી સહિત વહેતું કર્યું !

આ પદનો સાર શું તારવીએ ? આ પદ પોતે જ સઘળાં પદના સારભૂત છે કે જેમાં એક માત્ર જીવનખેવના વ્યકત થઈ છે કે આત્મા અને આત્માના આનંદથી આ વિશ્વમાં કોઈ ઊંચુ કે એનું બરોબરીયું - તુલ્ય તત્ત્વ પણ કોઈ નથી અને તેથી જ આ પદ અને સઘળાંય પદમાં એક જ માત્ર સૂર ગૂંજે છે **કે કેવલ શુદ્ધાત્માનુભવ સિવાય આ જગતની કોઈ પણ વિનાશી ચીજનો ત્રણેય કાળમાં મને લેશમાત્ર ખપ નથી. મળો તો મને એજ મળો કે જે મળ્યા પછી કશું મેળવવાનું શેષ રહે નહિ.**

卐

*આવે તો ય ન અડે અને જાય તો ય ન અડે, એવી નિર્લેપતા સમ્યક્‌ત્વની ઝાંખી કરાવે છે.*

★

*પ્રત્યેકને પ્રત્યેકની પાત્રતા પ્રમાણે મળે છે. પોતે પોતાની પાત્રતાનો વિચાર કરવાનો છે અને પોતાની પાત્રતાને વિકસિત કરવાની છે.*

# પદ - ૫૩

## (રાગ - સોરઠ મુલતાની)

॥ नटरागिणी ॥ सहेली ॥

सारा दिल लगा है, बंसी वारेसूं ॥
बंसी वारेसूं प्रान प्यारेसूं ॥ सा. ॥
मोर मुकुट मकराकृत कुंडल, पीतांबर पटवारेसू ॥ सा. ॥१॥
चंद्र चकोर भये प्रान पपईया, नागर नंद दूलारेसूं ॥
इन सखीके गुन गंद्रप गावे, आनन्दघन उजीयारेसूं ॥ सा. ॥२॥

ગુણીજન પુરુષોનું ચિત્ત હંમેશા ગુણવાન પુરુષોની સ્મૃતિમાં (જીવનચરિત્રમાં) લખેલું હોય છે. ઉત્તમ આત્માઓ દરેક પદાર્થોમાંથી સમ્યગ્ પરિણમન કેમ કરવું તે જ વિચારતા હોય છે. તેઓનું દિલ સમ્યગ્ભાવમાં વહેતુ હોવાથી તેઓ સદ્પુરુષોના જીવનમાંથી પણ સત્યને શોધી લે છે.

કૃષ્ણજીનું દિલ નેમિ પ્રભુના ચરણે લાગેલું હતું. નેમિ પ્રભુ પોતાના પરિવાર સાથે દ્વારિકામાં પધારતા કૃષ્ણ મહારાજાએ ૧૮,૦૦૦ સાધુઓને વંદન કરી ક્ષાયિક સમકિત ઉપાર્જન કર્યું હતું. તેમજ ૭મી નરકના દળિયા ઘટાડીને ત્રીજી નરકના કર્યા હતા. તેમનામાં દેવ-ગુરુ પ્રત્યેની અપ્રતિમ ભક્તિ હતી. રાણી બનવા ઈચ્છતી રાજકન્યાઓને સંયમમાર્ગે વાળતા હતા તેમજ મોક્ષમાર્ગે સંયમના ઈચ્છુકના અમ્માપિયા બનતા હતાં. એમની આઠ પટરાણીઓ ભરહેસરની સજ્ઝાયમાં સતી તરીકે સ્થાન પામી પ્રાતઃ સ્મરણીય બની છે. તેમની ભક્તિની પ્રશંસા આ પદમાં આનંદઘનજીએ કરી છે. તેઓ કહે છે કે કૃષ્ણ મહારાજા આવતી ચોવીશીમાં બારમા અમમ નામે તીર્થંકર થવાના છે. તે ભાવિ **પ્રભુતાઈ અને એ ભાવિ પ્રભુતાઈને પ્રગટાવનારી વર્તમાનની કારણ પ્રભુતાઈરૂપ કરણી મારા પ્રાણોથી અધિક પ્રિય લાગવાથી મેં તેમની અહીં પ્રશંસા કરી છે.**

અમુક વર્ગ તેમને રૂપ, આકાર તેમજ નામ ભેદથી તેમની પ્રભુતાઈને ભજે છે તો તેમને જૈન દર્શન રૂપસ્થ ધ્યાન અને પિંડસ્થ ધ્યાન તરીકે ઓળખાવે

**છે. નરસિંહ મહેતાએ** કૃષ્ણને માથે મોરપીંછ - મુગટ - કાને કુંડલ - શરીર **પર** પીતાંબર રૂપે ભજેલા તો તેમને તે રૂપે પ્રભુએ દર્શન આપ્યા અને હવે **ભાવિમાં મોક્ષમાર્ગે** સહચર્ય આપશે.

ગા.૧ : મારું દિલ બંસીવાળા ઉપર લાગી રહ્યું છે, મને એ બંસીવાળો પ્રાણ પ્યારો છે કે જેણે મોરપીંછનો મુકુટ અને મગરની આકૃતિનાં કુંડળ ધારણ કર્યા છે અને પીળા સોનેરી રંગના પીતાંબર-અબોટિયા-વસ્ત્ર ધારણ કર્યા છે.

ગા.૨ : રાત્રિમાં જેમ જેમ ચંદ્રના પ્રકાશની ચાંદની ખીલે છે તેમ ચકોર આનંદ પામે છે અને બપૈયો વરસાદ વરસતો જોઈ આનંદ પામે છે તેમ મારુ દિલ બંસીવાળા ઉપર લાગ્યુ છે, નંદના લાડકવાયા પુત્ર કૃષ્ણ ઉપર લાગ્યુ છે. સમતાને પોતાના પ્રાણપ્રિય દુલારાના દર્શન પ્રાપ્ત થયા છે કે જે દર્શન કેવલજ્ઞાનના ઉદ્યોતને ઉજાળનાર છે એવું જાણીને દેવલોકમાં રહેલ ગંધર્વ દેવો તેમજ રંભા-ઉર્વસી વગેરે સમત્વ ગુણી સમતાના ગીત ગાન કરે છે તે ઉદ્યોતમય ગુણ ક્ષાયિક સમ્યક્ત્વ મારા આત્મામાં પ્રકાશે તે અર્થથી મેં કૃષ્ણજીના ગુણગાન કર્યા છે.

**જેનુ ચિત્ત જેમાં ચોંટે (લાગે છે) પછી તેને તેના સિવાય બીજુ કાંઈ દેખાતુ નથી. ભક્તને મન પ્રભુ એજ એનું સર્વસ્વ છે. એ પ્રભુને જે રૂપે ચિંતવે છે તે રુપે પ્રભુના તેને દર્શન થાય છે. પછી તે રુપ બંસીધરનું હોય કે પ્રશમ રસ નિમગ્ન વીતરાગનું હોય તેનો અહીં પ્રશ્ન નથી, એને પોતાને જે ઈષ્ટ હોય તેનામાં તે લીન થઈ શકે છે.**

મીરાંબાઈની ભકિત સર્વત્ર સગુણ બ્રહ્મસ્વરૂપે કૃષ્ણનેજ જોતી હતી. તુલસીદાસ સર્વત્ર રામમય જગતને જોતા હતા એમ અહીં આનંદઘનજીની ભકિત વ્યવહારથી કૃષ્ણને લાગુ પડે છે કારણ કે કૃષ્ણનું બાહ્ય રૂપ હાથમાં વાંસળી, માથા પર મોરનો મુગુટ, કાનો પર લટકતા કુંડળો અને શરીરે પીળું વસ્ત્ર છે તે સ્વરૂપની તેમને લગની લાગેલી છે પણ નિશ્ચયથી તો તેઓ કૃષ્ણ ક્ષાયિક સમકિતી છે અને ભાવિમાં તીર્થંકર થનાર છે માટે તેમના તે ગુણોની જ ભકિત છે. **સ્યાદ્‌વાદને પામેલ આત્મા સંપ્રદાય વાદી બનતો નથી તેથી એની વિશાળતા ચારે તરફ હોય છે. કોઈ પણ રૂપમાં રહેલ વ્યક્તિ હોય તે પ્રત્યેકમાંથી ગુણોજ જુવે છે અને જ્યારે પોતાના કરતા અધિક ગુણો બીજામાં દેખાય**

**ત્યારે તે ગુણો પોતાનામાં આવે તે હેતુથી તેઓ તેમની ભક્તિ પણ કરતા હોય છે.** તેઓનુ સાધ્ય (લક્ષ્ય) ગુણ પ્રાપ્તિનું હોય છે અને તેમની ભીતરમાં આ ભાવના રમતી હોય છે કે હું આવા ગુણવાળો ક્યારે બનું ? તે આદર્શને લક્ષ્યમાં રાખી વ્યવહારથી તેઓ સગુણ બ્રહ્મ સ્વરૂપે કૃષ્ણની પણ ભક્તિ કરેતો તેમને હરકત આવતી નથી કારણ કે ગુણ દોષનો વિવેક કરીને ગુણોને પકડવામાં અને દોષોને છોડવામાં તેમની દૃષ્ટિ વિશુદ્ધતાને ભજતી હોય છે. જ્ઞાની સમકિતિને મિથ્યાજ્ઞાન પણ સમ્યગ્રૂપે પરિણમતું હોય છે કેમકે દોષદૃષ્ટિ ચાલી ગઈ હોય છે અને ક્ષીરનીરભેદક સમ્યગ્ એવી વિવેકદૃષ્ટિ - ગુણદૃષ્ટિનો ઉઘાડ થયો હોય છે કે જેવી રીતે સ્વયં કૃષ્ણ મહારાજાએ ગંધાતી કૂતરીની લાશમાં પણ તેની મનોહર શ્વેત દંતપંક્તિ જોઈ. આ અભિગમ અનુભૂતિ સંપન્ન સમ્યક્ત્વી વિવેકી આત્માનો હોય છે જે આદરણીય છે પણ તે કક્ષાએ પહોંચીએ નહિ ત્યાં સુધી અનુકરણીય નથી. માટે જેઓમાં આવી વિવેક શક્તિની સૂક્ષ્મતા ન વર્તતી હોય તેઓ આવી રીતે ભક્તિ કરી શકે નહિ. તેમને માટે તો પોતાના દેવની ભક્તિ એજ સ્વીકાર્ય છે.

આનંદઘનજી બંસીવાલાને ઉદ્દેશીને પદ લખે નહિ એવી કલ્પના કરવી ઉચિત નથી. **આત્મસ્વરૂપમાં સદા રમમાણ મહાપુરુષોના હૃદય ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા હોય છે. એમનું મનોરાજ્ય અલૌકિક હોય છે. તેઓનો આશય આ રીતે કૃષ્ણની ભક્તિ કરવા દ્વારા પણ ધ્યેયની સ્પષ્ટતા કરવાનો અને ત્યાં અનન્ય ભાવ સ્થાપવાનો હોય છે, તેથી એ ભક્તિના બાહ્ય સ્વરૂપને અને ભક્તિના પાત્રને ગૌણ કરીને ધ્યાતા - ધ્યેય અને ધ્યાનની એકતા કરવા ઉપરજ લક્ષ્ય આપે છે. અંદરમાં પ્રકૃષ્ટ યોગબળ ન વર્તે તો આવા પદોની રચના થઈ શકે નહિ અને માનસિક રીતે અત્યંત નિરપેક્ષતા ન વર્તતી હોય તેમજ સત્ય શોધક સ્વભાવ પરાકાષ્ઠાએ ન પહોંચ્યો હોય ત્યાં સુધી આવા પદોને વાણીનો વિષય બનાવી શકાય નહિ. આનંદઘનજીના આ પદની રચના એમ બતાવે છે કે તેઓ જગતથી તદ્દન નિરપેક્ષ, નિઃસ્પૃહ, અલગારી, મસ્ત ફકીર હતા અને ચિંદાનંદની મસ્તીમાં મસ્ત હતા. આ તેઓની મસ્તી અને જગતથી અલિપ્તતા નિકટ મોક્ષને સૂચવે છે.**

卐

## પદ - ૫૪

### (રાગ - પ્રભાતી આશાવરી)

रातडी रमीने अहियांथी आविया ॥ ए देशी ॥

मूलडो थोडो भाई व्याजडो घणोरे, केम करी दीधोरे जाय ? ॥
तलपद पूंजी में आपी सघलीरे, तोहे व्याज पूरुं नवि थाय ॥ मू. ॥१॥

व्यापार भागो जलवट थलवटें रे, धीरे नहीं निसानी माय ॥
व्याज छोडावी कोई खंदा (कंधा),
परठवेरे, तो मूल आपुं सम खाय ॥ मू. ॥२॥

हाटडुं मांडुं रुडा माणक चोकमां रे, साजनीयानुं मनडुं मनाय ॥
आनन्दघन प्रभुशेठ शिरोमणि रे, बांहडी झालजो रे आय ॥ मू. ॥३॥

આ સંસારમાં જીવ કર્મસત્તાની નટખટવાળી ચોપાટની રમત ખેલી રહ્યો છે તેમાં એકબાજુ કપટી મોહમાયા તો બીજીબાજુ સરળ ગુણી નિષ્કપટી આત્માની સત્તા છે. આ રમતને કેમ ડહાપણથી રમવી તે માર્ગ તેઓને હાથમાં આવવાથી તે બતાવવા આ પદની રચના કરી રહ્યા છે.

**મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે.. કેમ કરી દીધો રે જાય... ૧.**

આ જીવ અનંતકાળથી સૂક્ષ્મ નિગોદ રૂપ અવ્યવહાર રાશિમાં હતો. અનંતાનંત પુદ્ગલ પરાવર્તકાળ તેનો ત્યાં પસાર થયો. ત્યાં તે એકેન્દ્રિય તરીકે હોવાથી તેને વ્યકત મન-દ્રવ્યમન ન હોવાથી તેમજ વચનયોગ પણ ન હોવાથી તેના આત્મા ઉપર લાગેલા મૂળ કર્મો બહુ થોડા હતા, પણ પછી ત્યાંથી બહાર નીકળીને વ્યવહાર રાશિમાં આવ્યો ત્યાં એક એક ઈન્દ્રિય વધતા અંતે પંચેન્દ્રિય પણુ પામ્યો અને તેમાં પણ મન મળ્યું પછી જીવે અજ્ઞાનભાવે મન-વચન-કાયાનો એવો વ્યાપાર શરૂ કર્યો કે કર્મો અનંત અનંત ગુણી સંખ્યામાં વધતાજ ગયા વધતાજ ગયા. એટલે અનાદિ નિગોદમાં મન અને વચન એ બે નહિ હોવાને કારણે તેમજ ઈન્દ્રિય પણ એકજ સ્પર્શેન્દ્રિય હોવાના કારણે કર્મબંધ બહુજ

થોડા પ્રમાણમાં હતો અને તેથી સત્તાગત કર્મોની મૂડી પણ અલ્પજ હતી તે મૂડીને આધારે જીવે વ્યાપાર કરતા અનંતગુણા કર્મો વધારી દીધા. જીવને અનાદિકાળથી આત્માના વિષયમાં અજ્ઞાન વર્તતુ હોવાથી તે દેહનેજ આત્મા માનીને જીવે છે. 'દેહ તે હું !' 'દેહના સગા તે મારા સગા !' 'દેહ સુખી તો હું સુખી !' 'દેહ નિરોગી તો હું નિરોગી !' આવી અવળી સમજથી જીવીને પ્રત્યેક ભવે ભવે તે કર્મનું દેવું વધારતોજ જાય છે. અવ્યવહાર રાશિમાં જેટલા કર્મોનું દેવું હતુ તે પણ ચૂકવવાની તાકાત જીવમાં નથી તો પછી આ વ્યાજરૂપે આત્મા પર ચડેલા અનંતગુણા કર્મો તો જીવ કેવી રીતે ચૂકવી શકે ?

**તલપદ પૂંજી મેં આપી સઘળી રે, તોયે વ્યાજ પુરૂં નવિ થાય...૧**

દરેક ભવે તે કર્મોનું દેવું ચૂકવવા મારી પાસે જે સઘળી મૂળ મૂડી હતી તે મેં આપી દીધી અર્થાત્ તે તે ભવમાં મળેલ મન, વચન, કાયાનો યોગ તે મારી મૂડી હતી તેના દ્વારા તે તે ભવમાં ઉદયમાં આવતા કર્મોને ખપાવવા મેં પ્રયત્ન કર્યો. મારી સઘળી શક્તિ કર્મોને ખપાવવા જોડી દીધી તો પણ મેં જેટલા કર્મો ખપાવ્યા તે એટલા હતા કે પૂરુ વ્યાજ પણ હું ચૂકવી શક્યો ન હતો.

**વ્યાપાર ભાગો જલવટ થલવટે રે, ધીરે નહિ નિસાની માય,**
**વ્યાજ છોડાવી કોઈ ખંધા પરઠવે રે, તો મૂલ આપુ સમખાય... ૨.**

લાભ અને નુકસાન, નફો કે તોટો આનો વેપાર વિશેષે કરીને દરિયાઈ (જલ) માર્ગે અને જમીન (સ્થલ) માર્ગે થાય છે. દેવગતિમાં જીવો સુખમાં જીવન વિતાવે છે અને નરકગતિમાં જીવો દુ:ખમાં જીવન વિતાવે છે. આ બે યોનિઓ સુખ અને દુ:ખ ભોગવવાની યોનિઓ છે એટલે અહિંયા વિશેષરૂપે નવા કર્મો ઉપાર્જન થતા નથી. બુદ્ધિના દુરુપયોગથી આત્મા વિશેષ રૂપે નવા અશુભ કર્મો બાંધે છે તે જ રીતે બુદ્ધિના સદુપયોગથી આત્મા વિશેષ રૂપે કર્મોને ખપાવે છે. દેવયોનિમાં સુખમાં લીનતા હોવાથી તેમજ નરકયોનિમાં દુ:ખમાંજ વ્યગ્રતા હોવાથી બુદ્ધિનો વિશેષ ઉપયોગ ત્યાં થઈ શકતો નથી એટલે જીવને બુદ્ધિપૂર્વકના કાર્યો તો તિર્યંચ અને મનુષ્યગતિમાંજ શક્ય બને છે. આ બંને

ગતિમાં જીવને મોટે ભાગે અજ્ઞાન વર્તતુ હોવાના કારણે જીવને અશુભ કર્મના **થોકના થોકજ** ઉભા થતા હોય છે એટલે ઉદયમાં આવીને જે જે કર્મો ખપે છે - **નીકળે છે તેની** અપેક્ષાએ અજ્ઞાનજનિત નવા કર્મનો બંધ એટલો બધો હોય **છે કે જેનો** સરવાળો કરવામાં આવે તો તે તે ભવની શરૂઆતમાં જે કર્મોનો જથ્થો હતો તે તેની તે ભવની સિલક હતી તે સિલક ભવના અંતે ઘણી બધી વધી ગયેલી હોય છે. એટલે દેવું ચુકવવાની વાત તો આમ બાજુ પર રહી પણ **દરેક** ભવના અંતે તે દેવું વધતુજ જાય છે.

**આત્માનુ અજ્ઞાન હોવાના કારણે જીવને દરેક ભવે જે જે સંયોગો મળે છે તે સાચા લાગે છે અને તેથી તે સંયોગોને પોતાના માની તેમાં રાગ દ્વેષથી ચોંટી જાય છે જેથી સમયે સમયે અનંતી કાર્મણ વર્ગણાઓ કર્મરૂપે પરિણમાવી આત્મા સાથે ચોંટાડે છે અને આમ તે વધુ ને વધુ દેવાદાર બનતો જાય છે.**

આવી પરિસ્થિતિમાંથી જીવને કોણ છોડાવે ? સંસારની રચનાજ આવી અજબગજબની વિચિત્રતાથી ભરેલી છે. સંસારની આંટીઘૂંટીઓ, ભૂલભૂલામણી વાળી છે જે ભલભલા જીવને પણ થાપ ખવડાવે તેવી છે. જ્યાં જીવ આવો દેવાળિયો જ વહેપાર કરતો હોય ત્યાં તેને નવુ ધીરે પણ કોણ ? અને સાક્ષી આપવા પણ કોણ તૈયાર થાય ? નિશાની એટલે સાક્ષી તરીકે પોતાની જામીન આપી ગુનેગારીમાંથી છોડાવવા સહીં પણ કોણ કરે ?

હવે તો વ્યાજ લેવું જતું કરીને કોઈ ખંધા એટલે કે ખાંધા કે કાંધા કરાવી (હફતા બંધાવી) આપે તો હું સોગન ખાઈને કહું છું કે મૂળ રકમ ચૂકવી દઉં. **વ્યાજ લેવું છોડી દે એટલે કે વિરતિભાવ મને કોઈ સ્પર્શાવી દે તો નવો કર્મબંધ થાય નહિ અને જે અંદરમાં જુના કર્મો પડ્યા છે તે વિરતિના ભાવથી ધીમે ધીમે નીકળવા માંડે.** ક્રમ પ્રાપ્ત વિરતિના માર્ગમાં આ રીતેજ અંદરમાં રહેલ કર્મો ધીરે ધીરે ખાલી કરી શકાય છે. એમાં સડસડાટ ઉપર ચડી જવાતુ નથી અને બહુલતાએ જીવો આજ રીતે ક્રમસર આગળ વધીને મોક્ષે જાય છે.

અનાદિકાલીન નરક નિગોદના ભયંકર દુ:ખોથી છુટવા આનંદઘનજીનો આત્મા પોતાનાજ ભગવાન આત્માના સમ ખાવા તૈયાર થાય છે છતાં તેમની

વચ્ચે કોઈ સાક્ષી રહેવા તૈયાર નથી. આત્મા અનાદિકાળથી રત્નત્રયીના ભાવોને દગો આપીને જીવ્યો છે તેથી તેને નરક-તિર્યંચ જેવી માઠી ગતિઓમાં અનંતકાળ જવું પડ્યું છે. જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામથી વિપરીત અઢાર પાપ સ્થાનકના ભાવોજ જીવે કર્યા છે તેથી વિરતિના પરિણામ તેના આત્મામાં રીસાઈ ગયા છે, તે પ્રગટ થવા તૈયાર નથી. ક્રમ પ્રાપ્ત માર્ગ એટલે આત્મા દુર્જન અને વિલાસી મટી પહેલા માનવ બને પછી સજ્જન બને પછી અનાસક્ત બને પછી દેશથી વિરતિવાળો એટલે દેશત્યાગી અને પછી સર્વત્યાગી બને. માટે પ્રભુ શાસન આપણને સમજાવે છે કે હે જીવ ! તું ક્યારે પણ દેવ, ગુરુ, ધર્મ અને કલ્યાણ મિત્રની આશાતના કરીશ નહિ તેમજ જ્ઞાન-દર્શન-ચારિત્રને દગો આપીશ નહિ. તું હંમેશા બહારથી મહાવ્રત કે અણુવ્રતોનું શક્તિ મુજબ પાલન કરતો રહેજે તેમજ અંદરથી તારા આત્માને સમતાના ઘરમાં રાખજે કે જેથી તારે નરક નિગોદ જેવી ગતિઓમાં જવુ પડશે નહિ અને ટૂંક સમયમાં તુ કર્મનું દેવું ચૂકવીને મોક્ષે જતો રહીશ.

**હાટડુ માંડુ રે રુડા માણેક ચોકમાં રે, સાજનીઆનું મનડુ મનાય,**
**આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે, બાંહડી ઝાલજો રે આય. ૩.**

પૂર્વજન્મોમાં કરેલા કર્મોની યાદ દેવડાવતા આનંદઘનજી કહે છે કે - બીજાના દુઃખને દેખીને તેના ઉપર દયા આણનાર આ સંસારમાં પરમાત્મા સિવાય બીજુ કોઈ નથી તેમજ બાવડું પકડીને હિંમત આપવા રૂપ સહાય કરનાર પણ બીજુ કોઈ નથી કારણ કે સંસારી જીવો કર્મોના માર ખાઈ ખાઈને હતાશ થઈ ગયેલા છે તો તેઓ બીજાને કેવી રીતે મદદરૂપ થાય ?

પ્રભુના સાચા ભક્ત કેવા હોય તે માટે નરસિંહ મહેતા લખે છે કે **"પર દુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે...."**

**મહારાજા આનંદઘનજી જગતના જીવોને સમજણ આપે છે કે તમને દુઃખ મુક્તિમાં મદદ કરનાર બીજા ઉપર કરેલ પરોપકાર રૂપ જે દયા ધર્મ છે તેજ તમને મિત્ર બનીને સહાય કરવા દોડી આવશે. માટે હે જીવ ! તું જે કાંઈ પુણ્ય કરણી કરે તે અહંકાર રહિત બનીને કરજે જેથી તે પુણ્યજ ખરે**

**ક્ષણે તારી લાજને સાચવશે. જો નિ:સ્વાર્થભાવે જીવ પરોપકાર નહિ કરે તો તારો આત્મા પરમાત્મા બનીને અણીના સમયે તને દુ:ખમાંથી ઉગારશે નહિ.**

કર્મોના માર ખાઈ ખાઈને જગતના જીવો કમરથી બેવડા વળી ગયા છે, તેમાંથી ઉભા થવાની શકિત તેનામાં રહી નથી. કયા ક્ષેત્રમાં ધર્મનો વેપાર કરવા અર્થે હાટડી યા દુકાન માંડવી તેનો વિચાર આનંદઘનજી કરી રહ્યા છે. તેઓના સમયમાં મુંબઈ નામની કોઈ નગરીજ ન હતી. ફકત બેટ હતો. કાલબાદેવી પર મુંબાદેવીનું એક નાનુશુ મંદિર હતું અને ત્યાં સુધી દરિયો હતો. તે સમયમાં અમદાવાદ નગરના મધ્યભાગમાં માણેકચોક આવેલું તે ચોકમાં સોના, ચાંદી, હીરા, માણેક, મોતીના આભુષણો બનાવનાર ચોકસીઓ હતા અને તેઓ દાગીનાની લે-વેચ કરતા હતા. તેનુ દષ્ટાંત આપી આત્માનીઅંદર રહેલ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નોને કેવી રીતે બહાર લાવવા તેની વિચારણા અત્રે કરવામાં આવી છે.

વેપાર કરવાના મૂળ સાતજ તત્ત્વો જ્ઞાનીઓએ જોયા છે. પુણ્ય પાપને પાછળથી ગોઠવી નવ તત્ત્વો બનાવવામાં આવ્યા છે. **સાત તત્ત્વોની વચ્ચે રૂડી ભાવનાવાળો પુન્યાનુબંધી પુણ્યની પ્રકૃતિવાળો સંવરતત્ત્વ આવેલો છે. તે તત્ત્વમાં કેવળ પરોપકારનાજ ભાવ ભર્યા છે. જે સંવરતત્ત્વ પાપ ભાવ ઉપર બ્રેક લગાવી જીવને સુકૃતની કરણી પર લાવનાર છે. બસ આ ક્ષેત્ર ઉપરજ પેઢી ખોલવી અને આત્મિક રત્નોનો વેપાર કરવો એવા ભાવ તેઓને પ્રગટ્યા છે.** યોગીરાજનું જીવન તો પહેલેથીજ સંવરમય બનેલુ હતું પણ સાજનીયાનું મનડું મનાવવા - સજ્જન પુરુષોના મનને સમજાવવા - જગતના સાધુ પુરુષોનું હિત કરવા તેઓએ આ માર્ગ પ્રકાશ્યો છે. આનુ નામજ પરોપકાર કરવાની રૂડી ભાવના. આવી ભાવનાથી કરેલ પરોપકારજ જીવને તારનાર છે. તેઓ કહે છે કે હે પ્રભુ ! હે આનંદનઘનનાથ ! મેં આપના ચરણે મારું જીવન સોંપ્યુ છે. આપ મારા પર કૃપા કરો અને મારું બાવડું ઝાલીને - હિંમત આપીને મને બેઠો કરો.

અર્થાત્ હે પ્રભુ ! સમયે સમયે મારા આત્મામાં નિર્મળપ્રજ્ઞાનો પ્રવાહ

વહેતો રહે જેથી પરોપકાર સહજ થતો રહે. કર્મોનું દેવુ ચુકવાતુ જાય અને તે દ્વારા પરમ પદને પામું. એજ સંસારસાગર તરવા માટે આશ્રવ તત્ત્વોનો વહેપાર બંધ કરવા અને સંવરતત્ત્વનો વેપાર કરવા તેઓશ્રી જણાવે છે. સંવરતત્ત્વના વેપારથીજ સંસારનો અંત લાવી શકાય છે બીજી કોઈ રીતે નહિ.

કલિકાલસર્વજ્ઞ પણ વીતરાગ સ્તોત્રમાં : "आश्रवो सर्वथा हेय उपादेयश्च संवर" - એ દ્વારા સંવરતત્ત્વની ઉપાદેયતા જણાવે છે.

卐

*દૂધ ધોળું અને કોલસો કાળો એવું કેવળીને પણ દેખાય પરંતુ ધોળું દૂધ સારું અને કાળો એવો કોલસો ખરાબ એવાં ભેદ સંસારી જીવ પાડે છે તે તેની રાગદશા છે.*

★

*મિથ્યાત્વીને બધી વિરાધના જ હોય છે. સિવાય કે દાન-શીલ-તપધર્મની આરાધના પૂરતી જે સીમિત આરાધના થાય. બાકી સમ્યગ્દષ્ટિને પાપ કરે તેટલી વિરાધના સિવાયની બધી આરાધના હોય છે.*

★

*પોતાના સ્વરૂપને ભૂલીને અજ્ઞાની જે કાંઈ કરે તેનો કેસ ભવિતવ્યતાને સોંપાય, જ્યારે જે સ્વરૂપનું લક્ષ રાખી જ્ઞાની બની સ્વરૂપ તરફ ઢળે છે તેને ભવિતવ્યતા સાનુકૂળ થઈ મોક્ષ તરફ લઈ જાય છે.*

# પદ - ૫૫

## (રાગ - ધન્યાશ્રી)

**चेतन** आपा कैसे लहोइ. चेतन ।
सत्ता एक अखंड अबाधित, इह सिद्धान्त पख जोइ ॥ चेतन ॥१॥

**अन्वय** अरु व्यतिरेक हेतुको, समज रूप भ्रम खोइ ।
आरोपित सर्व धर्म औरहे, आनन्दघन तत सोई ॥ चेतन ॥२॥

**ચેતન! આપા કૈસે લહોઈ ચેતન.**
**સત્તા એક અખંડ અબાધિત, ઈહ સિદ્ધાંત પખ જોઈ. ૧.**

આનંદઘનજી મહારાજા જ્ઞાનગુણી ચેતનને પ્રશ્ન પૂછે છે કે હે પ્રભો ! **મારો** આત્મા કે જે પરમાત્મ સ્વરૂપ છે તેની સાથેનો સંબંધ તુટી ગયેલો છે તો તેને કઈ રીતે પ્રાપ્ત કરવો ? તેનો ઉત્તર પરમ પ્રભુ પરમાત્મા આપી રહ્યા છે કે દરેક આત્મા સિદ્ધાંતના અભિપ્રાયથી જોતાં અખંડ સત્તાનો માલિક છે. વળી તે સકળ આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત છે કે જેને કોઈ પીડા-બાધા-ગ્રહો-નડતરો વગેરે નડતા ન હોવાથી તે અવિભાજ્ય - અબાધિત સ્વતંત્ર સત્તાનો માલિક છે. બંધાવાની અને છુટવાની બંને શક્તિઓ તેનામાં રહેલી છે. જો પોતે પોતાના, ગુણોમાં રહી રમણતા કરે તો કોઈ શકિત તેને બાંધી શકતી નથી અને જો પોતે પોતાની મર્યાદા ચૂકીને પરભાવમાં જાય - પર સત્તામાં પ્રવેશ કરે તો પોતાની શક્તિને વિકૃત કરીને કર્મથી બંધાય છે. પોતાની જ્ઞાન સત્તામાં રહેવું - સમભાવમાં રહેવુ તે પોતાની શકિતનો સદુપયોગ છે અને પોતાના જ્ઞાન ગુણને ભૂલી પરદ્રવ્યમાં - પુદ્ગલભાવમાં પોતાનો હક જમાવવો, પોતાનો અધિકાર સ્થાપિત કરવો તે શક્તિનો દુરુપયોગ છે. શક્તિનો સદુપયોગ કરવાથી તે કર્મના બંધનથી છુટે છે અને શક્તિનો દુરુપયોગ કરવાથી તે કર્મના બંધનથી બંધાય છે. **શક્તિનો સદુપયોગ કરવાથી આખુ જગત તેનુ મિત્ર બને છે અને તેનાથી પોતાનુ પ્રેમ સ્વરૂપ - વીતરાગ સ્વરૂપ ધીમે ધીમે ખૂલે છે.**

અન્વય - અરૂ વ્યતિરેક હેતુ કો - સમજ રૂપ ભ્રમ ખોઈ
આરોપિત સર્વ ધર્મ ઔર હૈ - આંનદઘન તત સોઈ - ચેતન... ૨.

જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે આ અન્વય હેતુ છે. જ્યાં જ્યાં જ્ઞાન નથી ત્યાં ત્યાં આત્મા નથી આ વ્યતિરેક હેતુ છે. અન્વય હેતુ એ હકારાત્મક પદ્ધતિ છે, જ્યારે વ્યતિરેક હેતુ એ નકારાત્મક પદ્ધતિ છે. આ બંને પદ્ધતિ દ્વારા આત્મસ્વરૂપના શ્રદ્ધાનને દઢ કરીને અનાદિકાળથી જીવને જે દેહમાં આત્મબુદ્ધિનો ભ્રમ થઈ ગયો છે, તે ભ્રમનો નાશ કરવાનો છે. આત્મા એ દેહની અંદર રહેલો છે પણ તે દેહ સ્વરૂપ નથી, પરંતુ દેહથી તદ્દન જુદો છે. **દેહ અને આત્મા બંને એકમેક થયા છે પણ એકરૂપ નથી બન્યા.** દૂધ-પાણી ભેગાં થયાં છે પણ દૂધ કાંઈ પાણી કે પછી પાણી કાંઈ દૂધ નથી બની ગયું. ભેગાં થયેલાંને જુદા પાડી શકાય છે, પણ એકરૂપ તે તદ્‌રૂપ થયાં હોય તેને જુદા પાડી શકાતા નથી. દેહના ધર્મો અને આત્માના ધર્મો તદ્દન જુદા છે. દેહ જડ છે, વિનાશી છે, સુખ-દુ:ખાદિ વેદનના અભાવવાળો છે. જ્યારે આત્મ ચેતન છે, અવિનાશી છે, જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. જ્ઞાન અને આનંદ એ આત્માના ગુણો છે પણ દેહના નથી. આ શ્રદ્ધા દઢ થાય તો ચેતન એવા આત્માએ જે વિનાશી પદાર્થો માટે દોટ મૂકી, જે પોતાનો વિનાશ નોતર્યો છે તેનો અંત આવે. ''મારું સુખ મારા પોતાનામાંજ છે પણ પરમાં ક્યાંય તે શોધ્યુ જડે તેમ નથી'', આ શ્રદ્ધાના અભાવે જીવે અનંતકાળથી પરમાંથી સુખ શોધવા પ્રયત્ન કર્યો છે અને તેમ કરવા જતાં તે પરમાંથી સુખ તો મેળવી શક્યો નથી પણ અનંતી પાપરાશિ એકત્રિત કરી તે દુ:ખમાંજ સબડ્યો છે.

**મિથ્યાત્વ એ ભયંકર કોટિનું શલ્ય છે જેણે આત્માની સમજણ શક્તિનો નાશ કરી મતિમાં ભ્રમ પેદા કરી દીધો છે. તેણે ધર્મ તત્ત્વને ખંડિત કર્યું છે. આત્માનો શુદ્ધ ઉપયોગ કે જે સમતા-સમાધિ સ્વરૂપ છે તેજ વાસ્તવિક ધર્મ છે જે તેણે ભૂલાવી દીધો અને ધર્મની ક્રિયાઓ અને તેના દ્વારા ઉત્પન્ન થતાં શુભભાવો કે જે અધ્યાત્મ શૈલીમાં આરોપિત ધર્મ કહેવામાં આવ્યા છે તેમાંજ ધર્મ મનાવી દીધો છે. જેટલી જેટલી શુભક્રિયાઓ અને શુભભાવો છે તે બધા આરોપિત ધર્મ એટલા માટે છે કે વ્યવહારનય તેને ધર્મ તરીકે સ્વીકારે**

છે પણ તેના દ્વારા પુણ્યબંધ થાય છે અને તે જીવને સદ્‌ગતિ આપે છે પરંતુ તે મોક્ષ આપવા સમર્થ નથી.

અહિંયા તો ધર્મ અને અધર્મ વચ્ચેનું યુદ્ધ ચાલી રહ્યું છે. જ્યાં આત્મા પોતાના આત્મઘર સમતા - સમાધિમાં રહે તેટલો જ તાત્ત્વિક અને વાસ્તવિક ધર્મ છે, બાકી લક્ષ્મી અને બાહ્યસાધન વડે કરાતો ધર્મ, એ ભેદ સ્વરૂપ છે અને તેથી જ તે આરોપિત છે. આત્મા પોતે અભેદ સ્વરૂપ છે, નિર્વિકલ્પ જ્ઞાન - આનંદ સ્વરૂપ છે, એ અભેદ ને જે સાધે તે વાસ્તવિક ધર્મ કહેવાય અને જે અભેદને ન સાધતા જ્યાં વિકલ્પની શુભભાવનીજ મુખ્યતા રહે તે આરોપિત ધર્મ કહેવાય.

આનંદઘન તત સોઈ = આત્મ તત્ત્વને ચાહનારા અને સત્ તત્ત્વના શોધકને આરોપિત ધર્મો પ્રત્યે રાગ કે દ્વેષ કશું નથી હોતું. તેઓને એક માત્ર વીતરાગ ધર્મ જ પ્રિય હોવાથી તેનેજ તેઓ સાધે છે. આનંદઘનજી પણ તેવા આનંદઘન સ્વરૂપ નિરૂપચરિત ધર્મને સાધી રહ્યા છે.

卐

*મારું માનીને ઉચિત વર્તન નહિ કરીએ તો દુર્ગતિનો માર્ગ છે. મારું માનીને ઉચિત વર્તન કરીએ તે સદ્‌ગતિનો માર્ગ છે. ઉચિત વર્તન કરીએ પણ મારું ન માનીએ તે પરમગતિનો મોક્ષમાર્ગ છે.*

★

*જ્ઞાન નિર્વિકારી બની નિર્વિકલ્પ થાય તો આત્મા નિર્વિકલ્પદશામાં પરમાત્મ સ્વરૂપની આંશિક અનુભૂતિને આસ્વાદે.*

आतम अनुभव रीति वरीरी. आतम० ।।

मोर बनाए निजरूप निरूपम. तिच्छन रुचिकर तेग धरीही ।।आतम०।।१।।

टोप सन्नाह शूरको बानो. एक तारी चौरी पहिरीरी;

सत्ता थल में मोह विदारत. ऐऐ सूरिजन मुह निसरीरी ।।आतम०।।२।।

केवल कमला अपच्छरसुंदर. गान करेरस रंग भरीरी;

जीत निशान बजाइ बिराजे. आनन्दघन सर्वंग धरीरी ।।आतम०।।३।।



आतम अनुभव रीति वरीरी. आतम० ॥

मोर बनाए निजरूप निरूपम,
तिच्छन रुचिकर तेग धरीही ॥ आतम० ॥१॥

टोप सन्नाह शूरको बानो,
एक तारी चौरी पहिरीरी;
सत्ता थल में मोह विदारत,
ऐऐ सूरिजन मुह निसरीरी ॥ आतम० ॥२॥

केवल कमला अपच्छरसुंदर,
गान करेरस रंग भरीरी;
जीत निशान बजाइ बिराजे,
आनन्दघन सर्वंग धरीरी ॥ आतम० ॥३॥



# પદ - ૫૯

(રાગ - ધન્યાશ્રી)

बालुडी अबला जोर किश्युं करे, पिउडो परघर जाय ।
पूरवदिसि पश्चिम दिशि रातडो, रवि अस्तंगत थाय ॥ बालुडी ॥१॥

पूनमससीसम चेतन जाणिये, चन्द्रतप सम भाण ।
बादलभर जिम दलथिति आणीये, प्रकृति अनावृत जाण. ॥ बालुडी. ॥२॥

परघर भमतां स्वाद कियो लहे, तन धन यौवन हाण ।
दिनदिन दीसे अपयस वाधतो, निजजन न माने केण ॥ बालुडी. ॥३॥

कुलवट छांडी अवटऊवट पडे, मन मेहुवाने घाट ।
आंधो आंधो मिले बे जण, कोण देखाडे वाट ॥ बालुडी. ॥४॥

बन्धु विवेके पिउडो बुजव्यो, वार्यो परघर संग ।
आनन्दघन समता घर आणे, वाधे नवनय रंग. ॥ बालुडी. ॥५॥

કહ્યું છે કે **'સંસાર સપના, કોઈ નહિ અપના'**. સંસાર પણ ખુલ્લી આંખનું જીવન ભરનું સ્વપ્નુંજ છે. ચેતન જેવો ચેતન જ્યારે પોતાના આત્મઘરમાં ન રહેતાં આત્મઘરની બહાર નીકળી જડનો સંગી બને છે, પુદ્‌ગલનો પ્રેમી બને છે, ત્યારે જીવોની જે દશા હોય છે, તે દશાનું વર્ણન યોગીરાજે આ પદમાં કર્યું છે. પ્રમાદ એ સાધના જીવનનો ઘણો કાળ ખાઈ જાય છે.

**બાલુડી અબળા જોર કીશ્યું કરે, પિઉડો પરઘર જાય,**
**પૂરવ દિસિ, પશ્ચિમ દિસિ રાતડો, રવિ અસ્તંગત થાય.. બાલુડી..૧.**

બાલુડીની ઉપમા સુમતિ સાથે ઘટાવી છે કે જે હજુ બાલ્યાવસ્થામાં છે, અપરિપકવ દશામાં છે. આત્મા જ્યારે મિથ્યાત્વ અને અવિરતિની મોહ નિદ્રામાં ઘોરતો હોય છે ત્યારની અવસ્થાને શાસ્ત્રોમાં બહુશયન અને શયન તરીકે ઓળખાવી છે. મિથ્યાત્વને બહુશયન અને અવિરત સમ્યગ્દૃષ્ટિને શયન સાથે

ઘટાવે છે.

જો કે સમ્યગ્દૃષ્ટિ આત્માં સ્વમાં જાગૃત હોય છે પણ અવિરતિની અપેક્ષાએ તે ગુણઠાણે શયન અવસ્થા કહી છે. સમજમાંથી પ્રમાદ નીકળી ગયો છે છતાં આચરણામાં પ્રમાદ રહ્યો છે તેથી તે રૂપ પ્રમાદની અપેક્ષાએ શયન અવસ્થા કહી છે. એની દશા જાગતો પથારીમાં પડી રહેલાના જેવી છે.

જે સ્ત્રીનો પતિ પારકે ઘેર ભટકતો હોય તેવી નારીને અબળાની ઉપમા આપીને પહેલે તેમજ ચોથે ગુણઠાણે રહેલ ચેતનાને અહીં સ્પષ્ટ ચેતવણી આપી છે. તેમજ ચોથે ગુણઠાણે સુમતિનું જોર અલ્પ છે. કુમતિનુજ જોર ચાલે છે કારણ કે પતિ વિભાવભાવોમાં રમ્યા કરે છે. એને વિભાવમાં એટલો આનંદ આવે છે કે એ પોતાનું ઘર જ ભૂલી ગયો છે. આવા પતિ ચેતન ઉપર સુમતિ રૂપ પત્નીનું જોર પણ શું ચાલે ?

**ઉગવાની અને આથમવાની દિશા એક સરખી હોતી નથી. પૂર્વ દિશામાં ઉગેલો સૂર્ય આથમે છે ત્યારે તે દિશા પશ્ચિમ હોય છે. ઉગવું અને આથમવું એ એક જાતના વ્યવસ્થિતને આધીન હોઈ તે મનુષ્યને નિયમબદ્ધ જીવન જીવવા પ્રેરે છે. કુદરતની જે જે પ્રાકૃતિક રચનાઓ ઘડાયેલી છે તે બધી વ્યવસ્થિત અને નિયમબદ્ધ છે, તે માનવીને ચેતવે છે કે તને જે માનવ જીવન મળ્યું છે, તે ખાઈ-પીને મોજમઝા કરવા માટે કે અન્યોના પ્રાણને હરણ કરવા માટે નથી મળ્યું પરંતુ તું પોતે પણ સુખ, શાંતિ, સમાધિથી જીવે અને બીજાને પણ તે રીતે જીવવા દે તે માટે મળ્યું છે. 'જીવો અને જીવવા દો'** - Live & Let Live **એ મનુષ્યનો જીવનમંત્ર હોવો જોઈએ. આનાથી વિપરીત જીવન જીવનારો ધર્મના નામે દંભ ઉભો કરી પોતાના માનસને ક્રુર અને રાક્ષસી બનાવે છે. દિવસે મળતો સૂર્યનો પ્રકાશ માનવીને સત્કાર્ય કરવા પ્રેરે છે. પૂર્વ દિશામાં ઉગતો સૂર્ય જગતના જીવોને જીવવા માટેનો માર્ગ દેખાડનાર એક દિશા યંત્ર છે અને શશી (ચંદ્ર) વિનાની રાતડી અંધકાર પૂર્ણ હોઈ માનવીને દિશા શૂન્ય બનાવી ભટકાવી મારે છે. જેટલા ક્રુર, રાક્ષસી, અધમ કાર્યો થાય છે તે મોટે ભાગે રાત્રે થાય છે અને અંધારામાં થાય છે.**

**સૂર્યના ઉગવા અને અસ્ત થવા રૂપ પ્રસંગથી જ્ઞાની પુરુષો જીવને ચેતવે છે કે હે જીવ ! માનવ જીવન એ સૂર્યના પ્રકાશ જેવું છે, તો તેને તું સત્કાર્યથી ભરી દે કે જેથી તે પુરુ થાય તો પણ તારે પસ્તાવુ ના પડે અને ફરીથી પાછી તને પ્રકાશ પૂર્ણ શ્રેષ્ઠ જીવન જીવવાની તક મળ્યા કરે.**

**ચેતન પૂર્વ દિશાના સૂર્ય સમાન છે. તેનામાં ઝળહળતુ તેજ છે પણ તેજ ચેતન જ્યારે પશ્ચિમદિશા રૂપ પર ઘરમાં આસક્ત થાય તો તેનું તેજ હાનિ પામે - અસ્ત પામે, તેમાં બિચારી સુમતિ શું કરી શકે ? પોતાના સ્વભાવમાં રહેવું તે પૂર્વ દિશાના સૂર્ય સમાન છે અને તેમાંથી બહાર નીકળી વિભાવભાવોમાં રખડવું તે પશ્ચિમ દિશાના સૂર્ય સમાન છે. વિભાવભાવોમાં રખડનારને ઘોર અંધકારની રાત્રિ જેવી નરક-તિર્યંચ ગતિઓમાં ભટકવું પડે છે પરંતુ જે નિરંતર આત્મભાવમાં રહે છે તે દેવ અને મુનુજગતિ જેવી સદ્‌ગતિને પામીને આત્મવિકાસ સાધે છે.**

પૂનમ નિશિ સમ ચેતન જાણીએ, ચંદ્રાતપ સમ ભાણ (નાણ),
બાદલભર જિમ દલથિતિ આણીએ, પ્રકૃતિ અનાવૃત જાણ... ૨.

પૂર્ણિમાના ચંદ્ર જેવો નિર્મળ ચેતન જાણો અને ચંદ્રના પ્રકાશ જેવો તેનો જ્ઞાનપ્રકાશ જાણો. વાદળાના સમુહ જેવી કર્મદલિકની સ્થિતિ જાણો અને પ્રકૃતિ એટલે મૂળ સ્વભાવે ચેતન આવરણ વગરનો છે એમ જાણવું.

**આત્માની અનંત શક્તિ છે તેમાં એક ચિતિ શક્તિ છે, જે ચૈતન્ય શક્તિ છે, તે આત્માને શીતલતા આપનાર છે. સૂર્યનો પ્રકાશ જેમ ઉષ્ણ હોય છે તેમ આત્માનો જ્ઞાન પ્રકાશ ઉષ્ણ નથી હોતો પણ શીતલ હોય છે. આત્માના બધાજ ગુણો આત્માને આનંદ આપનાર છે. એક એક ગુણમાંથી અનંત આનંદ આવે છે. તેવા અનંતાગુણો હોવાથી એક સાથે અનંત અનંત આનંદ સિદ્ધ ભગવંતો અનુભવી રહ્યા છે.**

જેમ પ્રકાશ વગરના ચંદ્રમાની કલ્પના અશક્ય છે તેમ જ્ઞાન વગરના આત્માની કલ્પના થઈ શકતી નથી. સ્વભાવથી નહિ ઢંકાયેલો હોવા છતાં વર્તમાન કાળે કર્મથી તે જ્ઞાનપ્રકાશ આવૃત થયેલો છે. શુદ્ધ જ્ઞાન પ્રકાશ અત્યારે

વિભાવ ભાવમાં આવી સંસારમાં રખડતો બન્યો છે. ચેતનની જે આવી દશા થઈ છે તે ચેતનાની સખી સુમતિ યાદ કરી રહી છે પણ તેનું કાંઈ ઉપજે તેમ નથી. અહિંયા ચેતન એવો આત્મા તેની પત્ની ચેતના અને તેની સખી કુમતિ ત્રણે ઐક્યભાવને પામેલા છે તે યાદ રાખવાનુ છે.

ગાથા - ૨માં (ચંદ્રાતપ સમ ભાણ.... આત્માનું જ્ઞાન સ્વરૂપ દર્પણ તુલ્ય છે અને તે ચંદ્ર પ્રકાશની જેમ શીતલ છે. સૂર્યના પ્રકાશને જ્યારે તે ઝીલે છે ત્યારે તેના પડછાયા રૂપ પ્રતિછાયામાં સૂર્ય જેવી આતાપના નથી હોતી કારણ શીતળતા એ આત્માનો ગુણ છે. સૂર્યના વિમાનો સ્ફટિક રત્નો કે જે પૃથ્વીકાય છે તેના બનેલા છે તેમાં આતાપના ઉપજાવે તેવો આતપ નામ કર્મોનો ઉદય હોવાથી ઋતુ ઋતુ પ્રમાણે તે આતાપ આપે છે. ચેતન એવા આત્મામાં દાહ-પીડા કે આતાપના ઉપજાવે તેવો કોઈજ ગુણ નથી માટે સૂર્યના પ્રકાશની હાજરીમાં તેના પ્રકાશને ઝીલતા માત્ર પડછાયો પડે છે જેમાં આતાપના હોતી નથી.)

બાદલભર જિમ દલથિતિ આણીયે - પ્રકૃત્તિ અનાવૃત જાણ.... ૨

**જેમ સૂર્યના ઉદય અને અસ્ત કુદરતના નિયમ પ્રમાણે ચાલ્યા કરે છે તેમ જીવને જન્મ અને મરણ પણ કર્મના નિયમ પ્રમાણે કરવા પડે છે. સૂર્ય પ્રકાશની ગરમીથી દરિયાના ખારા પાણીનું બાષ્પિભવન થવાની ક્રિયા નજરે ચડતી નથી છતાં તે ક્રિયા સમયે સમયે થઈ રહી છે. સૂર્યની હાજરીમાં પાણીની વરાળ થઈ વાદળા બંધાય છે, તે વાદળા બંધાયેલા જોઈ શકાય છે અને તેજ વાદળાઓ પાછા બુંદ બુંદ રૂપે વરસીને ખારા જલનું મીઠા પાણીમાં રૂપાંતર થઈ ધરતીની પ્યાસને તૃપ્ત કરે છે. વાદળા રૂપે જ્યારે બંધાયા ત્યારે તેમાં પાણી આવૃત હતુ અને તેજ વાદળા જ્યારે વરસે છે ત્યારે તે પાણી અનાવૃત થાય છે. આમ કુદરતના તંત્રમાં અનાવૃતને આવૃતનું ચક્ર અવિરતપણે ચાલ્યા કરે છે તેમ જીવમાં પણ પુણ્ય અને પાપ પ્રકૃતિના બંધ અને ઉદય ચાલ્યા કરે છે. પૂર્વમાં બાંધેલા કર્મો પ્રતિ સમયે વર્તમાનમાં ઉદય પામી ખરી રહ્યા છે તો પ્રતિ સમયે નવા નવા કર્મો બંધાઈ પણ રહ્યા છે. આવી રીતે જેમ**

**વિશ્વમાં સૂર્યના ઉદય અને અસ્ત નિયમિત દેખાય છે, જગતના જીવોમાં જન્મ અને મરણ જેમ દેખાય છે, તેમ આત્મ પ્રદેશો પર કર્મ પરમાણુઓનું આવૃત-અનાવૃત થવા રૂપ સૂક્ષ્મ ક્રિયા પ્રતિ સમય થઈ રહી છે. આત્માને સમતાના ઘરમાં લાવનાર સમતાનો ભાઈ વિવેક છે. તે વિવેકને પામીને ચેતન જો પોતાની જ્ઞાન દૃષ્ટિને સૂક્ષ્મ કરે અને પોતાના તરફ વાળે તો તે ઉન્માર્ગમાંથી સન્માર્ગ તરફ આવે અને અંતે સ્વરૂપક્રિયાને તીવ્ર બનાવી દુ:ખનો અંત કરે.**

ચેતન આજ સુધી વિવેકી બનીને જીવ્યો નથી અને પોતાની વિવેકદષ્ટિને સૂક્ષ્મ બનાવી નથી, તેને કારણે પરઘરમાં ભમતા તેના કેવા હાલ થયા છે તેનું વર્ણન હવે ગાથા ૩માં કરે છે.

**પર ઘર ભમતાં સ્વાદ કિશો લહે, તન ધન યૌવન હાણ,**
**દિન દિન દીસે અપયશ વાધતો, નિજ જન ન માને કાંણ.. બાલુડી..૩**

ચેતનાની સખી સુમતિ વિચારી રહી છે કે મારા સ્વામી પરભાવમાં રમણ કરે છે, સ્થૂલ એવા ઈન્દ્રિયસુખોમાં મોજ માણે છે પણ તેમાં શું સ્વાદ માણવાનો ? એમાં આનંદ શું ? મોટાઈ શી ?

ખરી રીતે જોતાં તો એમાં એના શરીરની, પૈસાની, યુવાનીની હાનિ થાય છે. પરભાવમાં રમણતાં કરવાથી તેમનો અપયશ દિવસે દિવસે વધતો જાય છે. રખડેલને કોઈ ઘરે બોલાવે નહિ. જ્યાં જાય ત્યાં હડ-હડ કરે તેથી હડધૂત થવાને કારણે તેનું જીવન અકારુ બની જાય છે.

છેવટે એવી દશા થાય છે કે પોતાના ઘરના માણસો પણ એની આજ્ઞામાં રહેતા નથી. પરઘરમાં જવાથી ચેતને પોતાના આનંદ ગુણને ગુમાવ્યો અને સુખ દુ:ખાદિમાં રાચતો થયો. દેહ અને ઈન્દ્રિયોના ક્ષણિક સુખ માટે તેણે તન, મન, ધન, યૌવન વગેરેનું લીલામ કર્યું. જે માનવ દેહ દ્વારા પરમાત્મ ભક્તિ, સાધુ સંતોની સેવા, સત્સંગ, દ્વારા આત્મકમાણી કરવાની હતી તેને બદલે પાર વિનાની નુકસાનીનો વેપાર કરી ચેતને આ મનુષ્ય દેહ પામી શું મેળવ્યું ? આ ભવમાં અપમાન, અપયશ અને ભવાંતરે દુર્ગતિ અને અનંત સંસારનું પરિભ્રમણ ઊભુ કર્યું.

**કલવટ છાંડી અવટ ઉવટ પડે - મન મેહુવાને ઘાટ**
**આંધો આંધો મિલે બે જણ - કોણ દેખાડે રે વાટ....૪**

આત્માએ પોતાના સમતા ઘરમાં રહેવું તે ચેતનની કલવટ-કુળવટ અર્થાત્ કુળ મર્યાદા છે તેમજ વ્યવહારથી શિષ્ટ પુરુષ સંમત જે મર્યાદા છે તે જાળવવી તે કુળ મર્યાદા છે. ચેતન અનાદિકાળથી આ કુળ મર્યાદાનો લોપ કરી પર ઘર - મમતા - માયાના ઘરમાં ભટકી રહ્યો છે. દરેક ભવેભવે નવા દેહ ધારણ કરી રહ્યો છે. તેના ફળ રૂપે ઉવટ એટલે ઉપર ઉઠવાને બદલે અવટ એટલે અવળી અંધકારમય નરક - તિર્યંચ ગતિમાં ફેંકાઈ જવુ પડ્યુ. જ્ઞાન કદરૂપુ બન્યું. આનંદ સુખદુ:ખમાં ફેરવાઈ ગયો. હે ચેતન ! તારા મનની સ્થિતિ મેહુવા એટલે ધોબીના કુતરા જેવી થઈ. ધોબીનો કૂતરો ધોબી સાથે ઘાટ ઉપર જાય ત્યાં ઘાટના કૂતરા તેને પરાયો સમજીને ભોંકે/ભસે અને ઘરે જાય ત્યારે ઘરના શેરીના કૂતરા પણ તેને પરાયો - બહારનો કૂતરો સમજી ભોંકે/ભસે. ન તો ઘાટના કૂતરા તેને પોતાનો સમજે કે ન તો ઘરના - શેરીના કૂતરા તેને પોતાનો સમજે. આમ બધેથી હડ હડ થયા કરે. આ રીતે જીવ પણ નથી તો આત્માનો રહેતો કે નથી તો પુદ્ગલનો થતો અને ઉભયભ્રષ્ટ બની બધેથી ધૂત્કાર પામે છે. અથવા તો જેમ ધોબીનો કુતરો ઘાટ ઉપર ધોબીની સાથે જાય એટલે ધોબણ સમજે કે ધોબીને માટે ખાવાનુ મોકલ્યુ છે એટલે તેમાંથી કૂતરો પણ ખાઈ લેશે અને ધોબી સમજે કે ઘરેથી આવ્યો છે માટે ખાઈનેજ આવ્યો હશે. આમ બંન્ને બાજુથી ખાધાપીધા વિનાની દશા થાય તેમ બે ઘરનો પરોણો ભૂખે મરે જેવી જીવની હાલત પણ ચારે ગતિમાં ભટકેલ બની છે.

આત્મા જ્ઞાની હોવા છતાં કર્મના પાશમા ફસાઈ ચારેગતિમાં ભટકવાવાળો થયો. બે આંધળે આંધળા ભેગા થાય તો કોણ કોને માર્ગ દેખાડે. મનને પોતાનો માલિક જીવ અવિવેકી હોવાના કારણે આંધળો મળ્યો અને માલિકને તો મન શિષ્ય આંધળોજ છે. આમ મન અને જીવ બંને આંધળા ભેગા થયા તો હવે કોણ કોને માર્ગ બતાવે ? અહિંયા જીવ પોતે જ્ઞાન સ્વરૂપી હોવા છતાં અનંત કાળથી અવિવેકી બનેલો હોવાના કારણે મિથ્યાત્વી હોવાથી તેને અંધની ઉપમા આપવામાં આવી છે અને તે ઘટમાન છે - સાર્થક છે.

---

જેવો સહપ્રવાસી સાથેનો સંબંધ, તેવો સ્વજનો સાથેનો સંબંધ હોવો જોઈએ.

**બંધુ વિવેકે પિઉડો બુજવ્યો વાર્યો પર ઘર સંગ**
**આનંદઘર સમતા ઘર આણે - વાધે નવ નવા રંગ... બાલુડી..૫.**

સમતા પોતાની સખી સુમતિને કહી રહી છે કે મારા ભાઈ વિવેકે મારા પતિ ચેતનને બુઝવ્યો અને અનાદિકાળથી જે માયા-મમતા રૂપી પર ઘરમાં જઈ તેનો સંગ કરતો હતો તેને વિવેકદષ્ટિ આપી ત્યાંથી પાછો વાર્યો. જેની જ્ઞાનદષ્ટિ, વિવેકદષ્ટિ પૂર્ણ પણે ખીલે છે તેની અસર બીજા ઉપર અવશ્ય પડે જ છે. વિવેકદષ્ટિની અસર મન અને ચેતન બંને પર પડવાથી બેઉ બુઝ્યા. બાહર બહિર્ વૃત્તિઓમાં ભટકતું મન બંધ થયુ એટલે મન, સુમન બન્યું અને ચેતન જ્ઞાનમય બન્યું અને બંને સમતાના ઘરમાં આવી સ્થિર થયા.

યોગીરાજ કહે છે કે આનંદઘનના નાથ પ્રભુની મારા ઉપર મહેર થઈ. ત્રણલોકના નાથની કરૂણા નજર મારા ઉપર પડી. ધ્યાનમાં સ્થિરતા પ્રાપ્ત થઈ, જેનાથી આંતર શોધની નવી નવી ક્ષિતિજો ખુલવાથી નવી નવી અનુભૂતિઓની રંગતતાનો અંદરમાં વધારો થતો ગયો.

卐

*પરને જાણનારી પોતાની જ પર્યાય જીવને જણાય છે. તત્ત્વથી પર એવાં લોકાલોક નથી જણાતા પરંતુ લોકાલોક સમસ્તને જાણનારી પર્યાય કેવળી ભગવંતને કેવળજ્ઞાનમાં જણાય છે.*

★

*જેમ જેમ ગુણારોહણ થાય તેમ તેમ ક્રિયા ઓછી થતી જાય, કાળ ઘટતો જાય અને સાધના ઘનિષ્ઠ બનતી જાય. કેમકે અંદરમાં ઠરવાપણું વધતું જાય.*

# પદ - ૫૭

## (રાગ - આશાવરી)

दैखो एक अपूरव खेला, आपही बाजी आपही बाजीगर ।
आप गुरु आप चेले ॥ देखो. ॥१॥

लोक अलोक बिच आप बिराजित, ज्ञानप्रकाश अकेला ।
बाजी छांड तहां चढ बैठे, जिहां सिंधुका (सिद्धका) मेला ॥ देखो. ॥२॥

वाग्वाद खट नाद सहुमें, किसके किसके बोला ।
पाहाणको भार कांही उठावत, एक तारेका चोला ॥ देखो. ॥३॥

षट्पद पदके जोग सिरिखस, क्यों कर गजपद तोला ।
आनन्दघन प्रभु आय मिलो तुम, मिट जाय मनका झोला ॥ देखो. ॥४॥

**દેખો એક અપૂરવ ખેલા - દેખો એક અપૂરવ ખેલા**
**આપહી બાજી, આપહી બાજીગર, આપ ગુરુ આપ ચેલા.**

આંનદઘનજી મહારાજ લોકોને ઉદ્દેશીને કહી રહ્યા છે કે હે લોકો ! તમે આ અલૌકિક ખેલને - રમતને જુઓ ! સામાન્યથી નાટકમાં સૂત્રધાર અલગ હોય છે અને પાઠ ભજવનાર અલગ હોય છે, જ્યારે અહિંયાતો બાજી એટલે રમત પણ પોતે અને બાજીગર એટલે રમતનો રમનાર ખેલાડી પણ પોતેજ છે. આવી અદ્દ્ભૂત બાજી તમે ક્યાંય જોઈ છે ? ગંજીપાની રમતમાં પાના હોય છે જ્યારે બાજીની રમતમાં સોગઠા હોય છે. પણ તેને રમનારા લોકો રમતથી જુદા હોય છે.

જ્યારે સંસારમાં જન્મથી માંડીને મૃત્યુ સુધીની બધીજ અવસ્થાઓ એ બાજી છે તો એ બાજીનો રમનારો પણ પોતેજ છે અર્થાત્ બાજીથી બાજીનો રમનારો જુદો નથી કારણ કે બાજીનો રમનારો ચેતન એવો આત્મા દેહમાં ન હોય તો બાજી ચાલતીજ નથી. શતરંજની બાજીના મહોરા પોતે જ એક ખાનામાંથી

બીજા ખાનામાં સરકીને સ્થાન બદલે અને બાજી આગળ ચાલે, એના જેવી આ સ્વયં વડે રમાતી સ્વયંની રમત છે.

સંસારની આખી બાજી, અનંત જન્મ-મરણની રમત, તેનો સર્જનહાર પોતેજ છે. પોતે અજ્ઞાની હોવાના કારણે કર્મોનો બાંધનાર પણ પોતેજ છે અને કર્મોનો ભોગવનાર પણ પોતેજ છે. જ્ઞાન આપે તે ગુરુ અને જ્ઞાન લે તે શિષ્ય તો સંસારની બાજી રમવા માટેનું જ્ઞાન પણ જીવને જ્ઞશનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થતા પોતાની અંદરમાંથી જ પ્રગટે છે એટલે પોતેજ ગુરુ બન્યો અને એ જ્ઞાનની પ્રાપ્તિ પણ પાછી પોતાનેજ થાય છે માટે પોતેજ શિષ્ય પણ બન્યો. જ્ઞાન પ્રાપ્તિ માટે વ્યવહારમાં ગુરુ વગેરે નિમિત્ત બની શકે, તે વાત જુદી છે પણ તે જ્ઞાન પડ્યું છે તો પોતાની ભીતરજ. જ્ઞાન કાંઈ બહારથી તો આવતું નથી ને ! એટલે જ્ઞાનનો માલિક પણ પોતેજ હતો અને પ્રગટ થવા દ્વારા મળે છે પણ પોતાનેજ. તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો ખ્યાલ આવશે કે કોઈ કોઈને શીખવતું નથી. કોઈ કોઈને આપતું નથી પણ પોતાનીઅંદર જેટલો ક્ષયોપશમ થાય તેટલુંજ તે સ્વપુરુષાર્થથી પામે છે. અજ્ઞાન દૂર થાય છે એટલે કે આવરણ હઠે છે તેથી ભીતરમાં સત્તાગત રહેલ જ્ઞાન અનાવૃત થઈ પ્રકાશમાં આવે છે. (જ્ઞાન લઈએ છીએ એ વ્યવહાર પ્રયોગ છે. વાસ્તવિકતાએ નિશ્ચયથી તો આપણે અજ્ઞાનને દૂર કરીએ છીએ.) જ્યાં સુધી જીવ અજ્ઞાની બનીને અનંત સંસારના પ્રપંચમાં પડ્યો છે, મોહ-માયા-મમતા અને દુબુદ્ધિના દાવપેચ ખેલે છે, ત્યાં સુધી પુણ્ય-પાપ રૂપ આશ્રવ ભાવોમાં પોતે એકતાને અનુભવે છે. **આખો સંસાર એ અજ્ઞાનના પ્રપંચ રૂપ છે, ફેલાવા રૂપ છે, તેમાં સત્ય કાંઈ જ નથી છતાં જીવને તે સાચો હોય તેમજ લાગે છે. આજ તો બાજી અને બાજીગરની એકતા છે જે જીવન ભયંકર કોટિનું અજ્ઞાન છે.**

**જેમ નાટકમાં સત્ય કાંઈજ હોતુ નથી પણ બધુજ બનાવટી હોય છે અને ઉપજાવી કાઢેલુ હોય છે એટલે એ થોડો સમય ટકીને પુરુ થઈ જાય છે. એ ટકતુ નથી એટલેજ તેને નાટક કહે છે, ખેલ કહે છે, તમાશો કહે છે તેમ સંસાર પણ એક પ્રકારનો ખેલજ છે, નાટકજ છે, તમાશોજ છે કે જેમાં કર્મના ઉદયે ભિન્નભિન્ન જીવો ભિન્નભિન્ન જગ્યાએથી આવી એક જગ્યાએ**

**ભેગા મળે છે અને પોતાને અનુરુપ પાત્ર ભજવી નાટકને દેખાડે છે જે પાછા પોતાનો સમય પૂરો થતાં વિદાય લે છે. આવી કર્મજનિત અવસ્થા કે જે ક્ષણભંગુર છે તેમાં જીવ મૂંઝાય છે અને તેને પોતાની માને છે તે જીવના અજ્ઞાનનો વિલાસ છે.**

આવા પ્રકારના અદ્‌ભૂત સંસાર નાટકને બતાવવા દ્વારા યોગીરાજ જગતના જીવોને વૈરાગ્ય પમાડવા માંગે છે. જીવોના ભૂતકાળના અનંતા શરીરો મડદા બનીને રાખ થઈ ગયા છે. ભાવિકાળને કોઈ જાણી શક્યું નથી, માટે આ ભવ પૂરો થાય તે પહેલા આ નાટકને બરાબર ઓળખી તમે તેનાથી અળગા પડી જાવ. સમય કોઈની રાહ જોતો નથી. મનુષ્યભવનું ટાણું ફરી ફરીને મળવું દુર્લભ છે, માટે હે ભવ્ય જીવો તમે બુઝો ! બુઝો ! તમે કોઈ પણ રીતે બોધ પામો ! બોધ પામો ! પ્રભુ મહાવીર પણ છેલ્લે છેલ્લે દેશનામાં આજ કહી ગયા છે અને યોગીરાજ પણ તેજ વાતને દઢ કરી રહ્યા છે.

ગા.૨ : લોક-અલોક બિચ આપ બિરાજિત - જ્ઞાન પ્રકાશ અકેલા
બાજી છાંડ તિંહા ચડ બૈઠે - જિહાં સિંધુકા મેલા

ચૌદરાજલોક સ્વરૂપ લોકની ચારેબાજુ અનંતો અલોક છે, વચ્ચે ચૌદરાજલોક સ્વરૂપ લોક છે કે જેની ચારે બાજુ અલોક છે. તે લોકના અગ્રભાગે કે પછીથી અલોક શરૂ થાય છે ત્યાં લોકાલોકના સંધિ સ્થાને હે પ્રભો ! આપ બિરાજીત થયા છો જ્યાં એકલો જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ફેલાય છે, તે આપનુ સ્વરૂપ છે.

હે પ્રભો ! આપ પણ એક કાળે અમારા જેવા સંસારી હતા. આપે પણ નટ બાજીગરની બાજી ખેલી અનંતા નાટકો કર્યા. પણ હે પ્રભો ! આપની ભવિતવ્યતા સાનુકુળ બની તેથી આપના કાળનો પરિપાક થયો અને આપે પ્રચંડ પુરુષાર્થ આદર્યો. કર્મોના ગંજના ગંજ આપના આત્મા પર પણ લાગેલા હતા પણ હે પ્રભો ! તેને બાળીને ભસ્મીભૂત કરવા આપે પ્રચંડ જ્ઞાનાગ્નિ પ્રગટાવ્યો. ઉપસર્ગો અને પરિષહોને સહન કરવામાં આપ મેરૂથી પણ અધિક ધીર બન્યા તે એટલે સુધી કે બીજાના દોષોને પચાવવા આપ નીલકંઠ બન્યા.

સાગરથી પણ અધિક ગંભીર બન્યા. તેના પ્રભાવે શુકલધ્યાન અને ક્ષપકશ્રેણીનો દાવાનળ આપનામાં પ્રજવલિત થયો. કર્મ રૂપી ઈન્ધન બળીને ભસ્મીભૂત થયા. કેવલજ્ઞાનનો વિજય ધ્વજ આપના આતમના ચિદાકાશે ફરક્યો. આપનુ બાકીનું જીવન લોકોપકારક બન્યું. આપની સંસારની બાજીનો અંત આવ્યો અને આપ ત્યાં જઈને બિરાજ્યા કે જ્યાં આત્માના અંનત આનંદરૂપ સમુદ્રનો મેળાપ થાય છે. જ્ઞાનીઓ તે અવસ્થાને મોક્ષ કહે છે.

મોક્ષ એટલે પોતાને મુકતપણાનું ભાન સતત રહેવું જોઈએ અને તે જીવતાં છતાં રહેવું જોઈએ. **શ્રુતજ્ઞાન વાસ્તવિક તેનેજ કહેવાય કે જે સાંભળ્યા પછી આપણો સંસારનો રોગ નીકળે.** સિદ્ધ, અવસ્થાનું સુખ એટલુ બધું છે કે ત્યાંના નિરંતર સુખમાંથી એક મિનિટનું સુખ પણ જો અહીં પૃથ્વી પર પડે તો આ દુનિયામાં એક વર્ષ સુધી તો આનંદ, આનંદ અને આનંદનો કોઈ પાર ન રહે.

**વસ્તુનો વિનાશ નથી, પદાર્થનો વિનાશ નથી પણ અવસ્થાઓ ક્ષણે ક્ષણે વિનાશ પામે છે. હું નગીન, આ મારો દીકરો, આ મારી વહુ, હું એડવોકેટ, એમ જીવ અવસ્થાઓમાંજ તંબુ તાણે છે માટે સંસારની બાજી લંબાયા કરે છે.**

"હું હિંમતભાઈ - મેં આ કર્યું !" આવુ જ્ઞાન જીવ સતત કરે છે. તેનાથી કાર્મણવર્ગણા ખેંચાઈને કર્મ રૂપે પરિણમી જીવ સાથે ચોંટી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો **ભ્રાંતિથી આત્મા પુદ્ગલ પરમાણુઓમાં તન્મયાકાર થાય છે અને ભાસ્યમાન પરિણામને પોતાના માને છે માટે પોતે બાજીગર બની સંસારની બાજી ખેલ્યા કરે છે. એનો અંત તોજ આવે કે પોતે જેવો છે તેવો પોતાને ઓળખે, તેવી શ્રદ્ધા કરે અને પછી પોતાનામાં રહે.**

જ્ઞાન આત્માનુ અને કરામત પુદ્ગલની. આત્મા એકલો આવી બધી કરામત ન કરે. જીવ પુદ્ગલ સંગી બન્યો માટે આ બધુ ચાલે છે. **"દેખતો એવો, મિથ્યાત્વથી આંધળો બની અગતિશીલ એવો જીવ ગતિશીલ એવાં પુદ્ગલના ખભે ચઢી પુદ્ગલનો ચલાવ્યો ચાલે છે."**

---

આરોપિત જ્ઞાન એટલે આહાર્યજ્ઞાન.

**વાગ્વાદ ખટનાદ સહુમેં - કિસીકે કિસકે બોલા**
**પાહાણકો ભાર કાંહી ઉઠાવત - એક તારેકા ચોલા. ૩.**

જે લોકો સંસારની બાજી છાંડીને તેનાથી પર થયા તે અનંતુ મોક્ષ સુખ પામ્યા. એ વાત કહ્યા પછી હવે સંસારની બાજી માંડીને જે બાજીગર બન્યા છે, તેના કેવા હાલ થાય છે, તે બતાવે છે. સંસારમાં તો સર્વત્ર વાણીનો વિલાસજ છે. જેના મનમાં જે આવે તે થાપે છે અને ઉત્થાપે છે. પોતાના મતના પ્રચાર માટે અનેક તર્કની જાળો, ખોટી ચર્ચાઓ કરી ખટરાગજ વધારે છે. સત્યના ઝંડા નીચે અત્યંત આકરો દુરાગ્રહ અને પોતાને સાચા મનાવવાના તનતોડ પ્રયત્ન સિવાય કાંઈ દેખાતું નથી. જ્યાં આવું જ છે ત્યાં કોના માટે શું બોલીએ ? કોને કહીએ ?

**વાગવાદ = વાણીનો વિલાસ એ ખટ = ખટપટો ઉભી કરી સ્વચ્છંદતાને પોષે છે તેનાથી ખટનાદ એટલે ખોટો કે ખારો નાદ - વિવાદ, પોતાના મતનો આગ્રહ, વિખવાદ વગેરે ઊભા થાય છે તેથી ધર્મ ખંડિત થાય છે. પ્રભુ વીર તો ૧૨॥ વર્ષ સુધી પુર્ણજ્ઞાનની પ્રાપ્તિ અર્થે એકલાજ વિચર્યા - મૌન જ રહ્યા તો પછી આ વાગ્વાદ અને ખટનાદનો ઉપદેશ આપ્યો કોણે ? અને એ ઉપદેશ સંભળાવ્યો કોને ? બોલનાર અને સાંભળનાર કોણ ?**

પ્રભુની પર્ષદામાં વાદીઓ હતા, શ્રુતકેવળી હતા પણ તેઓ ગંભીરતાદિ યુકત જ્ઞાન ગુણને ધારણ કરનાર હતા. તેઓ કદી પણ પોતાના જ્ઞાનથી છલકાય તેવા ન હતા.

ખટરાગનો અર્થ આવો કરી શકાય. સંગીત પ્રમાણે મૂળ રાગ છ છે. ભૈરવ, માલકોશ, હિંડોળ, શ્રીરાગ, કેદાર અને મલ્હાર એના પરસ્પર મેળાપથી હજારો રાગ થઈ શકે. આ છ રાગનો મેળાપ સુંદર થવો જોઈએ છતાં ખટ્રાગએ ગુજરાતી ભાષામાં કલેશ, અણબનાવ, કડાકૂટ અર્થમાં વપરાય છે. ખટરાગનો આવો અર્થ કેમ થયો હશે ? એ ખટરાગ કહેવાયો કારણકે મૂળમાં ખોટો-ખાટો રાગ જ છેડાયો છે. એ ષડરાગનો સંવાદ નથી - સંલાપ નથી પણ સ્વરાગ - સ્વમત - સ્વનાદનો વિવાદ-વિલાપ છે.

**વિચારતા એમ લાગે છે કે એક રાગ હોય તો એના ઉપર મન કેન્દ્રિત થાય. પણ જ્યાં છ રાગ થયા તેથી અંદર-અંદર ખેંચતાણ ચાલે તે એટલે સુધી કે તે ખેંચતા તૂટી જાય. આવો ખટરાગ અત્યારે અહીં છે એમ યોગીરાજ કહે છે. દ્વૈત-અદ્વૈતની ચર્ચા કરતા તે ખેંચાતોજ રહે છે, તેને સત્ય શોધનની કાંઈજ પડી નથી, પોતાના આત્માનું શું થશે તેની પણ તેને પરવા નથી.**

આવા સંયોગોમાં શું બોલીએ ? કોની વાત કરીએ ? બોલવાની ઈચ્છા થતી નથી અને બોલવાથી કાંઈ લાભ જણાતો નથી.

**પાહાણ કો ભાર કાહી ઉઠાવત, એક તારેકા ચોલા... વાગવાદનો નાદ = છંદ આત્મહિત કાજે પુષ્ટિ આપતો હોય તો તે ઉપયોગી ગણાય. પણ મદની પુષ્ટિ થતી હોય તો આ તારી કાયા એ તંતુઓ વિનાની પ્રકૃતિએ રચેલા પુદ્‌ગલ પરમાણુઓથી ઘડાયેલી પુન્ય - પાપ મિશ્રિત છે, તેને હિન્દીમાં ચોલા - ખોલા - ખોભિયું કહે છે તે આ કાયા જેમાં કોઈ આત્મહિત નથી એવા નકામા વાદ-વિવાદ રૂપ પથરાઓનો ભાર ક્યાં સુધી ઉપાડ્યા કરશે ? તેની ચિંતા તારા આત્મા પર દયા આણી તેં ક્યારે પણ કરી છે ખરી ? જો એ ચિંતા તને નહિ થતી હોય તો, તું નક્કી સમજજે કે તેં વાણીના વિલાસ રૂપ વાદ કરવા દ્વારા કર્મરૂપી પથરાઓના ભારનેજ ઉપાડ્યો છે. અધ્યાત્મ દષ્ટિમાં પુણ્યનો બંધ કે પાપનો બંધ બંને આત્મસ્વરૂપને ઢાંકનાર હોવાથી તે આત્મા ઉપર લાગેલા પથરાઓ સમાન જ છે.**

**જ્યાં સુધી શુદ્ધાત્મા અને તેનુ યથાર્થ સ્વરૂપ બુદ્ધિથી સ્પષ્ટ સમજાતુ નથીઅને શ્રદ્ધામાં પ્રત્યેક પળે વણાતું નથી ત્યાં સુધી જીવની દષ્ટિ અજ્ઞાન પ્રયુક્ત મિથ્યાત્વવાળી હોવાથી એ જે કાંઈ પણ કરે છે, બોલે છે તે બધો બકવાસ જ હોવાથી આત્મા ઉપર કર્મબંધ કરાવવા દ્વારા આત્માને ભારે કરનાર હોવાથી આત્મા માટે પથરાના ભારને ઉપાડવા સમાન જ છે. તેનાથી માનવભવ જેવો અમુલ્ય ભવ નિષ્ફળ જાય છે.**

ષટ્‌પદ કે જોગ સિરિ ખસ, ક્યોં કર ગજ પદ તોલા ?
આનંદઘન પ્રભુ આય મિલો તબ, મિટ જાય મનકા ઝોલા...૪.

યોગથી ઉપયોગ શુદ્ધિ તે વ્યવહાર. ઉપયોગથી, ઉપયોગ શુદ્ધિ તે નિશ્ચય.

આ સંસારમાં ભટકતો આત્મા ઉપર કહ્યું તેમ કર્મરૂપી પથરાઓના ભારનેજ ઉપાડી રહ્યો છે તે કર્મોમાં પુણ્ય કર્મનો ઉદય થાય તો જીવને ક્યારેક ઈન્દ્રપદ, ચક્રવર્તીપદ, રાજવીપદ, અમાત્યપદ, શ્રેષ્ઠીપદ મળે છે તો ક્યારેક શ્રીદેવી, ભાગ્યલક્ષ્મી, કમલાદેવી રૂપ દૈવી સંપદાઓ પણ મળે છે પણ તે તો ખસ = ખસી જવાના સ્વભાવવાળી છે. જો આ મળેલી ચીજોનો ઉપયોગ આત્માના હિતકાજે થાય તો સાર્થક છે, નહિતો જીવે આ બધુ પામીને પથરાનો ભારજ વહન કર્યો છે એમ ગણાય.

આ બધી પદવીઓ અને દૈવી સંપત્તિઓને પામીને તું તેની તુલના ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરવા ગજશ્રેણીએ ચઢવા તુલ્ય અપ્રમત્ત ગુણ સ્થાનક સાથે કરી રહ્યો છે તે તારો કેવો મોહભાવ છે ? અર્થાત્ **ક્ષપકશ્રેણી પર આરોહણ કરવા જીવ અપ્રમત્ત ગુણસ્થાનકના ઉપર ઉપરના અધ્યવસાય સ્થાનોને પામે અને જે આનંદ અનુભવે તેવો આનંદ તુ વિનાશી સંસારની પદવીઓ અને દૈવી સંપત્તિઓને પામીને કરી રહ્યો છે તે તારી કેવી અજ્ઞાન દશા છે ?** અરે જીવ ! આવા અજ્ઞાનભાવ પ્રયુકત વિચારોની તુલના તું કયા કારણે કરી રહ્યો છે તે સમજાતુ નથી. આ બધા તારા મનના ઝોલા અર્થાત્ તરંગ છે. આવા પ્રકારના મનસ્વી ઝોલા આવ્યા કરવાના તે ક્યારે મટશે ? આનંદઘનના નાથ આત્માને પોતાને કેવલી સંપદાનો ભેટો થશે ત્યારે એ ઝોલા શાંત થશે. **સાધના કરતાં કરતાં શુદ્ધિ વધે છે ત્યારે સાધકને જાણે દેહ જ રહ્યો નથી અને આત્મપ્રદેશો અમુક સમય લગી છુટા પડી જ્ઞાન પ્રકાશથી ઝળહળતા હોય તેવો અનુભવ થાય છે તેમજ આજ્ઞાચક્રથી માંડીને બ્રહ્મરંધ્ર - સહસ્ત્રાર સુધીનો ભાગ પણ કેવલજ્ઞાનના અંશ રૂપે પ્રકાશના પુંજથી ભરાઈ રહ્યો હોય તેવો અનુભવ થાય છે. યોગીરાજે આવા અનુભવને સિંધુના ચેલાની ઉપમા આપી પોતાને થયેલા અનુભવનો પ્રકાશ આ પદમાં પાડ્યો છે.**

જેમ જુદાજુદા સ્થાનેથી નીકળેલી નદીઓ દરિયાના મુખ દ્વાર આગળ ઠલવાય છે અને સાગરમાં ભળી જાય છે તેમ સાધક આવા આવા અનેક પ્રકારના આત્માનુભવ પામવા દ્વારા આખરે કેવલજ્ઞાનરૂપ મહાસાગરમાં ભળી જાય છે.

卐

# પદ - ૫૮

## (રાગ - વસન્ત)

प्यारे आय मिलो कहां येंते जात, मेरो विरहव्यथा अकुलात गात ॥ प्यारे. ॥१॥

एक पैसाभर न भावे नाज, न भूषण नही पट समाज ॥ प्यारे. ॥२॥

मोहन रास न दूसत तेरी आसी । मदनो भय है घरकी दासी ॥ प्यारे. ॥३॥

अनुभव जाहके करो विचार, कद देखे द्वैयाकी तनमें सार ॥ प्यारे. ॥४॥

जाय अनुभव जह समजाये कंत, घर आये आनन्दघन भये वसन्त ॥ प्यारे. ॥५॥

વિશુદ્ધ ચેતનાની વિરહ દશાનું વર્ણન આ પદમાં આનંદઘનજી મહારાજે કર્યું છે. ૫૧માં પદમાં ચેતનાની રાત્રિની વિરહવ્યથા વર્ણવી છે તો આ પદમાં રાત્રિ અને દિવસની વેદના બતાવી છે. આર્યદેશની સુશીલ નારીનું જીવન એના પતિ ઉપર નિર્ભર છે. પતિ એનો આધાર હોય છે. એ પતિ પરણ્યા પછી જો ઘરે ન આવે અને બહારજ ભટક્યા કરે તો તે નારીના હૃદયમાં કેવી વેદના થાય છે તે તો જે સ્ત્રી હોય તેનેજ ખબર પડે.

આનંદઘનજીનો આત્મા ચેતનાની સુવિશુદ્ધદશાને ઝંખી રહ્યો છે. નિરંતર નિર્વિકલ્પ અવસ્થામાં રહેવા તે ઝંખે છે પણ તે સ્થિતિ આવતી નથી અને આવે તો ટકતી નથી. બહિર્ભાવોમાં ભટકતુ મન વશ થયુ તેથી ચંચળતા ઘણી ઘટી ગઈ પણ હજુ આંતરમન વિકલ્પો પેદા કરે છે તેથી આત્મ સ્થિરતા જામતી નથી. ચેતનાની સુવિશુદ્ધદશા ટકતી નથી તેની વેદના તેઓને નિરંતર સતાવે છે.

૫૭માં પદમાં આનંદઘન પ્રભુ ! આપ મિલો - મિટ જાય મનકા ઝોલા. હે આનંદઘનના નાથ પ્રભુ આપ જો આવી મળો તો મારા મનના તરંગો - વિકલ્પો શાંત થાય. તે મનના તરંગો - વિકલ્પો આવી આવી ને તેમની શાંતિ સમાધિને લૂંટી રહ્યા છે, તેની અસહ્ય અને અકથ્ય વેદના તેઓ અનુભવી રહ્યા છે અને તે વેદનાને તેમને શુદ્ધ ચેતનાના મુખમાં મુકીને બતાવવાનો પ્રયત્ન આ પદ દ્વારા કર્યો છે.

**પ્યારે આય મિલો, કહાં યે તે જાત**
**મેરો વિરહ વ્યથા, અકુલાત ગાત.... પ્યારે...૧**

પૂર્ણ જ્ઞાનને પામવા માટે સમતા-સામાયિકમાં તલ્લીન બનેલ હોય તેવા **પતિને** - તેવા ચેતનને સમતા-શુદ્ધ ચેતના ઝંખી રહી છે. આવા પતિનો તેને વિયોગ પડ્યો છે જેની ચિંતા તેને રાત'દિ સતાવી રહી છે. આ મનની જાત ક્યાં અને મારા સ્વામીની જાત કયાં ? બંને વચ્ચે આભ-ગાભ જેટલું અંતર છે.

મારા સ્વામી કુલીન કુળના છે, તેમનું ગોત્ર ઉચ્ચ એવુ અગુરુ લઘુ છે, એમની જાતિ અમરત્વ છે જ્યારે તેમને વળગેલ આ મન એતો હલકા કુળનુ બિભત્સ અને રૌદ્ર સ્વભાવવાળુ છે. મારા સ્વામી સાથે મારો વિયોગ કરાવનાર આ અકુલીન એવુ મન છે જેના હું ફોગટ ગાણા ગાઈ રહી છું તે મારા સ્વામી અને મન વચ્ચે આટલો ફેર છે. સ્વામી સાત્વિક પ્રકૃતિવાળા છે જ્યારે મન એ તામસી સ્વભાવવાળુ છે. સમતા પોતાના સ્વામીને ઉદ્દેશીને રહે છે કે હે નાથ ! આપ આવીને મળો ! વિકલ્પોની ઝડીઓ વરસાવી આપને અસ્તવ્યસ્ત કરનાર આંતર મનની જાત ક્યાં ? અને આપ ક્યાં ? આપને એની સાથે રહેવું મને ઉચિત જણાતું નથી. આ અકુલાત - અકુલીન મનની સાથે રહેવાથી ગાત = આપનો મારે વિયોગ થયો છે, મારી વિરહ વ્યથા પણ વધી રહી છે માટે આપ ત્યાંથી પાછા ફરો અને આપના ઘરમાં આવીને રહો.

**એક પૈસાભર ન ભાવે નાજ, ન ભૂષણ નહીં પર સમાજ....૨.**

હે નાથ ! આપના વિરહમાં મને એક પૈસાભર જેટલુ અનાજ પણ ભાવતું નથી. તેમજ શરીર પર આભુષણ કે વસ્ત્ર ધારણ કરવા પણ ગમતા નથી. **આનંદઘનજી મહારાજની અંદરની સ્થિતિ એ હતી કે તેઓ પોતે શું ખાય છે ? શું પીએ છે ? શું વસ્ત્રો પહેરે છે ? એનો ખ્યાલ શુદ્ધા એમને રહેતો નહોતો એતો બસ ચિદાનંદની મસ્તીમાં મસ્ત બનીને અવધૂત યોગી બનીને જંગલોમાં - ગુફાઓમાં રહેતા હતા. પોતાની આ દશા જોઈને સમાજ તેમને હાસી, મજાકની નજરે જુએ છે. એવા દશ્યો તેમને નિદ્રા દરમ્યાન દેખાતા**

**હતા.** આવા દશ્યો ખડા કરનાર તેમનું આંતરમન હતું. સમાજ જે લોકો સુંદર વસ્ત્ર ધારણ કરે, આભૂષણોથી શરીરને શણગારે તેને આદર-બહુમાનની નજરે જુએ છે, પરંતુ જે લોકો મેલા-ઘેલા વસ્ત્રોમાં રહે, લોકથી પરાઙ્ગમુખ બની પોતાની મસ્તીમાં રહી જીવે તેને સમાજ ધૂત્કારે છે, ધિક્કારે છે, તેમને ધૂની, વેદિયા, અક્કલ વિનાના, વ્યવહાર નહિ સમજનારા, વેવલા કે વેદિયા તરીકે બિરદાવે છે. પંરતુ સાચા યોગીને તેની કોઈજ પરવા હોતી નથી.

**મોહન રાસ ન દુસત તેરી આસી**
**મદનો ભય હૈ ઘરકી દાસી....૩.**

મોહન, મોહ, માયા, મમતા, મન આ બધા છે તો એકજ રાશિવાળા પરંતુ તેમાં ભેદ ઘણો છે. મોહન એ જીવ સ્વરૂપ છે એની રાશિ દુષિત નથી. **જીવ એના શુદ્ધ સ્વરૂપમાં મોહન અર્થાત્ આનંદ સ્વરૂપ છે, મોહન અર્થાત્ મોહ નથી જેને એવો આનંદ સ્વરૂપ છે.** પૂર્ણ જ્ઞાનમાંથી પૂર્ણ આનંદજ આવે છે. આવો મોહન સ્વરૂપ ચેતન સંસારના વિષયોમાં મોહ પામ્યો છે. તેની મતિ મૂંઝાઈ છે તેથી તેનુ સ્વરૂપ જે મોહ ન કરનારુ હતું - આનંદ આપનાર હતું તે દબાઈ ગયું છે અને તેને કારણે આખુ મન જેવું એક તત્ત્વ ઉભુ થઈ ગયુ. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, માયા, મમતા આ બધા અજીવ એવી પ્રકૃતિના તત્ત્વો છે અને પોતે ચૈતન્ય સ્વરૂપ છે. આનંદ સ્વરૂપ છે તો એ બંને એક કેવી રીતે થાય ? **અનંતકાળથી ચેતન જેવો ચેતન અજ્ઞાની બનીને પ્રકૃતિના તત્ત્વોને એક કરવા - પોતાના બનાવવા મથી રહ્યો છે પણ તેને ક્યારેય તેમાં સફળતા મળી નથી. પ્રકૃતિના તત્ત્વોને પોતાના બનાવવામાં તેને પોતાના કિમતી સમયને વેડફી નાંખ્યો છે છતાં તે પદાર્થો તેને હાથતાળી આપીને રવાના થયા છે** અને તેને પોતાના બનાવવા જતા પોતાનું આનંદ સ્વરૂપ તો ગુમાવી દીધુ ઉપરથી પોતાના આત્મામાં જાતિમદ, કુલમદ, બળમદ, રૂપમદ, સત્તામદ વગેરે અનેક પ્રકારના મદ ઉભા કરી દીધાં, જે આ લોકમાં અપયશ, અપકીર્તિ વગેરેને ફેલાવે છે અને પરલોકના માર્ગમાં દુર્ગતિનો ભય ઉભો કરે છે. જીવને આવો ભય સતત રહે છે કે ભવિષ્યમાં શું થશે ? ક્યાં જઈશ ? મર્યા પછી કેવા હાલ થશે ? વગેરે ભય રહે છે તેનુ કારણ માયાની દીકરી મમતા કે જે

શરીરની વ્યાકૂળતા એ અશાતાવેદનીય છે. જ્યારે મનની વ્યાકૂળતા એ મોહનીય છે.

દાસી સ્વરૂપ છે તે ઘરમાં પેઠેલી છે. માટે જ્યાં સુધી આ મમતા દાસી ઘરમાં રહેશે ત્યાં સુધી જીવને આ બધા આલોક-પરલોકના ભયો રહેવાનાજ. યોગીરાજ અહિંયા ચેતનને ઉદ્દેશીને સમજાવી રહ્યા છે કે **હે ચેતન ! તું સ્વરૂપે શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, આનંદ સ્વરૂપ હોવા છતાં, તારા જાતિ, કુળ વગેરે ઉત્તમ હોવા છતાં તારે કામ, ક્રોધ, મદ વગેરેનો ભય રહે છે તેનુ કારણ તેં મમતા દાસી સાથે સંબંધ બાંધ્યો છે.**

**જો તારે આલોક-પરલોકના ભયથી મુક્તિ જોઈતી હોય તો તું પ્રકૃતિના તત્ત્વોથી તારા ચૈતન્યઘન અને આનંદઘન સ્વરૂપને જુદું તારવ. તારી જાત અને એની જાત વચ્ચેના અંતરને ઓળખી તું તારામાં સ્થિર થા. તો તું પ્રકૃતિના ભયથી મુક્ત થઈ શકીશ, અન્યથા તારા માથે નિરંતર આંતર શત્રુઓનો ભય ઝઝુમે છે, તે વાત તારે ભૂલવા જેવી નથી.**

અનુભવ જાય કે કરો વિચાર
કદ દેખે દ્રૈધા કી તનમેં સાર...૪.

વિશુદ્ધ ચેતના પતિના વિયોગમાં ઝૂરી રહી છે તેને કોઈ માર્ગ દેખાતો નથી એટલે છેલ્લે પોતાના અતિ વિશ્વાસપાત્ર અનુભવ મિત્રને બોલાવી કહે છે કે હે અનુભવ મિત્ર ! તમે મારા સ્વામી પાસે જઈને મળો અને સમજાવો કે તમે આ દેહમાં સારા-નરસા વિચારોના ભાવો જે ઉઠે છે તેનું કદ દેખે એટલેકે તમે તેને માપો. આ દેહમાં મનના કારણે શુભાશુભ તત્ત્વોના દ્વંદ્વો ચાલ્યા કરે છે, તેના ઉપર વિચાર કરો અને આ દેહમાં સારભૂત તત્ત્વ આ દ્વંદ્વભાવ નથી પણ સમતાભાવમાં રહી તમારા આત્માની અનુભૂતિ કરવી એજ સાર છે. મારા સ્વામીની પાસે જઈ તેને સમજાવો અને કહોકે સત્યનું પારખું કરવા તમે ઝવેરી સમાન છો, તો તમારા અંદરમાં રહેલ ઝવેરાતને ઓળખી તેને પામવાનો પ્રયત્ન કરો. જેમની વિવેકદ્દષ્ટિ ખુલી ગઈ છે એવા આતમ જ્ઞાની-અનુભવી ગુરુ ભેટી જાય, તેઓ જઈને મારા સ્વામીને સમજાવે અને જો મારા સ્વામી પોતાના ઘરમાં આવીને ઠરે તો અનુભવના બાગમાં આનંદની વસંત મહેકી ઉઠે તેમ છે. અનુભવના બાગમાં ખેલવાથી મદના સઘળા ભયો ટળી જાય છે.

**જાય અનુભવ જઈ સમજાવે કંત**
**ઘર આયે આનંદઘન ભયે વસંત....૫.**

શુદ્ધ ચેતનાને ખબર છે કે મારા સ્વામી પરઘરમાં જઈને બેઠા છે, તેને પોતાના ઘરમાં લાવવા માટે એક અનુભવ મિત્રજ સમર્થ છે. તેના સિવાય બીજો કોઈ તેમને પોતાના ઘરમાં લાવી શકે તેમ નથી. જો અનુભવ મિત્ર મારા સ્વામી પાસે જઈને સાચી હકીકત સમજાવે, તો મને ખાત્રી છે કે મારા આનંદઘનના નાથ મારા ઘરે જરૂર પાછા આવે અને જો તેમ થાય તો મારા માટે તો આનંદની વસંતઋતુ ખીલી ઉઠે. **વિશુદ્ધ ચેતના અને ચેતનનું મિલન થાય તો વચ્ચે દલાલ તરીકે રહેલ મન નીકળી જાય, સમગ્ર પ્રકૃતિનું તંત્ર ખોરવાઈ પડે. મોહ-માયા-મમતાના બંધનોજ ન રહે એટલે સમતાને ઘેર આનંદની વસંતઋતુ મહોરી ઉઠે.**

卐

*ભવિતવ્યતા પાણી જેવી છે વચ્ચે ઘણા અવરોધો આવે તોયે તેના માર્ગને વળાંક આપીને આગળ વધે છે, અર્થાત્ પાણીની જેમ પોતાનો માર્ગ શોધી લે છે.*

★

*સંયોગો ગમી જશે કે સંયોગો પ્રત્યે દ્વેષ થશે તો ય તેના દૃષ્ટા નહિ બનાશે. સંયોગો સાહજિક લાગશે તો સહજપણે એમાંથી સરી જવાશે.*

# પદ-૫૯

## (રાગ - કલ્યાણ)

मोकूं केउ केसी हूतको, मेरे काम एक प्राण जीवनसूं ।
और भावे सो बको ॥ मोकूं. ॥१॥

मैं आयी प्रभु सरन तुमारी, लागत नाहि धको ॥
मुजन उठाय कहुं औरनसूं, करहुंज करही सको ॥ मोकूं. ॥२॥

अपराधी चित्त ठान जगतजन, कोरिकभांत चको ॥
आनन्दघन प्रभु निहचे मानो, इह जन रावरोथको ॥ मोकू. ॥३॥

**મોકું કોઉ કૈસી હૂત કો,**
**મેરે કામ એક પ્રાણ જીવન સું ઔર ભાવે સો બકો....૧.**

મને કોઈ હૂતકો = ધૂતકારો, હડધૂત કરો, હેરાન-પરેશાન કરો મારે તેઓની સાથે શું લેવા દેવા છે ? 'મુંડે મુંડે મતિ ભિન્ના'. **વીરપ્રભુ જેવાને તેમજ તદ્ભવ મુક્તિગામી સંત પુરુષોને પણ અજ્ઞાની જીવોએ કનડ્યા છે તો મને કોઈ હેરાન કરે તો તેમાં શું આશ્ચર્ય છે ? હકીકતમાં તો તેઓ મને નથી હેરાન કરતા પણ મારા કર્મો તેમને નિમિત્ત બનાવી મને કનડે છે. આવું સઘળું ચિંતવન કરવા દ્વારા આત્માર્થી જીવો પ્રતિકૂળતામાં પણ પ્રસન્ન રહે છે અને સામાયિક ભાવમાં સમતાને સાધે છે.**

**જીવનની પ્રત્યેક પળે સમતાયોગને સાધે તે સાધક છે. સાચી સમજથી જૈનત્વની શરૂઆત થાય છે અને સમતાભાવથી તે વિકસે છે જે અંતે કેવળજ્ઞાન થતાં પૂર્ણાહુતિને પામે છે.** અધ્યાત્મને પામેલો સાધક વિચારે છે કે મારું કામ એક માત્ર સ્વપરના ભાવપ્રાણોની રક્ષા કરવાનુ છે, તે ત્યારેજ બને કે હું સતત સમતા યોગમાં રહું. રાગ-દ્વેષ એ આત્માની ભાવ હિંસા છે, સમતા એ આત્માની ભાવ અહિંસા છે. **સમતાથી ભાવ પ્રાણો રક્ષાય છે તે સમતા યોગને સાધવા જતાં - તે ભાવ પ્રાણોની રક્ષા કરવા જતાં લોકો મારી નિંદા ટીકા કરે કે**

**પ્રશંસા કરે, જેને જે બોલવું હોય તે બોલો, જે બકવુ હોય તે બકો હું મારા ધ્યેયને નક્કી કરી આગળ વધી રહ્યો છું તેનો મને આનંદ છે.**

**જ્યારે માનવીમાં વિકૃતિ પેસે છે, અહંકાર ફૂલે ફાલે છે ત્યારે તે ધર્મના નામેજ લોકમાનસને ઉશ્કેરી કલુષિત વાતાવરણ પેદા કરે છે. લોકોના બોલવા ઉપર ધ્યાન આપવામાં આવે તો આત્મ સાધના થાય જ નહિ. માટે જેમને ખરેખર સાધના કરી આત્મહિત કરવુ હોય તેને નીર્ભીક બની આગળ વધવુ જોઈએ. સાધના વધતા શુદ્ધિ વધે છે, તેનાથી ખુમારી પ્રગટે છે, વર્તનમાં કોમળતા સાથે મક્કમતા આવતી જાય છે. અધ્યાત્મના માર્ગે આગળ વધેલા આત્માઓને બાહ્ય જગતની સ્તુતિ કે નિંદાની પરવા હોતી નથી.**

**સંસારી આત્માઓના માનસનો ખૂબ ખૂબ અભ્યાસ કર્યા પછી આનંદઘનજીના આ ઉદગારો છે કે મેરે કામ એક પ્રાણ જીવન સૂં, ઔર ભાવે સો બકો.**

મેં આયી પ્રભુ સરન તુમારી - લાગત નાંહિ ધક્કો
ભૂજન ઉઠાય કહું ઔરન સૂં, કર હુંજ-કર હી સકો....૨.

મેડતા નગરમાં પ્રથમ મીરાબાઈએ પોતાનું જીવન ભગવાનને ચરણે સોંપ્યું. ત્યારબાદ ૧૫૦ વર્ષ પછીથી આનંદઘનજી થયા. આમ મેડતામાં બે પ્રભુ ભકત થયા. આનંદઘનજીની સમતાદેવીએ પ્રભુઘેલી મીરાંને અહીં યાદ કર્યા છે. મીરાંને પણ ઘણા કડવા અનુભવ થયા છે, છતાં એમણે પોતાના ભાવોને ધક્કો લાગવા દીધો નથી, બગડવા દીધા નથી, પોતાના મનને ખૂબજ પરિપકવ કર્યુ છે.

ભુજાને ઉઠાવીને હું લોકોને કહું છું કે તમે જે કરવાની શકિત ધરાવો છો તેને ખરેખર કરી લો. પોતે કોણ છે ? આ દ્દષ્ટ જગત શું છે ? તેનો અને પોતાનો સંબંધ કેટલો છે ? કેટલા વખત રહેવાનો છે ? આ સર્વ બાબતોનો વિવેક કરી તદનુસાર પોતાના જીવનની બાજી ગોઠવે તો તેને આંતર શત્રુઓનો ભય ન રહે. જીવન સફળ કરવા વ્યવહારથી મૂર્તિરૂપે રહેલ પરમાત્માના શરણે જવાનું છે અને નિશ્ચયથી પોતાના શુદ્ધ ચૈતન્યમય આત્માનું અવલંબન લેવાનું છે. બહારના ભગવાન તો આદર્શ પૂરો પાડે છે પણ ખરા ભગવાન તો ભીતરમાં

બેઠા છે. જેને આ વાત સમજાઈ જાય છે કે પરમાત્મા મારી અંદરજ છે અને બહાર ક્યાંય નથી તે આત્માઓ પોતાની શક્તિ, સંપતિ, ઐશ્વર્ય, બળ, મદ, રૂપ, સત્તા વગેરેનો ઉપયોગ કોઈને દબાવવા - ચાંપવા-કુચળવા કે હેરાન કરવા કરતા નથી કારણકે તેવા ભાવો વૈર વિરોધને વધારનારા હોઈ તે પોતાની શાશ્વત સંપત્તિ પ્રાપ્ત કરવામાં અત્યંત બાધક છે.

**આપણા ચિત્તમાં અશુભભાવોના ધક્કા ન લાગે તેની ખૂબ કાળજી રાખીને જીવવાનુ છે. અશુભભાવોના ધક્કાથી આત્માને ભવોભવ નીચે ઉતરી માઠી ગતિઓમાં ભટકવુ પડે છે.** વ્યવહારમાં રહ્યા છીએ એટલે પરસ્પરની સહાય વિના આપણુ જીવન શક્ય નથી, તો પછી પરસ્પરના મનોભાવોનું ઉર્ધ્વીકરણ થાય તે રીતે આપણે સહુની વચ્ચે અને સહુની સાથે સંવાદી જીવન જીવવાનું છે. મનુષ્ય ભવને પામેલા આત્મા ઉપર પ્રભુશાસન બહુ મોટી જવાબદારી મુકે છે કે **તમારા નિમિત્તે એક પણ આત્માનું ક્યારે પણ હૃદય ન દુભાય તેની કાળજી રાખજો. આ રીતે જીવન જીવનારો પોતાના હૃદયમાં પરમાત્માને સ્થાપન કરે છે અને તેથી તેમની ભવની ભાવઠ ભાંગી જાય છે.**

અપરાધી ચિત ઠાન જગત જન - કોરિક ભાંત ચકો
આનંદઘન પ્રભુ નિહચેં માનો - ઈહ જન રાવરો થકો....૩.

અપરાધ કરનારા લોકોના ચિત્ત ઠાન-ઠેકાણે ન રહેતાં ચક્રાવાના વમળમાં ફર્યા કરે છે. ચિત્તની ભ્રાંતિ તેના મગજને કોરી ખાય છે. પરદારાગમન, જુગારખાના, દારૂના પીઠા, કતલખાના આ બધા અનાયતન સ્થાનોમાં જનારા લોકોના ચિત્ત અશાંત હોય છે. તેમને સતત ભય, ચિંતા વગેરે સતાવે છે આ બધાની જમાત રાવરી = નોખી હોય છે અને તેમના થકો - સ્થાનો પણ નોખા હોય છે. સજ્જન લોકો તેવા સ્થાનોમાં કદી પણ જતા હોતા નથી તેમજ અપરાધી ચિત્તવાળા લોકોની સાથે સજ્જન લોકો ક્યારે પણ બેસતા નથી.

હે આનંદઘનના નાથ પ્રભો ! આપ નિશ્ચયે માનો કે આપનો સેવક, આપની કૃપાના બળે આજે કાંઈક પામ્યો છે અને તેથી તે જગતથી રાવરો અર્થાત્ જુદો છે. જગત પોતે મોહમાયાથી ભરેલ એક સ્થળ છે. કર્મના ઉદયને

આધીન થઈ વર્તતા લોકો સારા ખોટા કામ કર્યાજ કરે છે. ભલા અને બૂરા કામ કરનારા લોકોથી બનેલ આ જગત છે. આ જગતમાં સજ્જનો અને દૂર્જનો બંને રહે છે. જગતની રચનાજ આવી ભાતિગળ છે.

ઘટમાં ઘોડા થનગને - આતમ વિંઝે પાંખ
વણ જોયેલી ભૂમિ પર - યૌવન માંડે આંખ.

- એક ચિંતક કવિ

તમારી અંદર રહેલી શક્તિઓને પીછાણવા તેમજ તમારી અંદર રહેલી આવડતને બહાર લાવવા આ સોનેરી મોકો મળ્યો છે, તેમાં વચ્ચે પ્રમાદ આવે છે તો તેને હટાવી ઉધમમાં લાગી જાવ. ભલા કે બુરા કામો યુવાનીમાં વિશેષ થાય છે. **બુદ્ધિની વસંત યુવાનીમાં પુરબહારમાં ખીલે છે.** વૃદ્ધાવસ્થામાં બુદ્ધિ મંદ પડતી જાય છે. રોગની પીડામાં શરીર ઘેરાઈ જવાથી ચિત્ત અજંપામાં રહે છે.

**જેમ ગામડાઓમાં રાત્રે ચોરોનો ભય હોય છે. ચોરી કરનારા લોકોની વસતિ રહેતી હોવાથી ગામના લોકોને રાત્રે જાગવું પડે છે. તેના કારણે ચોર લોકો ચોરી કરતા અચકાય છે અને ચોરી કરવા આવી શકતા નથી તેમ આત્માની અંદર ૧૮ પાપ સ્થાનકની પરિણતિ રૂપ ચોરો પડેલા છે, તેનાથી બચવા, જો આત્મા તેવા સમયે જાગૃત ન રહે તો પોતાનુ સમતા ધન લૂંટાઈ જવાનો પૂરો ભય રહે છે.**

**નગરમાં કે ગામમાં ચોર લોક અને સજ્જન લોક બંને રહેવા છતાં બંનેની જાત જુદી હોય છે. જેમ ચોર લોક દ્વારા લુંટાવાના ભયથી સજ્જન લોકને જાગવુ પડે છે તો તેના નુકસાનથી બચી શકાય છે તેમ આત્માએ પણ મોહ માયા - ::પતાના પરિણામથી થતા નુકસાનથી બચવા જાગતા રહેવાની જરૂર છે.**

卐

# પદ - ૬૦

## (રાગ - સારંગ)

अब मेरे पति गत देव, निरञ्जन ॥ अब. ॥
भटकूं कहा कहा सर पटकूं, कहा करुं जन रञ्जन ॥ अब. ॥१॥

खञ्जन दृगन दृगन लगावुं – चाहू न चिंतवन अञ्जन ॥
सञ्जन घट अन्तर परमातम – सकल दुरित भयभञ्जन ॥ अब. ॥२॥

एक कामगवि एह कामघट, एही सुधारस मंजन ॥
आनन्दघन प्रभु घटवनके हरि, काम मतंगज गंजन ॥ अब. ॥३॥

ચિદાનંદની મસ્તીમાં મસ્ત બનેલ અવધૂત યોગી - અલખ નિરંજનની વિભૂતિ કેવી હોય ? તે બતાવનારું આ પદ છે. શુદ્ધ આત્માનું સ્વરૂપ યોગીરાજે જોયું ત્યારે તેમને અપૂર્વ આનંદ થયો. તે વખતે શુદ્ધચેતનાએ પોતાના પતિ ચેતનરાજ અંગે જે ઉદ્‌ગારો કાઢ્યા તે અહીં બતાવે છે.

**અબ મેરે પતિ ગતિ દેવ નિરંજન**
**ભટકું કહા કહા સિર પટકું, કહા કરું જન રંજન...૧.**

ચેતનાનો વિરહકાળ ભાંગ્યો. એની મોટામાં મોટી ઈચ્છા પૂરી થઈ. મારા સ્વામી - પતિ જ્યાં જાય ત્યાંજ મારે જવાનું. કારણ હું અને મારા સ્વામી જુદા નથી. મારા પતિ એજ મારો આધાર.

આવા સુવિશુદ્ધ ચેતનરાજ પતિ તરીકે મળ્યા પછી હું શા માટે ઘર ઘર ભટકું ? શા માટે કોઈની સાથે માથા ફોડ કરું ? ગદ્ધા પચ્ચીસી શા માટે કરું ? લોકોને રાજી પણ શા માટે કરૂં ? મારે આ બધું કરવાની હવે શું જરૂર છે ? મારે બીજા કોઈની સલાહ કે સહાયની જરૂર નથી કારણ મારા સ્વામી સર્વાંગ શુદ્ધ છે અને જ્ઞાનથી પૂર્ણ છે. મારો અને તેમનો અભેદ વાસ છે.

કહેવાનું તાત્પર્ય એટલુજ કે જ્યાં સુધી ચેતન પોતે પોતાને નથી ઓળખતો ત્યાં સુધી તે મોહ-માયા-મમતામાં ફસાયેલો રહી ઘર ઘર વિષયસુખની ભીખ

માંગતો રઝળે છે. આયુષ્યરૂપી ચપ્પણિયામાં ઊંચી નીચી ગતિઓમાં ભટકતા તેને વિષયસુખની ભીખ માંગતા શરમ આવતી નથી. વિષયસુખ માટે તે લોકોની આગળ દીન બને છે, કાકલૂદી કરે છે, આજીજી કરે છે, સારુ વચન બોલે છે તેને કારણે શુદ્ધ ચેતનાને દબાઈને અંદરમાં રહેવુ પડે છે. તેને પોતાના સ્વામીનો વિયોગ નિરંતર રહ્યા કરે છે. તેની વેદના અસહ્ય અને અકથ્ય બને છે. કાળનો પરિપાક થતા, ભવિતવ્યતા સાનુકૂળ થતાં ચેતનને પોતાનું સ્વરૂપ સમજાય છે, અનાદિકાળની પોતાની અવળી ચાલ પ્રત્યે જુગુપ્સા જાગે છે, પોતાની ભૂલ સમજાય છે અને તે ત્યાંથી પાછો ફરે છે. હવે સ્વ ઘર તરફનો તેનો પુરુષાર્થ વધતો જાય છે અને તે જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે ચેતન પોતાના ઘરમાં આવીને રહે છે, જ્યાં ચેતન-ચેતનાનુ મિલન થાય છે. પોતાના સ્વામી લાંબા ગાળા પછી પણ પાછા ફર્યા, પોતાના ઘરે આવ્યા તેનો ચેતનાને આનંદ છે.

**પ્રાણી પોતાના આરાધ્યદેવને શોધવા - મેળવવા મંદિરમાં જાય છે, તીર્થોમાં ફરે છે પણ તેને ખબર નથી કે તારા આરાધ્યદેવ તારી ભીતર છે. તેને શોધવા તારે ક્યાંય બીજે ભટકવાની જરૂર નથી, ક્યાંય કોઈની આગળ દીન બનવાની જરૂર નથી. તારા પ્રભુ તારાથી દૂર નથી, તારી અત્યંત નજીક છે, તેને માટે તારે તારામાં પ્રભુતા પ્રગટાવવાની જરૂર છે. પ્રભુતા પ્રગટાવ્યા વિના પ્રભુ - પ્રભુરૂપે કોઈને મળતા નથી.**

દોડત દોડત દોડત દોડિયો...
અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે.....
નિજ સરૂપ નિશ્ચય નય નિરખૂં, શુદ્ધ પરમપદ મેરો
હું હી અકલ અનાદિ સિદ્ધ હૂં, અજરન અમર અનેરો...
બંધ મોખ નહિ હમરે કબહી, નહિ ઉપપાત વિનાસ
શુદ્ધ સરૂપી હમ સબકાલે, ગ્યાનસાર પદ વાસ.

ઉપર કહેલી વાત જેને સમજાઈ જાય છે તેને પછી જ્યાં ત્યાં ભટકવાનું રહેતું નથી. ગમે ત્યાં શિર પટકવાનું હોતું નથી. **યોગ સિંહાસન પર ચેતનરાજ બેઠા હોય, ભીતર અજપા જાપ અવિરત ચાલતો હોય, ધ્યેય સાથે અભેદતા જામતી હોય ત્યાં પછી દેવને શોધવા બીજે જવું પડતુ નથી.**

અહંનું ખાલી થઈ જવાપણું છે તેજ શૂન્યતા છે કે જે અવસ્થામાં માત્ર ચેતનનું અસ્તિત્વ છે

**મમતા અને સમતા વચ્ચે અનાદિકાળથી વિસંવાદ જાગેલો છે તેને સમાવવા યોગીરાજ ઉદ્યમ કરી રહ્યા છે. તેમાં સફળતા મળતા સમતાને નિશ્ચિત જણાયું કે મારા સ્વામી પ્રગતિ કરી રહ્યા છે, તેથી તે તેમની પ્રગતિમાં સહાયક થઈ મદદ કરી રહી છે.**

સમતા પોતે પરમ નરમ મતિવાળી છે જે યોગીરાજે આગળના પદોમાં તે રીતે ઓળખાવી છે. તે સ્વભાવે અબળા છે, તે બળવાન પુરુષના સાનિધ્યને ઈચ્છે છે અને આવા પતિનો તેને સમાગમ થયો તેથી તે ઉમળકાભેર આનંદના - ઉલ્લાસના વચનો ઉચ્ચારે છે.

સમતા, કરૂણા વગેરે ઈશ્વરીય તત્ત્વના અંશ છે તેની સહાયથી ચેતન પોતાની પ્રભુતા પ્રગટાવી શકે છે.

**ખંજન દ્દગન દ્દગ ન લગાવું, ચાહુ ન ચિતવન અંજન**
**સજન ઘટ અંતર પરમાતમ, સકલ દુરિત ભય ભંજન...૨.**

સકળ દુરિતનો નાશ કરનાર અને ભયનું ભંજન કરનાર પરમ કૃપાળુ પરમાત્મા મારા ઘટમાં સ્વજનની જેમ પ્રગટ્યા છે. હવે મારો દેહ એ માટીની કાયા નથી રહ્યો પણ મંદિર બન્યુ છે હવે મારે ખંજન પક્ષીની જેમ દૂર દૂર દૃષ્ટિ માંડવાની જરૂર નથી અને પ્રભુને મેળવવા ચિંતન-મનનના અંજનને પણ આંજવાની જરૂર નથી. **અત્યાર સુધી પ્રભુ મંદિરમાંથી મળશે, શાસ્ત્રોમાંથી મળશે, તીર્થોમાંથી મળશે એમ માની એ બધા સ્થાનોમાં હું બહુ ફર્યો. જુદા જુદા અનેક નિમિત્તોને મેં પકડ્યા પણ મને એ ખ્યાલ ન આવ્યો કે મારા પ્રભુ મારી ભીતર જ છે. તેને મેળવવા મારે બહાર ક્યાંય જવાની જરૂર નથી. તું તારામાં ડૂબે તો કર્મના કોચલા નીકળી જાય અને અંદર રહેલ પ્રભુ બહાર આવે.**

**ઉપાદાનને તૈયાર કરવા નિમિત્ત કારણની જરૂર પડે છે પરંતુ તે માટે દૃષ્ટિનો વળાંક પોતાના ઘર તરફ હોવો જરૂરી છે.** આનંદઘનજીનો આત્મા પૂર્વના ભવોની તેમજ આ ભાવની સાધના દ્વારા એટલો જાગી ગયો છે કે તેમનામાં હવે પ્રભુ પ્રગટી ચૂક્યા છે. પોતે અપ્રમત્ત ગુણઠાણા સુધી પહોંચી

જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા અનુભવી ચૂક્યા છે તેથી હવે તેમને બહારના નિમિત્તોની એટલી જરૂર નથી. ચૈતન્યગોળો દેહથી જુદો અનુભવાય છે છતાં હજુ સંપૂર્ણ જુદાપણું પ્રગટ્યુ નથી તે માટે ક્ષપકશ્રેણીના પુરુષાર્થની જરૂર પડે.

છઠ્ઠે - સાતમે ગુણઠાણે ચેતન અને ચેતના બંને અભેદ પામે છે. આ પરિસ્થિતિ સુવિશુદ્ધ ચેતનાની હોઈ ચેતના માટે અતિ આનંદદાયક છે.. અહિંયા મોહનું સામ્રાજ્ય પદભ્રષ્ટ થયેલું છે. મોહ-માયા-મમતા-કુમતિ ક્યાં જતા રહ્યા છે તેનો ખ્યાલ પણ આવતો નથી.

ખંજન એ લાંબી આંખવાળુ ચકવાક જેવુ પક્ષી છે જે પોતાની લાંબી લાંબી આંખોથી દૂર દૂર જુવે છે. શુદ્ધ ચેતના કહી રહી છે કે મારા સ્વામી જ્યારે હવે મને આવી મળ્યા છે, મારી સાથે તેમનો અભેદ વાસ થયો છે તેથી હવે મારે ખંજન પક્ષીની આંખો જેવી દૂરનું જોવાવાળી આંખોને મેળવવાની જરૂર નથી. તેમજ મારી આંખમાં સ્વામીને જોવા માટે અંજન આંજવાની પણ જરૂર રહેતી નથી. તાત્પર્ય એ છે કે સ્વરૂપ અપ્રગટ હોય તો તેને મેળવવા આ બધું કરવું પડે. તેના સાધનો તરફ લક્ષ દોડાવવું પડે. મારે તો હવે ખંજન પક્ષીની જેવા દૂર દૂર સુધી જોઈ શકે તેવા સારા નેત્રોની પણ જરૂર નથી તેમજ કોઈ પણ પ્રકારના અંજનની પણ જરૂર નથી કારણ સમસ્ત પાપો અને ભયનો નાશ કરનાર પરમાત્માને મેં મારા શરીરમાંજ સજ્જ થયેલા જોયા છે અને તેથી હવે કોઈ વિકલ્પનો આશ્રય કરવાનો રહેતો નથી.

પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત થાય અથવા શુદ્ધ ચેતનનો પતિદેવ તરીકે સ્વીકાર થાય એ પરિસ્થિતિ સર્વદોષનો નાશ કરનાર છે, તેથી તેમાં ઈહલોક-પરલોકનો ભય કે પશુ આદિનો ભય પણ રહેતો નથી.

એ પરમાત્મા કેવા છે ? ત્યાં ઘટ-અંતરમાં બેઠા બેઠા શું કરી રહ્યા છે ? તે હવે નીચેના ઉદ્ગાર કાઢતા કહે છે.

**એહિ કામગવિ, એહિ કામઘટ, એહિ સુધારસ મંજન**
**આનંદઘન પ્રભુ ઘટ વન કે હરિ, કામ મતંગ ગજગંજન...૩.**

---

પરમાં પ્રવર્તનથી જ દેશ અને કાળ ઊભાં થાય છે.

મારા અંદર પ્રગટેલા પરમાત્મા એ કામદુધા ગાય છે, એજ કામઘટ છે, અમૃતરસનું સ્થાન પણ એજ છે, મારા શરીર રૂપી વનમાં રહેલ પ્રગટ હરિ = પણ એજ છે.

જેમની શોધ મેં આદરી હતી તે પરમકૃપાળુ પરમાત્મા મારા અંતરમાં પ્રગટ્યા છે તે સર્વ વાંછિતને આપનાર હોવાથી કામધેનુ ગાય જેવા અને કામકુંભ જેવા છે. તેને પામીને મારો આત્મા અમૃતરસના કુંડમાં સ્નાન કરતો હોય તેવું અનુભવાય છે. શાંતતાની દષ્ટિએ એ અમૃત સરોવરમાં અવગાહન કરવા તુલ્ય છે.

જેમ સિંહ બાળ સ્વરૂપે હોય તો પણ મોટા મોટા હાથીઓના મદને ઉતારી નાંખે તેવી તેનામાં પ્રચંડ શક્તિ રહેલી હોય છે તેમ મારા ઘટ-અંતરમાં પ્રગટેલ આનંદઘનના નાથ પ્રભુ કામદેવ રૂપી મદોન્મત હાથીનું ગંજન કરનાર છે અર્થાત્ કામના મદને મથી નાંખનાર છે અને તેથી તે સાચે જ હરિ અર્થાત્ સિંહ પણ છે.

અહીં ચેતનરાજને કામદેવ રૂપી હાથીના મદને ઉતારનાર તરીકે કહ્યો છે. બીજા મનોવિકારો કરતા કામદેવનો વિકાર ભારે આકરો છે. એ સમજુ લાગતા પ્રાણીને પણ પ્રથમ વિહ્વળ બનાવે છે, પરવશ બનાવે છે પછી માણસાઈથી દૂર કરી વિવેકહીન બનાવે છે, ઉત્તમ દેખાતા ઋષિઓને એણે એકાંતમાં પાપાચારી બનાવ્યા છે.

જે વનમાં આવા આનંદઘનનો નાથ બેઠો હોય ત્યાં કામ ફરકી શકતોજ નથી અને કદાચ આવે તો સિંહની જેમ જેની એક દષ્ટિ માત્રથી ભાગી જાય તેવા પરમાત્મ દેવ મારા ઘટમાં પ્રગટ્યા છે તેનો આનંદ શુદ્ધ ચેતનાને માતો નથી.

જેમ આનંદઘનજીએ પોતાના ઘટ-અંતરમાં પરમકૃપાળુ પરમાત્માને પ્રગટ કર્યા તેમ દરેક જીવ માત્રમાં તે પ્રભુ રહેલા છે. તેઓ પણ તેમના હૃદયમાં પોતાના તે પ્રભુને પ્રગટ કરે તેવો તેમનો સંકેત છે.

卐

# પદ - ૬૧

मेरीसु तुमतें जुकहा, दूरीके होनैं सवैरीरी ॥ मेरी. ॥१॥

रूठसें देख मेरी मनसा दुख घेरीरी ॥
जाके सङ्ग खेलो सोतो, जगतकी चेरीरे ॥ मेरी. ॥२॥

शिर छेदी आगे धरे, और नहीं तेरीरी ॥
आनन्दघनकीसो, जो कहुं हुं अनेरीरी ॥ मेरी. ॥३॥

આ પદમાં સમતા અને મમતા બંને પોતાના સ્વામી ચેતન આગળ પોતાના વિચારોની રજુઆત કરી રહ્યા છે, તેનો ચિતાર યોગીરાજે પોતાને થયેલા અનુભવના આધારે આ પદમાં ખડો કર્યો છે.

કાયા પ્રત્યેની માયા જીવને અનાદિકાળથી છે. માયા અને મમતાનો ચેતન સાથેનો પતિ-પત્ની તરીકેનો વ્યવહાર સ્વાર્થની ધરી પર રહેલો છે, તેમાં દલાલ રૂપે રાગ-દ્વેષ રૂપી ધૂર્તો વચ્ચે ભાગ ભજવી રહ્યા છે.

માલવાનો રાજા ભર્તૃહરિ પોતાની પત્ની પિંગળા પ્રત્યે અત્યંત મમતાવાળો હતો પણ જ્યારે પિંગળાનો સ્નેહ પોતાના પર નથી પણ હાથીના મહાવત ઉપર છે, તેની જાણ છતાં ભર્તૃહરિએ રાજપાટ છોડી મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથના શિષ્ય બની નાથ સંપ્રદાયમાં સંન્યાસ સ્વીકાર્યો. કાયાની મમતા ઉતારી તપ સાધનામાં લાગી ગયા. કાયાની માયાનો સંબંધ આવો વિચિત્ર હોવાથી આ સંબંધને સ્વાર્થતામાં ઘટાડી જ્ઞાનીઓએ કેઈ આત્માઓને જાગૃત કર્યો છે.

જ્યારે સમતા સાથેનો સંબંધ ચેતનનો આત્મીયતા ભરેલો હોવા છતાં ચેતન તે સંબંધને ભૂલ્યો છે અને દેહ-ઈન્દ્રિય-સ્ત્રી વગેરે વિષયોમાં રાગ ભાવથી ખેંચાઈને પુદ્ગલ પરમાણુઓને તેને પોતાના તરફ ખેંચ્યા છે અને આત્મા સાથે એકમેક કર્યા છે.

જીવનો સમતા સાથેનો સંબંધ એ ગુણ ગુણી ભાવનો સંબંધ છે, કે જેવો ફુલનો સુગંધ સાથેનો સંબંધ છે. ફુલનો રસાસ્વાદ માણવા જેમ ભમરાઓ એક

સ્થાનમાંથી બીજા સ્થાનમાં ફરતા રહે છે તેમ કાયા સાથેનો માયાવી સંબંધનો યોગીરાજને અનુભવ થવાથી રીસાયેલી કાયા જે કહે છે તે બતાવે છે.

**મેં રીસુ તુમતેં જુ કહા....૧.**

હે નાથ ! હું તમારી સાથે રીસાયેલી છું, તમારા ઉપર ગુસ્સે થયેલી છું. હું અનાદિકાળથી તમારી સાથે રહેલી હોવા છતાં અને તમારા સુખ દુ:ખમાં ભાગીદાર બનેલી હોવા છતાં તમે મને તમારી પત્ની તરીકે જોવા તૈયાર નથી અને જેણે તમારા સુખ દુ:ખમાં કદી ભાગ લીધો નથી તે પેલી જુ એટલે જુઠી સમતા તેને તમે તમારી પત્ની માનો છો તો, જરા બરાબર વિચાર કરો કે ખરેખર કોણ તમારી છે ? જો સમતા તમારી હતી, તો અનાદિકાળથી તમારાથી દૂર ને દૂર કેમ રહી ? આમ માયા-મમતા સમતાના વિરોધમાં ચેતનની કાન ભંભેરણી કરી રહ્યા છે.

**દૂરી કે હૌને સ બૈરીરી...૧.**

એ સમતા અનાદિકાળથી તમારાથી દૂર ને દૂર રહેલી હોવાથી તે તમારી બૈરી એટલે પત્ની નથી પણ વૈરી છે. પત્ની તો સાચા અર્થમાં તે કહેવાય કે જે પોતાના પતિનો પડછાયો બનીને રહે અને ક્યારે પણ પતિને ન છોડે.

આની જાણ જ્યારે સમતાને થાય છે ત્યારે તેનુ ચિત્ત ચિંતારૂપી દુ:ખથી ઘેરાઈ જાય છે અને ચેતનને ઠપકો આપતા કહે છે કે :

**રૂઠે સેં દેખ મેરી મનસા દુ:ખ ઘેરીરી...૨.**

મારા ઉપર તું રૂઠ્યો છે. તેં મને તરછોડી છે, મારા પર દ્વેષ પણ તેંજ કર્યો છે. મારી સાથે તારો વિયોગ કરાવનાર અને સતત તારી કાન ભંભેરણી કરનાર આ તને વળગેલ કાયાની માયા મમતા છે તે તને દેખાતુ કેમ નથી ? અરે ચેતન ! તારી વિવેક દષ્ટિને ઉઘાડી તું જોઈશ તો તને ખબર પડશે કે સત્ય ક્યાં છુપાયેલું છે ? તું મમતાના ઘરે જઈને બેઠો એટલે તારા વિયોગમાં મારા ચિત્ત માનસ પર દુ:ખના વાદળ ઘેરાઈ ગયા છે એ તારી નજરે કેમ ચડતા નથી ?

જાકે સંગ ખેલો સો તો જગત કી ચેરીરી...૨.

જેના સંગમાં રહીને તું ખેલ્યો, તેં ક્રીડાઓ કરી, અનંત અનંત જન્મ મરણ તારે કરવા પડ્યા, સંસાર નાટકમાં નવનવા સ્વાંગ સજીને બહુરૂપીના વેશ ભજવવા પડ્યા તે કાયાની મમતા કોણ છે ? કેવી છે ? તેને હજુ સુધી તે કેમ ઓળખી નથી ? **પુરુષ અને પ્રકૃતિના મિશ્રણથી આ નર અને નારીના દેહમાં રહેલો ચેતન સ્વરૂપે પરમાત્મા હોવા છતાં અત્યારે જીવાત્મા બની જુદા જુદા પાત્રો રૂપી ખેલ ખેલી રહ્યો છે એ દેખીને મારું ચિત્ત દુ:ખના વાદળોથી ઘેરાઈ રહેલુ છે. કારણ કે જગતની એંઠને કોઈ પુરુષ ન ખાય તેવી મેલી એંઠનો ચારો ચરવાવાળી (ચેરીરી) તે કાયા છે અને તેં આવી કાયાનો સંગ કર્યો છે.** તેની ઉપર તું પોતેજ માયા અને મમતાવાળો બન્યો છે અને તું પોતેજ મારાથી રુઠ્યો છે, તું પોતેજ મારાથી દૂર ગયો છે તેંનો તું ખ્યાલ કેમ કરતો નથી ?

માયા અને મમતા એ દાસી-નોકરાણીની જાત - રખડુ જાત - ભાંડ ભવૈયાની જાત એની સાથે પ્રીતિ કરતાં તને શરમ કેમ આવતી નથી ?

શિર છેદી આંગે ધરે - ઔર નહિ તેરીરી...૩.

આ કાયા એ તારો પુણ્યોદય હશે ત્યાં સુધીજ તને તારી લાગશે અને ત્યાં સુધીજ એ તારા પર રીઝશે. એ કાયાના ભોગમાં તને ત્યાં સુધી સુખ લાગશે. પણ એ જ્યારે વિફરશે, તારા પાપનો ઉદય આવશે, શરીર રોગાદિથી ઘેરાશે ત્યારે ધડથી માથાને છેદી નાંખી બધા પાપકર્મોનો ટોપલો તારા શિર પર ઓઢાડી એ તારાથી છુટી પડી જશે અર્થાત્ જ્યારે પુણ્ય પરવારશે ત્યારે આ કાયા તારો સાથ છોડી દેશે તે વખતે (ઔર નહિ તેરીરી) આ કાયા તારી નહિ બને તને દગો દઈને તને નરકાદિમાં મૂકીને તે ચાલતી પકડશે. ત્યાં આગળ પછી તારે જ શિરછેદન વગેરે દુ:ખો જોવા ભોગવવા પડશે. કાયા ઉપર કરેલ મમતા માઠી છે એના ફળ તને તે વખતે ખબર પડશે. **જીવ આ માનવ દેહે સ્ત્રી આદિ સાથે ભોગો ભોગવી મઝા માણે છે પણ તેનાથી કરમોના બંધથી કાયા બંધાતી નથી પણ જીવાત્મા બંધાય છે.**

આનંદઘન પ્રભુ કને કીસો - જો કહું હું અનેરી....૩.

આનંદઘનના નાથ પાસે જો હું કીસો એટલે કિસ્સો - જીવાત્માની આ કથની કહું છું, કહાની કહું છું તો ચેતનને હું અનેરી લાગુ છું. આશ્ચર્યકારી લાગુ છું. કારણ કે આ બધું સાંભળતા ચેતનને મારા પ્રત્યે અભાવ જાગે છે. તે મારા પર રોષ ભરાય છે. પ્રભુ આગળ તું મારી પોલ ખુલ્લી કરી રહી છું એમ લાગે છે.

કાયા જ્યારે રોગથી ઘેરાઈ જાય છે, વૃદ્ધાવસ્થામાં કાયા જ્યારે પરાધીન બને છે, કોઈ દેખભાળ કરનાર હોતું નથી, સ્થંડિલ-માત્રુ બધું પથારીમાંજ થઈ જાય છે ત્યારે જીવને તે દશા સાક્ષાત્ નરકાગાર સમી લાગે છે અને તે પ્રભુને વિનંતી કરે છે કે પ્રભુ મને હવે અહિંયાથી ઉપાડી લો પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. આવા અનેક દશ્યો જીવાત્મા જોતો હોવા છતાં તે જાગતો નથી તેજ મોહ માયા મમતાનો પ્રભાવ છે. સમતા કહે છે કે જ્યારે હું સાચી હકીકત કહુ છું ત્યારે લોકો હું અનેરીરી = મને જુદાઈની નજરે જુએ છે. જીવ પોતે વિચારક બને તોજ તેને અધ્યાત્મનું તત્ત્વ સમજાય એમ છે, બાકી બીજા ગમે તેટલુ કહે અથવા પોતાને પણ સંસારમાં અનેક પ્રકારના કડવા અનુભવ થાય છતાં જો જીવ મૂઢ છે, ગમાર છે, અવિચારી છે તો તેને કાંઈ લાભ થતો નથી.

આનંદઘનજીનો આત્મા સંસારમાંથી જાગી ઉઠ્યો છે એટલે તેમનામાં રહેલી સમતા તેમને વારંવાર જાગૃતિ આપી માયા-મમતાના પ્રપંચમાંથી બચવા પ્રેરણા કરે છે. આવા અધ્યાત્મિક પદોની રચના કરવા દ્વારા યોગીરાજનો આશય જગતના જીવોને મોહની નિદ્રામાંથી જગાડવાનો છે. મનુષ્યભવ એ જાગૃતિનો કાળ છે, એમાં જો જીવ જાગી જાય તો કામ થઈ જાય તેમ છે.

卐

# પદ - ૬૨

## (રાગ - મારુ)

पीया बीन सुधबुध खूंदी हो, विरहभुयंग निशासमे ॥
मेरी सेजडी खूंदी हो ॥ पीया. ॥१॥

भोयण पान कथा मिटी, किसकुं कहुं सूधी हो ॥
आजकाल घरआनकी, जीव आस विलुद्धि हो ॥ पीया. ॥२॥

वेदन विरह अथाह है, पाणी नव नेजाहो ॥
कौन हबीब तबीब है, टारे कर करेजाहो. ॥ पीया. ॥३॥

गाल हथेली लगायके, सुरसिन्धु समेलीहो ॥
असुअन नीर वहायकें, सिंचु कर वेलीहो. ॥ पीया. ॥४॥

श्रावण भादुं घनघटा, विच वीज झबूकाहो ॥
सरिता सरवर सब भरे, मेरा घटसर सब सूका हो. ॥ पीया. ॥५॥

अनुभव बात बनायकें, कहे जैसी भावेहो ॥
समता टुक धीरज धरे, आनन्दघन आवे हो. ॥ पीया. ॥६॥

**પીયા બીન સુધ બુધ ખુંદી હો - વિરહ ભુયંગ નિવાસમેં**
**મેરી સેજડી ખૂંદી હો...૧**

જેમ ચિતારા પાસે ચિત્રને જીવંત બનાવવાની અદ્‌ભૂત કલાશકિત હોય છે, જેને કારણે તે ચિત્રમાં જાણે સાક્ષાત્ બોલતો જીવંત માણસ ન હોય તેવું ચિત્ર ઉપસાવી શકે છે તેમ આત્મામાં પણ આધ્યાત્મિક આત્મકળાને જીવંત બનાવવાની શકિત છે પણ તેનો ઉપયોગ કોઈ વિરલાજ કરે છે, કારણ માનવીની શકિત અન્યત્ર વેડફાઈ રહી છે.

પ્રભુના પ્યારા ભકતને પ્રભુ પર જેટલી પ્રીતિ અને શ્રદ્ધા હોય છે તેટલી જગતના કોઈ પણ પદાર્થ પર હોતી નથી. પ્રભુના વિરહમાં તેના ભકતની શું

---

પરપદાર્થનો ઉપયોગ કરાય પણ તેને પોતાનો નહિ મનાય.

સ્થિતિ હોય છે તેનો ખ્યાલ મીરાં, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ તથા સુલસા અને રેવતિના જીવન ઉપરથી આવી શકે છે. આવા પ્રભુભકતો શોધીએ તો આજે પણ ક્યાંક ક્યાંક જોવા મળી આવે છે.

આંનદઘનજીની સમતા પણ પ્રભુ રસનું પાન કરતા કરતા પરમાત્મા ઉપર ઓવારી ગઈ છે. પ્રભુ વિના એક ક્ષણ પણ ન રહી શકે તેવી તેમની સ્થિતિ છે એટલે વચ્ચે વચ્ચે જેટલો સમય પ્રભુની અનુભૂતિ વિનાનો જાય છે, તે સમય તેમને અકારો લાગે છે, તેનું વર્ણન આ પદમાં તેઓ કરી રહ્યા છે.

અંતઃકરણ એ આરીસ્રો છે, એ જ્યારે મલિન હોય છે ત્યારે જગતના પદાર્થો તેમાં આવી આવીને પડે છે પણ તેની કોઈજ કિંમત નથી, કારણ કે એવા દશ્યો રોજ જોઈ જોઈને જીવ કંટાળી ગયો હોય છે પણ એ અંતઃકરણ રૂપ આરીસો જયારે નિર્મળ સ્વચ્છ થાય છે ત્યારે ભગવાન આત્માનું પ્રતિબિંબ તેમાં પડી શકે છે. અંતઃકરણને નિર્મળ કરવા તેની રોજ રોજ સફાઈ કરવી પડે છે. ઘણો ભોગ આપવો પડે છે. જે પૂર્વે કદી નથી જોયું કે નથી અનુભવ્યું, એવાં જાગૃતદશ્યો પણ અંતરની આરસીમાં પડે તો તેની જગત ભારે કિંમત આંકે છે તો પછી જે અંતઃકરણમાં પરમાત્મા આવીને પ્રતિબિંબિત થાય તો તેની કેટલી કિંમત હોય ? તે વિચારી શકાય છે.

ઉપદેશ પદમાં આવતા દષ્ટાંતમાં ચિત્રસભા બનાવવા માટે બે ચિતારામાંથી એક ચિતારાએ છ મહિના સુધી માત્ર ભીંતનેજ ઘસી ઘસીને મૃદુ અને પારદર્શક બનાવી હતી, જેનાથી સામેની ભીંત ઉપર દોરેલ ચિત્ર આબેહુબ તેમાં ઉપસી આવ્યું હતું. એમ આત્માએ પણ તત્વચિંતન દ્વારા મનની દિવાલો ને ઘસી ઘસીને સાફ કરવાની છે જેથી તેમાં પરમાત્માનું પ્રતિબિંબ ઉપસી શકે.

પરમાત્માની ચાહનામાં પ્રિયતમ એવા પ્રભુનો વિરહ ન ખમી શકવાથી ભકતની મતિ તડપવા લાગે છે. એવા સમયે ભકત પોતાના આંતરિક મનની સુધતા અને બુધતા ગુમાવી બેસે છે. આ વિરહની વ્યથાને યોગીરાજની સમતા ભુયંગ નિવાસ એટલે કાળોતરા નાગને રહેવાનુ ઘર અથવા દર તેની સાથે સરખાવે છે. **આનંદઘનજીની સમતા કહે છે કે પ્રભુ પ્રાપ્તિના વિરહમાં સાપના**

**દરમાં હાથ ઘાલવાથી જે દુ:ખ ઊભુ થાય તેવી પીડાને હું અનુભવી રહી છું. મીરાંની સ્થિતિ પણ પ્રભુના વિરહમાં વિષ મિશ્રિત પ્યાલો પીધા જેવી થઈ ગઈ હતી. મીરાં પોતાની સુધબુધ ગુમાવી બેઠી હતી. પ્રભુ વિરહની ચિંતામાં "મેં મેરી સેજડી ખુંદીહો" - મારી શય્યાને ખૂંદી નાંખી છે અથવા રાત'દિ પ્રભુ વિરહનુ રૂદન એટલુ રહે છે કે રાત્રે શય્યા આખી ભીની થઈ જાય છે કે જેવી પ્રભુના વિરહમાં વિલાપ કરતાં ગૌતમ ગણધર ભગવંતની થઈ હતી.**

અમદાવાદ કે પાટણ ખાતે શ્રાવકની સાથે થયેલા કડવા અનુભવ પછી લગભગ રાજસ્થાનના જંગલોમાં યોગીરાજ એકાકીપણે અને લગભગ અતિ અલ્પ વસ્ત્રયુકત વિચર્યા છે. તદ્દન નિષ્પરિગૃહી જીવન જીવી રહ્યા હતા. પ્રભુ પ્રાપ્તિની અલખધૂન તેમનામાં જાગી હતી. જંગલોમાં એકાંત એ તેમનુ નિવાસ સ્થાન હતું. ધરતીએ શય્યા હતી. ત્યારે તેમને સમતા ને પ્રાપ્ત કરવાની જે તમન્ના હતી તે સમતાજ અહીં સેજડી રૂપે જાણવી. લોક વ્યવહારથી તે સર્વથા પરાઙ્ગમુખ જેવા હતાં. આ કાળના તે અલખ નિરંજન હતાં. અવધૂત યોગી હતાં, અલગારી ફકીર હતાં. એમના પદોની રચનામાં જે એમનામાં રહેલ પ્રભુની તડપનને સમજી શકે તેજ તેમને ન્યાય આપી શકે તેમ છે. **પુત્રની પ્રાપ્તિ પહેલા જેમ સ્ત્રીને પ્રસુતિની પીડા ઉપડવી આવશ્યક છે તેમ પરમાત્માની પ્રાપ્તિ પહેલા ભકતને, સાધકને પ્રભુ પ્રાપ્તિનો પરાકાષ્ઠાનો વિરહ સાલવો જરૂરી છે.**

**જ્યારે સંસારના તમામ સુખોમાં - ભોગોમાં બેચેની અનુભવાય, ક્યાંય પણ મન ઠરે નહિ, આખો સંસાર બધોજ કારાગૃહ અને નરકાવાસ જેવો લાગે ત્યારે સાધક આજુબાજુનું - પોતાના દેહ સુદ્ધાનું ભાન ભૂલી જાય છે અને ત્યારેજ જીવનની કોઈ ધન્ય ઘડીએ પ્રભુ અંતરમાં પ્રગટ થાય છે.**

ભોયણ પાન કથા મિટી...૨.

શરીર નિર્વાહ અર્થે ખાનપાનની ઈચ્છાજ મરી ગઈ હોવાથી તેની કથા હવે રહી નથી. ખાવા પીવાની રૂચિના ભાવજ ખતમ થઈ ગયા છે. સમય અનુસાર નિયતિમાં લખાયેલ જે લુખુ-સુકુ યા ચોપડેલું જે કાંઈ અન્ન પાણી મળે તેને

તેઓ લઈ લેતા અને એક ટાઇમ વાપરીને સંતોષમાં રહેતા. ભોજનપાણી પ્રત્યેના ભાવ જ ખતમ થઈ ગયેલા. એમના મનમાંથી સર્વપ્રકારની લાલસાઓ - ઈચ્છાઓ નીકળી ગયેલી હતી. શરીરને ભાડુ આપવા પુરતીજ ઈચ્છી રહી છે. **સંતોષ ધન પ્રગટ્યા પછી સર્વ ઈચ્છાઓ - લાલસાઓ આત્માધીન બને છે જે એક પ્રકૃતિ પરનો મોટો વિજય સમજવો.**

**કિસકું કહું સૂધી હો...૨.**

આ શુદ્ધિને દેહની શુદ્ધિ કહેવી કે આત્માની ? તે વિચારમાં ચિત્ત ગુંથાયેલુ રહે છે. જો અત્માની શુદ્ધિ હોય તો પરમાત્મ સ્વરૂપના દર્શન થયા વગર રહે નહિ અને જરૂર તેનુ ચિત્ર સામે આવે પણ તેમાં વિલંબ થવાથી તેની પીડા મને સતાવી રહી છે, તેથી સાધનામાં જોઈએ તેવી સ્થિરતા ટકતી નથી.

**આજકાલ ઘરઆનકી જીવ આસ વિલુદ્ધિ હો...૨.**

પ્રભુ મારા ઘરે પધારશે એ આશામાં ને આશામાં મારો જીવ ધીરજ ગુમાવી બેસે છે. શરીરના રાગમાં લુબ્ધ થયેલા જીવોની આશાઓ કદીય પૂર્ણ થતી નથી અને જીવોની આશાના તાંતણે લટકી જીંદગી એળે જાય છે. આશાની દાસીને માર્યા વગર નિરાસાજ હાથ આવવાની. પ્રભુની પ્રભુતાઈ હંમેશા દૂર ને દૂર જ રહેવાની. તે કદી હાથ નહિજ આવે.

**વેદન વિરહ અપાર હૈ, પાણી નવ નેજા હો...૩.**

ભકતને પ્રભુ દર્શનનો વિયોગ અથાગ પીડા કરે છે. તે પીડા કેટલી દુ:ખકારક છે તે દષ્ટાંતથી સમજાવે છે. જેમ પાણી ઢળાણ વાળા પ્રદેશો પરથી નીચે ન વહેતા તેનો પ્રવાહ લોકોના રહેઠાણમાં કે ગામમાં પ્રવેશે તો તે વખતે લોક માનસ પર જેવી ચિંતાઓ ઘેરી વળેલી હોય છ તેવી સ્થિતિ પ્રભુના વિરહમાં સમતાની છે. ન જાણે નેવનાં પાણી મોભે ચડ્યા છે તેવી સ્થિતિ તે અનુભવે છે. ચિંતા એ રાગ નથી પણ આત્માના દશ પ્રાણોને હરનારી આગ છે.

**કૌન હબીબ તબીબ હૈ, ટારે કર કરેજા...૩.**

રોગને પૂર્ણ રીતે તપાસી નિદાન કર્યા પછી આશ્વાસન આપે કે ચિંતા ના કર, તારા સર્વ દુ:ખો અને પીડાઓને હું ટાળી દઈશ, તારી સઘળી ચિંતાઓ શમી જશે. (કર કરેજા) - તું તારે જે કર્તવ્ય કરી રહી છે તે કરેજા = તે ચાલુ રાખ એવો દિલાસો આપનારા કોઈ હબીબ - એટલે પ્રભુ શાસનનો વારસો સંભાળનાર વૈદ્યજ મારા રોગનું નિવારણ કરી શકશે કારણ કે તેવો અનુભવી જ્ઞાની સમર્થ ગુરુજ ભકતના પ્રભુ વિરહના દુ:ખને ટાળવા સમર્થ છે.

**ગાલ હથેલી લગાય કે, સુર સિંધુ સમેલી હો....૪.**

ગાલ ઉપર હથેળી ટેકવીને બેસનાર મારા જેવી અભાગીણીની ચિંતાઓને ટાળી શકે એવા તબીબને શરણે મેં મારી જિંદગી સમર્પી છે. એમનો મેળાપ થાશે કે કેમ ? અગર થશે તો ક્યારે થશે ? તેનો ઉકેલ સમતા ઈચ્છી રહી છે.

સુરસિંધુ - સ્વયંભુ રમણ સમુદ્રના પશ્ચિમ છેડે સમિલા અને પૂર્વ છેડે ધુંસરી પડીહોય કે જે બળદગાડાના બે સાધનો છે. તો આ બે સાધનો પાણીના પ્રવાહમાં તણાતા-તણાતા, અથડાતા કુટાતા ક્યારે ભેગા થાય ? થાય પણ ખરા અને ન પણ થાય. કોઈજ નિશ્ચિંતપણે કહી શકાય નહિ. તેમ માનવદેહ અને તેમાં પ્રભુનુ મિલન થવું આ બે દુર્લભ વાના છે માટે મળેલ ઉત્તમ ટાણાનો પરમાર્થ માર્ગે સદુપયોગ કરી લેવો એ પ્રભુ વીરની વાણીનો પુકાર છે. આવી સાચી શિખામણ સમતા ચેતનને આપી રહી છે.

**અસુઅન નીર વહાય કે - સિંચું કર વેલી હો...૪.**

સમતાને પોતાના પ્રિયતમ પરમાત્માને ક્યારે ભેટાય તેની એક માત્ર ચિંતા છે. તે ચિંતામાં ને ચિંતામાં તેની આંખમાંથી આંસુઓના નીર વહેજ જાય છે. એ નીર એટલા વહ્યા છે કે જેનાથી પોતાની હાથ રૂપી વેલડી પણ જળથી સિંચાઈ ગઈ છે. થોડા રૂદને ગાલ ભરાઈ જાય જ્યારે અહિંયાતો એટલુ રુદન છે કે જેનાથી હાથ ભરાઈ ગયા છે. અત્યાર સુધી દેહ પ્રત્યેના રાગભાવથી તો જીવે સંસાર વધાર્યો હતો અને દિવ્ય અનુભૂતિઓ રૂપી અમૃતવેલડીઓ કરમાઈ ગઈ હતી પરંતુ હવે આત્મા જાગ્યો છે. શુદ્ધ ચેતનાને પોતાના પતિ પ્રાણનાથ

- પ્રિયતમ પરમાત્માને મળવાની તાલાવેલી જાગે છે, પ્રભુના વિયોગમાં શુદ્ધ ચેતના ઝુરી રહી છે, હૈયાફાટ રૂદન કરી રહી છે, પ્રભુના વિરહમાં જે રૂદન ચાલી રહ્યુ છે તેનાથી આત્મા અંદરથી વિશુદ્ધ બનતો જાય છે. જીવને અનંતકાળ સુધી કરેલ ભૂલનો પશ્ચાતાપ જાગે છે. પોતાની ભૂલને સુધારવાનો આજ શ્રેષ્ઠ માર્ગ છે. આનાથી આનંદઘનજીને ભાવિનુ સૂચન કરનારી ઉત્તમ પ્રકારની અનુભૂતિ સ્વરૂપે એંધાણીઓ મળી રહી છે, તેની તેમણે નોંધ લીધી છે.

શ્રાવણ ભાંદુ ઘનઘટા - વિચ બીજ ઝબૂકાહો,
સરિતા સરવર સબ ભરે - મેરા ઘટસર સબ સૂકા હો... ૫.

શ્રાવણ અને ભાદરવા મહિનામાં આકાશમાં વાદળાઓની ઘનઘોર ઘટાઓ જામી છે, વચ્ચે વચ્ચે વીજળીઓ ઝબકારા મારે છે, ધરતી વરસાદથી લીલીછમ નવપલ્લવિત થઈ ગઈ છે, નદીઓ પોતાના પટથી દૂર દૂર ફેલાઈ જઈ જઈ પોતાના પરમ પિતા સમુદ્રદેવને ભેટવા નાચતી-કૂદતી જઈ રહી છે, ચારે બાજુ લીલી વનરાજી ફાલીફુલી રહી છે, સરોવરમાં પાણી સમાતા નથી, તળાવો ભરાઈ ગયા છે, કૂવાઓમાં પાણી ઉપર આવ્યા છે, મેઘરાજા મન મૂકીને પ્રસન્ન થઈ વરસી રહ્યા છે. નાળાઓ-તળાવો-સરોવરો પાણીથી છલકાયા પછી પાણીનો વેગ સરિતાઓમાં ઠલવાઈ રહ્યો છે તેણે કારણે નદીઓમાં જે નાદ ઉછળે છે તેને લોકમાં નવમો સરિતાનાદ કહ્યો છે અને આવી બે કાંઠે થયેલી નદીઓ દરિયા તરફ વહી જાય છે ત્યારે સમુદ્રદેવ પોતાની મૂળ પાણીની સપાટી જે હતી તે સપાટીથી પાણી ૭-૮ ફુટ નીચે નમી જાય છે તેજ તેની ગંભીરતા છે. આવો ગંભીરતા યુકત નાદ તે દશમો સમુદ્રનાદ છે. સમુદ્રની આ ગંભીરતાને કારણે જગતે સમુદ્રને મર્યાદા પુરુષોત્તમની ઉપમા આપી છે. આજે પણ શ્રદ્ધાળુ વર્ગ દરિયાલાલને દેવ સ્વરૂપે પૂજે છે. ઝૂલેલાલ કહી નવાજે છે.

આ દશ્યનો અનુપમતાનો ચિતાર જોયા પછી આનંદઘનજીની સમતા વિચારે ચડી ગઈ અને અધીરાઈમાં આવીને પોતાના પ્રાણનાથ આનંદઘન પ્રભુ આગળ પોતાના અંતરના ભાવ જણાવી રહી છે, "હે દેવ ! હે ભાગ્ય દેવ ! હે કુદરત ! જે ધરતી પ્યાસી હતી, શીતલ પાણીની ભૂખી હતી તેની ભૂખના

દુ:ખોને તેં તૃપ્ત કરી શાંત બનાવી પણ મારા પ્રિય પ્રભુના વિયોગના વિરહાનલથી મારા અંતર ઘટ ક્ષેત્રમાં આવેલ સર = સરોવર, નદી, નાળા, તળાવો બધા પ્રભુ પ્રેમ જળ વિનાના સુકા ભઠ થઈ પડ્યા છે. જે મારા અંતરને સતત દઝાડી રહ્યા છે, બાળી રહ્યા છે એને શાંત કરવા મારી અંતરની પુકારને - પ્રાર્થનાને હે પ્રભો ! આપ ધ્યાનમાં લો અને આપના દર્શન આપી મારી આશા પૂર્ણ કરો !''

**અનુભવ બાત બનાયકેં - કહે જૈસી ભાવે હો**
**સમતા ટુક ધરીજ ધરે - આનંદઘન આવે હો....૬.**

આનંદઘનજી પોતાના વિચારોની સ્પષ્ટતા કરતાં કહે છે કે - અમે જે કાંઈ આ સ્તવન ચોવીસી રચી કે ૧૧૦ પદોની રચના કરી તે મારી મોટાઈ દેખાડવાના માટે માન મદથી પ્રેરાઈને કે લોકરંજન માટે નથી રચી પણ પ્રમાણભૂત અનુભવો જયારે અને જેજે સમયે ધ્યાનની અવસ્થામાં થયા તેનુ સ્પષ્ટ આલેખન સ્વ અને પરના હિતાર્થે કર્યુ છે. એમાં અનુભવ વગરની બનાવટી કાલ્પનિક વાતો દષ્ટાંતોમાં ક્યાંય મુકી નથી. (કહે જૈસી ભાવે હો) **આતો જગત છે, જેટલા માથા તેટલા વિચારો, જેને જેવું ફાવે તેવું તારવે, આનો આધાર સૌ સૌની વૈયક્તિક વિચારશ્રેણી પર રહેલો છે. જીવ જેવું કરશે તેવું પામશે. સત્યના શોધકો તો ધૂળમાંથી પણ સત્યને જુદુ તારવી લે છે. મેં તો મને જે ભાવી અને મેં જે જેવી અનુભવી તે તેવી કહી છે.**

આનંદઘનના નાથ પ્રભુ સમતાના અંતરઘટમાં આવી આશ્વાસન આપી રહ્યા છે કે તમારી સમતાએ ધીરજ ધરી ચિત્તના ભાવોને જેવાં સ્થિર રાખ્યા છે તેવાં હજુ ટુક-થોડો (અલ્પ) સમય ધર્મમાં રહીને ચિત્તના ભાવોમાં સમતાને સાધજો - ધારજો - સ્થિરતા રાખજો. આનંદઘન પ્રભુ આજકાલમાં તારા મંદિરે પધારશે.

卐

# પદ - ૬૩

## (રાગ - મારુ)

व्रजनाथसें सुनाथविण, हाथोहाथ बिकायो ॥
विचको कोउ जन कृपाल, सरन नजर नायो. ॥ व्रज. ॥१॥

जननी कहुं जनक कहुं, सुत सुता कहायो ॥
भाइ कहुं भगिनी कहुं, मित्र शत्रु भायो. ॥ व्रज. ॥२॥

रमणी कहुं रमण कहुं, राउ रजतुलायो ॥
देवके पति इन्द्र चन्द्र, कीट भृंग गायो ॥ व्रज. ॥३॥

कामी कहुं नामी कहुं, रोग भोग मायो ॥
निशपतिधर देह गेहह धरि, विविध विविध धरायो ॥ व्रज. ॥४॥

विधनिषेध नाटक धरी, भेख आठ (ठाय) छायो ॥
भाषा षट्वेद चार, सांग शुद्ध पढायो. ॥ व्रज. ॥५॥

तुमसे गजराज पाय, गर्दभ चढी धायो ॥
पायस सुग्रहका विसारी, भीख नाज खायो. ॥ व्रज. ॥६॥

लीलाभु हटुक नचाय, कहोजु दास आयो ॥
रोम रोम पुलकित हूं, परम लाभ पायो. ॥ व्रज. ॥७॥

ऐरि पतितके उधारन तुम, कहिसो पीवत मामी ।
मोंसु तुम कब ऊधारो, क्रूर कुटिलकामी ॥ व्रज. ॥८॥

और पतित केइ उधारे, करणी विनुं करता ॥
एककाही नाउं लेउं, जूठे बिरुद धरता. ॥ व्रज. ॥९॥

करनी करी पार भए, बहोत निगम साखी ॥
शोभा दइ तूमकूं नाथ, अपनी पत राखी. ॥ व्रज. ॥१०॥

निपट अज्ञानी पापकारी, दास है अपराधी ॥
जानु जो सुधारहो, अब नाथ लाज साधी ॥ व्रज. ॥११॥

औरको उपासक हुं, कैसे काइ उधारुं ? ॥
दुविधा यह राखो मत, यावरि बिचारुं ॥ व्रज. ॥१२॥

गइ सो गइ नाय, फेर नहीं कीजे ॥
द्वारे रह्यो ढींगदास, अपनो करी लीजे. ॥ व्रज. ॥१३॥

दासको सुधारी लेहु, बहुत कहा कहिये ॥
आनन्दघन परम रीत, नाउंकी निवहिये. ॥ व्रज. ॥१४॥

**વ્રજનાથસે સુનાથ વિણ, હાથોહાથ વિકાયો**
**વિચકો કોઉ જન કૃપાલ, સરન નજર નાયો...૧.**

વ્રજનાથ એટલે સર્વ જીવરાશિ અર્થાત્ છ કાય જીવના રક્ષણ કરનાર માલિક અરિહંતદેવ જેવા સ્વામી ન મળવાથી હું એક હાથથી બીજા હાથમાં વેચાયો. પણ તેમાં વચ્ચે પડીને ટેકો આપે, મારી ઉપર કૃપા કરે તેવો કૃપાળુ માણસ નજરે ન આવ્યો કે નજરે ન ચડ્યો.

વ્રજનાથ એટલે કૃષ્ણ કે જે ભાવિ ચોવીસીમાં તીર્થંકર થવાના છે તે ભાવિ સુનાથ એટલે સુદેવ - તીર્થંકર પ્રભુ જેવા નાથ મને મળ્યા નહિ. વર્તમાનમાં અન્ય દર્શનમાં રહેલા લોકો કૃષ્ણને પરમાત્મા માની પૂજે છે જ્યારે જૈનો ક્ષાયિક સમકિતિ કૃષ્ણને યોગેશ્વર માને છે અને ભાવિમાં તીર્થંકર થવાના છે એમ માની તેમની ભક્તિ કરે છે. **કોઈપણ વ્યક્તિ કોઈને પણ નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવથી ભજે છે તે આખરે તો તેનામાં રહેલા ભગવત્ સ્વરૂપને ખ્યાલમાં રાખીને ભજે છે માટે નામ-રૂપના વિવાદમાં ન પડતા એના અંદર રહેલ અંતઃકરણની વિશુદ્ધિ જોઈને એને ન્યાય આપવો જોઈએ.**

**ધર્મના નામે મતભેદો - પંથભેદો આપણે ઊભા કરીએ છીએ. આપણી સંકુચિત દષ્ટિ ધર્મના ઓથા નીચે મારા તારાના વિવાદો ઉભા કરે છે. આપણા જક્કી વિચારો ફેલાવવા આપણે ઉગ્રતા ધારણ કરીએ છીએ અને પછી**

---

બહારમાં જોડાવાપણું ભલે હોય પણ અંદરમાં જો છૂટા રહેવાપણું હોય તો તે મોક્ષમાર્ગ છે.

**આપણે ઝનુની બનીને આપણા વિચારોમાં સત્ય છે અને બીજાના વિચારો - માન્યતા ખોટી છે વગેરેના પ્રચારમાં મનુષ્યભવની સફળતા માનીએ છીએ. પરંતુ જ્ઞાનીની દૃષ્ટિએ જ્યાં કષાય છે, ઝનુન છે, અવિવેક છે, આગ્રહ છે, અહંકાર છે, બીજાનો પરાભવ કરવાની અને પોતાને સાચા દેખાડવાની વૃત્તિ છે ત્યાં હિંસા છે જે ભાવ હિંસા છે અને તે દ્રવ્ય હિંસા કરતા વધારે ખરાબ છે. મિથ્યાત્વ, કષાય પરિણતિ બીજાની નિંદા - ટીકા વગેરેની પરિણતિ એ પોતાના આત્માની ભાવ હિંસા છે.**

હકીકતમાં જ્ઞાની તે કહેવાય કે જે સુબોધ જ આપે પણ કુબોધ કદાપિ ના આપે. સ્વ-પરના પરિણામ બગડે તેવા વચનનો પ્રયોગ તે આત્માની ભાવ હિંસા છે માટેજ યોગીરાજે કહ્યું કે **'ખેદ પ્રવૃતિ હો કરતા થાકીયે'** - પરસ્પરમાં ભેદ વધે ખટરાગ વધે તેવી પ્રવૃત્તિ કરતા આત્માને થાક લાગવો જોઈએ.

**દોષ અબોધ લખાવ** - પોતાની જાતનું અજ્ઞાન જ મોટો દોષ છે. અનંત સંસારમાં ભટકતા મને સુનાથ મળ્યા નહિ એના કારણે હું ઘણું ભટક્યો - કહ્યું છે કે -

**ન સા જાઈ ન સા જોણી, ન તં ઠાણં નં તં કુલં ।**
**ન જાયા ન મુઆ જત્થ સવ્વે જીવા અણંતસો ॥**

એનુ કારણ મારી ગુલામી, મારી પરાધીનતા. જેમ ગોપીઓને કૃષ્ણ મળ્યા એટલે તેઓ પોતાની જાતને નાથવાળી માનતી. એમાં આનંદ માનતી હતી. કૃષ્ણની ભક્તિમાં રાત'દિ લીન રહેતી એવી ગોપીઓ પોતાની જાતને ભૂલી જતી હતી. મને અરિહંત પરમાત્મા જેવા સુનાથ મલ્યા નહિ તેથી હું ચારે ગતિમાં રખડ્યો, એકેન્દ્રિયમાં વનસ્પતિ કાયમાં ગાજર-મુળા-પ્યાજ-કંદ-ભાજીપાલો વગેરેમાં મારું લીલામ થયું, તોલ-માપથી હું વેચાયો, ત્યાં હું કપાયો, બફાયો, ચગદાયો, છોલાયો - આવી મારી સ્થિતિ થઈ છતાં ત્યાં કોઈ દયાળુ માણસ ન મળ્યો કે જે મને આવીને વચ્ચે પડીને શરણ આપે અને મને બચાવે.

મનુષ્યભવ અને તેમાં પણ તરણ તારણ જિનશાસન મળવા છતાં જેઓ જિન શાસન પ્રત્યે દુર્ભાવવાળા બને છે, ઉત્તમોત્તમ ક્રિયાને છોડીને અવનતિના

માર્ગે જાય છે તેવા આત્માઓને પછીથી ભવાંતરમાં તેમના રક્ષણ કરનાર કોઈ મળતુ નથી અને તેઓને એકેન્દ્રિયાદિ ભવોમાં ગાજર-મૂળાના ભવોમાં વેચાવુ પડે છે, અનેક યાતનાઓ સહન કરવી પડે છે અને ત્યાં કોઈ તેમનુ રક્ષણ કરનાર હોતું નથી.

આનંદઘનજી મહારાજ કહે છે કે પૂર્વે આવી દશાને હું અનંતીવાર પામ્યો છતાં પૂર્વમાં કોઈક કૃપાળુ પુરુષે મારી પર કરૂણા કરી હશે, તેમના ધર્મને મેં સેવ્યો હશે તેથી આજે જિન તીર્થ મને મળ્યું. અરિહંત પરમાત્મા જેવા સુનાથ મળ્યા અને મને ઉન્નતિના પંથે ચડાવ્યો.

અનંતકાળથી ચારેગતિમાં રખડતા મેં કેવા સંસ્કાર પાડ્યા અને મારે કેવા સગપણો કરવા પડ્યા તે બતાવતા કહે છે.

**જનની કહું જનક કહું, સુત, સુતા કહાયો**
**ભાઈ કહું ભગિની કહું, મિત્ર-શત્રુ ભાયો...૨.**

મારે કોઈને મા કહેવી પડી, કોઈને મેં બાપ કહ્યો, કોઈને દીકરા દીકરી કહેવા પડ્યા, કોઈને ભાઈ તો કોઈને બેન કહ્યા. કોઈને શત્રુ તો કોઈને મિત્ર માન્યા.

સંસારમાં કર્મ પરિણતિ એવી વિચિત્ર છે કે જીવ પોતાના અને પરાયા માની રાગદ્વેષ કરે છે પરંતુ પૂર્વભવમાં જે પત્ની હોય તે આ ભવમાં માતા થાય છે, બાપ દીકરો થાય છે, શત્રુ હોય તે મિત્ર થાય છે, મિત્ર પાછો બીજા ભવે શત્રુ થાય છે એમ આ સંસારમાં જીવ માત્ર કર્મે આપેલો સ્વાંગ સજીને કર્મ નિર્દેશિત પાત્ર રૂપે બની સંસારમંચ ઉપર જુદા જુદા પ્રકારના નાટક કરે છે. જેને પોતાના માની પાછો પાપ કરે છે, લક્ષ્મી મેળવે છે અને તે લક્ષ્મી તથા પરિવાર બધો અહિંયા રહી જાય છે અને જીવને તે પાપને ભોગવવા એકલાજ નરકે જવુ પડે છે. ત્રણ ખંડમાં જેની અપ્રતિમ આણ પ્રવર્તતી હતી તે રાવણ આદિ રાજાઓ પણ રણશય્યામાં એકલા પોઢ્યા. મૃત્યુ સમયે નરકમાં એકલા ગયા પણ પત્ની આદિ પરિવાર સાથે ન ગયો. જેમ સમુદ્રના પાણીમા મોજાઓના અથડાવાથી દૂર દૂર રહેલા માછલાઓ ક્ષણવારમાં ભેગા થઈને પાછા છુટા પડી

**જાય તેમ સંસારમાં મળેલા સ્વજનોનો સંયોગ છે. બ્રહ્મદત્ત અને કુરુમતીનો સંયોગ ૬૫૦-૭૦૦ વર્ષ રહ્યો પછી વિયોગનો કાળ કેટલો ?** જેની કલ્પના પણ ના કરી શકાય. સંસાર એ નવાનવા સંયોગો દ્વારા સર્જાતુ કર્મનું નાટક છે કે જે નાટકનો સૂત્રધાર મોહરાજા છે. તે નાટકને જોનાર કર્મપરિણામ રાજા અને કાલપરિણતિ દેવી છે. જ્યારે સંસારી જીવો એ નાટકના પાત્રો છે, ચારગતિ એ રંગભૂમિ છે, યોનિ એ પડદો છે, રાગ-દ્વેષ તબલા છે, હાસ્યાદિ એ વિદૂષક છે. સ્તવનમાં પણ ઉપાધ્યાયજી વિનયવિજયજી ગાય છે કે..... **"ભવમંડપમાં રે નાટક નાચીયો હવે મુજ દાન દેવરાવ... સિદ્ધારથના.."**

**રમણી કહું રમણ કહું, રાઉ રજ ઉતાર્યા**
**સેવક પતિ ઈંદ ચંદ, કીટ ભૃંગ ગાયો....૩.**

એજ રીતે સંસારમાં સ્વરૂપવાન રમણી, વૃદ્ધાવસ્થામાં અતિ ભોગથી કદરૂપી બની અને રમણીની રમણતામાં અંધ બનેલ પુરુષ વૃદ્ધાવસ્થા (ઘડપણ)માં અનેક રોગોથી ઘેરાઈને પરવશ બન્યો. આજે જે નારી રૂપે દેખાય છે તે પૂર્વે નર રૂપે હતો અને આજનો દેખાતો રમણ પૂર્વે કોઈની પત્ની રૂપે હતો.

તેવીજ રીતે કોઈક વાર સંન્યાસી, બાવા, જોગી વગેરે થઈ અજ્ઞાન ભાવે ઘોર તપ તપી હું ઈન્દ્ર, ચન્દ્ર વગેરે દેવોનો સ્વામી પણ થયો. કોઈક વાર રાજા થયો તો કોઈક વાર અનેકના ચરણની રજ સમાન નોકર પણ થયો, કોઈક વખત રાજા જેટલો ભારે થયો તો કોઈક વખત રજ જેટલો હલકો પણ થયો. ક્યારેક નારકી થયો તો કોઈક વખત ખદબદતો કીડો થયો અને કોઈક વખત ફુલે ફુલે બેસી રસ ચૂસતો ભ્રમર થયો.

આત્મામાં સ્વભાવ અને વિભાવ બંને રહેલા છે. જેવી મતિ તેવી ગતિ. વ્રજનાથ એટલે કૃષ્ણજીને નેમિ પ્રભુનુ શરણ મળ્યું, ઈન્દ્રભૂતિને વીર પ્રભુનુ, ૧૫૦૦ તાપસોને ગૌતમ ગણધરનું શરણ મળ્યું, ઉપાધ્યાય યશોવિજયજીને **આનંદઘનજી** મળ્યા અને પોતાના ભાવોએ પલટ ખાધી. આત્મા સમજણના **ઘરમાં પ્રવેશ્યો.** ચિત્તમાંથી વિભાવ ભાવ ખસ્યો અને સ્વભાવમાં સ્થિર થયો. **આવી રીતે દરેક જીવમાં સારા નરસા બંને ભાવોની યોગ્યતા રહેલી છે માટેજ**

**ભાવ એજ ધર્મ છે એમ કહ્યું છે. પંદર ભેદે સિદ્ધમાં અન્ય લિંગ સિદ્ધને પણ સ્થાન આપ્યુ છે માટે કોઈને પણ મિથ્યાત્વી કહી - ગણી તેમને હલકા અને પોતાના ઊંચા માનવા એને જ્ઞાનીઓએ જાતિમદ કહ્યો છે.** હે પ્રભુ ! આવા જાતિમદ વગેરે અનેક પ્રકારના મદને સેવી મેં અનેક પ્રકારના જીવનો વીતાવ્યા.

**કામી કહું નામી કહું, રોગ ભોગ માચો**
**નિસપતિધર દેહ ગેહ ધરી, વિવિધ વિધ ધરાયો... ૪.**

કોઈક વાર લંપટ, કોઈક વાર નામધારી, કોઈવાર રોગથી ભરેલો, કોઈવાર ભોગથી તરબોળ થયેલો તો કોઈક વાર સંપત્તિ વગરનું દરિદ્રી જેવું રુપ ધારણ કરી હું કર્મોથી અનેક અનેક પ્રકારે વિડંબના પામ્યો.

કોઈક ભવોમાં અત્યંત કામી બની દુરાચારો સેવી અંતે રોગનો ભોગ બન્યો તો ક્યારેક નામી એટલે ઊંચી ઊંચી પદવીઓ પામી, નામના ખ્યાતિ પામી ત્યાં અનાચાર કરી રોગનો ભોગ બન્યો.

જે તદ્દન અપરિચિત કુળ-જાતિ કે જેને પૂરવે કદી જોઈજ નથી તેવા સ્થળો અને તેવા દેહ રૂપી ઘરોમાં મારો આત્મા વનસ્પતિ કાય અને પૃથ્વી કાય જેવા શરીરોમાં લોકોના હાથે વેચાયો ત્યાં મારા માન અને મદના ચૂરેચૂરા થયા, મારા પર પગ મૂકીને લોકોએ મને કચડ્યો, દબાવ્યો, અગ્નિ ઉપર શેક્યો, ધગધગતા પાણીમાં બાફ્યો, છૂંદાયો, લસોટાયો, લોકોના જડબામાં હું ચવાયો.

**વિધિ - નિષેધ નાટક ધરી, ભેખ આઠ-છાયો**
**ભાષા ષટ્ વેદ ચાર, સાંગ શુદ્ધ પઢાયો.....૫.**

આનંદઘનજી કહે છે કે ગૃહસ્થ હોય કે સાધુ દરેકે જેનાથી આત્મ અહિત થતું હોય તેવી દુષ્કૃત કરણી છોડવી જોઈએ અને આત્મ હિત સધાતુ હોય તેવી સુષ્કૃત કરણી કરવી જોઈએ. હિંસાદિ પાંચ મહાપાપો, સપ્ત વ્યસન, પંદર કર્માદાન, ૧૮ પાપ સ્થાનક તેને કરવા નહિ, કરાવવા નહિ અને કરતા ને અનુમોદવા નહિ આ રીતે પાપકરણીના નિષેધની પ્રભુની આજ્ઞા છે. તેમજ

સુકૃત કરણી સચ્ચાઈથી તેમજ મદના ત્યાગપૂર્વક કરવી જોઈએ એવો અનુરોધ છે.

ભાષાષટ્, વેદ ચાર, સાંગ શુદ્ધ પઢાયો,
તુમસે ગજરાજ પાયા ગર્દભ ચઢી ધાયા

**જીવ પોથી પઢીને પંઢીત થયો છે. માન અને મોટાઈના ગાકા પોતાની અંદરમાં ખડકીને બેઠો છે અને વાતો કરે છે પંડિતાઈની. આત્માને શોધવા બહારમાં ભટકે છે અને આત્મા તો અંદરમાં અત્યંત નજીક બેઠો છે. આમ કરવાથી આત્મા હાથ ન આવે, પોથીમાના રીંગણાજ આવે. ગજરાજ = ગજશ્રેણીને બદલે અંદર અહમ્ રૂપી ગર્દભ છુપાઈને બેઠો છે તે તરત જ દોડી આવે છે અને માથા પર ચડી બેસે છે. જીવે અત્યાર સુધી લોકરંજનના કાર્યોજ કર્યા છે પણ ચિત્ત પ્રસન્નતા નથી મેળવી.**

પ્રભુ વીરના નિર્વાણ પછી ઈસાઈ, ઈસ્લામી પંથ નીકળ્યા. અહિંયા આઠ પ્રકારના પંથ બતાવ્યા છે, જે જુદા જુદા પ્રકારન ભેખને ધારણ કરનારા તેમજ જુદી જુદી ક્રિયાને કરનારા હોય છે. (૧) સાધુ (૨) સંન્યાસી (૩) જોગી (૪) જતી (૫) બાવા-જટાધારી (૬) ભિક્ષુક (૭) અઘોરી બાવા (૮) મેલડીયા - તાંત્રિક બાવા - ભૂઆ.

આ બધાજ પોત પોતાના પંથના વિધિ માર્ગને સત્ય માની બીજા બધાને જૂઠ માની નિષેધે છે. આવી ભેદ પ્રવૃતિ નજરે નિહાળ્યાથી તેવા ભેદયુક્ત વિધિ નિષેધને બહુરૂપીની જેમ નાટકિયાની ઉપમા આપે છે. પોતાના દોષો બીજાઓ ભાળી ન જાય એટલા માટે તેને ઢાંકવા કોઈ પંચાગ્નિ તપ તપે છે, કોઈ જટા વધારે છે, કોઈ શરીરે રાખ ચોપડે છે, કોઈ મંત્ર તંત્ર સાધે છે, કોઈ મસાણ જગાવે છે, કોઈ યોગને સાધે છે, કોઈ ભુવાની માફક ધૂણે છે, કોઈ અઘોરી વિદ્યા સિદ્ધ કરવા નરનારીનો ભોગ માંગે છે. કોઈ પંથ ભેદ રાખી બીજાની વિધિને નિષેધે છે, આવી વિધિ અને નિષેધની નાટકીય પ્રવૃતિઓ થતી નજરે નિહાળ્યા પછી યોગીરાજ કહે છે કે **બહારથી સ્વાંગ સજ્યો છે સાધુતાનો અને મનની મેલાશને મોકળી રાખી છે.**

આવા વિધિ અને નિષેધના નાટકને મેં પૂરવે અનંતીવાર કર્યા છે ષટ્ભાષા - સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, માગધી, પિશાચિકી, અપભ્રંશ વેદ ચાર - ઋગવેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ.

સાંગ - દ્વાદશ અંગ - ચૌદ પૂર્વનુ જ્ઞાન.

આગમ શાસ્ત્રોનું જ્ઞાન મુખપાઠ કર્યુ હોય - ઉચ્ચાર શુદ્ધિ પણ કરી હોય તો પણ પોતાના મતપંથના હઠાગ્રહ રૂપી ગર્દભને ભૂંકવાની જેમ તે બધુ અસાર સમજવું.

આનંદઘનજી કહે છે કે મારો આત્મા પૂર્વેમાં આ બધુજ અનંતીવાર કરી આવ્યો છે છતાં તેનાથી કાંઈજ સાર હાથમાં આવ્યો નહિ.

**તુમસે ગજરાજ પાય - ગદર્ભ ચઢી ધાયો**
**પાયસ સુગ્રહકા વિસારી, ભીખ નાજ ખાયો....૬.**

હે પ્રભો ! આ મનુષ્ય ભવ જેવો ઊંચો ભવ પામીને પામવાનું હતું નિર્મળ - શુદ્ધજ્ઞાન કે જે જ્ઞાનના પઠનથી ગજરાજ એટલે ગજશ્રેણી - ક્ષપકશ્રેણીનો માર્ગ ખુલી જાય તેવું જ્ઞાન પામવાનું હતું પણ વચ્ચે માનમદ ધાયો એટલે ધસી આવ્યો જેણ બધું જ્ઞાન પુસ્તકીયું બનાવી દીધું. **જે જ્ઞાન ભણેલુ વિસ્મૃત થઈ જાય પણ ટકે નહિ તે જ્ઞાન પુસ્તકીયું જ્ઞાન કહેવાય જ્યારે અંતરમાં સંસ્કાર રૂપે વાવેલુ જ્ઞાન ગજરાજ પ્રાપ્તિનું કારણ બને. સુનાથ અને સુધર્મ પ્રત્યે કરેલી મિત્રતા મદને હટાવી ગજરાજની પ્રાપ્તિ કરાવે માટે તેવું જ્ઞાન સાચુ છે બાકી બધું બહુરૂપી - નાટકિયુ જ્ઞાન છે.**

પાયસ સુગ્રહ કા વિસારી ભીખનાજ પાયો

અને તે ગજરાજની પ્રાપ્તિ માટે સારા સંસ્કારી - કુળવાન ઘરની પ્રાપ્તિ કરવાની હતી. અર્થાત્ ઊંચા સંસ્કારી કુળમાં આત્માને જન્મ મળે તોજ જીવને વિશુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય અને તોજ ગજરાજ - ક્ષપકશ્રેણી સુધીનો માર્ગ ખુલ્લો થાય પણ જ્ઞાનને વિસ્મૃત કરનાર અને મલિન કરનાર માન મદ વચ્ચે ટપકી પડ્યો અને તેને જીવને આઠ પ્રકારના ભેખધારી બનાવી ગામોગામ અને

ઘરોઘર (ભીખ નાજ પાયો) પેટ ભરવા અન્ન પ્રાપ્તિ માટે ભટકતા કરી દીધા. **પરમાર્થને જે સાધે તેજ સાચા સાધુ બાકી બધા તો (ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયા કળિકાળ રાજે) - કલિયુગમાં મોહની નડતરાથી ગ્રસાયેલા યમરાજના રાજ્યમાં જીવન પસાર કરી રહ્યા છે.** આવી સંસારી ચેષ્ટાવાળી પ્રવૃત્તિઓ નજરો નજર નિહાળ્યા પછી આનંદઘનજી સાતમી ગાથામાં લખે છે કે -

ગા.૭ : લીલાભૂ હટુક નચાય કહો જુ દાસ આયો
રોમ રોમ પુલકિત હું, પરમ લાભ પાયો.

**આ ભૂ એટલે પૃથ્વી ઉપર આચરાતી પ્રપંચ લીલાઓ જીવોને નચાય એટલે નચાવી રહી છે તેને હે સુનાથ ! પ્રભુજી અમે લોકોએ હટુક એટલે હટાવવાને બદલે ચાલુ રાખી છે માટે અમારા દાસભાવ દેખાવના છે અને અંતર અમારા જૂ એટલે જુદા છે. એવું જુઠ્ઠું દાસપણું પ્રભુ સમક્ષ પ્રકાશવામાં આવે તો ક્યારેક છુટકારાનો માર્ગ હાથ ચડશે. પ્રભુ સમક્ષ પ્રકાશવામાં નહિ આવે અને એના ઢાંક પીછોડા કરવામાં આવશે તો ઘેર ઘેર ભીખ માંગવાનો વખત આવશે. પોતાના અંદર રહેલા પ્રભુને ઠગવા એના જેવો ખરાબ દોષ બીજો એકેય નથી. (અધમાધમ અધિકો પતિત સકલ જગતમાં હું, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું)**

**આનંદઘનજી કહે છે કે ભિન્ન ભિન્ન દર્શનકારોએ આત્માના વિષયમાં ભિન્ન ભિન્ન માન્યતાને રજુ કરીને આત્માને ખંડ ખંડમાં વિભાજીત કરી દીધો, તેમજ એક એવા જૈન દર્શનમાં પણ અનેક મતભેદો ઉભા કરનાર ૮૪ ગચ્છો અને તેમના અલગ અલગ વિધિ નિષેધતા જેવા નાટકોને નિહાળ્યા પછી આત્માના પરમાર્થને સાધનારા જે મુખ્ય છ આવશ્યક હતા તે ક્રિયાજડ બની ગયા. સામાયિક આવશ્યક આત્માને સમતાનો લાભ કરાવનાર હતું. બીજુ ચઉવીસત્થો એ ચોવીસ તીર્થંકર પરમાત્માની સ્તવના રૂપ હોઈ દર્શનાચારની વિશુદ્ધિ કરનાર હતુ. ત્રીજુ વંદન આવશ્યક ગુરુ ઉપરના અહોભાવ અને બહુમાનનુ સૂચક હોઈ તે પણ દર્શનાચારની વિશુદ્ધિ કરનાર હતું. ચોથુ**

પ્રતિક્રમણ આવશ્યક ૮૪ લાખ જીવાયોનિને ખમાવવા રૂપ અને ૧૮ પાપ સ્થાનકની માફી માગવા રૂપ હોઈને પાપના એકરાર પૂર્વક પાપથી પાછા ફરવા દ્વારા ચારિત્રની વિશુદ્ધિ કરનાર હતું. પાંચમુ કાઉસગ્ગ આવશ્યક પણ શેષ રહી ગયેલ પાપની વિશુદ્ધિ કરવા દ્વારા ચારિત્રાચારને વિશુદ્ધ કરનાર હતું અને છઠ્ઠું પચ્ચકખાણ આવશ્યક રાત્રિભોજનના ત્યાગ દ્વારા અણાહારી પદને યાદ કરાવનાર તેમજ તપાચારની વિશુદ્ધિ કરનાર હતું અને પાપાચરણ ફરી ન કરવાની પ્રતિજ્ઞારૂપ નૈશ્ચયિક પચ્ચખ્ખાણ હતું.

આમ છ આવશ્યક પાછળ રહેલ આવો દિવ્ય ને ભવ્ય આશય મરી ગયો અને લોકો ક્રિયામાં મત મતાંતર ઉભા કરી ક્રિયા જડ બની ગયા.

દ્વારિકામાં નેમિપ્રભુ ૧૮૦૦૦ શિષ્યગણ સાથે પધારતા કૃષ્ણ મહારાજાએ હૃદયના અત્યંત ઉલ્લાસ સાથે વંદન, ભક્તિ, સત્કાર, સન્માન કર્યા, સાત્વિકી ભાવવાળી પુન્ય પ્રકૃતિનો બંધ કર્યો, ક્ષાયિક સમકિત પામ્યા. પરમ લાભદાયક ફલ પ્રાપ્ત કર્યું. એ મહાન પુણ્યાત્માની પ્રભુ ભક્તિની અનુમોદના કરવાથી આનંદઘનજી મહારાજા કહે છે કે મારા રોમ રોમ પુલકિત બન્યા. મારા મનમાં અનહદ આનંદરૂપી સમુદ્ર ઉછળી રહ્યો છે. આવો અનુભવ થવાથી મારું હૃદય પ્રસન્નતાથી નાચી ઉઠ્યું છે. મારો આત્મા પરમાર્થમાં પંથે ચઢ્યો એ રૂપ મહાન લાભ પામ્યો. પ્રભુભક્તિમાં પણ કેટલી બધી શક્તિ ધરબાયેલી પડી છે એતો એનો અનુભવ કરે તેજ જાણે.

કબીરજી મનના વિષયમાં લખે છે કે :

મન લોભી, મન લાલચુ, મન રાજા મન રંક
યે મન જો હરી સેં મિલે, તો હરિ મિલે નિ:શંક

શરીર અને ઈન્દ્રિયોનો રાજા મન છે માટે મનને પ્રભુ ભક્તિ વ્રત-તપ-જપ-સંયમ-સામાયિક દ્વારા સાત્વિકી કેળવણી આપો.

ઐરિ પતિત કે ઉધારન તુમ, કહિસો પીવત મામી
મોસું તુમ કબ ઉધારો, ક્રુર કુટિલ કામી....૮.

આવી રીતે પૂર્વમાં અનાચારના માર્ગે જે જે ચાલ્યા ઐરિ એટલે એવા પતિત અર્થાત્ ધર્મથી ભ્રષ્ટ થયેલાઓને હે પ્રભુ ! આપે ઉદ્ધાર કર્યો તેમ મારો પણ પ્રભુ આપ ઉદ્ધાર કરો. ઉપર કહ્યા મુજબના શુભકરણી કર્યા વિનાના ભાગ્યના ભરોસે સમય પસાર કરનારા પોતે પોતાનું મામી એટલે લોહી પીને પોતાનોજ નાશ વહોરી રહ્યા છે. **હે નાથ ! મારામાં હજી કુર, કુટિલ, કામનાઓવાળી હલકી મનોવૃત્તિઓ પર અંકુશ આણ્યા છતાં તે કાયમને માટે મૂળમાંથી જતી નથી એટલી મારી કર્મની કઠિનાઈ સમજુ છું તેમાંથી મારો ક્યારે છૂટકારો થાય ? કેવી રીતે થાય ? તેમાંથી ઉગરવાનો કોઈ રસ્તો મને બતાવો. મને સીધા માર્ગે ચડાવો કારણ કે ઉપર કહેલી પુણ્ય પ્રકૃતિ પરમ લાભકારક છતાં આત્મા માટે તો તે બંધન રૂપ જ છે, સોનાની બેડી સમાન છે. તેમાંથી મારો ઉદ્ધાર ક્યારે થશે ?**

ઔર પતિત કેઈ ઉધારે, કરણી બીજું કરતા
એકે કાહી નાઉ લેઉ, જુઠે બિરૂદ ધરતા....૯.

જેણે શુભકરણી કશીજ ન કરી પણ ભગવત્ સ્વરૂપની ભક્તિ વિશુદ્ધભાવથી કરી તો તેવા અનેકોને આપે ઉદ્ધર્યા છે. ઉદાહરણ તરીકે અન્ય દર્શનમાં ભક્ત પ્રહલાદ, એકલવ્ય બાણાવળી, કબીરજીની સાધના, કામદેવ શ્રાવકનું કાર્યોત્સર્ગ ધ્યાન, ભક્ત તુલસીદાસ, જૈન દર્શનમાં સુવ્રત શેઠની મૌન સાધના, સુલસા, રેવતી વગેરેની વીર પ્રભુ પ્રત્યેની પરમ શ્રદ્ધા.

આ પદ રચનામાં મેં એકજ વ્રજનાથજી એટલે કૃષ્ણનું નામ આપીને પ્રભુ ભક્તિનું માહાત્મ્ય ગાયું છે તેને ઘણા અવળો સાર ગ્રહણ કરીને કહે છે કે પોતાની નામના-કીર્તિ મેળવવા - પોતાનુ બિરૂદ મેળવવા આનંદઘનજીએ અન્યધર્મીઓના ગુણ ગાયા છે. આ તો જગત છે અને તેમાં પાછો કાળ પણ વિષમ છે એટલે અવળું ચિતરતા વાર ન લાગે.

કરની કરી પાર ભયે બહોત નિગમ સાખી
શોભા દઈ તૂમકું નાથ અપની પત રાખી....૧૦.

ભગવાનની ભક્તિથી કંઈ કેટલાંય આત્માઓ ભવ પાર પામ્યા છે. ૧૫૦૦

તાપસ, ગૌતમસ્વામી, રોહિણિયો ચોર, મેતાર્ય મુનિ, પુણિયો શ્રાવક, આનંદ શ્રાવક, અર્જુનમાળી, જેસલ તોરલ વગેરે.

આગમ અને નિગમ શાસ્ત્રો આ બાબતમાં ઘણા બધા ભકતજનોની સાક્ષી પુરે છે. હે પ્રભુ ! તે ભગવદ્ ભકતોએ ભગવાનની તેમજ તેમના કુળની શોભા આબરૂ વધારી છે એટલુ જ નહિ પણ પોતાના કુળની પણ પત-શાખને કાયમ રાખી છે. તે ભકતજનો તો ભગવદ્ભકિત દ્વારા તરી ગયા - ભવપાર પામી ગયા છતાં જતાં તેઓ પોતાના કુળની આબરૂને વધારતા ગયા છે. **ઉત્તમ કુળમાં જન્મેલા આત્માઓ ઉત્તમ કરણી કરવા દ્વારા પોતાની ઈકોતેર પેઢીને તારે છે. જગત તેમની સચ્ચાઈના ગુણોને યાદ કરીને આજે પણ આનંદ મેળવી રહ્યું છે.**

**નિપટ અજ્ઞાની પાપકારી દાસ હય અપરાધી**
**જાનુ જો સુધાર હો - અબ નાથ લાજ સાધી....૧૧.**

સંત તુલસીદાસજી - **મૌ સમ કૌન કુટિલ ખલ કામી, જિને તનુ દિયો તાહિ બિસરાયો, ઐસો મૈં નિમક હરામી.**

પુરવે જેની ભકિત ઉપાસના કરેલી તેના ફળ સ્વરૂપે આ જન્મમાં હું માનવ દેહને પામ્યો તેવા મારા ઉપકારી પ્રભુના પરમ ઉપકારને તદ્દન વિસારી દઈ હું ફરી કુર કુટિલ દંભતા ભરેલી આ સંસારની ખલ કામી પ્રપંચી પ્રવૃત્તિઓ રૂપ કામનામાં લપેટાઈને નૈતિક વ્યવહારરૂપ વિધિનો નિષેધ કરી હું મારા હાથેજ મારી ભૂલેજ કર્મસત્તાના બંધન હેઠળ નખાયો અને મેં નૈતિક આચરણાનું પતન કર્યું એવો હું નિપટ એટલે તદ્દન જડ, નપાવટ, અજ્ઞાની, પાપાચારી છું. હે પ્રભો ! મેં આ પદમાં કૃષ્ણની ભકિત કરી એટલે અન્ય દર્શનના દેવની પ્રશંસા કરી એથી કરીને જગતના જીવો મિથ્યાત્વની દૃષ્ટિએ ભલે મને અપરાધી માને ! તેઓની દૃષ્ટિમાં હું અપરાધી ગણાઉ છું તે વાત મને કબુલ છે. (જાનુ જો સુધાર હો અબ નાથ લાજ સાધી) પણ હે પ્રભો ! આપની દૃષ્ટિમાં પણ મારી એ ભૂલ દેખાતી હોય અને આપ મારી એ ભૂલોને સુધારવા ઈચ્છતા હો તો મારો સુધારો કરો તોજ હું જાનુ = જાણું કે પ્રભુએ આજે મારી લાજને -

આબરૂને સાધી (બચાવી-સાચવી) લીધી છે.

હે પ્રભો ! મારામાં આટલો ત્યાગ-વૈરાગ્ય હોવા છતાં મારી ધ્યાનોપાસનામાં જરૂર ક્યાંય કચાશ રહેલી હશે એમ હું માનુ છું. મારી ભૂલ ન જ થાય તેમ હું માનતો નથી. હું છદ્‌મસ્થ છું. મારી ભૂલ થવાને પણ અવકાશ છે. તેથી હે પ્રભો ! મારી આપને એકજ વિનંતી છે કે આપ મારી ભૂલોને કરૂણા કરીને સુધારો.

**ઔર કો ઉપાસક હૂં - કૈસે કાઈ ઉધારું**
**દુવિધા યહ રાખો મત - યાવરિ બિચારું....૧૨.**

આતો અન્ય દેવોનો ઉપાસક છે તેને હું કેવી રીતે ઉગારી શકું ? જેની એ ઉપાસના કરે છે તે એને ઉદ્ધરશે. કાઈ ઉધારું = અમે કોઈનો ઉદ્ધાર કરવાને સમર્થજ નથી. ઉગરવું કે ઉધરવું, ઉઘાડ થવો કે પતન થવું એ એમના હાથની વાત છે. જે કરશે તે પામશે એવી દુવિધા - દ્વિધા કે દ્વંદ્વભાવ કે ભેદાભેદ કે મિશ્રભાવ રાખવા જેવા નથી. યાવરિ બિચારૂં - શું આનાથી પણ અલગ એવો હજી કોઈ જુદો માર્ગ છે ? એવા વિચારમાં - ચિંતન મનનમાં આનંદઘનજી ચડ્યા છે.

**ગઈ સો ગઈ નાથ ફેર નહીં કીજે**
**દ્વારે રહ્યો ઢીંગ દાસ, અપનો કરી લીજે....૧૩.**

વીતી ગયેલી વાતોને ન વાગોળતાં તેને ભૂલી જાઓ. ચાલુ વર્તમાનમાં મારે શું કરવાનું છે તેની ચિંતા કરો. **મોક્ષમાં ગયેલા અનંતા સિદ્ધ ભગવંતો કંઈ આજે તમારો ઉદ્ધાર કરવા આવે તેમ નથી. તમારો ઉદ્ધાર તમારા ભાવથી થશે.** વીતી ગયેલી વાતોમાં તો હે નાથ ! કોઈ ફેરફાર કરી શકાય એમ નથી. એ તો બધું અમારું ઢંગધડા વિનાનું બેહુદું જ વર્તન હતું. પૂર્વે તેમાં ઘણી ભૂલો થયેલી છે અને હજીયે થતી રહે છે. ''પ્રભુ ! ગમે તેવો તોયે હું તમારો ઢંગધડા વિનાનો કઢંગો બેઢંગો પણ દાસ છું અને આપને દ્વારે આવી ઉભેલો છું તો તેને (અપનો કરી લેજે) પોતાનુ અંગ સમજી આપ આપનામાં સમાવી લ્યો !'' આનંદઘનજીનો અંતર આત્મા પોતાનાજ ભગવાન આત્માને પોતાનામાં સમાવી

લેવાની વિનંતી કરી રહ્યો છે.

દાસકો સુધારી લેહુ - બહુત કહા કહિયે
આનંદઘન પરમ રીત નાઉંકી નિવાહિયે....૧૪.

ભૂતકાળમાં નામ - સ્થાપના - દ્રવ્ય-ભાવથી કરેલી પ્રભુના બાહ્ય સ્વરૂપની ભક્તિથી નરસિંહ મેહતાને જેવા ભાવ હતા તેવા શ્રી કૃષ્ણજીના (માથે મુગટ, શરીર પર પિતાંબર, હાથમાં વાંસડી રૂપે) અંતરમાં દર્શન થયેલા. આ ભક્તિમાર્ગ અને ભૌતિક વ્યવહાર તેમના માટે સાચો છે પણ આત્માનો શુદ્ધ સનાતન માર્ગ તે આત્માની રૂપાતીત અરૂપી દશાવાળો માર્ગ તો કોઈકને જ હાથ ચડે તેમ છે. એવો કઠિનતમ માર્ગ પણ અમને હાથ લાગેલ છે એમ યોગીરાજ કહે છે "હે નાથ ! વધુ શું કહિયે ? આ દાસને આપ સુધારી લ્યો. મારી બધી ભૂલોની ક્ષમા આપો અને આનંદઘન પ્રભુનો પરમ શ્રેષ્ઠ રીતનો જે માર્ગ છે તે માર્ગે મને ચડાવી દ્યો અને આપનો માર્ગ નિભાવવા પાછળ આપના નામનો ચિલો ચાલુ રહે એજ માંગણી આપની કને છે. આ દાસ આપની પાસે આના સિવાય બીજુ કશુંજ માંગતો નથી !"

આ આખુ પદ ક્ષાયિક સમકિતિ કૃષ્ણ મહારાજા કે જે ભાવિ તીર્થંકર થવાના છે તેમની ભક્તિને ઉદ્દેશીને લખાયુ છે, જેમાં આદર્શ સુનાથની ભક્તિ કરી સુનાથને મેળવવાનો અને પોતાના આત્માને સુનાથ બનાવવાનો છે. અનંતકાળની રખડપટ્ટી દૂરી કરીને આત્માને મોક્ષપદ પમાડવાનો છે. આ પદમાં વ્યવહારથી ભલે યોગીરાજે કૃષ્ણની ભક્તિ કરી પણ તત્ત્વથી તો પોતાના હૃદયમંદિરમાં જે બેઠા છે તે પરમાત્માનીજ ભક્તિ છે. એમનામાં વિવેક જાગ્યો છે એટલે એ અન્યની ઉપાસના કરે છે એ વાત એના 'સુનાથ' સારી રીતે જાણે છે એની એને ખબર છે. પોતાને પરમાત્મપદ પામવામાં જે મુશ્કેલી છે તેમાંથી રસ્તો કાઢવા તે પ્રભુને વિનવે છે અને આ તો અન્યનો ઉપાસક છે મારે શું ? એનો ઉદ્ધાર જયારે થવો હશે ત્યારે થશે તેવો દ્વિધાભાવ-ઉપેક્ષાભાવ ન રાખવા વિનવે છે. દુવિધા શબ્દના પ્રયોગની પાછળ પણ આક્ષેપ છે કે ભકતને પ્રભુને ઉપાલંભ આપવાનો હક છે. ભકત ભક્તિના ભાવમાં આવીને

પ્રભુને જે કહેવું હોય તે કહી શકે છે તેમ કરવામાં તેને કોઈ રોકટોક કરી શકે તેમ નથી એટલે દ્વિધાભાવ રાખવો એ આપના જેવા 'સુનાથ' નુ બિરૂદ ધરાવનારને શોભે નહિ એવો અંદરથી ઝળકતો ભાવ છે. જે સુનાથ છે તે ક્યારે પણ દ્વિધાભાવ રાખેજ નહિ છતાં અહિંયા જે કહ્યું છે તે ભકતની ભાષામાં ઓળંભા-ઉપાલંભ રૂપે કહ્યુ છે.

卐

*અજ્ઞાની ઉપકરણને ધર્મનું સાધન માને છે. જ્ઞાની અંતઃકરણને ધર્મનું સાધન માને છે. કારણ કે અંતઃકરણ પરમાત્મા બને છે. માટે ઉપકરણ ઉપર ભાર ન આપતા અંતઃકરણ સુધારવા ઉપર ભાર આપવો જોઈએ. ગમે તે ઉપકરણથી પણ અંતઃકરણ સુધરતું હોય તો તે માન્ય કરવું જોઈએ.*

★

*આ ભવના લાભ માટે બુદ્ધિ મોટામોટા આયોજનો કરે છે પરંતુ ભવાંતરના લાભ માટે કોઈ આયોજન નથી. એ મળેલી દષ્ટિવાદોપદેશીકી સંજ્ઞાનો દુરુપયોગ છે.*

# પદ - ૬૪

## (રાગ - વસંત)

अब जागो परमगुरु परमदेव प्यारे, मेटहुं हम तुम बिच भेद. ॥ अब. ॥१॥
आली लजा निगोरी गमारी जात, मुहि आन मनावत विविध भात ॥ अब. ॥२॥
अलिपर निर्मूली कुलटी कान, मुनि तुहि मिलन विघ देत हान. ॥अब. ॥३॥
पति मतवारे और रंग, रमे ममता गणिकाके प्रसंग ॥ अब. ॥४॥
अब जडतो जडवास अंत, चित्त फुले आनन्दघन भए वसन्त. ॥ अब. ॥५॥

આ આખુ પદ શુદ્ધ ચેતનાના મુખમાં મૂક્યુ છે. કાયાની મમતામાં ફસાવાથી પોતાના સ્વામી ચેતનરાજની જે અવદશા થઈ છે તેમાંથી બચાવવા તે પોતાના પતિને વિનંતી કરી રહી છે.

**અબ જાગો પરમ ગુરુ પરમ દેવ પ્યારે**
**મેટહું હમ તુમ બિચ ભેદ ... અબ....૧.**

"હે નાથ ! હવે જાગો, પ્રમાદને ત્યાગો, હે પરમ દેવ ! હે પરમ ગુરુ ! આપે અનંતકાળ આ કાયાની મમતામાં રહી પ્રમાદમાં ખોયો છે, હવે જાગવાનો સમય થઈ ચૂક્યો છે. મનુષ્યભવ પામ્યા પછી આપ માયા મમતાના પાશમાં સોડ તાણીને સૂતા છો તે આપને શોભે તેમ નથી. હે નાથ ! આપના અને મારા વચ્ચે જે અંતર પડ્યું છે તેને મિટાવવા હું ઈચ્છુ છુ !"

આનંદઘનજીનો આત્મા અંતરાત્મ દશાને પામ્યો છે, હવે તેમનામાં રહેલી શુદ્ધ ચેતના કે જે સમતા રૂપે છે તે હવે પોતાના પતિ શીઘ્ર પરમાત્મ દશાને કેમ પામે તેમ ઈચ્છે છે એટલે અંતરાત્મ દશામાં પોતાના સ્વામીને જે પ્રમાદ નડે છે તે પ્રમાદજ પરમાત્મદશા પામવામાં બાધક છે. અંતરાત્મદશાને પામેલાને પણ ઓછાવત્તા અંશે કાયાની મમતા સતાવે છે. એ કાયાની મમતાથી જ સમતાને પોતાના સ્વામી ચેતનરાજ સાથે અંતર રહે છે અને તે અંતર દૂર કરવા તે સ્વામી ચેતનરાજને વિનવે છે.

આલી લાજ નગોરી ગમારી જાત
મુહિ આન મનાવત વિવિધ ભાત....૨.

હે સ્વામિન્ ! આ પેલી કાયા કે જેને લાજ, શરમ, મર્યાદા કેમ સાચવવી એનું પણ ભાન નથી તેથી તેની જાત સાવ ગમાર અને જંગલી છે. વસ્ત્રાભૂષણથી મઢેલી હોય ત્યારે તે ગોરી દેખાય છેપણ અંદરમાં તો તે દુર્ગંધમય મળ-મુત્ર-વિષ્ટાથી ભરેલ કોથળો છે. તેનુ સ્વરૂપ સાવ નગોરૂ = કદરૂપુ છે, તે મારી પાસે આવીને વિવિધ પ્રકારની માંગણીઓની પુરતી કરવા મને વિનંતી કરી રહી છે.

સામાયિકભાવની સાધનામાં લાગી ગયેલા એવા આપના તપનો ભંગ કરવા ઈચ્છે છે. તે મને કહે છે કે ચેતન મારા પ્રત્યે કઠોર વર્તન રાખે છે અને વાતવાતમાં મને તરછોડે છે. આવુ જ્યારે કાયા સમતાને કહી રહી છે ત્યારે સમતા કાયાને જણાવે છે.

અલિ પર નિર્મુલી કુલટી કાન
મુનિ તુહિ મિલન બિચ દેત હાન...અબ...૩.

અરે કાયા ! તું મને મારા પતિને સમજાવવા માટે શું કહી રહી છે ? તું તારી જાતનો તો વિચાર કર. તું ગમે તેમ તોય પર જાત, પારકી જાત - પુદ્ગલની જાત જ્યારે મારા સ્વામી તો ચેતન. મસાણ એ તારું ઘર છે. પેલી વૃક્ષની કાયા તો હજુ સારી. તેના બળતણ, ફળ, ફુલ બીજાના કામમાં આવે, પોતાની નીચે રહેલા મુસાફરોને છાયા આપે. ગાય અને ભેંસની કાયા પણ સારી કે જે બીજાને દૂધ-દહીં-માખણ-છાશ-ઘી વગેરે આપે, તેના ચામડાથી લોકોને પગનું રક્ષણ મળે. અરે ! એના છાણ મૂત્ર પણ ઔષધ રૂપે કામમાં આવે અને છાણ પાછું બળતણમાં ઉપયોગી થાય. પણ માનવીની કાયાને તો વસ્ત્રથી ઢાંકો કે ન ઢાંકો તે નિર્મુલી - તેનું કશુજ મુલ્ય નહિ. તે પાછી કુલટા એવી મમતાની જાતવાળી, પ્રમાદી, બીજાને માટે ઉપયોગ વગરની. વળી તે કાનની કાચી જાત-કજાત ગમે તેની સાથે ગમે તેવો વર્તાવ કરવામાં તેને લાજ - શરમ ન આવે. આવી માનવીની કાયા તો જીવને કર્મોના ફાંસલામાં ઘાલી વિકાસને રૂંધનારી, ઉપર ઉઠવાને બદલે પતનની ખાઈમાં ઊંડે ઊંડે ઉતારી

દેનારી છે.

વળી પાછી એ કાયા મુનિને સંયમ સાધનામાં બાધા કરનારી છે. પરમ દેવ અને પરમ ગુરુ બંન્નેનો મેળાપ થવામાં વચ્ચે બાધા રૂપ પણ આ કાયાજ છે. અરણિક મુનિવર, આર્દ્રકુમાર વગેરે અનેક આત્માઓ આ કાયા પરની મમતાને કારણેજ સંયમથી ભ્રષ્ટ થયા. મરિચીને સંયમ મુકાવનાર અને સમકિતથી ચ્યૂત કરનાર પણ આ કાયાની આસક્તિજ હતી ને ? આત્માને પરમાત્મા ન થવા દેનાર પણ કાયાની મમતા જ છે ને ?

**પતિ મત બારે ઔર રંગ,**
**રમે મમતા ગણિકાકે પ્રસંગ.....૪.**

શુદ્ધ ચેતના કાયાને કહે છે કે મારા સ્વામીનું અહિત કરવામાં અત્યાર સુધી તેં કાંઈ બાકી રાખ્યુ નથી. તારા રાગે મારા પતિ કર્મોની ભઠ્ઠીમાં જલી રહ્યા છે, હજુ તું મારા સ્વામીને કેટલો સમય બાળીશ ? ખરેખર તારા રંગ ઢંગ કાંઈ ઓરજ છે. આ નગોરી-નિષ્ઠુર કાયાની મમતામાં જે રમમાણ બનશે તેને ગણિકાનો પ્રસંગ સાંપડતા પણ વાર નહિ લાગે અર્થાત્ કાયાની મમતા જો વધી જશે તો જીવ ગણિકાના દ્વાર પર પણ ક્યારે ચડી જશે તે કહેવાશે નહિ અને ગણિકાનો પ્રસંગ તો જીવને નિશ્ચિત પણે ડુબાડ્યા વિના રહેશે નહિ. એટલું જ નહિ પણ આ કાયા તો ગણિકા જેવી છે કે જે કોઈની થઈ નથી અને કોઈની થવાની નથી.

**જબ જડતો જડવાસ અંત ચિત્તફુલે આનંદઘન ભયે વસંત....૫.**

હવે તો જ્યારે જડ એવી કાયાનો અંત આવશે ત્યારે ચિત્ત પ્રસન્નતાને પામશે અને ત્યારે આનંદઘન રૂપ વસંત ખીલી ઉઠશે. સમતા કહે છે કે જ્યાં સુધી મારા સ્વામી આ કાયા ઉપરની મમતાને તેના નુકસાન સમજી છોડશે નહિ ત્યાં સુધી તેમના ચિત્ત રૂપી જીવનનો બગીચો ગુણરૂપી પુષ્પોથી મધમધાયમાન નહિ બને. જ્યારે ચિત્તરૂપી બગીચો ગુણરૂપી પુષ્પોથી ખીલી ઉઠશે ત્યારે તે જોઈને આનંદઘન મહારાજ પોતાના જીવનને ભયો ભયો સમજશે.

卐

# પદ - ૬૫

## (સાખી)

रास शशी तारा कला, जोसी जोइ न जोस ॥
रमता सुमता कब मिले, भगै विरहा सोस. ॥१॥

## (રાગ - ગોતકડા - ગોડી રાગમાં)

पिया विन कौन मिटावे रे, विरहव्यथा असराळ ? पिय. ॥१॥

निंद निंमाणी आंख तेरे, नाठी मुज दुःख देख ॥
दीपक शिर डोले खरो प्यारे, तन थिर धरे न निमेष ॥ पिया. ॥२॥

संखि सरिण तारा जगी रे, विनगी दामनी तेग ॥
रयणी दयण मते दगो प्यारे, मयण सयण विनुवेग ॥ पिया. ॥३॥

तन पिंजर झुरै पर्यो रे उडि न सके जिऊ हंस ॥
विरहानल जालाजली प्यारे, पंख मूल निरवंश. ॥ पिया. ॥४॥

उसास सास बटाउकीरे, याद वेदै निसिरांड ॥
नमनैं उसासा मनी, हटकैन रयणी मांड. ॥ पिया. ॥५॥

इह विधि छै घरघणी रे, उससुं रहै उदास ॥
रविधि आइपूरी करी रे, आनन्दघन प्रभु पास. ॥ पिया. ॥६॥

**રાસ શશિ તારા કલા, જોસી જોઈન જોસ**
**રમતા સુમતા કબ મિલે, ભગૈ વિરહા સોસ.**

અરે ! જોશી મહારાજ ! રાશિ, ચંદ્રબળ, ગ્રહબળ, લગ્નબળ એની કલા-અંશના જોષ જોઈને કહોકે મારા સ્વામી ચેતનરાજ સાથે વિયોગ થવાનો તેમજ આટલો બધો આંતરો પડવાનું કારણ ક્યું છે ? અને એ મારી સમતા-ચેતનામાં રમનારો મારો સ્વામી ચેતન મને ક્યારે મળશે ? કુંડલીના

ગણિતમાં આંકડા મૂકવામાં ક્યાંક પણ મોટી ભૂલ થઈ હોય તેમ દેખાય છે. તેમજ મારા પ્રાણનાથ પ્રિયતમ સાથે ચંદ્ર-ગૃહ-નક્ષત્ર, રાહુ, કેતુ, મંગળ, શનિ આદિ ગ્રહોની કોઈ નડતર દેખાય છે જેથી શુદ્ધ ચેતનાને પોતાના પ્રાણનાથનો વિરહ સતાવે છે. પોતાના આત્મભાવમાં રમમાણ ચેતન કે જે મારા પ્રાણ પ્રિયનાથ છે તેના વિરહનો સોસ = તરસ = તૃષ્ણા તેની વિરહની તરસ (સોસ) ક્યારે છીપાશે (ભગે = ભાંગશે) ? આંતર હૃદયને દઝાડતો અફસોસ ક્યારે દૂર થશે ? અને મારા પ્રાણનાથ સાથેનું મિલન ક્યારે થશે ? ભૂત-ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળને પોતાના જ્ઞાનમાં એક સમય માત્રમાં જાણનારા કેવલી ભગવંતોજ આ વાતને કહી શકે તેમ છે બાકી અન્ય કોઈ જોશી મારા આ વિરહના દુ:ખને મિટાવી શકે તેમ નથી. અત્યારે આત્મભાવમાં રમણ કરતા એવા ચેતનનો સમતાને વિયોગ વર્તે છે તેથી સમતા કે જે સુમતિ રૂપ છે તેની વિરહ વ્યથા વધેલી છે તે દૂર કરવા બીજો કોઈ ઉપાય ન જડતા તે હવે ભવિષ્ય જાણવા જ્યોતિષનો આધાર લે છે પણ તેને ખબર છે કે **નિયતિને જ્યારે અમારા બંનેનો મેળાપ મંજુર હશે ત્યારેજ તે થશે અને નિયતિને શું મંજુર છે તે તો વિશિષ્ટ જ્ઞાની સિવાય કોણ કહી શકે ?**

**પીયા બિન કૌન મિટાવે રે, વિરહ વ્યથા અસરાલ ?**
**નિંદ નીમાણી આંખ તેરે, નાઠી મુજ દુષ દેખ**
**દીપક સર ડૌલે પરો પ્યારે, તન થીર ધરે ન નિમેષ... પિયા...૧-૨.**

ચેતના કહે છે કે પતિના વિરહની પીડા અતિશય વધી રહી છે. આવી આકરી અસહ્ય પીડાની વ્યથા પતિ વિના બીજો કોણ મિટાડે ? એકનો એક દીકરો જાય તો તેને ઠેકાણે બીજો દીકરો કદાચ પ્રાપ્ત થઈ શકે. ગયેલુ ધન પણ પાછુ મેળવી શકાય પણ પતિવ્રતાને પતિના સ્થાને બીજો કોઈ આવી શકે નહિ. જેમ મેલડી વિદ્યા જેને સિદ્ધ કરી હોય તેવી વ્યક્તિ પાસે રહેલી વિદ્યા સામી વ્યક્તિમાં પ્રવેશ કરીને તેના પ્રાણોને અત્યંત સોસે છે, પીડે છે તે દુ:ખ તે વિદ્યાનો જાણકાર મંત્રવાદી મળે તોજ દૂર થઈ શકે. તે ન મળે ત્યાં સુધી પ્રાણઘાતક વેદના સહેવી પડે છે તેમ અનુભવજ્ઞાની ગુરૂ કે જે અનુભવની સિદ્ધિને વરેલા છે તેના સિવાય અન્ય કોઈ તે દુ:ખને ટાળી શકે તેમ નથી.

આ દુઃખની વેદના કેવી છે ? તે કહે છે. ઉંઘ આવે તો વેદના વિસરાય પણ મારી વેદના એવી તો કારમી છે કે તેને જોઈને (દેખીને) નિદ્રારાણી પણ નાસી ગઈ.

(નીંદ નીમાણી આંખ તેરે) નિદ્રાની ઘેનમાં આંખો બહારથી નિમાણી અર્થાત્ ઘેરાઈ ગઈ હોય તેવી આંખોમાંથી પણ મારા વિરહના દુઃખને જોઈને નિદ્રા પલાયન થઈ ગઈ છે.

દીપ જ્યોત પણ જેટલી સ્થિર રહે છે તેટલો તેનો પ્રકાશ સ્થિર અને જ્વલંત હોય છે એવી દીપકની જ્યોતિની જેમ આત્માની જ્યોતિ (શિર ડોલે ખરો) મસ્તકની અંદર ખરેખર પ્રકાશી રહી છે પણ (તન થિર ધરે ન નિમેષ) સાધનામાં નયનોની અનિમેષતા અને કાયાની સ્થિરતા આ બે મુખ્ય અંગો હોઈ તેમાં સ્થિરતા જેટલી વધુ તેટલી ધ્યાન દશા પરિપકવ સમજવી. બાકી તે બે અંગો સ્થિરતા ન પકડી શકતા હોય તેટલી સાધનામાં કચાશ જાણવી.

**સખિ સરિણ તારા જગી રે, વિનગી દામિની તેગ**
**રયણી દયણ મતે દગો પ્યારે, મયણ સયણ વિનુ વેગ....૩.**

ચંદ્રમાં પોતે છુપાઈ ગયો છે સરિણ = સરવરી = રાત્રિ-ઘનઘોર અંધારી રાત્રિએ તારલાઓ ટમટમ પ્રકાશી રહ્યા છે. વીજળીઓના ઝળહળાટ કરી રહી છે ઝબકારા - ચમકારો થઈ રહ્યાં છે તે ઝબુકતી વીજળીઓ તેગ એટલે ખડગની ધાર જેવી ચમકારા મારી રહી છે. રાત્રિ મારી સાથે દગો રમી રહી છે અને મારા સાજન રૂપ પતિ વિના (મદન) કામદેવનો વેગ વધી રહ્યો છે. પતિના વિરહની વ્યથા, અંધારી રાત, વચ્ચે તરવારની ચળકતી ધારના લિસોટા જેવા વીજળીના ઝબકારા, એકાંત વાસ, ઉંઘનો અભાવ, આ બધા વખતે કામદેવની અસર કેવી થાય તે સમજી શકાય તેમ છે. ચંદ્રમા પણ કામોદ્દીપન કરનાર છે પણ વિરહી સ્ત્રીને ચંદ્રમાની ગેરહાજરી તેનાથી વધારે મૂંઝવણ કરે છે. એમાં વચ્ચે વીજળીઓ થયા કરતી હોય તેના લીસોટા આકાશમાં આવી આવીને ચાલ્યા જતા હોય, તારાઓ પોતાનો મંદ મંદ પ્રકાશ નાંખી રહ્યા હોય એ બધુંજ વગર તરવારે પણ મહા પીડા કરનાર છે.

આ કડીમાં ચેતનાની વિરહ વ્યથાનું વર્ણન કર્યું છે કે એ વિરહ દશા જેવી પતિ વિના સ્ત્રીની દશા થાય તેવી છે.

**ઘનઘોર અંધિયારી રાત્રિએ પણ તારલાઓ ટમટમી રહ્યા છે તે એમ કહી રહ્યા છે કે સાધકની સચ્ચાઈ તરફ જગત ભલેને દુર્લક્ષ સેવતુ હોય તો પણ એની સચ્ચાઈ ની સાખ તારાઓ પુરી રહ્યા છે અર્થાત્ એની સચ્ચાઈની સાક્ષી પૂરનાર (કદર કરનાર) જગતમાં કોઈજ નથી એવુ માનવાની જરૂર નથી. તે જ રીતે અંધિયારી રાત્રિએ ચોરી, જુગારી, છિનારી, શિકાર, વેશ્યાગમન જેવા પાપો કરનારને પણ જોનાર આ જગતમાં કોઈ દૈવી તત્વ કામ રહી રહ્યું છે. એવા કાળાં કામો કરનારે, તેને કોઈજ જોનાર નથી એવુ માનવાની જરૂર નથી.**

જીવ અનાદિ અનંતકાળથી સુક્ષ્મ નિગોદમાં હતો, ત્યાં માત્ર એક અક્ષરના અનંતભાગ જેટલુ જ્ઞાનજ ખુલ્લુ હતું, બાકી બધુંજ જ્ઞાન કર્મથી આવરાયેલ હતું, ત્યાંથી પ્રભુની કૃપાથી તે બહાર આવ્યો.

કરમોના ઉદયને ભોગવતાં મનુષ્યદેહ પામતી વખતે તારામાં રહેલો ચૈતન્ય પ્રકાશ તારલાઓની જેમ તારાજ દેહના આકાશ ક્ષેત્રમાં ટમટમતો હતો પણ મનુષ્ય દેહની કિંમત જીવે ન આંકી ને ફરી પાછો હેઠો પડ્યો, નિગોદમાં ગયો. જ્ઞાન પ્રકાશ પાછો આવરાઈ ગયો, આત્માની સચ્ચાઈ યાદ જ ન આવી.

અંધિયારી રાત્રિએ ઝળકતી વિજળીનું દષ્ટાંત આપીને કહે છે કે ધર્મ શુદ્ધિની લીધેલી પ્રતિજ્ઞાની તેગ = ટેકને પ્રાણોથી પણ અધિક મૂલ્યવાન સમજી તેનું બરાબર પાલન કરજે. મળેલી તક વિનગી = વિણસી ન જાય તેનો ખ્યાલ કરજે. દશમા ગુણઠાણાના અંત સુધી મોહ રહેલો છે અને ૧૨મા ગુણઠાણાના અંત સુધી અજ્ઞાન રહેલું છે.

(મરણ સયણ વિનુ વેગ) - મરણની શય્યા પર સુતેલા માનવીને મરણકાલ વિનુવેગ એટલે વિના વેગે - ધીમા પગલે કોઈપણ જાતની રોકટોક વિના શ્વાસે શ્વાસે મરણની શય્યા તરફ ગતિ કરી રહ્યો હોવા છતાં મોહના ઘેનમાં નિદ્રા માણી રહેલા માનવીને તેની ગમ સુદ્ધા પડતી નથી. પ્રકૃતિના ક્રમબદ્ધ નિયમાનુસાર

સૂર્યની ગતિની જેમ આ કાર્ય થઈ રહ્યું છે. એમાં કોઈ દગો નથી **પણ માનવી પોતાના અજ્ઞાનથી છેતરાય છે. રમણી = અંધિયારી રાત્રિએ ચોરી, છીનારી જેવા અધમકૃત્ય કરનારને સતત ભય રહ્યા કરે છે તેમ માનવીની અંદર રહેલ અને ઘર કરી બેઠેલા ક્રોધ, માન, માયા, લોભ, કામ, મદ આદિ ચોરોનો ભય સાધકને સાધના કાળમાં પળપળ રહેલો છે.**

હે ચેતન ! તારી સાથે ક્યાંય દગો રમાઈ ન જાય તેની ચિંતા સમતા કરી રહી છે.

**તન પિંજર ઝુરૈ પર્યો રે, ઉડી ન શકે જિઉ હંસ**
**વિરહાનલ જાલાજલી પ્યારે, પંખ મૂલ નિરવંશ....૪.**

પાંજરામાં પુરાયેલ અને ગુલામી દશામાં કેદી બનેલ પક્ષીના મનની ઝુરણાનું દુઃખ યા પીડા રૂપ સંતાપના, તેને બીજા શું જાણી શકે ? હંસ પક્ષીઓનું તીર્થધામ માન સરોવર (કૈલાશ પર્વત) કે જ્યાં સાચા મોતી પાકે તેનો આહાર કરવા બધી હંસ જાતિ ત્યાં ભેગી થાય. જેના કુલ વંશ એકજ જાતિના છે તેની ઉડવાની ગતિમાં સહાયક એવી મૂળ પાંખોજ જો કપાઈ જાય અને તેથી (પંખ મૂલ નિરવંશ) - પોતાની જાતવાળા બીજા હંસોથી તે વિખૂટો પડી જાય તો તેની વેદનામાં તેનું મન ઝુર્યા કરે અને જેવી પીડા અનુભવે તેવી પીડા પ્રભુનો વિયોગ થવાથી આનંદઘનજીની સમતાદેવી અનુભવી રહેલ છે. મારા પતિના વિરહ અગ્નિની જવાલાઓ મારા ભાવ પ્રાણોને જલાવી રહી છે. તન રૂપી પિંજરમાં રહેલ ચેતન હંસલો મુકતગમન કરવા ઝંખી રહ્યો છે. તેનામાં ઉડી શકવાની શકિત હોવા છતાં તે ઉડી શકતુ નથી તે દેખીને સમતા પ્રભુને પ્રાર્થે છે.

**ધર્મ એ નૈતિક જીવનનું એક અંગ છે. એ ધર્મ તત્વ આજે સંદિગ્ધ બની રહ્યુ છે માટે તેને ધર્મના બદલે સંપ્રદાય કહેવાનું વધુ યોગ્ય ગણાશે. કારણ આજે ધર્મ કરતાં સંપ્રદાયની વાત વધુ ચાલે છે, ત્યાં એકતાની આશા ક્યાં રાખવી ? વર્તમાન ધર્મે જાતિવાદ અને સંપ્રદાયવાદને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે, એનો ઉન્માદ માણસના મગજ પર સવાર થઈ બેઠો છે અને તેનું**

**કાર્ય લોકોને જોડવાને બદલે તોડવાનું બન્યું છે. એવા સમયે આપણે જે એકતાની વાત કરીએ છીએ તે હવાઈ કિલ્લો બની રહેશે.**

**ધર્મના ત્રણ તત્વો છે. અધ્યાત્મ, નૈતિકતા અને ઉપાસના. રૂપકની ભાષામાં કહેવું હોય તો ધર્મ રૂપી પંખી આજે તરફડી રહ્યું છે તેની બંને પાંખો જે અધ્યાત્મ અને નૈતિકતા સ્વરૂપ હતી તે કાપી નાંખવામાં આવી છે. હવે બચી છે માત્ર ઉપાસના કે જે માત્ર એક તેની પાંખે ધર્મ તડફડતો હોય તેમ દેખાય છે. જ્યાં જુઓ ત્યાં કર્મકાંડ અને ઉપાસના ચાલી રહ્યા છે. નૈતિકતા આજે વિચિત્ર સ્થિતિમાં મૂકાઈ ગઈ છે. ભારતની સંસ્કૃતિમાં પૂર્વે જે નૈતિકતાની ગરિમા હતી તેનું આજે ગૌરવ લઈ શકાય તેમ નથી.**

**ભારતના લોકો અધ્યાત્મની વાતો કરવાના બહાને વિદેશમાં જાય છે, ત્યાં જઈને અધ્યાત્મની વાતો ઓછી કરે છે અને પૈસા વધુ ભેગા કરે છે.** કરવા યોગ્ય ત્યાગ, તપસ્યા, પરમાર્થ, આત્મ સમર્પણતા અને બલિદાનની વાતો જાણે કલ્પના જેવી બની ગઈ છે, હવામાં ઉડતી વાતો જેવી બની ગઈ છે. તે માટે ધર્મમાં પરિવર્તન લાવવાની જરૂર છે, તે માટે અણુવ્રત આંદોલન કરવું જરૂરી છે કે જેનો અર્થ માનવીય આચાર સંહિતા છે. **'હું કોઈની નિંદા, ટીકા, ઘૃણા નહિં કરું અને ઊંચ નીચના ભેદોથી મુક્ત રહું !' આ પ્રકારના અણુવ્રત પાલનની જરૂર છે.**

આપણું વ્યક્તિત્વ ખંડિત છે પણ આજની અપેક્ષાએ જરૂર છે અખંડ વ્યક્તિત્વના નિર્માણની. તેમાં વ્યાપક - વિશાળ દષ્ટિકોણ - ઉદાર ચિંતન - ચારિત્રનો વિકાસ - તપસ્યા - સહિષ્ણુતા આ બધી વસ્તુઓ અખંડ વ્યક્તિત્વમાં સમાયેલી હોવી જોઈએ.

છેલ્લે પ્રભુ સમક્ષ રોજ પ્રાર્થના કરો કે **"પ્રભુ મેરે અવગુણ ચિત્ત ના ધરો, સમદર્શી હે નામ તિહારો, ચાહો તો માફ કરો."**

**આજે ભારતની એક અબજની વસતિમાંથી ૮૫ કરોડ માનવી ધાર્મિક છે પણ નૈતિક તેમજ ઈમાનદાર નથી. નૈતિક ઈમાનદારી પૂર્વક ધર્મપાલન કરનારા નરસિંહ મેહતા, મીરાંબાઈ, ચૈતન્ય મહાપ્રભુ જેવા ભક્તિયોગના**

**સાધકો અને આનંદઘનજી જેવા અધ્યાત્મ સાધકો આંગળીના ટેરવે ગણાય એટલા પણ માંડ નજરે ચડશે.**

**ઉસાસ સાસ બટાઉકી રે - યાદ વેદે નિસિ રાંડ...૫.**

પ્રત્યેક શ્વાસ અને ઉચ્છ્વાસ બટાઉકી રે એટલે બટકી જતી હોય - બાંટતી હોય - વહેંચણી કરતી હોય તેવી ત્રૂટક રાત્રિ સમતાને અનુભવાય છે. જેમ રાંડ એટલે જેનો પતિ મરી ગયો હોય પછી તે વિયોગણ સ્ત્રીને વિધવાના નામથી આશ્વાસન આપવાના બદલે તેની સાસુ તેને 'રાંડેલી, રાંડ, અભાગિણી એવી તેં મારા પુત્રના પ્રાણ હરી લીધા' આવા તુચ્છ વચનો સાંભળી કુટુંબ તરફથી અપમાનિત થયાની લાગણી અનુભવ્યા પછી તેણીને પતિની યાદની વેદના ઓર વધી જાય છે. એ શબ્દો સાંભળતા વિધવા સ્ત્રીને જેવું દુઃખ થાય છે તેવું દુઃખ રાત્રિના સમયે સમતાને થઈ રહ્યું છે કારણ કે તે શુદ્ધ ચેતન રૂપ પતિથી ત્યજાયેલી છે.

**નમનૈ ઉસાસા મની - હટૈકે ન રયણી માંડ....૫.**

નમનૈ એટલે લોકોમાં અપમાનિત થયેલી સ્ત્રી જેવી રયણી-રજની-રાત્રિ ઉસાસા નિસાસા નાંખવાથી તે હટવાના બદલે વધતી જાય છે. તેને મની એટલે મનાવવા છતાં તે માનતી નથી. પતિથી ત્યજાયેલી નારી જેવી હાલત મારી થઈ છે તેને હું ભોગવી રહી છું.

**ઈહ વિધિ છૈ જ ઘર ઘણી રે ઉસસું રહે ઉદાસ...૬.**

પૂર્વે કરેલા ભોગાંતરાય કર્મને કોઈ હટાવી શકે તેમ નથી. એને હટાવવાની વિધિ એક જ છે કે સર્વ કાર્યોમાં ઉદાસીન ભાવ કેળવવો અને દેહને સંયમ સાધનાના લક્ષે ધર્મ ધ્યાનની પ્રવૃતિમાં જોડવો. આ દેહ જે મળ્યો છે તેમાં રહી આ સજા ભોગવવી પડે છે તે દેહ ભાડુતી ઘર છે. આ દેહ મારું કાયમી ઘર નથી, મોડું કે વહેલું આ ભાડુતી ઘર ખાલી કરવું જ પડશે એમ વિચારી તેનાથી ઉદાસીન ભાવે રહીને મનને ધર્મ ધ્યાનમાં જોડવાથી ભોગાંતરાય હટશે.

**હર વિધિ આઈ પૂરી કરે રે આનંદઘન પ્રભુ પાસ...૬.**

તમારી ભક્તિમાં જો પારસમણિ રસની જેમ પવિત્ર ભાવશુદ્ધિ હશે તો જેમ લોઢુ પારસમણિના સ્પર્શથી સુવર્ણ બને છે તેમ પારસમણિ જેવા પાર્શ્વનાથ પ્રભુનો પારસ સ્પર્શ જરૂર અતીન્દ્રિય પરમાત્મા બનાવશે.

**જેવી પ્રભુ વિયોગની અસહ્ય ઝુરણા આંનદઘનજીને હતી તેવી પ્રભુ વિયોગની તડપન આપણા અંતરમાં પણ જાગવી જોઈશે. જો તે જાગશે તો દરેક ઈચ્છાઓ, આશાઓ ઈશાનુગ્રહથી સહજપણે પૂર્ણ થશે તેમજ વીતરાગતાના માર્ગમાં પ્રગતિ સાધવા હર પ્રકારની સહાયતા સામે આવીને મળી રહેશે.**

卐

*સાધના માર્ગે હું જ પરમાત્મસ્વરૂપ છું એવો ભાવ હોવો જોઈશે જ્યારે ભક્તિમાર્ગે હું કાંઈજ નથી અને પરમાત્મા જ સર્વસ્વ છે એવો ભાવ રાખવો જોઈશે.*

★

*વીતરાગતા આપણી પાસે જવાબ માંગે છે કે જ્યારે જીવ સિવાયના જગતમાં રહેલાં સર્વ દ્રવ્યો પોત પોતાના સ્વરૂપમાં રહે છે ત્યારે તું કેમ વિરૂપ - વિકલ્પમાં રહે છે.*

★

*સાંસારિક પ્રવૃત્તિ વૃત્તિઓના ઉત્થાન વિના શાંત ભાવે કરવાની છે. એ શક્ય ત્યારે જ બને જ્યારે અંતરમાંથી કર્તાભાવ અને પરિણામનો આગ્રહ નીકળી ગયો હોય.*

# પદ - ૬૬

## (રાગ - આશાવરી)

साधुभाइ अपना रुप जब देखा. साधु ॥
करता कौन कौन फुनी करनी, कौन मागेगो लेखा ? ॥ साधु. ॥१॥

साधुसंगति अरु गुरुकी कृपातैं, मिट गइ कुलकी रेखा ॥
आनन्दघनप्रभु परचो पायो, उतर गयो दिल भेखा ॥ साधु. ॥२॥

**સાધુ ભાઈ અપના રૂપ જબ દેખા**
**કરતા કૌન કૌન ફુની કરની - કૌન માગેગો લેખા ?...૧.**

સંસારના વિવિધ પ્રકારનાં સુખ, દુઃખ, રોગ, શોક, હર્ષ, વ્યાધિ, જન્મ, મરણાદિ *દ્વંદ્વો* નિહાળીને ચિત્ત વારેવારે ચિંતન મનનમાં ચડી જતું હોય, શાસ્ત્ર વાંચન-પઠનનો બહોળો અભ્યાસ અને પરિચય કર્યો હોય, સાધુ-સંતોની સંગતિ કરવામાં વિશેષ રસ જાગ્યો હોય અને જીવ એ માર્ગમાં ઊંડો ઉતરી સત્યની શોધનો રસિયો બન્યો હોય એવા આત્માઓને પોતાના નિજસ્વરૂપની પ્રાપ્તિના જોગ સાંપડે છે. ફકત એકજ વખત આત્મ સ્વરૂપના દર્શન થવાથી એના વિચારો મૂળથી પલટાઈ જાય છે. **યોગચિંતકની દષ્ટિ વિશેષપણે વર્તમાન તરફજ મંડાયેલી રહે છે.** કારણ એને પ્રત્યેક ક્ષણ લાખેણી દેખાય છે. આયુષ્યની દોરી તૂટતી નજરે પડે છે. ગયેલી ક્ષણ ફરી પાછી આવતી નથી. આવા વિચારોમાં એનું ચિત્ત હર સમય રમતું હોય છે. એના આંતરનયન હૃદયચક્ષુ ઉઘડી ગયેલા હોય છે.

સાધુ પુરુષોને મન અન્ય સાધુ પુરુષો બધા એકજ કુળના ભાઈ કે મિત્ર સમાન ગણી આનંદઘનજી મહારાજ આ પદ *દ્વારા* પોતાના કુળના સાધુ ભાઈઓ આગળ પોતાના અંતરના ભાવ ખુલ્લા કરે છે.

પૂરવે કોઈક સમયે મારી સમજદારી આપ ભાઈઓ જેવી અણસમજણવાળી

---

મન સહિત ઈન્દ્રિયો *દ્વારા* થતા જ્ઞાનના જ્ઞાતા બનવાનું છે.

હતી પણ જે ક્ષણે મને પોતાનું સ્વરૂપ દષ્ટિગોચર થયું ત્યાર પછીના ભાવોની અહીં મેં નોંધ લીધી છે.

આ સંસારમાં જીવ જે ભલા કે બુરા કાર્યો કરે છે તેના કર્તા અને ભોકતા કોણ ? દરેક જીવે જીવે કર્મ જુદા છે અને દરેક જીવની કરણી કુની - જુદી છે. પ્રત્યેક જીવના સમય સમયના ભાવ જુદા જુદા છે, એ બધાનો તોલ માપ કરનાર કે લેખા જોખા રાખનાર કે ચોપડો ચિતરનાર કોઈ મેહતો કે ચિત્રગુપ્ત આ જગતમાં ન હોવા છતાં અંધેરી નગરીને ગંડુ રાજા જેવી સ્થિતિ નથી. કર્મસત્તાના રાજ્યમાં દરેક વ્યક્તિને ન્યાય બરાબર મળી રહે છે. જ્ઞાની કહે છે કે જીવ અજ્ઞાનથી અણસમજણથી પોતાનો શત્રુ બને છે અને સમજણથી પોતાનો મિત્ર બને છે.

આવો સત્ય તત્ત્વનો બોધ સાધુ પુરુષો અને સંતજનોની સંગતિ કરવાથી અને સત્‌ગુરુની કૃપા થકી મળે છે. જીવ જ્યાં સુધી આ બે જોગ નહિ પામે ત્યાં સુધી અજ્ઞાનતા હટવાની નથી.

**સાધુ સંગતિ અરૂ ગુરુકી કૃપા તેં, મિટ ગઈ કુલકી રેખા...૨.**

આનંદઘનજીના ભાવ, ભવ સાગર તરવાના કામી બન્યાથી તેઓએ પ્રભુ ભક્તિનો યોગ સાધ્યો અને તેઓ પરમ ગુરુના કૃપાપાત્ર બન્યા. સાથે સાધુ સંગતિનો જોગ પણ સાધ્યો. જેમકે ઉપા. યશો વિજયજી, ઉપા. વિનય વિજયજી, ઉપા. માન વિજયજી, વિજયરત્નસૂરિ, શ્રીરાજસાગરસૂરિ, શ્રી વિજય સિંહસૂરિ, સત્યવિજય પંન્યાસ શ્રી જિનહર્ષ ગણિ, સકલચંદ્ર ઉપાધ્યાય. કવિ પ્રેમાનંદ આમ તેઓએ ઘણા ગચ્છના સાધુઓનો પરિચય કર્યો હતો. **અજૈનકુળ અને જૈનકુળ વચ્ચે આપણે દોરેલુ રેખાચિત્ર અરિહંત પરમાત્માએ દોરેલા રેખાચિત્રથી ઘણું જુદું છે.** આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખ્યા વિના બાહ્યભાવે - અણસમજણપૂર્વક ધર્મની ક્રિયાઓ કરવાથી ભાવિમાં પતન થવાના ઘણા ભયો રહેલા છે, જ્યારે આત્માના સ્વરૂપને બરાબર ઓળખી તેના દઢ પક્ષપાતી બનવા પૂર્વક જ્ઞાનીએ બતાવેલ મર્યાદામાં રહી કાર્ય કરવાથી વિઘ્નો આવતા અટકે છે.

દષ્ટાંતથી આ વાત બરાબર સમજાશે. રામ, સીતા, લક્ષ્મણ અભયારણ્ય વનમાં વિચરે છે. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામે ભાઈ લક્ષ્મણને ભલામણ કરેલી કે મહાસતી સીતાને આ ભયાનક અરણ્યમાં એકલી ન મૂકતાં એમની બરાબર સંભાળ રાખજો. પણ જ્યારે પતન કે વિનાશ થવાનો નિશ્ચિત લખાયો હોય ત્યારે ભાવિ માનવીને થાપ ખવડાવી દે છે. માંત્રિક-તાંત્રિક વિદ્યાના બળથી વેશ પરિવર્તન કરી ભિક્ષુક વેશે રાવણે સોનાનો મૃગ રૂપક તરીકે બનાવ્યો. સીતાજી મૃગ ચર્મમાં લલચાયા. લોભકષાયે એમને છેતર્યા. લક્ષ્મણજી મૃગને હરણ કરવા જતી વખતે પર્ણકુટિરથી બહાર ચારેય બાજુ રેખા અંકિત કરી સીતાજીને આ રેખા ઓળંગવાની મનાઈ કરી અને કહ્યું કે જે કાર્ય કરવુ હોય તે આ રેખાની અંદર રહીને કરજો. આમ ભલામણ કરી લક્ષ્મણજી સુવર્ણમૃગનો શિકાર કરવા ગયેલા રામની મદદે ગયા. અહીં રૂપકને સમજાવવું હોય તો સમજાવી શકાય કે રામરૂપી આત્મા-ચેતનની સીતારૂપી ચેતના એની અંકેલી મર્યાદામાં ન રહેતાં રાવણરૂપી પુદ્‌ગલે - માયાવી બહુરૂપી રાવણરૂપી પુદ્‌ગલે અપહરણ કરી જતાં ચેતન એની ચેતનાને ખોઈ બેઠો. તેવામાં સાધુ વેશ ધારણ કરી ભિક્ષાવૃતિના બહાને રાવણ આવે છે. સીતાજી સાધુ સમજી ભિક્ષા આપવા લક્ષ્મણજીએ દોરેલી લક્ષ્મણ રેખાનીઅંદર એક પગ અને એક પગ બહાર રાખી ભિક્ષા આપી રહ્યા છે. સાધુ સીતાજીને બેઉ પગ રેખાની બહાર રાખી ભિક્ષા આપવા આગ્રહ કરે છે. જ્યાં સીતાજીએ બંને પગ બહાર મુક્યા કે રાવણે તેમનું હરણ કર્યું. રાવણ દસ માથાવાળો કહેવાય છે એનુ તાત્પર્ય એ છે કે જીવના જે દશ પ્રાણ (પાંચ ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય અને ત્રણ બળ) તેમાં અહંકાર તેનો છવાયેલો હતો આ અહંકારના કારણે રામ રાવણ વચ્ચે લંકા યુદ્ધ સર્જાયુ અને મહાભારતનું યુદ્ધ દ્રૌપદીના વચનબળે સર્જાયુ.

રાવણે સીતાજીનું હરણ કરી વિમાનમાં ઊંચકી ભાગવા માંડતી વખતે સીતાજીએ મોટા અવાજે ચીસો પાડવા માંડી હે રામ ! દોડો... દોડો... આ વેષ ધારી સાધુએ દગો દીધો. અંતે રામ રાવણનું યુદ્ધ નિશ્ચિત લખાયુ હતુ તે થઈને રહ્યુ.

આનંદઘન પ્રભુ પરચો પાયો, ઉતર ગયો દિલ ભેખા....૨.

**આનંદઘનજી મહારાજ પૂર્વભવની જબરજસ્ત સાધના કરીને આવેલા હતા. આ ભવમાં કેમ શીઘ્ર સંસાર સાગર તરાય તેવા ભાવ હતા. સાધુ મહાત્માઓની સાચી સંગતિ અને ગુરુની કૃપા તેમને ફળી. તેમના કાળમાં બાહ્ય ક્રિયાકાંડમાં અધ્યાત્મના નામે સંપ્રદાયવાદ ફુલતો ફાલતો જતો હતો. આ વાદથી નૈતિકતાનુ પતન અને ધર્મનું ખંડન થતું તેઓએ નજરે જોયું. વેષધારી સાધુઓનો વેષ ઉપરનો જે રાગ હતો તેમાં તેઓને મમત્વ અને આગ્રહના દર્શન થયા. પોતાની આચરણાથી વિપરીત આચરણા કરનારની તે કાળમાં પરસ્પર નિંદા ટીકા ખૂબ થતી હતી. આથી સંપ્રદાયમાં રહેવાનો તેમનો ભાવ ઉતરી ગયો અને જ્ઞાનપ્રકાશમાં રહી પોતાના આત્માને સર્વ ઉપાધિભાવમાંથી મુક્ત કરવાના પુરુષાર્થમાં તેઓ લાગી પડ્યા ત્યારથી પોતાના આત્માની દિવ્યતાના દર્શન રૂપે અંતરમાં પરચા રૂપે ચમત્કાર સર્જાવાની શરૂઆત થઈ અને એમાંથી આ પદની રચના થઈ કે હે સાધુ ભાઈઓ ! મેં જ્યારે મારા અંતરાત્માના જ્ઞાન પ્રકાશમાં દર્શન કર્યા ત્યારથી (ઉતર ગયો દિલ ભેખા) - આ ભેખ - વેશ વગેરે ઉપરથી મારું દિલ ઉતરી ગયુ અને એમને જંગલની વાટ પકડી.**

**આનંદઘનજી મહારાજ જણાવી રહ્યા છે કે ગચ્છ - સંપ્રદાય - આશ્રમ - અખાડા - પંથોના મતવાદમાં પડેલા ગુરુ તે સાચા ગુરુ નહિ પણ કુળગુરુ છે. આત્મ સાધક સદ્‌ગુરુ બહુ થોડા છે કે જેમના પુન્યબળે ધરતી માતા ધન્યતા અનુભવે છે.**

વાંચ્યા પ્રમાણે આનંદઘનજીના સમયમાં મેડતા શહેરમાં ૮૪ ગચ્છના ઉપાશ્રયો હતા. ગુરુ શિષ્ય વચ્ચે અમુક બાબતમાં મતભેદ થવાથી શિષ્યોએ પોત પોતાના વિચાર પ્રમાણે વાડા-પંથ ઉભા કરેલા. જેટલા ગચ્છ તેટલા તેમના વિચારો હતા. તેઓ પરસ્પર ઝઘડતા હતા. આવી કુગુરુઓની ખંડનાત્મક પ્રવૃતિઓ નજરે જોયા પછી આ પદમાં ચોકખા શબ્દોમાં તે જણાવે છે કે - સાધુભાઈ અપના રૂપ જબ દેખા - દેખા કરતા કૌન કૌન કુની કરની - કૌન

માગેગા લેખા - સાધુ સંગતિ અરૂ ગુરુકી કૃપા તેં - મિટ ગઈ કુલકી રેખા - આનંદઘન પ્રભુ પરચો પાયો - ઉતર ગયો દિલ ભેખા.

સર્વ સાધુ પુરુષોનો પરિચય થાય અને સત્-અસત્ વસ્તુની સમજ પડે તે હેતુથી મારુ ધ્યાન દરેક સાધુ સંસ્થામાં ચાલતી બાહ્ય પ્રવૃતિ ઉપર ગયું. તેમાં ચાલતી પરસ્પરની ખંડનાત્મક કુની-ફાની-ફાલતુ-ફોગટની પ્રવૃતિ જોયા પછી પોતાના આત્માનુ આમાં કલ્યાણ થાય તેમ નથી એમ તેમને જણાયું અને આ મનુષ્યભવમાં મારા સ્વરૂપને કોઈ પણ રીતે પામવુ છે, એવો નિર્ણય કર્યા પછી બાહ્ય પ્રવૃતિઓનો ત્યાગ કરી, આત્મસાધનામાં મનને જોડ્યું તેનાથી પોતાના આત્મદર્શનનો પ્રત્યક્ષ પરિચય કહો યા ચમત્કાર કહો તે અનુભવાયો અને તેથી તેમને લાગ્યું કે **પેટ ભરવાની લાલસાવૃત્તિને પોષવા ખાતર લીધેલુ સાધુપણુ તે પ્રપંચી વૃત્તિવાળુ હોવાથી તેવુ કાર્ય તો પોતાના આત્માને તેમજ ઉપકારી ગુરુભગવંતોને ઠગવા બરાબર ગણાય. આવી મહાપાપકારક પ્રવૃત્તિથીતો જન્માંતરમાં છુટવુ અસાધ્ય થઈ પડે એવુ જાણીને તેમજ તેમની છલકપટભરી પ્રવૃતિઓ નિહાળીને પ્રપંચી વેષ પરથી તેમનું મન તદ્દન ઉતરી ગયું.**

પૂર્વ ભવમાં કરેલી જ્ઞાન-ધ્યાનની સાધના તેમજ સાધુ ભાઈઓની સંગતિનુ ફલ તેમને લાધ્યું એટલે ત્યારથી કુલ પરની મોહની રેખા રૂપ કલંકનું ધોવાણ થયું અને ભલી દૃષ્ટિ જાગી. પ્રભુના દિવ્યદર્શન અંતરમાં થયાનો પરચો મળ્યો.

(કરતા કૌન કૌન કુની કરની - કૌન માગેગા લેખા) - કોણ કોણ કેવા પ્રકારની કરની કરી રહ્યા છે એવી કરણી મારા આત્મા માટે કુની અર્થાત્ ફાની એટલે કે નુકસાન કારક નીવડશે કે લાભ કર્તા એનાથી બંધાતા લેખા કે તોલ માપને જોખનારો કોઈ હશે તો ખરોજ એની દરકાર જીવ કરતો નથી. આવો અજ્ઞાન વ્યવહાર તેમની નજરે ચડ્યાથી, એવા ભેખધારી વેષ પરથી તેમનું દિલ ઉતરી ગયું.

**યોગીરાજનો સાધુઓને ઉપદેશ છે કે હે મુનિઓ ! તમે જે કાંઈ શુભ કરણી કરો તે સ્વરૂપ પ્રાપ્તિના લક્ષે કરો. જ્યારે આત્માને પોતાનુ સ્વરૂપ**

દૃષ્ટિ વિનાનો વ્યવહાર તો ચક્રાવો છે. એ કાંઈ કેન્દ્રગામી-આત્મગામી ગતિ નથી.

જણાય છે પછી કોઈપણ ક્રિયાનું કર્તાપણું તેમાં રહેતુ નથી. આત્મા અકર્તા છે એ જૈન દર્શનની પરાકાષ્ઠા છે. સાધુ પુરુષો માત્ર સ્વરૂપ પ્રગટ કરવાની કરણીજ મુખ્યપણે કરે છે તે સિવાય બીજી કરણી તે સંસાર વૃદ્ધિના હેતુ રૂપ થાય છે. જ્ઞાનસારજીએ કહ્યું કે "જ્ઞાન વિના સંયમ આચરણા ચૌગતિ ગમન ઉપાયો" અને યોગીરાજે પણ અન્યત્ર લખ્યું કે -

કુળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહી લેખે.

卐

*યોગાતીતના ઈચ્છુક જ્ઞાની તો ત્રણેય યોગની સ્થિરતામાં જ સુખ ભાળે છે અને અસ્થિરતામાં દુઃખ ભાળે છે જ્યારે સંસારી જીવો તો અનુકૂળતામાં સુખ અને પ્રતિકૂળતામાં દુઃખ માને છે.*

★

*જીવના કેવળજ્ઞાન યા કેવળદર્શનનો નાશ નથી થયો પણ જીવની વીતરાગતાનો અને ઉપશમ ગુણનો હ્રાસ થયો છે.*

★

*પર્યાય જો દ્રવ્યમય બની જાય તો દ્રવ્યનું સામર્થ્ય પર્યાયમાં આવે છે. જેવી સીતા રામમય બની ગઈ હતી એવી પર્યાય દ્રવ્યમય બનવી જોઈએ.*

# પદ - ૬૭

## (રાગ - આશાવરી)

राम कहो रहेमान कहो कोउ, कान कहो महादेव री ॥
पारसनाथ कहो कोउ ब्रह्मा, सकल ब्रह्म स्वयमेव री ॥ राम. ॥१॥

भाजनभेद कहावत नाना, एक मृत्तिका रुप री ॥
तैंसें खंडकल्पना रोपित, आप अखंड स्वरुप री ॥ राम. ॥२॥

निजपद रमे राम सो कहिये, रहिम करे रहेमानरी ॥
करशे कर्म कान सो कहिये, महादेव निर्वाणरी ॥ राम. ॥३॥

परसे रुप पारस सो कहिये, ब्रह्म चिन्हे सो ब्रह्मरी ॥
इहविध साधो आप आनन्दघन, चेतनमय निःकर्मरी ॥ राम. ॥४॥

આ પદમાં ભારે વિશાળ દષ્ટિથી સહિષ્ણુતાભાવ ભર્યો છે. અત્યારે ધર્મને નામે જે વાડાબંધી અને ધમસાણ જોવામાં આવે છે તેની પાછળ ધર્મની સાચી પિછાન નથી. **ધર્મના નામે તકરાર ન હોય, ધર્મના નામે લોહીની નદીઓ ન વહેતી હોય, ધર્મના નામે અખંડ શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તતુ હોય, શમ, સંવેગ, નિર્વેદના ઉછાળા જોવા મળતા હોય.**

પરમાત્મતત્ત્વ એ નિર્વિકલ્પ છે, અક્ષય છે, જન્માદિ કલંક રહિત છે, નિષ્કંપ છે, નિત્ય છે, અક્રિય છે, શાંત છે, નિષ્કલ છે, જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છે. આજ પરમાત્મ તત્વને જુદા જુદા દર્શનકારો જુદા જુદા નામથી ઓળખાવે છે.

**રામ કહો રહેમાન કહો, કહાન કહો મહાદેવ રી**
**પારસનાથ કહો, કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી....૧.**

ધર્મતત્ત્વ એ અખંડ, અવિભાજ્ય, નિત્ય અને એક સ્વરૂપવાળુ છે અને તે આત્માનુ પરમાત્મ સ્વરૂપ છે. તમે એ પરમાત્મ સ્વરૂપને રામનું નામ આપો કે રહેમાનનું નામ આપો. કોઈ એને કહાન એટલે કૃષ્ણ કહો કે એને મહાદેવનું

નામ આપો, વળી કોઈ એને પારસનાથ કહો કે કોઈ બ્રહ્મા કહો તે સર્વ આ ચેતન પોતેજ છે. એ અનંતાનંત ગુણોના સમુહ રૂપ અને અનંતાનંત આનંદના ધામરૂપ છે. જુદા જુદા નામ આપવાથી એના મૌલિક સ્વરૂપમાં કોઈ ફેર પડતો નથી. જે આત્મામાં શકિત રૂપે પડેલુ છે તેને માત્ર બહાર વ્યકત રૂપે લાવવાનું છે.

પરંતુ માનવીની બુદ્ધિ ભ્રમિત થઈ છે, એણે પોતાની મનની કલ્પનાથી કલ્પનાઓ કરીને અખંડ વસ્તુને ખંડખંડમાં વિભાજિત કરી દીધેલ છે અને પછી ધર્મના નામે સંઘર્ષ ઉભો કર્યો છે. આનંદઘનજી સંઘર્ષને ટાળવા સમન્વય પદ્ધતિનો માર્ગ અપનાવી રહ્યા છે કારણ કે તેઓશ્રી જાણે છે કે આ મનુષ્યભવ અણમોલ છે. જ્ઞાનીઓએ તેની દુર્લભતા દશ-દશ દ્દષ્ટાંતોથી બતાવી છે. આવો કોહીનુર હીરાથી પણ અતિ કિંમતી આ ભવ ખોટી ચર્ચા-વિચારણા, વાદ-વિવાદ, તકરાર-કલેષ-સંઘર્ષ વગેરેમાં વેડફાઈ જાય તો પછી પાછો તે અનંતકાળે પણ હાથ ન લાગે તેવુ બને. તેવુ ન થાય તે માટે ધર્મના નામે થતા મતભેદો અને કલેશોમાંથી આપણને બહાર લાવવા પ્રયત્ન કરી રહ્યા છે. **પરમાત્માના જુદા જુદા દર્શનકારોએ માનેલા નામ અને આકારભેદ પાછળ પણ તેઓ તેમાં એકતાનું અભેદનું દર્શન કરાવી રહ્યા છે. અન્ય દર્શનકારોની વિચારણા તરફ સહિષ્ણુતા રાખવાથી આંતર શાંતિ અને આત્મ પ્રગતિનો માર્ગ હાથ લાગે છે.**

ભાજનભેદ કરાવત નાના, એક મૃતિકા રુપ રી
તૈંસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સ્વરૂપ રી... ૨.

પ્રત્યેક વાસણ અસલમાં માટી રૂપ હોવા છતાં આકાર ભેદે તેને જુદા જુદા નામ આપવામાં આવે છે. તેજ રીતે ચેતન એક અખંડ સ્વરૂપી આત્મદ્રવ્ય છે પણ તેને પોતાની બુદ્ધિ કલ્પનાથી આરોપિત કરી અનેક ખંડ ખંડમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમ માટી નામના પુદ્ગલ દ્રવ્યમાં અનેક રૂપે પરિણમન થવાની શકિત છે તેથી એમાંથી ઘડો બને, ચંબુ બને, તાવડી બને અને રમકડા પણ બને. એ સર્વ એની રુપ શકિતના પર્યાયો છે. તેમ આત્મા એ અનંતગુણોના સમુહ સ્વરૂપ છે. એ પ્રત્યેક ગુણોની પર્યાય પ્રત્યેક સમયે ઉત્પન્ન થાય છે. ગુણો અનંતા હોવાથી પ્રતિ સમયે પ્રગટતી પર્યાયો પણ

**અનંત હોય છે. આ અનંત ગુણ પર્યાયત્મક પરમાત્મ દ્રવ્યને જુદા જુદા દષ્ટિકોણથી જોતાં તેના અનેક નામોથી કહેવાપણું તે ઘટી શકે છે. પરમાત્માને તમે ગમે તે નામથી વાચ્ય કરો પણ તેનામાં ગુણ શક્તિનો આવિર્ભાવ તો છે જ. તેથી પરમાત્માના અનંતગુણ પર્યાયોમાંથી કોઈ એક એક ગુણને આગળ કરી તેને કરૂણા સાગર, સમતા સાગર, જ્યોતિધર, શિવ, શંકર, વિષ્ણુ, બ્રહ્મા, મહાવીર, રહેમાન, ખુદા, કૃષ્ણ વગેરે નામથી બોલી શકાય છે, કહી શકાય છે. કોઈ પણ નામથી તમે પરમાત્માનું સ્મરણ, રટણ કીર્તન કરો તે વખતે તેનામાં અનંતગુણોતો રહેલા છે જ. તેનો અપલાપ કોઈ પણ સુજ્ઞ જન કરી શકે તેમ નથી.**

**અનંતગુણોના સમુદાય રૂપ અખંડ પરમાત્મ દ્રવ્યના પ્રતિ સમયે પ્રગટતા અનંત અનંત પર્યાયમાંથી કોઈ એક પર્યાયને આગળ કરી તેને જુદા જુદા નામે કહેતા આખરે તો તેનુ અખંડ પરમાત્મ સ્વરૂપજ દષ્ટિગોચર થાય છે.**

યોગીરાજ આનંદઘનજીએ બતાવેલ વિધિથી કોઈના પણ અવગુણ તરફ દષ્ટિ ન રાખતા દરેકમાં રહેલ કોઈ એક મહાન ગુણ તરફ ભલી દષ્ટિથી જોઈ તેના ગુણોમાં તદાકાર - તન્મય બની જે પોતાનામાં તેને ગ્રહણ કરશે તે હળુકર્મી બની પોતાના આત્માને પોતાનામાંજ પરમાત્મ સ્વરૂપે નિહાળશે. નિરાકાર અભેદ તત્ત્વના સાકાર સ્વરૂપે અવશ્ય દર્શન પામશે.

નિજ પદ રમે રામ સો કહીએ, રહિમ કરે રહિમાન રી
કરષે કરમ કહાન સો કહીએ, મહાદેવ નિર્વાણ રી....૩.

નિજ સ્વરૂપમાં રમણ કરે તે રામ કહેવાય છે. બીજા ઉપર મહેર કરે - કૃપા કરે તે રહેમાન કહેવાય છે. કર્મોને જે ખેંચી કાઢે તે કહાન - કૃષ્ણ કહેવાય છે અને મહાદેવ તો સાક્ષાત્ નિર્વાણ હોય છે.

જુદા જુદા નામોથી જગત જેમને ભજી રહ્યું છે તે બધા બ્રહ્મ સ્વરૂપ પરમાત્માના નામ ભેદો છે. તત્વદષ્ટિથી બ્રહ્મસ્વરૂપ અરૂપી અને અનામી છે. જગત અનાદિકાળથી અજ્ઞાનથી ઘેરાયેલું છે. અખંડ તત્ત્વને ખંડ રૂપે વિવિધ નામ અને વિવિધ આકાર રૂપે સ્થાપી તેને ભજી રહ્યું છે અને પોતાને માન્ય

પરમાત્મ તત્ત્વ એજ સાચુ છે તેમ સિદ્ધ કરવા અન્યને માન્ય પરમાત્માના નામ-રૂપને ખંડી રહ્યું છે જે તેમનામાં રહેલ અજ્ઞાનનો વિલાસ છે. બધાંય નામોના લક્ષ્યાર્થ લક્ષ્ય એવાં અનામી પરમાત્મત્ત્વ ભણી દોરી જાય છે.

મહાત્મા આનંદઘનજીએ અખંડ બ્રહ્મ સ્વરૂપ પરમાત્માને સાતમા સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં જુદા જુદા નામથી સ્તવના કરી છે તે પાછળ પણ તેમનો આશય તે તે ગુણો પોતાના આત્મામાં પ્રગટાવવાનો છે. અંતે આંતરિક માર્ગ શોધની માંગણી કરી પ્રભુ પાસે વિઘ્ન નિવારણ અને પરમ પદની પ્રાપ્તિની ઈચ્છા દર્શાવી છે.

જે નિરંતર આત્મ પદમાં રમણતા કરે છે અને જીવ માત્રને અભયદાન આપનાર છે એવા રામની તેમને પ્રશંસા કરી છે.

જગતમાત્રના જીવો પર જેમની કરૂણા દષ્ટિ છે તેવા રહેમાનની તેઓ પ્રશંસા કરે છે. જેઓએ કર = એટલે પોતાના બે હાથ દ્વારા ૧૮૦૦૦ સાધુઓને ભક્તિથી વંદના કરી ક્ષાયિકસમકિત પ્રાપ્ત કર્યુ અને નરકાયુના બંધને શિથિલ કરી કર્મોને કસી નાંખ્યા તે ભાવિમાં તીર્થંકર થનાર ગુણી પુરુષ કૃષ્ણજીની કહાનના નામથી સ્તુતિ કરવામાં આવી છે. કલ્યાણ કરનારાને શિવ કહ્યાં છે તો શુભ કરનારાને શંકર કહ્યાં છે, વ્યાપક છે તેને બ્રહ્મા કહ્યાં છે.

જે જીવ માત્રના પ્રાણોની રક્ષા કરે અને પ્રાણી માત્રને નિર્વાણ પદ પ્રાપ્તિનો માર્ગ બતાવે, જીવોના સંસાર દુઃખોને ભાંગે તેવા દેવાધિદેવને મહાદેવના નામથી પ્રશંસ્યા છે.

**પરસ રુપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સો બ્રહ્મ રી**
**ઈહ વિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિઃકર્મ રી....૪.**

જેમના સ્પર્શ માત્રથી કથીર કંચન બની જાય, લોઢુ સુવર્ણતાને પામે, પાપી પુણ્યશાળી બની પરમાત્મા પદે પહોંચે તેવા પારસ રૂપ પાર્શ્વનાથ પ્રભુને અહીં પ્રશંસ્યા છે.

જેઓએ પોતાના આત્માને બ્રહ્મ સ્વરૂપ ચિંતવી પોતાના પરમ આત્માને

ચિન્હા-ચિંતવ્યા છે - ઓળખ્યા છે તેવા બ્રહ્મ સ્વરૂપ પરમાત્માને અહીં પ્રશંસ્યા છે.

આવી રીતે ઉદ્યમ કરીને સ્વભાવને સિદ્ધ કરો તો આત્મા પોતેજ આનંદઘન છે, ચૈતન્યઘન સ્વરૂપ છે અને કર્મમળથી રહિત છે.

આનંદઘનજી મહારાજ દરેક પદને અંતે રહસ્ય ખુલ્લુ કરે છે. તેઓ કહે છે કે આ રીતે જુદા જુદા નામથી પરમાત્માની સ્તુતિ-સ્તવના કરી મેં તેમના ગુણ ગાયા છે. આ રીતે એકાંતે ગુણગ્રાહી દૃષ્ટિ કેળવી મેં મારા આત્માને પરમાત્મ સ્વરૂપે અનુભવ્યો છે. તમે પણ જો આ રીતે વિશાળ અને ઉદાર માનસ કેળવી, ગુણગ્રાહી દૃષ્ટિ અપનાવશો તો પરમાત્માને પામી શકશો. પરમાત્મ તત્ત્વ દરેકમાં રહેલુ જ છે. માત્ર કર્મના જાળાઓથી તે આવરાયેલુ છે તેને પ્રગટ કરવાની વાત તેઓ કરી રહ્યા છે.

**સાંપ્રદાયિક દૃષ્ટિમાં રહેલા આત્માઓ પોતાની વિચારસરણી ને વિશાળ અને ઉદાર બનાવી શકતા નથી એટલે તેઓનુ માનસ ક્યારે આગ્રહથી બદ્ધ થઈ જાય તે કહેવાય નહિ એટલે તેઓને માટે પુણ્ય દ્વારા સદ્ગતિનો માર્ગ હોવા છતાં સાધના દ્વારા શુદ્ધિ અને તે દ્વારા મુક્તિનો માર્ગ હાથ લાગતો નથી. વિશાળતા વીતરાગતા ભણી દોરી જાય છે. વિશાળ થઈ વીતરાગ થાય છે તે જ કેવળજ્ઞાને કરી વ્યાપક થાય છે.**

卐

*સારું જીવન જીવ્યાના લાભ જીવનકાળ દરમિયાન મળે છે પણ કોઈ સંજોગોમાં એવો લાભ ન મળે તોય મૃત્યકાળે અને ભવાંતરમાં સારું જીવ્યાનું ફળ મળ્યા વગર રહેતું નથી.*

# પદ - ૬૮

## (રાગ - આશાવરી)

''साधुसंगतिनुं माहात्म्य.''

साधुसति बिनु कैसें पैयें, परम महारस धाम री ॥
ए आंकणी ॥ कोटि उपाय के जो बौरो, अनुभवकथा विश्राम री. साधु. ॥१॥

शीतल सफल संत सुरपादप सेवै सदा सुछांइ री ॥
वंछित फले टले अनवंछित, भवसन्ताप बूजाइ रे ॥ साधु. ॥२॥

चतुर विरंची विरन चाहे, चरणकमल मकरन्द री ॥
को हरि भरम विहार दिखावे, शुद्ध निरज्जन चंद री ॥ साधु. ॥३॥

देव असुर इन्द्रपद चाहु न, राज न काज समाज री ।
सति साधु निरन्तर पायुं, आनन्दघन महाराज री ॥ साधु. ॥४॥

આ પદમાં સત્સંગનો મહિમા ખૂબ ગાવામાં આવ્યો છે. તેને ભગવત્ પુજા, ઈન્દ્ર પદ કે રાજ્યધુરા કરતાં પણ ઉચ્ચ સ્થાન આપ્યું છે. સાધુ સંગતિ એ સંસાર સાગર તરવા માટેની નૌકા છે. ફારસી કહેવાત છે કે **'સંત પુરુષ સાથે એક પળની સોબત એકાંતમાં કરેલ હજાર વર્ષની બંદગી કરતા પણ ચડિયાતી છે.'** ખોટી સોબત કરવાથી ખાનદાન કુળના નબીરાઓ પણ પાયમાલ થઈ ગયા છે. ૬૬મા પદમાં સ્વરૂપ દર્શન થવાના કારણ તરીકે સાધુ સંગતિ અને ગુરુ મહારાજની કૃપા બતાવી હતી એજ સાધુ સંગતિનો મહિમા યોગીરાજે આ પદમાં ગાયો છે.

ખરાબ મિત્રોની સોબતે ચડી શિવકુમારે બાપની બધી મૂડી ગુમાવી દીધી હતી અને નગરમાં ભિખારીની જેમ રખડતો થઈ ગયો હતો. સ્થુલભદ્રજી પૂર્વભવના જબરજસ્ત વૈરાગ્યના સંસ્કાર લઈને આવેલ હતા પણ બાપે તેને વ્યવહારકુશળ બનાવવા ખરાબ મિત્રોનો પરિચય કરાવ્યો તો પૂર્વભવના સંસ્કારો દબાઈ ગયા અને કોશા વેશ્યાને ત્યાં જઈ ચડ્યા. ૧૨-૧૨ વર્ષ સુધી ત્યાં રહ્યા. ઘરે

આવવાનુ નામજ ના લીધું.

**સાધુ સંગતિ બિનુ કૈસેં પૈયેં - પરમ મહારસ ધામરી**
**કોટિ ઉપાય કરે જો બૌરો, અનુભવ કથા વિસરામ રી....૧.**

આત્મ કલ્યાણનો માર્ગ પ્રાપ્ત કરવા જેઓએ પોતાના ઉપયોગને અને વીર્ય શક્તિને અંતરની ગહરાઈમાં કામે લગાડી છે અને તેના દ્વારા જેઓએ અનુભવરૂપી અમૃતને પ્રાપ્ત કર્યું છે તેવા અનુભવી સાધુ સંત મહાત્માની સેવા સંગતિ રૂપ ભક્તિ કર્યા વિના પરમ શાંતિ - સમાધિ અને આનંદ રસના મહાધામને બીજા કરોડો ઉપાયો વડે પણ બૌરો - બાવરો - મૂર્ખ મનુષ્ય કેવી રીતે પ્રાપ્ત કરશે ? જ્યારે આત્માને અંદરમાં રહેલ પરમ મહારસ કે જે પરમ શાંતરસ સ્વરૂપ છે તે પ્રાપ્ત થાય છે ત્યારે તેનું એક માત્ર ત્યાં વેદન હોય છે, એક માત્ર અનુભવન હોય છે ત્યાં અનુભવની કથા - અનુભવની વાર્તા હોતી નથી કારણકે વર્ણન અને વેદન બે એક સાથે રહી શકતા નથી. મુખમાં સાકર મીઠી ચગળીએ છીએ ત્યારે સાકર મીઠી છે એમ મુખેથી બોલાતું નથી પણ અનુભવાય - વેદાય છે જરૂર.

**પરમ શાંત રસ રૂપી અમૃતરસના છલકાવાથી સંત પુરુષોનું જીવ રૂપી સરોવર છલોછલ ભરાયેલુ હોય છે. અનુભવ કથાનું અંતિમ વિશ્રામ સ્થાન, પરમ મહારસધામ પ્રાપ્ત કરવામાં છે. મહારસધામ એ મુક્તિપુરી છે. એ આનંદની પરાકાષ્ઠા છે. તે પ્રાપ્ત થતાં અનુભવની કથા ઉપર પૂર્ણ વિરામ આવે છે.** પરમ મહારસ પ્રાપ્ત કરવા યોગીરાજ સાધુપુરુષોની સંગતિ કરવાનું કહે છે. તે કર્યા વિના માત્ર ધર્મ ક્રિયા કે શાસ્ત્રો દ્વારા મને પરમાત્મપદ મળી જશે એવું માનનારને આનંદઘનજી મહારાજ બાવર એટલે મૂર્ખ કહે છે. દીવો સળગાવવો હોય તો જેમ બીજા સળગતા દીવા આગળ આપણો દીવો લઈ જઈએ તો તરત સળગે, તે વિના કરોડો ઉપાયે દીવો સળગે નહિ તેમ જેનામાં પરમ મહારસ - પરમ આનંદ રસ પ્રગટ્યો છે તે સાધુ પુરુષની સંગતિ કરીએ તો આપણા આત્મામાં પણ તે પ્રગટે. સાધુ પુરુષની સંગતિ વિના કરેલા ઉપાયો ક્યારેક આત્મ વંચનામાં પરિણમે છે.

---

જે કાયમ ટકે એ સ્વરૂપ અને જે બદલાય એ સંયોગ.

**જેમ એકજ માટીમાંથી જુદા જુદા આકારો બનાવી જગત તેને જુદા જુદા નામ આપે છે તેમ એકજ પરમાત્મ તત્ત્વને જુદા જુદા આકારો આપી તેને જુદા જુદા નામોથી જગત ભજે છે. કોઈ એને શિવ કહે છે, કોઈ એને વિષ્ણુ કહે છે, કોઈ બ્રહ્મા કહે છે, કોઈ એને અલ્લાહ-ખુદા કહે છે, કોઈ રહેમાન કહે છે, કોઈ મહાવીર કહે છે, કોઈ તેને ઈશુ કહે છે, તેમની તરફ રાગ-દ્વેષ રૂપ ઘૃણા દષ્ટિ ન રાખતાં સર્વને સમભાવે જોનારા સાચા સાધક સંતો વિરલા હોય છે. બાકી અજ્ઞાન જગતે તો મૂર્ત આકારોમાં મારા તારાનો આરોપ કરી અનુભવ રસને ગ્રંથોમાં કે આગમોમાં વિશ્રામ કરતો બનાવી દીધો છે. આજે અનુભવની વાતો શાસ્ત્રોમાં સંગ્રહાયેલી રહી છે અને તે અનુભવની વાતો આપણે ઘણી કરીએ છીએ પણ તે અનુભવ રસ જેનાથી પ્રાપ્ત થાય તેવા અનુભવ જ્ઞાનીની પાસે જઈ તેમની સેવા સંગતિ કરતા નથી તેમજ તેમણે ચીંધેલા માર્ગે ચાલી જીવનને સાધનામય બનાવતા નથી એટલે અનંતકાળ વીતવા છતાં આજે આપણને પરમ મહારસની પ્રાપ્તિ થતી નથી. આવી રીતના કોટી ગમે ઉપાયો કરવા છતાં તે બાવરાને સત્ સ્વરૂપ પ્રાપ્ત થનાર નથી નથી ને નથીજ. તે માટે તો અનુભવી સંત મહાત્માઓની સત્ સંગતિ રૂપ સેવા ભક્તિ પ્રમાદ રહિત પણે કરવી પડશે અને આપણી ચેતના શક્તિને અંતરમાં વાળવી પડશે. આ અતિભારે કઠિન માર્ગ છે.**

શીતલ સફલ સંત સુર પાદ્દય, સેંવે સદા સુછાંઈરી
વંછિત ફલે ટળે અનવંછિત, ભવ સંતાપ બુઝાઈરી....૨.

સાધુ સંત પુરુષોની સંગતિ એ કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણી જેવી છે. જેમ સૂર્યના તાપથી તપેલા મુસાફરને વડ વૃક્ષની છાયા ઠંડક આપે છે તેમ સાધુ સંતોના ચરણ કમળની ઉપાસનાથી તેના રક્ષક દેવો શાંતિ આપે છે. સાધુ સંતોની સેવા કરવાથી પરમાત્માની કૃપા ઉતરે છે અર્થાત્ આત્મામાંથી દોષો નીકળી ગુણો પ્રગટે છે જે આત્મામાં શાંતિ-સમાધિ-પ્રસન્નતા રૂપ શીતલતાનો અનુભવ કરાવે છે. સાધુ સંતોની પવિત્ર હદયે કરેલી ભક્તિ સુંછાંઈરી એટલે પુણ્યાનુબંધી પુન્યનો બંધ કરાવે છે જેનાથી વાંછિત ફળની પ્રાપ્તિ થવા સાથે ભવોભવના સંતાપ, વ્યાધિ, જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક વગેરે દૂર

થાય છે. નરક-નિગોદ અને તિર્યંચગતિ રૂપ ભવોમાંથી મુક્તિ અર્થાત્ છુટકારો મળે છે. **ભવ દાવાનળના મહાતાપ, સાધુ સંગતિથી બુઝાઈ જાય છે. સંસારના આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી મુક્ત થઈ આત્મા મોક્ષપુરીના સીધા માર્ગે આવી જાય છે.**

ચતુર વિરંચી વિરંજન ચાહું, ચરણ કમળ મકરંદરી
કો હરિ ભરમ વિહાર દિખાવે, શુદ્ધ નિરંજન ચંદરી....૩.

જે ચેતન પોતાની આત્મ ચેતના માટે આતુર છે તે ચતુર છે. ચતુર એટલે એકાંતે આત્મ કલ્યાણનાજ કામી એવા આત્માઓને વિરંજ એટલે જગતની વ્યવસ્થા ચલાવનાર હરિહર અને વિરંચી એટલે બ્રહ્માપતિ પ્રત્યે ચાહના હોતી નથી અર્થાત્ ચતુર આત્માઓ તેમને ખુશ રાખવા માટે કોઈ પણ કાર્ય કરતા નથી. તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના ચરણે કોઈ સુગંધ વગરના બીલીપત્ર, કણેરના ફુલો ચઢાવે તો તેઓના પ્રત્યે તેમને ધૃણા થતી નથી કે કોઈ ભક્તિથી તેમના ચરણ કમળમાં સુગંધી પુષ્પો ચઢાવે તો તેમના પ્રત્યે રાગભાવ થતો નથી. બંનેના પ્રત્યે સમભાવજ વર્તે છે કારણ આવુ કરવામાં પુન્યપાપના ભાવોજ કામ કરી રહ્યા છે અને **ચતુર આત્માને પુણ્ય પાપની પ્રવૃત્તિમાં રસ હોતો નથી. એની દષ્ટિતો એક માત્ર સ્વરૂપને સાધવા માટે અંતર તરફજ ઢળેલી હોય છે.**

કો હરિ ? આધિ - વ્યાધિ અને ઉપાધિ રૂપ સકલ દુઃખોથી મુક્ત કરે, ભવના સંતાપ બુઝાવે તે પરમાત્મા છે, તેવા હરિમાં રહેલા ગુણોના બદલે આજે ભવ તાપ વધતો જતો નજરે ચડે છે. કો = ક્યા કારણે તે વધતો દેખાય છે તો કહે છે કે સવળી મતિના બદલે લોકોની મતિમાં ભ્રમ થઈ ગયો છે, મતિ અવળાઈમાં ફેરવી નાંખવામાં આવી છે અને તેથી લોકો એમ સમજી બેઠા છે કે અવળું કે સવળું કરનાર હરિ છે. જગતતો હરિહરે આપેલી બુદ્ધિ અનુસારે ચાલે છે. હરિ કરે સો હોય - અર્થાત્ આપણે કશુંજ કરી શકતા નથી આનું નામ મતિ ભ્રમ વિહાર એટલે વર્તવુ. આવો મતિભ્રમ આજે લોકોમાં વર્તી રહ્યો છે (શુદ્ધ નિરંજન ચંદરી) હરેશ્વર તો ખરેખર જોતાં શુદ્ધ, બુદ્ધ, નિરંજન,

નિરાકાર છે તે તો ચંદરી = ચંદ્રમાની જેમ નિષ્કલંક છે, ચોકખા છે. દરેકના મનોગત ભાવોને જાણવાવાળા છે.

આવી રીતે લોક માનસને ભ્રમણામાં નાંખનારા હરિ જુદા એવા હરિએ રચેલી જગતની રચનાને અમે ચાહતા નથી.

**દેવ અસુર ઈન્દ્ર પદ ચાહું ન, રાજ ન કાજ સમાજરી**
**સંગતિ સાધુ નિરંતર પાવું, આનંદઘન મહારાજરી....૪.**

આવી રીતે લોક માનસને ભ્રમણામાં નાખનારા તે દેવ સુર નહિ પણ અસુર છે. આવી આસુરી ઈન્દ્ર પદવી, આવુ રાજ્યપદ અને એમને માનવાવાળો સમાજ અને એમની કાર્યકરણી રૂપ સઘળા કાજ પ્રત્યે અમને ચાહના નથી તેવો મત યોગીરાજ આ પદમાં દર્શાવી રહ્યા છે.

હે આનંદઘનના નાથ પ્રભુ ! જે પોતે તર્યા, અનેકને તાર્યા, અને અમને પણ તારશે, તેવા સાધુ સંતપુરુષોની સંગતિને અમે ચાહિયે છીએ. જેઓની છાયા શીતલતા આપે છે, જેઓ દરેકની સફળતા ઈચ્છી રહ્યા છે એવા સાધુ પુરુષની સોબત મને ભવોભવ મળતી રહો એજ આશા હે પ્રભો ! આપની પાસે રાખું છું. તે સિવાય આ સંસારમાં મારે કોઈજ બીજી ઈચ્છા હવે રહી નથી. મને ખાત્રી છે કે પરમ મહારસના ધામ રૂપ મુક્તિ તે સાધુ સંગતિ વિના પામી શકાય તેમ નથી.

卐

*વીતરાગતા નિકટ આવતી હોય, વીતરાગતાની સિદ્ધિ થતી હોય એ મોક્ષમાર્ગ છે. બારમા ગુણઠાણે મતિજ્ઞાનમાં વીતરાગતા આવતી હોય છે.*

# પદ - ૬૯

## (રાગ - અકહિયો વેલાવલ)

प्रीतकी रीत नहीं हो, प्रीतम. प्रीत. ॥
मैं तो अपनो सरव शृंगारो, प्यारेकी न लई हो. ॥ प्रीतम. ॥१॥

मैं वस पियके पियसंग औरके, या गति किन सीखई ॥
उपगारि जन जाय मनावो, जो कछु भई सो भई हो ॥ प्रीतम. ॥२॥

विरहानल जाला अतिहि कठीन है, मोसें सही न गई ॥
आनन्दघन यु सघन धारा, तब ही दे पठई हो ॥ प्रीतम. ॥३॥

માનવી પોતાનું રૂડું દેખાડવા ઈચ્છે છે પણ પોતાનામાં રહેલા અવગુણોને પ્રગટ કરવા ઈચ્છતો નથી. યોગ્ય સ્થાને પણ તે પોતાના અવગુણોને પ્રગટ કરવા ઈચ્છતો નથી. પોતાના દોષોને પ્રગટ કરનાર આનંદઘનજી જેવા મહાત્મા તો કોઈ વિરલાજ નીકળશે. આનંદઘનજી મહારાજ પરમાત્માની કૃપા અને સાધુજનોની સંગતિ એટલા માટે ઈચ્છે છે કે પોતે લગભગ નગ્ન જેવી દશામાં એકાંત વન વગડામાં, અજાણ્યા સ્થળોમાં, ઠંડી, ગરમી, વર્ષા ઋતુમાં એકલા આત્માની મસ્તીમાં મસ્ત બની વિચરે છે તે વખતે કઠિનાઈઓ ભોગવવી પડે, દેવ, મનુષ્ય, તિર્યંચ કૃત ઉપસર્ગો સહન કરવા પડે તે વખતે પરમાત્માની અને સાધુસંતોની કૃપા ન હોય તો આ બધુ સમતાભાવે સહન થઈ શકે નહિ. પ્રભુ કૃપા અને સાધુ સંતોના આશીર્વાદથી આગળ વધી શકાય. આનંદઘનજી એકલ પંડે કોઈની પણ સહાય વિના નિર્ગ્રંથ મુનિદશામાં રહી સંયમની સાધના કરી રહ્યા છે. તેમના પર કેવી આકરી કસોટીઓ આવતી હશે તે તો તેઓજ જાણે. જો કે તેમણે પદોમાં ગુપ્ત રીતે કેટલાક ઠેકાણે તેની નોંધ લીધી છે પણ તેની તારવણી કોઈ વિરલા જીવોજ કાઢી શકે તેમ છે.

આ પદમાં તેઓને પ્રભુ પ્રાપ્તિના વિયોગની વેદના, અગ્નિની જવાલાઓની જેમ દઝાડી રહી છે, તે વિરહની વેદના કોઈપણ રીતે સહન ન થતાં મીરાંબાઈની જેમ આનંદઘનજીની સમતા પણ પોકાર કરીને કહી રહી છે.

---

બુદ્ધિ એટલે જાણકારી અને સમજ એટલે સ્પર્શના.

**પ્રીતકી રીત નહીં હો પ્રીતમ, પ્રીતકી રીત નહીં**
**મૈં તો અપનો સરવ શૃંગારો - પ્યારેકી ન લઈ હો.... પ્રીતમ....૧.**

હે પ્રિયતમ પ્રાણનાથ ! આપને હું મળવા ઝંખી રહી છું ત્યારે આપ મારાથી દૂર રહો છો તે પ્રીતની રીત નથી. પ્રિયતમને મેળવવા નારીએ જે શણગાર સજવા જોઈએ, તેને સજવામાં મેં કશી કચાશ રાખી નથી કારણકે પ્રભુને પામવા આનંદઘનજીનો આત્મા કઠિન તપ કરી રહ્યો છે. ઘોર ઉપસર્ગો પરિષહો સહન કરી રહ્યો છે છતાં આંતરમન પ્રભુ મિલનમાં અંતરાય પાડી રહ્યું છે તેને વશ કરવા પોતે મથી રહ્યા છે પણ વશ થતું નથી. આનંદઘનજીની સમતા આનંદઘનજીથી અભિન્ન છે. આટ આટલા પ્રયત્ન કરવા છતાં હજુ પ્રભુ શુદ્ધ સ્વરૂપે ઘરમાં આવવા જોઈએ તે નથી આવતા તેનું દુ:ખ સમતાને ઘણું છે તેથી યોગીરાજની સમતા પરમાત્માને ઉદ્દેશીને કહી રહી છે કે

**મૈં વસ પિયકે પિય સંગ ઔર કે યા ગતિ કિન સીખાઈ...૨.**

સમતા કહે છે કે મારા સ્વામીએ તો તેમનુ સઘળુ જીવન પ્રભુના ચરણોમાં સોંપી દીધુ છે પણ આંતર મન હજી બાહ્યભાવોમાં ભટકવાની પ્રવૃતિ છોડતુ નથી. આવી ઉલટી દિશા બતાવનાર મનને ક્યો ગુરુ મળી ગયો છે કે જેથી કરીને મારા સ્વામી આટ આટલો પ્રયત્ન કરવા છતાં તે તેની અવળી ચાલ છોડતું નથી હે ઉપકારી મહાજનો !

**ઉપગારી જન જાય મનાવો જો કછુ ભઈ સો ભઈ હો....૨.**

તમે આંતરમનની પાસે જઈને તેને મનાવો - સમજાવો કે તે સાધુ-સંત મહાત્માઓની સંગતિ કરે. ભૂતકાળમાં કાયાના ખોટા મોહમાં અને કૃત્રિમ માયામાં ફસાઈને, મારા સ્વામીએ તેને પોતાના જીવનનું સર્વસ્વ અર્પણ કરેલ - પૂર્વે અજ્ઞાન ભાવમાં રહીને જે ભૂલો કરેલ અને એને કારણે આંતરમન ફુલ્યુ ફાલ્યુ બનેલ તે બધી વાતોને હું ભુલી જવા માંગુ છું અર્થાત્ ભૂતકાળમાં જે થઈ ગયુ તે થઈ ગયુ તેને હું યાદ કરવા માંગતી નથી પણ અત્યારે તો પરમાત્માના વિરહની અગનજવાલાઓ મારા શરીરને જે પીડી રહી છે તે મારાથી સહેવાતી નથી, તે હું જોઈ શકતી નથી.

**વિરહાનલ જાલા અતિ હિ કઠિન હૈ, મોસેં સહી ન ગઈ**
**આનંદઘન પ્રભુ સઘન ઘનધારા, તબ હી દે પઠઈ હો...૩.**

સમતાને પરમાત્મ પ્રાપ્તિ થતી નથી એટલે પોતાના પ્રિયતમ સાથેનું અંતર રહ્યા કરે છે. એ અંતર એના હૃદયમાં વિરહની અગનજ્વાલા ઉભી કરે છે. વચ્ચે રહેલ આંતરમન ટળી જાય તો આનંદઘનજીનો આત્મા પરમાત્મ તત્ત્વને અનુભવે અને તો સમતાનુ પ્રભુ સાથે મિલન થઈ જાય પણ તે અંતરમન ટળતુ નથી તેથી વિયોગની પીડાથી બળતી એવી સમતા આનંદઘનના નાથ એવા ત્રણ લોકના સ્વામી પરમાત્માને વિનંતી કરે છે કે હે પ્રભો ! આપ કોઈ પણ રીતે મારી પાસે આવો, મને આવી મળો, આપની કૃપા રૂપી મેઘધારાને વરસાવો તો મારો અંદરનો વિરહાગ્નિ શાંત થાય, મારી ઈચ્છા પાર પામે. પ્રભુ ભક્ત નરસિંહ મેહતાએ કૃષ્ણ કૃષ્ણના નામનો પોકાર કર્યો હતો તો પ્રભુએ તેના પોકારને સાંભળીને તેમના સર્વ પ્રકારના દુઃખ ટાળ્યા હતા તેમ મારી પણ પ્રભો એ પોકાર છે કે મારી ધ્યાન ધારાને સઘન રૂપે ચિત્તભાવમાં અખંડપણે વહેતી કરી દો કે જેના પ્રભાવથી મારો આત્મા ગુણ શ્રેણીએ ચડી ભવ સંતાપમાંથી મુકત થાય. **આવી લગન જે સાધુ પુરુષને લાગે તેને જ્ઞાનીઓએ સાધુપદને યોગ્ય કહ્યો છે અને આત્માને જે સાધે તે સાધુ બાકી બીજા તો દ્રવ્યલીંગી કહેવાય. જો કે ગૃહસ્થાશ્રમી કરતા દ્રવ્ય લીંગીનું જીવન ઘણું ઉત્તમ ગણાય કારણ કે ત્યાં વીસવસાની દયા છે જ્યારે ગૃહસ્થને સવાવસાની દયા છે.**

યોગીરાજને જે પોતાને પરમાત્મ પ્રાપ્તિનો વિરહ સતાવી રહ્યો છે તે વિરહની વેદનાને તેમને શુદ્ધ ચેતના કે જે સમતા સ્વરૂપ છે તેના મુખમાં મુકીને વર્ણવી છે.

卐

# પદ - ૭૦

## (સાખી)

आतम अनुभव रसकथा, प्याला पिया न जाय ॥
मतवाला तो ढहि परे, निमता परे पचाय ॥१॥

मांके आगे मामुकी कोई, वरनन करय गिवार ॥
अजहुं कपटके कोथरी हो, कहा करे सरधा नार. ॥ छ. ॥१॥

चउगति महेल न छारिहो, कैंसे आत भरतार ॥
खानो न पीनो इन बातमें हो, हसत भाग कहा हाड. ॥ छ. ॥२॥

ममता खाट परे रमे हो, ओर निंदें दिनरात ॥
लैनो न देनो इन कथा हो, भोरही आवत जात. ॥ छ. ॥३॥

कहे सरधा सुनि सामिनी हो, ए तो न कीजे खेद ॥
हेरे हेरे प्रभु आवही हो, वधे आनन्दघन भेद. ॥ छ. ॥४॥

**આતમ અનુભવ રસ કથા, પ્યાલા પિયા ન જાય**
**મતવાલા તો ઢહિ પરે, નિમતા પરે પચાય**

**દષ્ટાંત :** નિમ એટલે લીમડો - લીંબોડી વૃક્ષ બાવળની જેમ કઠણ-કઠોર નથી હોતું તેમજ નીમમાં તંતુ, ચીકાશ, રેસા ન હોવાથી જરાક એની ડાળને વાળો કે તરતજ તે બટકી પડે છે. વૃક્ષ જેમ જેમ મોટા થતા જાય, ટોચની દશાએ પહોંચે ત્યારે તેમાં નરમાશ - કોમળતા આવવાના કારણે ટોચની દશાએ પહોંચેલ શાખાઓ હવાના સ્પર્શથી હાલી ઉઠે છે અને સાથે આખા વૃક્ષને હલાવી મૂકે છે તેમ આત્માએ પ્રત્યક્ષ અનુભવેલ અનુભવ કથાનું વર્ણન ચાલતુ હોય, ચિંતન મનન દ્વારા તે ટોચ પર પહોંચ્યુ હોય, ઘુંટી ઘુંટીને તેણે આત્મસાત કર્યું હોય, પચાવ્યું હોય ત્યારે તેવી કથા રૂપ સંગમાં એટલો બધો અનહદ રસ જાગે છે કે જાણે અમૃત પીવા મળ્યું. એ કથા શ્રવણનું પાન પ્યાલા ભરી ભરીને પીવા છતાં એને તૃપ્તિજ થતી નથી. એવા આનંદઘન મતવાળા આત્માનંદી

રસિકોનું મન આવા સંગમાં નીમ વૃક્ષની પેઠે ઢહિ પરે એટલે મિથ્યાગ્રહ ત્યાજીને સ્વરૂપ તરફ ઢળી પડે છે અર્થાત્ પછીથી તેમને સંસારમાં રહેવા છતાં સંસારની કરણી કરવા છતાં ત્યાં ઉદાસીનતા વર્તતી હોય છે અને એક માત્ર આત્મસ્વરૂપજ ઉપાદેય સમજાય છે.

**છબિલે લાલન નરમ કહે આલી ગરમ કરત કહા બાત - ટેક**

અહિંયા સમતા પોતાના સ્વામીને ઉદ્દેશીને કહી રહી છે કે હે સ્વામિન્ ! આપ છબિલા અર્થાત્ ચોકખા છો, આપનુ હૃદય અને માનસ અત્યંત પવિત્ર છે, આપ લાલન અર્થાત્ નિખાલસ સ્વભાવવાળા અને પ્રેમાળ છો. પોતાના સ્વામીના આવા બધા ગુણો હોવાના કારણે સમતા પતિની પ્રત્યે લાલન - હેતભાવ લાવી કહે છે કે તમે તો મને નરમ કહો એટલે કે અત્યંત નરમમતિની સંજ્ઞાથી સંબોધન કરો છો. "હે નરમ મતિ સમતા !" એ પ્રમાણે કહીને પ્રેમથી બોલાવો છો ત્યારે પેલી મમતા કે જેના કહેવામાં કોઈ ઊંડો મર્મ ભેદ છુપાયો છે તે (આલી ગરમ કરત કરા બાત) મારા મગજને ઉશ્કેરવા - મારા મગજને ક્રોધથી ગરમ કરવા કહે છે કે અલી તું તો સ્વામિનાથ ! સ્વામિનાથ ! કરી રહી છે પણ તારા સ્વામી તો તને ત્યજીને મારી કાયાની મમતામાં રમી રહ્યા છે તેનું શું ?

હે નાથ ! મારા પ્રાણ પ્યારા પતિની નિંદા કરી - મુર્ખતા ભરી વાતો કરી મને ક્રોધથી ગરમ કરી રહી છે.

આ મમતા અને સમતા વચ્ચેના નાટકીય સંકલ્પ - વિકલ્પરૂપ સંવાદને યોગીરાજ તટસ્થભાવે નિહાળી રહ્યા છે. તેઓ પોતાના સ્વરૂપ ધ્યાનમાં સ્થિતપ્રજ્ઞ છે, તેમની અંદર રહેલ મન અને બુદ્ધિ વચ્ચે વચ્ચે કુદી પડીને સારા કે ખરાબ ભાવો તેમની પાસે કરાવે છે ત્યારે તેઓ તેના તરફ દુર્લક્ષ સેવે છે. ઊંચી કોટિના સાધકને પણ પૂર્વજન્મ જન્માંતરોમાં કરેલ સારી નરસી કરણીના ફળ રૂપે આ જન્મમાં અંતઃકરણમાં પ્રમાદકાલમાં કે નિદ્રાકાલમાં સ્વપ્ન વખતે સારા નરસા ભાવો ફિલ્મી દૃશ્યોની જેમ ચિત્રરૂપે છતા થાય છે. આવા દૃશ્યો જોવાથી સમતાનું ચિત્ત હલબલી ઉઠે છે. તેની રજુઆત તે પોતાના સ્વામિ આગળ કરી

---

સ્વભાવમાં તો આત્મા અનંતકાળ રહી શકે છે.

રહી છે. આવા બધા સારા નરસા દશ્યો કે સારા નરસા ભાવો ચિત્રની જેમ સાધકને દષ્ટિગોચર થાય તે સાધકને માટે એક જાતની કસોટી છે. આ એક જાતનો અનુભવનો વિષય હોઈ સામાન્ય જન માનસમાં તે સમજાવવું કઠિન થઈ પડે છે. જે સાધના કરે તેનેજ ખબર પડે કે સારા માણસને પણ સાધનાકાળમાં પૂર્વના કર્મો અને પૂર્વના સંસ્કારો શું વીતાડે છે ? તેનો ખ્યાલ બીજા લોકોને ન આવે તે સહજ છે.

**માં કે આગે મામુકી કોઈ, વરનન કરચ ગિવાર**
**અજહું કપટ કે કોથરી હો, કહા કરે સરધા નાર... છબિલો....૧.**

મમતા સમતાને ઉશ્કેરી રહી છે, તે કહે છે કે મા આગળ મામાનું વર્ણન તો કોઈ ગિવાર ગમાર પ્રાણી હોય તે જ કરે પણ ડાહ્યો માણસ કદાપિ ન કરે. તેમ તું તારા સ્વામીની મારી આગળ પ્રશંસા કરી રહી છે કે તે નિખાલસ છે, સરળ છે, ચોકખા હૃદયના છે, મારા પ્રત્યે હેતવાળા છે તે આ બધું મા આગળ મામાનું વર્ણન કરવા જેવું કરી રહી છે. તારા સ્વામી કેવા છે એને તું જેટલી ઓળખે છે તેના કરતા વધારે હું ઓળખુ છું માટે તારે તારા પતિની ખોટી પ્રશંસા કરવાની જરૂર નથી. જો તારા સ્વામી બહુ સારા છે તો આ કાયારૂપી કોથળો કે જેના અણુએ અણુમાં દુર્ગંધ અને અપવિત્રતા ભરેલી છે તેના પ્રત્યે મોહ, માયા અને મમતાવાળા કેમ છે ? એની ઉપર કેમ સરધા-શ્રદ્ધા કરે છે ? તેનો તું જવાબ આપ ?

શ્રદ્ધા એ ભક્તિયોગનો એક પવિત્ર ગુણ છે અને સમતા એ પરમ આત્માનો એક કોમળ - અતિકોમળ પરમ નરમ ગુણ છે. શ્રદ્ધાથી બાહ્ય મન જીતાય છે. શ્રદ્ધા સંપન્ન આત્મા બહારમાં ક્યારે પણ કાંઈ પણ અજુગતુ કરતો નથી, બોલતો નથી. તે બહારમાં હંમેશા સદાચારી અને શીલ સંપન્ન બનીને રહે છે. લોકો એને આદર અને બહુમાનની નજરે જુવે છે. જ્યારે સમતાને સાધવાથી સાધક આંતરમનને વશ કરે છે. શ્રદ્ધા એ શિષ્યા છે સમતા એ તેની ગુરુણી છે. શ્રદ્ધાની ભક્તિ પોતાની ગુરુણી સમતા તરફ ઢળતી દેખીને કાયા પ્રત્યે આંધળી શ્રદ્ધા ધરાવનાર મમતા ગરમ થઈ જાય છે અને ગરમ થયેલી તે

ઉશ્કેરાટમાં આવી સમતાને ગરમ કરી રહી છે - ઉશ્કેરી રહી છે.

આ ગાથામાં શ્રદ્ધા અને સમતા બંને ભેગા મળીને કાયા-માયા-મમતાના કુળ, વંશ, ગોત્ર અને જાતિની ચર્ચા કરી રહ્યા છે. ચર્ચા શ્રદ્ધા અને સમતા વચ્ચે ચાલી રહી છે પણ તે સહન ન થવાથી મમતા વચ્ચે કુદી પડે છે અને સમતાને ગરમ કરે છે.

જ્ઞાનીઓ કહે છે કે આ કાયા જડ એવા અચેતન પરમાણુથી બનેલી છે તે કાયાના રૂપ રંગ પર મોહિત થઈને જે માનવી તેના કુળ-વંશ-ગોત્ર-જાતિના મદમાં ભાનભૂલો બની છાકટો બને છે, તેના હાલ દુર્યોધન અને કૌરવ કુળના વંશ-જાતિ અને ગોત્રના થયા તેવા થાય છે માટે માનવીએ કદી પણ કાયાની માયાનો ગર્વ કરવો જોઈએ નહિ. આ વાત દ્દષ્ટાંતથી સમજાવે છે.

દુર્યોધન કપટી, ક્રોધી, માની, લોભી, કામી અને મોહી હતો. આ બધા દોષો દુર્યોધનની કાયાના અણુએ અણુમાં વ્યાપેલા હતા. તેનો મામો શકુનિ પણ સ્વભાવે અનાર્ય હતો, તેનુ કુળ અસુર ક્ષત્રિય કુળ હતુ, વર્તન અધર્મ યુક્ત હતુ. જ્યારે પાંડવો સંતોષી, સજ્જન, ખાનદાન અને ધર્મનિષ્ઠ હતા. મહાભારતના યુદ્ધને ટાળવા અને શેષ જીવન શાંતિથી પસાર થાય તે હેતુથી કૃષ્ણે માત્ર પાંચ ગામની માંગણી મૂકેલી હતી તે પણ પાંડવોએ સ્વીકારી હતી. પરંતુ અહંકારી એવા શકુનિ મામાના ચડાવ્યાથી દુષ્ટ દુર્યોધને એક તસુપણ જમીન ન આપવાનુ કહ્યુ હતુ.

પોતાની માતા ગાંધારી અને પિતા ધૃતરાષ્ટ્ર પાસે બેઠા હોય ત્યારે મામા શકુનિના ચડાવ્યાથી દુર્યોધન પોતાના માતાપિતા સાંભળે તે રીતે પોતાના મામા શકુનિના વખાણ કરતો હતો જે બંનેને ગમતુ ન હતું. અંતે માતા ગાંધારીથી ન રહેવાયુ અને ધૃતરાષ્ટ્રને પુત્રો પ્રત્યે મોહ હોવાથી ચૂપ રહ્યા ત્યારે ગાંધારી દુર્યોધન વગેરે પુત્રોને કહે છે કે તમારી બધાની ખોપરીમાં કષાયનો કાટ ચડ્યો છે તેથી તમારી બુદ્ધિ બગડી ગઈ છે. હું તમને માતા તરીકે છેલ્લી સલાહ આપું છું કે પાંડવો સાથે સમાધાન કરી લ્યો. તારા મામાના અહમ્‌ના વખાણ કરવાથી દૂર રહો. જો તમે આ નહિ માનો તો અસત્‌વાદી માનસ તમારું અને તમારા

કુળનો વિનાશ નોતરશે. પાંડવો સત્યવાદી છે. અંતે સત્યધર્મની જીત થશે. માતા પિતા પ્રત્યેની મર્યાદા લોપ થતી જોઈને માતા ગાંધારીને સત્ય એવી પણ સ્પષ્ટ વાત કહેવી પડી. આશીર્વાદ આપવાના અવસરે પણ ગાંધારીએ એવાં જ આશીર્વાદ આપ્યા કે 'સત્યનો જય થાઓ !'

કૌરવોની કપટાઈ, પાંડવોની સચ્ચાઈ, મામા શકુનિના માથામાં ભરાયેલો અહંકાર, દુર્યોધનની દુષ્ટતા, ગાંધારીની શ્રદ્ધા, ધૃતરાષ્ટ્રની અંધશ્રદ્ધા, આ બધુ જોઈને શ્રીકૃષ્ણ સત્યવાદી એવા પાંડવોના પક્ષમાં રહ્યા અને તેમને સહાય કરી. મહાભારતનું યુદ્ધ ધર્મ અધર્મ વચ્ચેનું અને સત્ય-અસત્ય વચ્ચેનું યુદ્ધ હતું. સત્યાગ્રહની લડતમાં સત્ય પક્ષની જીતમાં કૃષ્ણની કર્તવ્યનિષ્ઠા કામ કરી ગઈ અને યુધિષ્ઠિરની પરમ સંતોષવૃતિ કામ કરી ગઈ. તે સમયમાં આ બંને પુરુષો યુગપુરુષ તરીકે પૂજનીય મનાયા. જે સત્ય પક્ષનો ચાહક વર્ગ હતો તેમણે ત્યારથી કૃષ્ણના ગુણો જોઈ પુજ્ય ભાવથી શ્રદ્ધાભક્તિ કરવી શરૂ કરી. ભાવિમાં મોક્ષ ગામી હોવાથી લોકમાનસની લાગણી એમના પ્રત્યે ધીમેધીમે ભગવદ્ ભાવમાં ફેરવાતી ગઈ અને ભગવાન રૂપે ભક્તિ થવા લાગી.

ગાંધારીના સ્પષ્ટ શબ્દોથી કૌરવો જાણી ગયા હતા કે અમારા પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે.

**કેવા હતા કૌરવો કાળ જ્ઞાની, કુસંપમાં પાછી કરી ન પાની**
**કપે મુઆ દ્વેષ સહિત ક્રોધી, વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.**

(અજ હું કપટ કે કોથરી હો - કહા કરે શ્રદ્ધા નાર) શ્રદ્ધા અને મમતા બંને પ્રાકૃતિક ગુણ છે જેમાં એક સમ્યક્ છે તો બીજા મિથ્યા છે. જે કાયા રૂપી કોથળામાં અણુએ અણુમાં માયા કપટ ભરેલા છે, જે અશુચિના ઘડા સમાન છે એવી કાયા પ્રત્યે મમતાવાળો બની ચેતન તેની ખાટ પર સૂતેલો રહે તેમાં પતિ પ્રત્યે ભક્તિવાળી શ્રદ્ધા નારી શું કરી શકે ?

માની આગળ મામાના વખાણ કરનાર પુત્ર ગમારમાં ખપે તે દષ્ટાંત આપીને અહિંયા એ કહેવા માંગે છે કે કોઈએ પણ પોતાના જાતિ કુળની બીજા આગળ પ્રશંસા ન કરવી જોઈએ કેમકે તેમ કરવાથી સાંભળનારા તેને મુર્ખમાં

ખપાવે, લોક માનસ ગરમ થતાં વાર ન લાગે માટે તેવી વાતો ન કરવી જોઈએ. હંમેશા ડહાપણતા ભર્યા કાર્ય કરવા જોઈએ. જે વ્યક્તિ વાતો ઓછી કરે અને કાર્ય સારા ઘણા કરે તે મૌન રહેવા છતાં લોક લાગણી તેના પ્રત્યે વિશેષ ખેંચાય છે. મૌનમાં સામી વ્યક્તિને આકર્ષવાનો ગુણ રહેલો છે જ્યારે જેની વાતો બકવાસમાં ખપે તેને જ્ઞાનીઓ મૂર્ખ કહે છે.

**ચઉગતિ મહેલ ન છારિહી હો - કૈંસે આત ભરતાર**
**ખાનો ન પીનો ઈન બાતમેં હો - હસત ભાગ કહા હાડ...૨.**

ચાર ગતિમાં ભટકતા આત્માને જે કાયા મળે છે તે તો કર્મ મળથી છવાયેલ છે કે જે તન રૂપી મહેલાતમાં ચૈતન્યદેવ ફસાયેલા છે. તન રૂપી મહેલાતમાં રહેલ ચૈતન્યદેવ પોતાને ઓળખેજ નહિ અને ખોટા કામો કર્યેજ જાય તો તેવા અપવિત્ર દેહમાં પરમાત્મા ક્યાંથી પ્રગટે ? માટે આનંદઘનજી પોતાના ચેતનને હિત શિક્ષા આપી રહ્યા છે કે માનવ દેહ રૂપી તન મંદિર જે મળેલ છે એતો આતમરામ એવા રાજાને રહેવાનો મહેલ છે જેને હવે કર્મમળથી છાવરવા જેવો નથી. અને તે માટે આનંદઘનજી મમતાને કહી રહ્યા છે કે હે મમતા ! જ્યાં સુધી મેં મારા અંદર રહેલા આત્માને પરમાત્મ સ્વરૂપે નહોતો ઓળખ્યો ત્યાં સુધી આ કાયાની મમતામાં હું હતો, તે વાત તારી સાચી છે. પણ હવે મારો અંતરાત્મા જાગ્યો છે, મને હવે ખબર પડી ગઈ છે કે આ દેહ ઉપર જે જીવને મમતા થાય છે, તે દેહમાં રહેલ હાડ, માંસ અને લોહીના કારણે થાય છે. લોહી-માંસ વગેરેથી દેહ પુષ્ટ થાય છે અને તેના કારણે જીવ તેના ઉપર મમત્વવાળો બને છે. વળી તે લોહી-માંસથી દેહની પુષ્ટતા એ સારું સારું ખાવા પીવાથી થાય છે એમ સમજીને હવે મેં ખાવા પીવાનો મોહ પણ રાખ્યો નથી. તારી કોઈ વાતોમાં મને હવે રસ રહ્યો નથી માટે તું હવે અહિંયાથી ભાગી જા ! આમ મમતાને કહું છુ ત્યા તે હસવા માંડે છે અર્થાત્ હજુ પણ તે આ સ્થાન છોડવા માંગતી નથી.

**મમતા ખાટ પરે રમે હો, ઓર નિંદે દિન રાત**
**લેનો ન દેનો ઈન કથા હો, ભોર હી આવત જાત...૩.**

---

ગુણ ગુણીની અભેદતાથી જ્ઞાન જ્ઞાયકની અભેદતા છે.

દેહ રૂપી ખાટ શય્યા પર મમતાને રમવાના ભાવ ઘણા હોવાથી મમતા તેને છોડતી નથી પણ તેણીતો ઉલ્ટાની મનેજ નિંદ્યા કરે છે કે હે ચેતન ! દિન અને રાતભર મારા સાથે સંબંધ તે બાંધ્યો છે અને હવે તે સંબંધ નિભાવવાને બદલે તુંજ મને છોડી રહ્યો છે આ ક્યાંનો ન્યાય ? મૂળ પરમાણુ તો શુદ્ધજ હતા પણ મારા પરમાણુને તેં અશુદ્ધ-મલિન બનાવ્યા છે તેને પહેલા તું શુદ્ધ કર પછી હું તારું ઘર છોડીશ તે પહેલાં નહિ. આવી રીતે મમતા જ્યારે રાત દિવસ આનંદઘનજીના આત્માને નિંદ્યા કરે છે ત્યારે તે વખતે તેમનો આત્મા પોતાની ભૂલ કબુલ કરે છે અને હવે તેમાંથી છુટવા સમત્વની સાધનામાં લાગી ગયો છે.

હાડકાને ભાંગી નાંખે એવા જેના હાસ્યમાં પણ ભયંકર શેતાન રૂપ કપટભાવ ભરેલો છે એવી કાચા પ્રત્યેની મમતાનો ફક્ત આત્મ સાધના પુરતોજ ખપ રાખ્યો છે. બાકી તેમનો આત્મા પરમ વૈરાગ્યરસમાંજ ભીંજાયેલો રહે છે.

આનંદઘનજીની શ્રદ્ધા અને સમતા વચ્ચે સંવાદ ચાલી રહ્યો છે. તેઓ પોતે તો સંસારના રંગમંચ પર નાટક ભજવનારા આ બે કલાકાર પાત્રો ગોઠવી મમતાભાવથી નિર્લેપ રહી આત્મ સ્વરૂપને સાધવાની સાધનામાં મગ્ન બની કાર્યને સાધી રહ્યા છે.

જેમ ભોર એટલે પ્રભાત ઉગે અને પછી સાંજે સૂર્ય આથમે અને દિવસ પછી રાત થાય, સવાર પછી સાંજ થાય તેમ જ્યાં સુધી ચેતનનો કાચા સાથેનો સંબંધ છે ત્યાં સુધી પ્રકૃતિજન્ય શુભાશુભ ભાવોની અસરો ચિત્તતંત્ર ઉપર આવન જાવન કર્યા કરવાની જેને આપણે રોકી શકશું નહિ.

આનંદઘનજી કહે છે કે મમતા અને તેના કુળ સાથેનો સઘળો ખાનપાનનો વ્યવહાર મેં જ્યારથી સંયમ ગ્રહણ કર્યું ત્યારથીજ તોડી નાંખ્યો છે. મારે હવે એક આત્માને સાધવાનું કાર્યજ રહ્યું છે. બાકીની લેણદેણની વ્યર્થ ચિંતાનો સઘળો બોજો મગજ ઉપરથી ઉતારી કાઢ્યો છે, તે બોજનો સંગ્રહ હવે ફરી નથી કરવો. યોગીરાજે આ સઘળો બોજો મમતા અને સમતાના માથા પર સોંપી પોતે નિર્વિકલ્પ ધ્યાનની મસ્તીમાં લાગી પડ્યા છે.

**કહે સરધા સુની સામીની હો, એતો ન કીજે ખેદ**
**હેરે હેરે પ્રભુ આવહી હો, વધે આનંદઘન ભેદ...૪.**

શ્રદ્ધા એ ભક્તિયોગનો ઊંચી કોટિનો વિષય છે અને તેની ઊંચી કોટિની ભાવ રમણતા તે સમતા છે. વિકલ્પ રૂપ ભાવો થવા તે મમતા અને તે ભાવોનું શમી જવું તે સમતા છે. શ્રદ્ધા સમતાને કહે છે (એ તો ન કીજે ખેદ) - હે મારા ગુરુણી સમતા ! આપને શિખામણ આપવી એ મારે માટે ઉચિત ન ગણાય કારણ આપની સમત્વ દશા પ્રકૃતિના સત્વગુણના શિખર પર પહોંચેલી છે. આપ જેવાને વ્યર્થ ખેદ એટલે ચિંતા કરવી ન ઘટે અર્થાત્ આપને આપના સમત્વ સ્વભાવમાં ઠરવું જરૂરી છે કારણ આપના પતિદેવ પરમાત્મ સ્વરૂપ એવા પરમ ચૈતન્યદેવની સાધનામાં લાગેલા હોઈ તેમાં આપના વિકલ્પોથી તેમની સાધનામાં ભંગ પડશે માટે એવો નકામો ખેદ કરવો એ ઉચિત નથી.

(હેરે હેરે પ્રભુ આવહી હો, વધે આનંદઘન ભેદ) - કાયા પ્રત્યે અભાવ કે દુર્ભાવ ન લાવતાં એને ધર્મનુ સાધન સમજી તેનો સદુપયોગ કરવાથી કર્મમળ ધીરેધીરે ધોવાતો જશે તેમ ચૈતન્ય ગુણ વિશુદ્ધિ પામતો જશે. આમ કાયા પાસેથી પ્રેમથી તેને ધિક્કાર્યા વિના કામ લેવાનું અને જીવનો અનાદિકાળનો દૈહિક સંબંધ અને તે પર રહેલો મમત્વભાવ તોડતા આવવાનું. તે જેમ જેમ તૂટતો જશે તેમ તેમ તમારા નાથ તમારી નજીક આવતા જશે. આમ કાયા પર બળ ન વાપરતા હેતથી એની પાસે હેરે હેરે એટલે હળવે હળવે ધૈર્યથી, કળથી કામ લેવાથી જીવ સરોવરમાં અમૃતાનંદ વધવા માંડશે, જે આનંદ ઉછળ્યાની અનુભૂતિઓ થવાથી સમજવાનું કે મારા સ્વામીનાથ નજીક આવી રહ્યા છે. પ્રભુ દર્શન - આત્મદર્શનના આડે આવતા કર્મોનું જ્ઞાન-ધ્યાન સાધનાથી ધોવાણ થવાથી, ચમત્કાર સર્જતી પ્રભુની દિવ્યમૂર્તિના દર્શન સાધકને ઓચિંતા થવાના આ યોગ સમજવા. પ્રભુ ભકત શ્રદ્ધા પોતાની સ્વામિની સમતાને પોતાના વિચારો જણાવી રહી છે.

卐

# પદ - ૭૧

ભાષા અને શૈલીથી આ પદ આનંદઘનજી મહારાજશ્રીનું રચેલુ જણાતું નથી અને એનું અર્થઘટન સરળ હોવાથી અત્રે વિવરણ કરવું ટાળ્યું છે તેની વાચક વર્ગે નોંધ લેવી.

अनन्त अरूपी अविगत सासतो हो, वासतो वस्तु विचार ॥
सहज विलासी हांसी नवी करे हो, अविनाशी अविकार ॥ अ. ॥ १ ॥

ज्ञानावरणी पंच प्रकारनो हो, दरशनना नव भेद ॥
वेदनी मोहनी दोय दोय जाणीए हो, आउखुं चार विच्छेद ॥ अ. ॥ २ ॥

शुभ अशुभ दोय नाम वखाणीए हो, नीच उंच दोय गोत ॥
विध्नपंचक निवारी आय हो, पंचम गति पति होय ॥ अ. ॥ ३ ॥

युगपद भावी गुण भगवंतना हो, एकत्रीस मन आण ॥
अवध अनंता परमागमथकी हो, अविरोधी गुण जाण ॥ अ. ॥ ४ ॥

सुंदर सरूपी सुभगशिरोमणि हो, सुणत मुज आतमराम ॥
तन्मय तल्लय तसु भक्ते करी हो, आनन्दघनपद ठाम ॥ अ. ॥ ५ ॥

卐

*અંદરમાં જે ચિત્રામણ કર્યું છે તે પ્રમાણે બહાર થયા કરે છે. હવે જો જીવ એને માત્ર જોયા કરે તો નવું ચિત્રામણ ન થાય !*

★

*બંધ આંખે ઊંઘીએ છીએ તે દર્શનાવરણીય કર્મજનિત ઔદયિક અવસ્થા છે. પરંતુ ઉઘાડી આંખે ઊંઘીએ તો તે જ્ઞાનજનિત ક્ષયોપશમ અવસ્થા છે.*

# પદ - ૭૨

## (રાગ - કેદારો)

मेरे माजी मजीठी सुण एक बात ॥
मिठडे लालन विन न रहु रलियात. ॥ मेरे. ॥१॥

रंगीत घुनडी लडी चीडा, काथा सोपारी अरू पानका बीडा ॥
भांग सिन्दूर सदल करे पीडा तनकठा डाकोरे विरहा कीडा. ॥ मेरे. ॥२॥

जहां तहां ढुंढुं ढोल न मित्त्म, पण भोगीनर विण सब युग रीता ॥
रयणी विहाणी दहाडा थीता, अजहु न आवे मोहि छेहा दीता. ॥ मेरे. ॥३॥

तन रंग फुंद भरमली खाट, चुन चुन कलिया विवुं घाट ॥
रंग रंगीली फुली पहेरुंगी नाट, आवे आनन्दघन रहे घर घाट ॥ मेरे. ॥४॥

**મેરે માજી મજીઠી સુણ એક વાત**
**મિઠડે લાલન વિન ન રહું રલિયાત (૧)**

આનંદઘનજી મહારાજે અંતરમાં વર્તતા ભાવોને નાટકના પાત્ર રૂપે બનાવી નાટકીય ઢબે સંવાદ રજુ કર્યો છે અને તે દ્વારા જગતને બોધ પમાડવાનો પ્રયત્ન કર્યો છે. અહીં નાટકના પાત્રમાં સમતાને શૃંગારરસનો ઓપ ચડાવી પોતાના વર્તમાન ચિત્તતંત્રના ભાવોને કથાના રૂપમાં શણગાર્યા છે. આનંદઘનજીની સમતા પોતાના પ્રિય ચૈતન્યદેવની પરમ ભક્તિરસમાં લીન બનેલી છે. એ સમતા સમ્યગ્ પરિણામી હોવાના કારણે બહારમાં જે શ્રદ્ધા રૂપે ઓળખાય તેની આગળ પોતાના મનમાં શૃંગાર રસના જે વિકલ્પો આવી રહ્યા છે તેને કહી રહી છે. પોતે સજેલા શણગારની કથા કહે છે પણ ખરેખરમાં જોઈએ તો તે પોતાના હૃદયની વ્યથા રૂપ છે તે વ્યથાને કહી રહી છે.

મેરે માજી = મારા સ્વામી મારા માટે માજી એટલે પૂજ્ય છે તેમને પરમાત્મપ્રાપ્તિને સાધવા માટેનો રંગ મજીઠી એટલે ચોળમજીઠના જેવો લાગેલો છે. સાધના કરતાં તે એમાં એવા તલ્લીન થઈ ગયા હોય છે કે એ બહાર સુવર્ણ

જેવા લાલ રંગથી રંગાયેલા હોય તેવા જણાય છે અને અંદરથી તેમનું હૃદય અત્યંત ઉજ્જવલ - સ્વચ્છ - સ્ફટિકના જેવું નિર્મળ બનેલું જણાય છે. આવા મારા સ્વામી પોતાની કાયા કે જે તેમના માટે મસાણિયો ઘાટ છે. તેમાં હાલ વસી રહ્યા છે, તેને છોડી પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર કે જે સાચુ ઘર છે તે તેમના વસવાટ માટેનો સાચો ઘાટ છે તેમાં આવીને રહે એવી ભાવના આનંદઘનજીની સમતા શ્રદ્ધા આગળ ભાવી રહી છે. જેમ જીરણ શેઠ પ્રભુને દરરોજ પારણાનો લાભ આપવાની વિનંતી કરતા હતા અને પ્રભુ ક્યારે પધારે તેની નિરંતર રાહ જોતા હતા તેમ આનંદઘનજીની સમતાદેવી પોતાના સ્વામી પોતાના ઘરે ક્યારે પધારે તેની ભાવના ભાવી રહી છે અને પોતાના સ્વામી ઘરે પધારે તે માટે પોતે કેવા શણગાર સજ્યા છે તેની મનોમન ચિંતવના કરી રહી છે તેમજ સમ્યક્ પરિણામી શ્રદ્ધા આગળ તેને જણાવી રહી છે.

જેમ મેંદીનો રંગ જ્યાં શરીરમાં લગાડવામાં આવે તે હાથપગના તળિયા વગેરેને લાલ બનાવી દે છે તેમ સમતા વિચારી રહી છે કે મારા સ્વામીને પરમાત્મ પ્રાપ્તિનો રંગ મેંદીના રંગ જેવો ચોળ મજીઠનો લાગ્યો છે જે તેમના અણુએ અણુમાં વ્યાપેલો છે. આવી પોતાના સ્વામીની દશા જોયા પછી સમતાને હવે પાકી ખાતરી થઈ ગઈ છે કે મારા મનને સ્પર્શનાર - મારા મનને આનંદ આપનાર મારા સ્વામી હવે ચોક્કસ પોતાના ઘરમાં આવી કાયમી વસવાટ કરશે, કારણ મન વશ થયા વગર ધારેલું કાર્ય સફળ થતુ નથી. પોતાના સ્વામી હવે પોતાને મળશે એમ લાગવાથી સમતાને જણાય છે કે નક્કી મારા સ્વામી મને વશ થયા છે. અત્યાર સુધી સ્વામી પોતાના મનને વશ ન હોતા માટે બહાર ભટકતા હતા એટલે સમતાને રાત'દિ રોવાનો વારો આવતો હતો પણ હવે તે દિવસો પુરા થઈ ગયા છે તેનો સમતાને આનંદ છે.

(મિઠડે લાલન વિન ન રહું રલિયાત) - જેમના માથે માલિક ન હોય તેવા ધણી વગરના હરાયા ઢોર ઘરબાર વિનાના બહાર રખડે છે પણ મારા માથે તો મારી રક્ષા કરનાર મારા સ્વામી બેઠા છે તે મને અમૃત રસની જેમ અત્યંત મિષ્ટ લાગે છે કારણકે તેઓ જે પ્રભુની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરી રહ્યા છે તેનાથી તેમનો બાહ્ય દેખાવ સૂર્યના જેવો તેજસ્વી અને પદ્મલેશ્યાના જેવો લાલ દેખાય

છે અને અંદરમાં તેમની પવિત્રતા વધતી જતી હોવાના કારણે ઉજ્જવળ વર્ણવાળા દેખાય છે.

દરેક વ્યક્તિમાં પુરુષ લક્ષણી તિક્ષ્ણતા, કઠોરતા, નારી લક્ષણી કોમળતા અને નાન્યતર જાતિ લક્ષણા કટુતાનો સ્વભાવ રહેલો છે તેથી સામે જેવા નિમિત્ત મળે તેવો અંદરમાં રહેલો સ્વભાવ કાર્ય કરે છે.

આનંદઘનજીની દિગંબર નગ્ન દશા જોઈને કોઈને તિરસ્કાર થાય તેવું બને, સ્નાન રહિત કાયાનું અશુચિપણું જોઈને કોઈને તે પાગલ જેવા પણ દેખાય, તેમજ જંગલમાં રહેવા રૂપ અસ્થિર જીવન જોઈને વિપરીત ભાવો પણ કોઈને સ્પર્શે. સામાન્યથી લોકમાનસ બાહ્ય પહેરવેશ અને બાહ્ય રહેઠાણ જોઈનેજ વિચારવા માટે ટેવાયેલુ છે એટલે આનંદઘનજી જેવા માટે પણ આવા વિપરીત ભાવો લોકને આવે તે સહજ છે પણ તેમની અંદરની સાધક દશા જોઈને તેમની પ્રત્યે બહુમાન ઉછળે તેવા તો કોઈ વિરલાજ નીકળે. આનંદઘનજી માટે કોઈ વિપરીત દૃષ્ટિથી ન જુવે તેટલા માટે સમતા કહે છે કે મારા સ્વામીનું જીવન રલિયાત એટલે રઝળતા - રખડતા ઢોર જેવું નથી. તેઓતો પોતાના આત્માને ઉજાળવા માટેનો પ્રચંડ પુરુષાર્થ કરી રહ્યા છે અને આવા મારા સ્વામી વિના હું પણ ખુશીમાં રહી શકતી નથી. અર્થાત્ રલિયાત એટલે કે રળિયામણી શોભાયમાન રહી શકતી નથી.

જે ઉદ્યમી પુરુષો આનંદઘનજી જેવો પુરુષાર્થ કરે છે તે ભાગ્યવંતા નરરત્નો ધારેલી ધારણા કરતા પણ વિશેષ લાભને પામે છે. ઉદ્યમ કદીયે નિષ્ફળ જતો નથી તે સદા સ-ફળ જ છે. માત્ર તે ઉદ્યમ સત્ ધર્મના પાયા પર મંડાયેલો હોવો જોઈએ. આનંદઘનજી મહારાજ ઉદ્યમના પ્રભાવે હમણા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક સુધી પહોંચેલા છે અને થોડાક સમય પછી પૂર્ણતાને પામશે.

**રંગીત ચૂનડી લડી ચીડા, કાથા સોપારી અરૂ પાનકા બીડા**
**ભાંગ સિંદુર સદલ કરે પીડા, તન કઠા કાકોરે વિરહા કીડા.**

સાધનાના માર્ગે આગળ વધતા સાધકના પણ આંતર મનમાં જાત જાતના ભાવો ઉઠતા હોય છે. તે ભાવો સાધકને કરવા નથી હોતા પણ પ્રકૃતિનું તંત્ર

તેની પાસે કરાવડાવે છે. આ બધી આંતર મનની રમતો છે. કર્મના જાત જાતના ઉદય સાધકના ચિત્ત ઉપર ઓચિંતો હુમલો કરે છે અને તેને ગભરાવી મૂકે છે. તે વખતે સાધકને ભારે કસોટીમાંથી પસાર થવુ પડે છે.

અહિંયા સૌભાગ્યવતી સ્ત્રી પતિને આકર્ષવા કેવા પ્રકારના શણગાર સજે છે તે બતાવે છે. ભાતીગલ રંગીન ચૂંદડી અર્થાત્ જેમાં સુંદર પ્રકારની ડિઝાઈન ચીતરેલી છે તેવી સોના અને ચાંદીના તારથી બનેલી દેખાવમાં અત્યંત આકર્ષક અને મનોહર એવી ચૂંદડી, લડી = માથાના વાળની સેર = લટ જેનાથી સ્ત્રી દેખાવમાં સુંદર દેખાય છે, ચીડા = ચીર વસ્ત્ર - પરણેતરનું જે પાનેતર કહેવાય છે તે, પાનના બીડામાં કાથો, સોપારી, ચૂનો તેમજ બીજી અનેક સુગંધિ વસ્તુઓ નાખી હોય તેવુ પાન ખાઈ તેના રંગથી હોઠ રંગવા અને મુખ સુવાસિત કરવું, એ શૃંગારનુ નિમિત્ત ગણાતું હતું. અત્યારના યુગમાં હવે હોઠ રંગવા માટે લીપસ્ટીકનો વપરાશ થાય છે. વાટેલી ભાંગ (તંબાકુ, અફીમ જેવું કેફી દ્રવ્ય જે ખાવાથી મસ્તી ચડે) મસ્તકના મધ્યભાગમાં સેંથો પાડવો અને તેમાં સિંદુર પુરવું ઈત્યાદિ આ સર્વ જાણીતા શૃંગારના અંગો છે અને આ બધા અંગો સૌભાગ્યવતી સ્ત્રી પતિ મિલનની પહેલી સુહાગ રાત્રિએ સજે છે.

સમતા શ્રદ્ધાને પોતાની આપવીતી કહી રહી છે કે મારી પાસે શૃંગારના બધાજ સાધનો મોજુદ છે પણ મારા સ્વામી તો વસ્ત્ર રહિત જંગલમાં રહી વીતરાગ દશામાં મહાલી રહ્યા છે તેથી કરીને આ સર્વ સાધનો મને આકરી પીડા કરી રહ્યા છે. જેમ ડાકીની કોઈના શરીરમાં પ્રવેશ કરે તો પછી તેના શરીરમાં રહી તેનેજ પીડા કરે છે તેવી પીડામાં મારો સમય પસાર થઈ રહ્યો છે અથવા તો મારા સ્વામી પ્રભુને પામવા તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે છતાં તે દશા આવતી નથી તેથી કરીને પ્રભુદર્શનની પ્રાપ્તિની પીડા મારા ચિત્ત ઉપર અસર કરી રહી છે. સાધકને માટે પ્રભુદર્શનની પ્રાપ્તિનો આ રાજયોગ માર્ગ લોઢાના ચણા ચાવવા જેવો છે અને તેથીજ કરીને આનંદઘનજી મહારાજને કહેવું પડ્યું કે "સાધુ સંગતિ બિનુ કૈસેં પૈયેં - પરમ મહારસ ધામરી, કોટિ ઉપાય કરે જો બૌરો, અનુભવ કથા વિશ્રામરી."

**આજે આત્માનુભૂતિનો માર્ગ લુપ્ત થઈ ગયો છે, પુસ્તકોમાં કંડરાયેલો પડ્યો છે. વધારામાં નયવાદના લડાઈ-ઝઘડા વધ્યા. એટલે મૂળ માર્ગતો ક્યાંય દૂર ઠેલાઈ ગયો છે તેથી તે માર્ગ શું છે ? ક્યો છે ? કેવો છે ? તે કહી શકાતુ નથી.**

જેમ લાકડાનો કીડો લાકડામાં રહીને લાકડાને કોરી ખાય અને પછી લાકડાને બેડોળ અને નકામું બનાવી દે તેમ પ્રભુ દર્શનના વિરહ રૂપ કીડો મારા શરીરને કોરી ખાય છે અને તેથી શૃંગારના સર્વ સાધનો હોવા છતાં તે મારા સુખમાં વધારો નથી કરતા પણ મારી પીડાનેજ વધારે છે. શૃંગારના સાધનો ભોક્તા એવા પતિની હાજરીમાં આનંદ આપે પણ તેજ સાધનો પતિના વિરહમાં આકરી પીડા પેદા કરે છે, તેવી સ્થિતિ સમતા પોતે અનુભવી રહી છે.

જહાં તહાં ઢુંઢું ઢોલન મિત્તા, ભોગી નર વિણ સબ યુગ રીતા
રયણી વિહાણી દહાડા થીતા, અજ હુ ન આવે મોહિ છેહા દીતા...૩.

પરમાત્મ સ્વરૂપ સાથે અભેદ રૂપે પરિણમેલા એવા મારા સ્વામીને હું જ્યાં ત્યાં એટલે દરેક ઠેકાણે ઢુંઢું છું - ગોતુ છું પણ તે પરમાત્મ સ્વરૂપને પામનારો અને ભોગવનારો ભોગી મારો સ્વામી મને છોડીને આજે પરનો - પુદ્ગલનો ભોક્તા બન્યો છે. પરમાત્મ તત્ત્વ એ ઢોલની દાંડીએ પીટાય તેવી વસ્તુ નથી. એને માટે તો મોહ નિદ્રામાં સૂતેલી ચેતનાને ઢંઢોળવી પડે છે. ભરત ચક્રવર્તીએ પોતાનો આત્મા ચક્રીપણાના કામકાજમાં ફસાઈ ન જાય અને સતત જાગતો રહે તે માટે શ્રાવકો તૈયાર કરેલા જે તેને સતત જાગૃત રાખ્યા કરે. તેઓ કહેતા કે ચેત, ચેત, નર ચેત, માથે મોત નગારા દેત - જીતો ભવાન્ ! વર્ધતે ભીઃ ! મા હણ મા હણ !

આમ તેને ચેતવનારા - ઢંઢોળનારા શ્રાવકો રાખેલા જેથી સર્વ વિરતિના ધોરી માર્ગે પ્રયાણ ન કરી શકવા છતા અખંડ આત્મ જાગૃતિના બળે અરીસા ભવનમાં વીંટી આંગળીમાંથી સરકી જતાં અડવાણી આંગળીને જોતાં જોતાં ભાવના પર ચડી કેવલજ્ઞાન પામ્યા.

એવીજ રીતે આત્મતત્ત્વને પામવા સતત જાગૃત રહેનાર મત્સ્યેન્દ્રનાથ

પરપદાર્થનો રાગ આપણી પરિણતિને સ્વરૂપમાંથી ઉખેડે અને સંસારમાં હસેડે.

અને ગોરખનાથ કે જે બંને ગુરુ શિષ્ય હતા તેઓ 'ચેત્ મછંદર ગોરખ આયા' ('ચેત્ મછંદર ગોરખ આયા' માટે **પરિશિષ્ટ વિભાગ ૧** જુવો) આ પદ દ્વારા પોતાના આત્માને સતત જાગૃત રાખતા હતા.

અન્ય દર્શનકારોએ જે ચાર આશ્રમની સ્થાપના કરી તે બધાંય આત્માને માટે આશ્રમ એટલે આશ્રય સ્થાનો છે. વિસામાના સ્થાનો છે પણ તેમાં ક્યાંય આત્મા શોધ્યો જડે તેવો નથી. તે તો અનુભવથી પરખાય તેવી વસ્તુ છે તેથી જે જ્યાં ત્યાં ઢુંઢવા લાયક કે ગમે તેની પાસે કથા વાર્તા કરવાની વસ્તુ નથી કે તે ઢોલ પીટવાથી પણ હાથ ચડે તેમ નથી.

સમતા પોતાની કથા વાર્તા - કહાની શ્રદ્ધા આગળ કહી રહી છે કે ચારે આશ્રમો ભોગી અને અભોગીનું અંતર પાડનારા છે. ગૃહસ્થાશ્રમમાં આત્મા ભોગી બને છે. બાકીના ત્રણ આશ્રમમાં આત્મા અભોગી હોય છે. અનાદિની રીત પ્રમાણે જીવાત્મા કર્તા ભોક્તા બની વિભાવિક કર્મો આચરતો આવ્યો છે અને તેથી તેની સાથે મેં પણ અભોગી ભાવમાં - બ્રહ્મચર્યાશ્રમ, વાન પ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમમાં દિવસો વિતાવ્યા. આ રયણી વિહાણી એટલે અજ્ઞાનના અંધકાર સમાન રાત્રિમાં કે જ્યાં દહાડા થીતા - ઘનઘોર અંધકાર છે તેવી નિગોદમાં પ્રકાશના દહાડા મારા માટે સ્થગિત થઈ ગયેલા એટલે થીજી ગયેલા. જ્યાં લગભગ પૂરેપૂરો જ્ઞાન પ્રકાશ આવરાઈ ગયેલો એવા સ્થળમાં મેં અનંત યુગ વીતાવ્યા પણ અજહુન આવે મોહિ છેહા દીતા - મને છેહ દેનાર હજી સુધી પોતાના ઘરમાં કેમ આવતો નથી અર્થાત્ હજુ પણ ગુણશ્રેણિએ ચડવાની પાત્રતા મારા સ્વામીમાં કેમ આવતી નથી ? એની ચિંતા સમતાને રાત દિવસ રહ્યા કરે છે. **સાધક આત્માને ભવદુઃખમાંથી જલ્દી છુટવાની ઝંખના પ્રબળ હોવાથી દિવસ રાત વીતાવવા તેને અત્યંત આકરા લાગે છે.**

અહિંયા આનંદઘનજી મહારાજ સમતાને સ્થાન આપી રહ્યા છે અને તેણીના રીતભાતની પ્રશંસા કરી રહ્યા છે (પણ ભોગી નર વિણ સબ યુગ રીતા - અજહુ ન આવે મોહિ છેહા દીતા) - મમતાના ભોગી નર પુરુષ સાથે માતા પિતાએ અને મારા કુટુંબી વડિલોએ પરખ કર્યા વિના અણ સમજણમાં

ઉપયોગ જો ઉપયોગને જોતાં શીખે તો બાહ્ય અભ્યંતર પર બધુંય અલોપ થઈ જાય એમ છે.

મારા સગપણ અને લગ્ન સંબંધ બાંધ્યા. કરિયાવરમાં ખૂબ ભારે કિંમતી વસ્ત્રાભૂષણ દાયજો આપ્યો, જાનૈયાઓની પણ ખુબ સારી સરભરા કરી, બધું કર્યું પણ મને તેની કુરીતભાતની જાણ તેજ દિવસે થઈ કે મારા સાથે તો દગો રમાયો છે, મને છેતરી છે, છેહ દીધો છે, આમ રાત પછી દિવસ અને દિવસ પછી રાત એવાં યુગોના યુગો વીતી ચૂક્યા તો પણ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ઘાટ કે જે તરવાના જહાજ સમાન છે અને મુક્તિના કિનારે પહેંચાડે છે તેવા રત્નત્રયીના ઘર ઘાટમાં આ ક્ષણ સુધી હજુ સ્વામી આવતા દેખાયા નથી (અહિંયા દેશવિરતિ અર્થાત્ શ્રાવક ધર્મને છાજે તેવા પવિત્ર વિચારોની ચિંતવનામાં આનંદઘનજીની સમતા ચડી ગઈ છે. આવા વિચારો પ્રકૃતિ કરાવે છે. પ્રકૃતિએ સમતાને અધીરી બનાવી દીધી છે તેથી તે આર્તધ્યાનના રસમાં ડૂબી આવા ભાવો કરી રહી છે).

**તન રંગ કુંદ ભર મલી ખાટ - ચુન ચુન કલીયા વિવું ઘાટ**
**રંગ રંગીલી કુલી પહેરૂંગી નાટ - આવે આનંદઘન રહે ઘર ઘાટ...૪.**

સમતા પોતાની કહાની શ્રદ્ધા આગળ કહેતા કહે છે કે હજુ પણ મારા સ્વામી આવતા દેખાતા નથી - ગુણ શ્રેણી આરોહણ કરતા દેખાતા નથી તેથી અત્યારે તો તન અને મનમાંથી ઉઠતા તરંગો વડે ખાટને કુંદવામાં - ખુંદવામાં જ મારો સમય વીતે છે. જ્યાં સુધી પતિ ઘર ન આવે ત્યાં સુધી સૌભાગ્યવતી સ્ત્રીની દશા ખાટ ઉપર આળોટવા જેવી જ હોય, જેમ તેમ કરીને રાત્રી પસાર કરવા જેવી હોય. તે ચિત્ત રૂપી ખાટ-ખટુલી મારા ચિત્તતંત્રને ભ્રમિત કરી રહી છે. તે ચિત્તમાંથી ઉઠતા વિચારો રૂપી કુલોની કળીઓ વીણવામાંજ મારો સમય વીતાવુ છું અને ચેતનની વાટ જોયા કરું છું.

આ બધા મનના તરંગો રૂપ કળીઓને વીણવાનું યા એકઠી કરવાનું કારણ એ છે કે મારા મનનો મનસુબો સાક્ષી પુરે છે કે મારા આનંદઘનના નાથ મારા સ્વામી મસાણિયા ઘાટ સમાન કાયાના ઘરને છોડીને તેને છેહ દઈને જરૂર પોતાના જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ઘર ઘાટના કિનારે આવશે. તેના આવવાની હું રાહ જોયા કરુ છું. તેઓ આવશે ત્યારે મારા સ્વામીના બહુમાન રૂપે વિવિધ

રંગબેરંગી ફૂલોની કળીઓની ભાત ગુંથી તેવી ડીઝાઈનની નાટ એટલે સાડી પહેરીને સામે પગલે જઈ હું તેમને ફુલોથી વધાવીશ.

**હે સર્જનહાર વિધાતા ! તેં આ સૃષ્ટિનું જ્યારે પણ સર્જન કર્યું, નિર્માણ કર્યું ત્યારે સર્જન સાથે વિસર્જન રૂપ દ્વંદ્વને પણ સાથે સર્જ્યું જે થકી ચેતન પ્રકૃતિના દ્વન્દ્વોનો ત્યાગ કરી પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી રત્નત્રયી ધામમાં ઠરી ઠામ થાય પરંતુ તે પ્રકૃતિના દ્વન્દ્વમાંથી કોકજ નર રત્નો બાહર નીકળ્યા, બાકી બધા જ પ્રકૃતિની મોહજાલમાં ફસાયેલાજ રહે - અનંતકાળ સુધી અજ્ઞાન અંધકારમાં રખડ્યાજ કરે, તેમાંથી બહારજ ન નીકળે તેવું જાળિયું સર્જન કેમ કર્યું ? તે આશ્ચર્ય આ પદમાં યોગીરાજજીએ "ભોગી નર વિણ સબ યુગ રીતા" પંક્તિથી વ્યકત કર્યું છે.**

સમ્યગ્ શ્રદ્ધાન કરતાં પણ સમતાની પરિણતિથી યુકત દેશવિરતિ ધર્મની પાલના જ્ઞાનીઓએ ઊંચી કોટિની કહી છે તે દેશવિરતિ ધર્મની પાલના ચંપાપોળના ચારેય દરવાજા પોતાના શીલના પ્રભાવે ઉઘાડનાર સતી સુભદ્રાની જેમ પ્રશંસનીય છે. આનંદઘનજી મહારાજ સમતાને સ્થાન આપતાં તેના ગુણધર્મની અને તેના આદરણીય વિચારોની પ્રશંસા કરી રહ્યા છે.

卐

*જ્ઞાની અને અજ્ઞાનીના ભેદ આ જગતમાં રહેવાના જ. અજ્ઞાનીના અજ્ઞાન અભિપ્રાયોની અવગણના જ્ઞાનીએ કરવી જ પડે.*

★

*અનંતાનંત ગુણોમાં અનંતાનંત વીર્ય પરિણમનથી કેવળજ્ઞાન કાળે અનંતાનંત આનંદના આવર્તનનું આસ્વાદન છે.*

# પદ - ૭૩

## (રાગ - કેદારો)

भोले लोगा हुं रहुं तुम भला हांसा ॥
सलुणे साजनविण कैसा घरवासा. ॥ भोले. ॥१॥

सेज सुंहाली चांदणी रात, फुलडी वाडी उर सीतल वात ॥
सगली सहेली करे सुखशाता, मेरा तन ताता मूआ विरहा माता भोले. ॥२॥

फिर फिर जोउ धरणी अगासौं, तेरा छिपणा प्यारे लोक तमासा ॥
न वल तनतें लोही मांसा, सांइडानी बे धरणी छोडी निरासा. ॥ भोले. ॥३॥

विरहकु भावसो मुज किया, खबर न पावो तो धिगे राजीया ॥
दही वायदा जो बतावे मेरा कोइ पीया,
आवे आनन्दघन करुं घर दीया. ॥ भोले. ॥४॥

**જિન હી પાયા તિન હી છિપાયા ન કહા કોઉકે કાનમેં**
**તાલી લાગી જબ અનુભવ કી, તબ સમજે સહુ સાન મેં... હમ મગન..**

જેને પામવા આનંદઘનજી મથી રહ્યા છે તે તત્ત્વ તેજ હોવા છતાં પોતે પોતાથી છુપાઈ રહે છે. તેના પ્રાગટ્ય માટે તેમણે પ્રચંડ પુરુષાર્થ આદર્યો છે. તે કહેવા યોગ્ય કે સાંભળવા યોગ્ય વસ્તુ નથી કે જેનું વર્ણન કરાય. જ્યારે પોતાને પોતાની વસ્તુ મેળવવાની પ્રબળ ઝંખના કે તાલાવેલી કે લગન અંદરમાંથી જાગે છે ત્યારે તે વસ્તુ અંદરથી પ્રાપ્ત થયાનો અનુભવ સ્વયં પોતાને જ થાય છે. આ કાનથી નહીં પણ સાનથી સમજાય તેવી વસ્તુ છે. એ પરમ તેજથી ઝળહળતી દિવ્યશક્તિ છે તે સ્વયં પ્રકાશક એક મહાન ઈશ્વરીય જ્ઞાન ચેતના છે જેને જગત રામ-રહીમ-કહાન-બ્રહ્મા-મહાદેવ-બુદ્ધ-મહાવીર-પારસનાથ જેવા નામ તેવાજ ગુણ તેનામાં રહેલા હોવાથી તે ગુણોનેજ બહારથી જુદા જુદા મૂર્ત રૂપે ભજે છે.

આ પદમાં ભોળાનાથ દિવેટિયાના વિચારો સાથે ત્રીજી કડીમાં સરખામણી

આત્મા તેના મૌલિક સ્વરૂપમાં એક તણખલાના બે ટૂકડા કરી શકતો નથી.

આનંદઘનજીએ કરી છે. દિવેટિયાની પ્રાર્થના ખૂબજ પ્રસિદ્ધિને પામેલી છે તે આ પ્રમાણે છે.

**મહાનલ એકજ દે ચિનગારી - મહાનલ એકજ દે ચિનગારી.**
**ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો - સળગી આભ અટારી,**
**ના સળગી એક સઘડી મારી, વાત વિપતની ભારી... મહાનલ...**

**ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી,**
**વિશ્વાનલ હું ચારી માંગુ વ્યર્થ મહેનત ગઈ મારી... મહાનલ...**

ઓ મહાનલ ! ઓ અનલ ! ચકમક પત્થરના સ્પર્શથી ઉત્પન્ન થયેલ અગ્નિને લોઢા સાથે ગમે તેટલુ ઘસવામાં આવે તો પણ તેની કાળાશ જતી નથી અને ચકમક પત્થર સફેદ થતો નથી. વધુ ઘસ ઘસ કરવાથી તે પાસે પડેલી વસ્તુને પણ બાળે છે. આવી વસ્તુનો ઉપયોગ કરતાં સારા કાર્ય કરવાનાં બદલે બીન ઉપયોગી કાર્યમાં જિંદગી ખરચાઈ ગઈ. જીવન મહાનલ જે વિશ્વમાં વ્યાપક પણે સર્વ વસ્તુમાં પ્રકાશી રહ્યો છે, જેની પ્રત્યેક ક્ષણ કિંમતી છે તે ચકમક સ્વરૂપ આત્માને લોખંડના સ્પર્શ તુલ્ય સંસારી જનોના સંગ મળવાથી જીવન માટે કરેલી બધી મહેનત વ્યર્થ ગઈ. અંધિયારી રાત્રિને ચાંદાએ ચાંદનીમાં ફેરવી. સૂર્યદેવે પોતાના પ્રકાશથી વિશ્વની ચેતન-અચેતન સર્વ વસ્તુઓમાં પ્રાણ સંચાર કરી હાલતા-ચાલતા કરી દીધા પણ માનવ કાયા મળી છતાં મારી ચૈતન્ય ભઠ્ઠી કદી સળગી નહીં. ચિંતાના તાપ ઉતાપે મારા જીવન પ્રાણ શોષી નાંખ્યા અને સત્ કર્મ કર્યા વિનાનું જીવન સઘળું લાય બળતરામાં ખર્ચાઈ ગયું. હે મહાનલ પ્રભુ ! હે વૈશ્વિક શક્તિના ધારક પ્રભુ ! ભારે દુ:ખીત હૃદયે તને અર્જ કરૂં છું કે મારી સઘળી મહેનત નિષ્ફળ જઈ રહી છે, મારું મનુષ્ય જીવન એળે જઈ રહ્યું છે, મારા અંતરમાં એવો મહાનલ પ્રકાશ ભરી દે જેથી મારી સઘળી મહેનત સફલ થતી રહે.

આ પદની ત્રીજી કડી - વલે તન તેં લોહી માંસા સાંઈડાની બે ધરણી છોડી નિરાશા... સાથે દિવેટિયાના વિચારો મળતા આવે છે.

આનંદઘનજી પોતે સાંઈ એટલે સાધુ વેશે ચારિત્ર ભાવમાં રહી ને

કરવા કરતાં જોવાની એટલે કે માત્ર દૃષ્ટા રહેવાની ભૂમિકા ઊંચી છે.

મન-વચન-કાયાને સંયમરૂપી ગુપ્તિની મ્યાનમાં ઘાલી દેવા મહાન પુરુષાર્થ આરંભ્યો છે તેમાં આ સાંઈડાને - સાધુડાને પ્રકૃતિએ કેવા કેવા પ્રકારની કસોટીઓના એરણ પર ચડાવ્યો છે તેના વિચારોમાં લેખકનો જીવ ચડી ગયો છે. એ ધર્મના મર્મભેદને જાણવા વિચારોની ગુંથણી કરી રહ્યો છે.

**ભોલે લોગા હું રહું તુમ ભલા હાંસા**
**સલુણે સાજન વિણ કૈસા ઘર વાસા...૧.**

મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર-વચન-કાયા એ પ્રકૃતિ તત્ત્વ છે, સંસાર એ, પ્રકૃતિ તંત્ર છે જ્યારે આત્મા એ પુરુષ તંત્ર છે. પ્રકૃતિ જગતને કહી રહી છે કે તમે લોકો બધા મારી દષ્ટિએ ભલા અને સાથે સાથે ભોળા પણ દેખાવ છો. તમારા હસવામાં કપટભાવ કે દગા ફટકા જેવા ભાવ નથી. તમારું હસવું નિર્દોષ જણાતાં મારા માટે તમે બધા ઉપકાર જેવું કાર્ય કરી રહ્યા છો પણ હું તો મારા સ્વામીથી ત્યજાયેલી પશુની જેમ જીવન પસાર કરી રહી છું. તેમાં તમારું હસવું મારા રડવામાં શાતા આપી રહ્યું છે. આને પ્રકૃતિના કોમળ ગુણો-નારી લક્ષણા ગુણો સમજવા. જ્યારે પુરુષમાં કઠોરતા ગુણ વિશેષ રહેલો હોવાથી બંને નર-નારી વચ્ચે રાગ-દ્વેષના દ્વંદ્વો પ્રકૃતિએ ઊભા કર્યા છે. પુરુષમાં જે કઠોરતાનો ગુણ રહેલો છે તે નારીમાં ન હોવાથી સ્ત્રી જાતિ સલુણા એટલે લુણ-મીઠા સહિત - લાવણ્ય સહિત મનોહર સાજન = સજ્જન પુરુષની ગૃહીણી બનવાનાં વિશેષ કોડ રાખે છે. એવો સ્વામી જો ન મળે તો ઘર સંસાર સુખરૂપ વસાવી શકાય કેવી રીતે ?

**સેજ સુંહાલી ચાંદણીરાત, ફુલડી વાડી ઉર સીતલ વાત**
**સઘળી સહેલી કરે સુખ શાતા - મેરે તન તાતા મૂઆ વિરહા માતા..૨.**

આનંદઘનજી મહારાજ અહિંયા પોતાના ભાવ જણાવતાં કહે છે કે ધરતી માતા તે મારી સેજ એટલે શય્યા છે. જે જગ્યા પર હું બેઠો છું તે જગ્યા પર **સુંહાણી** = સુંવાળી રેતી પાથરેલી હોય તે રૂ જેવી કોમળ પોચી મારી શય્યા **છે.** બીજુ ચાંદની રાત છે. ચંદ્ર પોતાનો ઉજ્જવળ પ્રકાશ ધરતી પર પાથરી **રહ્યો છે** તે ધરતી મારી પથારી છે. ત્રીજુ સુખ ફુલડી વાડી એટલે ધરતી માતાની

ગોદમાં ઉછરેલી વનસ્પતિ ઝાડ, બીડ, વેલા, વેલડીઓ લીલાછમ ફુલોની રંગબેરંગીતાથી તેમજ મીઠી મધુરી સુગંધથી લહેરાતી ધરણી ચારેબાજુ શોભાને વધારી રહી છે. ચોથુ સુખ ઠંડો શીતલ પવન શરીરને ઠંડક આપી રહ્યો છે. પાંચમુ સુખ સાધુની સખા એવી શ્રદ્ધા - સમતા - સુમતિ વગેરે અમારી રક્ષા કરી રહેલ છે, અમને સુખ આપી રહેલ છે તેમજ આજુબાજુમાં રહેલ દેવી-દેવતાઓ અમારી કાળજી કરી રહ્યા છે. આ બધા અનુકૂળ પ્રવાહને કારણે અમારી સાધના નિર્વિઘ્ને ચાલી રહી છે. આમ પ્રકૃતિ બધી વાતે અનુકૂળ છે. આ બધી શાંતિ વચ્ચે (મેરે તન તાતા મૂઆ વિરહા માતા) પ્રભુ દર્શનની પ્રાપ્તિનો વિરહ વર્તે છે, પ્રભુ ઘરમાં આવતા નથી તે ચિંતા યોગીરાજને અગ્નિની જેમ બાળી રહી છે અથવા તો મુઆ એટલે મરેલી કાયાને મુઈ ચિંતા બાળી રહી છે. બીજી અશાતાઓ એટલી નથી સતાવતી પણ એકલી પ્રભુ વિરહની પીડા અશાતા આપી રહી છે.

**ફિર ફિર જોઉં ધરણી અગાસા,**
**તેરા છિપણા પ્યારે લોક તમાસા**
**વલે તન તેં લોહી માસા, સાંઈડાની બે ધરણી છોડી નિરાશા...૩.**

આનંદઘનજીએ પોતાની જ્ઞાન ચેતનાને પરમાત્મ તત્ત્વની ખોજમાં ધ્યાન પ્રવૃત્તિ દ્વારા કામે લગાડી દીધી છે. પોતાની કાયાની અંદર આવેલ ધરતી અને અગાસા = આકાશ પ્રદેશ સિવાય પ્રભુ બહાર ક્યાંય છિપાઈ શકે તેમ નથી અને અંદરમાં પ્રભુ હમણાં નજરે ચડતા નથી. હે પ્રભો ! હું આપના દિવ્ય સ્વરૂપને ઢુંઢી રહ્યો છું. ઘડીકમાં ભીતર રહેલ ધરતી પર તો બીજી ક્ષણે ભીતર રહેલ આકાશ પર ફરી ફરીને જોયા કરું છું કે મારા નાથ - મારા પ્રભુ ભીતરમાં ક્યાં છુપાયા છે ? મારી આ આંતર ખોજને પાગલપણું સમજી, લોકો તમાસો સમજી મારી પાછળ પાછળ ફરી રહ્યા છે. આ અંતરની સાધનાનો વિષય હોઈ બહારની વ્યક્તિ માટે અજ્ઞાતતા સમાન ભાસે પણ અંદરની શોધમાં આ ધ્યાન ક્રિયા ગુપ્તપણે ચાલતી હોવાથી સાધકને પોતાના અનુભવ ગોચર જ્ઞાનમાં અથાગ પ્રયત્નના અંતે આત્માની પ્રકાશક તેજોવલય શક્તિના દર્શન થાય છે. સાધક અંદરની શોધમાં એટલો બધો તન્મયાકાર બની ગયો હોય છે કે ત્યારે

તેને બહારનું કશું ભાન રહેતું નથી. લૌકિક નજરે આ એક તરેહનું પાગલપણુંજ ગણાય. જેમણે આ માર્ગને સાધ્યો છે તેજ આ મર્મનો તાગ કાઢી શકે. સાધકે આવી રીતની લૌકિક મનોદશાને બરાબર પિછાણી લીધી હોવાથી તેના મનમાં લોકો પ્રત્યે કશાપણ બુરા ભાવ ઉત્પન્ન થતા નથી.

કુદરતે પુરુષ તે ચેતન નર અને પ્રકૃતિ તે નારી દેહ આ બંનેની જોડી એટલા માટે સરજી છે કે કોઈ રીતે પણ તે પ્રકૃતિના પાશમાંથી છટકી ન શકે અને સંસારના મમત્વ ભાવમાં કાયમજ ગૂંચવાયેલો રહે. કુદરતના સૃષ્ટિ ક્રમ પ્રમાણે જીવાત્માઓના સતત જન્મ અને મરણ ચાલ્યાજ કરે છે. નર અને નારી દેહમાં રહેલા જીવાત્માને જન્મ-જન્માંતરોમાં પાડેલા સંસ્કારો મુજબ ઋણાનુબંધ ચાલતા રહે છે અને નર અને નારી બંનેને ભોક્તા અને ભોગ્ય ભાવથી પરસ્પરની કાયા પ્રત્યે ખેંચાણ સ્વાભાવિક પણે રહ્યાજ કરે છે. આવી અટપટી જાલ કુદરતે ગોઠવી છે અને જેમ કરોળિયો પોતેજ જાળ રચે છે અને પોતેજ તેમાં ફસાય છે તેમ નર અને નારી બંનેના દેહથી ઊભી થયેલ સંસારજાળમાં એનું જીવન ખતમ થાય છે. આને લોહી માંસની સગાઈ કહી છે. લોહીમાંસથી પુષ્ટ કાયા જ્યાં સુધી છે ત્યાં સુધી રાગભાવ છે, રૂચિ છે. પછી એજ રાગ ભાવ એકબીજા પ્રત્યે અરૂચિ પેદા કરાવે છે. વલે તનતેં આ સિંધિ ભાષા છે. વલે એટલે વહાલો - કાયા પરનો પ્રેમ. તનતેં એટલે લોહી માંસ છે ત્યાં સુધીજ છે.

અહીં સાંઈડા એટલે સાધુપણું લીધા પછી પણ બે ઘરણી એટલે મમતા અને સમતા સાધુની પાછળ લાગેલી છે તેને ગમે તેટલી નિરાશ કરો કે છોડી - છોડવાનો પ્રયત્ન કરો પણ છેવટ લગી તે છેડો છોડતી નથી.

**વિરહ કુભાવ સો મુજ કીયા, ખબર ન પાવો તો ધિગ્ મેરા જીયા**
**દહી વાયદો જો બતાવે, મેરા કોઈ પિયા આવે**
**આનંદઘન કરૂં ઘર દીયા...૪.**

સંસારી જીવોને દેહના વિરહ રૂપ મરણની પીડા સતાવતી હોય છે તો સાધુ પુરુષને પરમાત્માના વિયોગની પીડા સતાવે છે. આ બંને પાસા સાથે સરખામણી કરતાં યોગીરાજ પોતાના વિચારો જણાવે છે કે વિરહનું વેદવું એને

એક પ્રકારનો કુભાવ સમજી મારા પર આપ પ્રભુ નારાજીપણું વ્યક્ત કરી મારાથી અંતર રાખતા હો તો પ્રભુ તેમ કરવા કરતા મારી ભૂલને સુધારી મને સન્માર્ગે ચડાવો તો તે આપનો કરૂણાકારી ધર્મ છે. 'ખબર ન પાવો' - આપ આપના દાસની - ભકતની ખબર અંતર ન લેશો અને અંદર ગુપ્તપણે છુપાયેલા રહેશો તો ભકતના ચિત્તતંત્ર ઉપર તેનાથી કેવી ખરાબ અસર થશે, તેને બતાવતા કહે છે કે 'ધિગ્ મેરા જીયા' - મારી કરેલી સઘળી મહેનત જો એળેજ જાય તો મારા જીવનને ખરેખર ધિક્કાર જ છુટે. મારા આંતરનાદને કર્મ સત્તા તમો ભાવમાં ખતવી નાંખે તો તેનાથી સજાગ રાખવા (દઈ વાયદો જો બતાવે કોઈ પીયા - આવે આનંદઘન કરું ઘર દીયા). મને કોઈ અગાઉથી જાણ કરે કે તને તારા પ્રભુના દર્શન અવશ્ય થશે, એવો પાકો વાયદો કોઈ આપે તો મારા પ્રિય પ્રભુ સ્વઘરે પધારવાની ખુશાલીમાં અગાઉથી મારા ઘરમાં દીવડો પેટાવી ઘરને અજવાળી રાખું. ભાવિમાં કોઈ દિવ્ય અનુભુતિનો મહાન લાભ થવાનો હોય તે પહેલા તેને સુચના રૂપે જાણ થાય છે.

પ્રભુને મેળવવા અથાગ પ્રયત્ન કરવા છતા જ્યારે પ્રભુ પોતાના હૃદયમંદિરમાં પધારી દર્શન આપતા નથી ત્યારે સાધકની આંતરદશા અને બાહ્યદશા કેવી હોય છે તેનો ચિતાર આ પદમાં રજુ કર્યો છે. ચેતના નિર્મળ થયેલી છે એટલે તેને પૂર્ણતાને પામવાની તાલાવેલી છે અને ચેતન તે સ્થિતિને પામી શકતો નથી ત્યારે તે દશાને પામવા તે કેટલો ઝુરે છે અને પરમાત્માને કેવો પોકાર કરે છે તેની અહિંયા વાત છે.

પોતાની અંદરની ઝુરણાને કારણે તેને બહારનું કાંઈ ભાન સાન રહેતુ નથી, પોતે શું કરી રહ્યો છે તેનો ખ્યાલ સુદ્ધા પોતાને હોતો નથી તેથી બહારમાં વ્યવહાર પ્રિય લોકો તેને હસે છે, મશ્કરી કરે છે, ગાંડો કહે છે, ધુની કહે છે. પરંતુ આ અંતરથી વિશુદ્ધ બનેલ આત્મા તેઓનો દોષ જોતો નથી અને એકજ વાત કહે છે કે ભલે તમે મારા દેખાવ ઉપર હસો, હું ભલે અંદરથી રડતો રહું મને કોઈજ વાંધો નથી પણ તમેજ કહો કે પોતાનુ પ્રિય પાત્ર - પોતાનું સ્વજન - પોતાનો નાથ જયાં સુધી ન મળે - તે ઘરે ન આવે ત્યાં સુધી જીવન જીવવાની મઝા કેમ હોય ?

卐

# પદ - ૭૪

## (રાગ - વસંત)

या कुबुद्धि कुमरी कौन जात, जहां रीजे चेतन ज्ञान गात. ॥ या. ॥१॥
कुत्सित साख विशेष पाय, परम सुधारस वारि जाय. ॥ या. ॥२॥
जीया गुन जानो और नांही, गले पडेंगी पलकमांहि. ॥ या. ॥३॥
रेखाछेदे वाहिताम, पढीय मीठी सुगुणधाम. ॥ या. ॥४॥
ते आगे अधिकेरी ताही, आनन्दघन अधिकेरी चाही. ॥ या. ॥५॥

**યા કુબુદ્ધિ કુમરી કૌન જાત, જહાં રીજે ચેતન જ્ઞાન ગાત... ૧**

આ પદમાં કુમતિ કોણ છે ? અને કેવી છે ? તેણે કેવાં કેવાં માઠાં પરિણામો નીપજાવ્યા છે તેનો વિચાર કરવામાં આવ્યો છે. આત્મભાવથી વિપરીત વર્તન કરાવનાર મલિન ભાવવાળી અશુદ્ધ ચેતનાને કુમારીકાની ઉપમા આપી તેની ઓળખાણ કરાવતા કહે છે કે હે કુબુદ્ધિ તું છે કુમરી, તારી માતા માયાદેવી છે, તારા પિતા મોહરાજા છે તેની તું દીકરી છે. આ તારા જાતિ કુળ વંશ સહિતનું સાધુ સંતો, ધર્મી, અધર્મી, રાજા-રંક-શેઠ-શાહુકાર ઉચ્ચ-નીચના કુળના નર-નારી બધામાં રહેલી છે. તેં કોઈને છોડ્યા નથી, તારો સ્વભાવ ભારે મીજાજી છે, ક્રોધી, માની, માયાવી, લોભી એવી તારી પ્રકૃતિ રાજસી, તામસી છે, દેવ, ગુરુ, ધર્મની વિરાધક, સદ્વ્યવહારાચરણનો અભાવ કરનાર, ચિત્તના ભાવોને દુષિત કરનાર તું છે, તારા પ્રભાવે જીવો હીન વિચાર ધરાવનાર છે.

(જહાં રીજે ચેતન જ્ઞાન ગાત) - તું જેના પર રીઝે છે, ખુશી દર્શાવે છે, એ ચેતન તારી પાછળ ઘેલો બની જાય છે અને તારા ગાણા ગાતો થઈ જાય છે. બુદ્ધિ એ પ્રકૃતિનું સર્જન છે અને તે ઈન્દ્રિય જ્ઞાન છે જ્યારે ચેતન અતીન્દ્રિય જ્ઞાની છે.

**કુત્સિત સાખ વિશેષ પાય, પરમ સુધારસ વાહી જાય....૨.**

વર્તમાનકાળમાં જીવોમાં કુત્સિત સાખ એટલે અસભ્ય વર્તન દારૂ, માંસ

---

કર્તાપણું છે ત્યાં ક્રિયા છે અને ક્રિયા છે ત્યાં કર્મબંધ છે.

ભક્ષણ, જુગાર, શિકાર, ચોરી, પરદારાગમન, વ્યભિચાર, જૂઠ, ચોરી, અભક્ષ્ય ખાનપાન, વિશ્વાસઘાત આદિ કુશીલતા સારા કુળોમાં પણ જોવા મળે છે. આનંદઘનજીના કાળમાં પણ ખરાબ આચરણ, જુલ્મી પ્રવૃતિ, વટાળ પ્રવૃત્તિ, બળાત્કાર, ધર્મ-ધર્મ વચ્ચે દ્વેષભાવ વગેરે ઘણું હતું. આવું માનસ જોયા પછી આ પદમાં તેમને પોતાના ઉદ્ગારો કાઢ્યા છે -

કુબુદ્ધિ એટલે સત્યાસત્યનો વિચાર કરવાવાળી વિવેકજ્ઞાન દષ્ટિનો અભાવ. આ કુબુદ્ધિ જેનામાં પેસે છે તેના કુળવંશનો વિનાશ સર્જે છે. ચેતન પોતે પરમાત્માની જાતિ-કુળ અને વંશનો છે, તેની સાખ એટલે આબરૂ એ છે કે તે પરમ શાંત સુધારસનો સાગર છે. આવો પણ ચેતન બુદ્ધિ જન્ય જ્ઞાન કે જે ખરેખર અજ્ઞાન છે, મહા અનર્થ કરનાર છે તેના પર વારી જઈ એટલે ઓવારી ગયો છે, તેનો પ્રશંસક બન્યો છે. આ બુદ્ધિ જેનામાં દેખાય તેના ગાણા ગાતા તે થાકતો નથી. એ બુદ્ધિના ગુણમાં ઓવારી ગયો છે એટલેજ તે પોતાના પરમ સુધારસ ધામને ખોઈ બેઠો છે - અમરતા ગુમાવી બેઠો છે અને તેથીજ ચારગતિ રૂપ ઊંચા નીચા ઘરોમાં અનંતીવાર જન્મ પામી આયુષ્યરૂપી ચપ્પણિયામાં વિષયસુખની ભીખ માંગતા અચકાતો નથી અને ફરી ફરી મરણને શરણ થવામાં હીણપત માનતો નથી.

**જીયા ગુન જાનો ઔર નાંહિ - ગલે પડેગી પલક માંહિ...૩.**

અરે ચેતન ! તારો ગુણધર્મ જીવમાંથી શિવ થવાનો છે જ્યારે બુદ્ધિ એ પ્રકૃતિની પેદાશ છે અને પ્રકૃતિ એ વિનાશી ગુણ ધારક છે. જો તું જરાપણ કડકાઈ બતાવીશ તો પલવારમાં તે તારાથી વિરુદ્ધ થઈ જશે અને તારું ગળુ પકડતા એને લાજ શરમ નહિ. આવે માટે એનાથી છેટા રહેવું એજ સાર છે. તું વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપી છો પણ ક્ષણક્ષણમાં પલટો મારે તેવો બુદ્ધિ સ્વભાવી તું નથી.

જેમ કુભાર્યા હોય તે પોતાના ચાર પાસે મીઠી-મીઠી વાતો કરે પણ કોઈ એનો સાચો પરિચય આપે તો તેને સામે વળગે છે, ઝઘડો માંડે તેવી છે. તેનો સ્વભાવજ કલેશ કરવાનો છે. વાદ-વિવાદ, વિખવાદ-વિતંડા-ચર્ચા-જલ્પ-તર્ક-યુકિત દ્વારા તે કલેશનું વાતાવરણ સર્જે છે. એક વખત જીવે પોતાની વાત

સિદ્ધ કરવા કુયુક્તિ - કુબુદ્ધિનો સહારો લીધો પછી તેનાથી છુટવુ મુશ્કેલ બને છે. માટે યોગીરાજ કહે છે કે આ કુબુદ્ધિ બાઈ કોણ છે ? કઈ જાતની છે ? તે બરાબર ઓળખો.

રેખા છેદે વાહિ તામ - પઢીય મીઠી સુગુણ ધામ....૪.

આબરૂની મર્યાદા રેખા ઓળંગતા તેને લાજ - શર્મ કે સંકોચ થતો નથી. સામે તને જ છેહ આપશે, એજ વખતે તરતજ કડવાશ ઊભી કરશે. બહારથી તે મીઠા બોલી - હસમુખી દેખાય છે અને જાણે સદ્ગુણોનું ધામ હોય તેવી દેખાય છે પણ તેને બરાબર ઓળખી લેવાની જરૂર છે.

તે આગે અધિકેરી તાહી - આનંદઘન અધિકેરી ચાહી...૫.

**કુબુદ્ધિ ભલેને બધા પર આગળ આવીને પોતાનો અધિકાર ચલાવે તેમાં ડાહ્યા માણસે વચ્ચે માથું ન મારવું. કારણ બધા મનુષ્યોના સ્વભાવ જુદા જુદા હોય છે અને તેથી તેમાં સમાનતાનું નામ નિશાન હોતુ નથી. આપણા સુધાર્યા કોઈ સુધરે તેમ નથી. વ્યક્તિને સુધરવું કે બગડવું તેનો આધાર વ્યક્તિ પોતેજ છે. એનો આધાર તમે નથી માટે અધિકાર વિના બીજાને સુધારવાના કાર્યમાં પડવું એ કુબુદ્ધિનોજ વિલાસ છે. જાતને સુધારવી એ જગતને સુધારવા બરોબર છે. "સ્વમાં સ્વાધીન છીએ પણ પરમાં પરાધીન છીએ" એ સિદ્ધાંતને અનુરૂપ વર્તો.**

પોતાના આનંદઘન સ્વરૂપમાં રહેવું તેમાં જ પોતાનો અધિકાર છે, તેવું જાણનારા પરને સુધારવાની વ્યર્થ ચિંતામાં પડતા નથી. કુવામાં પાણી હશે તો હવાડામાં આવવાનું જ છે. પાણી વિનાના અવાવરા કુવામાંથી સુગંધ ને બદલે દુર્ગંધજ નીકળે છે. સંસારનો ત્યાગ કરવો એટલે પરભાવમાંથી વિરમવું અને સ્વભાવમાં ઠરવું. સાસરે જવું એટલે પિયરને છોડવું અને પિયરને ભૂલવું અર્થાત્ સ્વને પામવું - સ્વમાં સરવું અને પરને - પિયર છોડવું. પોતાના પદાધિકારમાં વિચરવું તેના ઉપર ઉપયોગને વિશેષ કેન્દ્રિત કરવો તેવો ભાર આ પદમાં આપવામાં આવ્યો છે.

卐

# પદ - ૭૫

(રાગ - વસન્ત)

लालन बिन मेरो कुन हवाल, समजे न घटको निठुर लाल. ॥ लालन. ॥१॥
वीर विवेक जुं मांजि, कहा पेट दइ आगें छिपाइ. ॥ लालन. ॥२॥
तुम भावे जोसो कीजें वीर, सोइ आन मिलावो लालन धीर. ॥लालन. ॥३॥
अमर करे न जात आध, मन चंचलता मिटे समाध ॥ लालन. ॥४।
जान विवेक विचारकी, आनन्दघन कीने अधीन ॥ लालन. ॥५॥

**પ્યારે લાલન બિન મેરો કુન હવાલ, સમજે ન ઘટકો નિઠુરલાલ..૧.**

ચૈતન્યગુણની શુદ્ધિ અને વિવેકદષ્ટિની જાગૃતિ થયા પછીના ચેતનાના આ વિચારો છે. શુદ્ધ ચેતના પોતાના ભાઈ વિવેકને કહી રહી છે કે મારા સ્વામી સદા હર્ષાનંદમાં રહેવાના સ્વભાવવાળા છે, એમનો સ્વભાવ પરમશાંત છે, પોતે સાચા સુખના કર્તા-ભોક્તા છે અને બીજાને સત્યનો માર્ગ બતાવનાર છે. આવા આવા અનેકગુણોવાળા તે હોવા છતાં મારા પ્રત્યે નિષ્ઠુરતા બતાવી, મારા જેવી અબળાને છેહ દઈ, તે મારાથી દૂર જઈ રહ્યા છે પણ આવું કરવામાં નારી જીવનના હાલહવાલ કેવા ભૂંડા થાય તેની સમજણ તેમણે કેમ પડતી નથી ? વળી એ મારાથી અતિદૂર નરક કે નિગોદમાં ગયા હોય તેવુ તેમનું જીવન પણ નથી. એતો પોતાના ઘટ અંતરમાં જ્યાં મારું પણ રહેવાપણું છે તેવા માનવ શરીરમાંજ રહ્યા છે. જેમ ફુલમાં સુગંધ તેમ અમારા બંનેનુ રહેવાપણું હોવા છતાં તે આજે મારાથી અંતર રાખી મમતાના સંગી બન્યા છે એવાં એ કેમ સમજતા નથી કે નાથ વિનાની નારીની હાલત કેવી થતી હશે ?

**વીર વિવેક જું માંજિ, કહા પેટ દઈ આગેં છિપાઈ...૨.**

સમતા કહે છે કે અષ્ટ પ્રવચન માતા રૂપ દયા તે મારી માતા છે, વિવેક મારો ભાઈ છે, અમારા પિતા શુદ્ધ સનાતન ધર્માત્મા, સંયમ અમારી જાતિ છે, અમારુ કુળ વીરાગી છે. શીલ અમારા કુળની ખાનદાની છે અને વીરતા અમારો ધર્મ છે. રે ભાઈ વિવેક ! તારી અંતરદષ્ટિને આપણાજ ઘટ અંતરમાં ઠેઠ ઊંડાણ

આશ્રિતતા છે માટે આશ્રમની વ્યવસ્થા છે.

સુધી લઈ જઈ મારા સ્વામી અંદરમાં ક્યાં છુપાયા છે તેની શોધ કરો. મારા સ્વામીએ અનેક વખત તેમનું પેટ ખુલ્લું કરીને પોતાની જાતનો પરિચય કરાવ્યો છે. મારા સ્વામીમાં હજી મમતા પેઠેલી હોવાથી પોતાના પૂર્ણસ્વરૂપે દર્શન આપતાં તેઓ કદાચ ખચકાતા હોય એવુ બનવા જોગ છે. અમને કોઈ પ્રત્યે સ્પૃહા કે લાલસા નથી. તે તો નિસ્પૃહી ભગવત્ સ્વરૂપ છે.

**તુમ ભાવે જો સો કીજેં વીર - સોઈ આન મિલાવો લાલન ધીર...૩.**

સૂર્યના કિરણો જેવો જાણે ચળકતો સુવર્ણ હોય એવો તેમનો રંગ છે. ચંદ્રમાં જેવી ઉજ્જવળ તેમની કાંતિ છે. **વિવેકની આંખને સંતોએ નિર્મળ અંતરદષ્ટિ તરીકે અથવા ભલી પુન્યાઈવાળી સંવરદષ્ટિ તરીકે ઓળખાવી છે.** હે ભાઈ વિવેક ! તને ફાવે તે રીતે તું તેમની શોધ કર અને મારા અને મારા લાલનો મેળાપ કરાવી આપ. તેઓ ધીર, ગંભીર અને પરમ શાંત છે. સમતા પોતાના ભાઈ વિવેક આગળ પોતાના સ્વામીની ઓળખ આપી તેમનો પરિચય કરાવી રહી છે.

**સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે દરિસણ શુદ્ધતા તેહ પામે**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી કર્મ જીપી વસે મુગતિ ધામે**
**- દેવચંદ્રજી મ.**

**અમરે કરે ન જાત આધ, મન ચંચળતા મિટે સમાધ...૪.**

જેમની જાત અમર છતાં પોતાનીજ વ્યક્તિને છેહ આપવો, તેને છોડી દેવી, તે તો દગો કહેવાય. અમર તત્ત્વ જડ એવી કાયા પ્રત્યે દષ્ટિથી પણ રાગભાવ રાખે તો તેનુ કાર્ય સિદ્ધિને ન પામે કારણ તે આધિભૂત થઈને વર્તે છે. મન જ્યાં લઈ જાય તે તરફ રાગ ભાવે જીવ જાય તે મનની ચંચળતા રૂપ આધિ છે અર્થાત્ ધિ એટલે બુદ્ધિ અને તેની આકુળતા તે આધિ જે આત્માને સમાધિ દશામાં લઈ જવા માટે અંતરાયરૂપ બને છે. જ્યાં સુધી આવી આધિ વર્તે છે ત્યાં સુધી ધ્યાનભાવમાં સ્થિરતા આવતી નથી આવી આધિમાંથી છુટવાના પ્રયત્નમાં આનંદઘનજીનો આત્મા લાગી ગયો છે.

**જાન વિવેક વિચાર કીન, આનંદઘન કીને આધીન...૫.**

આવા વિચારો સમતાના જાણ્યા પછી ભાઈ વિવેક ઊંડા વિચારોમાં ચડી ગયો છે. આનંદઘન એ આત્માનો મૂળભૂત ગુણ છે, આત્માનો પરમ સ્વભાવ છે તેને આધીન કરવું કે વશવર્તી બનાવવું એ મારી શક્તિ મર્યાદાની બહારની વાત છે પણ માર્ગ ભૂલેલાને સત્યની વાટે ચડાવવા તે મારા વશની વાત છે. આ પદમાં વિવેકનું સ્થાન ખાસ વિચારવા જેવુ છે, એ જરૂર વખતે સમતાને જે સહાય કરે છે તે ખાસ નોંધવા યોગ્ય છે. ચેતના તેના પર વિશ્વાસ મુકે છે તેનું રહસ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે. પ્રાણી બહુધા ઈન્દ્રિય સુખમાં રાચે છે. દીર્ઘદૃષ્ટિ અને દૃષ્ટિવાદ પદેથી સંજ્ઞા મળી હોવા છતાં ટૂંકી નજર રાખે છે અને સુખને અંતે શું થશે તેનો વિચાર કરતો નથી. આવા વખતે વિવેક સાચુ જ્ઞાન કરાવે છે. સ્થાયી સુખ અને ક્ષણિક સુખનો તફાવત તે સમજાવે છે. અંતે પરમાર્થ કયાં છે અને કઈ રીતે પ્રાપ્ય છે તેનો ફોડ પાડી આપે છે. કયા માર્ગે સાચી પ્રગતિ થાય તેની વિગત પૂરી પાડે છે.

સિદ્ધર્ષિ ગણિ ઉપમિતિમાં જણાવે છે કે સાત્વિક માનસપુર નામનું નગર છે. બરાબર તેની સામે વિવેક પર્વત છે. ભવચક્રમાં રહેનારા પ્રાણીઓ જયાં સુધી આ વિવેક પર્વતને જોતા નથી ત્યાં સુધી અનેક પ્રકારના દુ:ખોમાં તે સબડતા હોય છે. એક વખત પણ જેઓને આ વિવેક પર્વતનું દર્શન થાય છે પછી ભવચક તરફ તેમની બુદ્ધિ જતી નથી. ભવચક ઉપર તેમને પ્રેમ પણ થતો નથી. એ વિવેક પર્વતના દર્શનનું પરિણામ એ આવે છે કે તેઓ ભવચક્રને છોડી દઈને વિવેક પર્વત પર ચઢી જાય છે અને સર્વ પ્રકારના દુ:ખોથી રહિત થઈ અલૌકિક આનંદને ભોગવનારા થાય છે. સંપૂર્ણ આનંદને હંમેશાને માટે પ્રાપ્ત કરવાનો માર્ગ આ વિવેક પર્વત પર ચડ્યા પછી તેઓને દેખાય છે. વિવેક પર્વત પર ચઢે એટલે ત્યાંથી તેઓ આખા ભવચક્રને પોતાની હથેળીમાં રહેલા પદાર્થની જેમ જોઈ શકે છે. વિમલાલોક અંજનથી વિવેકને આત્મસાત કરી શકાય છે. વિમલાલોક અંજન એ સમ્યગ્જ્ઞાન છે જેના પરિણામે સાચા અને ખોટાની વચ્ચેના તફાવતને ઓળખવાની આવડત આવે છે અને તે વિવેક છે.

卐

# પદ - ૭૬

## (રાગ - વસન્ત)

प्यारे प्रानजीवन ए साच जान, उत बरकत नांही तिल समान ॥ प्यारे. ॥१॥
उनसे मांगु दिन नांहि एक, इत पकरि लाल छरि करि विवेक ॥ प्यारे. ॥२॥
उत शठता माया मानडुंब, इत ऋजुता मृदुता मानो कुटुंब. ॥ प्यारे. ॥३॥
उत आस तृष्णा लोभ कोह, इत सांत दांत संतोष सोह ॥ प्यारे. ॥४॥
उत कला कलंकी पाप व्याप, इत खेले आनन्दघनभूप आप. ॥ प्यारे. ॥५॥

**પ્યારે પ્રાણ જીવન એ સાચ જાન, ઉત બરકત નાંહિ તિલ સમાન**

શુદ્ધ ચેતના - સમતા પોતાના પતિને નમ્રભાવે કહે છે કે હે સ્વામિન્ ! મારે તમારો આધાર છે એ વાતને તમે સાચી જાણો. મારી જીવાદોરી તમે છો. તમારી ઉપરજ મારી સર્વ ગણતરી છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ જીવોને પોતાનું જીવન પ્રિય હોય છે. પોતાના પ્રાણના નાશને કોઈ ઇચ્છતુ નથી. પોતાની આંગળી કપાય અને જેટલી વેદના થાય તેટલીજ વેદના એકેન્દ્રિય જીવને થાય છે.

**સૃષ્ટિની સૌંદર્યતા એ પણ ઈશ્વરનું સ્વરૂપ છે અને પ્રેમ એ ઈશ્વરીય ગુણ છે. કુદરતની સૃષ્ટિમાં પળે પળે વિવિધતા અને નવીનતા જોવા મળે છે. આ એક અજાયબી છે જેથી તે સૃષ્ટિ ઉપર પ્રેમ કરવો આપણને ગમે છે.** સીતા સતીએ જંગલમાં લવ અને કુશને જન્મ આપ્યો છે પછીથી સીતાજીના મામા ત્યાં આવે છે અને સીતાજીને પોતાને ત્યાં લઈ જાય છે. લવ કુશ થોડા મોટા થયા પછી ગુરુ પાસે ભણે છે, ત્યાં ગુરુની આજ્ઞાથી જંગલમાં લાકડા લેવા જાય છે ત્યારે સીતાજી તેમને હિતશિક્ષા આપે છે કે સુકાઈ ગયેલા લાકડા વીણવા પણ લીલા લાકડા કાપવા નહિ. તે વનસ્પતિનું છેદન કરી તે જીવોને તમે પીડા પહોંચાડશો નહિ. **જેટલો પ્રેમ ઈશ્વર પ્રત્યે રાખવો જરૂરી છે તેટલોજ પ્રેમ ઈશ્વર સર્જિત કુદરતના સૌંદર્ય પ્રત્યે પણ બતાવવો જોઈએ આનુજ નામ ખરી અહિંસા છે, જેનાથી પર્યાવરણ શુદ્ધિ તો સચવાય છે પણ શુદ્ધ**

**અને શુભ પુદ્ગલોની પ્રચુરતામાં વૃદ્ધિ થવા સહિત અદષ્ટ દિવ્ય શક્તિનો દિવ્ય અનુગ્રહ પણ થાય છે.**

કુદરતી સૌંદર્યનો નાશ કરનારો, તેને ખલેલ પહોંચાડનારો સાચો અહિંસક કે પરમાત્મ પ્રેમી બની શકતો નથી. આવી હિતશિક્ષા આનંદઘનજી મહારાજ ચેતન એવા પોતાના આત્માને આપી રહ્યા છે.

**સૌંદર્યતા સાથે પ્રેમ ભળે છે ત્યારે પ્રજ્ઞા વિકાસ પામે છે. સંવરધર્મની વૃદ્ધિ થાય છે. ઉચ્ચ ગોત્રનો બંધ પડે છે, નિર્મળ પુણ્ય બંધાય છે, ભવ દુઃખોની જંજાળોમાંથી સર્વથા મુક્તિ અપાવે એટલો બધો બરકત આપનારો, વાસનાની આગને બુઝવનારો આ પ્રેમ તત્ત્વનો પ્રભાવ છે અને આવો પ્રેમ તત્ત્વનો આવિર્ભાવ સત્સંગ દ્વારા થાય છે.**

જો આ કુદરતી સૌંદર્ય સાથે પ્રેમ ન ભળતા કષાયોનો કાટ ભળે તો તે હિંસા, જુઠ, ચોરી, કુશીલતા, માયા, લોભ વગેરે અનેક દુર્ગુણોને તે ખેંચી લાવે છે માટે જ્ઞાનીઓએ આવા દુર્ગુણોને પેદા કરવાની તાકાત જેમાં રહેલી છે તે સંસારની મોહ માયા મમતાને તલના ફોતરા સમાન તુચ્છ માન્યા છે. અર્થાત્ ઉત એટલે કે એમાં એક તલભાર પણ બરકત એટલે લાભ નથી.

**ઉનસેં માંગુ દિન નાંહિ એક - ઈતિ પકરિ લાલ છરિ કરી વિવેક...૨.**

આનંદઘનજીની સમતા કહે છે કે મમતા પાસે સંસારના સુખોની મમત્વ ભાવે માંગણી કરૂં - એક દિવસ પુરતી પણ હું માંગણી કરૂં એટલો રસ પણ મને હવે સંસારના પદાર્થોમાં રહ્યો નથી. યોગીરાજને સંસારના સુખ પ્રત્યે ઘૃણા અને નફરત જાગી છે અને તેથી તેમાંથી છુટવાની તાલાવેલી થઈ છે.

વીરવિજયજી પણ ગાય છે કે....

**સંસારી સુખ મને કારમું જ લાગે, તુમ વિણ કહું કેની આગે;**
**એવાં વીરવિજયજીના દુઃખ તમે જઈ કહેજો ચાંદલિયા, કહેજો ચાંદલિયા,**
**સીમંધર તેડા મોકલે...**

વિવેકરૂપી જ્ઞાનદષ્ટિ કે જે સૂર્યના સમાન લાલ અને તેજસ્વી છે તેને ધ્યાન રૂપી ભઠ્ઠીમાં તપાવી, તે શસ્ત્રને હાથમાં ગ્રહણ કરી નિર્જરા તત્ત્વ ભણી આગળ વધવાનો પુરુષાર્થ તેઓએ આદર્યો છે. ધ્યાનની આંતરિક ક્રિયાને એટલી બધી સૂક્ષ્મ અને તીક્ષ્ણ બનાવી છે કે જીવને જલ્દીથી સંસારમાંથી છુટકારો મળે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા એઓશ્રીની પ્રશંસા કરતા કહે છે કે હાલતા ચાલતાં અધ્યાત્મને સ્પર્શ કરતાં પદો દ્વારા ભક્તિરસમાં તરબોળ બની ગાતાં મેં તેમને નજરે નિહાળેલા છે, એટલુ બધું તેમનું જીવન ઉચ્ચતમ હતું.

**ઉત શઠતા માયા મન કુંબ, ઈત ઋજુતા મૃદુતા માનો કુટુંબ...૩.**

**ઉત આસ તૃષ્ણા લોભ કોહ, ઈત સાંત દાંત સંતોષ સોહ......૪.**

**ઉત કલા કલંકી પાપ વ્યાપ, ઈત ખેલે આનંદઘન ભૂપ આપ..૫.**

ઉત એટલે ઉ - એ તરફ - ત્યાં વિભાવ દશામાં માયા-મમતાના ઘરમાં કુમતિની સોબતમાં કેવા કેવા ભાવો છે તે આપ વિચારો. ત્યાં શઠતા એટલે લુચ્ચાઈ - મુર્ખતા - અજ્ઞાન છે, કાયા-કપટ-દંભ છે, માન એટલે આઠ પ્રકારના મદ - અહંનો નશો છે. આશા કે જે સદા નિરાશા લાવનારી છે તે ત્યાં છે, તૃષ્ણા-લાલચ-લોભ અને ક્રોધ ત્યાં રહેલા છે. આશા અને તૃષ્ણા એ ભયંકર કોટિના લપસણા પગથિયા છે, તે પ્રાણી પાસે ઉન્માદ કરાવે છે, દેશ વિદેશ રખડાવે છે, હલકા કામ કરાવે છે, હલકા માણસની સેવા કરાવે છે, અનેકની ખુશામત કરાવે છે. તૃષ્ણા અને લોભ એ દૈત્ય જેવા છે જેના પ્રભાવે પ્રાણીને ગમે તેટલુ મળે છતાં પણ તે ધરાતો નથી. આકાશ જેમ અમાપ અને અનંત છે તેમ લોભ અને તૃષ્ણા પણ તેવાજ છે. ક્રોધ એ હળાહળ ઝેર છે, મહા ભયંકર વિકાર છે જે પ્રાણીની પ્રીતિનો નાશ કરે છે, સૌ પ્રથમ પોતાનેજ બાળે છે, હળાહળ ઝેર છે, જીવને સીધોજ દુર્ગતિ રૂપી કૂવામાં નાંખે છે, ક્રોધ એ નરકનું દ્વાર છે, સંયમનો ઘાત કરનાર છે. આ બધા દોષો-અવગુણો પ્રાણીમાં રહેલી કળાને કલંકિત કરનારા છે. પાપના વ્યાપ એટલે વિસ્તારને કરનારા છે. માયા-મમતાના ઘરમાં દુર્ગુણોનો ઉકરડો - અજ્ઞાનનો અંધકાર અને મહા તામસ

ફ્રિજમાં રહી જતું પાણી બરફ બની જાય છે, મનમાં રહી જતો ક્રોધ વેર બની જાય છે.

ભાવો ભરેલા છે જયાં રહેલા જીવને સદાને માટે પીછેહઠ કરવી પડે છે. આગેકૂચ થઈ શકે એવુ ત્યાં કશુજ નથી. આ માયા-મમતાના પ્રભાવે પ્રાણી અનંત કાળ નિગોદમાં રખડે છે. એક શ્વાસમાં ૧૭થી અધિક જન્મ મરણ કરે છે, એક શરીરમાં અનંતાની સાથે રહેવુ પડે છે, સાથેજ આહાર-વિહાર-નિહાર કરવા પડે તેવી ત્યાં લાચાર પરાધીન સ્થિતિ હોય છે.

જયારે ઈતિ એટલે ઈ - આ તરફ - અહિંયા મારા ઘરે હે સ્વામિન્ ! ઋજુતા એટલે સરળતા, નમ્રતા-મૃદુતા એટલે કોમળતા એ આપના પોતાનાજ કુટુંબી છે. **આર્જવ અને માર્દવ આ બે ગુણો એટલા મહાન છે કે જેના દ્વારા જીવ દાનવમાંથી માનવ બને છે, દુર્જનમાંથી સજ્જન બને છે, રાગીમાંથી વિરાગી બને છે, ભોગીમાંથી ત્યાગી બને છે, પ્રમાદીમાંથી અપ્રમાદી બને છે. આ બંને ગુણો દ્વારાજ સાચા જીવનની શરૂઆત થાય છે. બીજા બધા ગુણોની ખીલવણી કરવામાં આ ગુણો ઘણો મહત્વનો ભાગ ભજવે છે.**

હે સ્વામિન્ ! અહિંયા આપણા ઘરે આશા, તૃષ્ણા, લોભ અને ક્રોધ નથી પણ શાંતતા, દાંતતા અને સંતોષ આપણા ઘરને શોભાવી રહ્યા છે. શાંતતા કષાયના તાપાગ્નિને બુઝાવે છે. દાંતતા એ ઈન્દ્રિયોનું દમન કરે છે. વિષયો તરફ વારંવાર દોડતી ઈન્દ્રિયો ઉચ્છ્રૃંખલ બની આત્માનો વિનાશ નોંતરે છે. દાંતતા એ ઉન્માર્ગગામી બનેલી ઈન્દ્રિયોને માર્ગમાં જકડી-પકડી રાખે છે. સંતોષ ભાગ્યાનુસારે જયારે જે મળ્યુ તેમાં તૃપ્તિ અને આનંદ મનાવે છે. જે તૃષ્ણાની તાણ અને વધુને વધુ મેળવવાની દોટ, હરિફાઈથી બચાવે છે. સમતા કહે છે કે હે સ્વામિન્ ! આ બધા ગુણો એજ આપની શોભા છે, આત્માનો ભવ્ય વિલાસ ગુણ વિલાસ - ચિદ્‌વિલાસ છે, પ્રેમના ઝરણા છે. આ બધા ગુણોજ વૈરાગ્યકળાને વિકસાવી વીતરાગી બનાવી મુક્તિ અપાવનારા છે.

આનંદઘન મહારાજા મમતાના ઘરમાંથી નીકળી પોતાના સ્વભાવમાં સ્થિતપ્રજ્ઞ બની પોતાના આત્માને પરમાત્મા બનાવવા પુરુષાર્થને ખેડી રહ્યા છે. પ્રતિપળની જાગૃતિથી એમનો આત્મા પરમાત્મભાવ તરફ પ્રયાણ કરી રહ્યો છે.

આવી રીતે ઉત અને ઈત શબ્દો પ્રયોજી સામ સામી સરખામણી કરી મમતાના ઘરમાં શું છે અને અહિંયા મારે ત્યાં શું છે તેનુ યથાર્થ ચિત્ર સમતાએ ચીતરી બતાવ્યું અને એ બંને ચિત્રો પૈકી વિવેક બુદ્ધિથી જે આદરણીય - ઉપાદેય જણાય તેનો સ્વીકાર કરવાની સૂચના આપી. માધ્યસ્થ દષ્ટિથી વિવેકપૂર્ણ વિચારણા કરતા સમતાની વાત સાચી જણાઈ અને તેથી ચેતન્રાજ સમતાના ઘરમાં આવીને રહેવા ઉધમવંત બનવા લાગ્યા.

આ પદમાં ત્રીજી ગાથામાં માન અને માયા કષાયને ડુંબની જાતિમાં ખપાવી છે. ડુંબ નામની એક મનુષ્યોની હલકી જાતિ છે જેમનું કામજ માયા, કપટ અને છલતાવાળું છે. સાંચાને જુઠમાં કેમ ખપાવવુ તે તેમનો ધંધો હોય છે. આવા હલકા કામો કરનારી ડુંબ નામની મનુષ્યની એક જાતિ છે તે અગાઉના સમયમાં પણ હતી અને આજે પણ છે. શ્રીપાલ-મયાણાના ચારિત્રમાં ધવલ શેઠના પ્રસંગમાં આ ડુંબ જાતિનો ઉલ્લેખ આવે છે. ધવલે શ્રીપાળની હલકાઈ કરવા આ ડુંબ જાતિના લોકોને ચડાવ્યા અને પછી થાણા બંદરે રાજાની આગળ તે ડુંબ જાતિના લોકો આવીને રાજાની આગળ પોતાનું પોત પ્રકાશતા વારાફરતી કહેવા લાગ્યા એક કહે આતો મારો દીકરો છે, અમે એના માતાપિતા છે, આ ઊભી છે તે તેની પરણેતર છે. બીજો કહે આ શ્રીપાલ તો અમારો જમાઈ છે, અમે એના સાસુ-સસરા છીએ. આ જાત હલકી હોવાને કારણે તેમને આવુ દંભ કાર્ય - કપટ કરતા શરમ સંકોચ થતો નથી.

卐

*બુદ્ધિથી અરૂપી તત્ત્વ સમજી તો શકાય છે પણ પકડી શકાતું નથી. અરૂપી તત્ત્વ બુદ્ધિથી નહિ પણ શુદ્ધિથી પકડાય છે.*

# પદ - ૭૭

## (રાગ - રામગ્રી)

हमारी लय लागी प्रभुनाम. ॥ हमारी. ॥
अम्ब खास अरु गोसल खाने, दर अदालत नहि काम ॥ ह. ॥१॥

पंचपच्चीस पच्चास हजारी, लाख किरोरी दाम ॥
खाय खरचे दिये विनु जात है, आनन करकर श्याम ॥ ह. ॥२॥

इनके उनके शिवके न जीउके, उरज रहे विनु ठाम ॥
संत सयाने कोय बतावे, आनन्दघन गुनधान ॥ ह. ॥३॥

યોગીરાજ આનંદઘનજી મહારાજને પ્રભુમાં રહેલ દિવ્યગુણોને પામવાની લય લાગી છે, તેમનું અંતઃકરણ નિર્મળ પવિત્ર ઝરણા રૂપ છે. તેઓએ આ પદમાં ચિત્તમાં વહેતી પરમાત્મ દશાની પુકારને છતી કરી છે.

પ્રભુની પ્રભુતાઈને પામવા, પ્રભુ નામની રટણતા તેમજ સ્થાપના રૂપે રહેલ પ્રભુના મૂર્તી સ્વરૂપની દ્રવ્યભાવથી ભક્તિ આ પદમાં કરી છે.

**હમારી લય લાગી પ્રભુ નામ - હમારી લય લાગી પ્રભુ નામ**
**અંબ ખાસ અરૂ ગોસલખાને - દર અદાલત નહિં કામ... ૧.**

પ્રભુના નામની અને તેમના ગુણોને પામવાની મને લય-લત-લગની લાગી છે. મને દુનિયાના વ્યવહારમાં, સ્વપ્નમાં કે જાગૃત દશામાં સર્વત્ર પ્રભુ નામની લય લાગી છે. પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન દશાને હરિભદ્રસૂરિજીએ ભક્તિયોગની સાધનાના અંગ સમાન મુલવી છે. અંગ શુદ્ધિ થવાથી શરીરમાં રહેલ સાત ચક્રો એક પછી એક દિવ્ય તેજથી પ્રકાશી ઉઠે છે. અનાહત નાદની ઉત્પત્તિ, કંઠમાં મધુરતા, અંતર ચક્ષુનુ ખુલી જવું, મન વાણીનું મૌન, અજપાજાપની સિદ્ધિ અને અંતે રૂપાતીત ધ્યાનદશામાં ચિત્તનુ પ્રવર્તમાન થવું, આવી સિદ્ધિઓ ભક્તિયોગથી પ્રાપ્ત થાય છે.

ભક્તિ યોગની ઉપાસનાને પિંડસ્થ ધ્યાન સાધના કહી છે. આ પ્રવૃત્તિ

મૂર્તિપુજક જૈન-જૈનેતરો દરેક પંથ કે સંપ્રદાયોમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે. જ્ઞાનયોગ એ રાજયોગ છે. જે માર્ગે જવાનું આ ભકિતયોગ પ્રથમ પગથિયું છે. માર્ગ શ્રેષ્ઠ છે પણ તેને જડતાથી પકડવાથી તે રૂઢિગત પરંપરામાં ફેરવાઈ જાય છે. જ્ઞાનીઓની દષ્ટિએ એનુ અનંતર (રોકડું) ફળ જે સંવર સ્વરૂપ શુદ્ધિ છે તે મળતું નથી પણ પરંપર (વાયદાનું) ફળ જે પુણ્યકર્મનો બંધ છે તે મળે છે. ભક્તિયોગ કાળે જો શુદ્ધિ પ્રવર્તે તો તેનાથી અશુભાશ્રવનું સંવરણ થાય છે તે સંવરણ ક્રિયા આત્મામાં રહેલ પાપકર્મના દલિકોમાં રહેલ રસને શિથિલ કરી નાંખે છે તેમજ નવા કર્મોમાં અશુભરસ પડવા દેતી નથી.

કૃષ્ણ મહારાજાએ ૧૮૦૦૦ સાધુઓને વંદના કરી આત્મામાં એવી વિશુદ્ધિ પ્રગટાવી કે જેથી સાતમી નરકના દલિકોમાંથી રસ ઘટીને ત્રીજી નરક જેટલો થયો હતો. તેમનો આ વંદન કરવા રૂપ ભક્તિ યોગ સંવરપ્રધાન હોવાથી આત્માની વિશુદ્ધિને સાધનાર હતો. જેમની આ સંવરપ્રધાન ક્રિયાને નેમિપ્રભુએ પણ અનુમોદી હતી. કૃષ્ણ મહારાજાની આ સંવરતત્ત્વ પ્રધાન ક્રિયાએ બંધ તત્ત્વને તોડીને નિર્જરા તત્ત્વ સુધી પોતાનો પ્રભાવ પાડ્યો હતો.

પૂર્વના કાળમાં જુલ્મી રાજકર્તાઓએ ભારતની ભૂમિ પર હજારેક વર્ષ સુધી રાજ્ય કર્યુ હતુ તેનુ કારણ હિંદુઓમાં આપસ આપસમાં ધર્મ-ધર્મ વચ્ચે સંપ્રદાયો - ગચ્છો વચ્ચે મતભેદ વધી ગયા હતા. આપણા કુસંપ અને નબળાઈના કારણે જુલ્મી - વિધર્મીઓએ રાજ્ય કરી હિન્દુત્વના અને આર્યસંસ્કૃતિનાં ચીર હરી લીધા હતા.

માનવસર્જિત અદાલતો રૂપી ઘરમાં ધર્મતત્ત્વનો ન્યાય માંગવા આપણે જવું પડ્યુ હતું તે વખતનો ચિતાર રજુ કરતા યોગીરાજ કહે છે કે આત્મા પોતે પોતાની સ્વતંત્ર સત્તાનો માલિક છે, પોતાની હદમાં આવેલા ક્ષેત્રોનો ભોગવટો કરવો કે રક્ષણ કરવું તે તેનો ધર્મ છે. પોતાની માલિકી ક્ષેત્રમાં પારકુ રાજ્ય પ્રવેશી ન જાય તેની કાળજી રાખવી તે તેનો રાજ ધર્મ છે. અંબ ખાસ એ કોઈ જુલ્મી સરકાર અથવા તો તેના રાજ્યમાં આવેલી અદાલતનું નામ છે જેમાં એક હાથમાં તલવાર દ્વારા મોતનો ભય દેખાડવામાં આવતો હતો અને બીજા હાથથી હિંદુઓને વિધર્મીઓના હાથે વટલાવવાની વટાળપ્રવૃત્તિ ચાલતી હતી. જુલ્મી એવા ઔરંગઝેબ અને નાદીર શાહના રાજ્યકાળ દરમ્યાન હિંન્દુ પ્રજાએ ઘણી

પીડા ભોગવી હતી તે વાતને યાદ કરીને યોગીરાજ કહે છે કે અંબ ખાસ, ઔરંગઝેબ, નાદીર શાહ વગેરે વિધર્મીઓના રાજ્યતંત્રમાં તેઓ દ્વારા કરાયેલી પ્રવૃત્તિઓને અમારે ન્યાયની અદાલત કહેવી કે ગોસલખાના એટલે કતલખાના કહેવા તે સમજાતું નથી. એ હિટલરના ગેસ ચેમ્બર જેવાં હોવા જોઈએ. આ આર્યક્ષેત્રમાં ચંદના, મૃગાવતી, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર તેની પત્ની તારામતી અને તેમનો પુત્ર રોહિત વગેરેના પણ ભર બજારે લીલામ થયેલા છે. ગોસલખાના એટલે જ્યાં મનુષ્યો અને પશુઓની કરાતી નિર્દય હત્યાઓથી ચાલતો લોહીનો વહેપાર. હિન્દુ હિન્દુઓ વચ્ચે ચાલી આવતી વેરઝેરની પ્રવૃત્તિઓના કડવા ફળ આજ સુધી પ્રજા ભોગવી રહી છે. ગોસલખાનાનો બીજો અર્થ લાંચ-રૂશ્વતખોરી, છળ-કપટ, કાવાદાવા જ્યાં ખેલાતા હોય તેવા ગોબાચારીના સ્થાનો (આવો અર્થ પણ થાય).

આનંદઘનજી મહારાજ કહે છે કે અમનેતો અમારા પ્રભુને પામવાની લય લાગી છે તે માટે અમે પ્રભુ નામનુ રટણ તેમજ પ્રભુના ગુણોની સ્તવના કરીએ છીએ. આત્માની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા અમારે ગોશલખાના જેવી દુન્યવી અદાલતોમાં ન્યાય માંગવાનું કાર્ય અમારું નથી. પ્રભુ નામનુ રટણ અને પ્રભુના ગુણગાન દ્વારા અમે આત્માને પરમાત્મા બનાવશું અને આત્માને કર્મની જંજીરોમાંથી છોડાવશું.

**પંચ પચીશ પચાશ હજારી લાખ કરોરી દામ**
**ખાયે ખરચે દીયે બીનુ જાત હૈ, આનન કર કર શ્યામ...૨.**

જ્યાં આગળ ન્યાય આપવા પંચો પોતેજ પાંચ-પચીશ કે પચાસ હજાર કે લાખ કે કરોડ દામ માંગતા હોય ત્યાં ધર્મનું ટકવું કેટલું દુષ્કર છે એ વિચારવાથી ખ્યાલ આવે તેમ છે. આજે ય ન્યાય મોંઘો થયો છે અને મોડો મળે છે. ફરિયાદી પૈસેટકે ખુવાર થઈ જાય અને ક્યારેક તો તેની હયાતિ ન રહે ત્યારે ન્યાયતંત્ર એની ફરિયાદનો નિકાલ કરી ચુકાદો આપે છે જેનો પછી કોઈ અર્થ રહેતો નથી. જ્યાં ગુસલખોરી એટલે ગુસખોરી-લાંચ રૂશ્વતખોરી ચાલતી હોય ત્યાં ધર્મ કેવી રીતે ટકે ?

પદ-૭૭ માં અંબ ખાસ, ગોસલખાના અને અદાલતની વાત જે યોગીરાજે

કરી છે તેની ઉપર વિશેષ વિવેચન અહિંયા રજૂ કરાય છે.

આ ત્રણે વસ્તુઓ કુદરત સર્જિત નથી પણ માનવસર્જિત છે તેથી તેવી અદાલતોમાં ધર્મતત્વનો ન્યાય કરાવવો એમાં માનવીની મનોદશામાં રહેલી મૂઢતાનુંજ નર્યું પ્રદર્શન છતું થાય છે. અંબ ખાસ અદાલત એટલે જેમાં કોઈ કોર્ટ ન હતી, કોઈ વકીલો ન હતા, કોઈ ન્યાયાધીશ ન હતા પણ જેમ જહાંગીરના વખતમાં રાજા પોતેજ ન્યાયનો ચુકાદો આપતા હતા. તેમાં જેલની સજા ન હતી પણ અદલ ઈન્સાફ ન્યાય હતો. જેમાં એક હાથમાં તલવાર અને બીજા હાથથી મોતની સજા હતી. આ ઈશ્વરીય ઈન્સાફ હતો. જેનો જેવો ગુનો તેને તેવીજ સજા હતી. આ જહાંગીરના ન્યાયનું એક દષ્ટાંત પાઠ્યપુસ્તકમાંથી મળી રહે છે. જાતિ ગમે તે હોય ચાહે હિન્દુ કે મુસ્લિમ ન્યાય બધાને માટે એક સરખો હતો.

એક બાઈનું નાનુ બાળક ગુમ થઈ ગયેલું. માતાને તેના ચહેરાની અણસાર, તલ, મસા જેવા લક્ષણ બરાબર યાદ રહી ગયેલા. અમુક સમય વીત્યા બાદ આ બાઈની નજરમાં તે બાળક બીજી બાઈની પાસે જોવામાં આવ્યું. બાઈએ બરાબર જોઈને નક્કી કર્યું કે આ છોકરાનો ચહેરો બરાબર મારા છોકરા જેવોજ છે તેથી ન્યાય મેળવવા બાદશાહના દરબારમાં ફરિયાદ કરી. બાદશાહે બંને બાઈઓને છોકરા સાથે તેડાવી ખૂબ પૂછપરછ કરી પણ બંને બાઈઓ પોતાના વિચારોમાં નમતુ ન જોખતા મક્કમ રહી. આથી બાદશાહે બાળકને પોતાની પાસે તેડાવી કહ્યું કે જે હોય તે સાચું કહી દો. આ તલવાર કોઈની સગી થઈ નથી. અબ ઘડી બાળકનું મોત થઈ જશે. બાદશાહ જેવી તલવાર બાળક પર ઉગામવા હાથ લાંબો કરે છે કે તરત સગી માતાનું હૃદય દ્રવી ગયું તે કહે છે કે બાળકને મારશો નહિ. મર્યા પછી તેનું મુખ હું જોઈ શકીશ નહિ. પેલી બાઈ તરફ નજર કરી તો તેના મોં પર દયાનો છાંટો પણ જોવાયો નહિ પણ નરી દંભતાજ તરવરી રહી એટલે બાદશાહે આ બાળકને એની સગી માતાને સોંપી દઈ પેલી બનાવટી બાઈને અપમાનિત કરી બહાર કાઢી મૂકી. આવો જહાંગીરી ન્યાય હતો.

તેવીજ રીતે એક બીજો પ્રસંગ છે કે જહાંગીરની પત્ની નૂરજહાં શિકારની શોખીન હતી. એક વખત જંગલમાં શિકાર કરવા જતાં પશુનો શિકાર થવાના

બદલે બાણ એક મનુષ્યને વાગી જતા તે મરી ગયો. તેની પત્નીએ જહાંગીરના દરબારમાં આવીને વાત કરી ન્યાય માંગ્યો ત્યારે જહાંગીર કહે છે કે જે રીતે નૂરજહાંએ તારા પતિને મારી નાંખ્યો છે તે જ રીતે તું પણ નૂરજહાંના પતિને મારી નાખ, હું તને છુટ આપું છું અને તેને મારવા તારી પાસે સાધન ન હોય તો હું બંદુક આપુ છું. પેલી બાઈએ ના પાડી કે નહિ રાજન્ ! મારાથી એ કાર્ય થઈ શકશે નહિ.

આ જહાંગીરના ન્યાયની ઈતિહાસે પ્રશંસા કરી છે. જ્યાં લાંચ રૂશ્વતખોરી કે ખોટા ધક્કા ફેરાની વાત હતીજ નહિ.

બીજો હતો નાદિર શાહનો જુલમી ન્યાય. જ્યાં વગર ગુનાએ કે સામાન્ય ગુનાએ મોતની સજા હતી. આવા જુલ્મી રાજાઓએ ઘણા મંદીરો તોડ્યા છે. જ્યાં ન્યાયની વાત જ ન હતી. કેવળ તલવારનું બળ. તેમના રાજમાં હિન્દુઓને વટલાવવાની વાતે માઝા મુકાઈ ગઈ હતી.

હવે આપણે હિન્દુ રાજાઓની વાત કરીયે. માનવ માત્ર બધા સારા પણ નથી હોતા તેમ ખરાબ પણ નથી હોતા. અમુક રજવાડાઓમાં લાંચ-રૂશ્વત ખોરી બહુજ હતી. ન્યાય મેળવવા ૫-૨૫-૫૦ હજાર - લાખ કે ક્રોડ જેવી લાંચ રૂસ્વત આપે કે ન્યાય એના તરફ આવી જાય. આમ ન્યાય ખરીદાતો હતો. પણ નિર્દયપણે મારી નાંખવાની વાત હિંદુ રજવાડામાં ન હતી. **માનવીના કોઠામાં રહેલી નિર્દયતા, ધર્માંધતા અને રાક્ષસી ઝનુનતાએ ધર્મની પાંખોજ કાપી નાંખી છે. જેના વડે આત્મા મુક્ત પંખીની જેમ નિર્ભયતાથી ગમે ત્યાં ઉડી શકતો હતો તે ધર્મને ઉચ્ચ જ્ઞાતિની પ્રજાએ કોર્ટના ઠેબે ચડાવી ભગવાનને લોખંડના પિંજરામાં પુરાવી માથે કોર્ટના તાળા ઠોકાવ્યા છે હવે એ શિક્ષા બેઠો બેઠો ભગવાન ભોગવે અને આપણે હરખભેર ફર્યા કરીએ અને પછી ઝઘડા થાય તેમાં આપણી હોશિયારી માનીએ. આવા અન્યાયથી ધર્મફળ મળેજ નહિ. ધર્મની પાંખો કાપી નાંખીને માનવીએ ધર્મને પાંગળો બનાવી દીધો. દરેક સ્થાનમાં ઓછાવત્તા અંશે ધર્મના આ હાલ છે. વર્તમાન નજરે જોતાં એના ફળ મારો-કાપો-બાળો જેવા ભોગવાઈ રહ્યા છે.**

માનવસર્જિત અદાલતોની ન્યાય પદ્ધતિઓ જોયા કે સાંભળ્યા પછી આનંદઘનજી કહે છે (દર અદાલત નહિ કામ) - **ધર્મ એ ગુઢ-ગહન-ગંભીર**

**આશાઓથી ભરેલું એક તાત્ત્વિક - માર્મિક વસ્તુ હોઈ એના ગુપ્ત રીતે ધરબાયેલા ગહન રહસ્યોને તો કોઈ વિરલા પુરુષોજ પારખી શકે. ઝવેરાતની કદર ઝવેરીજ કરી શકે બાકી બીજા બધા તો વા ખાય. આ જન્મમાં નહિ પણ જન્માંતરોમાંય એનું રહસ્ય હાથ ચડે તેમ નથી.**

સોલમા શાંતિનાથ પ્રભુના જીવે પૂર્વના ત્રીજા મેઘરથ રાજાના ભવમાં જે ન્યાય આપેલો તેમના ન્યાયને પદ-૭૭માં આનંદઘનજીએ દૃષ્ટાંત રૂપ યાદ કર્યા છે. અંબ ખાસ અરૂ ગોસલખાને - દર અદાલત નહિ કામ - હમારી લય લાગી પ્રભુ નામ. આ પદમાં તેઓ અંતરયાત્રામાં આવતા વિઘ્નોનો ન્યાય મેળવવા જંગે ચડ્યા છે. મેઘરથ રાજાના દયા ધર્મની પ્રશંસા દેવોની સભામાં થતી સાંભળીને એક મિથ્યાત્વી દેવે તેમના દયા ધર્મની પરીક્ષા કરવા પારેવા અને સિંચાણાનુ રૂપ વિકુર્વી મેઘરથ રાજાના દરબારમાં આવ્યા. પારેવો બચવા માટે શરણ માંગે છે. તે વખતે સિંચાણો પોતાનો શિકાર પાછો આપવા રાજાને કહે છે. રાજા કહે છે હું ક્ષત્રિય છું, શરણાગતનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે, ભક્ષ તરીકે હું તને મારા શરીરમાંથી માંસ આપવા તૈયાર છું. સિંચાણો કબુલ કરે છે અને શરત કરે છે કે મારે મારા ભાર તુલ્ય માંસ જોઈએ. પલ્લામાં સિંચાણો બેસે છે બીજા પલ્લામાં રાજા પોતાના સાથળમાંથી માંસ કાપી કાપીને મુકે છે. આ બાજુ દેવમાયાથી સિંચાણાનુ પલ્લુ ઊંચુજ રહે છે ત્યારે રાજા સિંચાણાને તૃપ્ત કરવા પોતાની સમગ્ર કાયા પલ્લામાં મૂકી દે છે. ભલે મારા આખા શરીરનું ભક્ષણ તમે કરો તે વખતના પ્રસંગને કવિએ આ રીતે કાવ્યમાં ઉપસાવ્યો છે -

"પારેવો સીંચાણા રૂપે અવતરી - પડ્યો પારેવો ખોળામાંય - રૂડારાજા
રાખો રાખો મુજને રાજવી - મુજને સિંચાણો ખાય - રૂડારાજા - ધન
ધન મેઘરથ રાયજી"

એક પારેવાની દયા ખાતર પોતાના સમગ્ર દેહને સીંચાણાને અર્પણ કરતા જોઈને દેવનુ હૈયુ હચમચી ઉઠે છે અને દેવ કહે છે, "હે રાજન્ ! દેવોની સભામાં તમારા દયાદર્મની જેવી પ્રશંસા થઈ તેથી પણ અધિક દયાવાન મેં તમને પ્રત્યક્ષ નિહાળ્યા છે. હે ન્યાયી રાજન્ ! તમારી ધર્મ પ્રત્યેની ધૈર્યતાની હું ખુબ ખુબ પ્રશંસા કરું છું અને તમારા પર કરેલી ભારે આકરી કસોટી બદલ તમારી વારંવાર ક્ષમા માંગુ છું ?" એમ ખમાવી દેવ પોતાના સ્થાને પાછો

ગયો. આનંદઘનજી કહે છે કે આત્માની ઉન્નતિ સાધવી હોય તો ન્યાય આવો હોવો જોઈએ. વર્તમાનમાં ચાલતા ન્યાયાલયો - અદાલતો - કોર્ટો - કચેરીઓમાં સાચો ન્યાય મળતો નથી માટે અમે તેને ઈચ્છતા નથી.

ખાયે ખરચે... જ્યાં પોતાનું નાણું પોતાને પણ લેખે ન લાગ્યું. ન પોતે ખાધું, ન પોતે પીધું, લુંટનારાઓએ લુંટી લીધું. અને ન તો તે બીજાના ભલાઈના કાર્યોમાં ખરચાયું. આવી રીતે લેવાદેવા વગરનું નાણું ઉન્માર્ગે જતું ભાળ્યા પછી આનંદઘનજી મહારાજાએ શ્રી કૃષ્ણ મહારાજાને અહીં યાદ કર્યા છે કે આનન કર કર શ્યામ - હે પરમ દુઃખ ભંજન, હે શ્યામ ગિરધારી તમે પ્રભુ સ્વરૂપે આવીને - અવતારી પુરુષ તરીકે અવતરીને તમે સત્યવાદી પાંડવોના પક્ષમાં રહી તેમને સહાય કરેલી, તમે દૈત્ય નામના રાક્ષસોને હણ્યા હતા, જુલ્મી રાક્ષસોની જડ ઉખેડી નાંખી હતી, કાલી નાગને તમે નાથ્યો હતો. શીશુપાલના ૧૦૦ ગુના માફ કરનારા ક્ષમાશીલ હતાં તો બહુજનહિતાય દોષરૂપી ઝેરને પી જનારા શંકર જેવો નીલકંઠ હતાં અને વળી ચારિત્ર ઈચ્છુક મુમુક્ષુના અમ્મા પિયા હતાં. ભકતજનોની ભીડ ભાંગવા દોડી આવી તમે સહાયતા કરી. આમ ધર્મ પ્રાણને બચાવવા અનેક રીતે રક્ષણ કરેલ તેમ હમણાના આ કપરા કાળમાં ધર્માંધ-ઝનુની રાજાઓના રાજયમાં પ્રજા ચારે બાજુથી ભીડથી ઘેરાઈ ગયેલી તેની મદદે આવવા આપના જેવા વીર નર પુરુષની તાતી જરૂર છે.

**ઈનકે ઉનકે શિવકે ન જીઉકે, ઉરજ રહે વિનુ ઠામ**
**સંત સયાને કોઈ બતાવો, આનંદઘન ગુણ ધામ...૩.**

આ કાળ એવો ચાલી રહ્યો છે કે માનવી, આ પારનો કે પેલે પારનો, ક્યાંયનોય નથી રહ્યો. એમાં જીવો ન તો વ્યવહાર ધર્મને સાચવી શકે છે કે ન તો સાધુ સંતો શિવને એટલે મોક્ષને સાધી શકે છે. (ઉરજ રહે વિનુ ઠામ) - આ કાળમાં માનવી પોતાની બાપુકી બનાવેલી જગ્યા - ધર્મ સ્થાનકો કે જ્યાં નિશ્ચિંત પણે રહી ધર્મ આરાધના કરી શકાય એવા ઠામો હોવા છતાં લોકો ઠરીને રહી શકતા નથી. વિધર્મી રાજાઓની બળાત્કારી પ્રવૃત્તિથી ઉરજ રહે એટલે ભયના ઓથારે જીવતી પ્રજા ઉલઝાટ એટલે ઉલઝન - ઊલટ સુલટ ના ચકવાતમાં ઘેરાયેલી હોવાથી - ચિંતાના વાદળોથી ઘેરાયેલી હોવાના કારણે અસ્થિર મનોદશાવાળી તેમજ ઠામ ઠેકાણા વગરની થઈને એક જગ્યાએથી

બીજી જગ્યાએ અથડાતી કુટાતી સંતાપના વેઠી રહી છે.

જુલ્મી રાજાઓની કનડગતથી કંટાળીને તે વખતે કચ્છમાં બારભાયાનું રાજય ચાલતુ હોવાથી જૈનો તેમજ રજપુતો ત્યાંથી સ્થળાંતર કરી જેસલમેર આવ્યા, તેની નજીકના પ્રદેશોમાં ત્રણ નગરી ઓશીઆ - ભીનમાલ અને શ્રીમાલી વસાવી ત્યાં રહેવા લાગ્યા. ત્યાં દૈત્યોના જુલ્મથી કંટાળીને ઓશીઆમાં રહેતા ઓશવાલ જૈનો હાલાર (જામનગર) માં આવ્યા. ભીનમાલી ઉત્તર ગુજરાતમાં અને શ્રીમાલી સૌરાષ્ટ્ર બાજુમાં આવીને વસ્યા.

સત્તરમાં સૈકાની શરૂઆતમાં ઓશવાલો હાલાર છોડીને કચ્છ કંઠી પ્રદેશમાં આવ્યા. વિ.સં. ૨૦૦૦ પછી વરસાદના અભાવે કચ્છના ગામડાઓની પડતી થવા લાગી તેથી ત્યાં રહેલ ભાટીયા - જૈન - કણબી, બ્રાહ્મણ, લુહાણા - ભાનુશાલી જ્ઞાતિઓ કચ્છ છોડી મહારાષ્ટ્ર - મુંબઈ, મધ્યપ્રદેશ, કલીકટ, કોચીન, આંધ્ર પ્રદેશ, ખાનદેશ, વિદર્ભ વગેરેમાં હાલ વસવાટ કરે છે. આમ જીવો ચારગતિ રૂપ સંસારમાં અજ્ઞાનના પ્રભાવે અનંતકાળથી અથડાય છે, કુટાય છે તેમજ એકજ ભવમાં પણ એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં ભટકે છે. તેનું કોઈ ઠામ ઠેકાણુ પડતુ નથી. સંસારમાં ક્યાંય ઠરીઠામ પણું નથી નથી ને નથીજ. સંસરણ જયાં છે તેનું જ નામ સંસાર છે.

**સંત સયાને કોઈ બતાવે આનંદઘન ગુણ ધામ** - હે પ્રભો ! આત્માનું કાયમી સાચુ ઠેકાણું સુખ શાંતિ અને પરમાનંદથી પુર્ણ એવી મુક્તિપુરી નગરીમાં છે જ્યાં આત્માને પોતાનાજ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંતગુણોમાં રમણતા કરવાની હોય છે તે સ્થાન જન્મ મરણની જંજાળરૂપ ભવકુપમાં ભટકવાની કશી ઉલઝન વિનાનું નિશ્ચિત સ્થાન છે. એવા ગુણોનું ધામ કોઈ શ્યાના એટલે ચતુર અને ડાહ્યા સાધુ સંત મહાત્માઓ મને બતાવે કારણ કે મને તે સ્થાન પામવાની લય લાગી છે, હું હરપળે તે સ્થાનની પ્રતીક્ષા કરી રહ્યો છું. કોઈ શાણા સાધુ સંત ભગવંતો જાગો અને દુ:ખોથી પીડાતી પ્રજાનું રક્ષણ કરો. આંતરીક શોધના માર્ગથી તદ્દન અજાણ એવી પ્રજા એવા નરવીરોનું રક્ષણ, શરણ, દિગ્દર્શન ઈચ્છી રહી છે.

આત્માના આનંદઘન સ્વરૂપને પ્રાપ્ત કરવા તેના સાધન તરીકે પ્રભુ નામના રટણનો મહિમા આ પદમાં બતાવવામાં આવ્યો છે. આત્માનંદ પામવાની

**દ્રવ્યધર્મ** કરતાં ભાવધર્મ ઘણો ચઢિયાતો છે. કારણ દ્રવ્યમાં મર્યાદા, ભાવમાં વ્યાપકતા છે.

તીવ્ર ઈચ્છા થાય તો પ્રભુ નામની રટણાથી બહુ લાભ થાય છે. એકાગ્રતાથી એકતાનતા થાય છે, નકામો કચરો નીકળે છે નવો કચરો આવતો અટકે છે. વાલ્મિકી બ્રાહ્મણ હતો પણ જરા કુસંગે ચડી લુંટારો બન્યો હતો અને અનેક પ્રકારની લુંટફાટ તથા હત્યાઓ કરી હતી. તેને સંત મળ્યા, રામ નામનો મહિમા સમજાવ્યો તો એ કહે છે કે મારો ધંધોજ મારફાડ કરવાનો છે માટે મને રામ નહિ ફાવે. સંત કહે ભલે રામ ન ફાવે તો મરા તો ફાવશે ને ? તેને હા પાડી. મરા-મરાની એકતાનતા થતાં તેમાંથી રામ-રામ નો અજપાજાપ થવા માંડ્યો, જે અંતે વાલ્મિકી ઋષિ બની રામાયણનો કર્તા બન્યો. આ ઘટનામાંથી સાર કાઢવો હોય તો એ નીકળી શકે કે વર્તમાનની ઊલટી ક્રિયાને સુલટી કરી 'કુ'માંથી 'સુ' બની સ્વયં સ્વમય્ (સમય) રૂપે એટલે પરમ આત્મા એવા પરમાત્માએ પરિણમવું જોઈએ. અથવા તો જો ધર્મ સમજાતો નથી, રૂચતો નથી તો પછી અધર્મ શું છે તે તો સમજાય છે ને ? તે જે અધર્મ સમજાયો છે તે અધર્મને દેશવટો આપો એ જ ધર્મ બની જશે. અધર્મને કાઢવો તે જ ધર્મને આદરવો છે. જેને પ્રભુના નામની ધુન લાગે છે તેને બીજી વાત ગમતી નથી. સુદર્શનનો પૂર્વભવ ઢોરો ચરાવનાર નોકરનો, જંગલમાં મહાત્માના દર્શન, કડકડતી શિયાળાની ઠંડીમાં પણ મહાત્મા ખુલ્લા શરીરે, બીજા દિવસે પણ તે જ સ્થિતિમાં, મહાત્મા ધ્યાન પૂર્ણ થતાં 'નમો અરિહંતાણં !' બોલી આકાશગામિની લબ્ધિથી આકાશમાં ઉડી ગયા અને તે અનાયાસે કાને પડી ગયેલ શબ્દો 'નમો અરિહંતાણં'ની લય લાગી તા તેમાંથી બીજા ભવે સુદર્શન શેઠ બની નમસ્કાર મંત્રના પ્રખર આરાધક થઈ મોક્ષે ગયા.

પ્રભુનું નામ બાહ્યથી લગાતાર રટાતુ હોય ત્યારે તેને ધૂન કહેવાય છે અને જ્યારે જાપ વગર પણ અંદરમાં અજપાજપ ચાલે છે ત્યારે તેને લય કહેવાય છે. લયમાં આત્મ નિમજ્જનતા હોય છે, લયમાં તન્મયતા હોય છે. કેટલીકવાર ધૂન અને લય બન્ને સાથે પણ હોય છે તો ધૂનમાંથી પણ લયમાં પ્રવેશ શક્ય બનતો હોય છે.

卐

# પદ - ૭૮

## (રાગ - રામગ્રી)

जगतगुरु मेरा, मैं जगतका चेरा,
मिट गया वादविवादका घेरा. ॥ जगत. ॥१॥

गुरुके घरमें नवनिधि सारा, चेलेके घरमे निपट अंधारा ॥
गुरुके घर सब जरित जराया, चेलेते मढीयां मे छपर छाया ॥ जगत. ॥२॥

गुरु मोही मारे शब्दकी लाठी, चेलेकी मति अपराधनी नाठी ॥
गुरुके घरका मरम न पाया, अकथ कहानी आनन्दघन पाया ॥ जगत. ॥३॥

બાહ્યભાવમાં અનાદિથી જીવાત્મા રાચી રહ્યો છે તે પોતાની અવળાઈનો ત્યાગ કરી સવળા વિચારો ચિત્તમાં લાવે એટલે અંતરાત્મા અને પરમાત્મા વચ્ચે પડી ગયેલી પ્રેમની ખાઈ પુરાવાની શરૂઆત થાય છે. સદ્‌વિચારમાં નિરંતર રહેવાથી અજ્ઞાનભાવ હટે છે અને જ્ઞાનભાવથી સદ્‌વિચારોની ભરતી થવા માંડે છે.

પૂ. કલાપૂર્ણસૂરિ મહારાજ સાહેબ લખે છે કે ભગવાનમાં જેટલી શક્તિઓ છે તેટલીજ શક્તિઓ ભગવાનના નામમાં, ભગવાનના વચનમાં તેમજ સંઘની પ્રત્યેક વ્યક્તિમાં પડેલી છે, માત્ર તમારો પ્રભુ પ્રત્યેનો આદર-બહુમાન અને શ્રદ્ધાભાવ વિશુદ્ધ હોવા જોઈએ. તે માટે નરસિંહ મેહતા, મીરાંબાઈ, ચૈતન્યમહાપ્રભુ, શ્રેણિક, સુલસા વગેરેની જેમ ભક્તિની ધુન અને લય જગાડવાની જરૂર છે. આજે પ્રભુના માર્ગને બરાબર નહિ સમજવાથી આપણે વિવેકશૂન્ય બની જડભાવે યંત્રવત્ ધર્મક્રિયાઓ કરી રહ્યા છે એ પ્રભુ પ્રત્યેના આદર-બહુમાન-શ્રદ્ધાભાવ વિના માત્ર કોરી ધર્મક્રિયાઓ - કોરા હૃદયે કરાયેલી ધર્મક્રિયાઓ સફળ કેવી રીતે થાય ? પ્રભુના આગમોમાં આત્માને જગાડવાની તાકાત છે પરંતુ તે માટે આપણે વિશેષ જાગૃતિ કેળવવી પડે. પારસમણીસમ પ્રભુમાં જીવાત્માને પરમાત્મા બનાવવાની ચમત્કારિક શક્તિ છે પણ લોઢું જો

પારસમણીને સ્પર્શે તો જ સુવર્ણરૂપે પરિણમે છે તેમ આપણો જીવાત્મા ભગવદ્‌ભાવે ભગવાનને સ્પર્શે તો ભગવાનનો ચમત્કાર સર્જાય અને આપણે જીવાત્મા પરમાત્મા બનીએ.

કાદવમાં પેદા થવાં છતાં સૂર્ય ચંદ્ર સન્મુખ રહી ભગવદ્‌ભાવે વિકસનારા સરોજ (કમલ) અને કુમુદ (કમલ) ભગવાનને મસ્તકે ચઢે છે અને તીર્થંકર, ગણધર, કેવલિભગવંતના આસન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે.

જેમ ઉદ્યમી પુરુષો ધૂળમાંથી પણ સોનુ કાઢે છે તેમ સત્યના શોધક આત્માઓ કોઈપણ જગ્યોથી આત્માને પ્રાપ્ત કરવાનો માર્ગ શોધી કાઢે છે. માત્ર જિજ્ઞાસાવૃતિ સાચી હોવી જોઈએ. આજ સુધી આપણે આપણી ભૂલોને ઢાંકવાનાજ કામ કર્યા છે. પ્રભુ પાસે કે પ્રભુના પ્રતિનિધિ સમાં સદગુરુ પાસે ક્યારેય દર્દ અને પશ્ચાતાપના આંસુથી ભૂલોને પ્રકાશી નથી. આપણે આપણી અવદશાનો એકરાર કરીએ તો આપણો સ્વીકાર થાય અને સફાઈ થાય તો શુદ્ધાત્મદશા પ્રાપ્ત થાય.

શાસ્ત્રોના શબ્દો વાંચવા કરતાં તેના મર્મને પકડવો જોઈએ. **ચમત્કારને શોધવા કરતાં આત્માનો ખોરાક શોધવો જોઈએ. બીજાઓ તમને પુસ્તક વાંચવા પ્રેરે એના કરતાં તમારો પોતાનો સત્ય પ્રત્યેનો પ્રેમ તમને વાંચન તરફ દોરી જાય તે વિશેષ લાભદાયી છે.** પૂર્વમાં કરેલા સઘળા પ્રયત્નો જ્યારે બંધ થશે ત્યાર પછીજ આત્મા અંદરમાંથી (ભીતર) પ્રકાશી ઉઠશે.

**આપણા અભિપ્રાયને જળોની જેમ વળગી રહેવું કે આપણે સાંભળેલી દરેક વાત સાચી માની લઈ બીજા આગળ પ્રકાશવામાં આનંદ માનવો તે ડહાપણની નિશાની નથી.**

ભકત અને ભગવાન વચ્ચે ઐક્યતા કરાવી આપે અને સંસારની મોહ-માયાજાળમાં સપડાયેલાં દુઃખી જીવોને દુઃખમુકત કરી આત્મિક સુખ ચખાડે અને એની ભૂખ જગાડે, તે સદ્‌ગુરૂના લક્ષણ છે.

જગત ગુરુ મેરા મૈં જગતકા ચેરા - મિટ ગયા વાદ વિવાદકા ઘેરા...૧.

આ પદમાં યોગીરાજ બાહ્યભાવમાં રાચતા અને દેહભાવમાં મગ્ન બની વિષય સન્મુખ દોડી રહેલા, મન - બુદ્ધિ - ચિત્ત - અહંકારને વશ બનેલા જીવાત્માને શિષ્ય તરીકે ઓળખાવે છે. જ્યારે સમ્યગ્ દર્શનાદિ ભાવ ધર્મને પામેલા અંતરાત્માને ગુરુ તરીકે ઓળખાવે છે અને આત્માની પૂર્ણ કૈવલ્યદશાને પરમગુરુ પરમાત્મા તરીકે ઓળખાવે છે. બહિરાત્મા રૂપ શિષ્ય અને અંતરાત્મા રૂપ ગુરુ વચ્ચે અનાદિ અનંતકાળથી પ્રેમસંબંધનું અંતર પડી ગયુ છે. બહિરાત્મા પોતે વાદ - વિવાદ - વિખવાદમાં પડી જવાના કારણે એ આંતરો ઊંડી ખાઈ જેવો થઈ ગયો છે તે આંતરો વધવાના બદલે ઘટે કેમ ? તેનું ભાન કરાવતા યોગીરાજ પોતાના વિચારો રજુ કરે છે.

જીવ વાદ-વિવાદના ઘેરાવામાંથી છુટીને બહાર આવે તે માટે માર્ગનો મર્મ શિષ્ય એટલે પોતાના જીવાત્માને સમજાવી રહ્યા છે કે હું જગતના જીવોએ ત્યજી દીધેલી એંઠ સમાન વિષયોના પુદ્ગલોને ભોગવવામાંથી ઊંચો નથી આવતો. જ્યારે મારા ગુરુ કે જે મૂળમાં પરમાત્મા છે અને તે આ દેહરૂપી દેવળમાંજ છુપાયેલા છે. તેઓ પોતાના ગુણોમાં લીન બની આત્માને સાધવાના પુરુષાર્થમાં મંડી પડ્યા છે.

અમે બંને ગુરુ અને શિષ્ય સ્વરૂપે સમાન હોવા છતાં કર્તવ્યમાં અસમાન છીએ. વસ્તુ એકજ હોવા છતાં બંને વચ્ચે આકાશ-પાતાળ (આભ અને ગાભ) જેટલું અંતર છે. મારા ગુરુ પરમજ્ઞાની છે અને હું નિપટ અજ્ઞાની છું. બસ આટલી સમજણ જો કેળવાઈ જાય તો તે અનાદિકાલીન મિથ્યાત્વની ગાંઠને તોડવામાં અને જીવનો શિવ સાથે સંબંધ જોડવામાં સમર્થ છે. બીજુ કશુ કરવાની જરૂર નથી. સમજને તીક્ષ્ણ બનાવવાની જરૂર છે. બસ આ સમજ પ્રગટી કે પછી તરતજ બંને વચ્ચે વાદ-વિવાદની ખાઈથી જે અંતર પડ્યુ છે તે પુરાવાની શરૂઆત થઈ જાય છે.

**જીવાત્માને અંદરમાં તીવ્ર પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત થવું જરૂરી છે કે મેં મારો અનંતકાળ નકામા એવા પુદ્ગલના વાદ અને વિવાદમાં ગુમાવ્યો છે, મેં મારા અંદરમાં રહેલા પરમગુરુ પરમાત્માને અનંતકાળથી છેતર્યા છે,**

**'અધમાધમ અધિકો પતિત સકલ જગતમાં હું', એ વાત રોજ યાદ કરીને પોતાના અહંકારને તોડવો જોઈએ.** કવિ કલાપીની પંક્તિ - **'હા પસ્તાવો, વિપુલ ઝરણુ સ્વર્ગથી ઉતર્યું છે પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે'**, એ વાત ભૂલાવી જોઈએ નહિ. અનાદિકાળમાં કરેલા પાપી અને અધમ કાર્યોથી મુક્તિ મેળવવી છે અને મારા આત્માને મોહની જાળમાંથી છોડાવવો છે. એ મારી પવિત્ર ફરજ છે, ધર્મ છે.

જીવને અનંતકાળમાં ક્યારેય આવા ભાવો જાગ્યા નથી. પોતાના દોષોનું પ્રકાશન ક્યારેય થયુ નહિ એટલે ગંભીર ભૂલોને ઢાંકવાના પ્રયત્ન પણ એવાજ કર્યા પરિણામે વાદ-વિવાદના ઘેરાવા વધતા ચાલ્યા પણ ઘટ્યા નહિ.

**ગુરુકે ઘરમેં નવનિધિ સારા, ચેલે કે ઘરમેં નિપટ અંધારા.**
**ગુરુકે ઘર સબ જરિત જરાયા, ચેલેકી મઢિયામેં છપર છાયા...૨.**

ગુરુનું ઘર નવ પ્રકારના નિધિઓ રૂપ રત્નોથી અને તેના પ્રકાશથી ઝગમગી રહ્યું છે જ્યારે જીવાત્મારૂપ શિષ્યનું ઘર કાજળની કાળી કોટડી સમાન ભયંકર અજ્ઞાન અંધકારથી વ્યાપેલું છે.

વ્યવહારમાં નવ નિધિ આ પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

૧) નૈસર્પમાં રહેલ મણિ રત્ન. ૨) પાંડુક રત્ન ૩) પિંગલ ૪) સર્વ રત્ન ૫) મહાપદ્મ રત્ન ૬) કાળ ૭) મહાકાળ ૮) માણવક ૯) શંખરત્ન.

આ રત્નો પ્રભુના ચરણોમાં રેખાઓ રૂપે અંકિત થયેલા છે. ઉપર કહેલા નવ નિધિઓ તો બાહ્યભંડારના નવનિધિ છે પણ અહિંયા અંતરાત્મ રૂપ ગુરુના ઘરમાં આંતરિક નિધિઓ આ પ્રમાણે ઝળહળી રહ્યા છે. (૧) સદાચરણ (૨) સમતા (૩) સમશીલતા એટલે સમ સ્વભાવ (૪) સુરસતા (૫) સુવિચારતા (૬) સરળતા (૭) સહિષ્ણુતા (૮) સવીર્યતા (૯) સદાગમતા.

આ રીતે બાહ્ય અને અવાંતર જગત નવનિધિઓથી ભરેલુ છે ત્યારે જીવાત્મા રૂપ ચેલાના ઘરમાં ઘોર અંધારું છે કેમકે એનામાં હજુ સમ્યગ્ જ્ઞાન પ્રગટ્યુ નથી. એને સ્વપરનો ભેદ સમજાયો નથી. પોતાનુ સાચુ હિત કરવાની

ચાવી એને મળી નથી. આ દુનિયા બહુરત્ના વસુંધરા છે પણ તે દરેકને મળતા નથી. ભાગયહીન અને અયોગ્ય જીવો ક્યારે પણ સારી ચીજને પામતા નથી.

ગુરુનુ ઘર જાણે ભગવાનને વસવાનું ધામ હોય તેમ જરિયાન વસ્ત્રોથી અલંકૃત છે તેમજ તેની દિવાલો મણિરત્નોથી જડેલી છે અને કોટ કાંગરાથી તે શોભી રહ્યું છે ત્યારે જીવાત્માનું ઘર મઢિયા એટલે ગરીબનું ઝુંપડુ હોય તેવુ છે, કૃષ્ણ અને નીલ લેશ્યા જેવા કાળમીંઢ પત્થરોથી બનેલુ છે, તેનુ છાપરું કાળી ચીકાશના ધામ જેવું છે. બાહ્ય કે આંતર બધીજ દ્રષ્ટિએ વિચારતાં એની ગરીબાઈ હૃદયદ્રાવક છે. ગુરુના ઘરને અહિંયા જરિયાન વસ્ત્રો સાથે સરખાવે છે કારણકે ત્યાં ધ્યાનની ધારા લાગેલી છે, આત્માનુભૂતિના ચમકારા અને ઝબકારા છે, અંદર આનંદના ધ્વનિ ઉઠે છે, અનાહતના નાદ; સંભળાય છે. આ બધી ગુરુની આંતર શોભા છે જ્યારે શિષ્ય એ આત્મપ્રગતિ ન કરવાના કારણે તેની સ્થિતિ ગરીબ તુલ્ય છે, છાપરાની છાયા જેવી તેની સ્થિતિ છે. જ્યારે જીવ ગુણોનો ત્યાગ કરી અવગુણોમાં પડે છે ત્યારે તેની સ્થિતિ હૃદયદ્રાવક હોય છે.

**ગુરૂ મોહે મારે શબ્દ કી લાઠી, ચેરેકી મતિ અપરાધીની નાઠી**
**ગુરુકે ઘરકા મર્મ ન પાયા, અકથ કહાની આનંદઘન ભાયા....૩.**

આનંદઘનજી મહારાજે પોતે તો પોતાના આત્માને ક્યારનોય જાગૃતિમાં લાવી દીધો છે અને એ પ્રમાણેનો પુરુષાર્થ પણ આરંભી દીધો છે. તેઓ તો આપણને સમજાવવા આ ગુરુ શિષ્યનો સંવાદ રચી રહ્યા છે. શિષ્ય તે જીવાત્મા અને ગુરુ તે અંતરાત્મા. બંને વચ્ચે અનાદિનો ચાલતો વાદવિવાદ તે ખટરાગ રૂપ દ્રેષભાવ તે વધતા વધતા કદાગ્રહનું સ્વરૂપ ધારણ કરી બેઠો છે તે ઘટે કેમ ? તે સમજાવે છે. પ્રભુની આજ્ઞા અને એમના વચનો આત્માથી વિરુદ્ધ તત્વને પ્રોત્સાહન આપેજ નહિ. ભાગ્ય ઉપર જોર આપીને જીવવું એ જીવની અણસમજણ છે.

**જે કર્મફળને ભોગવવાનું ભાવિ નિર્માણ થઈ ચૂક્યુ છે તેમાં પ્રારબ્ધની મુખ્યતા અને પુરુષાર્થની ગૌણતા સમજવી, એમ ભગવાને કહ્યું છે પણ નવું**

**પ્રારબ્ધ કે ભાવિ કેવું ઘડવું એ તો આત્માની પોતાની સત્તાની અંદરની વાત છે.**

યોગીરાજ કહે છે કે તું પોતેજ આતમરાજા અને છતાં કર્મ સત્તા આગળ દીન જીવન જીવવું એ તને કેમ પાલવે ? તારીજ રાજસત્તાનો તનેજ વિચાર કેમ નથી આવતો ? મરણની બીક રાખવી એ તને ન શોભે. પ્રભુ આજ્ઞાથી વિરુદ્ધ તારું વર્તન અને દેહાત્મભ્રમના ખોટા ખ્યાલોએ તને પછાત બનાવ્યો છે. તું તારા મગજમાંથી ખોટા ખ્યાલ કાઢી નાંખ. તું ઘેટા બકરાની જાતનો નહિ પણ તું સિંહ બાળ છે તો આવું કાયરપણું ક્યાં સુધી તું ભોગવતો રહીશ ? હે મૂઢમતિ! તેં કદી સાચા ગુરુની સેવાને મનથી પણ ચાહી નથી. આ પણ પ્રભુ આજ્ઞાનું ઉલ્લંઘનજ છે.

પૂર્વ પુન્યાઈના જોરે અને સુદેવ-સુગુરૂ-સુધર્મની આરાધનાના બળે, આપ્ત પુરુષોએ પ્રકાશેલ પ્રવચન વાણીના જોરે તું આજે જ્યારે ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમકુળ, ઉત્તમ ગોત્ર તેમજ જૈનકુળમાં જન્મ્યો છે ત્યારે જો હવે તું ધર્મપ્રાપ્તિનો સાચો ઉધમ નહિ કરે તો અણિ ચૂક્યો સો વર્ષ જીવે પણ સરી ગયેલો સમય ફરી પાછો આવતો નથી. આમ ગુરુ જ્યારે વારંવાર ચાબકા મારે છે ત્યારે જીવાત્માની ઊંઘ ઊડે છે અને ઊંધી સમજણ નાસે છે એટલે તે દુર્બુદ્ધિ આત્મઘર છોડી નાસી જવાની તૈયારી કરે છે. ગુરુ અને શિષ્ય - જીવ અને શિવ વચ્ચે પડી ગયેલ વિવાદ રૂપી તિરાડને સત્સંગ દ્વારા ગુરુજ સાંધી શકે. તેનાથી મતિના પરિણામ બધા સમ્યગ્ ચાલે જેનાથી સંવર તત્વ સધાય - નિર્મળ પુન્ય બંધાય. એનાથી પછી વિશુદ્ધિ વધતાં નિર્જરા તત્વમાં આત્મા પ્રવેશે એટલે કર્મો નીકળવા (ખરવા) માંડે.

આત્મિક આનંદથી તૃપ્ત બનેલા ગુરુની આંતરદશાનો મર્મભેદ પામવો હોયતો જીવાત્માએ પોતાની અંદર રહેલ અહંકારની જીદને છોડીને, બહિરાત્મપણું ત્યાગીને અંતર આત્માનો માર્ગ ખુલ્લો કરવો જોઈએ. તે પછીજ અકથ કહાની એટલે કોઈથી કહી ન શકાય, કળી ન શકાય, ભેદી ન શકાય તેવું આનંદઘન સ્વરૂપ ભાચુ (ભાળ્યું) એટલે ભાળી શકાય અર્થાત્ આનંદઘન મહારાજે જેવું

આનંદઘન સ્વરૂપ ભાળ્યું છે તેવું જીવ ભાળી શકે. આનંદઘન મહારાજે તે માર્ગને અહીં પ્રકાશ્યો છે. વાદ-વિવાદનો અંત લાવવાનો ઉપાય તેમણે સિદ્ધ કર્યા પછી અહિંયા બતાવ્યો છે.

પદ - ૭૮ની છેલ્લી કડી (ગુરૂ કે ઘરકા મર્મ ન પાયા અકથ કહાની આનંદઘન ભાયા) - પરમ ગુરુ પરમાત્માનો બતાવેલ જે ધર્મ છે તેના મર્મ-ભેદની ચાવી અમને હાથ ચડી ગઈ છે. તીજોરીમાં રહેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નોને ભાળ્યા પછી તેઓ કહે છે કે મારે આવી અદાલતોમાં જઈ ધર્મતત્વના બેહાલ નથી કરવા. શાંતિ, સુખ અને સંતોષ રૂપી આનંદ ઘન અમારા આંતર રાજ્યની તીજોરીમાં પડ્યું છે જે બીજાને આપે છતાં ખૂટે નહિ. આત્માના અનંતસુખના ફળને અમે ચાખ્યા છે જે અકથ્ય એવી વાર્તાને અનુભવ્યા પછી બતાવીએ છીએ. આ મારી ઈશ્વરીય અદાલતમાંથી ધર્મતત્વનો નગદ ન્યાય મેળવ્યો છે અને હજુ જે બાકી રહ્યું છે તે મેળવીનેજ જંપશું એવો અમારો અફર નિર્ણય છે.

卐

*પ્રશાંત રસવેદન એ વીતરાગતા. અખંડ રસવેદન એ સર્વજ્ઞતા. અનંત રસવેદન એ પૂર્ણતા. આ ત્રણેયનું એકત્વ તે સહજતા - સરળતા - સતતતારૂપ સહજાનંદીતા.*

★

*જ્યારે દેહમાં રહેલ અમૂર્ત, અરૂપી, અવિનાશી, અભેદ્ય, અછેદ્ય, અકાટ્ય આત્મતત્ત્વ નજરમાં આવશે ત્યારે મોક્ષમાર્ગ પકડાશે.*

# પદ - ૭૯

## (રાગ - જયજયવન્તી)

ऐसी कैसी घरवसी, जिनस अनेसीरी ॥
याही घररहिसें जगवाही, आपद है इसीरी. ॥ ऐसी. ॥१॥

परम सरम देसी घरमेंउ पेसीरी, याही तें मोहनी मैसी ॥
जगत संगैसीरी. ॥ ऐसी. ॥२॥

कौरीसी गरज नेसी, गरज न चखेसीरी (नलखेसरी) ॥
आनन्दघन सुनो सीबंदी, अरज कहेसीरी. ॥ ऐसी. ॥३॥

**ઐસી કૈસી ઘર વસી જિનસ અને સીરી**
**યહિ ઘર રહિ સેં જગવાહી, આપદ હૈ ઈસીરી. ઐસી...૧.**

જે ઘરમાં સીરી એટલે શ્રીદેવી - લક્ષ્મી વસે છે તેના નામ પ્રમાણે ગુણ સંપન્ન વ્યાખ્યા આ પદમાં યોગીરાજ કરી રહ્યા છે તેઓ અહિંયા ચાર પ્રકારની લક્ષ્મી બતાવી રહ્યા છે. (૧) ગૃહ લક્ષ્મી (૨) ધન લક્ષ્મી (૩) ભાગ્ય વિધાતા-ભાગ્ય લક્ષ્મી અને (૪) કૈવલ્ય લક્ષ્મી (મોક્ષ લક્ષ્મી)

આ ચારે પ્રકારની લક્ષ્મી માનવ દેહમાં વસેલી છે અને તે આત્મા સાથે સંબંધ ધરાવી રહી છે. પછી તે આત્મા ગૃહસ્થ વેશે ગૃહસ્થી હોય કે સાધુ વેશે રહેલ સંન્યાસી - જોગી - જતિ - ફકીર - બાવા હોય તે દરેકના ઘરમાં વસેલી છે. તે લક્ષ્મીને આ પદમાં જિનસ અને સીરી નામ આપી તેની કર્તવ્ય પાલના કેમ કરવી તે સમજાવવાનો હેતુ તેઓશ્રીનો જણાય છે.

યોગીરાજ પોતાના ચેતન એવા આત્માને સંબોધીને પોતાના વિચારો અહિં રજુ કરે છે. જે માનવીને ફકત એવી ગૃહલક્ષ્મી એટલે ગૃહિણી - ઘરની સ્ત્રી હોય તે પણ સંસારના બંધનોમાંથી બહાર નીકળવા દેતી નથી તો આ ચારચાર લક્ષ્મી હોય તેનું શું થાય તેની વિચારણા કરે છે.

ગૃહલક્ષ્મી જીવને સંસારના મોહમાયાના ભાવોમાં જકડી રાખે છે. કબીરજી કહે છે - **કબીર માયા ડાકીનિ, ખાયા સબ સંસાર, ખાઈન શકે કબીર કો, જા કો નામ આધાર.**

આ ગૃહલક્ષ્મીને કબીર માયા અને ડાકીનિ કહે છે જેણે આખા સંસારને ખાઈ લીધો છે પણ તે કબીરને ખાઈ શકે તેમ નથી કારણકે આઠેય પ્રહર - ૨૪ કલાક પ્રભુ નામનું રટણ તેમને રહે છે તેથી માયા તેમને હેરાન કરી શકે તેમ નથી. માયા કેવી છે તે બતાવતા કબીરજી કહે છે -

મેં જાનુ હરી સેં મીલું - મો, મન મોટી આશ
બિચમેં ડાલે અંતરા - માયા બડી પિશાચ

આવી ગૃહલક્ષ્મી સ્વરૂપ માયા દરેકમાં રહેલી છે.

(૨) **ધનલક્ષ્મી :** એણે પણ સાધુ, સંન્યાસી, ગૃહસ્થ દરેકને ફસાવ્યા છે. જુદા જુદા સ્વરૂપે - ભિન્ન ભિન્ન આશયથી તે દરેકમાં ઓછાવત્તા અંશે તે રહેલી છે અને જીવને તે બંધનકર્તા છે. આ ધનલક્ષ્મી વસ્તુ, વ્યક્તિ અને વિકલ્પના આગ્રહ અને પરિગ્રહ સ્વરૂપ છે.

(૩) **ભાગ્યવિધાતા - ભાગ્યલક્ષ્મી :** પૂર્વમાં કરેલી તપ-જપ-ભક્તિ કે સંયમોપાસનાના ફળ રૂપે જીવને પુણ્ય બંધાયુ તેના પ્રભાવે આર્યસંસ્કૃતિવાળી બધી જોગવાઈઓ પ્રાપ્ત થઈ. દેશ વિરતિ - સર્વ વિરતિ ધર્મ પાલવાના જોગને જીવ પામ્યો એ ભાગ્યવિધાતા લક્ષ્મીનુ ફળ છે. આવા ધર્મી આત્માઓના માનસને પણ પેલી માયાએ ચક્રાવામાં નાંખી દીધું છે. જેના પ્રભાવે આત્મલક્ષ વિસરાઈ ગયું. મોહભાવમાં જીવ આવી ગયો. સદ્‌હેતુવાળી ક્રિયાને રૂઢિગત પરંપરામાં ફેરવી નાંખી.

જ્ઞાન ક્રિયા બંન્ને વડે મોક્ષ છે તેથી બંને સાથે ચાલવા જોઈએ. જ્ઞાનથી માર્ગ દેખાવો જોઈએ અને મુકામનું સુસ્પષ્ટ લક્ષ હોવું જોઈએ પછી ચરણ (ચારિત્ર)થી સાચા દેખાયેલા માર્ગે ચલન-ગમન થવું જોઈએ. તેના બદલે આત્મજ્ઞાનનું લક્ષ ચુકાઈ ગયું અને એકલી ક્રિયામાં મોક્ષમાર્ગ માની લઈને

ધર્મને શુષ્ક બનાવી દીધો. ગન્તવ્યના લક્ષ વિનાનું ગમન રહ્યું. અથવા તો સાધનને સાધ્ય માની સાધનમાં જ અટકી ગયા. આનુ પરિણામ તે આવ્યું કે વર્તમાન સમય કે ક્ષણ જે લાખેણી હતી તેને જતી કરીને ભૂતકાળ કે જે મડદા રૂપ હતો, ધરતીમાં દટાઈ ગયો હતો તેની યાદમાં અંનતો સમય ખોઈ નાંખ્યો અને ભવિષ્યકાળ કે જેને કોઈ જાણી શકતુ નથી તેને જાણવા પાછળ પડી ગયો, આનું નામજ આત્માનો અજ્ઞાન ભાવ.

જેમ ઋતુ ઋતુ પ્રમાણે ઠંડી-ગરમી-વર્ષા-શરદ-હેમંત-શિશિર આવે છે, વસંતમાં નવા પાંદડા આવે છે, પાનખરમાં પાંદડા ખરી પડે છે તેમ કાળ લબ્ધિનો પરિપાક થશે ત્યારે ભાવ ચારિત્ર એની મેળે પ્રગટશે ત્યારે ભવના ચકાવામાંથી છુટવાના વિચાર સ્વયં જાગશે આવી આશાઓ અને ઈચ્છાઓના તાંતણે બંધાઈને જીવ સમય વ્યતીત કરી રહ્યો છે. પરંતુ આવી નિર્માલ્યતા સાધકમાં નથી હોતી. પુરુષાર્થનો લોપ કરનાર આવા વિચારો તરફ લક્ષ ન આપતા આત્માનું ઘડતર કેમ કરવું તે તરફ તેની દૃષ્ટિ હોવાથી પ્રતિપળે આત્મભાવમાં જાગૃત રહી ભાવીને તે પ્રમાણે ઘડે છે અને પૂર્વે જે ભાવિ નિર્માણ થઈ ચૂકયુ છે તેને ભાગ્યવશ છોડી આગળના માર્ગે વધવા કટિબદ્ધ થાય છે.

(૪) **કૈવલ્યલક્ષ્મી :** ભવ દુઃખમાંથી છુટવાની માત્ર તમન્નાજ રાખવી કે મુક્તિ સુખને ભોગવવાના માત્ર મનોરથ કેળવવા પણ તે માટેનો કોઈ પણ જાતનો સક્રિય પ્રયાસ ન કરવો તે પણ એક જાતનો માયાનો પ્રકાર સમજવો. જ્યારે સાધક આત્મા તો સહજતાપૂર્વક સમાધિભાવથી ફળ કામનાની ઈચ્છા રાખ્યા વગર નિષ્કામ ભાવથી જે કરણી થાય તેમાં નિમગ્ન બની મોક્ષમાર્ગ આરાધે છે તો ભાવિ પણ તેવા પ્રકારનુંજ ઘડાય છે. આ પ્રમાણે કરવાથી સાધક આત્મા જિનલક્ષ્મી - મોક્ષલક્ષ્મી અને ભાગ્યલક્ષ્મી બંનેને પોતાના ઘરમાં સ્થાન આપે છે. વાસ્તવિક એજ આત્મશ્રેય કરનારી શ્રેયસકારી શ્રી-લક્ષ્મી છે જેને શ્રી દેવી એટલે કે લક્ષ્મી દેવી કહી આવકારી છે. આત્મ વિચાર અને આત્મ ભાવને કેન્દ્રસ્થાને રાખી જે આત્મા મોક્ષમાર્ગ સાધે છે તેને મોક્ષ ન મળે ત્યાં સુધી ગૃહલક્ષ્મીની માયામાં મુંઝવતી નથી, ધનલક્ષ્મીમાં ફસાવતી નથી અને ભાગ્યલક્ષ્મીનો સાથ મેળવી આત્મવિકાસ સાધતો રહે છે.

**યહિ ઘર રહિ સેં જગવાહી આપદ હૈ ઈસીરી**

અન્યથા તે ભાગ્યલક્ષ્મી આત્મઘરમાં રહીને સંસાર સંગના કુભાવો કરાવી ભવ જંજાળની નવી નવી આપદાઓ ઊભી કરાવી ઘોર અનર્થ કરાવનારી પણ નીવડે છે.

**પરમ સરમ દેસી ઘરમેંઉ પેસીરી**
**યાહી તે મોહની મૈસી જગત સંગે સીરી... ઐસી...૨.**

યોગીરાજ કહે છે કે હે પ્રભો ! પૂર્વના ઘડાયેલા ભાગ્યાનુસારે ભાગ્યલક્ષ્મી મારા આત્મઘરમાં આવીને બ્રસી છે પણ લોક વ્યવહારમાં રાચતા સંગી પુરુષો જેવું મારું જીવન ન હોવાને કારણે તે મને પરમ - અત્યંત શરમ ઉપજાવી રહી છે. આનંદઘનજી તો કૈવલ્યલક્ષ્મીને સાધવાના પ્રયત્નમાં લાગેલા છે અને તેથી ભાગ્યલક્ષ્મી ગમે તેવી મળી હોય તો પણ તેમને મન તેની કશી કિંમત નથી.

આનંદઘનજી મહારાજ આ ભાગ્યલક્ષ્મીને મોહરાજાની માસી સાથે સરખાવે છે. મિથ્યામતિથી પ્રતિપળે નવો નવો મોહ જાગે છે માટે મિથ્યામતિ તે મોહની માતા થઈ અને તે મિથ્યામતિની બેનજ કુબુદ્ધિ રૂપ કુમતિ છે જે સંસારી જીવોના ભાગ્યનું નિર્માણ કરે છે માટે ભાગ્યલક્ષ્મી એ મોહની માસી થઈ. આ ભાગ્યલક્ષ્મી કેવી છે - તો કહે છે કે જગત સંગે સીરી - લોક વ્યવહારમાં રાચતા જગતના જીવોના સંગેજ સીરી - શોભા પામે છે પણ યોગીરાજ કહે છે કે મારા જેવા અસંગી યોગી આત્મા માટે તો તે ભારે શરમજનક છે કારણ કે તે ભાગ્યલક્ષ્મી માનપાન, યશકિર્તી અપાવી લોકહેરીમાં તાણી જઈ યોગસાધના માટે જરૂરી એકાંત, અસંગ અને મૌનમાં ખલેલ પહોંચાડનારી છે અને જાગૃતિ ન રહે તો પતનને નોતરનારી છે.

**કૌરી સી ગરજ નેસી - ગરજ ન ચખે સીરી**
**આનંદઘન સુનો સી બંદી અરજ કહે સીરી...૩.**

તે ભાગ્યલક્ષ્મી કોઈની શેહમાં તણાતી નથી અથવા તે કોઈની ગરજુ ન રહેતા લોકો એની પાછળ ગરજુ બનીને ભટકયા કરે છે. તે માનવીને કોરીસી

એટલે કોડીની કિંમત બરાબર ગણે છે અને મનુષ્યને માન આપવાને બદલે હલકો તુચ્છ ગણી અભદ્ર વર્તાવ કરે છે. તે લખપતિને રોડપતિ સમાન ગણે છે. જ્યાં સુધી પુન્ય જાગૃત હોય ત્યાં સુધીજ તે જીવનો સંગ કરે છે અને પછી તેનુ મોં પણ જોતી નથી.

આંનદઘનજી કહે છે કે હે ભવ્યાત્માઓ ! આ ભાગ્યલક્ષ્મી માનવીને તરકટ રચીને પોતાના બંદીવાન બનાવે છે માટે તે બંદીખાનામાંથી મુકિતના પંથે લઈ જવામાં સહાય કરે તેવા પ્રકારના ભાગ્યનું તમે નિર્માણ કરો. આતમરાજારૂપ પતિની સેવા-સુશ્રુષા કરે એવી ભાગ્યલક્ષ્મી મને-તમને અને સૌને પ્રાપ્ત થાય તેવી શ્રીદેવીની પ્રભુ પાસે અર્જ ગુજારવા પૂર્વક માંગણી કરો.

વિશ્વામિત્ર જેવાં બ્રહ્મર્ષિ જંગલમાં ઘોર તપ કરનારા સંન્યાસીઓ પણ મેનકા, ઉવર્શી, રંભા જેવી અપ્સરાઓના હાવભાવ નખરા લટકાઝટકામાં આવી જઈ તપોભ્રષ્ટ થઈ દુર્ગતિમાં ગયાના દષ્ટાંતો ઈતિહાસના પાને નોંધાયા છે તે ગૃહલક્ષ્મીનો પ્રભાવ છે. એજ પ્રમાણે રત્નાકર પચ્ચીશીના રચયિતા શ્રીમાન્ રત્નકરસૂરિજી રત્નોની મૂર્છામાં મૂર્છિત થઈ કેટલાં પતિત થયાં તે તો તેમણે સ્વમુખે રત્નાકર પચ્ચીસીમાં જણાવ્યું છે. તે કાળના બહુશ્રુત શ્રાવકે તેઓશ્રીને બચાવવા ઉપદેશમાલામાં આવતી ગાથાનો અર્થ પૂછયો કે જે પરિગ્રહની અસારતા બતાવનાર હતો. એનો અર્થ પોતાને બરાબર બેસતો નથી એમ લાગલગાટ છ મહિના સુધી શ્રાવકે મક્કમ રહી કહ્યું ત્યારે અંતે સૂરિજીને સ્વયંની ભૂલ ખ્યાલમાં આવી અને ખાંડણીદસ્તો લઈ રાત્રે રત્નનો ચૂરેચૂરો કરી નાંખ્યો ત્યારે શ્રાવકે પણ કહ્યું કે હવે અર્થ બેઠો. સૂરિજીએ શ્રાવકનો ઉપકાર માની રત્નાકર પચ્ચીસીનું સર્જન કર્યું. આ ધનલક્ષ્મીનો પ્રભાવ છે. સાધકને વસ્તુ, વિકલ્પ, વ્યકિતનો આગ્રહ અને તેની પ્રતિબંધતા પણ ધનલક્ષ્મીનો પ્રભાવ છે.

આ પદમાં સંસારમાં અનંતાનંતકાળથી જીવને રખડાવનાર અને દુર્ગતિના હવાલે કરનાર વિપરીત ભાગ્યમાંથી છુટકારો પામવાનો તેમજ શીઘ્રમોક્ષ પ્રાપ્તિ થાય તેવા ઉત્તમોત્તમ ભાગ્યને નિર્માણ કરવાનો ઉપાય બતાવ્યો છે. **દુર્બુદ્ધિની ઉપાસના કરવાથી જીવે પોતાના ભાગ્યને બગાડ્યુ છે. હવે સદ્બુદ્ધિની**

**ઉપાસના કરવા દ્વારા સંસાર સાગર તરી જવાનો છે.** ભાગ્યલક્ષ્મી ભાગ્યાનુસારીની એટલે કે પુણ્યાનુસારીની છે માટે ભાગ્યલક્ષ્મીના પ્રતાપે જે કાંઈ સાધન, સંપત્તિ, શક્તિ મળ્યાં છે તેનાથી પુણ્યશાળી એવાં જીવે ભાગ્યશાળી બનવું જોઈએ એટલે કે પુણ્યનો ભોગવટો કરી પુણ્યશાળીએ પુણ્યની મૂડી ખર્ચી નહિ નાંખતા એ પુણ્યનું વિતરણ કરવા દ્વારા પુણ્યશાળીએ ભાગ્યશાળી બનવું જોઈએ અર્થાત્ ભાવિ ઉજ્જવલ બનાવવું જોઈએ. જેથી ભવોભવ પુણ્યશાળી બન્યો રહે, ભાગ્યશાળી થતો રહે અને અંતે ભાગ્યલક્ષ્મીના બળે કૈવલ્યલક્ષ્મી પ્રાપ્ત કરી પુણ્ય અને પુણ્યવિતરણાદિથી પર થઈ જાય. આ શક્ય ત્યારે જ બને કે જ્યારે જીવ બુદ્ધિનો વધારો કરવા કરતાં બુદ્ધિનો સુધારો કરવા માટે એટલે કે સદ્‌બુદ્ધિ માટે વધુ અને વધુ પ્રયત્નશીલ થાય, કે જે મોહનીયકર્મના ક્ષયોપશમ કે ક્ષયથી સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિથી અજ્ઞાન-અવિદ્યાને સમ્યગ્‌જ્ઞાન/વિદ્યા બનાવવાની પ્રક્રિયા છે.

એક દેવી પુરાણના જાણકારનું એવું કહેવું થાય છે કે ધનલક્ષ્મીનું વાહન ઉલ્લુ છે તેથી તેનું વિહરણ રાત્રિના સમયમાં થતું હોઈ, લક્ષ્મીપૂજન અને લક્ષ્મીનું સ્વાગત રાત્રિ દરમ્યાન થતું હોય છે. જ્યારે શ્રીદેવી - કૈવલ્યલક્ષ્મી - જ્ઞાનલક્ષ્મીનું વાહન કમલ છે જે નિર્મળતા અને નિર્લેપતાનું સૂચક છે. ઉલ્લુના વાહન ઉપર આવનાર લક્ષ્મી આવતા અને જતાં ઉભયકાળે લાત મારનાર દોલત હોવાથી એ જીવને ઉલ્લુ-મૂર્ખ બનાવે છે.

બધી લક્ષ્મીના મૂળમાં ભાગ્યલક્ષ્મી છે. અને ભાગ્યલક્ષ્મીના મૂળમાં શુભભાવ - શુભકાર્ય છે. ભાગ્યલક્ષ્મીના પગલે પગલે ભાગ્યાનુસારે ધનલક્ષ્મી અને ગૃહલક્ષ્મીની પ્રાપ્તિ છે. ભાગ્યલક્ષ્મીના પ્રતાપે જ કૈવલ્યલક્ષ્મીની પ્રાપ્તિને પ્રાયોગ્ય પુરુષાર્થ માટેના સાનુકુળ દેશ-કાળ સંયોગો મળે છે.

卐

# પદ - ૮૦

## (રાગ - સારંગ)

चेतन ! शुद्धातमकुं ध्यावो, परपरचे धामधूम सदाइ ॥
निज परचे सुख पावो ॥ चेतन ॥१॥

निज घरमें प्रभुता हे तेरी, परसंग नीच कहावो ॥
प्रत्यक्ष रीत लखी तुम ऐसी, गहिये आप स्वभावो ॥ चेतन. ॥२॥

यावत् तृष्णा मोह के तुमको, तावत् मिथ्याभावो ॥
स्वसंवेद ज्ञान लहि करवो, छंडो भ्रमक विभावो ॥ चेतन. ॥३॥

समता चेतनपतिकुं इणविध, कहे निज घरमें आवो ॥
आतम उछ सुधारस पीये, सुख आनन्दघन पावो ॥ चेतन. ॥४॥

આનંદઘનજીના પદોમાં સ્વ અને પરની ઓળખ કરાવવા પૂર્વક સ્વનો સ્વીકાર અને પરના ત્યાગનો ઉપદેશ જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી કરાવવામાં આવ્યો છે. આ રીતે કરવાથી આત્મસ્વરૂપનો દૃઢ નિશ્ચય થાય છે અને તેથી તેની પ્રાપ્તિમાં જીવ સતત ઉદ્યમશીલ બને છે. પાંચે ઈન્દ્રિયના વિષયોનો મોહ જીવને એટલો બધો લાગેલો છે કે તે વાતવાતમાં પરભાવમાં સરકી જાય છે, તેમાં ઓતપ્રોત થઈ જાય છે અને તે પોતાનો સ્વભાવ હોય તેવુ તેને લાગે છે. સંસાર એ લપસણી જગ્યા છે, ઊંચે ચઢેલા પણ અનેક આત્માઓ નીચે પટકાયા છે તો પછી જે ઉપર ચડ્યા જ નથી તેની શું વાત કરવી ? એટલે વારંવાર આત્મસ્વરૂપ જીવને યાદ કરાવવું જરૂરી બની જાય છે.

જીવ જો સમ્યગ્ પુરુષાર્થ કરે તો આજ જન્મમાં અમૃતરસનું પાન કરી શકાય તેમ છે. આનંદની છોળો ઉછાળી શકાય તેમ છે અને મનુષ્યભવને સફળ કરી શકાય છે. જીવ પોતાના સ્વરૂપનો સંગી બને અને પરભાવનો ત્યાગ કરે તેની વિચારણા આ પદમાં કરવામાં આવી છે.

---

**ચેતન ! શુદ્ધાત્મકું ધ્યાવો, પર પરચે ધામધૂમ સદાઈ**
**નિજ પરચે સુખ પાવો ચેતન ! શુદ્ધાત્મકું ધ્યાવો...૧.**

હે ચેતનરાજ ! તમે સદા તમારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો, પર વસ્તુનો સંગ કે પરિચય કરવાથી તો હંમેશા ધમાલ-ધાંધલ જ રહે છે એટલે પોતાનો પરિચય કરીનેજ સુખ મેળવો. અહિંયા યોગીરાજ પર પદાર્થમાં રમતા ભાવોનો એકજ ઝાટકે ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં સમાઈ જવાનુ કહે છે. પર પદાર્થનો પરિચય જેમ જેમ વધે છે તેમ તેમ જીવને તેમાં વિશેષતા દેખાય છે, પછી તેને મેળવવા જીવ લલચાય છે, તેના પ્રભાવ નીચે આવી જીવ તેમાં ખેંચાય છે, તેના ગુણગાન ગાય છે, અંને તેની પ્રશંસા કરતા થાકતો નથી. આ બધી અવસ્થા આત્માના સદ્‌ગુણોનો નાશ કરનાર હોઈ આત્માને માટે તે મૃત્યુઘંટ સમાન છે. આના પ્રભાવે આત્મામાં તેર કાઠિયાઓ કે જે આત્મગુણોને કહે છે તેનો પ્રવેશ થાય છે. તે તેર કાઠિયા જેમ કઠિયારા લાકડાને ફાડનારા હોય છે તેમ એ આત્માના સદ્‌ગુણોનો પળેપળે ઘાત કરનારા હોય છે. તે આ પ્રમાણે છે (૧) આળસ (૨) મોહ (૩) અવિનય (૪) અભિમાન (૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન (૧૧) વિકથા (૧૨) કુતુહલ (૧૩) વિષય.

એક વખત જો આ તેર કાઠિયાઓ આત્મામાં પેસી ગયા તો પછી જીવને ધર્મ પુરુષાર્થ કરવો કઠિન બની જાય છે. તેવું ન થાય માટે આત્માના શુદ્ધ સ્વરૂપના ધ્યાવન ઉપર અહિંયા ભાર મૂક્યો છે. **આત્મા જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપમાં તન્મય બની એક રસ બને છે ત્યારે તેને વિશિષ્ટ કોટિની પુન્યપ્રકૃતિનો પણ બંધ થાય છે જેનાથી અષ્ટ મહાસિદ્ધિઓ - લબ્ધિઓ પણ મળે છે પણ તેમનું પ્રગટવું તે સુદ્ધા એક પ્રકારની છેતરામણી છે, લાલચ છે માટે તેમાં પણ ફસાવા જેવું નથી.**

(૧) **અણિમા લબ્ધિ :** સોયના કાણામાંથી પસાર થઈ જવાય એવું સૂક્ષ્મ શરીર બનાવી શકાય છે.

(૨) **મહિમા લબ્ધિ :** આ લબ્ધિથી મેરૂ પર્વત કરતાં પણ વિરાટ શરીર

(વિકુર્વી) કરી શકાય.

(૩) **લઘિમા લબ્ધિ :** પવનથી પણ હલકુ શરીર કરી શકાય.

(૪) **ગરિમા લબ્ધિ :** વજ્ર કરતા પણ ભારે શરીર કરી શકાય.

(૫) **વૈક્રિય લબ્ધિ :** શરીરને એટલુ ઊંચુ કરી શકાય કે ભૂમિ પર રહેવા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરૂ પર્વત વિ. ને અડી શકાય.

(૬) **પ્રાકામ્ય લબ્ધિ :** પાણીની માફક જમીનની અંદર પણ ડૂબકી મારી શકાય અને જમીનની માફક પાણી ઉપર પણ ચાલી શકાય.

(૭) **ઈશિત્વ લબ્ધિ :** તેનાથી ઈન્દ્ર અને ચક્રવર્તીની ઋદ્ધિ પ્રગટ કરવા શક્તિમાન થઈ શકે.

(૮) **વશિત્વ લબ્ધિ :** સિંહ-વાઘ વગેરે વિકરાળ પશુઓ તેમજ વ્યંતર દેવો ભૂત-પ્રેત-પિશાચ વગેરે પોતાને વશ થઈ જાય.

આ બધી ચમત્કારિક સિદ્ધિઓ છે. જોગી, જતી, બાવા, અઘોરીઓ મંત્ર તંત્રાદિની સાધના વડે મેલી વિદ્યાને સાધે છે તે બધા કરતાં ઉપરની આઠ સિદ્ધિઓ મહાન સમજવી. આ બધી પ્રકૃતિની પ્રસન્નતાથી પ્રાપ્ત થતી સિદ્ધિઓ છે જે પ્રકૃતિ પ્રસન્ન થઈને સાધકને બક્ષિસ રૂપે આપે છે પણ આ બધું ચમત્કારના નામે વ્યર્થ, ધમાધમ-ધાંધલ સમજવી. આના લોભમાં ફસાવા જેવું નથી. આ બધી સિદ્ધિઓ પતનના માર્ગે લઈ જનારી છે તેમજ જીવ સાવધ ન રહે તો આત્મ પ્રાપ્તિમાં બાધક છે. લાભાલાભનો વિવેક કરી ગીતાર્થ જ્ઞાની લબ્ધિધારીઓ આવી સિદ્ધિઓનો ક્વચિત્ જ શાસનના અભ્યુદય માટે કે સ્વ-પરના આત્મકલ્યાણાર્થે ઉપયોગ કરતાં હોય છે પણ તેનો ય તેમને રંજ હોય છે. આ બધી લબ્ધિથી ચડિયાતી લબ્ધિ કેવળદર્શન, કેવળજ્ઞાનની છે જે વીતરાગ થયા વિના કોઈને કદિ પ્રાપ્ત થતી નથી.

મહાન ચમત્કૃતિઓથી પૂર્ણ અનંત શાશ્વત સુખનુ ધામ એવા આત્મ સ્વરૂપને પામવા પરચમત્કૃતિઓની ધામધૂમ એટલે પાંચે ઈન્દ્રિયોના વિષયોને

છોડવા જોઈએ. બધાજ વિષયો મેઘધનુષના રંગની જેમ પહેલા ખીલે છે પછી કરમાય છે અને અંતે નાશ પામે છે, તેનો ત્યાગ કર્યા સિવાય આત્માના ખજાનામાંથી પ્રગટતી શાશ્વત સુખની સિદ્ધિ કેમ મળે ?

**નિજ ઘરમેં પ્રભુતા હે તેરી - પર સંગ નીચ કહાવો**
**પ્રત્યક્ષ રીત લખી તુમ ઐસી - ગહીએ આપ સ્વભાવો...૨.**

હે ચેતન ! તારી મોટાઈ તારા ઘરમાં રહેવામાં છે, તારી શોભા તારા ઘરમાં રહેવાથી છે, પારકાનો સંગ કરવાથી તું નીચ-અધમ કહેવાય છે. તારા સંબંધમાં આવા પ્રકારની પ્રણાલિકા ઉઘાડી રીતે જણાઈ આવે છે. તારા લક્ષણ જોઈને અનુમાન કરાય છે માટે પોતાનો જે અસલ સ્વભાવ છે તેને પામવો જોઈએ.

**તારા આત્માના ખજાને અનંત ગુણરત્નો પ્રકાશી રહ્યા છે. તારા જ્ઞાનમાં લોકાલોક ઝળકે છે છતાં ચૈતન્યપ્રભુના આનંદનો એક અંશ પણ ઓછો થતો નથી. તારી પ્રભુતા સર્વવ્યાપી છે. તારી પ્રતિભા સર્વતોમુખી છે. આવી પ્રભુતા તમારા ઘરમાં હોવા છતાં મોહનો સંગ કરીને તમે નકામા નીચ કહેવડાવો છો, હાથે કરીને તમારી હલકાઈ કરો છો, પુદ્ગલ સંગે તમારી આબરૂ પાણીમાં મળી ગઈ છે, કર્મ મહાસત્તાના ચોપડે તમારી નોંધ હલકા-નીચ-રખડેલ, લબાડ, લેભાગુ, ઉઠાવગીર, બદમાશ, માયાવી તરીકેની થાય છે.**

(પ્રત્યક્ષ રીત લખી તુમ ઐસી - ગહીએ આપ સ્વભાવો) - તે માટે પોતાના સ્વભાવની ઓળખ કરાવનારી જે ભલી રીત તેને આપ ગ્રહણ કરો અને આપનો મૂળ સ્વભાવ પાછો પ્રાપ્ત કરો.

અંતરદષ્ટિ - સુદષ્ટિ - ભલીદષ્ટિ - નયદષ્ટિ - દિવ્યદષ્ટિ - જ્ઞાનદષ્ટિ - તત્ત્વદષ્ટિ - વિવેકદષ્ટિ - પરમાર્થદષ્ટિ - સૂક્ષ્મદષ્ટિ - પરા - અપરાદષ્ટિ ઉત્તરોત્તર આ બધી દષ્ટિઓ ખુલેથી આત્મા પોતાના સ્વભાવને ગ્રહણ કરતો પોતાના ઘરમાં ઠરીઠામ થાય છે.

**યાવત્ તૃષ્ણા મોહ હૈ તાવત્ મિથ્યાભાવો**
**સ્વ સંવેદન જ્ઞાન લહી કરવો, છંડો ભ્રામક વિભાવો...૩.**

જ્યાં સુધી સાંસારિક સુખોને મેળવવાની તૃષ્ણારૂપ મોહભાવ છે ત્યાં લગી આત્મામાં અજ્ઞાનાભાવ છે. તૃષ્ણા અને અજ્ઞાન બંને સમાંતર ચાલે છે. જ્યાં તૃષ્ણા છે ત્યાં આત્મ સ્વરૂપનું અજ્ઞાન છે અને જ્યાં સુધી આત્મસ્વરૂપનું અજ્ઞાન છે ત્યાં સુધી તૃષ્ણા છે અને ત્યાં સુધી બંધન છે.

**સકલ જગત તેં એંઠવત્ અથવા સ્વપ્ન સમાન**
**તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.**

જ્યાં આત્મા ઓળખાવા માંડે છે ત્યાં તૃષ્ણાઓ ઘટવા માંડે છે. રાગદ્વેષમય અજ્ઞાનભાવોમાંથી આત્મા હટતા, એક પછી એક સ્વપરનું હિત સાધનારી તત્ત્વદષ્ટિઓ સ્વયં ખુલતી જાય છે, અંતરમાં બોધિ બીજને રોપનારા વચનામૃતોને ગ્રહણ કરવાની શક્તિ પ્રગટે છે. પ્રજ્ઞાપનીયતા ખીલે છે.

**પોતાના અંતઃકરણમાં અંશ રૂપે આત્મ સુખને અનુભવવું તે સ્વ સંવેદન જ્ઞાન કહેવાય છે કે જેના દ્વારા આત્માના આંશિક સુખને અનુભવીને અનાદિકાલીન આત્માને ભમણામાં રાખનારા વિભાવ ભાવો તેનો ત્યાગ કરો. ક્રોધ, માન, માયા, લોભાદિ અઢાર પાપ સ્થાનકના ભાવો એ મિથ્યા વિભાવભાવ છે જે પ્રગટ દુર્ગતિરૂપ સંસારને આપે છે જ્યારે દયા, દાન, મૈત્રી, પ્રમોદ, કરૂણા, વાત્સલ્ય, પરોપકાર વગેરેને અધ્યાત્મ શૈલીમાં સમ્યગ્ વિભાવભાવો ગણવામાં આવ્યા છે જે આત્માને પુણ્યકર્મનો બંધ કરાવી સદ્‌ગતિ આપે છે. તેને વિભાવભાવ એટલા માટે કહેવામાં આવે છે કે તે ભાવો એ આત્માનું વાસ્તવિક મૌલિક સ્વરૂપ નથી. તે ભાવો પણ વિનાશી છે કારણ કે ઉત્પન્ન થાય છે અને પાછા ચાલ્યા જાય છે જ્યારે મૂળમાં આત્મ સ્વરૂપ તો અવિનાશી છે. અધ્યાત્મ શૈલી શુભભાવોનો વિરોધ કરનાર નથી પણ તે કાળે જીવની દષ્ટિ ક્યાં હોવી જોઈએ તેના ઉપર ભાર મૂકે છે. એ વિકાસની ગતિના સાતત્યનું સંવર્ધન કરે છે. આત્મ સ્વરૂપને પામવાની દષ્ટિ જ્વલંત ન બને તો શુભભાવ પણ લાંબા કાળ ટકતા નથી અને કદાચ ટકે તો તેમાં અહંકાર આવ્યા વિના રહેતો નથી. અધ્યાત્મ શૈલી આ અહંકારની વિરોધી છે.**

**મિથ્યાત્વ અને આત્મ અભાન કાલમાં પ્રગતિ દેખાય તો પણ તે ચક્રગતિ છે જેથી ફરી ફરીને પાછુ ત્યાંજ આવવાનુ થાય છે કે જ્યાં આત્મા પહેલાં હતો. એ ઘાણીમાં જોડેલા ડાબલા ચડાવેલા બળદની ગતિ જેવી ગતિ છે. જ્યાં ગતિ છે પણ પ્રગતિ નથી. કારણ કે જીવે અજ્ઞાન અને મિથ્યાત્વના ડાબલા ચડાવ્યા છે. મિથ્યાત્વ અને અજ્ઞાનકાળમાં સાચુ સુખ, થિર શાંતિ કે સ્થાયી આનંદ મળતા નથી માટે અધ્યાત્મ શૈલી તેને પશ્ચાદ્ ગતિ અથવા ચક્રભ્રમણ ગતિ તરીકે ઓળખાવે છે. અંદરમાં તૃષ્ણા મોહ, અજ્ઞાન પડેલા છે તો તમારુ તે વખતનું જ્ઞાન અને ધર્મ, વિષય પ્રતિભાસ રૂપ અજ્ઞાન સ્વરૂપ છે. તૃષ્ણા અને મોહ છે ત્યાં સુધી ગાડી અધ્યાત્મના પાટા પરથી ઉતરી ગયેલી છે એમ માનવુ.**

**આત્મ પરિણત જ્ઞાનમાં આત્મા અનુભવાયેલો હોય છે એટલે બાહ્ય પ્રવૃત્તિ કાલે પણ શુદ્ધોપયોગ ન હોવા છતાં શુદ્ધ પરિણતિ પ્રગટેલી હોય છે કારણ કે બાહ્યપ્રવૃત્તિકાલે પણ મિથ્યાત્વ મોહ અને અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ વર્તે છે. આત્મ પરિણત જ્ઞાનમાં આખો સંસાર હેયરૂપે અને વિશુદ્ધ એવો આત્મા ઉપાદેય રૂપે માન્ય કરાયો છે - દઢ થયો હોય છે.**

**જ્યારે તત્ત્વ સંવેદન જ્ઞાનમાં વૃત્તિની સ્વસ્થતા અને કષાયોનો ઉપશમ વર્તે છે. આત્મા શાંત રસ વેદે છે અને ત્રણ કષાયની ચોકડીના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ વિશુદ્ધિ પ્રત્યેક પળે વર્તતી હોય છે.**

યોગીરાજ અહિંયા આ તત્ત્વ સંવેદન જ્ઞાનને પામવા દ્વારા ભ્રામક એવા વિભાવભાવોને છોડવાની વાત કરે છે.

> સમતા ચેતન પતિકું ઈણ વિધ, કહે નિજઘરમેં આવો
> આતમ ઉચ્છ સુધારસ પીયે, સુખ આનંદ પાવો....૪.

સમતા પોતાના સ્વામીને કહે છે કે હે નાથ ! ભ્રામક એવા વિભાવભાવોને છોડીને તમારા પોતાના ઘરમાં પાછા પધારો. પારકા ઘરમાં જવાનું હવે છોડી દો. ઉપર કહેલી સમજણપૂર્વકના જ્ઞાનથી આદરેલી ધ્યાનવિધિ દ્વારા હે સ્વામિન્ તમે જરૂર આત્મઘરમાં પધારી શકશો. આત્મા ઉચ્ચ એટલે અમૃતરસનો સાગર

---

ભક્તિયોગમાં ભક્ત પોતાને ભગવાનનો દાસ સમજે એ સ્થિતિ દાસોઽહમ્‌ની છે.

છે જેનું એક વાર પાન કર્યા પછી ફરી ફરીને તેનું પાન કરવા આત્મા ઝંખે છે. આવા આધિ-વ્યાધિ અને ઉપાધિથી સર્વથા રહિત પરમાનંદ સુખના સાગર સ્વરૂપ આત્માને જે કોઈ સાધશે તેવાઓજ આ મહાસુધારસનું પાન કરવા સૌભાગ્યશાળી બનશે.

યોગીરાજ પદને અંતે સાર બતાવતા કહે છે કે જો સાચુ હિત સાધવુ હોય તો નિજઘરમાં આવવું જ પડશે. એકાગ્રતા પૂર્વક વિશુદ્ધ આત્માનું ધ્યાવન કરતા તે નિજ ઘર જરૂરથી મળશે પછી તમે અમૃતરસના મહાસાગરમાં મહાલશો.

卐

*મોક્ષે જતાં આપણા આત્માને જેમ અન્યાય ન થાય તેની તકેદારી રાખવાની છે એમ આવી પડેલ કર્તવ્ય બજાવતાં આપણા થકી કોઈ અન્ય આત્માને પણ અન્યાય ન થાય તેની પણ એટલી જ તકેદારી રાખવાની છે.*

★

*આત્મભિન્ન પર પદાર્થ સાથે એકત્વ પરિણામ એ મિથ્યાત્વ. આસક્તિ તે અવિરતિ. આકર્ષણ તે દેશવિરતિ. અપાકર્ષણ તે સર્વવિરતિ. સ્વરૂપસ્થિરતા તે અપ્રમત્તતા. સ્વરૂપલીનતા એ પરમાત્મત્વ.*

# પદ - ૮૧

## (રાગ - સારંગ)

चेतन ऐसा ज्ञान विचारो, सोऽहं सोऽहं सोऽहं ॥
सोऽहं अणु न वीयासारो. ॥ चेतन. ॥१॥

निश्चय स्वलक्षण अवलंबी, प्रज्ञा छैनी निहारो ॥
इह छैनी मध्यपाती दुविधा, करे जड चेतन फारो. ॥ चेतन. ॥२॥

तस छैनी कर ग्रहिये जो, घन सो तुम सोऽहं धारो ॥
सोऽहं जानि दटो तुम मोहं, व्है है समको वारो ॥ चेतन. ॥३॥

कुलटा कुटिल कुबुद्धि कुमता, छंडो व्है निजचारो ॥
सुख आनन्दपदे तुम बेसी, स्वपरकूं निस्तारो. ॥ चेतन. ॥४॥

આ પદમાં યોગીરાજ જ્ઞાન સ્વરૂપ એવા આત્માને હિત શિક્ષા આપે છે. જેવો ભગવંતનો આત્મા ગુણદષ્ટિએ સમ સ્વભાવી છે તેવોજ આત્મા આપણા સૌમાં બિરાજમાન છે. તેઓએ પોતાના આત્માને સાધી કર્મની બેડીઓના બંધનમાંથી મુકત કરેલ છે. આપણા આત્માને ભવ દુ:ખોમાંથી મુકત કરવા તેવાજ પ્રકારની કરણી અને ઉદ્યમ કરવા પર અહિં ભાર મુક્યો છે.

**ચેતન ઐસા જ્ઞાન વિચારો - સોડહં સોડહં સોડહં સોડહં**
**અણું ન બીયા સારો ચેતન....૧.**

યોગીરાજ પોતાના આત્માને જડ ચેતનનો ભેદ કરાવી રહ્યા છે. મતિ શ્રુતજ્ઞાનની નિર્મળતાથી આત્મા સમ્યક્ત્વને પામ્યો. આ પ્રજ્ઞાજ્ઞાન રૂપ શસ્ત્રનો ઉપયોગ કરી સંસારવૃક્ષની ગ્રંથિને ભેદી નાંખી પરંતુ પરમ સુધારસ રૂપ જ્ઞાનની શોધમાં તેમનો ઉપયોગ અગાધ ઊંડાણના તળિયે જઈ રહ્યો છે તે કહે છે કે 'તે હું છું' - 'તે હું છું' આવા આત્માકાર સોહં પદને બરાબર વિચારો. તેના સિવાય બીજા પ્રત્યે અણું જેટલો પણ મોહ રાખવો કે તેના પ્રત્યે દ્રેષભાવ રાખવો કે ખેદ કરવો તે સારુ નથી. એ અહુંકાર છે જ્યાં સાચું હું પણું નથી.

---

આત્મા પોતે પોતાને પોતાવડે પોતામાં શુદ્ધાત્મા-પરમાત્મા અનુભવે તે અર્હંની સ્થિતિ છે.

આવાજ ભાવની વાત પદ-૪૨માં કરી કે - **આનંદઘન નિપટ નિકટ અક્ષર દો નહિ સમરે સો મરેંગે** - મૃત્યુ અને કાલ આ બંને અક્ષરો અર્થાત્ શબ્દો આત્માની નજીક રહેલા છે અને જેનો અર્થ નિપટ અર્થાત્ નિશ્ચિત છે, સ્પષ્ટ છે તે બંનેના અર્થને જે સમરશે નહિ અર્થાત્ વિચારશે નહિ અને એ દ્વારા આત્માની અત્યંત નિકટ બલ્કે આત્મામાંજ રહેલ મોક્ષના સુખને જે વારંવાર યાદ કરી તેમાં ડૂબકી લગાવશે નહિ તેનુ હરણ કાલદૂત અનંતીવાર કર્યા કરશે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે મૃત્યુ અને કાલ શબ્દ પર વારંવાર ઉહાપોહ કરી આત્માની વૈરાગ્યદશાને સ્પષ્ટપણે હૃદયમાં અંકિત કરવા જેવી છે કેમકે તેના દ્વારા આત્મામાં ડૂબકી લગાવવામાં આવે તો જન્મ મરણનો અંત આવે જો અમરત્વ પ્રાપ્ત નહિ થાય તો મૃત્યુનો દૂત એવો કાલ અનંતીવાર જીવનો કોળિયો કર્યા કરશે.

અહિંયા તેજ વાત જુદી રીતે, જુદા શબ્દોમાં કરે છે કે સોડહંનું ધ્યાન કરવું અને તેમાં તન્મય થઈ જવું. ખાતાં-પીતાં-ઉઠતાં-બેસતાં તેનોજ વિચાર કરવો. સત્તાગતે મારો અને પરમાત્માનો ઐક્ય ભાવ છે એટલે કે ભાવમાં કોઈ જ ફેર નથી. આ ભાવ ઉપયોગમાં જેટલો ઘૂંટાય છે તેટલી વીતરાગતા ઘૂંટાય છે. સોડહંકાર એ સ્વરૂપ સભાનતારૂપ સાચું હું પણું છે જે ઓમકારમાં પરિણમે છે.

હવે ગાથા-૨માં જડ ચેતનને જુદા પાડવાની ચાવી બતાવે છે.

**નિશ્ચય સ્વલક્ષણ અવલંબી - પ્રજ્ઞા છૈની નિહારો**
**ઈહ છૈની મધ્યપાતી દુવિધા - કરે જડ ચેતન ફારો....૨.**

પર વસ્તુ જડ છે. દેહ-ઈન્દ્રિય-મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર આ બધા જડ તત્ત્વો છે. તેનુ અવલંબન વ્યવહાર માર્ગમાં લેવામાં આવે છે. નિશ્ચયદષ્ટિથી આત્મા ચેતના લક્ષણવાળો છે. ચેતના એટલે જે સતત ચેતતો રહે - જાગતો રહે તે. આત્માના શુદ્ધ ચૈતન્યમય ઉપયોગમાં જે સતત વર્તે છે તે ચેતના લક્ષણ આત્મા છે. **ચેતનને પોતાના સ્વરૂપમાં સતત જાગૃત રાખનારી ઉપયોગ શક્તિને વારંવાર સ્વરૂપની દિશામાં વાળવાથી ઉપયોગ શક્તિ તીક્ષ્ણ અને ધારદાર બને છે અને તેજ પ્રજ્ઞા છીણીનું કામ કરી સ્વમાંથી પરભાવને છીણી નાંખી સ્વરૂપાકારે પરિણમન પમાડે છે. પરાકારે અનંતીવાર પરિણમ્યા, હવે**

**સ્વાકારે પરિણમન કરવાનું છે.**

આત્મા જ્ઞાન સ્વરૂપી છે. અનાદિકાળથી તેમાં રાગ-દ્વેષ રૂપ અર્થાત્ વિષય કષાયની પરિણતિ રૂપ મોહ ભળેલો છે તેથી જ્ઞાન અને રાગ એકરસ થઈ ગયા છે. જેમ જંગલમાં મોટામોટા પર્વતોમાં મોટી મોટી શિલાઓ હોય છે, તેમાં એક શિલાને બીજી શિલાની સાથે જોડનારી સૂક્ષ્મ ફાટ હોય છે. સૂક્ષ્મ સાંધ હોય છે. બરાબર પહેલા તે સાંધને - ફાટને જ્ઞાનથી ઓળખવામાં આવે - પકડવામાં આવે પછી તેના ઉપર બરાબર શસ્ત્રનો (છીણીનો) ઘા કરવામાં આવે તો તે બંને શિલાઓ સહેલાઈથી જુદી પડી જાય છે તેમ અહિંયા જ્ઞાન અને રાગની વચ્ચે સાંધ રહેલી છે. આ જ્ઞાન અને રાગની સાંધને બરાબર ઓળખી ઉપર કહેલ ઉપયોગની તીક્ષ્ણતા અને સૂક્ષ્મતા કરી તે રૂપ પ્રજ્ઞા છીણી જ્ઞાન અને રાગની મધ્યમાં બરાબર મારવામાં આવે તો તે પ્રજ્ઞા છીણીથી જ્ઞાન અને રાગ જુદા પડી જાય છે અને જીવ સમ્યગ્દર્શનાદિ ભાવ ધર્મને પામે છે. રાગભાવ એ જડભાવ છે કારણ કે જડ એવા કર્મના ઉદયથી થાય છે જે આત્માનો વિકૃતભાવ હોવાથી વિભાવભાવ કહેવાય છે. જ્યારે જ્ઞાનભાવ તે ચૈતન્યમય ભાવ છે જે આત્માનું સ્વલક્ષણ છે - સ્વભાવ છે.

જીવને અનાદિકાળથી દેહાધ્યાસ વળગેલો છે તેના કારણે સતત દેહ-ઈન્દ્રિય જનિત ભાવોમાં હું અને મારાપણું વર્ત્યા કરે છે. આ દેહાધ્યાસને કારણે આત્મા ગ્રંથિભેદ જનિત સમ્યગ્ દર્શન પામી શકતો નથી. આ સંદર્ભમાં જ્ઞાની કહે છે કે

"ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન
પણ તે બંને ભિન્ન છે જેમ અસિને મ્યાન
જે દ્રષ્ટા છે દૃષ્ટિનો જે જાણે છે રૂપ
અબાધ્ય અનુભવ જે રહે - તે છે જીવ સ્વરૂપ."

**જેને પરમ ઉત્કૃષ્ટ એવો પરમાત્માનો કેવળ અંતર્મુખતાનો માર્ગ શ્રવણ યોગ્ય થયો નથી તે હીન પુણ્ય જીવો સંસારના ભયંકર દુઃખોથી મુક્ત ન થઈ શકે તે સહજ છે. પરંતુ જે જીવને પરમ સત્ય લક્ષ ઉપર આવ્યું છે તે શુભાશુભ કર્મના ઉદયકાળે વિકલ્પો કરી પોતાના મહાન સ્વરૂપને રોકી રાખે**

**છે તે પ્રમાદમાં રતિ કરવા બરાબર છે તેથી હે જીવ ! ત્વરાથી તું સ્વયંના મહાન પદને સંભાળી અંતર્મુખ થા ! અંતર્મુખ થા ! અંતર્મુખ થા ! જેથી અંતરાત્મા થઈ પરમાત્મપદ પમાય.**

**આનંદઘનજી મહારાજના એક એક વચનો અનુભવના ઊંડાણમાંથી બહાર લઈ આવેલા અનુભવમોતીથી આલેખાયેલા ટંકશાળી અક્ષરો - વચનો છે. નય-પ્રમાણના છાલા-છોતરા ઉખેડવામંજ પોતાના બુદ્ધિ કૌશલ્યનો ઉપયોગ કરનાર અને સર્વ વસ્તુને તર્કની શરાણ ઉપર ચઢાવીનેજ તાવનાર આત્માઓને અનુભવજ્ઞાની પુરુષોના અનુભવયુક્ત રસાળ વચનો કે જે અનુભવરસમાં તરબોળ થઈને નીકળ્યા છે અને જગતના જીવોની એકમાત્ર ભાવ-કરૂણાથીજ ઉચ્ચારાયેલા છે તે સમજાતા નથી માટે તે આત્માઓ પ્રત્યે તેમને બહુમાનભાવ તો જાગતો નથી પણ હૃદયના ખુણામાં તેમને માટે સખત અરૂચિ ઊભી થાય છે જે અવસરે અવસરે નિમિત્ત મળતા છતી થાય છે. આ જ્ઞાની પુરુષની ઘોર આશાતના છે જેનાથી દર્શન મોહ પુષ્ટ થાય છે અને ભાવિ ઉજ્જવળ બનતુ નથી.** જ્ઞાની પુરુષની સો વાતમાંથી નવ્વાણુ વાત બેસે અને એક ન બેસે તો એક વાતને ખોટી જાહેર કરી તેનું ખંડન ન કરાય પણ મને નથી બેસતી તેમા મારી ખામી છે એમ માની મૌન ધારણ કરાય.

કોઈની પણ વાત આપણી બુદ્ધિમાં ન બેસે તેટલા માત્રથી તેનુ ખંડન કરવુ તે બુદ્ધિનું ડહાપણ નથી પણ બુદ્ધિનુ દેવાળુ છે, અંદરમાં શાંતરસ નથી પ્રગટ્યો તેની જાહેરાત છે.

**તસ છૈની કર ગ્રહીયે જો ધન સો તુમ સોડહં ધારો**
**સોડહં જાની હરો તુમ મોહં - વ્હૈ હૈ સમ કો વારો...૩**

તે પ્રજ્ઞા છીણીને કર ગ્રહીયે એટલે આત્મસાત કરીને એટલે કે વારંવાર તેનો ઉપયોગ કરીને તમે જ્ઞાન અને રાગની સંધિને છેદી નાંખી એના દ્વારા જે સોડહં સ્વરૂપ કે જે તમારું સાચુ ધન - આત્મધન છે તેને પ્રાપ્ત કરો અને તે સોડહં સ્વરૂપને જાણીને - પ્રાપ્ત કરીને તમે મોહને દફનાવી દો તો તેજ સમત્વરૂપ આત્માને પ્રાપ્ત કરવાના વારા સ્વરૂપ છે અર્થાત્ ઉપાય સ્વરૂપ છે.

મોહરાજાની રાજધાની દેહ-ઈન્દ્રિય-વિષયો તેમાં જીવને અનાદિથી રાગભાવ

વર્તે છે. તેના ઉપર પ્રજ્ઞા છીણીથી પ્રહાર કરી આત્મા પોતે સોડહં સ્વરૂપ છે અર્થાત્ પોતાની સત્તાનો માલિક પોતે છે તેને મેળવવાની વાત અહિંયા કરે છે. આ રીતે મોહનો નાશ કરવા પૂર્વક સમતાને પ્રાપ્ત કરવાનો વારો અર્થાત્ તક-ટાણો-અવસર હે ચેતન ! તને મળેલ છે. આ મનુષ્ય ભવનું ટાણુ એળે જઈ રહ્યુ છે કારણ કે આ જે કરવાનું છે તે જીવ કરતો નથી અને બીજા બધામાં જીવ પોતની શક્તિ ખર્ચે છે, નકામો તણાય છે તેને અહિંયા ચેતવવામાં આવ્યો છે.

**કુલટા કુટિલ કુબુદ્ધિ કુમતા, છંડો વ્હૈ નિજ ચારો**
**સુખ આનંદ પદે તુમ બેસી સ્વ પરકું નિસ્તારો...૪.**

દુર્બુદ્ધિ એ કુલટા અર્થાત્ દુરાચારી છે, કુટિલ અર્થાત્ માયા પ્રપંચ દગા-ફટકા-વિશ્વાસઘાત વગેરે પાપો કરાવનારી છે, જીવને ઉન્માર્ગ તરફ લઈ જનારી છે માટે તમે તેને છોડી ધો. તેની સલાહ મુજબ જીવવાનુ બંધ કરો એજ 'વ્હૈ નિજ ચારો' - આત્માને સુખી કરવાનો ઉપાય છે. આત્માનું જે જ્ઞાનાનંદ પદ કે જે સદા સુખદાયી છે તેમાં આરોહણ કરીને સ્વ અને પર બંનેનુ કલ્યાણ કરો અર્થાત્ તમે સ્વયં સંસાર સાગરના પારને પામો અને બીજાને પમાડો.

આજ પ્રકારનું વર્ણન ૧૨માં પદમા કરતા લખે છે

**કુબુદ્ધિ કુબજા કુટિલગતિ, સુબુદ્ધિ રાધિકા નારી**
**ચૌપટ ખેલે રાધિકા જીતે કુબજા હારી.**

કુમતિને અહિંયા કુબ્જા દાસી સાથે સરખાવે છે. કુબ્જાએ રાવણની રાણી મંદોદરીની દાસીનું નામ છે. દાસીનું જેમ ઠામ ઠેકાણુ હોતુ નથી, ઘર ઘર રખડનારી જાત હોય છે તેવીજ કુબુદ્ધિ છે. જ્યારે સુબુદ્ધિને રાધિકા નારી કે જે કૃષ્ણ મહારાજાની પત્ની છે તેની સાથે સરખાવે છે. જીવ આ સંસારમાં ચોપાટ એટલે શેતરંજની બાજી ખેલે છે તેમાં સુબુદ્ધિ સમાન રાધિકા તે રમત જીતી જાય છે અને દુર્બુદ્ધિ સમાન કુબ્જા તે હારી જાય છે.

卐

# પદ - ૮૨

## (રાગ - સુરતી ટોડી)

प्रभु तोसम अवर न कोइ खलकमें, हरिहर ब्रह्मा विगुते सोतो ॥
मदन जीत्यो तें पलकमें ॥ प्रभु. ॥१॥

ज्यों जल जगमें अगन बूजावत, वडवानल सो पीये पलकमें ॥
आनन्दघन प्रभु वामारे नन्दन, तेरी हाम न होत हलकमें ॥ प्रभु. ॥२॥

આ પદમાં બ્રહ્મચર્યના ગુણગાન ગાવા દ્વારા પાર્શ્વપ્રભુની સ્તુતિ કરી છે. બ્રહ્મચર્ય યોગની પ્રથમ ભૂમિકા ગણાય જેમાં બદ્ધકક્ષ એટલે દઢ નિશ્ચય બન્યા સિવાય એક પણ યોગમાં પ્રગતિ થઈ શકતી નથી. બ્રહ્મચર્ય પુદ્ગલ સાર છે. પુદ્ગલનો સાર વીર્ય છે અને તે વીર્યનું પિંડીકરણ અને ઉર્ધ્વીકરણ બ્રહ્મચર્ય પાલનથી થાય છે. વીર્યના એક બુંદનું પણ રક્ષણ કરવાથી જીવનું રક્ષણ થાય છે અને તેના એક બુંદના પાતથી જીવનું મરણ મનાયેલુ છે.

પુજાની ઢાળમાં પણ કહ્યું છે કે -

**જિન પડિમા જિનમંદિરા કંચનના કરે જેહ**
**બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે નમો નમો શિયળ સુદેહ**

**વીરવિજયજી મહારાજ -**
**એ વ્રત જગમેં દીવો મેરે લાલ**

**ઉપાધ્યાયજી મહારાજ -**
**અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદીયે સફળ ન થાય.**
**પાપ સ્થાનક ચોથુ વર્જીએ.**

**ઉપાધ્યાય મહારાજ -**
**મૂળ ચારિત્રનું એ ભલું સમકિત વૃદ્ધિ નિદાન**
**શિલ સલિલ ધરે જિકે તસ હુવે સુજસ વખાણ**

---

જ્ઞાનધારામાં સ્વપણું છે જ્યારે યોગધારા, જ્ઞેયધારા, કર્મધારામાં પરપણું છે.

આવો બ્રહ્મચર્યનો મહિમા પૂર્વેના આપ્તપુરુષોએ ગાયો છે.

**પ્રભુ ! તો સમ અવર ન કોઈ ખલકમેં**
**હરિહર બ્રહ્મા વિગૂતે સોતો મદન જીત્યો તેં પલકમેં.... પ્રભુ...૧.**

હે પાર્શ્વપ્રભુ ! હે વામાનંદન ! તમારી સમાન આ જગતમાં (ખલકમાં) બીજો કોઈ નથી. કહેવાતા મોટા દેવો બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ જેવા પણ જે કામદેવના વિષયમાં વિગૂતે - ગૂંચવાઈ ગયા - ચક્કરમાં ચઢી ગયા તે કામદેવને આપે એક ક્ષણવારમાં જીતી લીધો.

ભર્તૃહરિએ પણ કોક જગ્યાએ લખ્યુ છે કે કામદેવના વિષયમાં હરિહર, બ્રહ્મા-વિષ્ણુ બધાજ ફસાયા છે પણ જો ન ફસાયા હોય તા એક માત્ર જિનેશ્વર દેવ છે.

આ ગુણગાનમાં બીજા દેવોની નિંદા કરવાનો કે હલકાઈ બતાવવાનો આશય નથી. આનંદઘનજીમાં તે હોઈ પણ શકે નહિ. જે ઉચ્ચ ભાવનાથી તે યોગી પદ-૬૭ માં રામ કહો, રહેમાન કહો, કેઉ કાન કહો મહાદેવ રે એવું ગાઈ ગયા છે તે કોઈની પણ નિંદા ટીકા કરે નહિ એમાં એમની વામાનંદન પાર્શ્વપ્રભુની વીતરાગભાવનાને અને મદન પરના વિજયને બહાર લાવવાનીજ વાત હોય.

જે કામદેવે દુનિયાના જીવોની અનંતાનંત કાળથી હાલાકી કરી છે તે હાલાકીઓને જડમૂળથી ઉખેડી નાંખવાની હામ એટલે હિંમત હે પ્રભુ ! આપે કરી છે. આપના આત્મામાં પ્રભુત્વ રૂપે રહેલી શક્તિના સહારે આપે બહાદુરીથી હાલાકીઓનો સામનો કર્યો તેનો આ મર્ત્યલોકમાં જોટો જડવો મુશ્કેલ છે. હે પ્રભો ! આપની પ્રભુતાઈ અને અન્ય દેવોની પ્રભુતાઈમાં આભગાભ જેટલું અંતર છે, આપે વીતરાગ ભાવને આત્મામાં સ્થાપન કરી કામદેવનો સામનો કર્યો. લડતમાં એનો પરાજય કર્યો. આપ તેને જરાપણ આધીન થયા નહિ તે બહુ મોટી વાત છે.

ઉપમિતિમાં મહામોહરાજાના પાટવી કુંવર રાગકેસરીની પાછળ બેઠેલ નાનારાજા તરીકે મકરધ્વજ અર્થાત્ કામદેવનું વર્ણન છે જે વિશ્વ માત્ર ઉપર

પોતાનું સામ્રાજ્ય ચલાવે છે. પ્રાણીમાત્રને પરવશ બનાવી તેની પાસે અનેક પ્રકારના ચેનચાળા કરાવે છે. કામદેવે પોતાનું સામ્રાજ્ય અન્ય દેવો પ્રત્યે કેટલું ચલાવ્યું તે પર વિવેચન કરવાની જરૂર નથી. ધર્મ પરીક્ષાના રાસમાં આ ત્રણે દેવોનો કામદેવ સાથેનો સંબંધ બતાવવામાં આવ્યો છે.

**જ્યોં જલ જગમેં અગન બુઝાવત વડવાનલ સોપીયે પલકમેં**
**આનંદઘન પ્રભુ વામારે નંદન, તેરી રામ ન હોત હલકમેં....૨.**

જેવી રીતે દુનિયામાં પાણી આગને ઓલવી નાંખે છે તે પાણીને વડવાનલ એક પળમાં પી જાય છે તેવી રીતે જે કામદેવે આખી દુનિયાને મુંઝવી નાંખી તે કામદેવને તમે પળવારમાં જીતી લીધો. હે વામાદેવીના નંદન પાર્શ્વપ્રભુ ! આનંદઘનના નાથ પ્રભુ ! આપની હામ એટલે હિંમત અથવા સહાય આ જગતમાં ન હોય તો આ દુનિયાની હાલાકીમાંથી કોઈ છુટી ન શકત. અર્થાત્ કલિકાળે પણ કેટલાક જીવો કામદેવ પર વિજય મેળવતા દેખાય છે તેમાં પ્રભુ આપની કૃપાજ કારણભૂત છે. કામદેવની અગનશક્તિ વડવાનલ જેવી પ્રચંડ છે પણ પ્રભો આપ તે અગનશક્તિને પણ પી ગયા. કામદેવ આપની આગળ કાંઈજ કરી શક્યો નહિ. આપનાથી હારેલો એવો તે જાણે આપની પાસે રહેવાનુ સ્થાન ન મળતા અન્ય દેવોની પાસે ચાલ્યો ગયો !

જંગલમાં જઈને ઘોર તપને તપનારા વિશ્વામિત્ર ઋષિ જેવા પણ મેનકાના હાવભાવ અને નાટારંભમાં ફસાઈને સંન્યાસ હારી ગયા હતા અને તેને વશ થઈને રહ્યા હતા. કામદેવને વશ પડેલા જીવને એના પ્રેમપાત્ર સિવાય બીજું કાંઈ સૂઝતું નથી. કાંઈ ખાવું પીવું ગમતું નથી. બોલવું ચાલવું ગમતું નથી. એના વિરહની પીડા તેનામાં મહાવ્યથા પેદા કરે છે. એ જંગલે જંગલે, નદી કાંઠે, સરોવરની પાળે પોતાની પ્રિયાનેજ ભાળે છે. ભ્રમરના ગુંજારવમાં કે ભ્રમણમાં તેને પત્નીના ભણકારા વાગે છે એટલે અવાજ સંભળાય છે, એના ચાળા દારૂડિયા જેવા હોય છે. સ્ત્રી પરાધીન પ્રાણી એવા આકરા ચીકણા કર્મ બાંધે છે કે એમાંથી છુટતા તેને બહુ મુશ્કેલી પડે છે. એટલાજ માટે જૈન-જૈનેતર દર્શનોમાં બ્રહ્મચર્યનો મહિમા ગાવામાં આવ્યો છે. જૈન દર્શનમાં સ્થુલભદ્રજી,

મિથ્યાદષ્ટિને દેશઆરાધક કહ્યો છે જ્યારે સમ્યગ્દષ્ટિને દેશવિરાધક કહ્યો છે.

સુદર્શન શેઠ, વિજય શેઠ-વિજયા શેઠાણી, સતી સુભદ્રા આ બધાના શીલની-બ્રહ્મચર્યની ખૂબ ખૂબ પ્રશંસા કરવામાં આવી છે.

આવા વડવાનલ સમાન કામાગ્નિને પી જનારા મહાયોગી પછી તે ક્યાંય પણ હોય જગત તેને અભિનંદે છે - નમે છે અને તેના ઓવારણા લે છે.

卐

*અજ્ઞાને કરી અનંતકાળના અનંતા સંયોગોને જીવ ભૂલી ગયો, પણ હવે જ્ઞાને કરીને પૂર્વના અને વર્તમાનના સંયોગોને ભૂલી જાય તો છૂટી જાય.*

★

*મિથ્યાત્વ છે ત્યાં સુધી ભાવ આંખો બંધ છે. બંધ આંખે દેખાતા લાલપીળામાં રાચે માચે છે તે આભાસી છે, તે જ સ્વપ્ન છે.*

★

*સાધનાનો સંકલ્પ એ છે કે દેહ એ હું નથી અને દેહ મારો નથી.... ઉપાસનાનો સંકલ્પ એ છે કે પરમાત્મા મારા છે અને મારું સ્વસ્વ પરમાત્માનું છે.*

# પદ - ૮૩

## (રાગ - મારુ)

निस्पृह देश सोहामणो, निर्भय नगर उदार हो. ॥ वसे अंतरजामी ॥
निर्मल मन मंत्री वडो, राजा वस्तु विचार हो. ॥ वसे. ॥१॥

केवल कमलागार हो, सुण सुण शिवगामी ॥

केवल कमला नाथ हो, सुण सुण निःकामी ॥

केवल कमला वास हो, सुण सुण शुभगामी ॥

आतमा तुं चूकीशमां, साहेबा तुं चूकीशमां, राजिंदां तुं चूकीशमां,
अवसर लही जी. ॥ ए आंकणी. ॥

द्दढ सन्तोष कामामोदशा, साधुसंगत द्दढपोल हो. ॥ वसे. ॥१॥

पोलियो विवेक सुजागतो, आगम पायक तोल हो. ॥ वसे. ॥२॥

द्दढ विश्वास बितागरो, सुविनोदी व्यवहार हो. वसे. ॥
मित्र वैराग विहडे नही, क्रीडी सुरति अपार हो. ॥ वसे. ॥३॥

भावना बार नदी वहे, समता नीर गंभीर हो. वसे ॥
ध्यान चहियचो भर्यो रहे, समपरनभाव समीर हो. ॥ वसे. ॥४॥

उचालो नगरी नही, दुष्ट दुःकाल न योग हो. वसे. ॥
इति अनीति व्यापे नही, आनन्दघन पर भोग हो. ॥ वसे. ॥५॥

આ પદમાં યોગીરાજે અંતર્યામીનું સ્થાન બતાવવા ઉપમાન પ્રમાણનો ઉપયોગ કર્યો છે અને સુંદર રૂપકો મૂક્યાં છે. પ્રથમ એમાં જે સ્થાન પ્રાપ્ત કરવાનું છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે કે તેનો દેશ પ્રાંત, ત્યાંના રાજા, પ્રધાન કોણ હોય ? કેવા હોય ? તેનો પરિચય આપ્યો છે.

એમાં એ સ્થાન - શેરીનું વર્ણન, એના પોળિયાનું વર્ણન તેમજ એ કઈ

નદી પર આવેલ છે એનુ વર્ણન કર્યું છે. સાથે સાથે એ નગરનું વાતાવરણ કેવું છે ? એ સ્થાનનો મહિમા કેવો ભારી છે ? તેમજ એ નગરમાં એનક પ્રકારની સગવડોનો સદ્ભાવ ઉપરાંત અનેક પ્રકારની અગવડોનો અભાવ છે તે બતાવેલ છે. આવો અવસર વારંવાર મળતો નથી માટે મળેલ અવસર ન ચૂકવા પ્રેરણા કરી છે. ૧૦૦માં પદમાં પણ અવસર ન ચૂકવાની પ્રેરણા છે પણ ત્યાં જીવનની અસ્થિરતા તેમજ ધનમાલ અહીં રહી જવાના છે તે બતાવવા પૂર્વક મળેલ અવસરનો લાભ લેવા વાત કરી છે. જ્યારે અહિંયા સાધ્યસ્થાનની ભવ્યતા, સુંદરતા અને આકર્ષકતા બતાવી વર્તમાનમાં મળેલ તક ન ચૂકવા ભલામણ કરી છે.

**નિસ્પૃહ દેશ સોહામણો- નિર્ભય નગર ઉદાર-હો વસે અંતરયામી**
**નિર્મળ મન મંત્રી વડો - રાજા વસ્તુ વિચાર હો વસે અંતરયામી.**

કેવલ કમલાગાર હો - સુણ સુણ શિવગામી
કેવલ કમલાનાથ હો સુણ સુણ નિ:કામી
કેવલ કમલાવાસ હો સુણ સુણ શુભ કામી
આત્મા તું ચૂકીશ માં - સાહિબા તું ચૂકીશ માં,
રોજિંદા તું ચૂકીશમાં અવસર લહીજી.....

જ્યાં સુધી જીવને કોઈ પણ પ્રકારની સ્પૃહા છે ત્યાં સુધી સંસારનો અંત આવતો નથી. **પોતાના સ્વભાવ સિવાય બીજુ કાંઈજ મેળવવા જેવુ નથી એવી દઢ શ્રદ્ધા થાય ત્યારે તે મુમુક્ષુ બને છે.**

સ્પૃહા એટલે કે દુન્યવી વસ્તુઓ પ્રત્યેની ઈચ્છાઓ - કામનાઓ - લાલસાઓનો અંશ માત્ર જેમનામાં રહ્યો નથી એવા પુરુષવર્ગથી આ દેશ સોહામણો છે. અર્થાત્ તે દેશમાં વસનારાઓથી તે આત્મિક સૌંદર્યતાથી ભરપુર સુખકારક અને રળિયામણો રહ્યો છે. એવા દેશની અહિંયા ઝાંખી કરાવી પોતાના આત્માને બોધ આપતા યોગીરાજ કહે છે કે હે આત્મન્ ! તે દેશમાં વસનારા બધાં ઉદાર દીલવાળા છે અને નિર્ભીક પણે જીવન જીવી રહ્યા છે તેથી દેશમાં આવેલા નગરનું નામ નિર્ભય નગર છે.

જેમ પોતાનામાં પ્રતિબિંબિત પદાર્થો આવવા છતાં દર્પણને ભાર લાગતો નથી અને ક્રોધાદિના વિકારો થતા નથી તેમ જ્ઞેયોને જાણવા છતાં તેઓ રાગાદિભાવોરહિત નિર્વિકારી જીવન જીવી રહ્યા છે અને જીવનને સાર્થક બનાવી રહ્યા છે એવા અંતરયામી પુરુષોનો આ દેશમાં વસવાટ છે.

**(નિર્મળ મન મંત્રી વડો - રાજા વસ્તુ વિચાર હો)**

દરેક વ્યક્તિની અંદર પોતાના મનના ભંડકીયામાં ઢગલાબંધ અનુભવોનો ખડકલો સંસ્કાર રૂપે જમા થયેલો હોય છે. પોતે આંખો બંધ કરીને બેસે તો પણ તે સંસ્કારો કીડિયારાની જેમ ઉભરાઈ ઉભરાઈને દૃષ્ટિ પથ પર આવે છે. ભયોની ભૂતાવળનું આ ચલચિત્ર મનની ભીતર ચાલ્યાજ કરતું હોય છે. જ્યારે આવા દશ્યો સદંતર ભૂંસાઈ જાય છે ત્યારે નિર્મળ થયેલ જ્ઞાનચક્ષુ દ્વારા પરમાત્માને પામી શકાય છે. વસ્તુતત્ત્વ વિચારતાં પરમાત્મ દર્શન માટે ચક્ષુની આવશ્યકતા નથી કેમકે આત્મા સ્વયં પ્રકાશક શક્તિ છે. ચક્ષુ તો અંતર આત્માની બારી જેવું છે. એ બારીમાંથી જોવાવાળો સ્વયં ચૈતન્ય સ્વરૂપ આત્મા છે.

બહારના પદાર્થોને જોવા માટે ચક્ષુની જરૂર છે પરંતુ ભીતર વસતા ચિદ્ઘન આત્માને જોવા કે પામવા માટે ચક્ષુ, મન, વચન વગેરે કોઈની જરૂર નથી. દુનિયાના ભૌતિક પદાર્થોને જોવા-જાણવા-વર્ણવવા-સાંભળવા કે સમજવા માટે આપણી ઈન્દ્રિયો વગેરે બહિર્મુખ સાધન બની શકે પણ આધાર તો નિર્ગુણ - નિષ્ક્રિય-અમૂર્ત ચૈતન્ય બ્રહ્મનોજ લેવો પડે. **વળી બ્રહ્મવિદ્યાના મંદિરમાં પ્રવેશ મેળવવા માટે પહેલા ઈન્દ્રિય-મન-બુદ્ધિ ચિત્ત -અહંકાર રૂપી પગરખાં બહાર ઉતારવાજ પડે.** આવા અગમ્ય પરમાત્મા વિષે કેવી રીતે ઉપદેશ આપવો તે સમજાતું નથી.

આત્મા વિશે સામાન્ય રીતે આપણને જે જ્ઞાન હોય છે તેને સંપૂર્ણ સત્ય માની લેવાની ભૂલ આપણે ન કરીએ અને પ્રત્યેક પળે સભાનતા કેળવીએ તોજ આત્મજ્ઞાનને માર્ગે પદાર્પણ કરી શકીએ.

જ્યાં નિસ્પૃહતા હોય ત્યાંજ નિર્ભયતા ટકે છે. સ્પૃહાવાળાને જગતમાં

કોઈને કોઈ ભય સતાવતો હોય છે. ઠેઠ વડાપ્રધાનથી માંડીને ભિખારી સુધી બધાને કોઈને કોઈ સ્પૃહા સતાવતી હોય છે. વડાપ્રધાનને પોતાની ખુરશી ટકાવી રાખવાની ઈચ્છા છે તો ભિખારીને પેટ પુરતુ મેળવવાની ઈચ્છા છે એને કારણે તેઓ ભયમાંજ જીવે છે. વડાપ્રધાનને પ્રજા મારી આજ્ઞા તો માનશે ને ? મને ઉથલાવીતો નહિ પાડેને ? એ ભય સતાવતો હોય છે. જ્ઞાનસારમાં ઉપાધ્યાયજી મહારાજે ભયનું કારણ આશા બતાવ્યું છે. ભયનું કારણ આશા-ઈચ્છા-અપેક્ષા-સ્પૃહા જે કહો તે બધા લગભગ એક જેવાજ છે. અપેક્ષા વગરનાને કોઈ ભય નથી એમ બતાવીને પછી જણાવે છે કે જે મહાત્માને કશું ગોપવવાનુ નથી - છુપાવવાનુ નથી - કશાનું આરોપણ કરવાનુ નથી - કશુ છોડવા યોગ્ય નથી - આપવા યોગ્ય નથી અને જેને બધીજ વસ્તુઓ જ્ઞાન દ્વારા માત્ર જ્ઞેયજ બને છે તેઓ ખરેખરા નિર્ભય છે. જેને પોતાના સ્વભાવમાં રમણતા કરવી છે, જેની પાસે અખંડ જ્ઞાનનું સામ્રાજ્ય છે તેવા આત્માઓને કોનો ભય હોય ? એ મહાત્માઓ આત્માના નિરપેક્ષ સ્વભાવને પ્રાપ્ત કરવા નિરાલંબ - અનાલંબન યોગમાં પ્રવર્તે છે.

તે દેશનો રાજા વસ્તુ તત્ત્વને જાણવાની જિજ્ઞાસાવાળો છે. દેવ-ગુરુ-ધર્મ રૂપ તત્ત્વત્રયીનો આરાધક છે. તે વિચારવંત જ્ઞાની છે. તે દેશના રાજાનો વહીવટકર્તા - હોદ્દેદાર મંત્રી તરીકે નિર્મળ મન છે. જેના મનના પરિણામ સદાય નિર્મળ - શુભભાવમાં વહી રહ્યા છે તેવો તે મંત્રી છે. આવી સુલભ જોગવાઈઓ વાળો તે દેશ છે વળી શિવગામી એટલે હે મુગતિપુરીના હિતેચ્છુ સાધકો એવા મુનિરાજો તમે આ કથાવાર્તાને ધ્યાન દઈને સાંભળો. પ્રમાદ રહિત થઈ સાંભળો. તે નગરીમાં વસનારા ભાગ્યવંતા આત્માઓને કૈવલ્યલક્ષ્મી નામની દેવી પરમ શીતલતા રૂપ શાંતિ અર્પી રહી છે.

વળી જો નિષ્કામી અર્થાત્ તમારે સર્વ કામનાઓ અને ઈચ્છાઓથી તૃપ્તિ પામવી હોય તો મારી કથા ધ્યાન દઈને સાંભળો. દુર્લક્ષ કર્યા વગર સાંભળો. તે નગરીમાં વસનારા કેવલકમલા એટલે વિષ્ણુની પત્નીએ પણ તેમને પોતાના નાથ તરીકે માન્યા છે.

વળી સુણ સુણ શુભકામી એટલે અધુરી રહી ગયેલી ઈચ્છાઓની પૂર્તિ કરવાના ભાવવાળા સાધુ પુરુષો તમે સાંભળો કે તમારી કામનાઓનો ભોગવટો કરવા તે દેવી સ્વર્ગપુરીમાં પણ તમારી સાથે રહી તમને સહાય કરશે માટે હે આત્મા ! તું ચૂકીશ નહિ. હે મારા સાહ્યબા ! તમે પણ ચૂકશો નહિ. જ્ઞાનની ભક્તિ સમ્યગ્ભાવથી કરી લેવાનો આ મેંઘામૂલો અવસર પ્રાપ્ત થયો છે.

તીર્થંકર પરમાત્માના અતિશયો - સમવસરણ - ત્રણ ગઢ - ધર્મ ધ્વજ - ધર્મચક્ર - અષ્ટ પ્રાતિહાર્ય રૂપ છત્ર-ચામર-ભામંડળ-સિંહાસન-અશોકવૃક્ષ-સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ - બારે પર્ષદા આ બધુ જોઈને વિષ્ણુની પત્ની લક્ષ્મી દેવીએ પ્રભુને પોતાના સ્વામી માન્યા છે. પ્રભુના વિહાર વખતે વૃક્ષો નમી રહ્યા છે. પક્ષીઓ પ્રદક્ષિણા આપી રહ્યા છે. કાંટા ઊંધા મુખવાળા થઈ રહ્યા છે. ચારે બાજુ દુષ્કાળ - રોગ - મારી મરકી વગેરે ઉપદ્રવો નાશ પામી રહ્યા છે. પ્રભુને પગલે પગલે સુવર્ણ કમળો પ્રભુના પદાર્પણ માટે રચાય રહ્યાં છે.

માટે હે ચેતન ! હે મુક્તિપુરીના ગામી ! હે મુક્તિપુરીના નાથ ! તને નિષ્કામ કર્મ કરવા માટે અથવા શુભ પ્રકારની એવી અતિશયવાળી પુન્યાઈ રૂપ કામનાઓની પૂર્તિ કરવા તને આ માનવભવ આર્યક્ષેત્ર - ઉત્તમ સાધન સામગ્રીઓ તેમજ સાધુ સંતોની જોગવાઈઓ પ્રાપ્ત થઈ છે તેને તું રોજિંદા બનાવજે એટલે પ્રત્યેક વર્તમાન સમય ભારે કિંમતી છે. લાખો ખરચતા એક ક્ષણ હાથમાં આવતી નથી એમ સમજી વર્તમાનમાંજ રહેજે. પ્રત્યેક ક્ષણમાં જાગૃત રહેવા રૂપ ઋજુસૂત્ર નયનો રોકડિયો વહેપાર કરજે. ભૂત ભાવિની કલ્પનાઓમાં રહીને તું વર્તમાનને બગાડવા રૂપ દેવાળિયો વહેપાર ન કરજે. જો તું આમ કરીશ તો પછી તારે ડુબવાનો વખતજ નહિ આવે. અનંતો ભૂતકાળ આજે નષ્ટ થયો છે, ભવિષ્ય અનુત્પન્ન છે માટે વર્તમાનનેજ સાચવજે. આવી હિતશિક્ષા મહાત્મા આનંદઘનજી પોતાના આત્માને આપી રહ્યા છે જે આપણને પણ લાગુ પડે છે.

**દઢ સંતોષ કામામોદશા - સાધુ સંગત દઢ પોળ હો**
**પોલિયો વિવેક સુજાગતો - આગમ પાયક તોલ હો....૨.**

મોદશા એટલે મનોદશા - મોહદશા. મોહના ઉદયે ઉત્પન્ન થતી મિથ્યા કામો કરવાની મોહમનોદશા તને જે સતાવી રહી છે તેને દઢ સંતોષ રૂપી ધર્મમાં સ્થિર રહી જીતજે. કામ, ક્રોધ, મોહ, લોભ, માયા, લાલસા, અતૃપ્તિ આ બધા કર્મના ઉદય જનિત વિપરીત ભાવો છે જેનો ઉદય થયે આત્મા પોતાના ઘરમાંથી બહાર નીકળી પોતાના ભૌતિક સ્વાર્થ કાજે બીજાનુ અહિત કરવા પ્રેરાય છે. આ જીવની અનાદિની સ્થિતિ છે, તેને જીતવા પુદ્ગલ ભાવમાં સંતોષ ગુણ કેળવવો જરૂરી છે. પુદ્ગલનુ નિમિત્ત પામીને આત્માની ખાના ખરાબી થઈ છે એ વાત જ્યારે બરાબર શ્રદ્ધામાં આવે ત્યારે જીવ પર પદાર્થને મેળવવાથી પાછો ફરે છે. સારા કામ કર્યા પછી પણ તેનો અહમ્ જીવને સતાવે છે. **સારા કામ કરવા તે ઘણું સારુ છે પણ તેનુ અભિમાન ખતરનાક છે. અરે ! ગર્વ ન કરવાનો પણ જીવને અહમ્ રહી શકે છે એટલે આત્મ ઘરમાં આવવુ કઠિન પડે છે.** સૂફી સંતો તો કહે છે કે **"નેકી કર ઔર દરિયામેં કાલ"** બાહુબલિને દીક્ષા લીધા પછી કેવલી બનેલા પોતાના નાના ભાઈઓને વંદન કરવા જવાના ભાવ થતા ન હતા તે અહંકાર જરૂર હતો પણ સંસારી જીવો જે ખોટા કામો કરીને અહંકાર કરે છે તે મિથ્યા અહંકારની અપેક્ષાએ તે સુધરેલો અહંકાર હતો. આત્માર્થીની અપેક્ષાએ વિચારતા તે અહંકાર જરૂર ખરાબ હતો, હલકો હતો, તુચ્છ હતો પણ ખતરનાક તો નહોતોજ કારણ કે તેમાં બીજાનુ બગાડવાનો ભાવ નહોતો.

જે કામો કરવામાં બીજાનું બગાડવાનો ભાવ હોય અને છતાં જીવને તેમાં પોતાની બુદ્ધિના કારણે - આવડતના કારણે હોંશિયારીના કારણે અભિમાન રહે તે અભિમાન - અહંકાર ખતરનાક કોટિના ગણાય. **ખરી રીતે જોતાં તો કોઈના પણ માટે સારા કે ખરાબ અભિપ્રાય રાખવા એજ આપણા માટે બંધન છે. જો કોઈના માટે લેશમાત્ર અભિપ્રાય ન રહે તો આત્મા આત્મભાવમાં સંપૂર્ણપણે સમાઈ જતા મોક્ષ થઈ જાય.** સૌ સૌના કર્મો ભોગવી રહ્યા છે. આપણે આપણા કર્મ ભોગવી રહ્યા છીએ પછી હવે ત્યાં કોઈના માટે પણ અભિપ્રાય બાંધવાની જરૂર રહેતી નથી.

જેમ દર્પણમાં વસ્તુઓ પ્રતિબિંબિત થાય છે પણ તેને કોઈ અભિપ્રાય

હોતો નથી તો ગમે તેટલી સારી કે નરસી વસ્તુઓ આવીને તેમાં પડે છતાં તેને જરા પણ ભાર લાગતો નથી. પાણીના પ્રતિબિંબથી ભીંજાતો નથી અને અગ્નિના પ્રતિબિંબથી ભૂંજાતો નથી. તેના પરિણામ ઉષ્ણ થતા નથી બગડતા નથી. તે તો હરેક પળે પોતાના અવિકારી દાર્પણ્ય ભાવમાંજ રહે છે અને આજ તેની સફળતા છે. સારા કામ કર્યા પછી પણ અભિમાન રહે તો તેનાથી આત્મા ઉપર ભાર વર્તે છે અને અભિમાનનો ભાર - બોજો ઉપાડનાર સુખને અનુભવી શકતો નથી માટે જો તારે સુખી થવુ હોય તો સંતોષ ઘરમાં આવજે અને જે કાંઈ સારું કરાય તે વખતે દર્પણની જેમ અવિકારી રહેજો.

**કબીર કહે છે - ચેતન ! ચોકી બૈઠ કર મન મેં રાખો ધીર**
**નિર્ભય હો, નિ:સંક્રભજ, કેવલ કહે કબીર**

હે ચેતન ! મન રૂપી દરવાજા પર વિવેક રૂપી ચોકીદારને બેસાડ. પછી નિ:શંક અને નિર્ભયપણે આત્મરાજાને મળી શકીશ.

નિર્ભય નગરમાં સાધુ પુરુષની સંગતિ રૂપ મજબુત પોળ છે. એ પોળના દરવાજા પર સુવિવેક સતત જાગતો રહી પોળિયા એટલે ચોકીદારનું કામ કરે છે. આગમના અનુસારે તારી સાધનાનુ તોલ માપ થશે. સાધક આત્માને પોતાના ભાવોની રક્ષા કરવી જરૂરી હોય છે અને તે માટે પોતાનાથી સમ કે અધિક એવા સાધુ પરુષોનો સત્સંગ મળે તો તે ભાવો જળવાઈ રહે છે. સત્સંગથી કામક્રોધાદિ આત્માને વિઘ્ન કરનાર ભાવો અંદરમાં આવતા અટકે છે. તેનાથી તત્કાળ ધ્યાન સિદ્ધિ થાય છે. તેમજ વિવેક રૂપી દ્વારપાળ સતત જાગતો હોય છે તેના કારણે આવતી ઉપાધિઓ સમાધિમાં ફેરવાઈ જાય છે તેમજ પ્રભુના વચનામૃતો જેમાં સંગ્રહાયેલા છે તેવા અધ્યાત્મ ગ્રંથોને તોલી તોલીને પાન કરનાર - શાસ્ત્ર પરિકર્મિત મતિધર શાસ્ત્રયોગી પાચક તોલૈયો ત્યાં રહેલ હોવાથી તેનુ ધ્યાન અન્યમાં ન જતાં આત્મામાંજ વણાયેલુ રહે છે એટલે ત્યાં ભૂલ થવાનો સંભવજ નથી. કહેવાનુ તાત્પર્ય એ છે કે જેમ તોલ માપ કરવા માટે થડે બેઠેલા માણસોની નજર ત્રાજવાના મધ્યસ્થાને રહેલ તુલાદંડ ઉપર રહે છે એની સામેજ સતત નજર રાખીને તોલ માપ કરવાથી તોલમાં ઓછુવત્તુ આવવાનો

સંભવ રહેતો નથી તેમ સાધુ પુરુષોનો સત્સંગ, આગમ ગ્રંથોનું અધ્યયન - પરિશીલન પ્રતિપળે જાગ્રત વિવેકભાવ અને સતત ધ્યાન દશાના પ્રયત્નથી તારી સાધના કેટલી ચડિયાતી છે કેટલી શ્રેષ્ઠ છે તેનું અનુમાન થશે. તારા અંતરમાં જાગ્રત થયેલ અનુભવ જ્ઞાન એ તારી સાધનાનું તોલમાપ થયુ સમજવું અને આજ વિવેકની સજાગતા છે.

સાધુ સંતોનો સમાગમ અને તેના દ્વારા પ્રાપ્ત સત્સંગથી શંકાઓ દૂર થાય છે, વિવેક જાગ્રત થાય છે, ઉત્તરોત્તર અંદરથીજ માર્ગની સૂઝ મળતી જાય છે. આમ મોક્ષમાર્ગ પર આરોહણ થતું જાય છે.

**દઢ વિસવાસ વિંતાગરો સુવિનોદી વ્યવહાર હો**
**મિત્ર વૈરાગ્ય વિહડે નહિ ક્રીડા સુરતિ અપાર હો....૩.**

જેમ રાજ્ય પર અન્ય શત્રુ રાજ્યની આફત આવે તેની બાતમી તે રાજ્યનો વિશ્વાસુ દૂત સ્વરૂપ બાતમીગર દ્વારા રાજ્યને મળે છે તેમ મોક્ષ રૂપી રાજ્યને પ્રાપ્ત કરવામાં વચ્ચે ઘણા ઘણા જોખમો આવે છે પણ તારી સાધના ઉપર તું દઢ વિશ્વાસ રાખજે કે સાધનામાં સ્થિર રહેવાથી તે બધા ભયો ચાલ્યા જવાના છે. માટે તારી સાધના ઉપરનો દઢ વિશ્વાસ એ તારો વિશ્વાસુ દૂત છે, તેનો તું ભરોસો કરજે. તે તને સારા-માઠા સંયોગોમાં બચાવશે - તારું રક્ષણ કરશે.

(સુવિનોદી વ્યવહાર હો) - તારું હિત કે અહિત કરનારા તારા પૂર્વે કરેલા કર્મો છે. બાકી આ વિશ્વમાં કોઈ તારું શત્રુ કે મિત્ર નથી યા કોઈ તારું હિત કે અહિત કરનાર નથી. તું જ તારો શત્રુ છે અને તું જ તારો મિત્ર છે માટે તારા હિત કે અહિત કરનારા પ્રત્યે તું સુવિનોદી વ્યવહાર કરજે એટલે કે હસી ખુશીથી વર્તજે. આને સંતોએ સદ્વ્યવહારરૂપ આચરણા કહી છે.

આત્મ સ્વરૂપમાં સ્થિરતા આણનાર એવા વૈરાગ્યને મિત્ર સમાન માનીને તેની સાથે સમભાવે વર્તજે. તારા અંદરમાં પડેલા જુગ જુગના સંસ્કારો ગમે ત્યારે ઉછળી પડીને તારા ભાવને બગાડે નહિ, તારી સાધનાને કલુષિત ન કરે, ધ્યાનમાંથી તને ચલાયમાન ન કરે તે માટે વૈરાગ્યમિત્ર સાથે શુદ્ધતાથી વર્તજે

કે જેથી તારું રક્ષણ થાય.

**પરમાત્મ મિલનમાં તારી સુરતા એટલે એકાગ્ર થયેલ દષ્ટિનો તે વેળાએ કોઈ ભંગ ન કરે અથવા સમતા સાથે ક્રીડા કરતી વેળાએ તારી સુરતાને કોઈ પીંખી ન નાંખે અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રમણતા વેળાએ કોઈ વિક્ષેપ ન પાડે તે માટે તે સમયે તારી દષ્ટિ સમતા સાથે ચાલતી ક્રીડામાં સ્થિર ન થતાં તારા જ્ઞાયકભાવમાંજ સ્થિર રહે - પકડાયેલી રહે એ બહુજ જરૂરી છે. જો ઉપયોગમાંથી જ્ઞાયકભાવની પકડ છુટી ગઈ તો તેજ ક્ષણથી પ્રતિ સમયે તારો આનંદ મોળો પડવા માંડશે. તારા અંતરમાં જ્ઞાયકભાવનું મહત્વ બરાબર વસ્યુ હશે એની જબરજસ્ત પ્રતિષ્ઠા આત્મામાં ઉભી થઈ હશે, જ્ઞાયકભાવ વીતરાગભાવ સિવાય બધુજ તુચ્છ અસાર સમજાયુ હશે, તોજ આ શક્ય બનશે.**

ભાવના બાર નદી વહે સમતા નીર ગંભીર હો
ધ્યાને ચહિ વચો ભર્યો રહે - સમપન ભાવ સમીર હો...૪.

હે ચેતન ! નિર્ભય નામની તારી નગરીમાં બાર ભાવના રૂપ નદી વહી રહી છે તેમાં સમતા રૂપી જલ ભરેલું છે. જ્યારે નદીઓ પોતાના પિતા સમુદ્રને મળવા માટે જઈ રહી હોય છે ત્યારે સમુદ્ર તેઓને પોતાનામાં સમાવવા વધુનેવધુ ગંભીર થતો જાય છે, ઘણી બધી નદીને પોતામાં સમાવવા છતાં તે કદીપણ ક્યારે પણ ઉછાંછળો બનતો નથી અને એની જલ સપાટીમાં વૃદ્ધિ થતી નથી. તેમ હે ચેતન ! તમે પણ ગંભીર ગુણવાળા બનશો તો તમે તમારા આત્માને વ્યાપક એવાં પરમાત્માસ્વરૂપે પરિણમાવી શકશો.

ચારે દિશા અને વિદિશાની મધ્યમાં નાભિ કમલદલ સ્થાન છે ત્યાં સમતાભાવ રૂપી જલ ભર્યું રહે તે માટે તે તરફ ધ્યાન સ્થિર કરી ઉપયોગને ત્યાંજ ધરી રાખજો.

અનિત્યાદિ બાર ભાવનાઓ ખરેખરી નદી જેવી છે, તેનાથી ભાવિત થનારને સમતાની પ્રાપ્તિ ખૂબ સુગમ બને છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઉપમિતિમાં ચોથા પ્રસ્તાવમાં ચિત્ત સમાધાન નામનો મંડપ બતાવે છે, તેમાં નિઃસ્પૃહતા

---

જ્ઞેયો અનંત છે માટે જ્ઞાન અનંત છે. દશ્યો અનંત છે માટે દર્શન અનંત છે.

નામની વેદિકા છે, તેના ઉપર જીવવીર્ય નામનું સિંહાસન છે, તેના ઉપર ધર્મરાજ દાન, શીલ, તપ, ભાવ એમ ચાર મુખે બિરાજેલા છે, તેમાં આ બાર ભાવનાને ચારિત્ર ધર્મરાજાના ચોથા મુખ તરીકે બતાવી છે.

નદીના પ્રવાહમાં વચ્ચે વચ્ચે ધરો આવે છે ત્યાં પાણી ભરેલું રહે છે અને પછી આગળ ઉપર પાછું પ્રવાહિત થાય છે. પૂનામાં મૂળા-મૂઠાના સંગમ પર પાણીનો સંગ્રહ થાય છે તે ચહવચ્ચ કહેવાય છે. પાણીનો હોજ પણ ચહવચ્ચ કહેવાય. મોટી મોટી નદીઓમાં આવા દહ (સરોવર) હોય છે. નદીમાં પાણી તો સતત વહી જતુ હોય છે પણ દહમાં તો પાણી ભરેલું રહે છે. કારણ તે દહ ધરોના ક્ષેત્રમાં નદીનું તલ નીચું ગયેલું હોય છે. તેમ ભાવનામાં સમતા જલ વહેતુ રહે છે પણ ધ્યાનમાં તે એક જગ્યાએ સ્થિર થાય છે. સૌ પ્રથમ આત્માને ભાવનાથી ભાવિત કરી ત્યાર બાદ ઉપયોગને નાભિ કમલદલ મણિપૂર ચક્ર ઉપર સ્થિર કરતાં - ઉપયોગનું સ્થિરીકરણ થતાં આત્મા સમતારસ પામી શકે છે.

નિર્ભયનગર, તેના નાકે ભાવના નદી, તેમાં સમતા જલ અને તે નદીની વચ્ચે ધ્યાન રૂપી ધરો-ચહિવચ છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજે ધ્યાન યોગને જૈનધર્મનો સાર કહ્યો છે. પ્રત્યેક કાઉસગ્ગની પૂર્વેમાં "તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં" નું ઉચ્ચારણ જ ધ્યાનનું મહાત્મ્ય દર્શાવે છે.

એ નગરી પર (સમપન ભાવ સમીર હો) - સમ પરિણામ રૂપ પવન નિરંતર વાયા કરે છે. મતલબ તે નગરીમાં કોઈ ગરીબ તવંગર નથી, કોઈ ઉચ્ચ-નીચ નથી તેથી ત્યાંનુ આખુ વાતાવરણ સમાનતાથી ભરપુર છે. જે નિરંતર ભાવનાનુ અવલંબન લઈને પોતાની પરિણતિને ઘડે છે તેના કષાયો સહેજે સહેજે ઉપશાંત થતા રહે છે એટલે એને સમતા રૂપી જલમાં ડૂબકી મારવી સહેલી પડે છે અને જે તેમાં ડૂબકી મારે છે તેને ત્યાં ધ્યાન દ્વારા સ્થિરતા પણ અનુભવાય છે. આ સ્થિરતા અનુભવાતા ત્યાં પરિણતિ નિષ્કલ્લોલ - તરંગ વિનાના જળ જેવી શાંત-સ્થિર અને સમ અનુભવાય છે. એજ પ્રમાણે જો સમર્પણ ભાવનો શમીર વહેતો રહે છે તો સરિતાનું સાગર રૂપ અને આત્માનું

પરમાત્મસ્વરૂપ પરિણમન ચરિતાર્થ થાય છે.

**ઉચાલો નગરી નહીં દુષ્ટ દુકાલ ન જોગ હો**
**ઈતિ અનીતિ વ્યાપે નહીં, આનંદઘન પદ ભોગ હો...પીં.**

આ રીતે થવાથી મનમાંથી ઉછળતા તરંગો (ઉચાટ) બંધ થશે, મન સમાધિને પામશે, ચિત્ત પ્રસન્ના અનુભવશે, પુણ્યાનુબંધી પુણ્યની વૃદ્ધિ થવાથી દુષ્કાળ દૂર થશે, ઈતિ - ઉપદ્રવ - ભય - મારી મરકી સઘળા અનિષ્ટ યોગો ફેલાતા અટકશે અને પૃથ્વી પરથી એટલો પાપનો ભાર ઓછો થશે. અનીતિનું ચલણ પણ બંધ થઈ જશે અને આમ સમતા સમાધિ ભાવોમાં રહેનાર આત્મા આનંદઘન પદનો ભોકતા બનશે.

નિસ્પૃહ દેશ અને તેમાં નિર્ભય નગરી ત્યાં રહેનારને તે નગરીમાંથી ઉચાળો ભરવાનો એટલે કે તે નગરી છોડી જવાનો પ્રસંગ ક્યારે પણ આવતો નથી. ત્યાં કોઈ પણ જાતની તકલીફ વિના શાંતિ સમાધિથી દીર્ઘકાળ સુધી રહી શકાય છે. ભાવના નદીના સમતા જલમાં ડૂબકી મારી ધ્યાન રૂપી સરોવરમાં અત્તરના હોજની જેમ સદા ત્યાં રહેવાનુ હોય છે. સમ પરિણતિની હવા ખાવાની હોય છે.

એ નગરમાં દુષ્ટ લોકોને સ્થાન નથી કારણ કે તે અંતરંગ દેશ અને અંતરંગ નગરી છે કે જ્યાં દુષ્ટોને પ્રવેશજ નથી. ત્યાં તો મહાપુણ્યવાન - ઉચ્ચ ચારિત્ર સંપન્ન સમતા-સમાધિમાં નિરંતર રહેનારા - ધ્યાન રૂપી ચહિવચ્ચમાં ડૂબકી મારનારા - સમ સ્થિતિની હવાને અનુભવનારા જીવોનેજ સ્થાન છે.

તે દેશ જ નિસ્પૃહ હોવાથી ત્યાંના દેશવાસીને કોઈ પણ ચીજની સ્પૃહાજ નથી એટલે ત્યાં દુકાળનો પ્રશ્નજ ઉપસ્થિતિ થતો નથી. ઈતિ એટલે ઉપદ્રવ તેના સાત પ્રકાર ગણવામાં આવ્યા છે. (૧) અતિવૃષ્ટિ (૨) અનાવૃષ્ટિ (૩) પાકેલ અનાજ પર તીડ પડે (૪) પાકેલ અનાજ પર ઉંદરોનો ઉપદ્રવ થાય (૫) પક્ષીઓ-સૂડા વગેરે મોટી સંખ્યામાં આવી અનાજ ખાઈ જાય (૬) પરચક્રનો ભય - અન્ય રાજાઓ ચડી આવે (૭) ચોર અનાજને ઉપાડી જાય.

આવા કોઈ ઉપદ્રવો તે નગરમાં નથી. એ નગરમાં અનીતિ અન્યાય નથી, અત્યાચાર નથી, દુરાચાર નથી. આ બધુ નથી તો ત્યાં શું છે ? તે કહે છ કે ત્યાં આનંદઘન પદનો વિલાસ છે, ભવ્ય શાંતિ છે, અંતરાત્મ દશાનો પરમ આનંદ છે, પરમાત્મ પદનો સાક્ષાત્કાર છે. ત્યાં કોઈ ઊંચ નથી કે નીચ નથી, ઉપરી નથી કે સેવક નથી, બધાં સાથે પણ બધાં પોતપોતામાં નિરાળા છતાં સર્વ સરખા અને સર્વ સ્વયંમાં પણ સમસ્થિતિમાં સદાકાળ માટે હોય છે એવું આ સમતાનગર આનંદનગર શિવપુર છે.

અંતર્યામીની શોધમાં નીકળેલ યોગીરાજે માર્ગ બતાવવા સાથે અહીં મુકામ એનુ સ્થાન, નગર વિગતવાર બતાવી એની ઓળખ આપી છે. ગણિવર્ય સિદ્ધર્ષિ મહારાજની જેમ રૂપકોનો ઉપયોગ કરીને જીવને પ્રતિબોધ કરવા પ્રયત્ન કર્યો છે. અનાદિકાળથી મોહની નિદ્રામાં સોડ તાણીને સુતેલા જીવને રૂપકવાળી કાવ્યભાષામાં માર્ગદર્શન આપતા તેઓ કહે છે કે તારે તારું સ્વરાજ્ય પ્રાપ્ત કરવુ હોય અને હંમેશને માટે આત્માની સંસારમાં રહેલ સંકીર્ણ સ્થિતિને દૂર કરવી હોય તો, તેઓ જીવને હે મારા દેવ ! હે મારા રાજેન્દ્ર ! હે મારા સાહિબા ! જેવાં પ્રેમોચ્ચારથી સંબોધિત કરી રહ્યા છે અને કહે છે કે તું જ્યાં અત્યારે વસે છે તે સંસાર તારો સ્વદેશ નથી, સ્વ નગર નથી, આ તો પર દેશ છે, કષાયો તારા પર ચડી બેઠા છે, એ પરદેશી શાસકો છે, તારી સ્વસત્તા, આત્મસત્તા - જ્ઞાનસત્તા પર તેઓ ચડી બેઠા છે, તારા ઘરના એ માલિક બની બેઠા છે માટે તું જાગીશ અને તું વિચાર કરીશ તો તને ખબર પડશે કે નિસ્પૃહ દેશ અને નિર્ભય નગર એ તારા આત્માનાજ શુદ્ધ આત્મપ્રદેશો છે. વસ્તુ વિચાર રાજા પણ તું જ છે. નિર્મળ મન રૂપી મંત્રીની સહાય અને સલાહ વડે તું તારા તે દેશને જો અને તેને પ્રાપ્ત કર. આ મનુષ્ય ભવનું ટાણુ કાલે વહી જશે. તે પહેલા તું આ બધુ બરાબર ઓળખી લે. તું કોણ ? કોના ઘરનો ? ક્યાંનો રહેવાસી ? અને ક્યાં ચઢી ગયો છે ? જરા અંદર જો. ઊંડો ઉતર અને તારા દેશમાં ચાલ્યો જા ત્યાં તને તારા સાચા કાયમી વસવાટ માટેના સ્વજનો મળશે.

જેના અંતર આંગણામાં અનંત વૈભવ પડ્યો છે તેવા અંતર્યામી આ નિર્ભયનગરમાં વસે છે. એક માત્ર જીવમાંજ જડ ચેતનને ભિન્ન પણે વિચારવાની

શકિત છે. જીવ સિવાય બીજા કોઈપણ પદાર્થમાં તે શક્તિ નથી. બાહ્ય પદાર્થોની વિચારણામાંથી મુકત બની જે અંતરવૃત્તિ તરફ વિચારણા દ્વારા ઢળે છે તે ચેતનને અહિં રાજા કહ્યો છે અને આત્માને બંધન તથા મુક્તિનું કારણ મન છે તે મનને અહિંયા મંત્રી કહ્યો છે. રાજાનું મુખ્ય અંગ મંત્રી છે તે સલાહકાર છે. જો મંત્રી સુબુદ્ધિવાળો હોય તો રાજ્ય ઉત્તમ પ્રકારનું ચાલે છે તેમ અહિંયા નિર્મળ મન ઉપરજ આત્માની સ્થિતિ નિર્ભર છે. જેમ રાજા અને મંત્રી જુદા છે તેમ આતમા અને મન બંને જુદા છે. જો મન નિર્મળ હોય તો વસ્તુ વિચારણામાં સરળતા રહે છે.

卐

*વ્યક્તિગત રીતે આત્મા એક હોવા છતાં એવા અગણિત, અનંતા આત્માઓ લોકાકાશમાં છે. વળી પ્રત્યેક આત્મા અસંખ્યાત આત્મપ્રદેશ પિંડ સ્વરૂપ છે. પ્રત્યેક આત્માના પ્રત્યેક પ્રદેશે અનંતા ગુણ અને અનંતા પર્યાય રહેલા છે.*

★

*જીવ તન વડે વેદનીય કર્મનું સુખ દુઃખ વેદે છે, જ્યારે મન વડે મોહનીય કર્મનું સુખ દુઃખ વેદે છે. તનમાં શાતા-અશાતા છે. જ્યારે મનમાં રતિ-અરતિ અને રાગ-દ્વેષ છે.*

# પદ - ૮૪

## (રાગ - રમન રાગ)

लागी लगन हमारी, जिनराज सुजस सुन्यो में. लागी. ॥टेक॥

काहूके कहे कबही न छूटे, लोक लाज सब डारी,
जैसे अमलि अमल करतसमे, लाग रही ज्युं खुमारी ॥ जिनराज. ॥१॥

जैसें योगी योग ध्यानमें, सूरत टरत नहि टारी. ॥
तैसें आनन्दघन अनुहारी, प्रभुके हुं बलिहारी. ॥ जिनराज. ॥२॥

યોગશાસ્ત્રોમાં - અધ્યાત્મ ગ્રંથોમાં ધ્યાનનું મહત્વ ખૂબજ ગાવામાં આવ્યુ છે, તેનુ કારણ પ્રાણી જ્યારે ધ્યાનમાં લીન બને છે ત્યારે આખી દુનિયાને ભૂલી જઈ પોતાના આત્મા સાથે તદાકારતા-તન્મયતા અનુભવે છે. યોગશાસ્ત્રના સાતમા પ્રકાશમાં હેમચંદ્રાચાર્ય લખે છે કે - "ધ્યાન કરનાર સંયમની ધુરીણતાને પકડી રાખે છે. પરને પોતાના સમાન જુવે છે સ્વરૂપમાં સ્થિત રહે છે. ઠંડી-ગરમીના પરિતાપને પામતો નથી. આત્મામાં રમણતા કરે છે. સર્વ કાર્યથી નિર્લેપ રહે છે. કામભોગોથી વિરકત રહે છે. પોતાના શરીર પર પણ સ્પૃહા વગરના હોય છે, રાજા કે ગરીબ સર્વના કલ્યાણને ઈચ્છે છે.

ધ્યાનયોગનો મહિમા બતાવતા ઉપમિતિમાં અનુસુંદર આચાર્યના મુખમાં બહુ સુંદર વિચાર રજુ કર્યા છે. ત્યાં પુંડરિક મુનિ ગીતાર્થ હોવા છતાં પોતાના ગુરુ મહારાજને પૂછે છે - ભગવંત ! દ્વાદશાંગી તો મોટી દરિયા જેવી છે તેનો સાર શું ? ત્યારે તેના જવાબમાં અનુસુંદર આચાર્ય નીચે પ્રમાણે કહે છે :

હે આર્ય ! નિર્મળ ધ્યાન યોગ આખા જિનાગમનો સાર છે. જિનાગમમાં જે સાધુ અને શ્રાવકોના મૂળગુણો અને ઉત્તરગુણો બતાવ્યા છે, જે બાહ્ય ક્રિયાઓ કહી છે - તે સર્વનો અંતિમ ભાવ સર્વનું લક્ષ્ય ધ્યાનયોગ છે. સર્વ ગુણો અને ક્રિયાઓનો હેતુ ધ્યાનયોગ સાધવાનો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે મુક્તિને માટે ધ્યાન સિદ્ધિની જરૂર છે અને તેને માટે મન: પ્રસાદ સાધવો

જોઈએ અને તે અહિંસા વગેરે શુદ્ધ અનુષ્ઠાનથી સાધી શકાય છે માટે હે આર્ય ! આટલા ઉપરથી તારા ધ્યાનમાં આવ્યુ હશે કે સર્વ અુનષ્ઠાનો ચિત્તશુદ્ધિ માટે કરવાના છે અને વિશેષ પ્રકારે શુદ્ધ મન તે સર્વોત્તમ ધ્યાન છે માટે આખી દ્વાદશાંગીનો સાર ધ્યાન યોગ છે. જે પ્રાણી મોક્ષ મેળવવાની ઈચ્છા રાખતો હોય તેણે ધ્યાન યોગને સિદ્ધ કરવો જોઈએ. બાકીના સર્વ અનુષ્ઠાનો અને બીજા જે મૂળ-ઉત્તર ગુણો છે તે સર્વ ધ્યાનયોગના અંગ જેવા છે.

કષાયોની ચોકડીને તોડવા અને અનંત ચતુષ્ક જે સાધ્ય છે તેનાથી અભેદ થવા માટે જે સાધના ચતુષ્કો ચાર પ્રકારના આપ્યા છે તે ચારે પ્રકારમાં અંતિમ પ્રકાર ભાવનો-ધ્યાનનો છે.

ચાર કષાય તે ક્રોધ, માન, માયા, લોભ જે પાછા ચાર પ્રકારના અનંતાનુબંધી, પ્રત્યાખાની, અપ્રત્યાખાની અને સંજ્વલન હોય તેને તોડવા અને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એ સાધ્ય ચતુષ્કની પ્રાપ્તિ માટે જે સાધના ચતુષ્ક આપ્યા છે તે (૧) દાન, શીલ, તપ અને ભાવ (૨) નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ (૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (૪) ધર્મ, અર્થ, કામ, મોક્ષ (ભાવ-સ્વભાવ) ચાર પ્રકારના છે. આ ચારમાં પ્રથમ ત્રણને સાધન - આલંબન બનાવી ભાવ પૂર્વક આરાધી ભાવને પામવાનો છે અને પછી ચોથા ભાવથી ભાવમાં રહી એટલે કે ધ્યાન દ્વારા સ્વભાવમાં પાછા ફરવાનું છે અને ત્યાં સાદિ અનંત સ્થિત થવાનું છે. ભાવથી ભાવ એટલે ધ્યાનની - મનોયોગની સાધના દ્વારા સ્વભાવમાં સ્થિત થવાનું છે જે ઊંચામાં ઊંચી સાધના છે.

**લાગી લગન હમારી જિનરાજ ! સુજસ સુન્યો મેં.... લાગી...૧**
**કાહુ કે કહે કબહૂ નહિ છુટે - લોકલાજ સબ ડારી**

**જૈસે અમલી અમલ કરતે સમે - લાગી રહી જ્યું ખુમારી... ૨**

યોગીરાજ કહે છે કે હે પ્રભો ! કયા કારણે જગત આપને જિનરાજ નામથી સંબોધે છે. એક કાળે આપ પણ અમારા જેવા સામાન્ય માનવી હતા. આપે એવા તે કયા કાર્યો કર્યા કે આપની યશકીર્તિ જિનરાજના નામથી આજે પણ

ગવાઈ રહી છે. વળી સત્ય અને પવિત્રભાવથી જેઓ આપ પ્રભુનું નામ સ્મરણ કરે છે તેની આધિ-વ્યાધિ-ઉપાધિઓ ટળી જાય છે તેના તન-મન નિરોગી બને છે.

**હે નાથ ! શું જાદુ ભર્યા અરિહંત અક્ષર ચારમાં,**
**આફત બધી આશિષ બને તુજ નામ લેતા વારમાં.**

વળી હે પ્રભો ! આપે કર્મસત્તા પર વિજય મેળવ્યો તેથી આપની પ્રશંસાના - સુયશતાના પરમાણુઓ ચારે બાજુ ફેલાયેલા છે. જ્યારથી મેં તમારો યશ સાંભળ્યો ત્યારથી મારી લગની તમારામાં લાગી રહી છે, મને તમારી રઢ લાગી છે, તમારા પગલે ચાલવાની હોંશ જાગી છે. આપને આદર્શ તરીકે સ્થાપી મેં આપના જેવા થવાનો નિર્ધાર કર્યો છે.

જૈન-જૈનેતર સમાજમાં એવા સંતો થઈ ગયા કે જેમના શુભ મનોભાવની અસર આજે પણ વર્તી રહી છે. જૈનેતર સમાજમાં પ્રભુ ભક્ત મીરાંબાઈ, નરસિંહ મેહતા, સંત તુકારામ, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, સંત તુલસીદાસ, જ્ઞાનેશ્વર મહારાજ, પુનિત મહારાજ, જૈન સમાજમાં આનંદઘનજી, ઉપા. યશોવિજયજી, શ્રીપાલ-મયણા, દાતાર જગડુશા, વિજય શેઠ - વિજયા શેઠાણી કુંદકુંદાચાર્ય વગેરે. આ બધા સંત પુરુષોના જીવનમાં કોઈકને કોઈક નિમિત્ત પામીને ચોંટ લાગી અને તેમનો અંદર સૂતેલો આત્મા જાગ્યો પછી એમને પ્રભુ પંથે વિહરવાની લગની લાગી હતી.

પ્રભુની પ્રભુતાઈને પામવા માટેની લગની આનંદઘનજીને લાગેલી તેના અનુભવનો ચિતાર આ પદમાં તેઓએ કર્યો છે.

**કાહુ કે કહે કબહિ ન છૂટે લોક લાજ સબ ડારી**

**માનવીના મનમાં જ્યાં સુધી લોકલાજનો ભય પેઠેલો હોય છે ત્યાં લગી આ માર્ગે જવાની લગનતા જાગતી નથી.** તે કહે છે કે લોકો મને ગમે તે દૃષ્ટિથી જુવે કે મારા માટે ગમે તે બોલે કે મારા માટે ગમે તેવા પ્રકારના અભિપ્રાયો બાંધે એમનાથી ડરવાનું મારે શું પ્રયોજન છે ? ભલેને જગત ગમે

તે કહે કે વિચારે એમનો સ્વભાવ એમને મુબારક.

**હવે જે પ્રભુને પામવાની લગની લાગી છે તે કોઈ રીતે છુટવાની નથી, લોકો મને ભગત કહે, ભગતડો કહે, ભંગડ ભૂત કહે, ધૂની કહે, ગાંડો કહે, વેદિયો કહે, વેવલો કહે, ઓલિયો કહે, બાઘો કહે કે પછી બાવો કહે મને હવે લોકલાજનો કશો ભય રહ્યો નથી કારણ કે હવે અમે પરપ્રસિદ્ધિના નહિ પણ પ્રગટઆત્મસિદ્ધિના તરસ્યા બન્યા છીએ. લોકલાજ કે માન-અપમાનના ભયને ડારી એટલે મગજમાંથી કાઢી નાંખી મગજને હળવુ ફુલ જેવું રાખવાનુ સૂચન છે. જે લગની પ્રભુના નામની - પ્રભુના ગુણોની અંતરમાં લાગી છે તે હવે ક્યારે પણ છુટી શકે તેવી નથી.**

ધ્યાન સાધના કરતાં કરતાં કે પ્રભુની ભક્તિ કરતાં અંદરમાંથી જ્યારે એક શુભ ભાવની ધારા વહે છે - શાંત રસ વેદાય છે તે વખતે આત્મા આખા જગતની ઉપેક્ષા કરવા તૈયાર થાય છે. એ સુખાનુભૂતિ - સ્વાનુભૂતિ એવી તો અલૌકિક, અનુપમ, અદ્વિતીય હોય છે કે એમાંથી બહાર આવવું કઠિન હોય છે અને બહાર આવે તો બહારમાં ગોઠતું નથી અને પાછું ફરી ફરી એ દશામાં સરકી જવાતું હોય છે. લોકોના કહેવાથી પોતાના અંદરના આનંદને છોડીને લોકમાં ભળી જાય તો પછી તે સાધક શાનો ? ભક્ત શાનો ? લોકથી ડરીને ચાલવામાં કે લોકના અભિપ્રાયને અનુસરીને જીવવામાં આત્મા ક્યારે પણ સત્વ કેળવી શકતો નથી અને સત્વ કેળવ્યા વિના કયારે પણ આગળ વધાતુ નથી.

જે પ્રભુનું અવલંબન લીધુ છે તે પ્રભુ મહાસાત્વિક અને પરાક્રમી હતા. પ્રચંડ ઉપસર્ગોના ઝંઝાવાતમાં પણ મેરૂની જેમ સ્થિર રહ્યા હતા તો હવે તેનુ અવલંબન લેનાર કાયર બને, ભયભીત બને, લોકથી ડરતો-ભાગતો રહે તો કેમ ચાલે ? પ્રભુના જેવા થવા માટે પ્રભુના જેવું ધ્યાન કરવાની જરૂર છે. તે ધ્યાન કરવાનુ સત્વ જાગે માટે પ્રભુમાં ભક્તિ દ્વારા લીન બને છે, તેનાથી વિષય કષાય પર પ્રભુત્વ કેળવાય છે. પ્રભુ તો સાધનાના શિખર પર આરોહણ કરી મુક્તિપુરીમાં બિરાજી ગયા. સાધકમાં હજુ તે સ્થિતિ નથી આવી, તે સાધનાની તળેટીએ ઊભો છે એટલે પ્રભુના ગુણગાન-ભક્તિ કરવા દ્વારા તેમાં

લીનતા દ્વારા આગળનો પંથ કાપી રહ્યો છે.

**જૈસે અમલી.અમલ કર તસમે લાગી રહી જ્યું ખુમારી...૨.**

કચ્છ-મારવાડમાં માતાને ખેતીના કામે ખેતરમાં જવું હોય ત્યારે પોતાના બાળકને અફીણનો અમલ ધાવણમાં પાઈ દેતી તેથી બાળક તેના ઘેનમાં રહે - નિદ્રાના ઘેનમાં રહે. તેવીજ રીતે બાવાઓ - સંન્યાસીઓ ગાંજાને ચલમમાં ભરી પછી ફુંક મારે - ચૂસે તેથી તેની મસ્તી ચડે અને તેના કેફમાં પોતાને રાજાની જેમ સમજીને પડ્યા રહે, તેનું કોઈ નામ લઈ શકે નહિ. એવી રીતે જ્યારે પ્રભુના નામની લય લાગે છે તેની ખુમારીની મસ્તી ચઢે છે ત્યારે

**જૈસે યોગી યોગ ધ્યાન મેં સુરતા ટરત નહીં ટારી**
**તૈસે આનંદઘન અનુહારી - પ્રભુ કે હું બલિહારી... ૩.**

યોગીઓ પણ યોગધ્યાનમાં મસ્ત બનીને રહે છે. તેમની ધ્યાનમાં સુરતા એટલે એકાગ્ર થયેલ દૃષ્ટિ ત્યાંથી કદી પણ પીછેહઠ કરતી નથી - પણ નિશ્ચિત કરેલ ધારણા મુજબની સિદ્ધિઓને મેળવીનેજ રહે છે. કેમે કરીને પણ તે તેનાથી પીછેહટ કરવા માંગતાજ નથી. એકવાર પ્રભુ ભક્તિનો જે નશો ચડ્યો તે કોઈ કાળે ઊતરતો નથી. કારણકે તે સાધનાકૃત ભક્તિભાવનો નશો છે. જ્યારે બાળક, બાવા, સંન્યાસીનો નશો ઔષધકૃત હોવાથી ઔષધની અસર હોય તે પૂરતો સીમિત હોય છે.

અનુહારી એટલે અનુસારી અણાહારી પદ. હે પ્રભુ ! આપને અનુસરી આપના જેવા અણાહારી પદને પામવાની મને ઈચ્છા જાગી છે. હે નાથ ! આપને પામવામાં મારી દૃષ્ટિ વધુને વધુ સ્થિર થતી જાય છે, ત્યાંથી પાછા હટવાનુ નામજ લેતી નથી, આવી જે મને લય લાગી છે તેને હું આપની કૃપાદૃષ્ટિની બલિહારી સમજુ છું. આપની કૃપાદૃષ્ટિ વિના આવા ભાવો મારામાં જાગે નહિ આજે જે જાગ્યા છે તેના ઉપરથી અનુમાન કરાય છે કે જરૂર આપની કૃપાદૃષ્ટિ મારા પર પડી છે.

આ પદમાં બતાવેલ પ્રભુની લગનીની વાત ધ્યાનયોગની પૂર્વદશા સૂચવે

છે. જેમ જેમ પ્રભુમાં લગની લાગે છે તેમ તેમ પોતાની પ્રભુતા પણ ઓળખાતી જાય છે અને પ્રભુની પ્રભુતાની ઓળખ થતાં તેનામાં બીન જરૂરી તમામ વ્યવહારો નીકળતા જાય છે. લોકમાં સારા દેખાવા માટે કે કહેવડાવવા માટે તેને કશુંજ કરવાનુ મન થતું નથી અને પોતે પોતાના આત્માનું હિત કરવા અધ્યાત્મ માર્ગે ઝંપલાવ્યું છે તેને માટે કોઈ ગમે તે બોલે તો તેની તેને પરવા હોતી નથી. **સાધક આત્મસાક્ષીએ અતિપ્રામાણિક હોય છે માટે તે લોકની પરવા કરતો નથી. અમલી અમલમાં નશામાં સુઝબુઝ ખોઈ સૂનમૂન થઈ જઈને કેફ માણે છે જ્યારે યોગી સાધક પુરુષો સાધનામાં ભક્તિયોગ કે ધ્યાનયોગમાં લય પામે છે ત્યારે સુઝબુઝ પૂર્વક હોશોહવાશમાં રહી આત્માના આસ્વાદમાં નિમગ્ન થાય છે. પ્રથમ ઔષધિકૃત છે એટલે પરકૃત છે જ્યારે બીજું આત્મકૃત સ્વ છે.** સાધકની ખુમારીને અમલી એટલે અફીણીના અફીણની ઉપમા આપી. આ ઉપમા જરૂર હીન - અનુચિત લાગે પણ પરિસ્થિતિનો યથાર્થ બોધ કરાવવામાં અત્યંત ઉપયોગી છે. તેજ રીતે સાધકની જે ધ્યાનમાં એકાગ્ર - સ્થિર થયેલી દષ્ટિને માટે સુરતા શબ્દ વાપરી આધ્યાત્મિક જગતમાં યશ નામના કીર્તિ વધાર્યા છે. સુરતા શબ્દ સામાન્યથી સાંસારિક જીવો રતિક્રીડાના પ્રસંગમાં કરતા હોય છે છતાં અહિંયા તેનો પ્રયોગ કરી વિશેષ અર્થઘટન કર્યું તે યોગીરાજની વિશેષતા છે. સુરમાં સુર પૂરાવી એકતા - લય સાધવો તે સુરતા છે કે જે શબ્દનો પ્રયોગ કવિ પ્રેમળદાસે પણ ખૂબ સુંદર રીતે કર્યો છે.

**હરિને ભજતા હજુ કોઈની લાજ ગઈ નથી જાણી રે**
**જેની સુરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે... - પ્રેમળદાસ**

卐

> *જ્ઞાનનો ઉપયોગ જ્ઞાતા સાથે જોડવો કે કર્મના ઉદય સાથે જોડવો તેમાં જીવ સ્વતંત્ર છે. જ્ઞાન વિકૃતપણાને પામવાથી ઈષ્ટ-અનિષ્ટના ભાવ જાગે છે.*

# પદ - ૮૫

(રાગ - કાફી)

वारी हुं बोलडे मीठडे, तुज विन मुज नहि सरेरे सूरिजन ॥
लागत और अनीठडे ॥ वारी. ॥१॥

मेरे मनकुं जप न परत है बिनु तेरे मुख दीठडे ॥
प्रेम पीयाला पीवत पीवत, लालन सबदिन नीठडे ॥ वारी. ॥२॥

पूछू कौन कहालूं ढुंढुं, किसकुं भेजुं चीठडे ॥
आनन्दघनप्रभुं सेजडी पाउं तो, भागे आन वसीठडे ॥ वारी. ॥३॥

આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે. તે અનંત શક્તિઓનો પુંજ છે. આત્મામાં અનંત ગુણો રહેલા છે, એમ કહો કેઅનંતી શક્તિઓ રહેલી છે, એમ કહો તે બંન્ને એકજ છે. માટે જ આત્માને અનંતગુણ ધામ કહેલ છે. આત્મા એ દ્રવ્ય છે, ચેતના તેનો પર્યાય છે. તે ચેતના જ્યારે બાહ્યભાવોમાં રમે ત્યારે બહિર્મુખી ચેતના કહેવાય છે અને આત્મભાવમાં રમે ત્યારે અંતર્મુખી ચેતના કહેવાય છે. જ્યારે ચેતના બહિર્મુખી હોય છે ત્યારે અંદરમાંથી જે વાણી નીકળે છે તે કર્કશ દાંતરડાના દાંતા જેવી હોય છે. સામાના હૈયાને કાપી નાંખે તેવી હોય છે. આવા વખતે આ બહિર્મુખી ચેતનાને કુલટા-કુમતિ-કુબ્જા-કુબુદ્ધિ કહેવાય છે અને અંતર્મુખી ચેતના કાળે જે વાણી નીકળે છે તે મધુર અને ઈષ્ટ હોય તે માટે તેને સુમતિ - સુમતા - સદ્બુદ્ધિ - સન્મતિ ગણવામાં આવી છે. ઈષ્ટ અને અનિષ્ટના ભેદો જે ચેતનને જણાય છે તે પણ મમતાએ સર્જેલા છે જ્યારે સમતા એ વિશુદ્ધભાવોની ધારક અંતર્મુખી ચેતના છે તે પોતાના પ્રિયતમ પરમાત્મા પ્રભુને મળવાને ઝંખે છે એટલે તે સમતાને મુખ્ય પાત્ર બનાવીને યોગીરાજે આ પદની રચના કરી છે.

**વારી હું બોલડે મીઠડે, તુજ વિન મુજ નહિ**
**સરેરે સુરિજન લાગત ઔર અનીઠડે...૧.**

આનંદઘનજીની સમતા દેવી કહે છે કે પ્રભુના વિરહમાં - અરિહંત પરમાત્માના વિરહમાં ભદ્રબાહુ સ્વામી વગેરે યુગપ્રધાન આચાર્ય ભગવંતો પ્રભુની પાટને દીપાવનાર છે. સૂર્ય સમાન તીર્થંકરો અને ચંદ્ર સમાન ગણધર ભગવંતોની ગેરહાજરીમાં દીપક સમાન આચાર્ય ભગવંતો શાસનની ધુરાને વહન કરનાર છે અને શાસનની પરંપરાને આગળ વધારનારા છે. તેથી તેઓ શાસન પરંપરાવાહક - શાસન ધૂરાધારક કહેવાય છે. તેઓના આત્મહિતકર મધુર વચનોના ઉપદેશામૃત ઉપર હું ઓવારી ગઈ છું, ફીદા થઈ ગઈ છું તેવા વિશિષ્ટકોટિના સૂરિજન વિના હું જે કાર્યની શોધમાં નીકળી છું તે કાર્ય અન્ય કોઈ નામધારી આચાર્યથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી. મતભેદમાં પડેલા અને મત-મતાંતરોમાં રાચતા આચાર્ય ભગવંતોથી ઈષ્ટસિદ્ધિ થાય તેમ નથી માટે તેવા આચાર્યાદિ ભગવંતો મને ઈષ્ટ લાગતા નથી.

અહિંયાતો મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર-પ્રાણ-વચન અને દેહથી ભિન્ન એવા પરમતત્ત્વને પામવા યોગીરાજ નીકળેલા છે. એ જેનાથી પમાય તેવા યુગપ્રધાન આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ તેવા વિશિષ્ટ કક્ષાના આચાર્ય ભગવંતો કે **જેમની વાણી કોઈ પણ જાતના ખંડન-મંડનમાં પડ્યા વિના સીધાજ પરમતત્ત્વને પકડાવે છે તેવી વાણી ઉપર તે ફિદા થઈ ગયા છે. મતભેદોમાં રાચનારા અને ખંડનમંડનમાંજ બુદ્ધિના આટા પાટા ગુંથનારા કોઈ પણ હોય પછી તે જૈન હોય કે જૈનેતર હોય તે દરેકને માટે પરમ તત્ત્વની પ્રાપ્તિનો માર્ગ દૂર-દૂર રહ્યો છે. ઉત્તમકોટિના સાચા આચાર્યાદિ ભગવંતોની વાણીમાં વીતરાગી એવો પરમ શાંત રસ ઝરતો હોય છે જેને સાંભળીને મુમુક્ષુઓ તૃપ્ત થાય છે અને પોતાના ભવભ્રમણના થાકને દૂર કરે છે.**

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

મેરે મનકું જપ ન પરત હૈ બિનુ તેરે મુખ દીઠડે,
પ્રેમ પીઆલા પીવત લાલન સબ દિન નીઠડે... વારિહું....૨.

આનંદઘનજી કહે છે કે મારા આંતર મનને પણ એવી તાલિમ આપવામાં

આવી છે કે તેને પરમાત્મતત્ત્વના દર્શન વિના ચેન પડતુ નથી. પ્રભુ દર્શન વિના મુખ પર ગ્લાનિ છવાઈ જાય છે. આનંદઘનજીને પ્રભુ દર્શનની તલપ એટલી બધી લાગી છે કે પ્રભુ દર્શન કરાવનાર પ્રત્યક્ષ સૂરિજન એટલે સદ્ગુરુ - આત્માનુભૂતિ સંપન્ન વિશિષ્ટ શુદ્ધિના ધારક એવા ગુરુને અને તેના ઉપદેશામૃતને તેઓ ઝંખી રહ્યા છે.

આનંદઘનજી અને શ્રીમદ્ રાજચંદ્રના વિચારો અહિંયા મળતા આવે છે કે પ્રભુ - પરમાત્મા ઉપકારી છે જરૂર પણ તે પરોક્ષ ઉપકારી છે જ્યારે સદ્ગુરુ પ્રત્યક્ષ ઉપકારી છે. પ્રત્યક્ષથી સદ્ગુરુનો ઉપકાર મહાન છે જ્યારે પરોક્ષથી જિનેશ્વર ભગવંતોનો ઉપકાર મહાન છે. જેમની જે સમયે વિદ્યમાનતા હોય તેમનો તે સમય ઉપકાર મહાન ગણાય. જીવ જેટલો સમય પ્રભુના માર્ગમાં રહી ચાલે તેટલો સમય ઉપકારનો બદલો વાળ્યો ગણાય.

**પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,**
**એ અંતર આવ્યા વિના, ઉગે ન આત્મ વિચાર,**
**પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર.**

પરમ પ્રભુ પરમાત્મા પોતે પ્રેમના સાગર છે. પ્રભુની કૃપા વિના તે પ્રેમામૃત રસ અંદરમાં હોવા છતાં પામવું દુર્લભ છે. પરમ પ્રભુની રાત દિવસ ઝુરણા થવાથી અને તેના વિયોગમાં તીવ્ર રૂદન થવાથી પ્રભુની કૃપાને પામી શકાય છે. પ્રભુની કૃપાથી સાધક આત્મા પ્રેમરસના પ્યાલા ભરી ભરીને પીધા કરે છે તો પણ તેને તૃપ્તિ થતી નથી. ફરી ફરીને તે પ્રેમામૃતનું પાન કરવા ઝંખે છે જ્યારે સંસારી જીવોનો પ્રેમ રાગ સ્વરૂપ છે, સ્વાર્થમય છે, તેનાથી શાંતિ મળતી નથી પણ મનનો ઉદ્વેગ વધે છે. એ રાગ સ્વરૂપ પ્રેમ હોવાથી સંકુચિત હોય છે અને તેથી તેને મોહ કહ્યો છે.

જેની જ્ઞાન ચેતના જાગૃત છે તે ચેતનાના કિરણો સુવર્ણ સમાન તેજોમય હોય છે અને તે કર્મોને બાળવામાં સમર્થ હોય છે. જ્યારે આત્માનો દર્શન ગુણ બરફના જેવો ધવલ અને શીતલ હોય છે જે આત્માને ઠંડક આપે છે. આત્માના

તે તે ગુણોને અનુભવવા માટે ઉદ્યમ કરવો પડે. જીવનમાં ઉતારવા પડે. આચરણમાં લાવવા પડે અને તેને ચારિત્ર ગુણ કહ્યો છે.

જે મહાત્માઓની સુરતા એટલે એકાગ્ર થયેલ દષ્ટિ શુદ્ધ ચૈતન્યમય આત્મા તરફ વહેતી હોય - જેમનુ ચિત્ત સમતા રસમાં નિમગ્ન હોય - જેમનુ વીર્ય આત્મભાવમાં ઉછળતુ હોય આ બધા ગુણો જેમનામાં વર્તતા હોય તેઓના સઘળા દિવસો કે સઘળા સમયો નીઠડે એટલે નિષ્ઠાસભર - નિષ્ઠાવંત સફળ જાણવા.

**પૂચ્છું કૌન - કહાલુ ઢુંઢું - કિસકું ભેજું ચીઠડે**
**આનંદઘન પ્રભુ સેજડી પાઉં તો ભાગે આન વસીઠડે....૩.**

યોગીરાજ કહે છે કે આ શોધ બહારની નથી, અંદરની છે. જેમના ઠામ ઠેકાણા નિશ્ચિત હોય તો તેની ભાળ મેળવી શકાય. તે સ્વામીને ઢુંઢવા સુગમ પડે. તેમના ઉપર ચિઠ્ઠી લખી શકાય, તેમના ખબર અંતર પૂછી શકાય. જેનુ મૂળ સ્વરૂપ અમૂર્ત છે, અદષ્ટ છે, અરૂપી છે, અવિનાશી છે એમનું ઠામ ઠેકાણું આજે ક્યાંય સ્થાયી નથી કારણ કે આવા સ્વરૂપવાળો આત્મા આજે જીવાત્મા બની નવા નવા દેહરૂપી ઘરોને ધારણ કરી રહ્યો છે, જેની ભાળ આજ સુધી કોઈ પણ મેળવી શક્યુ નથી.

વિશુદ્ધ થયેલી ચેતના અથવા સમતાની આંતરવેદનાને અહીં આનંદઘનજીએ અદ્ભૂત રસથી શણગારી છે અને સાથે સાથે કરૂણા રસનો ઓપ આપી આ પદની વ્યાખ્યાને શોભાવી છે.

જે સૂરિજનો - સદ્ગુરુઓ કે જે આચારનું પાલન કરનારા છે અને અનેક કસોટીમાંથી પસાર થયેલા છે તેઓજ સમતાની આવી વિરહિણી સ્થિતિને સમજી શકે તેમ છે. આનંદઘનજી મહારાજની શુદ્ધ - ચેતના - સમતાભાવમાં ઠરી ઠામ થયેલી છે તે પરમાત્મ દેવ પાસે આરજુ કરી રહી છે કે આનંદઘનના સમુહ રૂપ સેજડીને એટલે કે આનંદઘનના નક્કર શુભ પરિણામ સ્વરૂપ શય્યાને હું પામુ તો અથવા ચેતન અને સમતાનુ એટલે કે આત્મા અને પરમાત્માનું સુભગ મિલન રોજ થયા કરે તો એ મિલન રૂપ સેજડી-શય્યા પ્રાપ્ત કરું તો હું મારા

ભાગ્ય ઉઘડી ગયા એમ માનું. પ્રભુએ આવીને મને દર્શન આપ્યા અથવા પ્રભુ મારા ઘરે આવીને વસ્યા એટલે મારા ભાગ્ય ઉઘડી ગયા એમ હું માનું. આ સમતાના વિચારોને અહીં યોગીરાજે રજુ કર્યા છે. તેમને પોતાના પદોમાં આત્મધ્યાનનીજ વાતો દોહરાવી છે. આર્ત અને રૌદ્ર ધ્યાન એ દુર્ધ્યાન છે તેથી તે ત્યાજ્ય છે. ધર્મનું ધ્યાન નિર્મળભાવે કરાય ત્યારે વિવેક જાગે છે અને સમતા પ્રગટે છે. ધ્યાનદશામાં આત્માની ભાવ લેશ્યાના પરિણામ અતિ નિર્મળ વર્તતા હોય છે.

**ધ્યાન ઘટા ઘન છાઈ સંતો મેરે ધ્યાન ઘટા ઘન છાઈ.**

અતિ ઉચ્ચકક્ષાના ધ્યાનની આ વાતો છે તેની સમજ દષ્ટાંતથી પડે છે. વર્ષાઋતુમાં વર્ષાના યૌવન સમયે મેઘવાદળીઓ છતી થાય છે. પ્રથમ તેનો વ્યાપ અતિ નાના પ્રમાણમાં હોય છે છતાં તેમાં જોમ એટલું બધું તીવ્ર હોય છે કે કલાક દોઢ કલાકના સમયમાં તો આખા આકાશક્ષેત્રને વાદળાથી ભરી દે છે. તે જ્યારે વર્ષે છે ત્યારે તેની જલધારા ખંડખંડ રૂપે વરસતી નથી પણ અખંડિત મેઘધારા વરસે છે. બે-ચાર કલાકમાં તો સરોવરોને છલકાવી દે છે. નદીનાળાઓમાં પાણી બંને કાંઠે ઉપરથી વહેતી વેળાએ એની ગતિનો વેગ અતિ જલદ હોય છે. બસ આવીજ જલદ વેગવાળી અખંડિત આત્મધ્યાનની દશા આત્મામાં વર્તે છે તે વેળાએ આત્માનું પરમાત્મા સાથે અખંડ ઐક્યપણું સધાય છે આવી દશા યોગીરાજની સમજવી (સૌ અદ્‌ભૂતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભૂત નીરખું, મહાજ્યોતિ જેવું વિમલનયને સૂર્ય સરીખું)

પતિના વિરહને કારણે પોતાના પતિને મળવા આતુર થયેલી સમતા કે જે શુદ્ધ ચેતના સ્વરૂપ છે તે નિરંતર પોતાના પતિનું રટણ અને સ્મરણ કરે છે. પતિનો સમાગમ થશે ત્યારે પ્રેમ પ્યાલા પીવાશે એ આશામાંને આશામાં તે દિવસો પસાર કરે છે. પતિના વિરહમાં સતી સ્ત્રીને આધાર એક માત્ર ભાવિમાં ગમે ત્યારે પતિ મિલન થશે તેવી આશાનો હોય છે. સમતાને અંદરથી દૃઢ વિશ્વાસ છે કે જરૂર એક દિવસ મારા નાથ મારા મંદિરે પધારશે અને મારા વિરહનો અંત આવશે. મારા સ્વામી એ પ્રેમામૃતના સાગર છે. જ્યારે જ્યારે

પોતાના સ્વામીનું મિલન થયું છે ત્યારે સમતાએ પોતાના સ્વામી સાથે અભેદરૂપે પરિણમીને પ્રેમ કટોરાનું ભરી ભરીને પાન કર્યું છે એટલે સમતાની એ આશા ઠગારી નહિ નીવડે તેની તેને ચોક્કસ ખાત્રી છે.

આ બધા પદોની પાછળ આનંદઘનજીની ચેતના-સમતાને જે પોતાના સ્વામીને મળવાનો જે તલસાટ છે તે આપણે લક્ષ્યમાં લેવા જેવો છે. આ પદો ખાલી બોલી જવાના નથી કે વાંચી જવાના નથી પણ અંતરના અટલ ઊંડાણમાંથી પરમાત્મ વિરહની તીવ્ર વેદના જાગે તે માટે છે. એ એવી રીતે ગવાવા જોઈએ કે આંતરવેદના શબ્દ રૂપે વહે - સાધક જ્યારે સાધનાના ઉન્નત શિખરે પહોંચે છે ત્યારે એને પરમાત્મ પ્રાપ્તિની અંદરથી કેવી ઝૂરણા હોય છે ! એ અંદરમાં કેવી અકથ્ય વેદનાને અનુભવે છે ! તેનો ખ્યાલ કરવા જેવો છે. બંગાળમાં થઈ ગયેલ પરમાત્માના ભક્ત ચૈતન્ય મહાપ્રભુની આવીજ આંતર સ્થિતિ હતી. રાત્રિના સમયે સુતા પરમાત્માના નામ માત્રથી અંદરથી એવુ તીવ્ર રૂદન છુટતુ હતું કે આખી ચાદર આંસુના પાણીથી ભીંજાઈ જતી હતી. પરમાત્માનું નામ સાંભળતા તેના વિયોગે ચેતના મૂર્છિત થઈ જતી હતી. આવી દશા આપણી પણ કયારે આવશે ? એ ભાવનામાં નિરંતર આપણે સૌ રહીએ એજ જીવનનું સાર્થક્ય છે. પરમાત્માનો વિયોગ વેદના તીવ્ર બન્યા પછી જીવને ઈન્દ્ર કે ચક્રવર્તીના તમામે તમામ ભોગ સુખો અકારા લાગે છે. ભોગસુખો એ પછી ભોગવી શકતો નથી. ભોગસુખોમાં સ્પષ્ટપણે તીવ્ર અગનજાળ જેવી વેદના તે અનુભવતો હોય છે. પછી તે મઝેથી ખાઈ શકતો નથી, પી શકતો નથી, હરીફરી શકતો નથી, કોઈની સાથે હસીખુશીથી વાતો કરી શકતો નથી એનુ સમગ્ર કેન્દ્રસ્થાન પરમાત્મા પરમાત્મા ને પરમાત્માજ હોય છે. પરમાત્માની આવી વિરહવેદના જ પરમાત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સંયોગ કરાવી સાક્ષાત્ ભાવ પરમાત્માનો ભેટો કરાવશે જે ભીતરમાં રહેલાં સ્વયંના ભગવાન આત્માને ભગવાન રૂપે અંતરમાંથી ઉભારશે.

卐

# પદ - ૮૬

## (રાગ - ધમાલ)

सलूणे साहेब आवेंगे मेरे, आलीरी वीरविवेक कहो साच ॥ स. ॥

मोसुं साच कहो मेरिसुं, सुख पायो के नाहिं ॥
कहांनी कहा कहुं ऊहांकी, हिंडोरे चतुरगतिमांहि ॥ स. ॥१॥

भली भाई इत आवही हो, पंचमगतिकी प्रीत ॥
सिद्ध सिद्धतरस पाककीहो, देखे अपूरवरीत. ॥ स. ॥२॥

वीर कहे एती कहुं हो, आए आए तुम पास ।
कहे समता परियारसुं हो, हमहै अनुभव दास ॥ स. ॥३॥

सरधा सुमता चेतना हो, चेतन अनुभव आंहि ॥
सगति फोरवे निजरुपकीहो, लीने आनन्दघनमांहि ॥ स. ॥४॥

સમતા પોતાના પતિ ચેતનને સંબોધીને કહે છે કે જો મારા સ્વામી મારા ઘરમાં આવીને સ્થિરતા કરે અર્થાત્ આવી આવીને ચાલ્યા જાય તેવું ન બને, તો હું જાગ્યા ત્યાંથી સવાર, એમ માનીને બધો ભૂતકાળ ભૂલી જઈશ અને પદ-૮૫ માં કહ્યું કે ભાગે આન વસીહડે તેમ હું મારા ભાગ્ય ખુલી ગયા છે એમ માનીશ. જે દિવસે સ્વામી ઘરે આવશે તે દિવસને સવાર ગણીને મને સૌભાગ્યવંતી માનીશ.

જે સિક્કા ઉપર તે રાજ્યની મહોર મારેલી હોય તે સિક્કો સાચો ગણાય છે પણ સિક્કા ઉપરથી રાજ્યની મહોર ભૂંસાઈ ગઈ હોય તો તે સિક્કો ચલણમાં બોદો કહેવાય છે, તેમ આતમ રાજા પોતાના રાજ્ય પુરતો સંતોષી માનીને રહે અને પર રાજ્યમાં માથું જ ન મારે તો તેને પોતાનું રાજ્ય લુંટાવાનો ભય રહેતો નથી પણ તે પર એવા પુદ્ગલને વશ થઈ પોતાનું રાજ્ય ગુમાવી બેઠો છે અને રાજ્યની લગામ આજે લુંટારુઓના હાથમાં આવી ગઈ છે. ઘર ફુટે ઘર જાય તેવી સ્થિતિ થઈ છે. ચેતન પોતાનું ઉપયયોગ લક્ષણ ચૂક્યો અને તેથી મોહમાં

જેમ ઘર બાળીને તીરથ ન થાય એમ આત્માને ભૂલીને પ્રવર્તન ન થાય.

ફસાયો. મતલબ રાજયનો જે વડો મંત્રી હતો તેજ ફુટી ગયો અને રાજ્યને બેવફા નીવડ્યો.

ક્યારેક એવું પણ બને કે રાજા અને મંત્રી બંને સાચા હોય, માર્ગ પર હોય પરંતુ લશ્કરનો સેનાધિપતિ બેવફા નીવડે, તેથી રાજ્યમાં અશાંતિ વધી જાય, આનું નામ પર્યાયનું પલટાવું તે જાણવું. આમાં કોને દોષ આપવો ? ઘરમાં બે રાણી છે એક માનીતી અને બીજી અણમાનીતી. આથી ઘરમાં ફુટ પડે. અણમાનીતીના ભાવ બદલાઈ જાય તેથી રાજયની પડતી થાય. કૈકેયી રાણી અને મંથરા દાસીની જેમ.

સમતાએ સંસારની આવી અનિષ્ટ પ્રવૃતિઓના અનુભવ અનેક વખત કર્યા પછી તેનું ચિત્ત સંસાર ભાવથી પર થઈ વૈરાગ્યવાસિત થવાથી હવે તે સંસારથી છુટવાના વિચાર પર આવી ગઈ છે. સંયોગ-વિયોગ, જન્મ-મરણ, હર્ષ-શોક, રાગ-દ્રેષ, લાભ-નુકસાન, સુખ-દુ:ખ, માન-અપમાન, આધિ-વ્યાધિ-ઉપાધિઓ રૂપી ભૂતાવળથી ભરેલું સંસારનુ સુખ સમતાને **ભયાનક - રૌદ્ર** ભાસવાથી તેનો મનોભાવ **શાંતરસ** ઈચ્છી રહ્યો છે અને તેથી તેનો આત્મા **વૈરાગ્ય રસે** રંગાયો છે, તેથી ભયાનક અર્થાત્ રૌદ્રરસ, શાંતરસ અને વૈરાગ્યરસ આ ત્રણ રસથી મહાત્માએ આ પદને શણગાર્યું છે.

**સલુણે સાહેબ આવેંગે મેરે,**
**આલીરી વીર વિવેક કહો સાચ. મોસું સાચ કહો મેરિસું -**
**સુખ પાયો કે નહિં, કહાની કહા કહું ઉહાંકી -**
**હિંડોરે ચતુરગતિમાંહિ...૧**

સલુણે સાહેબ એટલે લુણ કહેતાં મીઠું (નમક) જેનામાં છે એવો મીઠા જેવો બધાંય વ્યંજનો (વાનગી)ને સ્વાદીષ્ટ બનાવનારો સાહ્યબો. નમક પોતે તે સ્વાદીષ્ટ છે જ પણ જેમાં ભળે છે તેને પણ ફરસું - સ્વાદીષ્ટ બનાવે છે. વ્યક્તિત્વ વિહોણા માણસ માટે કહેવાય છે કે મીઠા વગરનો છે. આમ સલુણો સાહ્યબો એટલે દમદાર પ્રતિભાશાળી સાહ્યબો. એવાં પ્રતિભાસંપન્ન પ્રભાવશાળી સીમંધર સાહિબા કે જે દેવાધિદેવ છે.

અથવા સલુણે એટલે સુલક્ષણા અર્થાત્ પ્રભુ આજ્ઞા પાલક શુદ્ધ ચેતના સાહિબા એટલે સીમંધર સાહિબા કે જે દેવાધિદેવ છે તેમના ચરણની સેવા અને નિશ્ચય નયે પોતાની અંદરમાં બિરાજમાન શુદ્ધ ચૈતન્ય દેવની સેવા ભાવની શુદ્ધિપૂર્વક પ્રભુ પાસે માંગી રહી છે.

સમતાના પરિવારમાં ખરા ખોટાની પરખ કરનાર અને ભાવિનું જ્ઞાન કરનાર વિવેક જાગ્રત થયેલો છે એટલે તે પોતાના ભાઈ વિવેક આગળ અધીરી બનેલી ચેતના, પોતાનુ ભાવિ જાણવા પૂછી રહી છે. આ સમયે તેના ચિત્તમાં રાજુલદેવીની જેમ કરૂણાસભર ભયાનક રસ સવાર થયેલ હોવાથી, તેના ચિત્તના ભાવો ડામાડોલ સ્થિતિમાં વર્તી રહ્યા છે અને તે પોતે સમતા હોવા છતાં ધૈર્યતા-સમતોલપણું ચૂકી ગઈ છે.

(આલીરી વીર વિવેક કહો સાચ) - હે ભાઈ વિવેક ! હું મારું ભાવિ જાણવા માટે ગમે તેની આગળ ન પ્રકાશતાં તમારી પાસે આવી છું. હે વીર વિવેક ! તને જે સાચુ લાગે તે કહી દેવાથી કદાચ મને માઠું લાગે એટલા માટે કશું ન છુપાવતાં જે સત્ય જણાય તે બેધડક કહી દેજો. (મોસુ સાચ કહો મે રિસું) - સાચુ કહેતા મને તમારા પ્રત્યે રીસ કે ગુસ્સો નહિજ આવે. (સુખ પાયો કે નહિ) - તમારા મિત્ર અને મારા સ્વામી મારા તરફથી સુખ પામ્યા કે દુ:ખ ? તે તમેજ કહો.

(કહાંની કહા કહું ઉહાંકી હિંડોરે ચતુર ગતિ માંહિ) - ચાર ગતિ રૂપ ભવાટવીમાં તેમની સાથે ખૂબ ખૂબ ભટકી મેં સુખ દુ:ખાદિ અનુભવો કર્યા છે. તે સમયે મારા સ્વામી વિવેક ખોઈ બેઠેલા. હે ભાઈ વિવેક ! તારે જો અનુભવ કરવો હોય તો હિંડોરે એટલે મારી સાથે હેંડ - હાલ. અનુભવ મેળવવા ભવ ચોકમાં જઈ ખાત્રી કરીએ કે ચૂક કોની છે ? ભૂલ કોની છે ? તે સમયે ચેતન અને ચેતના અમે બંને મમતાના સંગે સંગી બનેલા હતા. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે મારા સ્વામી જ્ઞાની હોવા છતાં અજ્ઞાની બન્યા તેથી અમે બંને રખડ્યા. આ અમારા જીવનની કહાની છે.

**ભલી ભાઈ ઈતિ આવહી હો - પંચમ ગતિની પ્રીત...૨.**

વિવેક મિત્ર બેન સમતાને કહી રહ્યો છે કે તું પણ ભલી થઈ અને મારા મિત્ર ચેતન પણ ભલા થયા અને તમને બંનેને સદ્‌ગતિમાં જવાના ભાવ જાગ્યા તે બીજાને જાગવા મુશ્કેલ છે. વળી પંચમ ગતિ કે જ્યાં સિદ્ધાત્માઓનો વાસ છે, વળી જ્યાં દુ:ખનો સર્વથા અંત અને સુખ અપાર - અનંત છે તે ગતિને પામવાનો તમને રસ લાગ્યો - સંવેગના રંગે રંગાયા. આવો સિદ્ધિગતિ તરફનો રસ કોક વિરલાનેજ જાગે છે. (સિદ્ધ સિદ્ધંત રસ પાક્કી હો) - આવો અદ્‌ભૂત રસ પાક્યા સિવાય એટલે જાગ્યા સિવાય ભવના અંતને કરનાર મહા વૈરાગ્યરસ પણ પ્રગટે નહિ. જેને સંસારનો રસ ખારો અને ખાટો લાગ્યો હોય - નિર્વેદ થયો હોય તેવા કોક વિરલા પુરુષોનેજ આ માર્ગે જવાની પ્રીતિ જાગે છે. (દેખે અપૂરવ રીત) - ચતુર્થ ગુણ સ્થાનકે સમ્યગ્‌દર્શન પામતા પહેલાં જેઓએ પહેલા ગુણસ્થાનકનો પ્રકર્ષ પામી અપૂર્વકરણ કરવાનું પરાક્રમ કરી લીધું છે અર્થાત્ તે અંગેનુ વીર્ય ફોરવ્યું છે, તેવા આત્માઓજ ત્યાર પછીની શ્રેણીએ ચડવાનો અને શ્રેણીગત અપૂર્વકરણનો ખેલો ખેલવાની હિંમત કરી શકે.

**વીર કહે એતી કહું હો આએ આએ તુમ પાસ**
**કહે સમતા પરિવાર સું હો - હમ હૈ અનુભવ દાસ... ૩**

ભાઈ વિવેક બેન સમતાને સમજાવે છે કે આ મારા મિત્ર અને તારા સ્વામી ચેતન આવ્યા - આ આવ્યા અથવા તો હમણાંજ આવશે - તમારી પાસે આવશે, એવા ખોટા આશ્વાસન આપવાનુ કામ મારું નથી. તેમ કરવાથી મારી જે વિવેકશક્તિ જાગી છે તે નષ્ટ થઈ જાય અને માયાની ખોટી લાલચ આપ્યાનો મને દોષ લાગે. આવા દોષને પાત્ર બનવું તે મારા માટે શક્ય નથી. માટે ભાઈ વિવેક સમતાને સમજાવે છે કે તને તારા પરિવારમાંથી કોઈ પણ તારા સ્વામીના વિષયમાં પૂછે તો તારે એટલુંજ કહેવાનું કે હું તો અનુભવની દાસ છું અર્થાત્ જ્યાં જ્યાં અનુભવ જાય ત્યાં ત્યાં તેની પાછળ પાછળ સેવક ભાવે તેને અનુસરુ છું. જેમ સમુદ્રમાં સમયે સમયે પવનનાં સંયોગથી એક પછી એક લહેરો ઉઠે છે તેમ મનના તરંગોથી સંસારી જીવોને ભલા અને બુરા ભાવો

જાગે છે. આ ભાવો એ મિથ્યા એવા કર્મના સંયોગના નિમિત્તથી ઊભા થયેલા છે તેને એક માત્ર ઉપયોગ મુકવા દ્વારા જાણી શકાય છે. ભીતરમાં રહેલ અદષ્ટ તત્વને જોવું - જાણવું યા અનુભવવું હોય તો તેને અંતર ઘટમાં ધ્યાન દ્વારા ડૂબકીઓ મારવી જોઈએ. તેના સિવાય અરૂપી-અમૂર્ત તત્ત્વનો સાક્ષાત્કાર થાય નહિ અને અનુભવ થવો એ તો જ્ઞાનનો એક પ્રકાર છે અને જ્ઞાન તો બેહદ છે એટલે કે તેને સીમા કે હદ નથી. તે વ્યાપક તત્ત્વ છે. તે જ્ઞાનને હું સેવકભાવે સેવી રહી છું અને જ્ઞાનની આરાધના કે પૂજના કરવાથી તેના ઉપર આદર - બહુમાન - અહોભાવ કેળવવાથી તે જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**સરધા સુમતા ચેતના હો - ચેતન અનુભવ આંહિ**
**સગતિ ફોરવે નિજ રૂપકી હો - લીને આનંદઘન માંહિ....૪.**

સરધા - શ્રદ્ધા, સુમતિ અને ચેતના એ પરમ તત્ત્વ સ્વરૂપી આત્માના પર્યાય વાચક ગુણો છે. તેનું પલટાવું કે સ્થિર રહેવું તે સંયોગો પર અવલંબિત હોવાથી તે આત્માના હદ મર્યાદાની બહારની વસ્તુ ગણાય. આવા પલટાતા ભાવોના અનુભવો તો જીવે ઘણા કર્યા પણ તે બધા સમુદ્રમાં ઊઠતા તરંગોની જેમ વ્યર્થ ગયા. અત્યાર સુધીમાં જીવે સંસારની વિટંબનાઓમાં શક્તિઓ ખરચી પણ તે બધી મહેનત નિષ્ફળ ગઈ. હવે વીર્ય શક્તિને પોતાના સ્વરૂપમાં ધ્યાનમાં જોડી, ભીતરના ઊંડાણમાં શું શું થઈ રહ્યું છે, તે જાણવાની જરૂર છે. જ્ઞાનના ઉપયોગને આંતરિક શોધ અર્થે કામે લગાડી સત્યના આગ્રહી થઈ મંડી પડવાની જરૂર છે. તારા આનંદઘન પ્રભુની ભાળ તને મહીંથી - તારી ભીરતમાંથીજ મળશે, બહારથી નહિ.

ચેતનના અનંતા ગુણો એ ચેતનનો પરિવાર છે. જો ચેતન તે ગુણોનો પક્ષપાતી બને અને પોતાની અનંતી વીર્યશક્તિને ગુણ પ્રાપ્તિના પુરુષાર્થમાં કામે લગાડી દે તો જે ધ્યાતા છે તે ધ્યેયની સાથે અભેદ પામી જાય અર્થાત્ ચેતન સ્વયં આનંદ રૂપ બની જાય. પછી આનંદ એજ જીવનનો પર્યાય બનીને રહે - આનંદ એજ જીવન બનીને રહે.

દુઃખ સુખ રૂપ કરમ ફળ જાણો નિશ્ચય એક આનંદો રે
ચેતનતા પરિણામ ન ચૂકે ચેતન કહે જિન ચંદો રે.

દુઃખ અને સુખ બંને પાપ અને પુણ્ય કર્મ ફળ છે અને તે વ્યવહાર નયે છે પણ નિશ્ચયથી તો આત્મા આનંદમય છે. આનંદનો ઝરો છે - આનંદનો રાશિ છે. આત્માના કોઈ પણ પરિણામ ચેતનાને જરાય છોડતું નથી. આત્માના સર્વધર્મોમાં ચૈતન્યનું વ્યાપકપણું છે. જ્ઞાયક પકડમાંથી છૂટે નહિ અને જ્ઞાયકતાની જ્ઞાનધારા અવિરત ચાલતી રહે એ આત્મયોગ છે જે પુણ્યયોગથી ચઢિયાતી આત્મકલા છે. આ જ વાસ્તવિક મોક્ષ પુરુષાર્થ છે જે મુશ્કેલ છે.

卐

*કાયા અને વચનના સ્તર ઉપર સેવાતો ધર્મ એ વ્યવહાર ધર્મ છે જ્યારે મનોયોગના સ્તર ઉપર સેવાતો ધર્મ વાસ્તવિક ધર્મ છે કારણકે પરિણમન મનના સ્તર ઉપર છે.*

★

*શુભક્રિયા, શુભભાવ, શુભબંધને કારણે સદ્ગતિ પ્રાપ્ત કરી શકાય છે પણ મોક્ષની પ્રાપ્તિ કરી શકાતી નથી.*

★

*સંયોગો વગરનું સર્જન એટલે સ્વયંભૂ. આત્મા સ્વયંભૂ છે એને પોતાનું અસ્તિત્વ ટકાવવા સંયોગોની જરૂર નથી.*

# પદ - ૮૭

## (રાગ - ધમાલ)

विवेकी वीरा सह्यो न परे, वरजो क्युं न आपके मित्त. ॥ वि. ॥ ए टेक ॥

कहा निगोडी मोहनी हो, मोहत लाल गमार ॥
याके पर मिथ्या सुता हो, रीज पडे कहा यार ॥ वि. ॥१॥

क्रोध मान बेटा भये हो, देत चपेटा लोक ॥
लोभ जमाइ माया सुता हो, एक चढ्यो परमोख्ख ॥ वि. ॥२॥

गइ तिथिकूं कहां बंमणाहो, पूच्छे सुमता भाव ॥
घरको सुत तेरे मतें हो, कहालौं करत बढाव. ॥ वि. ॥३॥

तव समत्व उद्यम कीयो हो भेट्यो पूरव साज ॥
प्रीत परमसुं जोरिकें हो, दीनो आनन्दघन राज. ॥ वि. ॥४॥

ક્રોધ - માન - માયા - લોભ - મદ - મત્સર - વકતા - જડતા - તૃષ્ણા - આશા - ઈચ્છા - લાલસા - લોલુપતા - કપટ - છલ - દંભ - રાગ - દ્વેષ આ બધા અસદ્ ભાવો છે - મિથ્યાભાવો છે. જ્યારે દયા - દાન - સેવા - પરોપકાર - કરૂણા - નમ્રતા - સરળતા - સંતોષ - વૈરાગ્ય - વિવેક - શ્રદ્ધા - સુમતિ - સમતા - અહિંસા - સત્ય - અચૌર્ય આ બધા પવિત્ર કોટિના સદ્ભાવો કહ્યા છે. ભાવો ડૂબાડે છે અને તારે પણ છે. આત્માને ભવસાગરના કિનારે લઈ જનારા પણ ભાવ જ છે.

આ પદ રચનામાં મિથ્યાત્વ સંબંધિત અસદ્ભાવોને જાણ્યા - સમજ્યા - અનુભવ્યા પછી જીવનું વલણ સન્મતિ તરફ વળે છે. સત્વગુણી વિચારો તરફ જીવ આકર્ષાય છે. જીવાજીવાદિ નવ તત્વનો પરિચય, જીવના ૫૬૩ ભેદો - ૨૪ દંડક સ્થાનો, બાર ભાવના, મૈત્ર્યાદિ ચાર ભાવના, સમત્વ ભાવનો પુરુષાર્થ, પ્રતિપળે આત્માની જાગૃતિ, આ બધા તરફ જીવના પગરણ મંડાય છે. આથી પૂર્વમાં જે સંસાર તરફી વલણ હતું, આકર્ષણ હતું તેમાં ઓટ

આવવાની શરૂઆત થાય છે. પરમ તત્ત્વ તરફ પ્રીતિનું અનુસંધાન પણ અહિંયાથી થાય છે. અહિંયાથી અશુભ વિચારોનું જોડાણ કટ થાય છે અને દરેક પ્રવૃત્તિ શુભ તરફ વહે છે.

**વિવેકી વીરા સહ્યો ન પરે-વરજો ક્યું ન આપકે મિત્ત - વિવેકી**
**કહા નિગોડી મોહની હો, મોહત લાલ ગમાર**
**વાકે પર મિથ્યા સુતા હો, રીજ પંડે કહા યાર.... વિવેકી...૧.**

સમતા પોતાના વીરા-ભાઈ વિવેકને કહે છે કે હે ભાઈ ! સહન કર્યું - ઘણું સહન કર્યું, હવે સહેવાતુ નથી ! હવે મારે વધુ સહેવું ન પડે અર્થાત્ તમારા મિત્ર અને મારા સ્વામીને મારા પ્રત્યે અભાવ - દુર્ભાવ ઉત્પન્ન ન થાય તેવી રીતે તમારા મિત્રને સન્માર્ગે ચડાવવા પ્રયત્ન કરજો. તમારા બોધથી તેઓ પર ઘરનો મોહ તજે અને સ્વઘરે પાછા વળે તેમ કરજો.

જેનામાં સદ્ગુણનો એકે અંશ નથી એવી નિગોડી એટલે નિર્ગુણી, ગમાર, મૂર્ખ મોહની છે તેના પર, લાલ એટલે કે આત્મારામ એવાં મારા સ્વામી ગમાર બની ને કેમ મોહ પામે છે ?

સમતાની સખી સુમતિ વિવેકભાઈને પોતાના વિચારો જણાવે છે કે વાકે પર મિથ્યા સુતા હો - મોહનીયની પુત્રી તે માયા છે જે મિથ્યાત્વ ભાવવાળી છે, તેની પર તમારા મિત્ર અને મારા સ્વામી શું જોઈને રીઝ્યા હશે ? જેમ કોઈ યાર એટલે છીનાળ (કુલ મર્યાદાથી વિરુદ્ધ વર્તનાર કુલટા) પર તેનો પ્રેમી ખુશ થઈ જાય તેમ તે માયા પર ઉજ્જવળ એવા જ્ઞાનગુણવાળો ચેતન મોહી પડ્યો છે. માયા એ મોહ રાજાની દીકરી છે તે કાળા વર્ણવાળી છે, નિર્ગુણી છે, અવિવેકી છે, મૂર્ખ છે, તેનામાં સત્ અસતનું ભાન નથી, આના પડખે રહેલાને તેની પાસેથી છોડાવવા જતાં તમે કેમ અચકાવ છો ? સમતા અને સુમતિ ગુણોના રંગે રંગાયેલા છે અને ચેતન સાથે અભેદ પામવા ઇચ્છે છે માટે તેઓ પણ ચેતનની જેમ ઉજ્જવળ વર્ણવાળા છે. પોતાના સ્વામી જ્ઞાનાદિ ગુણોથી અધિકાધિક હોવા છતાં અને આનંદથી પરિપૂર્ણ હોવા છતાં તે કાળા વર્ણવાળી દુર્ગુણી માયા મમતા કે જે દૂરાચારી છે, મોહરાજાની દીકરી છે, તેની

જેવું હશે તેવું ચાલશે, ભાવશે, ફાવશે, ગમશે એવી વૃત્તિના માણસો દુ:ખી થાય નહિ.

સાથે પ્રેમ સંબંધથી જોડાય છે, તે સુમતિ અને સમતાને અત્યંત ખટકે છે કારણ કે ચેતન એવા પોતાના સ્વામીની આજ સુધીમાં જે ખાના ખરાબી થઈ છે, હાલ હવાલ થયા છે, તે બધા આના કારણે જ થયા છે. હવે ચેતન પોતે શાણો બને અને પોતાના ઘરને ઓળખે - પોતાના પરિવારને ઓળખે તે માટે તેઓ વિવેક મિત્રને પ્રાર્થના કરી રહ્યા છે કે અમારા સ્વામીને ઠેકાણે લાવવાનુ કામ એક માત્ર તમેજ કરી શકો તેમ છો અર્થાત્ જીવ પોતે વિવેકી બને તોજ લાભ નુકસાનને ઓળખી શકે તેમ છે. જયાં સુધી જીવ સમજણના ઘરમાં ન આવે ત્યાં સુધી તેનુ કામ જણ-જણ કરવાનુ છે તે અટકે નહિ એટલે જીવ સમજુ બને તોજ કામ થાય. બ્રળાત્કારે કોઈની પાસેથી કશુ કરાવી શકાતુ નથી અને તે રીતે કરવામાં આવે તો કાંઈ લાભ થતો નથી માટે અધ્યાત્મ ગ્રંથો અને અધ્યાત્મના ઉપદેશકો એક માત્ર જીવની સમજને ખીલવવા ઉપરજ ભાર મૂકે છે. તે થાય તો પછી બાકીનું જે કામ છે તે સરળ થઈ જાય છે. આ સંસાર એ ગંજીફાની રમત જેવો કે ચોપાટની રમત જેવો છે, જે એક પ્રકારનો નાટક છે - ખેલ છે - તમાસો છે. તેમા રસ દાખવવો એ જીવની નરી મૂર્ખાઈ છે અને એમાં ઉદાસીન રહેવું તે ડહાપણ છે. કષાયો અને દુર્ગુણો એ બધા કાળા વર્ણવાળા છે કારણ કે તેનું અવલંબન લેતા જીવના પરિણામ અશુભ લેશ્યાથી રંગાય છે જ્યારે સદાચારો - ગુણો એ બધા ઉજ્જવળ વર્ણવાળા છે કારણ કે તે કાલે જીવ શુભ લેશ્યામાં રંગાયેલો હોય છે.

**ક્રોધ માન બેટા ભયે હો, દેત ચપેટા લોક**
**લોભ જમાઈ માયા સુતા હો એક ચઢ્યો પરમોખ્ખ... ૨.**

તે મોહિનીના સંગથી તમારા મિત્ર ચેતનને ક્રોધ અને માન નામના બે પુત્રો થયા છે. આ વિશ્વમાં જેટલાં ચેતન આત્માઓ છે તે બધાને માયાએ મોહના સાણસામાં ઘાલી દઈ તેમના પગોને બાંધી દીધા છે અર્થાત્ મોહરાજાની દીકરી માયા છે, તેણે આ જગતમાં એવી જાળ પાથરી છે કે બધાજ આત્માઓ મોહજનિત ક્રોધ-માન વગેરેના ભાવો કરીને તેની થાપટો ખાયા કરે છે. આ મોહરાજાની મોહિની એવી ભયંકર છે કે આખું વિશ્વ પરપદાર્થની અસર તળે આંધી મોહના ભાવો નિરંતર કર્યાજ કરે છે, એક ક્ષણ પણ તે ભાવોમાંથી

અટકતા નથી અને તેથી તેવા તેવા કર્મોનો ઉદય થયે કર્મસત્તાનો માર પણ ખાય છે. આત્મા એ વિશ્વનો બેતાજ બાદશાહ છે, ચક્રવર્તીનો પણ ચક્રવર્તી છે. આવી બાદશાહી સત્તાવાળા આત્માને મોહમાયાએ ગુલામ બનાવી દીધો છે. મોહરાજાનો જમાઈ લોભ છે અને તેની પુત્રી માયા છે. લોભનો સ્વભાવ જીવને અસંતુષ્ટ રાખવાનો છે. પરપદાર્થ પ્રત્યેની તૃષ્ણા ક્યારે પણ શાંત થતી નથી. આ લોભ મોહના પરિવારમાં અગ્રેસર છે. દરેક કાર્યમાં તે મોખરે હોય છે અને તેની સલાહ મુજબ બધા વર્તે છે. લોભના વિચારોને બળ આપનાર માયા નામની પુત્રી છે. જ્યાં લગી જીવમાં લોભ વર્તે છે ત્યાં લગી સંસારની મોહિની મીઠી લાગે છે. તે વૈરાગ્યભાવને આત્મામાં પ્રગટવાજ ન દે તેવો તેનો સ્વભાવ છે. આમ જીવડો પોતે એકલો છે અને તેને દબાવવા દુષ્ટ પરિવારમાં મોહના ઘણા સેવકો છે. અનેક પ્રકારની વિચારશ્રેણીવાળા લોકો પણ જીવ ઉપર તુટી પડે છે. તેમના આકરા બંધનોમાંથી છુટવા કોક વીર પુરુષજ આ ધરા ઉપર પાકે છે. જેમના ભાગ્ય બળવાન હોય, જેઓ નિકટ મોક્ષગામી હોય તેવા ઉત્તમ આત્માઓજ તે મહાત્મા પુરુષનો સંગ કરી, તેનો બોધ પામી, મોહનીયના સાણસામાંથી છુટવાનો ઉદ્યમ કરે છે. આવી સલાહ ચેતનને આપનાર વિવેક જ્ઞાન છે.

અહિંયા આનંદઘન મહારાજે મોહિનીને સ્ત્રી પાત્ર બનાવી તેનો પરિવાર બતાવ્યો છે, તેમાં ક્રોધ માનને તેના દીકરા અને માયાને દીકરી ગણાવી છે, જેને મિથ્યા સ્વભાવવાળી બતાવી છે. લોભને જમાઈ બતાવ્યો છે. આમા ઘણું ઊંડુ રહસ્ય છે. મોહિની એટલે મોહનીય કર્મ તેમાં દર્શન મોહ જીવમાં ઊંધી બુદ્ધિ પેદા કરે છે, જેનાથી જીવ હંમેશા ખોટી ખતવણીજ કર્યા કરે છે, તે મોહનીયમાંથી મનોવિકાર ઉદ્ભવે છે જે ચારે કષાયો રૂપે જીવનો દાટ વાળે છે. સંસાર રમણતા, પરભાવમાં વિલાસ, બાહ્ય ભાવમાં આસક્તિ વગેરે મનોવિકારો મોહનીયના કારણે ઉદ્ભવે છે, માટે અહિંયા તે મોહિનીને નિગોડી એટલે મૂર્ખ-નિર્દય-ધુતારી તરીકે ઓળખાવી છે.

આ મોહનીયનુ આબેહુબ ચિત્ર શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજે ઉપમિતિમાં ચોથા પ્રસ્તાવમાં દોર્યુ છે. આખા સંસાર ચક્રમાં અનેક નાના મોટા બીજા

રાજાઓ છે. તેમાં અત્યંત વીર્યશાળી મોટા લશ્કરના ઉપરી તરીકે મોહરાજાને બતાવેલ છે. ચિત્તવૃતિ નામની અટવી છે જેના કિનારે પ્રમત્તતા નામની નદી છે તે નદીના તદ્વિલસિત નામના બેટમાં મોટો ચિત્તવિક્ષેપ નામનો મંડપ બતાવ્યો છે. તેની વચ્ચે તૃષ્ણા નામની વેદિકા અને તેના ઉપર વિપર્યાસ નામના સિંહાસન ઉપર મોહરાજાને બેઠેલો બતાવ્યો છે. આ મોહરાજાનું આખું સામંત ચક્ર બતાવતાં મિથ્યાદર્શનને સેનાપતિ બતાવ્યો છે અને તેની કુદૃષ્ટિ નામની ભાર્યા છે, જેની સાથે રહી તે ચિત્તવિક્ષેપ મંડપની રચના કરે છે જે અનેક સામતં રાજાઓની મદદથી મોટા રાજા, વૃદ્ધરાજા એવા મોહરાજાનો પ્રભાવ વધારતો જાય છે. આખુ રાજ્ય મોહનો દીકરો રાગકેસરી સંભાળે છે, જેની મૂઢતા પત્ની છે, દ્વેષ ગજેન્દ્ર તેનો નાનો દીકરો છે જે યુવરાજના સ્થાને છે અને તેની પત્ની અવિવેકિતા છે તો વિષયાભિલાષ રાગકેસરી રાજાનો મંત્રી છે.

ક્રોધ-માન-માયા-લોભને સિદ્ધર્ષિ ગણીએ તોફાની બાળકો તરીકે ચીતરી બતાવ્યા છે અને તેમને મોહરાજાના પૌત્રો તરીકે બતાવ્યા છે. રાગના દીકરા માયા અને લોભ છે, દ્વેષના દીકરા ક્રોધ અને માન છે. અહિંયા આ પદમાં આનંદઘનજી થોડો જુદી રીતે તેમનો સંબંધ ઓળખાવે છે.

સંસારના બદલાતા સંબંધ ગમે તે હોય પણ તેનું પરિણામ તો એકજ છે અને તે એ કે ચેતનને સંસારમાં જકડી રાખવાનું. મોહરાજાનો આખો પરિવાર પોતાના નિંદનીય કાર્યમાં કેટલો કુશળ છે, અરસપરસ કેટલો સંપીલો છે અને ચેતનને સંસાર સન્મુખ રાખવામાં - સંસારમાં જકડી રાખવામાં કેટલો સાવધાન છે તે ખાસ જોવા વિચારવા જેવું છે.

**ગઈ તિથિકૂં કહા બંભણા, હો પૂચ્છે સુમતા ભાવ**
**ઘરકો સુત તેરે મતેં હો, કહાલૌં કરત બઢાવ. વિવેક...૩.**

સુમતિ પોતાના વિચારો ભાઈ વિવેક આગળ કહી રહી છે કે જે વાતો ભૂતકાળમાં વહી ગઈ તેને યાદ કર્યા કરવી અને નિમિત્તોને ભાંડ્યા કરવું, નિમિત્તોને ટોણા મારવા તે બરાબર નથી. જે ખરેખર ભૂલવા જેવું હતું તેને આપણે વળગી પડ્યા અને જેની મહાન કિંમત હતી તેની વિસ્મૃતિ કરી તેને

બહાર જતો ઉપયોગ બહિર્વ્યાપી-વિસ્તરીત થઈ બીનઅસરકારક બને છે.

તદ્દન ભૂલી ગયા. મોહિની અને તેના પરિવારને વારે ઘડિયે ટોણા માર્યા કરવા તે સજ્જનના લક્ષણ નથી. પૂર્વકાળે જીવે પોતેજ જે અણછાજતા નિમિત્તો ઉભા કરેલા હતાં તે પોતે કરેલા જ આજે આડા આવે છે, એવો પ્રકૃતિનો નિયમ છે. એમાં વાંક નિમિત્તનો નથી પણ જીવનો પોતાનો છે. પોતાની ભૂલોને કબુલ કરી તેનો પશ્ચાતાપ કરવાથી જીવ હળવો બને છે. ડાકુઓ પણ આપણા જેવા માણસ છે. તેની આગળ નમ્રભાવે વર્તવાથી તેમને પણ ક્યારેક દયાભાવ આવવાથી તે છોડી મૂકે છે. વેરભાવને ઘટાડવા ક્ષમાગુણ અપનાવવો પડશે. મમતા પોતાના સ્વભાવને ભૂલતી નથી તો સમતાએ પણ પોતાનો સમ સ્વભાવ છે તેને ભૂલવો જોઈએ નહિ.

વિવેક જવાબ આપતા કહે છે કે હે સુમતિ ! તારી વાત સાચી છે કે નિમિત્ત કારણ ઉપર દોષારોપણ કરવુ તે બરાબર નથી કારણ કે તેમાં પણ ભૂલ તો જીવની જ છે. માટે મોહિની અને તેના પરિવારને ખરાબ ચિતરવા તે સજ્જનનું લક્ષણ નથી, તેમ આપણે આપણા કુટુંબનો કે આપણા પુત્રાદિની પ્રશંસા-ગર્વ વગેરે પણ ન કરવા જોઈએ. પોતાના પુત્રના ખરાબ વર્તનને ઢાંકવા માતા બહારમાં વખાણ કર્યા કરે તો જગતને જાણવાવાળી હજાર આંખો કાંઈ તે માની લે નહિ અને પુત્રની નામના વધારવા બહાર પ્રશંસા કરે તેના પરિણામ કેવા આવે ? પોતાના ભાઈ શકુનિ આગળ બેન ગાંધારી પોતાના પુત્રો દુર્યોધન વગેરેની પ્રશંસા કરે તેથી પુત્ર ડાહ્યા ન ગણાય. પોતાનો પુત્ર કે જે ઘરનો ચલાવનાર છે તેની બહારમાં બડાઈ હાંકવી, તેને લોકો અહમ્‌નો મદ કહી મૂર્ખામીમાં ગણશે. માટે ઉત્તમકુળના આપ્તજનોએ પોતાના પુત્રની ખોટી મોટાઈઓ ન દેખાડવી જોઈએ કારણ કે આવા ભાવોને સંતોએ આપવડાઈ - સ્વપ્રશંશા એટલે કે વિષમભાવ કહ્યો છે. સમતાએ પોતાનો સમ સ્વભાવ ટકાવી રાખવો હોય તો આ બધુ કરવુ જરૂરી છે. અર્થાત્ પોતાના સ્વામીના કે બીજાના ખોટા ગાણા ગાવા જોઈએ નહિ. ઉપશમ ભાવ એ આપણુ સાધ્ય છે તે પામવા માટે મોહિની અને તેના પરિવારની નિંદા-ટીકા-ટીપ્પણમાંથી જેમ બચવા જેવું છે તેમ પોતાના ઘરની વ્યક્તિઓની પ્રશંસા પણ ન કરવી જોઈએ. આ રીતે કરવામાં આવે તોજ સમતા - ઉપશમભાવ સિદ્ધ થઈ શકે અન્યથા નહિ.

ગૃહસ્થીકુળ, યતિકુળ, ઋષિકુળ, સાધુકુળ અથવા પંથ ગચ્છની બડાઈની વાતો કર્યા કરવાથી સમત્વભાવ કદી હાથ ચડતા નથી પણ વિષમતા કે તારા મારાનાં ભેદભાવજ હાથ આવે છે. ત્યાં ધર્મભાવ ચૂકાઈ જાય છે. આ જ્ઞાન જાગવાથી આનંદઘનજી મહારાજ કહે છે કે

તવ સમત્વ ઉદ્યમ કીયા હો ભેટ્યા પૂરવ સાજ
પ્રીત પરમસું જોરીકેં હો, દીનો આનંદઘન રાજ...વિવેક..૪.

સમત્વ પ્રાપ્તિ માટે અમે ઉદ્યમ માંડ્યો છે. એમની સહાયતાથી અમને પૂરવ સાજ એટલે પ્રજ્ઞા જ્ઞાન રૂપી તીક્ષ્ણ ધારદાર શસ્ત્ર કે હથિયાર હાથ ચડ્યો છે. પ્રથમ વાર આ શસ્ત્રનો ઉપયોગ ચોથા ગુણસ્થાનકે સંસારની જડતાને છેદવામાં ઉપયોગ કરેલ, હવે સમત્વની પ્રાપ્તિ માટે આ અપૂર્વશસ્ત્રનો ઉદ્યમ માંડ્યો છે.

અકે તરફ સમત્વ પ્રાપ્તિ અર્થે પુરુષાર્થના મંડાણ તો સાથે બીજી તરફ પોતાના પરમદેવ રૂપ પરમાત્મા સાથે પ્રેમ-પ્રીતિનું જોડાણ થવું, આ બેઉ ઉદ્યમ સાથે થઈ રહેવાથી જરૂર એક સમય એવો આવશે કે ગુમાવેલ આનંદઘન પરમાત્માનું રાજ્ય પાછું હાથ આવશે. આ ઉદ્યમનો જે યજ્ઞ મંડાણો છે તે એની સૂચક નિશાની સમજવી.

卐

*જે ઝડપથી મનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું વિહરણ છે, તે જ સૂચવે છે કે કેવળજ્ઞાનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અભેદતા છે.*

*કાળ છોડીને જીવ સિવાયના દ્રવ્યો જડ વીતરાગ છે. જીવ ચેતન વીતરાગ છે પણ તેવો તે બને તો તેની કિંમત છે.*

# પદ - ૮૮

(રાગ - ધમાલ / ચમાલ)

पूछीयें आली खबर नहीं, आये विवेक वधाय ॥ पू. ॥ ए आंकणी. ॥

महानन्द सुखकी वरनीका, तुम आवक हम गात ॥
प्राणजीवन आधारकी हो, खेमकुशल कहो बात ॥ पू. ॥१॥

अचल अबाधित देवकुं हो, खेम शरीर लखंत ॥
व्यवहारी घटवध कथा हो, निहचें करम अनन्त ॥ पू. ॥२॥

बंध मोख्ख निहचें नहो हो, विवहारे लख दोय ॥
कुशल खेम अनादिही हो, नित्य अबाधित होय ॥ पू. ॥३॥

सुन विवेक मुखतें सही हो, बानी अमृत समान ॥
सरधा समता दो मिली हो, ल्याइं आनन्दघन तान ॥ पू. ॥४॥

આ પદમાં આત્મામાં જ્યારે વિવેક જાગૃત થાય છે અને તે જ્વલંત બને ત્યારે તેનો વ્યવહાર તથા વાણી કેવા અલૌકિક બને છે તે બતાવવામાં આવ્યું છે. વિવેકને દશમો નિધિ કહ્યો છે. એ ખરો આત્મિક ખજાનો છે. સમ્યગ્ જ્ઞાનનું ફળ વિવેક છે, જે સાચા અને ખોટા વચ્ચે બરાબર ફોડ પાડી આપનાર મહાતત્ત્વ છે. આત્માના અનંત સુખને પ્રાપ્ત કરવામાં તેનો ફાળો ઘણો છે. વિવેક દઢ ન હોય તો શ્રદ્ધાને ખસી જતા વાર લાગતી નથી. જ્ઞાન તે જ છે કે જે સાચા ખોટાનો વિવેક કરાવે. સાધ્ય પ્રાપ્તિની લાઈનદોરી વિવેક દ્વારા મળતી રહે છે. કોઈક વાર જીવ નીચે ઉતરે તો પણ વિવેક હોય તો ઉપર ચડી જાય છે. આત્મવિકાસમાં વિવેકને ઘણુ સ્થાન આપવામાં આવ્યું છે. વિવેક હોય ત્યારે ચેતનાને ખૂબ બળ મળે છે. ૧૬માં પદમાં અંતે લખે છે કે

**મિત્ત વિવેક બાતેં કહે સમતા સુનિ બોલા**
**આનંદઘન પ્રભુ આવશે સેજડી રંગ રોલા**

આ વિશ્વની વ્યવસ્થા ઘણી આંટીઘુંટીવાળી જટિલ છે, જેનો તાગ જીવ જલ્દીથી પામી શકે તેમ નથી. દોષો અને ગુણોનું મિશ્રણ જગતમાં જોવા મળે છે, તેના કારણે શુભાશુભભાવોવાળું આ જગત દેખાય છે. આ સંસારમાં ગમે તેટલા જીવો વ્યવહારરાશિમાંથી મોક્ષે જાય તો પણ વ્યવહારરાશિમાં જીવો પૂર્વમાં જેટલા હતા તેટલાજ રહેવાના. આવી વ્યવસ્થા કાયમ માટે રહેવાની.

પરમ તત્ત્વના હાર્દને પામવા માટે દરેક જીવે, ઈશ્વર, જગત અને જીવ આ ત્રણની વિચારણા વારંવાર કરવી જોઈએ. જીવ તત્ત્વનું ચિંતન કરતો નથી એટલે એનામાં અંદરમાં પડેલી ઈચ્છાઓ બહાર આવી આવીને વૃદ્ધિ પામ્યાજ કરે છે. પરિણામે મગજની ગરમી અને અહં પણ વધે છે. ચિંતાઓ તેને બાળ્યા જ કરે છે, પરિણામે મન-વચન અને કાયા ત્રણે બગડે છે. જો તત્ત્વનું ચિંતન ન કરવામાં આવે તો હલકી વિચારસરણીની અસર મન-વચન અને કાયા ત્રણે પર થવાથી માનવીનું જીવન રોગગ્રસ્ત થાય છે. આપદાઓ વધે છે માટે અશુદ્ધ વ્યવહારથી ખૂબ ચેતીને ચાલવાનું આ પદમાં બતાવ્યું છે.

**પૂછીયેં આલી ખબર નહીં, આયે વિવેક વધાય;**
**મહાનંદ સુખકી વરનીકા તુમ આવત હમ ગાત**
**પ્રાણજીવન આધારકી હો, ખેમકુશલ કહો બાત... પૂછીયે આલી...૧.**

ભાઈ વિવેક, બેન સમતાને હિત શિક્ષા આપતા કહે છે કે કોઈની શાતા, અશાતા, ખબર અંતર પૂછવામાં પણ વિવેકદષ્ટિની જાગૃતિ જરૂરી છે. જો ખબર અંતર પૂછતા ન આવડે તો સામી વ્યક્તિનું કાળજુ ઠરતુ નથી પરંતુ ઉકળાટ અનુભવે છે. માટે વગર સમજે કોઈને માઠા કે સારા ખબર અંતર ન પૂછતા તેવા અવસરે મૌન ધારણ કરવામાં વધારે લાભ છે. મૌનતા ધારણ કરવી એ ગુણવાનનું પ્રથમ લક્ષણ છે. "ન બોલ્યામાં નવ ગુણ" એ નિશ્ચયનય સાપેક્ષ કહેવત છે.

હે બેન સમતા ! તને કોઈ તારા સ્વામીના સ્વઘરે આવવાના ખબર અંતર પૂછે તો તારે તેને કહેવું કે કોઈના પણ ભવિષ્યને જાણવાનું કામ ચૈતન્ય ગુણનું છે. જ્ઞાન ગુણ એ જાણવાનુ કામ કરે છે. હે બેન ! જ્ઞાન ગુણ તારો નથી અને

તુ જ્ઞાન ગુણ સ્વરૂપ નથી. તું તો સમતા છે. દરેક વખતે સમ રહેવું એ તારું કામ છે પણ જાણવું એ તારું સ્વરૂપ નથી. તે જ્ઞાનગુણ આગળ જ્ઞાનાવરણીયનો પડદો પડેલો હોય ત્યાં સુધી જીવાત્મા પોતે જાણી શકે નહિ. જેટલો તે પડદો ખસે તેટલુ જણાય. જ્ઞાન ગુણ તો દર્પણ જેવો છે. જેમ દર્પણ સ્વચ્છ હોય તો તેમાં પ્રતિબિંબિત પદાર્થ જણાય તેમ જ્ઞાનાવરણીય કર્મ તૂટે તો ગુણ જાણવાનુ કામ કરી શકે. હે બેન સમતા ! તારો ગુણ બધા સાથે સમત્વ ભાવમાં રહેવાનો છે. કોઈના પણ પ્રત્યે ન રાગ કે ન દ્રેષ, એવો સાત્વિક ગુણ એ તારો સ્વભાવ છે. આત્મામાં અનંત ગુણો છે. પ્રત્યેકનું કાર્ય ભિન્ન ભિન્ન છે. દરેક ગુણનુ પોતાના સ્વભાવ મુજબનું કાર્ય થતું હોવા છતાં આત્મા પોતે બધાથી નિરાળો છે. પોતાના સમભાવને તે ચૂકે નહિ, એવી સામાયિક ચારિત્રની સાધનામાં રહેવું એ તારો ગુણધર્મ છે માટે તારે સમભાવમાં રહી મૌની બનવું. તને કોઈ તારા સ્વામીના વિષયમાં પૂછે કે એ સ્વઘરે કયારે આવવાના છે તો તારે કહેવું કે એ કયારે આવશે તે હું જાણતી નથી પણ જયારે આવશે ત્યારે તે છુપા રહેવાના નથી. વગર કહ્યે બધાને ખબર પડી જવાની છે માટે આવા માઠા સમાચાર તમારે મને પૂછવા જોઈએ નહિ કેમકે એક તો મને પોતાનેજ મારા સ્વામી ઘરે નથી આવતા તેનુ ભારે દુઃખ છે અને તેમાં તમે પાછા આવુ પૂછીને દાઝ્યા પર ડામ દેવા જેવું કરો છો.

(આય વિવેક વધાય) - ભાઈ વિવેક આવીને શુભ સમાચારની જ્યાં સુધી વધામણી ન આપે ત્યાં સુધી મને કશી ગમ પડે તેમ નથી. (મહાનંદ સુખકી વરનીકા તુમ આવત હમ ગાત) - ભાઈ વિવેક કહે છે કે જયાં સુધી તારા સ્વામી ચેતનની વધાઈના સમાચાર લઈને ન આવું ત્યાં સુધી તારે સિદ્ધભગવંતો અને અરિહંત ભગવંતોના ગુણગાનમાં મસ્ત રહેવું, કારણ કે તેમનામાં આનંદનો મહાસાગર છલકાઈ રહ્યો છે અને તેમનો આપણા ઉપર અનંત ઉપકાર છે. વરનીકા એટલે કે તેમના ગુણોને વર્ણવવાથી - ગાવાથી તેમનુ ભજન કીર્તન કરવાથી ભક્તિનો અપાર લાભ આપણો આત્મા મેળવે છે તેથી હે બેન સમતા ! સ્વપરને હિતકારી લાભ તું અચૂક લેતી રહેજે, **જેથી** આપણો આત્મા નિર્મળ અને પવિત્ર બને.

---

ભાવપ્રાણથી જીવે તે આત્મા જ્યારે દ્રવ્યપ્રાણથી જીવે તે જીવ.

(પ્રાણ જીવન આધાર કી હો - ખેમ કુશલ કહો બાત) - તારો પરિવાર કોઈપણ ખબર અંતર પૂછવા તારે ત્યાં આવે તો તેઓને એકજ જવાબ આપવો કે મારા પ્રાણ મારુ જીવન - મારો આધાર તે મારા સ્વામી છે. તેમને સદા કુશલપણું વર્ત્યા કરે તેવી માગણી જ તમે પરમકૃપાળુ પરમાત્મા પાસે કરો અને તે સાથે સાથે સકલ જીવરાશિને રોજ ખમાવતા રહો. સૌનું મંગલ થાવ ! સૌ સત્ય ધર્મને પામો ! સૌ દુ:ખ મુકત બનો ! આવી ભાવના ભાવો.

**અચલ અબાધિત દેવ કું હો, ખેમ શરીર લખંત;**
**વ્યવહારી વઘઘટ કથા હો, નિહચેં કરમ અનંત. પૂછીયે....૨.**

વિવેક કહે છે કે જીવમાત્રની ભીતરમાં તેનો ભગવાન આત્મા બિરાજે છે તેને તમે દેવતા કહો - ભગવાન કહો - પરમેશ્વર કહો - ઈષ્ટદેવ કહો જેને ભવસમુદ્રની સફર કરતાં હજી થકાવટ નથી લાગી તેથી, તે શરીરધારી જો જીવ હોય તો તેમના શરીરની કુશળતા ઈચ્છવી, કારણકે ઠામ ઠેકાણા વગરના એ ભટકતા જીવને પત્ર લખી કુશળતા પૂછવાનો વ્યવહાર એક માનવ ભવ પુરતોજ શકય જાણવો. જો આ માનવભવમાં જીવ જાગી જાય અને મળેલી તકને વ્યર્થ ન ગુમાવતાં સાધનામાં મંડી પડે તો ક્યારેક પણ દુ:ખ મુકત થવાય. પરંતુ આ માનવભવમાં આવી પ્રમાદાચરણ સેવે તો પાછો ગબડે.

આ પ્રમાણે જીવના ભાવોની વધઘટ થવામાં વ્યવહાર આચરણા ખૂબ ભાગ ભજવે છે. શુભાશુભ નિમિત્તો મળતા જીવમાં શુભાશુભ ક્રિયાઓ અને શુભાશુભ ભાવો થતા નજરે પડે છે અને આ રીતે માત્ર વ્યવહાર ક્રિયાનેજ પ્રાધાન્ય આપવાથી નિશ્ચય ધર્મ - આત્મધર્મ - સ્વરૂપધર્મનું લક્ષ્ય ચૂકાય છે એટલે અનેકાન્ત ધર્મ ચૂકાઈ ગયો અને એકાંતિક ભાવોમાં લક્ષ બંધાયું. આમ જેના જીવનમાંથી સ્વરૂપ ધર્મનું લક્ષ્ય ચૂકાઈ જાય છે તેના જીવનમાં બહારથી ક્રિયા રૂપ - આચરણા રૂપ ધર્મ હોવા છતાં અંદરમાં તૃષ્ણા - મમતા - અહંકારના ભાવો બેસુમાર વર્તતા હોય એવું પણ બનવુ સંભવિત છે એટલે એનું જીવન ધર્મની કથા-વાર્તા રૂપે રહ્યું પણ તત્ત્વથી તો અમર્યાદ બની ગયું. એટલે ભાવિનું ઘડતર પોતાના હાથમાં ન રહેતાં નિયતિના હાથમાં ગયું, ભવિતવ્યતાના હાથમાં ગયું. પોતાના ઉપર પોતાની સત્તા ન રહી પણ તે સત્તા નિયતિના કબ્જામાં

ગઈ. (નિહચેં કર્મ અનંત) - આમ નિશ્ચય ધર્મ - આત્મધર્મ ચૂકી જવાથી ભવિતવ્યતાના આધારે જીવવામાં તો અનંતાનંત કર્મોનો બંધ અને ઘોરાતિઘોર ભયંકર અજ્ઞાનની અંધકારમય દશામાંજ કાળ પસાર કરવાનો રહ્યો. નિયતિના આધારે જીવવામાંતો જીવને કર્મોનો બોજ માથે લઈને ભટકવા સિવાય બીજીકોઈ ગતિજ નથી. અજ્ઞાની જીવો અજ્ઞાનકાળમાં પોતાનુ શુદ્ધ સ્વરૂપ ઓળખી તેના ઉપર અત્યંત આદર બહુમાનવાળા બનીને જે પ્રચંડ વીર્ય પુરુષાર્થ ફોરવી કર્મના ખડકલાઓને જે તોડવાના છે તે તોડી શકતા નથી અને જ્ઞાનીએ જોયું હશે તેમ થશે તેમ માની વિષય, કષાય, નિદ્રા, વિકથા રૂપ પ્રમાદમાં પડી પોતાનું જીવન ભવિતવ્યતાને હવાલે કરે છે; તેના કેવા માઠા હાલ થાય છે, દુર્ગતિઓમાં અજ્ઞાનના અંધકારમાં કર્મસત્તાના કેવા જાલિમ માર ખાવા પડે છે, તેને તેઓ સમજી કે વિચારી શકતા નથી. એક વિવેક ધર્મ ચૂકાઈ જાય તો આત્માને કેટલા કલ્પનાતીત નુકસાનો વેઠવા પડે છે તેનો ખ્યાલ અહિંયા કરી શકાય છે.

**બંધ મોખ નિહચેં નહિ હો, વિવહારે લખ દોય;**
**કુશલ એમ અનાદિ હી હો, નિત્ય અબાધિત હોય..પૂછીયેં...૩.**

નિશ્ચયનયની માન્યતા પ્રમાણે આત્મા સદા શુદ્ધ જ છે, અક્રિય છે, અરૂપી છે. તે કદી પણ કશુંજ કરતો નથી માટે બંધ અને મોક્ષ પણ તેના મતમાં નથી. તે અમર છે. મૃત્યુ કે નાશ તો દેહના થાય છે. જ્યારે વ્યવહાર કહે છે કે નિશ્ચયને લક્ષમાં રાખીને વિશુદ્ધ આચરણા કરો. એકલો કોરો વ્યવહાર એ નૈગમ એટલે વણિક જેવો છે. ગામડિયા જેવો છે. મર્યા પછી જીવને તે સંભારે છે કે માણસ ભલો હતો કે બુરો હતો.

જીવનું કલ્યાણ કે અકલ્યાણ કરવાની શક્તિ તેનામાં નથી એટલા માટે તે બેઉ બાજુ ઢોલકી વગાડ્યા કરે છે તે ઉપમાને પણ સ્વીકારે, આરોપને પણ સ્વીકારે, ભૂતને પણ સ્વીકારે અને ભવિષ્યને પણ સ્વીકારે. આ બધાને કારણે જે વર્તમાન પર ભાર આવવો જોઈએ તે રહેતો નથી એટલે આ નયના અનુસારે જીવનારા મોટે ભાગે ભૂતના સંસ્મરણોને વાગોળતા હોય છે અથવા તો ભાવિની કલ્પનાઓ કરી હવાઈ કિલ્લામાં રાચતા હોય છે. માટે નૈગમ નય અબુધ ગામડિયા જેવો છે કે જેના વિચારો બધા મૂર્ખ ગામડિયા જેવા અને નક્કર

આધાર વિનાના હોય છે. નૈગમનય બધું બધામાં ઘટાવે છે. તે માણસને સાચા રાહ પર ચડાવી શકતો નથી. વ્યવહાર નય મધ્યમ માર્ગ સ્વીકારે છે. વસ્તુમાં રહેલ વસ્તુત્વને તે ઓળખવાનું અને તેને અનુસારે જીવન વ્યવહાર સદાચારી બનાવવા ઉપર તે ભાર મૂકે છે.

(કુશલ ખેમ અનાદી હી હો નિત્ય અબાધિત હોય) - જીવમાં જે વધ કે ઘટ થતી દેખાય છે તે કર્મજનિત છે. આત્મા હકીકતમાં તેવા પરિણામવાળો કે તેવા સ્વરૂપવાળો નથી. તે સદા શુદ્ધ ચૈતન્ય ઘન - જ્યોતિ સ્વરૂપ અચલ-અબાધિત છે. તેની કુશલતા પણ આદિ કે અંત વિનાની છે. આવા પ્રકારની સમજણ આણવા તેવા પ્રકારના જ્ઞાન ધ્યાનનો અભ્યાસ કરવાની પણ જરૂર છે. તેથી સ્ટેપ બાય સ્ટેપ - ક્રમાનુસાર આગળ વધતા પંચમગતિ તરફના પ્રયાણની શરૂઆત થાય છે. તે સમયે જીવના ભાવમાં જે પ્રકારની રૂચિ ઉછળે છે તેના આધારે આત્મવીર્ય બળવાન થઈ ચારિત્રની ધારાને સાધતો જીવ આગળ ગતિ કરે છે.

**સુન વિવેક મુખ તેં સહી હો, બાની અમૃત સમાન;**
**સરધા સમતા દો મીલી હો, લ્યાઈ આનંદઘન તાન. પૂછીયેં...૪.**

ભાઈ વિવેકના મુખથી સત્યનું ભાન કરાવનાર અમૃત સમાન સમ્યગ્ વાણીનું પાન કરવાથી જીવમાં સરધા એટલે શ્રદ્ધા અને સમતાનુ મિલન થાય છે અને તેથી આનંદઘન સ્વરૂપ આત્માની ખુમારીમાં તાન આવે છે. શ્રદ્ધાથી મનના ભાવ આત્મ સન્મુખ થાય છે, મનની સ્થિતિ સમાધિસ્થ બને છે અને ચિત્ત ભાવમાં પ્રસન્નતા પ્રગટે છે. શ્રદ્ધા આત્મભાવમાં વહે છે. એક બાજુ શ્રદ્ધા અને સમતાનુ મિલન થવાથી અને બીજી બાજુ વિવેકજ્ઞાનવાળી દષ્ટિ પેદા થવાથી આનંદઘન મહાત્માની ખુમારી વિશેષ તાનમાં આવીને ચિદાનંદની મસ્તીમાં મસ્તાન-ગુલતાન બને છે.

આનંદઘનની ખુમારીમાં તાન લાવનાર - મસ્તાન બનાવનાર આ શ્રદ્ધા અને સમતાના ગુણોની ઉપર મહાત્માએ પ્રશંસાના ફુલો આ પદમાં વરસાવ્યા છે.

卐

# પદ - ૮૯

## (રાગ - ધન્યાશ્રી)

चेतन सकल वियापक होइ. ॥ चेतन. ॥
सत असत गुन परजय परिनति, भाव सुभाव गति दोइ ॥ चेतन. ॥१॥

स्वपर रुप वस्तुकी सत्ता, सीजे एक न दोय ॥
सत्ता एक अखंड अबाधित, यह सिद्धांत पख होइ ॥ चेतन. ॥२॥

अन्वय व्यतिरेक हेतुको, समजी रुप भ्रम खोइ ॥
आरोपित सब धर्म औररहे, आनन्दघन तत सोइ. ॥ चेतन. ॥३॥

આ પદ ૫૫માં પદની સાથે ઘણુ મળતુ આવે છે. અન્ય દર્શનકારો આત્મા રૂપ વસ્તુને તો માને છે પણ તેમાંના કેટલાક દર્શનકારો પ્રત્યેક આત્માની અલગ અલગ સત્તા સ્વીકારતા નથી તેમજ આત્માની અખંડતા, અબાધિતતા, પ્રત્યેકતા, પૂર્ણતા વગેરેનો તેઓ સ્વીકાર કરતા નથી અર્થાત્ આત્માને માનવા છતાં આત્માના સ્વરૂપની બાબતમાં ઘણા મતભેદો પ્રવર્તે છે. કેટલાક દર્શનકારો આત્માને આકાશની જેમ વિભુ અર્થાત્ વ્યાપક માને છે અને તે ચરાચર જગતમાં વ્યાપીને રહેલો એકજ છે. વર્તમાનમાં જે પશુ, પક્ષી, મનુષ્યો વગેરે જે દેખાય છે તે બધા પ્રત્યેક સ્વતંત્ર આત્મા નથી પણ એક વિભુ એટલે વ્યાપક એવા ઈશ્વરના અંશો છે. જે ખાય છે - પીએ છે - બોલે છે - ચાલે છે - ઉઠે છે - બેસે છે - જે જન્મે છે - જે મરે છે, તે બધા ઈશ્વરના અંશો છે. તેમજ મોક્ષે ગયા પછી પણ સુખનો ભોગવટો પૂર્ણ થયે છતે તેમને ફરીથી સંસારમાં આવવું પડે છે. આ બધી વિચારણાઓનો જવાબ આપતા યોગીરાજ કહે છે કે

**ચેતન સકલ વિયાપક હોઈ. ચેતન.**
**સત્ અસત્ ગુણ પરજય પરિનતિ, ભાવ સુભાવ ગતિ હોઈ; ચેતન.૧.**

અન્ય દર્શનકારો જે રીતે આત્માને આકાશની જેમ ક્ષેત્રથી વિભુ માને છે - વ્યાપક માને છે, તે રીતે માનતા તો સત્-અસત્નો તેમજ ગુણ પર્યાયનો ભેદ રહી શકતો નથી કારણ કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતા તેમજ તેના ગુણો ઉપર

દૃષ્ટિ કરતા તે નિત્ય જણાય છે પણ તેના પર્યાય ઉપર નજર કરતા તે સમયે સમયે બદલાતા દેખાય છે. જો ક્ષેત્રથી આત્મા વિભુ હોય તો તેના પર્યાયમાં જે પલટણભાવ (પરિવર્તનશીલતા) દેખાય છે તે કેવી રીતે ઘટી શકે ?

જૈન દર્શનના મતે જ્ઞાનથી આત્મા સર્વ વ્યાપક છે કારણ કે કેવળજ્ઞાનની પ્રવૃત્તિ સર્વદ્રવ્યોમાં અને સર્વ પર્યાયોમાં થતી વ્યાપક છે જ્યારે મતિજ્ઞાનની પ્રવૃત્તિ સર્વદ્રવ્યોમાં પણ તેના સીમિત પર્યાયોમાં થતી મર્યાદિત છે. માટે આ રીતે જ્ઞાનથી આત્માને વ્યાપક માનવામાં આવે તો તે ઘટી શકે છે બાકી ક્ષેત્રથી વ્યાપક માનવામાં આવે તો તેવું આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી.

તે સિવાય કેવલજ્ઞાન પામ્યા પછી આત્મા ૧૩મા ગુણ સ્થાનકે છેલ્લા અંતર્મુહૂર્તમાં કેવલી સુમદ્‌ઘાત કરે છે ત્યારે આઠ સમયની તે પ્રક્રિયામાં ચોથા સમયે તે ક્ષેત્રથી પણ અલ્પકાલીન માત્ર લોકાકાશ પૂરતો સર્વવ્યાપી બને છે અર્થાત્ ચોથા સમયે તેના બધાજ અસંખ્ય આત્મ પ્રદેશો સંપૂર્ણ લોકાકાશના અસંખ્ય પ્રદેશોમાં વ્યાપેલા હોય છે. આમ સમન્વય પદ્ધત્તિ અપનાવવામાં આવે તો અન્ય દર્શનકારોએ માનેલ આત્માની વ્યાપકતાને સાપેક્ષપણે સ્વીકારવામાં જૈન દર્શનને કોઈ મુશ્કેલી નડતી નથી. આજ જૈનદર્શનની વિશાળ દૃષ્ટિનો પાકો પુરાવો પૂરો પાડનાર સાપેક્ષવાદની સિદ્ધિ છે. અર્થાત્ અન્યદર્શનોની સમજને સ્પષ્ટ કરી આપી શકાય એમ છે. શબ્દોના ઝઘડાઓ કરી આત્માને કલુષિત કરવો અને વિશ્વમાં સંઘર્ષનુ વાતાવરણ ઊભુ કરવું એના કરતા શબ્દોનું યથાર્થ અર્થઘટન કરી આત્માને ઉપશમભાવમાં રાખવો અને વિશ્વમાં શાંતિ-સમાધિનું સામ્રાજય ફેલાવવું એ સાધનાનો મર્મ છે. એ સ્યાદ્વાદ દર્શનના અનેકાન્તવાદ, સાપેક્ષવાદની વિચારણાની ફળશ્રુતિ છે.

**જૈન દર્શન એ વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત છે. તેના પ્રણેતાઓ પૂર્ણજ્ઞાની બન્યા પછી તીર્થ સ્થાપે છે અને જગતને મોક્ષમાર્ગ બતાવે છે માટે તેમાં ન્યૂનતા, ખામી કે ભૂલ થવાનો સંભવ નથી. વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ આપેલ સ્યાદ્‌વાદ, સાપેક્ષવાદ, અનેકાંતવાદ એ વિશ્વને મળેલ એક એવી મહામુલી ભેટ છે કે જે મોક્ષે જવા માટે તો ઉપયોગી છે - છે ને છે જ તેમાં કોઈ શંકાને સ્થાન જ નથી પણ સંસારમાં પણ સારી રીતે સુસંવાદિત જીવન જીવવા માટે**

**અને ધરતી પર સ્વર્ગ ઉતારવા માટે તે અત્યંત ઉપયોગી છે.**

**આઈન્સ્ટાઈને આપેલો સાપેક્ષવાદ એ અપૂર્ણની સામે અપૂર્ણની તુલના કરતો સિદ્ધાંત છે અને તે સંસારમાં જીવવા માટે ઉપયોગી છે જ્યારે પ્રભુએ આપેલ સાપેક્ષવાદ એ અપૂર્ણની સામે અપૂર્ણને એની અપૂર્ણતા બતાવવા સાથે અને પૂર્ણનું પૂર્ણસ્વરૂપ બતાવવા પૂર્વક અપૂર્ણ તત્ત્વે પૂર્ણતાને કેમ પ્રાપ્ત કરવી તે પણ બતાવે છે જે મોક્ષે જવા માટે ઉપયોગી છે, જેને આઈન્સ્ટાઈન બતાવી શક્યા નથી કારણ કે તે વીતરાગ સર્વજ્ઞ ન હતા પણ તેમના તે કાળની અપેક્ષાએ તેઓ વિશેષજ્ઞ જરૂર કહી શકાય. સંસાર એ સાપેક્ષ સત્ય છે અર્થાત્ તેની સત્યતા દેશ કાળને અવલંબે છે. અમુક દેશ અને અમુક કાળની અપેક્ષાએ સંસારના પદાર્થો અને ભાવો સત્યતાને પામે છે પણ તે નિરપેક્ષ સત્ય નથી. ત્રિકાળ અબાધિત સત્ય નથી. જ્યારે મોક્ષ જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તે નિરપેક્ષ સત્ય છે અને તે ત્રિકાળ અબાધિત સત્ય છે.**

યોગીરાજ કહે છે કે આ સંસારમાં જે સત્-અસત્ ગુણ - અવગુણ, જય-પરાજય, લાભ-નુકસાન, શુભ-અશુભ આ બધું દેખાય છે, અનુભવાય છે તે પ્રકૃતિના ધર્મો છે કે ઈશ્વરના ધર્મો તે તમે શાંત ચિત્તે નિષ્પક્ષપણે બરાબર વિચારો. જો ઈશ્વરના ધર્મો કહેશો તો ઈશ્વરને તો જગતમાં પરમ દયાળુ અને પરમ કૃપાળુ માનવામાં આવ્યો છે. આ વિશ્વમાં રહેલ તમામ જીવાત્માઓ તો એના બાળકો જેવા છે તો ઈશ્વર શું પોતાના બાળકોને જન્મ-મરણ-રોગ-શોક-વૃદ્ધત્વ-માન-અપમાન-જેલ-નરક-તિર્યંચ આ બધુ આપે ? આવું ખટપટી તંત્ર રચવાનું કારણ શું ? સારી અને ખરાબ ગતિઓ કેમ બનાવી ? કોના માટે બનાવી ? કોઈ રોગી, કોઈ નિરોગી, કોઈ શ્રીમંત, કોઈ દુર્બળ, કોઈ સબળ, કોઈ લોભી, માની, માયાવી, ચોર, ડાકુ, લુચ્ચા, કોઈ બંગલાવાળા, કોઈ ઝુંપડાવાળા દેખાય છે. આવી કઢંગી રચના ઈશ્વરતો ન જ કરે. તો પછી આ બધી વિષમતાનો કોઈ કર્તા તો અવશ્ય હોવો જોઈએ. આ કોયડો આજ સુધી અણઉકેલ્યો રહેવાનું કારણ શું ? તો એકજ છે. મનુષ્ય માત્રમાં જ્ઞાન હોવા છતાં એની જાણકારીનું અભિમાન એને જાણવા દેતુ નથી.

ઉપયોગનું મુખ વૃત્તિ કે પ્રવૃત્તિ તરફ નહિ પણ સ્વરૂપ તરફ હોવું જોઈએ.

માનવીને અંધારામાં રાખવાની ઈશ્વરને જરૂર શું હતી ? આવું જાણંગપણુ કોઈને ન આપતાં એકજ પોતાની પાસે શું કામ રાખ્યું ? તેનો જવાબ આપે છે કે જે સત્-અસત્, ગુણ-અવગુણ, સાચુ-ખોટુ એની પરખ કરવાનું જ્ઞાન જેમાં છે એજ ઈશ્વર કહો કે આત્મા કહો તેનાથી જુદો કોઈ ઈશ્વર આ સૃષ્ટિ ઉપર છે નહિ. અને દેખાતી વિષમતાનું કારણ પ્રત્યેક જીવની પ્રત્યેક ક્ષણની પોતપોતાની નોખી નોખી શુભાશુભ વૃત્તિ અને પ્રવૃત્તિનું સીધું પરિણામ છે.

જીવના પરિણામ, પર એવા પુદ્‌ગલમાં રાગાદિ ભાવે ગયા એટલે જીવમાં પર પરિણતિ ઉત્પન્ન થઈ અથવા જીવ જેવા સારા કે ખોટા ભાવ કરે છે તેવી ગતિને ઉત્પન્ન કરનાર પ્રકૃતિ સ્વભાવ તેને જીવે પોતાનો માન્યો તે જીવની મોટી ભૂલ છે. એ ભૂલના કારણે જ જીવ પર પરિણતિના ભાવ સેવી બંધાય છે. જીવ જેવા ભાવ કરે તે પ્રમાણે જીવને ગતિ મળે છે. જેવી મતિ તેવી ગતિ. જીવ તે તે ભવમાં રહીનેજ નવા નવા ભવનું આયુષ્ય બાંધે છે તે આયુષ્ય કર્મનો બંધ જીવને પોતાના વિદ્યમાન આયુષ્યના ત્રીજા ભાગે પડે છે જે ત્યારે ન બંધાય તો છેવટે મૃત્યુના અંતર્મુહૂર્ત પહેલા જરૂર નવા ભવનો બંધ પડે છે. તેના વિના જીવ નવી ગતિમાં જઈ શકે નહિ. આ અનાદિથી ચાલ્યો આવતો પ્રકૃતિનો નિયમ છે માટેજ સંત મહાત્માઓ જીવને પોતાના ભાવો સુધારવાનો ઉપદેશ આપે છે જેથી શુભલેશ્યા ટકી રહેતા ગતિ પણ સુધરે. ભાવ સુધારવા વ્રત-તપ-જપ નિયમનો મહાવરો રાખવાનું કહે છે.

સ્વપર રૂપ વસ્તુકી સત્તા, સીજે એક ન હોય;
સત્તા એક અખંડ અબાધિત, યહ સિદ્ધાંત પખ હોઈ.....ચેતન..૨.

**સ્વરૂપ અને પર રૂપ બે વસ્તુઓજ જુદી જુદી છે. તે બંનેને એક સ્વરૂપવાળી માની લેવી તે મૂર્ખાઈ છે. જેમ પંથ જલ્દી કપાય તે માટે બે ઘોડા પર સવારી કરવાના ભાવ કરવા તે મૂર્ખતા છે, તેનાથી કાર્ય સિદ્ધિ થાય નહિ, તે માટે તો એક ઘોડા પર સવારી કરવામાં આવે તો નિયત થયેલા મુકામે પહોંચી શકાય. તેમ અધ્યાત્મના માર્ગમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો પુરુષ અને પ્રકૃતિ બંનેના પેંગડામાં પગ ઘાલવાથી ન થાય. તે માટે તો રાજસ-તામસ ભાવોને કચડવા પડે અને સાત્વિક ભાવોને સ્વરૂપના લક્ષ્યે**

**સેવવા પડે. સત્વ ગુણી પ્રકૃતિ પણ છે તો બંધન કારક પણ રજોગુણી અને તમોગુણી પ્રકૃતિને કચડવા માટે તેનો સાધન તરીકે ઉપયોગ જરૂરી છે. એ સાધનમાં સાધ્યબુદ્ધિ નહિ આવી જાય તેની સાવધાની પણ તેટલી જ જરૂરી છે.**

**સત્તાગત આત્મધર્મ એક છે. અખંડિત છે અને અબાધિત છે. પરંતુ પ્રકૃતિગત ધર્મ આત્મામાં દાખલ થવાથી તેને આત્માની અખંડતાને વેરણ છેરણ કરી ખંડ ખંડમાં વિભાજીત કરી દીધી છે. પ્રકૃતિ ગત ધર્મ એ આત્મા માટે પર ધર્મ છે જે ત્રિગુણાત્મક છે. એટલેજ ખંડિત છે. બ્રિટીશરોએ જેમ ભારતમાં પ્રવેશ કરી ભારતનું ઐક્ય તોડી નાંખ્યુ, ભારતની અખંડ સત્તાને ટૂકડા પાડી ખંડિત કરી નાંખી તેમ પ્રકૃતિ પણ તેવી જ છે. તેણે આત્માની હદમાં પ્રવેશ કરી આત્માની સ્વરૂપ સત્તાનું લીલામ કર્યુ છે. પ્રકૃતિની સત્તામાંથી છુટવા માટે સૌ પ્રથમ પુરુષ તેમજ પ્રકૃતિ બંનેને ઓળખવાની જરૂર છે. આત્મરાજાનો સાચો ધર્મ તે છે કે પર રાજ્યની સત્તા તરફ કુદષ્ટિ ન કરવી. પર પદાર્થ પ્રત્યેની લાલસાને ત્યાગી સ્વસત્તાની હદમાં ઠરીઠામ થઈ શાંતિથી રહેવું. આ મર્યાદાનું જેઓ પાલન કરે છે તેઓજ જિનાજ્ઞાના સાચા પાલક છે અને જિનેશ્વર દેવોના માર્ગમાં સ્થિત છે. પોતાની અખંડિત રાજ્યહદને સુરક્ષિત રાખવી અને પોતાનામાં રહેલા પોતાના આત્માના ગુણધર્મોને અબાધિત રાખવા એ આતમરાજાના રાજ્યનો રાજધર્મ છે - સ્વધર્મ છે. પોતાના રાજ્યની હદનો અસંતોષ અને પર રાજ્ય તરફ રાગાદિ ભાવે કુદષ્ટિ કરવી - પરપરિણતિમાં રમવું એ આત્માનો પરધર્મ છે અને આવા પરધર્મમાં રહેતા અને રાચતા જીવોને જિનધર્મના વિરાધક કહ્યા છે. આવુ યોગીરાજ આનંદઘનજીનું મંતવ્ય છે, જે શાસ્ત્રસંમત છે. કારણકે આ સંવર પૂર્વકની નિર્જરાનો મોક્ષમાર્ગ છે.**

આજ વાતને તેઓએ પંદરમાં ધર્મનાથ ભગવાનના સ્તવનમાં 'બીજો મન મંદિર આણુ નહિ એ અમ કુલવટ રીત જિનેસર' પંક્તિથી ઉપસાવી છે. અમારી કુલવટ એટલે કુલમર્યાદા એ છે કે નિરંતર જિનેશ્વર ભગવંતના ચરણ સેવવા એટલે કે ઉપયોગને આત્મઘરમાં સ્થિર રાખવો. પરઘરમાં પુદ્ગલના ઘરમાં રાગાદિભાવે ઉપયોગને જવા દેવો એ અમારી કુલમર્યાદાનો ભંગ સમજવો.

---

જે દાનાંતરાય તોડવા પ્રયત્નશીલ થતાં નથી તે લાભાંતરાયનો બંધ કરે છે.

**અન્વય વ્યતિરેક હેતુકો, સમજી રૂપ ભ્રમ ખોઈ;**
**આરોપિત સબધર્મ ઔર હૈ, આનંદઘન તત્ સોઈ. ચેતન...૩.**

કોઈ પણ વિષયમાં નિયમથી વિરુદ્ધ જવું તેને અતિ કહી છે અને રેક એટલે મર્યાદાની રેખા. આ મર્યાદાની રેખા જ્યાં ઓળંગાય છે તેને અતિરેક કહેવાય છે અને તે મર્યાદાની રેખાને વિશેષ કરીને ઓળંગતા તે વ્યતિરેક કહેવાય છે - ઉલ્લંઘન કહેવાય છે. જેમકે કોઈના હાથેથી કદી ન થાય તેવું ખોટું કામ થઈ ગયું તો લોકો તેને ઠપકો આપે છે કે તેં અતિ કર્યું એટલે ખોટું કર્યું. હવે એક વખત થયેલી ભૂલને પ્રમાદી બનીને છાવરવામાં આવે તો તે વ્યતિરેક કહેવાય છે.

જેમ દરિયામાં પાણીની સપાટી પર પવનના નિમિત્તથી જે લહેરો એક પછી એક ક્રમસર આવે છે અને જાય છે તેમ એ નિયમ પ્રમાણે જ પ્રતિ સમયે જે કર્મના ઉદયો આવે છે તેનાથી જે નિમિત્ત સામગ્રી મળતા, જે સંયોગો - વાતાવરણ - દશ્ય સર્જાય છે, તેમાં ઊંચા નીચા ન થતાં, આકુળ વ્યાકુળ ન થતાં એક સરખી શાંતતા જાળવવી તે અન્વય છે. સંસાર એ સમુદ્ર સ્થાને છે અને તેમાં પ્રકૃતિના કારણે બદલાતા - પલટાતા સંયોગો એ તરંગો છે - લહેરો છે. **અધ્યાત્મદર્શી પુરુષો પ્રકૃતિના પલટાતા પ્રસંગોમાં પોતાની સમસ્થિતિ જાળવી રાખે છે. જેમ સંગીતનો નાદ ધ્વનિ વાજિંત્રના તાલ સાથે લયબદ્ધ વાગતા મનને પ્રસન્નતા આપે છે તેમ પલટાતા સંયોગોના પ્રવાહમાં પણ જે ચળ વિચળ ન થતા મનની સમતુલા જાળવે છે તે ચિત્તની પ્રસન્નતા પામે છે.**

તમે જલ તરંગ નામનું વાર્જિંત્ર જોયુ હશે, જેમાં કાચના કે કાંસાના ૧૨ ગ્લાસ કે વાસણો એક પછી એક ચડતી સાઈઝના ગોઠવી તેમાં પ્રમાણસર પાણી ભરવામાં આવે છે અને પછી એ પ્યાલાઓને લાકડાની બે દાંડીઓ કે પિત્તળની બે પોલી દાંડીઓ પછાડી જલતરંગના નાદનું સંગીત સર્જે છે. જલતરંગોમાંથી ઉઠતા સંગીતના સ્વરોની ધ્વનિ સારેગમપધની (આરોહ) + ગમપધની (અવરોહ). એ આરોહ અને અવરોહ મળી ૭ + ૫ = ૧૨ સ્વર પર વાર્જિંત્રકાર તે તે જલસભર વાસણોને ક્રમસર ગોઠવીને પછી સુરજ્ઞાન - સ્વરજ્ઞાન મુજબ તેની દાંડીઓ તે તે વાસણ પર પછાડી સુનિયોજિત સંગીત

રેલાવે છે અને એમાંથી નીકળતા નાદ ધ્વનિને બીજા વાજિંત્રોના લય અને તાલ સાથે સંધાન કરી નિયમાનુસાર ક્રમબદ્ધ દાંડી પછાડીને ગીતના સુર સાથે ભેળવીને ગીતને મધુર બનાવે છે. બસ તેજ રીતે માનવજીવનને નિયમાનુસાર ક્રમબદ્ધ પૂર્વક ચલાવવામાં આવે તો તેમનું જીવન મધુર બની મનને પ્રસન્નતા આપનારું અને સંસારને મધુર બનાવનારું એક સંગીત બની જાય છે જે અન્ય એવા કઈંક માનવીઓના જીવન બાગને સુધારવામાં ખૂબ મદદગાર બને છે. **મુક્તિના માર્ગે ચાલવા માટે વ્યવહાર અને નિશ્ચય બંનેની સમતુલા જાળવવી જરૂરી છે. જો તે ન જળવાય અને જીવ એક બાજુ પર ઢળી પડે તો તેમાંથી વાગતું સંગીત પછી બેસુરુ હોય છે જે જીવનને આનંદ આપતુ નથી. બંનેની સમતુલા જાળવવામાં ન આવે અને કોઈપણ એક નય ઉપર વધુ પડતો ઝોક આપીને જીવન જીવવામાં આવે તો ત્યાં વિચારોની 'અતિ' થાય છે. વ્યવહાર માર્ગને સારી રીતે આચર્યા વિના તેમજ ગુણોની શ્રેણિએ ક્રમબદ્ધ ચઢ્યા વિના જો એકલા નિશ્ચયનયની વિચારણાથીજ મુક્તિ થઈ જતી હોય તો જ્ઞાનીઓએ અપનાવેલ વ્યવહાર માર્ગ અતિક્રમમાં ખપે. પણ જ્ઞાનીઓએ અપનાવેલા ક્રમમાં અતિક્રમ હોયજ નહિ. કારણ કે તેઓનો બોધ સ્ટેપ બાય સ્ટેપ ક્રમાનુસાર આગળ વધવાનો છે. તેને ન અપનાવતાં એકદમ છલાંગ મારી ચૌદમે પગથીએ પગ મુકાય એવી કોઈ નિશ્ચિંતતા, એકાંત માટે નિશ્ચયવાદ ખાત્રી આપતો નથી. ક્યારેક મરૂદેવા માતા કે ૧૫૦૦ તાપસોને જે અંતર્મુહૂર્તમાંજ બધુજ પતી ગયુ અને કેવળજ્ઞાન થઈ ગયુ એવા દ્દષ્ટાંતો મળે તેથી વ્યવહાર માર્ગની તેમજ પગલે પગલે આગળ વધવાની રીત કાંઈ ખોટી ઠરતી નથી. વળી મરૂદેવા માતા વગેરેના દ્દષ્ટાંતોનો આધાર લઈને જીવ નિશ્ચય-વ્યવહાર ઉભય સંમત મોક્ષમાર્ગનો પુરુષાર્થ ન ખેડે તો તેને અંતે સંસારમાં રઝળપાટ જ કરવો પડે છે.**

**ખાલી વિચારોથી કે હવાઈ કિલ્લા ઘડવાથી સિદ્ધિ થતી નથી. એનુ નામજ પ્રમાદાચરણ. જ્યાં કોઈ પણ એક નયના વિચારોની અતિ થાય છે ત્યાં કાર્યસિદ્ધિ થતી નથી. જે કાર્ય સહજ રફતારથી થતું હોય તેમાં ત્વરિત સફળતા ઈચ્છવી તે દોષ છે. તેજ રીતે કાર્યસિદ્ધિના હેતુને વિચાર્યા વિના ખાલી દોડધામ કરવાથી પણ કાર્યમાં સફળતા મળતી નથી. માટે કાર્યના હેતુને સૌ પ્રથમ સમજવાની જરૂર છે. હેતુને સમજ્યા વિના જે કાંઈ કાર્ય**

**કરતા હોઈએ તે મતિજ્ઞાનની ભમણા કહેવાય. તે વખતે શુદ્ધિ થતી દેખાય તો પણ તે ખોવાયેલી આત્મભાનની શુદ્ધિ કહેવાય. એ ચેતનની ક્રમબદ્ધ પર્યાયમાં વિચારોની અતિ થવાથી ગતિ થતી દેખાય પણ તે સાર વગરની નિષ્ફળ તેવી વિચાર દોષની પરંપરાને ન સુધારતાં, તેમાં વિશેષતાએ કરીને પ્રમાદ વધાર્યા કરવો અથવા તો ભૂલોને છાવર્યા કરવી તે જીવનો વ્યતિરેક દોષ અથવા વ્યતિક્રમ દોષ છે, જેમાં જીવ સદાચારથી હેઠો પડે છે, દુરાચાર - દોષ ગર્તાની ઊંડી ખાઈમાં ફેંકી દે છે. દુરાચાર દોષોએ જીવન સંગીતની કર્ણપ્રિયતા નષ્ટ કર્યાથી એનું જીવન બેસુરું - બેતાલું બની જાય છે. આત્માનું જે મૌલિક તત્ત્વ છે તે સત્ છે, કોઈ પણ જાતના આરોપ વિનાનુ નિરુપચારી - અનારોપિત છે. બાકી આ જગતમાં વ્યવહાર રૂપે સેવાતા બધાજ ધર્મો એ આરોપિત ધર્મો છે - ઉપચરિત ધર્મો છે.**

**સમજણ અને અણસમજણ વચ્ચે ભ્રમ પેદા કરનાર મિથ્યાત્વ શલ્ય છે જે સમજણવાળી બુદ્ધિનો નાશ કરે છે અને મતિમાં ભ્રાંતિ - ભ્રમ પેદા કરે છે. મતિમાં ભમણા પેદા થતાં જીવના હૃદયરૂપ કોઠામાંથી દયા ધર્મ નીકળી જાય છે, સત્નો પ્રેમ નીકળી જાય છે, દેવ ગુરુ પ્રત્યે આદર બહુમાન નીકળી જાય છે. સત્નો પ્રેમ નીકળી જતાં ભાવ સત્યનો ખપ નીકળી જાય છે અને તેની જગ્યાએ આરોપિત ભાવવાળો ધર્મ દાખલ થાય છે જે સત્ય ધર્મના ટૂકડા કરી તેને ખંડ ખંડમાં વહેંચી નાંખે છે.**

મિથ્યાત્વ શલ્ય ધર્મના મૂળ ઉપર સીધો ઘા કરે છે. જ્યાં લક્ષ્મીથી કે દ્રવ્યથી ધર્મ ખરીદાતો હોય, આત્મ કલ્યાણના હેતુ સિવાય કે ગુણપ્રાપ્તિના હેતુ સિવાય ઈહલૌકિક પારલૌકિક સુખ-સંપત્તિ, નામના, કીર્તિ-યશ વગેરે માટે ધર્મ કરાતો હોય કે આત્માની સાચી સમજ અને દઢ શ્રદ્ધાન વિના ગતાનુગતિક પણે - લોકહેરીથી કે ઓઘસંજ્ઞાથી જે કાંઈ પણ ધર્મ સમજીને કરવામાં આવે તે બધાજ ધર્મો આરોપિતભાવવાળા ધર્મ છે. પોતાની માન્યતાની સિદ્ધિ માટે અન્યના ખંડનનો આશ્રય લેવાતો હોય અને તે દ્વારા ઉપશમભાવને બદલે વિકલ્પોની હારમાળા વધતી હોય તો તે બધો આરોપિત ધર્મ છે. આવા વખતે ક્યારેક શુભ ભાવો પણ ચાલે તો પણ તે વખતે માધ્યસ્થ પરિણતિ અને ઉપશમભાવ ગર્ભિત ન હોવાથી આ બધા ધર્મો આરોપિત ધર્મ છે અને બુદ્ધિમાં

- સમજણમાં ભ્રમણા પેદા કરતા હોવાથી સમજણનો નાશ કરનારા છે. આરોપિત ધર્મો બધા ભેદ ગ્રાહક છે જે પરમ તત્ત્વની સાથેની અભેદતામાં બાધક છે. જ્યારે સત્ તત્ત્વના ચાહકને એક માત્ર વીતરાગતા અને તેને લાવનાર વાસ્તવિક ગુણો જ પ્રિય હોવાથી સત્‌ના શોધક યોગીરાજ આનંદઘનજી મહારાજા તેની શોધમાંજ મંડી પડ્યા છે.

જે પોતાના પાપની શુદ્ધિ કરતો નથી તેનો દુષિત થયેલ ધર્મ એ પરધર્મ છે. જેમને આત્માના શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપને પામવાની ગરજ નથી - લગન નથી તે બધાનો બહારથી દેખાતો ધર્મ એ આરોપિત ભાવવાળો પ્રકૃતિનો ધર્મ છે, જે પરધર્મ છે.

આરોપિત એટલે અસત્ એવા ચોરી, છીનારી, ખૂન-જીવ વધ-વ્યસન-જુગાર જેવા અનર્થદંડના મહાપાપમાં રાચતા જીવોને તે પાપોથી મુક્ત કરવા જ્ઞાની અને યુગદષ્ટા આચાર્ય ભગવંતોએ શ્રાવકના ૧૨ વ્રત અને સાધુના પાંચ મહાવ્રત પ્રરૂપ્યા અને તે (વ્રત) યમોની પાલના અને શુદ્ધિ અર્થે નિયમ બનાવ્યા. પાપ યુક્ત અધર્મને સેવનાર તે પ્રકૃતિની સત્તાનો ગુનેગાર થાય છે અને તેની પર ગુનેગારીનો આરોપ લગાવી તેને તહોમતદાર બનાવી કર્મસત્તાને હવાલે કરી દીધો. ચોરાશીના ચક્કરમાં - મહા દુઃખયુક્ત જેલમાં - કેદીના સ્વાંગમાં ઘાલી દીધો.

આનંદઘનજી મહારાજાનો એ ઉપદેશ છે કે વ્યવહારની શુદ્ધિ અર્થે સદાચાર રૂપ આચારોની પાલના ભાવપૂર્વક કરો. કર્મસત્તાએ મૂકેલ તહોમતનામું કે આરોપનામું તે રૂપ કલંકને ધોવા આ સાચો ઉપાય છે. હે જીવ ! તને જે આ મનુષ્યપણું અને પ્રભુશાસન મળ્યુ તે પરમાત્માની તારા પર અપાર કરૂણા છે. લાખો ખરચતાં ગયેલી તક હાથમાં આવતી નથી એમ સમજી મળેલી તકને સાધી લે - સફળ બનાવી લે - ધન્ય બનાવી લે. મનના પરિણામોને સરળ બનાવીને પ્રભુની પાસે અત્યંત ગદ્‌ગદ્ હૃદયે પ્રાર્થના કર અને તારા પાપોનો પશ્ચાતાપ કર ? પ્રભુ પાસે તેનું બળ માંગ તો જરૂર તારો નિસ્તાર થશે.

卐

# પદ - ૯૦

## (રાગ - સાખી સોરઠો)

अणजोवतां लाख, जोवे तो एके नहीं ॥
लाघी जोबन साख वहाला विण एलें गइ. ॥

## (રાગ - સોરઠ)

महोटी वहूये मन गमतुं कीधुं ॥ महोटी. ॥
पेटमें पेंशी मस्तक रहेंसी, साहीं स्वामिजीने दीधुं । महोटी. ॥१॥

खोले बेसी मीठुं बोले, कांइ अनुभव अमृत जल पीधुं ॥
छानी छानी छरकडा करती, छरती आंख मनडुं विंध्युं ॥ महोटी. ॥२॥

लोकालोक प्रकाशक छैयुं, जणतां कारज सिध्युं ॥
अंगोअंगे रंगभर रमतां, आनंदघनपद लीधुं ॥ महोटी. ॥३॥

**સાખી : અણજોવતાં લાખ, જોવે તો એકે નહિ;**
**લાધી જોબન સાખ, વ્હાલા વિણ એળે ગઈ.**

સમતા વિચાર કરી રહી છે કે હાલમાં મારા પતિ ચેતનને યુવાકાળ વર્તે છે. યુવાની એ આત્મધર્મને સાધવાનો શ્રેષ્ઠ અવસર ગણાય. તે સમય પ્રમાદા ચરણમાં ન જાય તેની ચિંતા તેને સતાવી રહી છે. મનુષ્ય જીવનની પ્રત્યેક પળ અણમોલ છે, તે હાથમાંથી વહી ગયા પછી ઘડપણ આવતાં વાર નહિ લાગે. કાયા શિથિલ થશે, ગાત્રો નબળા પડશે, જોવાં સાંભળવાની શક્તિઓ ક્ષીણ થશે, શરીરમાં રોગો તંબુ તાણીને રહેશે, ઈન્દ્રિયો-મન બધુ શિથિલ થશે, ઉઠવા - બેસવા - હરવા - ફરવાની શક્તિ હણાઈ જશે, જીવ પથારી વશ થશે, પરાધીનતા આવશે, મૃત્યુકાળ ઓચિંતો ઝપાટો લગાવશે ત્યારે આ માનવ દેહને છોડતાં જીવને અત્યંત વસમું લાગશે.

પૂર્વમાં અણજાણપણામાં - અજ્ઞાનપણામાં જેની ગણત્રી ન કરી શકાય

તેવી લાખો-કરોડો-અબજો અને તેથી પણ અધિક વેળાઓ જીવે આત્મ સાધના વિના એળે ગુમાવી કારણ તે વખતે જીવ અજ્ઞાની હતો અને વિપરીત જ્ઞાને તેના આત્મા પર કબજો જમાવ્યો હતો. તે વખતે જીવ, આત્મા-પુણ્ય-પાપ-પરલોક-સદ્‌ગતિ-દુર્ગતિ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ વગેરે કશુજ સમજતો ન હતો. તે વખતે ચેતનના પક્ષમાં શ્રદ્ધા સુમતિ-સમતા વગેરે ન હતા માટે તે કાળ ક્ષન્તવ્ય હતો પણ હવે જ્યારે આત્મા જાગ્યો છે, મનુષ્યભવ અને તેમાં આત્મા-પરમાત્માની ઓળખ થઈ છે, હવે જ્યારે સમયની કિંમત સમજાઈ છે ત્યારે એકપણ ક્ષણ એળે ન જાય તેની ચિંતા સમતાને કોરી રહી છે. ભૂતકાળમાં ગયેલી ક્ષણો અણજાણપણામાં એળે ગઈ તેના દુઃખ કરતાં વર્તમાન સમયમાં જે વહાલાનો વિયોગ વર્તી રહ્યો છે, પોતાનો સ્વામી ચેતન પોતાને ઘરે પધારતો નથી, કદાચ પધારે તો ત્યાં ટકતો નથી તેની ભારે ચિંતા સમતાને સતાવી રહી છે. જેમ વૃક્ષ પર ફળ પાકે પણ તેનો રસ ચાખનાર કોઈ ન હોય તો તે ફળ પાકીને નીચે પડી જઈ નકામું બની જાય છે તેવી રીતે સમતા કહે છે કે મારી અત્યારે ભર યુવાની છે, યુવાનીની વસંત ખીલી છે પણ તે ચેતન એવા પતિરાજ વિના નકામી છે. મનુષ્ય જીવન અને પ્રભુ શાસન મળ્યા પછી જે આત્મા પોતાના આત્માને પરમાત્મા બનાવવા માટેનો પ્રયત્ન નથી કરતો તેનુ મનુષ્યભવને પામવા રૂપ યૌવન - સૌભાગ્ય એળે જાય છે. જીવનો અચરમાવર્ત કાળમાં તેમજ ચરમાવર્ત કાળમાં પણ ઘણો કાળ નરક-નિગોદ વગેરે દુર્ગતિમાં ગયો તેનો જેટલો ખેદ કરવા યોગ્ય નથી તેના કરતા અધિક ખેદનું કારણ એ છે કે ચેતન જાગ્યા પછી પણ ઉદ્યમશીલ નથી બનતો.

**મોટી વહુએ મનગમતું કીધું.... મહોટી.**
**પેટમેં પેંશી મસ્તક રહેંસી, વેરી સાહી સ્વામીજીને દીધું... મહોટી...૧**

સંસાર નાટકના સ્ટેજ પર નાટક ભજવવા મહાત્મા આનંદઘનજીએ કલ્પેલા બે સ્ત્રી પાત્રોમાં મોટી વહુ તે માનીતી સુમતિ અથવા સમતા છે અને નાની વહુ તે અણમાનીતિ કુમતિ અથવા મમતા છે. પોતાના સ્વામિ ચેતનના મુખ ઉપર છવાયેલી ચિંતાની રેખા જોઈને સુમતિ બેચેની અનુભવે છે. પતિના દુઃખે પોતે દુઃખી થાય છે કારણ કે ખાનદાન છે. પોતાના સ્વામીનું હિત કેમ થાય

તે વાતજ તે વિચારે છે જ્યારે નાની વહુ કુમતિ આ બંનેનો તમાસો જોઈને મનોમન રાજી થાય છે અને મોટી વહુ પ્રત્યે દ્વેષથી વર્તે છે. કુમતિને પોતાના સ્વામી પાસે પોતાનુ ધાર્યુ કરાવવું છે પછી તેમ કરતા સ્વામીના બુરા હાલ થાય તો તેને વાંધો નથી કારણ કે જાતની તે ખાનદાન નથી પણ કુલટા છે. આગળ ઉપર કહી આવ્યા તેમ ભાંડભવૈયાની જાત છે, ઘર ઘર ભટકનારી રખડુ જાત છે. તેના ઉપર વિશ્વાસ મૂકીને ચેતન અનંતીવાર દુઃખ પામ્યો છે. સુમતિ પોતાના સ્વામીનું આ દુઃખ જોઈ શકતી નથી, પોતાના સ્વામી કુમતિના ફંદામાંથી કેમ નીકળે એજ વિચાર તેને આવે છે. સુમતિ એ નિર્મળ ભાવની ધારક છે અને ભાવચારિત્રની પાલક છે. ઉત્તમ વિચારો વડે તે હંમેશા સદ્પ્રવૃત્તિમાં સ્થિર રહે છે. તેણીએ પોતાના સ્વામીના મનને જીતી લીધું આથી સમતાની જીત થઈ અને સમતાને જે મન ગમતુ હતું તે થયું. પોતાનુ ધાર્યુ થયું. મમતાની પાછળ ઘેલા બનેલા મનને ત્યાંથી પાછુ વાળી સદ્ધ્યાનમાં જોડી દીધું.

પોતાના સ્વામીના પેટમાં એટલે મનમાં જે પૂર્વમાં મિથ્યા આગ્રહો પેસી ગયેલા - મગજમાં જે અશુભ લેશ્યાના ભાવો રમતા હતા અને જે મનને નિરંતર મલિન બનાવતા હતા તેને, તેણીએ રેંસી નાંખ્યા - ખતમ કરી નાંખ્યા. મનને નિર્વિકારી બનાવી દીધું. ધ્યાનાગ્નિની જ્વાલામાં જે કાળી શાહી જેવા અશુભ કચરા જેવા ભાવોને બાળીને ભસ્મીભૂત કરી દીધા અને સુવર્ણના રંગ જેવા ઉજ્જવળ શુકલલેશ્યાના ભાવો સ્વામીના ચરણે ધરી તેમનું ભાવ સ્વાગત કરી ઉજ્જવળ શુભ ધ્યાનમાં જોડી દીધા. મગજ શાંત-ઠંડુ બનાવી દીધું.

**ખોલે બેસી મીઠું બોલે, કાંઈ અનુભવ અમૃત જલ પીધું**
**છાની છાની છરકડા કરતી, છરતી આંખ મનડું વિંધ્યું. મહોટી...૨.**

અહિંયા ચેતનરાજ પતિના સ્થાને છે. સમતા - સુમતિ એની પત્નીઓ છે અને આત્મજ્ઞાનની પ્રાથમિક અવસ્થા તે બાલચેતન છે. જેમ ખોળામાં બેઠેલો બાળક કાલીકાલી વાણી બોલે ત્યારે માતાના મનને અપાર આનંદ ઉપજાવે છે તેમ ચેતન એવો આત્મા સમતા અને સુમતિનું અવલંબન લઈ મમતા અને દુર્મતિને હડસેલી નાંખે છે ત્યારે આત્મ વિશુદ્ધિનો અનુભવ શરૂ થાય છે. જેમ

સંસાર પર્યાયમાં નહિ પણ માન્યતામાં ઊભો થયો છે.

કેવળજ્ઞાનની પ્રકાશક શક્તિ લોકાલોકને અજવાળે છે તેમ એ પ્રકાશક શક્તિનો અંશ જ્યારે ચેતન પ્રગટ કરે છે ત્યારે તેના મુખ ઉપર સમ્યગ્ જ્ઞાનના અને વિવેકના અજવાળા પથરાય છે. સમ્યગ્ પરિણમનની ધારા તે બાલ ચેતનના મસ્તકમાં વહેવાથી તેના મુખમાંથી નીકળતી વાણીમાં એટલી બધી મીઠાશ હોય છે કે તેને સાંભળનારને તે અમૃત સમાન મીઠી લાગે છે. જાણે કે પૂર્વભવમાં અમૃતપાન કરીને આવેલો હોય તેવી અનુભવ યુક્ત વાણી તેના મુખમાંથી સહજપણે ઝરે છે. એ વાણી સાંભળનારને એવુ લાગે કે નક્કી આ આત્માને આત્મજ્ઞાન લાધ્યુ હોવુ જોઈએ. આત્માની અનુભૂતિ થયેલી હોવી જોઈએ નહિતો આવી વિવેકયુક્ત - અનુભવ ગર્ભિત મધુર વાણી કેમ નીકળે ?

આત્મજ્ઞાનની પ્રાથમિક દશાને પામેલા ચેતનને એ ખબર છે કે અધ્યાત્મના માર્ગે હજુતો હું પા પા પગલી માંડતો બાળક છું, આત્માની કૈવલ્ય અવસ્થાને મારે સિદ્ધ કરવાની છે તે માટે મારે નિરંતર સુમતિ - સમતા - સમાધિને સાધવાના છે. બાળક જેમ નિરંતર પોતાના માતા પિતાની સામુ જુવે છે, તેની એક એક ચેષ્ટાને બરાબર ધ્યાનથી નિહાળે છે કે તે શું બોલે છે ? કેવું બોલે છે ? કોની સાથે બોલે છે ? તે વખતે તેમના હાવભાવ કેવા હોય છે ? એ બરાબર ધ્યાનમાં રાખે છે અને પછી તેના જેવુ અનુકરણ કરે છે તો જતે દહાડે જેમ બાળક પણ તેમાં નિપુણતાને પામે છે તેમ ચેતનાની પ્રાથમિક દશાને પામેલ બાળચેતન પોતાનાથી અધ્યાત્મની ઉચ્ચકક્ષાને પામેલ પોતાના ગુર્વાદિના સતત પરિચયમાં રહે છે, તેની એક એક ચીજની નોંધ કરે છે, તેમની પાસેથી વિનય બહુમાનભાવે માર્ગદર્શન મેળવી આગળ વધે છે. ચેતન અને સમતાની પ્રેમમય વાતોને દિવ્યજ્ઞાની એવો બાળક પ્રેમથી તેની ચેષ્ટાને કોઈ પરખી ન જાય તેમ છાનો માનો સાંભળે છે, ડાવકુ મોં રાખીને સાંભળે છે, વળી બાલચેતનની નિર્વિકારી આંખો માતાપિતાની પ્રેમમય વાતો સાંભળતી વખતે છકરડા લેતી હોય છે અર્થાત્ એ સાંભળતા એની આંખોમાં આશ્ચર્ય વર્તતુ હોય તેમ ચકલવકલ થતી હોય છે. તેની આંખમાંથી દિવ્યપ્રકાશ ઉછળતો હોય છે. એ પ્રકાશ માતા પિતાના મનડાને વીંધી નાંખતો હોય તેવો આનંદ તેમના હૃદય સ્થળમાંથી ઉછળીને બહાર આવતો હોય છે અને બાલ ચેતનના માતાપિતા

ચેતન અને સમતાને પણ બાળચેતનની આવી ચેષ્ટા જોઈને લાગે છે કે નક્કી આ બાળકે અનુભવ રૂપી અમૃત પાન કર્યું હોવું જોઈએ નહિ તો તે સિવાય અંતરમાંથી આટલો બધો શુભભાવોનો પ્રવાહ ઉછળે નહિ. જેમ જેમ ચેતન અને સમતાની વાતો તેને સાંભળવા મળતી જાય છે તેમ તેમ તેનું અંતર આનંદરસમાં ગરકાવ બની જતું હોય છે કે જાણે અત્તરના હોજમાં ડૂબકી મારી ન હોય, તેના એક એક અંગો રોમાંચ અનુભવતા હોય છે, તેના સાડા ત્રણ ક્રોડ રૂવાંટા બધા એક સાથે ઊભા થઈ જાય છે. બાલ ચેતન હવે અનુભૂતિના ઉપરઉપરના પગથિયા સર કરતો જાય છે. એ વાતો સાંભળતા સાંભળતા છકરડા લેતી તેની આંખો - પહોળી થતી આંખો - વિસ્મય - અહોભાવને પામતી, ચકળવિકળ થતી તેની આંખોમાં એટએટલો આનંદ આનંદ આનંદ વર્તતો હોય છે કે તે જોનારના મનને પણ આરપાર વીંધી નાંખે છે અને જોનારાઓ પણ પોતે આંશિક સમતા સમાધિને પામે છે.

**લોકાલોક પ્રકાશક છૈયું, જણતાં કારજ સિધ્યું;**
**અંગોઅંગ રંગભર રમતાં, આનંદઘન પદ લીધું... મહોટી...૩.**

પતિ ચેતનરાજ અને માતા સમતાથી જન્મ પામેલ તે બાળચેતનનો આત્મા આવા છૈયાને બાળકને સુમતિ રાણીએ જન્મ આપ્યાથી તેનું ભાવિ તો ઉજળું થઈ ગયું પણ પોતાના સ્વામીની પણ ભાવિકાર્યની અવશ્ય સિદ્ધિ થશે કારણ કે આનંદઘનજીનો આત્મા પોતે અને આનંદનો સાગર પરમેશ્વર અને નિર્મળ બનેલ જ્ઞાનગુણ - ચૈતન્યગુણ ત્રણેની એકતા થઈ અથવા તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનુ મિલન થયું અથવા શ્રદ્ધા - સુમતિ - સમતા (દર્શન-જ્ઞાન-ચારિત્ર) એ ત્રણે પવિત્ર નદીઓની જલરાશિનો ત્રિવેણી સંગમ થયો અર્થાત્ આનંદરૂપ મહાસાગરના મુખ આગળ તેઓનું ભેટવું થયું. આમ આત્માના ત્રણ અંગોનું આપસ આપસમાં મિલન થતાં ત્રણે પરમાનંદમાં આવી જઈ રમમાણ બની રમી રહ્યા છે એટલે જાણે કે અહિંજ મુક્તિ પદ - આનંદઘન પદ સાધ્ય કરી લીધું એવું એમને લાગી ગયું અર્થાત્ ત્રણેના અંગેઅંગમાં એટલી બધી ખુશી વ્યાપેલી હતી !

આનંદઘનજી મહારાજને અમુક સમય સમયના અંતરે જુદા જુદા પ્રકારની અનુભૂતિઓ અંતરંગમાં થયેલી તેની એકી સાથેની ક્રમવાર નોંધ આ પદમાં લીધી હોય એવું જણાય છે.

**પહેલો અનુભવ :** શ્રદ્ધા-સુમતિ એટલે શુદ્ધ થયેલી ચેતના તેનુ સમત્વભાવમાં આવવું. શુદ્ધ ચેતના એ અધ્યાત્મનું પ્રથમ અંગ અને તે કુંડલિની શક્તિ કે જે અનાદિકાળથી મૂર્છામાં અથવા સુષુપ્ત દશામાં સર્પાકારે વીંટળાઈને ગૂંચળાકારે મૂળાધારમાં પડેલ તેને પુનઃ જાગૃતિમાં આણ્યાનો અનુભવ તે પહેલો અનુભવ.

**બીજો અનુભવ :** જઠર અથવા હોજરી કે જે ભાગને સ્વાધિષ્ઠાન ચક્રની ઉપમાં આપેલ છે તે ધ્યાનાગ્નિ રૂપી ભઠ્ઠીના બળથી જવલંત થતાં હળવા થયેલા કર્મો કે જે સ્વરૂપાનુભૂતિમાં અંતરાય કરનારા હતાં તેનું લોહચુંબકની જેમ ખેંચાઈ ખેંચાઈને ઉદયમાં આવી નિર્જરા થવી. જેમ હોળીના તહેવારમાં હોળી સળગાવી તેમાં લાકડા-પાંદડા-ડાળી-ડાખળાઓ, કાગળના ટૂકડાઓ બાળવામાં આવે છે તેમ સત્તામાં પડેલા અને ઘણા લાંબા કાળ પછી ઉદયમાં આવનારા એં કર્મોનુ પણ ધ્યાનાગ્નિથી સ્વાધિષ્ઠાન પ્રજ્વલિત થતાં લોહચુંબકની જેમ ખેંચાઈને ઉદયમાં આવી ખરી પડવું એવો ઉદીરણાનો પોતાના જ્ઞાનમાં અનુભવ થવો તે બીજો અનુભવ.

**ત્રીજો અનુભવ :** નાભિ પ્રદેશ કે જ્યાં મણિપુર ચક્ર આવેલુ છે ત્યાં કોઈ પણ જાતનો જાપ જપ્યા સિવાય અજપાજાપની અનુભૂતિ થવી.

**ચોથો અનુભવ :** હૃદય કમળ ઉપશમ બળે - બાળ્યા રાગને રોષ
હિમ દહે વન ખંડને - હૃદય તિલક સંતોષ

આ હૃદયમંદિરમાંથી કર્મના કચરા નીકળી જવાથી તે સ્થાનમાં પુનઃ ભગવાન આત્માનું પ્રતિષ્ઠાપન થવાથી અનાહત ચક્રની ભૂમિમાંથી પંચ દિવ્ય ધ્વનિ નાદ શ્રવણની (બ્રહ્મનાદની) અનુભૂતિ થવી કે જેમાં (૧) ઘંટાનાદ (૨) ઝાલરનાદ (૩) પખવાજ (૪) મૃદંગ (૫) શહેનાઈ - નોબત (૫) ઘંટડીઓના નાદ શ્રવણની અનુભૂતિ થતી હોય છે. ત્યારપછી યુદ્ધમાં વિજયની

ભેરી, દુંદુભિ - નગારા નાદ એ બધાની અનુભૂતિ થવી. આ સંભળાતા નાદો અનુભવ્યા પછી બધિર નાદમાં મેઘનાદ - સરિતાનાદ અને ગંભીર એવો સમુદ્રનાદ દશ્યરૂપે અનુભવાય છે. ત્યાર પછી ગળાના ભાગમાં આવેલ વિશુદ્ધ ચક્રમાં પ્રભુભકિતના ગુણગાન - વાજિંત્રોના સુરો - તાલ - લય પૂર્વકનું સંગીત સાથેનુ ગીત - સુરાવલિ ધ્વનિ કે જે ગાનારને સાંભળનારને સર્વને મધુરરસનું પાન કરાવે - ભકિત રસ ઉપજાવે તેવા મધુર ધ્વનિનો અનુભવ થતો હોય છે.

**પાચંમો અનુભવ :** આજ્ઞાચક્રમાં (ખોપરીની અંદર કપાળના મધ્યભાગમાં) નાનકડી બારી સરખું ત્રીજું લોચન - દિવ્ય નયન કે અંતર શોધમાં સહાયક અંતર ચક્ષુ. રૂપ બારીના ઉઘડવાનો અનુભવ થવો અને બ્રહ્મરંધ્ર - સહસ્ત્રાર ચક્રમાં અધ્યાત્મિક શકિત ખીલી રહ્યાનો અનુભવ થવો.

આજ્ઞાચક્ર અને સહસ્ત્રાર ચક્રની વિશુદ્ધિ થયા પછી તે તંત્ર કર્મમલ રહિત થવાથી તેમાંથી ઉદ્ભવ પામતા પદ્મલેશ્યાથી લેસિત સુવર્ણના રંગ જેવા અને શુકલ લેશ્યાથી લેસિત ઉજ્જવળ પરિણામવાળા રંગની શ્યાહી દીધાથી એ શ્યાહીના રંગે આનંદઘનજીનો ચૈતન્ય આત્મા રંગાયો, વિવેક જ્ઞાનદષ્ટિ જાગૃત થઈ. વૈરાગ્યની વૃદ્ધિ થઈ. શ્રદ્ધા-સુમતિ-સમતાનું નજદીક આવવુ થયું. વાણીમાં અમૃત રસનુ ઝરવું, લોકાલોક પ્રકાશક જ્ઞાનને ફેલાવનાર કૈવલ્યજ્ઞાનનું અંશ રૂપે સમતાના ઉદરમાંથી બાળકભાવે અવતરણ થવું પોતાના જીવન સાગરમાં અનુભવનો સંચાર અને જલપાન કર્યાનો અનુભવ થવો.

આવા અનેક પ્રકારના અનુભવો શ્રીમદ્ આનંદઘનજીને સમતામાં રમણતા કરવાથી થયા છે. તેમના ગુપ્ત ભેદોના જ્ઞાનથી આ પદને તેઓશ્રીએ અલંકૃત કરેલ છે.

卐

*માનવભવમાં આવી સંસાર છોડવા જેવો અને મોક્ષ મેળવવા જેવો છે, પણ તે માટે નિયમબાહ્ય થયેલાં જીવે નિયમમાં આવવા સંયમ લેવા જેવો છે.*

# પદ - ૯૧

## (રાગ - મારુ)

वारोरे कोइ परघर रमवानो ढाल ॥
न्हानी वहुने परघर रमवानो ढाल ॥ ए आंकणी ॥

परघर रमतां थइ जूठा बोली, दे छे धणीजीने आल. ॥ वारी. ॥१॥

अलवे चाला करती हींडे, लोकडां कहे छे छीनाल ॥
उलंभडा जण जणना लावे, हैडे उपासे साल. ॥ वारो. ॥२॥

बाइरे पडोसण जुओ ने लगारेक, फोकट खाशे गाल ॥
आनन्दघन प्रभु रंगे रमतां, गोरे गाल झबूके जाल. ॥ वारो. ॥३॥

**વારો રે કોઈ પર ઘર રમવાનો ઢાલ, નાની વહુને પર ઘર રમવાનો ઢાલ;**
**પરઘર રમતાં થઈ જૂઠા બોલી, દે છે ધણીજીને આલ.. વારો રે કોઈ...**

બુદ્ધિમાં દુષ્ટતા પેદા થવાથી જીવ અવળા માર્ગે ચડી ગયો દેખાય છે તે વખતે લોકો તેનામાં રહેલી દુર્બુદ્ધિને - કુમતિને નિંદે છે. લોકોના માનસપટ ઉપર જે ખોટા ખ્યાલો એકવાર બંધાઈ જાય છે તે ભૂંસાતા નથી. કોઈ પણ વસ્તુની નિંદા કરવામાં આવે ત્યારે તપાસવું જોઈએ કે દોષ કોનો છે ? ભૂલ કોની છે ? પોતાની છે કે બીજાની ? જીવે પોતેજ અનાદિ કાળથી દોષોને સેવેલા છે અને તેના કારણે તે આત્મામાં સંસ્કાર રૂપે જમા થયેલા છે તે સંસ્કારોજ ઉદયમાં આવી બુદ્ધિમાં વિક્ષેપ ઉભો કરે છે. આમ બરાબર વિચારવામાં આવે તો મૂળમાં ભૂલ જીવની છે કારણ કે દોષોને સેવનાર તે છે, દોષોને ઉત્તેજન આપનાર તે છે. પોતાની ભૂલનો ટોપલો તે નાની વહુ પર ઢોળવા મથે છે તેની ભૂલને અન્ય કોણ સુધારી શકે ? પોતાની ભૂલ પોતાને સમજાય અને જીવ પોતાની જાતને સુધારે - પોતાની જાત પર અંકુશ મુકે તોજ સુધારો થાય અને નવી ભૂલો તોજ અટકે. પોતે જ્યાં સુધી દોષનુ સેવન કરશે ત્યાં સુધી બુદ્ધિ બગડવાનીજ છે પછી તેનો વાંક બીજા ઉપર કાઢવાથી શું વળશે ?

આ પંચમકાળ હળાહળ જૂઠથી ભરેલો છે. દંભ-કપટ-માયાચાર આ બધા દોષોનું સેવન જીવને સહજ થઈ પડ્યું છે તેમાં ક્યારેક અણમાનીતી પત્ની પ્રિય થઈ પડે તો ક્યારેક માનીતી અપ્રિય લાગે છે આવા અટપટા ભાવો મન પર લાવનાર કોણ ? તો કહે છે કે પૂર્વમાં બંધાઈ ગયેલા તેવા પ્રકારના સારા કે ખોટા સંસ્કારોની અસર કર્મના ઉદયે જીવના ચિત્ત ઉપર થતી હોય છે.

સંસારમાં પુરુષની પ્રકૃતિ કઠોર અને જલદ હોય છે તેની સામે નારી સ્વભાવ નરમ ગુણોવાળો હોય છે. આ બંનેની વચ્ચે ગમો અણગમો કરાવનાર તે પ્રમાણેના બંન્નેના કર્મ છે. (વારો રે કોઈ) - તેને કોણ વારી શકે ? સુધારી શકે ? અટકાવી શકે ? જીવને અનાદિકાળથી પોતાના ઘર પ્રત્યે અસંતોષ છે. પોતાની જ્ઞાન સત્તા એ પોતાના રાજ્યની હદ છે તેમાં અસંતોષ થવાથી તેનુ મન પારકા રાજ્યની હદમાં પ્રવેશવાળુ થયું છે અને તેથીજ આ નાની વહુ અને મોટી વહુ વચ્ચે અણબનાવનો પ્રસંગ ઉભો થયો છે, તેમાં ભૂલ જીવની પોતાની છે. જીવને પર પુદ્ગલ પ્રત્યે ગમો-અણગમો રહે છે તે તેમાં મુખ્ય કારણ છે. પારકા ઘરે રમવાની જીવને ટેવ પડી છે તેમાં કારણ જીવના અંદરમાં પડેલા સંસ્કારો છે અને સંસ્કારોને પાડનાર જીવ પોતેજ છે. જો જીવે દોષોનું સેવન ન કર્યું હોત તો ખોટા સંસ્કાર પડત નહિ, અશુભ કર્મ બંધાત નહિ અને તો જીવ આજે પોતાની જ્ઞાનસત્તામાંથી બહાર નીકળી પરઘરમાં રાગાદિભાવે ભટકવા જાય છે તે જાત નહિ. સુમતિ અને કુમતિ, સમતા અને મમતા આવા બંને પરસ્પર વિરોધી પાત્રો અંદરમાં ઊભા થયા તેનુ કારણ જીવ પોતે જ છે. હવે જયારે એક વખત કુમતિ ઉત્પન્ન થઈ ગઈ અને પછી ચિત્ત વારંવાર બહાર ભટકયા કરે ત્યારે તે સ્થિતિ જીવને રાત'દિ ચિંતાની મુંઝવણમાં નાંખી દે છે. દિવસે તેમજ રાત્રે નિદ્રામાં સ્વપ્નમાં તેવા તેવા પ્રકારના ભયજનક દશ્યો દેખાય છે. ભવોભવના કુસંસ્કારો લઈને આવેલો હોવાથી તે તે વિષયોમાં ચિત્ત ભટકવાથી રાત્રિમાં સ્વપ્ન દરમ્યાન ભયજનક દશ્યોની હારમાળા સર્જાય છે જેની અસર જીવના ચિત્તતંત્ર ઉપર થવાથી ગભરાટ છુટે છે.

આ હળાહળ જૂઠથી ભરેલો પંચમકાળ છે, જેમાં ઉદ્ભટ વેશ અશ્લીલ સાહિત્યનું વાંચન, નગ્ન અને બિભત્સ પોસ્ટરો - ચિત્રો આદિનું દર્શન,

હોટલોના ખાન-પાન, વિકારોની ઉશ્કેરણી કરે તેવા ટી.વી. વગેરેના સાધનો, સહશિક્ષણ, લજ્જા અને શરમ મર્યાદા મૂકીને ઉઘાડે છોગ કરાતો વિજાતીયનો પરિચય, ચાઈનીઝ ફુડ - ફાસ્ટ ફુડ વગેરેના કારણે પુરુષ અને સ્ત્રીના બાંધા નબળા અને મન પણ નબળા પડ્યા છે. આવા હાલ આર્ય સંસ્કૃતિ અને ભારત માતાના છે જેમાંથી ભગવાન બચાવે તો જ બચાય તેમ છે. પુરુષ અને સ્ત્રીનો આંધળો પ્રેમ એને જ્યાં ત્યાં ઢસડી જાય તેમ છે.

(પર ઘર રમતાં થઈ જૂઠા બોલી દે છે ધણીજીને આલ) - નારીઓમાં શંખણી, ચિત્રીણી, પદ્મિની અને યોગીણી એમ ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. તેમાં સોળ સતીઓ જેવી સન્નારીઓ તો આજે જવલ્લેજ જોવા મળે એમ છે. તે તો કોઈક કાળેજ પાકે કારણ કે આ સંસાર મોટે ભાગે શંખણી અને ચિત્રીણી નારીઓથી ભરેલો છે. ઉત્તમ ચારિત્રશીલ અને યોગીણી સ્ત્રીઓ તો કોકજ નીકળે. આવો આ સંસાર વાસનાઓથી ખદબદી રહેલો છે.

શાસ્ત્રકારોએ સોળ સતીઓના ગુણ ગાયા છે અને તેને માતા સમાન ગણી વંદનીય કહી છે તેમજ પ્રાત: કાળમાં તેઓના નામનું સ્મરણ કરવાથી તે દિવસ ધન્ય બને છે. આથી પણ શ્રેષ્ઠ પરમ ભાગ્યવંતી નારીઓ કે જેમની કુક્ષીમાં ત્રણ લોકના નાથ તારક તીર્થંકર પરમાત્માઓ આવ્યા તે છે. તીર્થંકર પરમાત્માઓના જન્મથી તેમના માતા-પિતા-કુળ-નગર-ક્ષેત્ર-દેશ-ભૂમિ-જન્મ સમય બધુજ ધન્યાતિધન્ય બની જાય છે. ઉપા. ઉદયવાચકજી ગાય છે :

**માત ને તાત અવદાત એ જિનતણા, ગામ ગોત્ર ને પ્રભુ નામ થુણતાં;**
**ઉદયવાચક વદે ઉદયપદ પામીએ, ભાવે જિનરાજની કીર્તિ ભણતાં.**
**પંચ પરમેશ્વરા.**

આનંદઘનજી મહારાજે પણ પંદરમાં ધર્મનાથ ભગવાનના સ્તવનમાં 'ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી રે માત પિતા કુલવંશ જિનેશ્વર' પંક્તિથી આજ વાતને ઉપસાવી છે. એક ભરત કે ઐરવત ક્ષેત્રને આશ્રયીને જંબુદ્વીપ વગેરેનો વિચાર કરતા ૨૦ કોટાકોટિ સાગરોપમ જેટલા કાળમાં એટલે કે એક કાળ ચક્ર જેટલા સમયમાં ૪૮ માતાઓ આ લાભ મેળવી શકે. પૂર્વકાળે સુદેવ - સુગુરુ

- સુધર્મની અતિ ઉલ્લસિત ભાવે આરાધના કરી હોય - સમસ્ત જીવોના મંગલની - હિતની ભાવના ભાવી હોય - સર્વ જીવોને પોતાના મિત્ર માની તેમની રક્ષા કરી હોય - દયા ધર્મને આરાધ્યો હોય ત્યારે અમુક યુગ વીત્યા પછી તીર્થંકરની માતા થવાનો સુયોગ સાંપડે છે. બાકી શિયલવંત શ્રાવિકાધર્મ - પતિવ્રતાધર્મ તેમજ વ્યવહાર ધર્મને શ્રેષ્ઠતાથી આદરણીય સમજી અતિઉલ્લસિત ભાવથી ધર્માચરણ કરનારી નારીઓની ગણત્રી ૧૦ ટકામાં કરી શકાય. તેનાથી પણ ઉત્તમધર્મ પાલનારી નારીઓને યોગિણી કક્ષામાં મૂકી શકાય. આવા પ્રકારની સ્ત્રીઓ પોતાના મન-વચન-કાયાને યોગ સાધનાની ભઠ્ઠીમાં તપાવી તેની શુદ્ધિનું કાર્ય કરે છે.

વર્તમાન કાળમાં નાત-જાતને જોયા વગર ગમે તેના ઘરમાં આવન જાવન કરવાનુ અને તેની સાથે કામ ક્રીડા વગેરે બૂરી આદતોથી તેવા પ્રકારના સંસ્કારનું ખેંચાણ એકવાર થયા પછી તેમાંથી છુટવું મુશ્કેલ બની જાય છે. પછી છુટાછેડા લેવા કોર્ટમાં ન્યાય માંગવા જવુ વગેરે કાર્યોમાં ફસાવું પડે છે. જૂઠા અપકૃત્યો કરનારે પોતાની જાતિ મર્યાદાનો નિયમ તોડતા કે કુદરતી મર્યાદાઓના બંધનો તોડતી વેળાએ ભાવિમાં આના પરિણામ કેવા આવશે તે વિચાર કરવામાં નથી આવતો માટેજ (થઈ જુઠા બોલી) - એક અપકૃત્યને ઢાંકવા અનેક જુઠાણાઓને નોંતરાઓ આપવા પડે છે, પ્રપંચ રમવા પડે છે જેની પરંપરાથી ભવિષ્ય ખોટુ રચાય છે. તેના સંસ્કારો જીવને અનીતિ અને અધર્મના માર્ગે દોરી જાય છે.

(દે છે ધણીજીને આલ) - આવા કુસંસ્કારો લઈને આવેલ જીવને પર ઘરમાં રમવાની ટેવ પડી ગઈ હોય છે અને પછી પોતાના દોષનો બચાવ કરવા પોતાના ધણીને આળ આપે કે શું કરું ? મારે તો કાંઈ પર ઘરે જવુ નથી પણ મારો ધણી બાયલો નીકળ્યો મને સાચવતો નથી માટે મારે આ કરવુ પડે છે. આવી સ્ત્રીઓની જે સંતતિ પાકે છે તે પણ માંયકાંગલી હોય છે એમાં ન તો પોતાને સુખ હોય કે ન તો એની પ્રજા સુખી થાય.

**અલવે ચાળા કરતી હિંડે, લોકડાં કહે છે છીનાલ;**
**ઉલંભડા જનજનના લાવે, હૈડે ઉપાસે સાલ - વારો રે કોઈ....૨.**

માયા-પ્રપંચ-જુઠ-આળ-છીનાળું જેવા કુસંસ્કારો આચરવાથી જીવને નારી દેહ મળે છે અને તેને કારણે ઘણા પ્રકારના પાપોને જીવે આચરવા પડે છે અને તેથી જીવ માનવપણાના ઉત્તમ અવસરને ગુમાવી બેસે છે તેવી સ્ત્રી અલવે એટલે લવલવ કે બકવાદ ન કરતાં ગુપ્ત ચેનચાળા દેખાડતી લટકમટક કરતી માયાવી ગતિ કે માયાવી ચાલચલગત છતી કરતી તે હીંડે છે મતલબ તે ચાલે ત્યારે છીનાળ-કુલટા જેવી તેની ચાલ, હાવભાવ, ચેનચાળા, લટકામટકા વગેરે દેખાય છે તેથી લોકો તેને છીનાળ-કુલટા તરીકે ઓળખે છે. પૂર્વના ભવમાં જીવ ખોટા સંસ્કાર લઈને આવેલો હોય તેને કારણે આ ભવમાં જીવને તેવા પ્રકારના નખરા સૂઝે છે.

તેવી નારીના પતિને જનજનના એટલે દરેક લોકોના ઓલંભડા એટલે ઠપકાઓ કે વ્યંગકટાક્ષ સાંભળવા પડે છે. આનાથી હૈયે કાંટા ભોંકાતા હોય એવું એ સાલે છે - કઠે છે. તેવી નારીના હૈયામાં પણ સાલ એટલે સડેલા ભાવોની વિચારણા રહ્યા કરે છે. તેણીને નિદ્રામાં સ્વપ્ના પણ તેવાજ પ્રકારના આવે છે. એક વખત ખોટા સંસ્કારો દઢ થઈ જતાં જીવને કુમતિ જાગવી સહેલી છે પછી તેનાજ પ્રવાહમાં જીવને અનાયાસે - અનિચ્છાએ પણ તણાવું પડે છે. એના કારણે સજ્જન લોક તરફથી તેને નિંદા-અપયશ વગેરે સહેવા પડે છે. શિષ્ટલોકમાં જીવ પોતાની આબરૂ ગુમાવે છે. સુમતિ અને સમતા એ ચેતનનો સાચો પરિવાર હોવા છતાં આવા સમયે તેઓ કશુંજ કરી શકતા નથી તેથી તેઓને પણ ઘણું દુઃખ થાય છે પણ કુમતિ અને કુસંસ્કારોને વશ પડેલા જીવ આગળ તેમનુ કશું ચાલતુ નથી.

**બાઈરે પાડોશણ જુઓને લગારેક, ફોગટ ખાશે ગાળ;**
**આનંદઘન પ્રભુ રંગે રમતા, ગોરે ગાલ ઝબૂકે જાલ વારો રે કોઈ...૩.**

કુમતિ દ્વારા પોતાના સ્વામીના બેહાલ થયેલા જોઈને સુમતિ પોતાની પાડોશમાં રહેતી બાઈઓને ગુસ્સો લાવી ગરમ મગજથી વાત કરે છે કે તમે બધા મારી વાત પર કાંઈક લક્ષ આપી જરાક અમારી સામે જુવો, અમારા બંને વચ્ચે તમને કોનો વાંક દેખાય છે તે કહો. નાની વહુ કુમતિને પર ઘર રમવાની

જે ખરાબ આદત પડી ગઈ છે તેને સમજાવી તમે સ્વઘરે સ્થિર કરો. જો તેણી નહિ સમજે તો ફોગટ - ન છૂટકે મારે તેની સાથે ગાળાગાળીમાં ઉતરવું પડશે. જન જન મને તેણીના દુરાચારના બદલામાં ઓલંભા આપે છે તેથી તેણી પર મને ભારે ગુસ્સો આવે છે.

કહેવાનુ તાત્પર્ય એ છે કે કુમતિને વશ પડી જીવ ખોટી ચાલ ચલગતમાં ફસાય છે પછી અનેક લોકો તેને નિંદે છે - ધિક્કારે છે. આ લોકો તરફથી થતા અપમાન - તિરસ્કાર - અપયશ વગેરે જોતાં જીવને પોતાની ભૂલ સમજાય છે, પોતાના દોષો પ્રત્યે તેને ભારે પસ્તાવો થતાં આ દોષો હવે કેમ નીકળે તે માટે તેના હૃદયમાં દૃઢ સંકલ્પ બળ પેદા થાય છે અને હવે જો કાંઈ પણ દોષોનું સેવન થાય તો જીવ તેની સામે કડક દંડ વગેરે દ્વારા પોતાની જાતને સુધારવા મેદાને પડે છે. આ છે જીવમાં જાગ્રત થયેલ સુમતિ અર્થાત્ સદ્બુદ્ધિ અને વિવેકનું ફળ. આમ થવાથી હવે ચેતનની પર્યાયમાં મિથ્યાભાવોનું પરિણમન ઘટવા માંડે છે. સમ્યગ્ પરિણમન થતાં અને તે વૃદ્ધિ પામતાં અંતે એક એવી સ્થિતિનું નિર્માણ થાય છે કે ચેતન અને ચેતના સમ પરિણામે એક રૂપ બની આનંદ ખુશીમાં આવી અંગેઅંગ મિલાવી રમી રહ્યા છે જાણે કે તેઓને આનંદઘન પદ અહીંજ મળી ગયું હોય તેવો ભાસ થાય છે. આનંદઘનજીનો આત્મા અને તેમની વિશુદ્ધ પર્યાય - શુદ્ધ ચેતના એકમેક બનીને રંગરસ રમતી વેળાએ જાણે તેમના ગાલ પર વીજળીનો પ્રકાશ પડે અને ગૌર વર્ણ ચમકતો હોય તેવા તે લાગતા હતા. આ દૃશ્ય અનુભવ્યાથી નાની વહુ કુમતિ પોતાની મેળે સ્વઘરમાં આવી ગઈ અને સમતાને પ્રેમથી ભેટી પડી.

કુમતિની ખરાબ ચાલ ચલગત જોઈને સુમતિ ગુસ્સામાં આવી પાડોશણને સત્ય હકીકત કહે છે એમ જે કહ્યું તેમાં અહિંયા પાડોશણના સંદર્ભમાં આત્માની અંદર રહેલા શમ, સંવેગ, નિર્વેદાદિ ગુણો લઈ શકાય છે. સૌજન્ય - પ્રામાણિકતા-સત્યનિષ્ઠાને પણ આ સંદર્ભમાં ઘટાવી શકાય છે. પોતાની શોકની સાથે ચડભડાટ થાય ત્યારે પાડોશી સાથે વાત કરવાથી જીવ હળવો થાય છે. સુમતિ પોતાનો જીવ મળે તેવી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ગુણને આગળ કરીને તેની આગળ પોતાની આપવીતી કહી દુઃખને હળવું કરવાં પ્રયત્ન કરે છે.

આ પદ વાંચતા ચેતનરાજની વર્તમાન દશા પ્રત્યે ખેદ થાય છે. અનંત આનંદનો ભોક્તા - શિવ સુખનો માલિક - અલખ નિરંજન અવધુત યોગી પારકા ઘરે ભટકતો રહે છે, પોતાની અમુલ્ય વસ્તુને ન પિછાણે અને કારણ વગર મેણાં ટોણાં સાંભળે એ ખેદ થાય તેવું છે. અખંડ પ્રૌઢ પ્રતાપી ઉત્તમગુણના ધણીને રખડતાં અને લોકોનાં ઠપકા ખાતાં જોવામાં આવે ત્યારે કોઈપણ સહૃદય પ્રાણીને એનાં વલખાં અને અપકીર્તિ માટે જરૂર દુ:ખ થાય તો પછી જે ઘરની પત્ની છે, વિરહ તાપથી તપેલી છે, દુ:ખમાં દહાડા કાઢે છે તેને તો દુ:ખ થાય એમાં કોઈ નવાઈ નથી.

કુમતિ અને સુમતિ, મમતા અને સમતા આપણા બધામાંજ છે. જેકિલ અને હાઈડ - સુજન અને દુર્જન આપણામાં જ છૂપાયેલાં પડ્યાં છે. આપણે કોની સાથે પ્રીતિ વધારવી તે આપણી ઈચ્છા ઉપર છે. આપણે ચિદાનંદ પદનુ સામ્રાજ્ય લેવુ કે દુર્ગતિના અખાડામાં આળોટવું એ આપણે નક્કી કરવાનુ છે. પાડોશણની ગાળો ખાવી કે અનુભવનું અમૃત પાન કરવું તે વિચારણીય છે. સુમતિના મંદિરે જતાં લોકાલોક પ્રકાશક જ્ઞાન સંતાનના પિતા બનવાનું સદ્ભાગ્ય સાંપડશે જ્યારે કુમતિના આવાસમાં જતાં સંસારનો રઝળપાટ છે. વાત આપણા હાથમાં છે. આપણેજ આપણા ભાગ્યના ઘડવૈયા છીએ. જ્ઞાનીઓએ બતાવેલ સમ્યગ્ પુરુષાર્થના અવલંબને આપણે સુંદર ભાવિનું નિર્માણ કરી મોક્ષ પ્રાપ્તિ કરી શકીએ એમ છીએ.

卐

*ઔદયિક ભાવ એ વિકૃતિ. ક્ષયોપશમ ભાવ એ સંસ્કૃતિ. ક્ષાયિક ભાવના કેવળ દર્શન અને કેવળજ્ઞાન એ સ્વપ્રકૃતિ... સ્વભાવ !*

# પદ - ૯૨

## (રાગ - કાનડો)

दरिसन प्रानजीवन मोहे दीजे, बीन दरिसन मोहि कल न परतु है ॥
तलक तलक तन छीजे ॥ दरिसन. ॥१॥

कहा कहुं कछु कहत न आवत विन सेजा क्युं जीजे ॥
सोहुं खाइ सखी काउ मनावो, आपही आप पतीजें ॥ द. ॥२॥

देउर देराणी सासु जेठाणी, युंही सब मिजे खीजें ॥
आनन्दघनविन प्रान न रहे छिन, कोडी जतन जो कीजे ॥ द. ॥३॥

આ પ્રાણીનો ભવવ્યાધિ એટલો તો વકરી ગયેલો આકરો છે કે જે પરભાવ છે તે જ જાણે તેનો સ્વભાવ હોય તેમ લાગે છે. શુદ્ધ ચેતનાને પોતાના પતિનો વિરહ પડ્યો છે. બંને વચ્ચેનું અંતર ઘણું છે. ચેતન પતિ વારંવાર પર ઘરે ચાલ્યો જાય છે અને તેને ગમે તેટલુ કહેવામાં આવે તો પણ તેનામાં જે સુધારો થવો જોઈએ તેવો થતો નથી. આ પદમાં પોતાના પતિને માટે તલસતી ચેતના પતિને દર્શન દેવા વિનવી રહી છે. પોતાને એ કાર્યમાં મદદ કરવા સખીઓને વિનંતી કરે છે.

**દરિસન પ્રાન જીવન ! મોહે દીજે, વિન દરિસન મોહી**
**કલ ન પરતુ હે, તલફ તલફ તન છીજે... દરિસન...૧.**

ચેતના પોતાના પ્રાણપ્યારા પ્રીતમ પરમાત્માને ઉદ્દેશીને કહી રહી છે કે હે નાથ ! આપ દૂર નહિ પણ આ દેહ રૂપી દેવળમાંજ રહેલા હોવા છતાં આપ મને પ્રત્યક્ષ રૂપે આવીને દર્શન કેમ દેતા નથી ? મારા અંતરમાં આપના દર્શનની પ્યાસ જાગી છે. મારુ જીવન, મારા પ્રાણ, મારી ગતિ, મારી મતિ બધું આપજ છો ? આપના દર્શનની પ્યાસ મને બેચેન બનાવી દે છે ! જ્યાં દષ્ટિ જાય ત્યાં સર્વત્ર ઘનઘોર અંધકાર દેખાય છે ! કોઈ દિશા સૂઝતી નથી ! કોઈ કળ

વળતી નથી ! ઝૂરી ઝૂરીને મારું શરીર ક્ષીણ થતું જાય છે ! આપની યાદમાં શરીરના ગાત્રો થીજી જાય છે અને શરીર જાણે કે હમણા તૂટી પડશે હમણા તૂટી પડશે એવી હાલતમાં મારા પ્રાણ અટકી અટકીને ગતિ કરી રહ્યા છે ! જ્યારે પ્રભુ દર્શનની તલપ વધે છે ત્યારે આત્મા અતિ નમ્ર બની પ્રભુમાં રહેલી પ્રકાશક શક્તિના દર્શનની કાકલુદી (માંગણી) પ્રભુ પાસે કરે છે. પ્રભુને પામવાની રીત અકળ અને અગમ છે જે જીવને સૂઝ પડવા દે તેમ નથી. પ્રભુ દર્શનનો વિરહ સાધકને રાત્રિમાં નિદ્રા દરમ્યાન બેચેન અને ભયભીત કરી મૂકે છે. સ્વપ્નમાં ભયંકર દશ્યો દેખાય છે. સ્વપ્નાને મિથ્યા ગણી કાઢી નાખશો નહિ. સ્વપ્ના બની ગયેલી બાબતોજ બતાવે એવું નથી. તે બનનારા ભાવોને પણ બતાવે છે. કેટલીક વખત સ્પષ્ટ રીતે પણ બતાવે છે. સ્વપ્ન માત્ર સંસ્કારોનું પરિણામ છે એમ નથી. સ્વપ્ન એ સંસ્કારોનો વર્તમાન ઉદય છે. દિવસ દરમ્યાન આપણા મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર-પ્રાણ પ્રવૃત્તિના વિષયમાં સતત રમમાણ હોય છે એટલે ચિત્તના સંસ્કારોને ઊઠવા માટે નિરાંતનો સમય મળતો નથી. રાત્રે મન-બુદ્ધિ-પ્રાણ-ચિત્ત-અહંકાર ઉંઘતા નથી પણ માત્ર શરીર ઉંઘે છે. ત્યારે પ્રાણ શક્તિને લીધે સ્વપ્ન જાગ્રત થાય છે, મતલબ સંસ્કાર જાગ્રત થાય છે.

સાધકને સાધનામાં દિશા સૂઝતી ન હોય - શુ કરવું એની મથામણ ચાલતી હોય અથવા આગળ કેમ વધવું એ સુઝતું ન હોય ત્યારે કઈ પદ્ધતિ સ્વીકારવી એ બધું સ્વપ્ન દ્વારા સાધક શીખતો હોય છે. આપણી જાતને ઓળખવા માટે પણ સ્વપ્ન કામ લાગે છે. રાગ-દ્વેષ-કામ-ક્રોધની જુની ગાંઠો પડેલી છે તે કેવા કેવા કામો કરે છે એની ઝલક સ્વપ્ન દ્વારા મળે છે. એના પરથી આંપણે સુધરવાનું કરીએ તો ઘણો લાભ થાય. જેને આનંદદાયક સ્વપ્નો આવે છે તેનો આખો દિવસ આનંદમાં જાય છે. તેમ દુ:ખના પણ સ્વપ્નો આવે છે કારણ સમજદાર માનવી તેથી ચેતી શકે. ભાવિમાં કાંઈ અનિષ્ટ બનવાનુ હોય તેની આગાહી આગળથી મળવાથી જીવને ચેતવુ હોય તો ચેતી શકાય છે. અને બચી શકાય છે. coming events cast it's shadow. ભાવિ ઘટનાનો અણસાર આવતો હોય છે.

પ્રભુ દર્શનની તલપ લાગે અને છતાં પ્રભુ ન મળે તો તેથી હિંમત હારવી નહિ. તે જ રીતે સુખના સમયમાં છકી જવું નહિ અને દુ:ખમાં દીન થવું નહિ. સુખ દુ:ખ સદા ટકતા નથી કેમકે તે તો આવનજાવન કરનારા છે એ સમજ હૃદયમાં ધારણ કરવી. માનવી સુખના કાળમાં અહંકારથી એટલો ગર્વિષ્ઠ બની જતો હોય છે કે તાત્ત્વિક દર્શન આડે તેની દૃષ્ટિ કૃષ્ણાદિ લેશ્યામાં કાળી શાહી જેવી થવાથી તેને આખું જગત શ્યામ દેખાય છે પણ સમય રેંટની જેમ ફર્યા કરે છે. જ્યારે સુખનો પારો નીચે ઉતર્યા પછી દુ:ખનો પારો ઉપર આવી સુખને દબાવી દે છે. જ્યારે ચારે તરફ દુ:ખોના કાળા ડિબાંગ વાદળો તેને ઘેરી વળે છે ત્યારે સમજ પડે છે કે દુ:ખ કેટલું કષ્ટદાયક છે. જીવ જ્યારે ચારેકોરથી નિ:સહાય કે હતાશ બને છે ત્યારે કોઈક જાગેલો આત્મા પરમ દયાળુ પરમાત્માને યાદ કરે છે (દરિસન પ્રાણ જીવન મોહે દીજે).

**મંદિરમાં મૂર્તિ રૂપે બીરાજેલા પ્રભુ તારી પોકારને સાંભળે તેમ નથી કારણ જીવ પાકો મતલબી છે. નરસિંહ મેહતાએ કદીયે પણ મનથી ધનદોલત પુત્ર પરિવારની માંગણી કરી નહોતી. જનમોજનમ તારી ભક્તિ મળે એજ માંગ્યું હતુ તો તેના દુ:ખ ભાંગવા પ્રભુને તેમની પાસે દોડીને આવવું પડ્યું હતું. ભગવાનની નામ રૂપ ભક્તિમાં આટલું બધું ખેંચાણ છે માટે સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાની પણ અત્યંત આવશ્યકતા છે. પણ અહીંતો ઉચ્ચ કક્ષાની સાધક દશાની વાત ચર્ચાઈ રહી છે. ભાવભક્તિમાં તેજાબી શક્તિ ભરેલી છે જેનાથી શાસનરક્ષક દેવોને ભક્તને સહાય કરવા દોડીને આવવું પડે છે એવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રોમાં જોવા મળે છે.**

મહાત્મા આનંદઘનજીની સમતાને પોતાના માથે નાથ વિનાનું જીવન જીવવું એ બેહદ આકરૂં ભાસવાથી તેણીએ પોતાના ભગવાન આત્માને સ્વામીભાવથી આ પદમાં પોકાર્યા છે કે હે મારા પ્રાણોના આધાર પ્રભુ ! મારી દશાને ટકાવવા - તેમાં પ્રાણ પૂરવા આપના દર્શન પ્રત્યક્ષ રૂપે ઝંખી રહ્યો છું. હે નાથ ! આપ દેહ દેવળમાં નિકટ રહેલા હોવા છતાં મને દર્શન કેમ આપતા નથી ? નરસિંહ મેહતા લખે છે -

**જિહાં લગે આત્મતત્ત્વ ચિન્હ્યો નહિ તિહાં લગે સાધના સર્વ જુઠી**
**એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા, આતમરામ પરિબ્રહ્મ ન જાચો**
**ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના રત્ન ચિંતામણી જન્મ ખોયો.**

જ્ઞાન પ્રકાશ એ આત્માનું તત્ત્વ છે. સાધકને ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે છે તેમાં પહેલા તબક્કામાં સાધકને ભયજનક અને ખેદ ઉપજાવે તેવા સ્વપ્નોનું નિર્માણ થાય છે પછી અમુક સિદ્ધિઓ - લબ્ધિઓ પ્રગટે છે તેમાં નિરાભિમાની રહી તેમાં ન અટવાતા ટકી રહે તો બીજો તબક્કો ઘોર અંધકારમય રાત્રિનો આવે છે. તેમાંથી માર્ગ કાઢવો ઘણો કઠિન પડે છે. દિશા શૂન્ય બનવાથી ગભરાટ ભરી અકળામણનો અનુભવ થાય છે. અંધકારમાં શરીરના ગાત્રો અને અંગેઅંગ પ્રભુ દર્શન વિના તિલ તિલ થાય છે એટલે કે તલસે છે. શરીર ધ્રુજે છે પ્રાણ તૂટી રહ્યા હોય તેવો અનુભવ થાય છે અથવા તો તન તડક તડક થતું દળાતું હોય કે પછી છીણાતું કે શેકાતું - છીજાતું હોય એવો અતિ કષ્ટદાયક અનુભવ થાય છે. ત્યારે આત્મા પ્રભુ પાસે દર્શનની પ્રકાશગુણની માંગણી કરે છે.

**કહા કહું કછુ કહત ન આવત, બિન સેજા ક્યું જીજે;**
**સોહુ ખાઈ સખી કાઉ મનાવો, આપ હી આપ પતીજેં દરિસન....૨**

હે સખીઓ ! મારા અંતરમાં થતી અકળામણની કથા બહાર કોઈ આગળ પ્રગટ કરતાં મને શરમ આવે છે અને કહેવા જાઉં છું તો જીભ અચકાય છે. ભકત અને ભગવાન વચ્ચેનો પ્રેમ પતિ-પત્નીના પ્રેમથી ચડિયાતો અપાર્થિવ, અલૌકિક પ્રેમ હોય છે. એમના મનની નિખાલસતા, નિર્મલતા અને સમપર્તિતા પ્રમાણે પ્રેમ પાંગરે છે. જેમ ફૂલમાં સુગંધ હોય છે તે ફૂલને જ અભિવ્યકત કરે છે તેમ પ્રભુપ્રેમ એ પણ પ્રભુતાની અભિવ્યક્તિ છે તેવાં પ્રભુ પ્રેમના સહારા કે સેજા એટલે સહવાસ વિના જીવન પ્રાણ ટકાવવા એ અતિકઠિન છે. આનંદઘનજીની સમતા આવાં પ્રભુવિરહના કપરા કાળમાંથી પસાર થઈ રહી છે.

સાધકને આખા જીવનમાં ફકત એકજ વખત અને તે પણ બે મિનિટ પુરતા પણ પ્રભુના તત્ત્વ સ્વરૂપના દર્શન થાય તો એની એક આછીપાતળી

ઝલક મળે તો પણ એનું વર્તમાન જીવન આખું પલટાઈ જાય છે. પછી તેને ક્યાંય બીજે ચેન પડતું નથી એટલુજ નહિ એના જન્મ-જન્માંતર સુધરી જાય છે.

આવા વિકટ સમયમાં પણ પ્રભુની ગુપ્ત સહાયતા કામ કરતીજ હોય છે. દૈવી તત્ત્વો ગુપ્ત પણે તેની રક્ષા કરતાજ હોય છે. ભક્ત જ્યારે પોતાનું જીવન પ્રભુને સમર્પિત કરે છે ત્યારે દેવ-ગુરુ અને ધર્મ રૂપ તત્ત્વત્રયી એને સંભાળી લે છે - સાચવી લે છે. તે સાધકને નિરાધાર સ્થિતિમાં કદીયે રાખતી નથી. એનુ કારણ સાધકની ભાવરૂચિ નિર્મળ પરિણામના પ્રવાહમાં વહી રહી છે.

આ સમયે સાધકની તપોધ્યાનની ભઠ્ઠી ધ્યાનાગ્નિથી તપેલી હોવાના કારણે કર્મો સ્વયં ખેંચાઈને સ્વતઃ ભસ્મીભૂત થઈ નિર્જરી જાય છે. આ કર્મ નિર્જરણની ક્રિયાને જ્ઞાની આત્મા જ્ઞાન દ્વારા જાણી શકે છે અને તે વખતે જે ધ્યાન દશા વર્તે છે તે તેનું ભાવ ચારિત્ર સમજવું.

સમતા પોતાની સખીઓ તૃપ્તિ, માર્દવી, વિરાગિની, બ્રાહ્મી, શિવા જ્યોતિ વગેરેને કહી રહી છે કે હે સખીઓ ! ધ્યાનાગ્નિથી મારી અંદર રહેલ ક્રોધ, માન, માયા, લોભ, મત્સર વગેરે વિચારોનો કચરો બળી ગયાથી મારા અંદરમાં શુદ્ધિ વર્તે છે તેથી હું તમારી આગળ સોહું ખોઈ - સોગંદ ખાઈને પેટ છુટી વાત કહુ છું કે જેમ બ્રાહ્મી સુંદરી બંને બેનો પોતાના ભાઈ બાહુબલી આગળ આવીને સમજાવે છે કે તમારી આત્મધ્યાનની પરિણતિ પ્રશાંતરસમાં વહી રહી છે ત્યારે તમારાથી નાના એવા કેવલી બનેલા ભાઈઓને વંદન ન કરવાના ભાવ રૂપ અહંકાર કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાયભૂત બની આડે આવી રહ્યો છે તેને તમારા આત્મઘરમાંથી બહાર કાઢો અને તમારાથી અગાઉ દીક્ષિત થયેલા અને ચારિત્રની સાધનામાં આગળ વધેલા તમારા ભાઈઓને વાંદવા પગ ઉપાડો. આ સંદેશ ઋષભદેવ પ્રભુએ મોકલ્યો છે "વીરા મોરા ગજ થકી ઉતરો રે ગજ ચઢે કેવલ ન હોય રે... વીરા મોરા" તેમ તમે પણ હે સખીઓ ! મારા સ્વામી ચૈતન્યદેવ પાસે જઈ તેને મનાવી પરઘરથી છોડાવી સ્વઘરે પાછા લાવો ! ત્યારે સખીઓ જવાબ આપે છે કે સંસારમાં પતિ-પત્નીનો સંબંધ રાગભાવથી ભાવિત અને તમારો ચૈતન્યદેવનો સંબંધ વીતરાગભાવથી ભાવિત આમ બંનેમાં ઘણું

અંતર હોવા છતાં આ મામલો તમારો આપસ આપસનો ગણાય તેમાં અમારાથી માથુ મારી શકાય નહિ. સંયોગી અને વિયોગી અવસ્થા કર્માનુસારિણી હોઇને આજે દેખાતો અણબનાવ આવતા સમયે સદ્‌ભાવમાં પલટી જવાની શક્યતા ખરી કારણ સમયની ગતિજ અસ્થિર છે માટે હે બેન ! તું ધીરજ ધર - જરૂર સમય સારો આવશે.

**દેઉર દેરાણી સાસુ જેઠાણી, યુંહિ સબ મિલ ખીજે;**
**આનંદઘન વિન પ્રાન ન રહે, કોડી જતન જો કીજે....દરિસન...૩.**

સુમતિ દેવીના ભાવ જ્યારે મિથ્યાત્વ મોહિની પ્રત્યેથી હટીને સમ્યગ્ શ્રદ્ધામાં ભળે છે અને તે સમત્વભાવની હદમાં પ્રવેશે છે ત્યારે દુર્ભાવનો ક્ષય થાય છે અને સુભાવની જાગૃતિ થાય છે.

મિથ્યાત્વ મોહિની એની સાસુ છે, મિથ્યાદંસણ શલ્ય તે સસરો, માયા-મમતા તેની દેરાણી અને કામ ક્રોધ તેના દિયર, પુન્ય-પાપ તેના જેઠ અને તૃષ્ણા અને અતૃપ્તિ એની જેઠાણી છે. માન અને લોભ મોહિનીના બે પુત્રો છે જયારે તેની પત્નીઓ મમતા અને માયા છે. મત્સર દાદો અને દુર્મતિ દાદી છે તો સુખ અને દુઃખ મમતાના બે ભાઈ છે. મોહ નગરનો રાજા મિથ્યાત્વ મોહ છે.

આ મમતા અને માયાનું કુટુંબ નાહકના મારા પર ખીજે છે. મારા ઉપર ગુસ્સો કરતાં કહે છે કે તું મોટી અને છતાં તારા સ્વામીના પરિવારને સંભાળી શકતી નથી. આનુ નામજ મિથ્યા-અજ્ઞાન અંધકાર. આ સાધનાનો બીજો તબક્કો એને શૂન્ય અવસ્થા કહી છે. એ અંધકારને ઉલેચવા જ્ઞાનભાનુના પ્રકાશમય તેજ કિરણો અંદરમાં પ્રવેશવા જોઈએ. તેનામાં એવી શક્તિ છે કે એ અંધકારને ધીમી ગતિએ હટાવે છે. મતલબ પ્રભુદર્શન આડે આવતા કર્મોને ધ્યાનાગ્નિમાં જલાવી રસ્તો સાફ કરે છે અર્થાત્ કર્મો બળી બળીને આત્મઘરમાંથી બહાર નીકળે છે. આવી ક્રિયા સતત થવાથી પછીથી પરમત્તત્વનાં પ્રકાશ સ્વરૂપના દર્શન થાય છે. યોગીરાજને તે દર્શન થયાનો ઉલ્લેખ તેમને ૯૦માં પદમાં "લોકાલોક પ્રકાશક છૈયું જણતાં કારજ સિદ્યું" એ પંક્તિથી કર્યો છે.

---

વસ્તુ ઉપર આવરણની સાથે સાથે વ્યક્તિની સમજ ઉપર પણ આવરણ છે.

અલૌકિક એવાં પરમતત્ત્વનાં દર્શન રોજરોજ થતાં નથી પણ કર્મદહનની પ્રક્રિયા તો રોજરોજ ચાલુજ રહે છે. દિવ્યતાના દર્શન તો ક્યારેક જ થાય છે. જેવી ભાવ પરિણામની રૂચિ તેવો જોગ સાંપડે છે. આનંદઘન સ્વરૂપ પ્રભુના - પરમાત્મ તત્ત્વના દર્શન રોજ મલ્યા કરે તો જીવન ટકી રહે - જીવન છિન્નભિન્ન થતું અટકે પણ પ્રભુ દર્શનનો જોગતો ક્યારેકજ સાંપડે છે. છતાં સાધકની સાધના કદી નિષ્ફળ જતી નથી. ધ્યાનાગ્નિની ભઠ્ઠીમાં કર્મને જલાવી જીવ પુન્ય બળ એકઠું કરે છે, જેના પ્રતાપથી પરમાત્મતત્ત્વના દર્શન પામ્યાનો જોગ બંધાય છે. વચ્ચે કર્મના આવરણો આત્માને કસોટીની એરણ પર ચડાવી બિહામણા ઘાનો મારો ચાલુ રાખે છે ત્યારે જીવ ભય પામી પ્રભુની રક્ષા માંગે છે કે હે પ્રભો ! કોડી ઉપાય કરવા છતાં પ્રાણ ઠેકાણે રહેતા નથી. હવે તો આપ રક્ષા કરો પ્રભુ તો રક્ષા થાય એમ છે !

卐

*કોડિયું ઘી-વાટ સહિત ગમે એવું સુંદર મજાનું બનાવ્યું હોય, પરંતુ પ્રગટ દીવાની જ્યોત એને જગાવે નહિ. ત્યાં સુધી એ પ્રગટે નહિ. એ રીતે મોક્ષ દુર્લભ નથી પરંતુ મોક્ષદાતા દુર્લભ છે.*

★

*સંસાર ભૂંડો છે, તેને નિવારવા ત્યાગ/વૈરાગ્યની નિષેધાત્મક સાધના એ નિર્વેદ છે. આત્મા રૂડો છે, એને પામવાની વિધેયાત્મક સાધના એ સંવેગ છે.*

# પદ - ૯૩

## (રાગ - સોરઠ)

मुने महारा नाहलीयाने मलवानो कोड ॥
हुं राखुं माडी कोइ मुने बीजो वलगो झोड. ॥ मुने. ॥१॥

मोहनीया नाहलीया पांखे महारे, जग सवि ऊजड जोड ॥
मीठा बोल मनगमता नाथजी विण, तन मन थाये चोड. ॥ मुने. ॥२॥

कांइ ढोलीयो खाट पछेडी तलाइ, भावे न रेसम सोड ॥
अवर सबे महारे भलारे भलेरा, महारे आनन्दघन शर मोड ॥ मुने. ॥३॥

સંસાર જેમ એક સ્વપ્નું છે તેમ સંસાર એ એક પ્રકારના નાટકનો સ્ટેજ પણ છે. સંસાર એ રંગભૂમિ છે જેમાં દરેક જીવો પોતાના કર્મના અનુસારે જેમ કર્મો નચાવે તેમ નાચ્યા કરે છે. આનંદઘનજી મહારાજે કર્મોની આ નાટકીય ચાલબાજી પિછાણી લીધી હોવાથી તે માર્ગનો ત્યાગ કરી પોતાના આત્માને સંસારના દ્વંદ્વોમાંથી ઉધ્ધરવા કે ઉગારવા તેમને આત્મ હિતકર માર્ગ ગ્રહણ કર્યો છે.

અનંતગુણી આત્મામાં સ્વભાવભાવ અને વિભાવભાવ બંને રહેલા છે. આત્મામાં જેટલા ગુણો છે તે પ્રત્યેકના વિરોધી સ્વભાવવાળા ગુણો પણ છે જ. જ્યારે આત્મા ધર્મ પામ્યો નથી હોતો ત્યાં સુધી તે વિભાવભાવોને પોતાના માની તેનુ સેવન કરે રાખે છે અને તે દ્વારા પોતે કર્મોથી બંધાય છે. સત્-અસત્, સમ્યગ્-મિથ્યા, પ્રામાણિક-અપ્રામાણિક, વ્યવહારૂ-અવ્યવહારૂ, શ્રદ્ધાળુ-અંધશ્રદ્ધાળુ, આસ્તિક-નાસ્તિક, મલિનતા-નિર્મળતા, સમતા-મમતા, કુમતિ-સુમતિ, ક્રોધ-ક્ષમા, માન-માર્દવ, માયા-આર્જવ, લોભ-સંતોષ, નિર્લજ્જ-લજ્જાળુ, જીવ સ્વભાવ-શિવ સ્વભાવ, જ્ઞાન-અજ્ઞાન આવા વિરોધી ગુણધર્મોના જોડકાઓ - દ્વંદ્વ જ્યાં રહેલા છે તે સંસાર છે.

**જ્ઞાની આત્માને મન કોઈ પ્રત્યે રાગભાવ પણ નથી તેમ દ્વેષભાવ પણ**

જે છૂટું ન પડે તે Real સત્ છે, જે છૂટું પડી જનાર છે તે Relative અસત્ છે.

**નથી. તે બધાની સાથે મૈત્રી-પ્રેમ-વાત્સલ્યથી વર્તતો હોય છે. જે બધા સાથે સમભાવે - વીતરાગભાવે વર્તે તે પરમાત્મા છે. આત્મા પર જેવો સમય વર્તતો હોય તે સમયે તેવા પ્રકારે વર્તે તે અંતરાત્મા છે. કર્મક્ષયની ક્રિયા ચાલતી હોય ત્યારે કર્મ સામે સખ્તાઈ વાપરે અને કર્મો ઉદયમાં ન આવ્યા હોય તેવા કર્મો પ્રત્યે નરમાશ કે નમ્રતાથી વર્તે પણ રોષ તો ન જ કરે તેને સત્વશાલી આત્મા જાણવો, તેને જ્ઞાની અને ધ્યાની આત્મા જાણવો. જે બધા સાથે માણસાઈથી વર્તે તે કુશલબુદ્ધિધારક બાહ્ય આત્મા જાણવો અને જે વ્યવહારૂ સુલક્ષણી નીતિને ત્યાગીને અવ્યવહારૂ નીતિ અપનાવે તેને દુરાચારી અધમ આત્મા જાણવો.**

જીવો પર એવા પુદ્‌ગલ પ્રત્યે મમત્વભાવ સેવીને રાગદ્વેષ મોહથી કર્મના પાશમાં બંધાય છે. પૂર્વભવમાં સારા-માઠા સંસ્કારોનો ખડકલો મનોભૂમિ-ચિત્તભૂમિ ઉપર ખડકીને જીવાત્મા આવેલો હોય છે તેને સાધનાકાળ દરમ્યાન દિવસે કે રાત્રે નિદ્રામાં સ્વપ્નદ્વારા બિહામણાં દશ્યો વિશેષે કરીને ઉત્પન્ન થાય છે. સામાન્ય માનવીની જાત સાધક કરતાં જુદી હોય છે. જીવ જો આ ભવે સમ્યગ્ પુરુષાર્થ કરી લે, બુદ્ધિનો સદુપયોગ કરી લે તો બીજા ભવે દૈવી શક્તિ પ્રાપ્ત કરવા શક્તિમાન બને તેથી ત્રીજા ભવે પોતેજ દેવ છે એવું આત્મભાન થાય અને ચોથે ભવે અંદરમાં રહેલ દિવ્યતેજનો અનુભવ થવા માંડે.

**માનવ થઈને પોતેજ જ્યાં ખોવાઈ ગયો ત્યાં તેને માનવતા ક્યાંથી જડવાની ? માટે આ માનવ ભવમાં લાંબા લાંબા ભાષણો કે વ્યાખ્યાનો આપ્યા કરવા એના કરતા અનુભવ જ્ઞાની ગુરુનો બોધ આત્મસાત કરી અંદરની ભૂમિમાં જ્ઞાનનું બીજ વાવી દેવામાંજ ડહાપણ છે. જે સ્વપરને ખૂબ લાભદાયક છે. જીવન નૌકાને સંભાળી લઈ તેની ગતિને આત્મા તરફ વાળી દેવી જેથી દુઃખનો જલ્દીથી અંત આવે.**

મુને મારા નાહલીયાને મલવાનો કોડ
હું રાખું માડી કેઈ મુને બીજો વલેગો ઝોડ... મુને... ૧.

ભક્ત સાધકને તેના પ્રિય નાહલીયાને એટલે નાથલીયા એવાં ભગવાનને અને ભગવત સ્વરૂપી પોતાના આત્મા બેઉને મળવાના કોડ-ઉમંગ હોય છે. તે પોતાની અંદર રહેલ પરમાત્માને ભૂલીને બાહ્ય એવા એકલા વ્યવહારને તે સાધતો નથી. આનેજ શાસ્ત્રકારોએ પરમાત્મ પ્રત્યેનો સાચો પ્રેમ - ઉત્સાહ કહ્યો છે.

હે માડી ! ધર્મની જનની દયા માવડી ! મેં તારું રક્ષણ કરવા આ ભેખ ધર્યો છે તેનું તુ રક્ષણ કરજે ! કોઈ ભૂત-પ્રેત-પિશાચાદિની ઝોળ ઝપટ અને મંત્ર તંત્ર દ્વારા મેલી વિદ્યાના સાધક બાવા-ફકીર કે તાંત્રિકોની ઝપટ અથવા રાની હિંસક વાઘ-સિંહ આદિ પશુકૃત પીડાઓ મને કયારેક ઊભી થાય તો હે દયા માતા ! તું મારુ રક્ષણ કરજે ! ધર્મની રક્ષા કાજે સહાય કરતી રહેજે ! બિહામણા ભયંકર સ્વપ્નો મને આવું ભવિષ્યમાં થવાના સંકેત આપી રહ્યા છે તેનાથી બચવા હું તારી સહાય માંગી રહ્યો છું ! સાધનાનો માર્ગ સરળ નથી છતાં અદશ્ય પણે પ્રભુ સાધકની રક્ષા કરી રહ્યા છે. શાસન દેવીઓ પણ સહાય કરતાજ હોય છે. સાધકને તેની સમજ પણ પડતીજ હોય છે.

મોહનીયા નાહલીયા પાંખે મ્હારે, જગ સવિ ઉજડ જોડ.

**મારા અંતરના નાથ પરમાત્મા પ્રત્યે મને એવી તો પ્રીતિ જાગી છે કે જેને કારણે એ નાહલીયા નાથ વિના મને આખુ જગત ઉજ્જડ અને વેરાન સમાન શુષ્ક ભાસે છે. સંસારમાં રાગભાવની મીઠાશ છે, તેમાં પ્રેમનો એક અંશ પણ નથી. સંસારમાં પુરુષ અને પ્રકૃતિ જે સંસારની ઉત્પતિનું કારણ છે, તે પુરુષ અને પ્રકૃતિનો સંયોગ થવાથી નર અને નારીની જોકી ઉત્પન્ન થયેલ છે, જે કાયમી ભાસે છે પણ વિનાશી છે. એની પાછળ હર્ષ-શોક, પુન્ય-પાપ, સુખ-દુઃખ, સંયોગ-વિયોગ, જન્મ-મરણ વગેરે અનેક દ્વન્દ્વોની હારમાળા સર્જાયેલી છે. આ હારમાળા સર્જનાર, દરેક આત્મામાં પડેલા ઘાતી કર્મોના ડુંગર છે અને આ હળાહળ જુઠથી ભરેલો હુંડા અવસર્પિણીનો પંચમ કાળ છે જેમાં જેણે માર્ગને અનુભવ્યો છે - ઓળખ્યો છે તેવા માર્ગદર્શક ભોમિયાનો યોગ સાંપડવો અત્યંત દુર્લભ છે. અધ્યાત્મદર્શી મહાપુરુષ લખે**

**છે કે મોક્ષ દુર્લભ નથી પણ મોક્ષદાતા દુર્લભ છે.**

ચોથા અભિનંદન સ્વામી ભગવાનના સ્તવનમાં યોગીરાજ લખે છે કે હે પ્રભો ! જો આપના દર્શન આ સેવકને થાય તો જન્મ મરણની પીડાનો અંત આવે પરંતુ તે અંતર ઘટમાં બિરાજેલ પરમાત્મ પ્રભુના દર્શન થવા અત્યંત દુર્લભ છે. પણ આનંદઘન પ્રભુની કૃપા થાય તો દુર્લભ એવા દર્શન પણ સુલભ છે.

માર્ગદર્શક ભોમિયાને શોધવા જ્યાં જ્યાં જાઉ છું અને પૂછુ છું તો બધાજ પોતપોતાના મતની તાણાતાણી કરતા હોય છે. દરેક જગ્યાએ જઈને જોતાં ભિન્ન ભિન્ન પ્રકારની બુદ્ધિવાળાજ નજરે ચડે છે એટલે તેઓ દ્વારા માર્ગની પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. ચારે બાજુ મહામોહ અને અજ્ઞાનનું સામ્રાજ્ય વિલસી રહ્યું છે. જીવોની જ્ઞાનેન્દ્રિય પર અજ્ઞાનતાના આવરણ આવેલ હોવાથી જ્ઞાનગુણ અને દર્શનગુણ ઢંકાઈ ગયેલ છે તેમજ વિકૃત થયેલ છે. અંદરમાં રહેલ નાહલિયા નાથની આ સ્થિતિ ઠામઠામ જોવા મળે છે **તે કારણે પરમાત્મભક્ત સાધકને મન આખું જગત વસતિ વિનાની ભોમકા જેવું ઉજ્જડ અને વેરાન ભાસે છે અને તેને કારણે આખા જગતથી વિમુખ થઈ જે અંતરમાં ડૂબકી મારે છે તેવાઓનેજ આત્માની અનુભૂતિનો માર્ગ હાથ લાગી શકે તેમ છે. બાકીના બધા સંસારી જીવો પુન્યપાપના લેખાજોખામાં પડેલા મોહઘેલા સમજવા. આ વિષયમાં જયેન્દ્ર મહેતા લખે છે કે - "શોધે છે શું કિનારે મોતીઓને શોધનારા, વસ્તુ કદીય મોંઘી મળતી નથી સહજમાં - મોતીઓને મેળવે છે મઝધાર ડુબનારા."**

મીઠા બોલા મન ગમતા નાથજી વિણ, તન મન થાયે ચોડ.

**જેના અંતરમાં પરમાત્મા પ્રગટી ચૂક્યા છે - પરમ પ્રભુએ જેને અંતરમાં દર્શન આપ્યા છે એવા આત્માઓ મધુર ભાષી હોય છે, એમના વેણ મીઠા હોય છે. કટુતાની ગંધ તેમાં હોતી નથી એવાં આત્માઓની વાણી બધાને પ્રિય લાગે છે તેવાં નિખાલસ ભગવાન આત્મા સિવાયના બીજા આત્માઓ સાથે આત્મા-પરમાત્મા સંબંધી પૂછપરછ કરવાથી પોતાનું તો ખોવાનુ થાય**

ઉપયોગ દષ્ટામય બને છે ત્યારે એવી શક્તિ પેદા થાય છે કે થોકબંધ કર્મ બહાર નીકળે છે.

**છે પણ સાથે સાથે અન્યના તન અને મનનો પણ મોઠ થાય છે - ચોઠ થાય છે - ચોળાય છે - ચૂંથાય છે - ચીમળાય છે. એટલે તમે એને જેમ જેમ પૂછપરછ કરો તેમ તેમ તેના તન અને મન બંને અજ્ઞાનતાની ચીકાશમાં વધારે ને વધારે ચીટકે છે અને તેથી તેઓ જીવનના અંત સુધી આપણી સાથે મનમોડીને અને ચિત્તતાણીને રહે છે અર્થાત્ પછી પરસ્પર પ્રત્યેનો સદ્વ્યવહાર નાશ પામે છે. વિચારોમાં મતભેદ રહ્યા કરે છે એટલે અંદરમાં અવ્યક્ત આર્તધ્યાનની અસરો રહ્યા કરે છે.**

કાંઈ ઢોલીયો ખાટ પછેડી તલાઈ, ભાવે ન રેશમ સોડ;
અવર સબે મહારે ભલારે ભલેરા, મહારે આનંદઘન શર મોડ. મુને...૩.

સંસારના વૈભવો ખાટ-ખાટલા, પલંગ-ઢોલીયા, ગાદી-ઓશિકા, રજાઈ, ગાદલા, રેશમી વસ્ત્રો આ બધું સોડ એટલે સેજ જે પડખે રહેલા હોવા છતાં વિરાગી બનેલા આત્માને એ બધાનો સહવાસ પ્રિય લાગતો નથી, એનું મન તો જયાં આમાનું કાંઈજ નથી એવા એકાંતિક વનવગડામાંજ આત્માનુ કલ્યાણ જુવે છે.

આનંદઘનજીની સમતા કહે છે કે આનંદઘન પ્રભુ તો મારા માથાના મુગટમણિ સમાન છે. પંચની સમક્ષ અને આત્મસાક્ષીએ તેમની સાથે મસ્તકે મુગટ બાંધીને મારા સ્વામી તરીકેના સંબંધથી જોડાઈ છું, એવાં નાથનું મેં શરણ સ્વીકાર્યુ છે તેથી તેઓ જરૂર મારી રક્ષા કરશે.

ચરણ ૩ ના ઉતરાર્ધમાં યોગીરાજ કહે છે કે ચોરાશી લાખ જીવાયોનિમાં વસી રહેલા જીવાત્માઓ મારાથી ભિન્ન હોવા છતાં મારા માટે બધા ભલા મિત્રો જેવા ભલેરા છે. **જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં ભલમનસાઈના દીવડા બુઝાઈ ગયેલા હોય છે. ત્યાં ભલાઈના ભાવ કેવી રીતે ટકી શકે ?** પ્રભુ કૃપાથી મારો અંદરનો દીવડો પ્રકાશી રહ્યો છે તેના દર્શનના સહારે મારા ભાવ ટકી રહ્યા છે.

એટલે આનંદઘનજીની સમતાદેવી ખુશી મનાવતા કહે છે કે 'શર મોડ' એટલે જેમ વરકન્યા પરણતી વખતે કપાળે મોડ (મુગટ) બાંધી ચોરીના ચાર ફેરા અગ્નિની સમક્ષ ફરે છે તેમ હું મારા સ્વામી સમક્ષ મોડ બાંધી આવી છું

હવે મારા માટે બીજા બધા જીવો ભલેરા ભાઈ સમાન ખરા પણ મારે આનંદઘન એજ એક સાચો સહારો છે જેની શોધમાં હું લાગેલી છું.

સ્વાનુભૂતિ પામવા માટે તત્પર સાધકને પ્રાપ્ત થતા ભોગના સાધનો પ્રત્યે રાગભાવ નીકળી ગયેલો હોય છે. ભોગના સાધનો પ્રત્યે અંતરમાં ઝળહળતો વૈરાગ્ય હોય છે. ઉત્તમ ચારિત્રવાન આત્માનું એ લક્ષણ હોય છે કે પોતાના જીવનમાં ઉપયોગમાં લેવા પડતા ભોગના સાધનો પ્રત્યે તેઓ નિર્લેપ રહેતા હોય છે અને પોતાના આત્માને તેઓ સતત હિતશિક્ષા આપવા દ્વારા જાગૃત રાખતા હોય છે કે જગતના કોઈપણ જીવો સાથે મારે વૈરભાવ નથી. બધા પોતપોતાના કર્મોનો ભોગવટો કરી રહ્યા હોય છે જેમાંથી તેમને છોડાવવા એ આજે તો મારા માટે ગજા બહારની વાત છે. છતાં પણ તેઓ અજ્ઞાન-મોહના અંધકારમાંથી બહાર નીકળે અને સત્યધર્મને પામે તેવી ભાવના તેમના આત્મામાં નિરંતર રમતી હોય છે, જેને માટે તે શક્તિ ઈચ્છે છે કે જેમ સ્નાત્રપૂજામાં ગવાય છે.... **"જો હોવે મુજ શક્તિ ઈસી, સવિજીવ કરૂં શાસનરસી".**

**જેમ લગનમાં વરરાજા કરતા સાજનિયાને વધારે મહત્વ આપવામાં આવે તો તે કેટલુ ઉચિત છે ? તે વિચારવા જેવું છે તેમ આજે જીવ આંતર શત્રુઓનો નિગ્રહ કરી ઉપયોગને અંતર્મુખ બનાવવા પર ભાર આપવાને બદલે એને પડિલેહણ કર્યું કે નહિ, પૌષધ કર્યો કે નહિ, દેવવંદન કે ચૈત્યવંદન કર્યું કે નહિ આવી બાબતોને એટલી બધી આગ્રહ પૂર્વક વળગી રહેતો હોય છે કે તેમાં પોતાની પરિણતિ બગડે છે કે નહિ તેનો વિચાર સુદ્ધા ભૂલી જાય છે. જૈન શાસનમાં આ સર્વ અનુષ્ઠાનોને ચોક્કસ સ્થાન છે, તેની ના નહિ અને તેનો આગ્રહ પોતાના માટે રાખે ત્યાં સુધી વાંધો નથી પણ તેનો એકાંત આગ્રહ આપણે જ્યારે બીજા માટે રાખતા હોઈએ ત્યારે તે સાજનિયાની તહેનાતમાં વરરાજાને ભૂલી જવા જેવું થાય છે. દરેક જગ્યાએ સમન્વય પદ્ધતિ અને સમાધાન કારક માર્ગ અપનાવવામાં આવે તોજ જૈનત્વ દીપે અન્યથા નિંદાય. મારે મન સાજનિયા આદરણીય છે, તેની યોગ્ય સ્થાને હાજરી હોવી તે બધું જ બરાબર છે પણ મારે મન અગત્યનો વિષય તો મારા નાહલિયા આનંદઘન દેવ છે. સર્વથી મહત્વનું સ્થાન હું તેને આપુ છું અને મને તો**

---

જ્ઞાનીઓને મન પુણ્ય એ ધર્મ નથી પરંતુ સંવરપૂર્વકની નિર્જરા એ ધર્મ છે.

એનેજ મળવાના કોઠ સવિશેષપણે થયા કરે છે.

સંસારમાં મોટો ભાગ ઢોલિયો, તળાઈ, ખાટ કે પછેડી આદિ સુખના સાધનોની જ ચિંતા કરનારો છે. સાધનો સુખ આપનારા છે તેની ના નહિ પણ આ સાધનો હોય તો જ સુખ મળે એવો નિયમ નથી. આપણે ત્યાં તો કહેવત છે કે 'ઊંઘ ન જુએ તૂટી ખાટ અને ભૂખ ન જુએ ભાખરો'. સાધન વિના પણ સુખ હોઈ શકે છે. ક્રિયારસિક જીવડા બાહ્ય ક્રિયામાંજ ધર્મ માની તેમાંજ સંતોષ માનનારા હોય છે અને એનેજ સર્વસ્વ માનનારા હોય છે. યોગીરાજ એવા જીવોને ચેતવણી આપતા કહે છે કે એ બધા સાધન ધર્મો છે. એ બધાના કેન્દ્રસ્થાને તો ચેતનરાજ છે, આત્માનુ શુદ્ધ સ્વરૂપ છે, તેને જરા પણ ભૂલવુ જોઈએ નહિ.

કેટલાક ખારવાઓએ રાત્રે ખૂબ દારૂ પીધો પછી તેમાં ભાનભૂલા બની રાત્રે બાર વાગે નાવડામાં બેસી હલેસા હાથમાં લઈ પાણીમાં તે મારવા લાગ્યા. પ્રાતઃકાળ સુધી તે હલેસા મારતાજ રહ્યા તો પણ ત્યાંના ત્યાંજ હતા કારણકે નાવની પાછળના ભાગ સાથે બાંધેલુ દોરડુ કે લંગર તો છોડવાનું જ ભૂલી ગયા હતા. એવી રીતે ધર્મ કરવા તૈયાર થયેલો જીવ ક્રિયાધર્મના હલેસા તો મારે છે પણ અંદરમાં પડેલી આજ સુધીની વાસનાઓ, રાગદ્વેષની પરિણતિઓ, કામક્રોધાદિ ષડ્‌રિપુના ઘમસાણો તેમજ વ્યવહારની આંટીઘૂંટીઓ રૂપી ગાંઠ તેણે છોડેલી હોતી નથી માટે ભવને અંતે મૃત્યુ સમયે જયારે નજર કરવામાં આવે છે ત્યારે તે ઠેરનો ઠેર ત્યાંજ ઊભો હોય છે.

હાલમાં કેટલીક જગ્યાએ શુભનો ત્યાગ કરી શુદ્ધને આદરવાની વાત ચાલે છે તેમાં આત્મવંચનાને પૂરેપૂરો અવકાશ છે માટે આ વાતને લક્ષ્યમાં રાખી આંતરદૃષ્ટિએ ઉપર કહેલી વાત વિચારવા યોગ્ય છે. કોઈક મતે તો સાધ્યપ્રાપ્તિ સુધી શુભ અનુષ્ઠાનો ચાલુ રાખવાનો આગ્રહ દેખાય છે. વિચારવાની બાબત એ છે કે એકડો ઘૂંટતા ન આવડે ત્યાં સુધીતો તેનો આગ્રહ રાખી તેને ઘૂંટવોજ જોઈએ પણ મહા અંક ગણિત કે બીજગણિતની પરાભૂમિકાએ પહોંચ્યા પછી પણ એકડો ઘૂંટવાનો આગ્રહ ચાલુ રાખવો એ

ઘટતી વાત નથી. પોતાની યોગ્યતાનું વધારે પડતું મૂલ્ય ન અંકાઈ જાય તે અત્રે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. આટલી ચેતવણી સાથે શુદ્ધ આત્મતત્ત્વનો સ્વીકાર કરવામાં આવે તો કોઈજ વાંધા જેવું લાગતુ નથી. બાકી દરેક આત્માએ પોતાનો રસ્તો પોતાની મેળેજ અંદરથી શોધી કાઢવાનો છે. એ મળી જાય પછી એનેજ મુગટમણિ બનાવી તેની સાથે એકાકારતા કરવા યોગ્ય છે. તોજ સાચી પ્રગતિ થશે. વળગેલા ઝોડ અને ઝંડનો વળગાડ દૂર કરવા લોબાન દેવો પડે તો દેવો અને તન-મનની ખેંચતાણ મૂકી દેવી. એમાંજ આત્મકલ્યાણ સમાયેલુ છે એવુ મંતવ્ય આ પદમાં યોગીરાજ આનંદઘનજી દ્વારા ઢોલપીટીને બતાવવામાં આવ્યુ છે તેને આપણે સૌ સ્વીકારીએ એજ એક શુભેચ્છા !

卐

*મોહનીયથી વિકારતા છે, જ્ઞાનાવરણીયથી વિનાશીતા છે, દર્શનાવરણીયથી પરાધીનતા છે અને અંતરાયથી અપૂર્ણતા છે.*

★

*વ્યવહારક્રિયાનું સ્વરૂપક્રિયા સાથે સંધાણ થશે તો મોક્ષના આંધણ ચઢશે, બાકી માત્ર પુણ્યનું ખાતું બંધાશે. ક્રિયાનું વિચારમાં, વિચારનું ભાવમાં, ભાવનું ધ્યાનમાં, ધ્યાનનું સમાધિમાં અને સમાધિનું કેવળજ્ઞાનમાં પરિણમન કરવાનું છે.*

★

*મનને સુમન બનાવી નમન કરતાં થઈશું તો, સ્વરૂપનું દર્શન થશે જેથી દષ્ટિ સમ્યગદષ્ટિ થશે અને આનંદયાત્રાનો આરંભ થશે.*

# પદ - ૯૪

## (રાગ - સોરઠ)

निराधार केम मूकी, श्याम मने निराधार केम मूकी ॥
कोई नहीं हुं कोणशुं बोलुं, सहु आलम्बन चूकी. (टूकी) ॥ श्याम. ॥१॥

प्राणनाथ तुन दूर पधार्या, मूकी नेह निराशी ॥
जणजणना नित्य प्रति गुण गातां, जनमारो किम जासी ? ॥ श्याम. ॥२॥

जेहनो पक्ष लहीने बोलुं, ते मनमां सुख आणे ॥
जेहनो पक्ष मूकीने बोलुं, ते जलमलगें चित ताणे. ॥ श्याम. ॥३॥

बात तमारी मनमां आवे, कोण आगल जई बोलुं ?
ललित खलित खल जो ते देखुं, आम माल धन खोलुं. ॥ श्याम. ॥४॥

घटे घटे छो अन्तरजामी, मुजमां कां नवि देखुं ?
जे देखुं ते नजर न आवे, गुणकर वस्तु विशेखुं ॥ श्याम. ॥५॥

अवधे केहनी वाटडी जोऊं, विए अवधे अति झुरुं ॥
आनन्दघन प्रभु वेगे पधारे, जिम मन आशा पूरुं ॥ श्याम. ॥६॥

આનંદઘનજી જેવા સમર્થ સાધકને પછાડવા મોહ અને તેનો પરિવાર માયા મમતા વગેરે મરણિયા બનીને પ્રયત્ન કરી રહ્યા છે. આનો થોડો ઘણો ભય પોતાને અંદરમાં સતાવી રહ્યો છે. પોતે વનવગડાના વાસી, વસતિથી દૂર એકલા એકાકી વિચરનારા, અંદરની અદ્‌ભૂત ખુમારી અને મસ્તીની ધૂન, ગુફા, વૃક્ષ, નિર્જન જગ્યા એ એમનું રહેઠાણ, ભૂત-પ્રેત પિશાચાદિ વ્યંતરોનું રાતના ૧૨ થી ૩ વાગ્યા સુધીમાં બહાર નીકળવું, તેમજ રાની હિંસક પશુઓનું રાતના નવ પછી ફરવું તેના કારણે ભય મહાત્માજીને પણ સતાવતો હોવાથી તેઓ પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે કે હે શ્યામ ! હે પ્રભો ! તમે નરસિંહ મેહતાને સંકટ સમયે સહાયતા કરેલી તેવી સહાય મારા જેવા નિરાધાર અને નિર્બળને કેમ ન કરી ? મને નિ:સહાય સ્થિતિમાં એકલી કેમ મૂકી દીધી ? યોગીરાજ

પ્રભુની ચેતના પૂર્ણ વીર્યવાળી અને પોતાની ચેતના નિર્બળ-અબળા માની સ્ત્રૈણભાવે પ્રભુની આગળ પ્રાર્થી રહ્યા છે.

**નિરાધાર કેમ મૂકી હો શ્યામ ! મને નિરાધાર કેમ મૂકી;**
**કોઈ નહિ હું કોણ શું બોલું - સહુ આલંબન ટૂકી - હો શ્યામ...૧..**

સંસારી જીવો કર્મમળને ધારણ કરનારા અશુદ્ધ આત્માઓ છે અને મોક્ષે ગયેલા આત્માઓ સર્વથા કર્મમળ રહિત નિર્મળ શુદ્ધાત્માઓ છે. બંનેની વીર્ય શકિતમાં અંતર ઘણું છે. સંસારી જીવની વીર્યશક્તિ અબળા છે જ્યારે ત્રિકાળજ્ઞાની અંતર્યામી પ્રભુ અનંતશક્તિના ધારક સબળા - સર્વશક્તિમાન છે. આમ પણ પ્રભુને 'નિર્બલકે બલ રામ' તરીકે ઓળખાવ્યા છે. બંને વચ્ચેની શક્તિના લેખાજોખા કે માપને આ પદમાં કાઢેલ છે.

આનંદઘનજીની નિર્બળ ચેતના શક્તિ પ્રભુ આગળ પોકારી રહી છે કે હે અબળાના આધાર પ્રભુ ! નાથ વિનાનું જીવન નોધારું છે. (મીરાબાઈ કહે છે સૂન્યોરી મેને, નિર્બળ કે બલરામ) હે પ્રભુ ! મેં સાંભળ્યું છે કે નિર્બળને બળવાળાનો આધાર હોય છે. અબળા નારીને આધાર તેનો પતિ હોય છે. **દાદર ચડવા પગથિયા આધાર છે. ચાલવાની ગતિમાં સહાયક - આધાર જેમ પગ છે તેમ ઈશ્વર સમીપે લઈ જવામાં આત્માનું અદ્‌ભૂત પરાક્રમ સહાયક છે. સંસારના બાહ્ય આધાર ગમે તેટલા મજબુત હોય છતાં તે ટૂંકી મુદતના છે. મુદત પાકે પછી કોઈ કોઈના માટે આધાર બનતા નથી.** આવા નિ:સહાયભૂત - અવિશ્વસનીય આધારના ભરોસે અબળા એવી મને મૂકી તમે મોક્ષના સુખ ભોગવો અને હું અનાથપણું ભોગવું આ ક્યાંનો ન્યાય ? હે પ્રાણનાથ ! અબલાનો આધાર તેનો પતિ છે. તેનાથી ત્યજાયેલી નારીને પોતાની મનોવ્યથા અન્ય પુરુષ આગળ જણાવવી કે બોલવી એ આધાર વિનાના આશરા જેવી નિ:સહાય છે''. હે નાથ ! તમારા વિના મારું કોઈ છે જ નહિ ? હું કોની આગળ જઈને બોલું ? કોણ મારું સાંભળે ? **દુનિયા બધી મતલબી છે, સ્વાર્થના સહુ સગા છે. ટૂંકી આવરદાવાળા છે એની આગળ આત્મા પરમાત્માની વાત**

વિજ્ઞાનથી મોક્ષ છે. વિજ્ઞાન એટલે જ્ઞાનનો જ્ઞાનમાં વિલય અર્થાત્ જ્ઞાનનું જ્ઞાનમાં જ રહેવાપણું.

**કરવી - જ્ઞાનગોષ્ઠિ કરવી એટલે બોલીને બગાડવા જેવું છે !" સંસારના સગપણ બધા ટૂંકા ગાળાના - એક ભવ પૂરતા છે. આવા ટૂંકા સમયના વિનાશી સંબધો તો જીવે અનંતીવાર કર્યા પણ તે એકેય આત્માના હિત માટે ન બન્યો. ભકતને જેમ ભગવાનનો આધાર છે તેમ સમતાને શુદ્ધ એવા ચૈતન્ય પ્રભુનો આધાર છે.**

પ્રાણનાથ તમે દૂર પધાર્યા મૂકી નેહ નિરાશી
જણજણના નિત્ય પ્રતિ ગુણ ગાતાં, જન્મારો કિમ જાસી...૨.

સ્ત્રીનો પ્રાણ પોતાના પતિ અને ભકતનો પ્રાણ ભગવાન એ બંનેના પ્રેમમાં ઘણું મોટુ અંતર છે. એકમાં રાગનો સંબંધ છે તો બીજામાં ભક્તિનો સંબંધ છે. રાગીનો પ્રેમ સ્વાર્થી હોય છે. અને વીતરાગ પ્રભુ પ્રત્યેનો પ્રેમ વીતરાગી હોવાના કારણે અને ભકત પણ વીતરાગતા ઈચ્છતો હોવાના કારણે નિ:સ્વાર્થ હોય છે. સમતા આવા સંબંધની ચાહક છે. આનંદઘનજીની ચેતના પ્રભુને પોકાર કરતા કહે છે કે પ્રાણનાથ ! તમે દૂર પધાર્યા - તમે મોક્ષે સિધાવ્યા, મને સ્નેહની હુંફ વિનાની નિરાશી એટલે નિરાશ્રિત મૂકી દીધી, હવે કદીયે આપણે ભેગા થવાના નથી એમ સમજવા છતાં મુખેથી આલાપ કરે છે તે તેનો નર્યો રાગભાવ ભાવિત વિલાપ છે - ઝૂરણા છે. ભકતના પ્રાણનાથ ભગવાન જે મુક્તિપુરીમાં ગયા છે તે એકલા કદી ન જ જાય. પ્રભુની ચેતના ગુણોમાં એક રસી બની તેથી હવે તેમને તેનો કદીયે વિયોગ થવાનો નથી તેથી હવે એમના માટે તો સદા પરમાનંદ જ છે. પ્રભુને અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યની સંપદા પ્રગટ થઈ છે. પ્રભુને પરમ સુખ-શાંતિ-સમાધિ-ઐશ્વર્ય અને પરમાનંદ જ છે. પ્રેમ એ પરમાત્માનો અંશ છે અને પરમાત્મા અંશી છે જે એકજ વસ્તુના બે પાસા છે જેની કિંમત ઝવેરીજ કરી શકે. જે પરમાત્માની ભીતરમાં રહેલા ગુણોને ભજે છે તેનો પ્રેમ કદી નિરાશાવાદી હોતોજ નથી. એમના પર તો ગુપ્ત રીતે પ્રભુની કૃપા વરસ્યાજ કરે છે.

જણ જણના નિત્ય પ્રતિ ગુણ ગાતાં - જન્મારો કિમ જાસી.

**સંસારી જીવો પોતાના ગુણોની પ્રશંસા થાય તેમાં મોટાઈ માને છે.**

---

ગ્રહણ-ત્યાગ આત્માના મૌલિક સ્વરૂપમાં નથી, એ નિષેધાત્મક ધર્મ છે, જે વ્યવહાર નય સંમત છે.

**સંસારી જીવોને પરસ્પર ભેગા રહેવું હોય તો તેઓએ અરસપરસ બંનેના મનને ખુશ રાખવા પડે છે. તેઓ સમજે છે કે આપણે બીજાના ગુણ ગાશું તો તે લોકો આપણા ગુણ ગાશે માટે તેઓ અરસપરસ એકબીજાના ગુણ ગાઈને - મસ્કા લગાવીને - ખુશામત કરીને દિવસો પસાર કરે છે પણ યોગીરાજ કહે છે કે એવું જીવન જીવવાથી તો જન્મારો પશુ સમાન ગણાય છે. એવું જીવન જીવ્યે શું કામનું ? મર્યા પછી દોકડાના દશ લેખે ગાજર મૂળા તરીકે વેચાવુ પડે. સંસારીઓના ગુણગાન ગાવામાં તો મનખો ખોઈ નાખવા જેવું થાય છે. આ માનવભવ તો પ્રભુના ગુણગાન ગાવા માટે મળ્યો છે.**

પૂજાની ઢાળમાં -

આવી રૂડી ભગતિ મેં પહેલા ન જાણી સંસારની માયામાં મેં વલોવ્યું પાણી

પ્રભુ ભક્તિ એ અમૃત છે. તેનું પાન કરવાથી આત્મા સંસાર સાગર તરી જાય છે. પ્રકૃતિ પોતે કાંઈ ખરાબ નથી પણ માનવી તેના નિયમને વિચારતો નથી. પ્રકૃતિ કહે છે કે તમે સુખેથી જીવો અને બીજાને જીવવા ધો. તમોગુણ અને રજોગુણથી તમે દૂર રહો અને સત્વશાલી બનો. **તમોગુણ અને રજોગુણના સેવનથી જીવન ઝેર જેવું બને છે અને ભવાંતરે સાપ, વિંછી, ગરોળી, નાગ વગેરેના ભવમાં જવું પડે છે કે જેમનુ આખુ શરીર ઝેરથીજ ભરેલુ છે.** જ્યારે પ્રભુ ભક્તિ રૂપી અમૃતનુ પાન કરી આત્મા પોતે સાત્વિકી પ્રકૃતિવાળો બને છે તો પોતે પણ ઠરે છે અને સાથે અનેકને ઠારે છે જેથી ભવાંતરે જ્યાં અમૃતપાન કરી શકાય તેવા દેવભવને પામે છે.

**જેહનો પક્ષ લહીને બોલું, તે મનમાં સુખ આણે**
**જેહનો પક્ષ મુકીને બોલું, તે જનમ લગે ચિત તાણે...૩.**

સંસારમાં જેમનો પક્ષ લઈને બોલુ તો તે મનમાં રાજી થાય છે પણ તેથી તેના આત્મદેવને તો સુખી કરી શકાતો જ નથી અને તેઓના પક્ષથી વિરુદ્ધ બોલું તો અથવા તો નિષ્પક્ષપાતી વલણ અપનાવી સત્યલક્ષી ભાષા બોલતા આખા જન્મ સુધી તેઓ અણગમો રાખે છે, મારી સામે ચિત્ત તાણીને બેસે છે. હે નાથ ! તમારી વાત મનમાં યાદ આવે ત્યારે મન ઉદ્વેગથી ખિન્ન બની

જાય છે કે આ સંસારિયામાં મારું કોણ ? જેમની આગળ મન ખોલીને મારી સુખદુ:ખની વાતો કરી શકું. **આ સંસારના સંબંધો તો કેવા છે તો કહે છે 'નાણા વિનાનો નાથીઓ અને નાણે નાથાલાલ જેવા છે' તુલસીદાસ કહે છે - નાથ વિનાનો અનાથ હતો ત્યારે બધા મને તુલસીઓ - ઘાસના નામથી બોલાવતા હતા. હવે જ્ઞાન મેળવ્યું - પ્રભુનો ભક્ત બન્યો ત્યારથી મને લોકો સંત તુલસીદાસ કહેવા લાગ્યા. સંસારીઓનો સ્નેહ આવો સ્વાર્થમય છે એટલા માટે આનંદઘનજીની સમતા પદ-૯૯ માં કહે છે - નહિ જાઉં સાસરીયે, નહિ જાઉં પીયરીએ, પિયુજીકી સેજ બીછાઈ - આનંદઘન કહે સુનો ભાઈ સાધુ તો - જ્યોતિ સે જ્યોત મિલાઈ. સઉરે સુનો ભાઈ, વલોણું વલોવે તો - તત્વ અમૃત કોઉ પાઈ.**

સંસારની માયામાં પાણી વલોવવા જેવુ થાય છે. જિંદગી પુરી થઈ જાય પણ કશું હાથ ન આવે કારણ કે તેમાં સાર જેવું કશુંજ નથી. પાણીમાં સાર જેવું કશું નથી. દૂધ એ તત્ત્વ છે અને સાર તેનામાં રહેલ માખણ છે. **સંસારી જીવો માયામય સંબંધોમાં મુંઝાઈ રાગ દ્વેષના વલોણા કરે છે તેનાથી અમૃત સુકાઈ જાય છે અને વિષ હાથમાં આવે છે. સંસારની મોહમાયા એવી તો અતિકઠિનતમ ચીકણી છે કે કપડુ ફાટે પણ ચીકાશ ન છુટે. જેમાં વેશ પલટો કરવાથી કશો સાર હાથ ન આવે પણ ભાવ બદલાય તો કામ થાય. રાગ દ્વેષની ચિકાશથી ધર્મરૂપી બીજ બળી જાય છે પણ અંકુરો ફુટતો નથી.**

**વાત તમારી મનમાં આવે, કોણ આગળ જઈ બોલું ?**
**લલિત ખલિત ખલ જો તે દેખું, આમ માલ ધન ખોલું...૪.**

સાધનાનો માર્ગ સરળ નથી પણ કાંટા-કાંકરા-શૂળ-ઝાડી-ઝાંખરા-પથરા પર્વતો-ખીણોથી ભરેલો અતિ વિષમ આ માર્ગ છે માટે તે માર્ગે નિરાધાર એકલાએ ડગ ભરવાની મુદ્દલ સલાહ નથી. હા, માર્ગ આ જાણવા જેવો જરૂર છે. આ માર્ગની મેળવેલી જાણકારી ભવિષ્યમાં ક્યારે ઉપયોગી થઈ પડે, તે કહેવાય નહિ માટે જોયા કરતાં જાણ્યું ભલું. સાધનાના માર્ગે આગળ વધતાં સાધકને પાર વિનાની મુશ્કેલીઓ આવે છે જેમાં ઘણા ભય સ્થાનો પણ આવે

છે. ભયાનક દશ્યો સ્વપ્નમાં દેખાય છે તે વખતે જીવ ભય પામી હિંમત હારી જાય છે અને સાધના મૂકી દે છે, માટેજ યોગીરાજે પદ-૬૬માં કહ્યું કે 'સાધુ સંગતિ ઓર ગુરુકી કૃપા તૈં મિટ ગઈ કુલકી રેખા' આમ સદ્‌ગુરુની કૃપા અને સાધુ પુરુષોની સંગતિ તેમણે પણ ઈચ્છી છે. તેમજ ૬૮માં પદમાં કહ્યું કે - સાધુ સંગતિ બિનુ કૈંસે પૈયેં - પરમ મહારસ ધામરી - સંગતિ સાધુ નિરંતર પાવું - આનંદઘન મહારાજ રી.

તેમજ આ પદમાં પણ તેમને પ્રભુને અરદાસ કરી કે - નિરાધાર કેમ મૂકી હો શ્યામ - મને નિરાધાર કેમ મૂકી... સાધનાના માર્ગે જતા તેમની ચિત્તની સ્થિતિ પણ ડામાડોલ થઈ છે તેના સૂચક આ ઉદ્‌ગારો છે. પોતે પુરુષ જાત હોવા છતાં પરમાત્મ શકિત પરમ શકિત આગળ પોતાની શક્તિને અબળા - નિર્બળ માની રહ્યા છે તે જાતને પરમ આગળ પામરમાં ખપાવી રહ્યાં છે. હે નાથ ! આજે તમે મોક્ષે ચાલ્યા ગયા પણ આપની એક એક વાત મને મનમાં યાદ આવે છે અને મને સમજાય છે કે **આ સંસારમાં જીવનું કોઈજ સાચુ સગું નથી. જીવ પાપ કરીને પોતાના સ્વજનો વગેરેને પોષે છે પણ તેનો ભોગવટો કરવા તો દુર્ગતિમાં જીવને એકલાનેજ જવું પડે છે, તે વખતે સ્વજનાદિ કોઈ પરિવાર સાથે આવતો નથી. ત્રણ ખંડમાં જેની અપ્રતિમ આણ પ્રવર્તતી હતી તેવા વિશ્વવિજેતા સિકંદર અને રાવણ જેવા રાજાઓ પણ મૃત્યુ શય્યા પર એકલા પોઢ્યા અને નરકે સિધાવ્યા તે વખતે ત્રણ ખંડમાંથી એક પણ વ્યક્તિ તેની સાથે ન ગઈ.** આ બધું વિચારતા મારુ મન ઉદ્‌વેગથી ભરાઈ જાય છે પણ મારા હૈયાની આ વાતને હૃદય ખોલીને હું કોઈની આગળ કહી શકું તેવું કોઈ નથી.

(લલિત ખલિત ખલ જાતે દેખું) - લલનાના મોહમાં ભ્રષ્ટ થયેલા દંભી ખલનાયકો કે જેમના દાંત દેખાડવાના જુદા હોય છે અને ચાવવાના જુદા હોય છે, એવું જ લગભગ બધે દેખાઈ રહ્યું છે. (આમ માલ ધન ખોલુ) - આત્માની તીજોરીમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી સાચુ ધન સંગ્રહાયેલુ છે તે તિજોરી કોની આગળ જઈને ખોલું ? હે નાથ ! મારા અંતરમાં જે વેદના છે - જે પીડા છે તેને દૂર કરવા આ જગતમાં કોઈ સમર્થ નથી એટલે જગત આગળ આ બધું

ખુલ્લું કરવાનો - કહેવાનો કોઈ અર્થ પણ નથી. **યોગીરાજ કહી રહ્યા છે કે ધર્મ કરણી ઓછીવત્તી થાય તેનું મનમાં દુઃખ ન આણો પણ આંતરિક શુદ્ધિ જાળવીને દરેક કરણી કરો. જીવનમાં માયા-દંભ-કપટ ઘુસી ન જાય તેની ખૂબ ખૂબ સાવચેતી રાખો. સંસારના ક્ષેત્રે કે અધ્યાત્મના ક્ષેત્રે જીવ અંદરથી અપ્રામાણિક બને એના જેવુ પાપ એકેય નથી.**

ઘટે ઘટે છો અંતરજામી, મુજમાં કાં નવિ દેખું;
જો દેખું તે નજરે ન આવે, ગુણકર વસ્તુ વિશેખું....૫.

હે અંતર્યામી પ્રભુ ! તમે ઘટ ઘટમાં સર્વ વ્યાપક રૂપે રહેલા છો. સર્વ ખેચર-થલચર-ભૂચરમાં વસી રહેલા એવાં તમને જગત અંતર્યામી તરીકે બિરદાવે છે. એવા હે પ્રભો ! તમે મારા અંતર ઘટમાં કેમ દેખાતા નથી અથવા તો હું તમને કેમ દેખી શકતો નથી ?

જેના માટે શોધ આરંભી છે. તેવુ શુદ્ધ ચૈતન્યમય પરમાત્મ સ્વરૂપ તો દષ્ટિમાં આવતું નથી પણ જે દેખું તે તો જેની શોધમાં નથી એવા દુર્ગુણી ક્રોધ-મોહ-કામ-મદ-મત્સર-માયા-લોભ-રાગ-દ્વેષ તે રાત્રે સ્વપ્નમાં પણ નજરે ચડે છે અને ગુણકર એટલે આત્માને લાભકારક આત્મસ્વરૂપ જે નજરે ચડવુ જોઈએ તે ચડતું નથી. કર્મશક્તિના સામર્થ્ય આગળ આત્મસત્તાનું સામર્થ્યબળ નબળું પડી જાય છે અને અહીં મુખ્યતા કર્મસત્તાની ચાલે છે.

આપણી કુમતિ કે મિથ્યા માન્યતા કે મનઘડંત કલ્પનાવાળો કોઈ એક ઈશ્વર છે જ નહિ. આત્મા પોતેજ અનંતગુણોનો ધામ છે તે એકેક શક્તિમાં પ્રત્યેક આત્મામાં પોતામાં જ ઈશ્વરીય અંશ ગુપ્તપણે છુપાઈને રહેલો છે જે નજરે ન દેખાવાનુ કારણ મિથ્યાત્વનો ઉદય છે. તે મિથ્યાત્વ ટળે તો પરમાત્માના દર્શન થાય. આપણી દિશા સાચી હોય તો સૂર્યનારાયણના દર્શન થાય પણ જો આપણી દિશા અવળી હોય અથવા આપણે મકાનમાં બારી બારણા બંધ કરીને બેઠા હોય કે પછી આપણે જ આંખ બંધ રાખી હોય અથવા અંધ હોઈએ તો સૂર્ય આકાશમાં ઉગવા છતાં આપણને કેમ દેખાય ? પોતાનો આત્મા તે પોતાને માટે ગુણકર વસ્તુ વિશેષ છે તેને વિશેષ પ્રયત્ન દ્વારા શોધવાનો પ્રયત્ન

કદી કર્યો નથી. એની ઉપેક્ષા કરીને અવળી દિશા પકડી છે પછી તે કેવી રીતે મળે ? આ અવળીને સવળી કરવાની એટલે કે મિથ્યાત્વને સમ્યક્ત્વમાં પલટાવવાની જરૂર છે. માનવીના જીવનમાં જેટલી પવિત્રતા અને પ્રામાણિકતા ઝળહળતી હશે તેટલોજ તે પ્રભુને મેળવવાના પ્રયત્નમાં સફળતા પ્રાપ્ત કરી શકશે. **અધ્યાત્મ ક્ષેત્રમાં જેઓ અંદરથી અપ્રામાણિક બનીને બહારથી સારા દેખાવાનો પ્રયત્ન કરે છે અને તેથી બહારમાં લોકદષ્ટિએ બહુ સારુ જીવન જીવતા દેખાય છે તે વસ્તુતઃ પ્રભુ પ્રાપ્તિના માર્ગથી લાખો યોજન દૂર છે. અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રામાણિકતા, વફાદારીતા, પ્રજ્ઞાપનીયતા, અનાગ્રહતા, પાપભીરૂતા, ભવભીરૂતા, માર્દવ, આર્જવ આ બધા ગુણો ખૂબજ જરૂરી બને છે તેના વિના વિકાસ શક્ય નથી. પરલોક અને મોક્ષની યાત્રામાં ગુણોનો વિકાસ એ ભાતુ છે જેની સહાયથીજ તે મુસાફરી સારી રીતે કરી શકે છે. સાધક જે કાંઈ પણ બોલે કે લખે તે તેના જીવનમાં નજીક રહેનારાઓને દેખાવી જોઈએ તોજ તેનુ લખાણ કે વચન પ્રયોગ આદેય બને. જે વસ્તુ આપણામાં ન હોય તેવુ બોલવાનું બંધ થવુ જોઈએ.**

અવધે કેહની વાટડી જોઉં, વિએ અવધે અતિ ઝુરૂં;
આનંદઘન પ્રભુ વેગે પધારો, જિમ મન આશા પુરૂં...૬.

સુકૃત - સુકરણી કરવાની હદ મર્યાદા મળેલી માનવ આયુષ્યની અવધિ આપણા હાથમાં છે તે સમયને ન ચૂકતાં તેને સાધી લેવામાં ડહાપણ છે તે માટેની કોઈની વાટ જોવાની ન હોય. મળેલી અવધિ વીતી જઈ રહી છે. યુવાની ગઈ અને ઘડપણ આવવાનું. પરવશતાની ભયવાળી હદમાં દાખલ થયા પછી સત્તા તારા હાથમાં નહિ રહે માટે એની બીક-ડર રાખ. સમ્યગ્કરણી કરવાની મર્યાદા સંતપુરુષોએ બાંધી આપી છે તેને ઉલ્લંઘીને બહાર પગ મૂકવો તે અતિ જોખમી છે. સીતાજીએ જંગલમાં લક્ષ્મણજીએ દોરેલ રેખાને ઓળંગી તો રાવણના હાથે તેમનું અપહરણ થવાનો પ્રસંગ આવ્યો. સાધના કરવાની પણ હદ - મર્યાદા હોય છે અને તેથી સાધકે અનુભવી ગુરુઓના માર્ગદર્શન મુજબ આગળ વધવું. હે આનંદઘનના નાથ પ્રભુ ! આપની સહાયતા વગર મારું મન નિરાધાર સ્થિતિમાં ખૂબ ગભરાટ અનુભવી રહ્યું છે. તે અસ્થિરતા, ગભરાટ સાધના સમયે

દુઃખમાં જ્ઞાતાદષ્ટા બની દુઃખ સહન કરી, સુખ-દુઃખથી પર રહે તે અતિમાનવ,એ મોક્ષ પામે.

વિક્ષેપ કે અડચણો ઉભી કરે છે તેને શાંત પાડવા હે પ્રભુ ! તમે અતિ વેગે પધારો. તેમાં વિલંબ કરવાથી મનોબળ ઢીલું પડવાની બીક રહેલી હોવાથી તે ન થાય તે માટે જલ્દીથી પધારી દર્શન આપો જેથી મારા મનને નિરાશ થતું વારી શકું. હે પ્રભુ ! આપ વેગે પધારી મારી રક્ષા કરો જેથી મારા મનની આશાને પૂર્ણ કરી શકું.

આ પદમાં ચેતવણી આપ્યાનો અણસાર એવો નીકળે છે કે વગર વિચાર્યે આંધળુકિયા કરી દોટ મુકતાં પહેલા સો વાર વિચાર કરી પછીજ આગળ પગલુ ભરો. સાધનાનો માર્ગ ઉપરથી જોતાં જાણે માર્ગમાં ફુલો બીછાવ્યા હોય તેવો ભાસે છે પણ અંદર ઉતર્યા પછી કાંટાળા તાજ જેવો કઠિનતમ છે. જેઓ સત્યને પામવાની તીવ્ર ઉત્કંઠાવાળા છે અને જેઓ પ્રભુના અત્યંત કૃપાપાત્ર બન્યા છે તેવા જીવો તેમના પદોમાંથી સારભૂત માખણ કાઢી શકે છે અને તે માટે તેમની રચના પાછળ જીવન સમર્પણ કરી દેવું પડે છે.

卐

*વસ્તુનું સુખ વસ્તુ ચાલી જતાં ચાલી જનાર છે. આત્મા સાથે ને સાથે જ રહેતો હોવાથી આત્માનું સુખ, શાશ્વત છે.*

★

*નામ-સ્થાપના-દ્રવ્યના આલંબનથી જેનું (પ્રભુનું) નામ લેવાય છે, સ્થાપના કરી જેની પૂજા થાય છે, અને દ્રવ્યનિક્ષેપાથી જેના (પ્રભુના) જીવનકવનના ગુણો ગવાય છે. તેના જેવા ભાવ છે... તેનું જેવું સ્વરૂપ છે, તેને પામવાનું છે. નામ-સ્થાપના-દ્રવ્ય એ સાધન છે અને ભાવ સ્વરૂપ સાધ્ય અને સાધન ઉભય છે.*

# પદ - ૯૫

## (રાગ - અલઈયો વેલાવલ)

ऐसे जिनचरणे चित्त लाउं रे मना,
ऐसे अरिहंतके गुन गाउं रे मना ॥ ऐंसे. ॥

उदर भरनके कारणे रे, गौआ वनमें जाय ॥
चारो चरे चिहुं दिश फिरे, वाकी सुरति वाछरुआमांहे रे ॥ ऐसे. ॥१॥

सात पांच साहेलीयां रे हिलमिल पाणी जाय ॥
तोली दीये खडखंड हसे रे, वाकी सुरति गगरुआमांहे रे ॥ ऐसे. ॥२॥

नटुआ नाचे चोकमें रे, लोक करे लखसोर ॥
वांस ग्रही वरते चढे, वाको चित्त न चले कहुं ठोर रे ॥ ऐसे. ॥३॥

जुआरी मनमें जुआरे, कामीके मन काम ॥
आनन्दघनप्रभु युं कहे, तमे ल्यो भगवंतको नाम रे ॥ ऐसे. ॥४॥

**ગા.૧ : ઐસે જિન ચરણે ચિત લાઉંરે - મનાજી**
**ઐસે અરિહંત કે ગુણ ગાઉં રે મનાજી...**
**ઉદર ભરણકે કારણે રે ગૌઆ વનમેં જાય;**
**ચારો ચરે ચિહું દિશિ ફરે, વાકી સુરતિ વાછરૂઆમાંહેરે... મનાજી...**

યોગીરાજ આનંદઘનજી મહારાજ આ પદમાં મનને કેળવવા માટેનો ઉપદેશ આપે છે. મન એ અજબગજબની વસ્તુ છે. એને ઠેકાણે લાવવું એ ભારે મુશ્કેલ કામ છે. આખો અષ્ટાંગ યોગનો માર્ગ મનને સ્થિર કરી તેની ઉપર વિજય મેળવવા માટે છે. ધ્યાનયોગની અનેક અટપટી બાબતો પણ મનને વશ કરવા માટેજ યોજાયેલી છે.

**"મન એવ મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયો:"** તે માટે પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દષ્ટાંત મનનીય છે. રાજગૃહીનો ભિખારી, તંદુલિયો મત્સ વગેરે મનના

પાપથીજ નરકમાં ગયા છે. લક્ષ્મણા સાધ્વી ચકલા-ચકલીના મિથુનની ક્રીડાને જોયા પછી મનને કાબુમાં ન રાખી શક્યા તો કેટલીય ચોવીસી સુધી ઘોર તપ કરવા છતાં રખડશે. એક ચક્ષુ કુશીલતાના પાપે રૂકમી સાધ્વીએ એક લાખ ભવ સંસાર વધાર્યો અને પંદર કોટાકોટિ સાગરોપમનો ઉત્કટ સ્ત્રીવેદ બાંધી તિર્યંચની હલકી યોનિમાં ભમવું પડશે.

કુંથુજિન સ્તવનમાં પણ મનની ચંચળતા બતાવતા તેઓશ્રી કહે છે કે - **'જિમ જિમ જતન કરીને રાખું તિમ તિમ અળગું ભાગે...'** રખડું મન જ્યાં ત્યાં દોડી જાય છે. ઈન્દ્રિયોના વિષયમાં લાગે ત્યારે એ રસના સબડકા લે છે, સ્ત્રી સંસર્ગે જીવન સફળ માને છે, ધનના ઢગલામાં તે જીવનનું સર્વસ્વ જુએ છે, એવા મનને અહિંયા ઉપદેશ આપે છે કે હે ચેતન (મન) તું જિનેશ્વર પરમાત્માના ચરણમાં મનને લગાડ. અરિહંત પરમાત્માના ગુણગાનમાં મનને પરોવ. મનને જો કેળવવામાં આવે તો તે નેતરની પાતળી લાકડીને જેમ વાળો તેમ વળે એવું લચકીલું છે. તેમ મન પણ તમે જે ઈચ્છો, વિચારો તે કરે. નેતરમાં નરમાશનો ગુણ છે. કોઈપણ લાકડુ જ્યાં સુધી નરમ-પોચુ હોય ત્યાં લગી તે વળે છે પણ એની રેષાઓ સખત જાડી થયા પછી તે ધાર્યું કામ આપે નહિ. બસ, આવીજ સ્થિતિ આપણા મનની છે. જેમ શિક્ષા દ્વારા કેળવાયેલ ઘોડો પોતાના ઉપર સવાર થનાર માલિકને તરતજ ઓળખી લે છે તેમ કેળવાએલુ મન પરમાત્માની ભકિત - ગુણગાન તેમજ ધ્યાનમાં સારી રીતે લાગે છે. પરખ કરનાર પશુ હોય કે બીજા હોય મનનું નાટક ત્યાં પણ ચાલતું હોય છે, માટે સૌ પ્રથમ ઘોડાને વશ કરવાની તાલિમ આપવામાં આવે છે. માલિકનું પોતાના પર હેત, પ્રેમ, માલિકની કડકાઈ જેમ વગેરેને જાણી લીધા પછી પ્રાણી જેમ તે પ્રમાણે કેળવાઈ જાય છે તેમ સાધક યોગી સૌ પ્રથમ જિનેશ્વર દેવના ચરણમાં ચિત્તને રમાડે છે. જેવા અરિહંત પરમાત્મામાં ગુણો છે તેવા અને તેટલા ગુણો મારા પોતાના ભગવાન આત્મામાં રહેલા છે, એમ વિચારી વ્યવહાર - નિશ્ચય ઉભયથી મનને કેળવણી આપે છે જેથી બહિરમન અને અંતરમન બંને કેળવાય છે. એક અંધ ભકત કવિ સીન્ડેએ એક ભજનમાં ગાયું કે - **બાબા મનકી આંખે ખોલ - જ્ઞાન તરાજું સે તોલ, બાબા મનકી આંખે ખોલ.**

આ મનની આંખ બે છે તેમ તેના કાર્યના પાસા પણ બે છે.

જેમ ગાય પેટ ભરવા કાજે વન વગડામાં જાય છે ત્યાં ચારે દિશામાં ફરતાં પોતાનું પેટ ભરવા ચારો ચરે છે - ઘાસ ખાય છે ત્યારે તે ઘાસને પણ મૂળથી ઉખેડીને ખાતી નથી પરંતુ ઉપર ઉપરથી ઘાસ-પાંદડા વગેરે ખાય છે જેથી બીજે દિવસે ઘાસ ફરી ઉગી નીકળે છે પણ તે ઘાસ ખાતા તેની સુરતા એટલે દષ્ટિ કે મન પોતાનું સંતાન વાછરડું કે જે ભૂખ્યુ છે તેની ચિંતા કરતુ હોય છે. ઉદરભરણ વખતે પણ તેનુ મન તો પોતાના બચ્ચા - વાછરડા તરફજ હોય છે.

**પાંચ સાત સાહેલીયાં રે હિલમિલ પાણી જાય**
**તાલી દિયે ખડખડ હસે, વાકી સુરતિ ગગરૂઆ માંહિ રે....૨.**

પનઘટ ઉપર પાણી ભરવા માટે ગયેલી પાંચ-સાત સાહેલીઓ - બહેનપણીઓ ભરેલાં બેડાં સાથે રસ્તા પર ચાલતી હોય, વાતો કરતી હોય, સામેથી આવતી સખીઓ સામે ઊભી રહી તેને તાળી આપતી હોય તેની સાથે ખડખડાટ હસતી હોય છતાં તે દરેક વખતે તેનું ધ્યાન તો માથા પર રહેલા બેડા ઉપરજ હોય છે તેનો ઉપયોગ ત્યાંજ મંડાયેલ રહે છે. એ પનિહારીની ચેષ્ટા - ક્રિયા અન્યત્ર હોવા છતાં તે ક્રિયા સમયે પણ એનું લક્ષ એના લક્ષ્ય એવી એની હેલની સ્થિરતાની સાચવણીમાં છે.

**નટુઆ નાચે ચોકમાં રે, લોક કરે લખ સોર**
**વાંસ ગૃહી વરતેં ચઢે, વાકો ચિત્ત ન ચલે કહુ ઠોર રે...૩.**

નટ જાતિના લોક ગામડે ગામડે જઈ ગામના મધ્ય ચોકમાં વાંસ ખોદી વાંસના બંને છેડે દોરડું બાંધી હાથમાં વાંસ લઈ દોરડા પર અદ્ધર ચાલે છે તે વખતે ભય દૂર કરીને દોરડા પર ચાલે છે ત્યારે તેનું મન તો તે દોરડા ઉપર ચાલવાની ક્રિયામાંજ સ્થિર હોય છે. તેની દોરડા ઉપર નાચવાની - દોડવાની ક્રિયા જોઈને ભેગું થયેલુ લોક તાલીઓ પાડે છે, મુખમાંથી વાહવાહના સુરો કાઢવા દ્વારા વાતાવરણને ગજવે છે, નગારા વગાડે છે એવા ટાણે પણ નટની નજર લોકો તરફ ન રહેતાં દોરડા તરફ સ્થિર રહે છે. તે નટે મનને કેવી તાલીમ આપી હશે ? નટડીના મોહમાં મોહાઈને તેને પરણવા ઈલાચચીકુમાર નટ બન્યો.

---

દોરડા ઉપર ચઢી નાચે છે ત્યારે લોકોને અને રાજાને ખુશ કરી તેની પાસેથી ઈનામ મેળવવા હજારો પ્રેક્ષકોની વચ્ચે પણ નાચતા તેનુ ધ્યાન બીજે જતું નથી પરંતુ તેનું ધ્યાન એક માત્ર પગના અંગુઠા અને હાથમાં પકડેલા વાંસ તરફ હોય છે. હાથ પકડેલા વાંસને એવી રીતે વાળે છે કે જેથી દોરડા ઉપર ચાલતા - લઘુલાઘવી કળાથી સમતુલા જળવાઈ રહે. આ બધા દ્દષ્ટાંતો આપીને યોગીરાજ કહે છે કે સંસારના ગમે તે કામ કરતા પણ તમારુ ધ્યાન તમે પરમાત્મ સ્વરૂપમાં લગાડો. જેમ પાણી ભરનારી સ્ત્રીની નજર માથે રહેલ ગાગર પરથી ખસતી નથી, નટની નજર હાથમાં પકડેલા વાંસ અને દોરડા પરજ ચોંટેલી રહે છે અને તેથીજ તે નાચવાની ક્રિયા કરી શકે છે તેમ જીવ પણ જો ધારે તો ગમે તેવા સંસારના કામ કરતા પ્રભુ ચરણ સેવા અને પ્રભુ ગુણગાન પ્રત્યે પોતાની સુરતાને અર્થાત્ દ્દષ્ટિને રાખી શકે છે. આવી રીતે પરમાત્મ સ્વરૂપમાં મન કેન્દ્રિત થયેલું રહે તોજ આત્માનુ કલ્યાણ છે, અન્યથા નહિ એવુ આડકતરી રીતે અહીં સૂચન કર્યુ છે.

**જુગારી મનમેં જુઆરે, કામી કે મન કામ;**
**આનંદઘન પ્રભુ યું કહે, ઈમ લ્યો ભગવંતકો નામ....૪.**

જુગારીની દ્દષ્ટિ જુગાર રમતા હાર જીત તરફ મંડાયેલી રહે છે અને કામીની દ્દષ્ટિ નિરંતર પોતાના પ્રિયપાત્ર સ્ત્રીની કામનામાં લાગેલી હોય છે. તેમ તમે સંસારના દરેક કામ કરતા તમારી દ્દષ્ટિને પ્રભુમય બનાવો. હે આત્મન્ ! તુ પ્રભુનુ નામ રટણ કે ધ્યાન સ્થિર, શાંત અને એકાગ્ર ચિત્તથી કર. રાધાવેધ સાધનાર અર્જુનની દ્દષ્ટિ જેમ પૂતળીની ડાબી આંખ વીંધવા તરફ હતી અને એકલવ્યની દ્દષ્ટિ ભસતા કૂતરાના મોમાં બાણવર્ષા કરવા દ્વારા તેને ભસતુ બંધ કરવા તરફ હતી તેમ તમે પણ તમારી દ્દષ્ટિને સ્વચ્છ અને પારદર્શક બનાવો. આનંદઘન પ્રભુ તમને ભલામણ કરે છે કે હે મનજીભાઈ ! તમે આ રીતે પ્રભુ સાથે એકતાન થઈ જાવ. સંસારના કાર્ય કરવા છતાં તેમાં નિર્લેપ રહો, સાક્ષીભાવે રહો અને જીવનને સફલ બનાવો.

卐

# પદ - ૯૬

## (રાગ - ધનાશ્રી)

अरी मेरी ना हेरी अतिवारो मैं ले जोबन कित जाउं ॥
कुमति पिता बंभना अपराधी, नउ वाहै य जमारो. ॥ अरी. ॥१॥

भलो जानीके सगाई कीनी, कौन पाप उपजारो ॥
कहा कहियें इन घरके कुटुंबते, जिन मैरो काम बिगारो ॥ अरी. ॥२॥

**અરિ મેરો નાહેરી અતિવારો, મૈં લે જોબન કિત જાઉં;**
**કુમતિ પિતા બંભના અપરાધી નઉ વાંહૈ વ જમારો... અરિ મેરો...૧.**

ચેતનરાજની પત્ની સમતાદેવી છે. તેના અંતર મનમાં જે વિચારોની ગડમથલ ચાલી રહી છે તેની રજુઆત પોતાની સખી સુમતિ આગળ કરતાં કહે છે કે હમણાં મારુ મન ભારે ઉચાટ અને ગમગીનતા અનુભવી રહ્યું છે. એ શાંતિને ઝંખે છે પણ પૂર્વ ભવમાં ન જાણે જીવ કેવા પ્રકારના પાપ ભાવો સાથે લઈને આવ્યો છે કે જેથી શાંતિને બદલે અશાંતિમાં દિવસો વીતાવવા પડે છે.

(મેરો ના હેરી) - શુદ્ધ આત્મ સ્વરૂપી ચેતનરાજ મારા પતિ એ હરાય એટલે દુન્યવી જાલમાં છેતરાય તેવા નથી કારણ કે અદ્ભૂત જ્ઞાનશક્તિના તેઓ સ્વામી છે. તેમને કુમતા નામની કુબુદ્ધિએ મારી પાસેથી ઝૂંટવી લઈ - હરી લઈ - ઠગીને અજ્ઞાની ગામડિયા જેવો ગમાર બનાવી દીધો છે. મેં એ કુબુદ્ધિ સાથે ક્યારે પણ અસદ્ વર્તન કે દુર્ભાવ રાખ્યો નથી. બોલીને બગાડવા કરતાં પ્રાય: મૌનજ સેવ્યું છે. છતા મારા સ્વામીને મારાથી વિખુટા પાડવા તેણીએ અતિવારો એટલે પોતાના પક્ષમાં વારી લીધો છે. ખેંચી લીધો છે - હરી લીધો છે. કુમતિએ મારા સ્વામી પર દષ્ટિ નાંખી - તાંત્રિક નજર નાંખી તેમને બેભાન જેવા બનાવી દીધા છે એટલે મારા સ્વામી તેની પાછળ અનાયાસે ખેંચાઈ ગયા છે. આ તેની અતિ જુલ્મી માંત્રિકતા ગણાય. મહાત્મા આનંદઘનજી પર આવી અસર વર્તાતી દેખીને સમતાએ પોતાની આ વેદના સુમતિ સખી આગળ છતી કરી છે. આ દ્વારા યોગીરાજ એક બહુ મહામુલી હિતશિક્ષા આપી

બધાંજ ગુણવિશેષણોને બાજુએ રાખી મુનિને ક્ષમાશ્રમણ વિશેષણથી નવાજ્યા છે.

રહ્યા છે કે ગમે તેવો માથાવાઢ જેવો દુશ્મન હોય, આપણુ ઘણું અહિત કર્યુ હોય છતાં તેની સાથે ક્યારે પણ બોલીને બગાડાય નહિ તેમજ તેની સાથે ખરાબ વર્તન કરવું નહિ. કોઈ પણ જીવ પ્રત્યે હૃદયમાં અમૈત્રીભાવ - વિરોધીભાવ - દુશ્મનાવટ વગેરે રાખવી નહિ. ભૂતકાળ કોઈનો પણ ક્યારે પણ ઉલેચવો નહિ - ઉકેલવો નહિ કારણ કે તેમ કરવાથી કોઠીમાં હાથ નાંખી કાદવ કાઢવા જેવું હોય છે.

(મેં લે જોબન કિત જાઉં) - બાલ્યાવસ્થા, યુવાવસ્થા - વૃદ્ધાવસ્થા આ બધા દૈહિક ધર્મો છે. હું તેનાથી છુટવા માંગુ છું પણ યુવાવયના નિમિત્તો જીવને કર્મબંધ કરાવે છે. કામોત્તેજક એવો વેદનો ઉદય જીવને થાપ ખવડાવે છે, ભૂલ કરાવે છે, રાત્રે સ્વપ્નમાં સ્વપ્નદોષ - શીલભંગ વગેરે કરાવે છે. યુવાવયનો કામ, સાધુ હોય કે સાધક કોઈને પણ છોડતો નથી. છેવટે મનથી પરિણામ બગાડે છે. આનંદઘનજીનો આત્મા આમાંથી છુટવા જેમ જેમ મથે છે તેમ તેમ મોહ-માયા-કુબુદ્ધિ-કામ્ય એવી કાર્મણ વર્ગણા તેમના આત્માને પણ વિશેષ સતાવે છે. આ બધી કામીનીઓ યુવાવયના સાધુ માટે ડાકીની અને શાકિની જેવી ગણાય કે જેના સંસ્કાર જીવ ઉપર અનાદિકાળથી બાઝેલા છે. આ નિમિત્તથી સાધક ગભરાટ અનુભવે છે. સમતા ચેતનની સ્થિતિ પામી ગઈ છે.

(કુમતિ પિતા બંભના અપરાધી) - બંભના એટલે બ્રહ્મચર્યવ્રતને ખંડિત કરનારો કુમતિનો પિતા કામરાગ મોટો અપરાધી છે, જેનો ઉદય થયે છતે સજ્જન આત્માની દષ્ટિ પણ બગડી જાય છે. તે ક્યારે કેવો જુલ્મ મચાવશે તે કહી શકાય નહિ. મોટી ઉંમરનો સસરો હોય તેને પણ આનો ઉદય થાય તો તે ઘરમાં રહેલી પુત્રવધુ ઉપર દષ્ટિ બગાડે છે માટે તેનો કદી વિશ્વાસ ન કરવો. દશવૈકાલિક સૂત્રકાર લખે છે કે ૯૦ વર્ષની વૃદ્ધા હોય - અત્યંત દૂબળી હોય - કાન કપાયેલા હોય - આંખો ફુટેલી હોય છતાં તેની પાસે પણ નજીક જાય તો જેમ મધ્યાન્હકાળના સૂર્ય સામે જેમ દષ્ટિ પડે અને જીવ પાછી ખેંચી લે છે તેમ પાછી ખેંચી લેવી, એમ સલાહ દશવૈકાલિકસૂત્ર આપે છે. ચાર ચાર મહિના સુધી ચોવિહાર ઉપવાસ કરીને - કાયોત્સર્ગમાં રહી ગુફામાં રહેલ સિંહ જેવાને પણ શાંત કરનાર અને ઘાસ ખાતા કરનાર સિંહ ગુફાવાસી મુનિ

કોશાવેશ્યાના રૂપને જોતાંજ પતન પામ્યા હતાં, તે દૃષ્ટાંત બરાબર આંખ સામે રાખવા જેવુ છે.

(નઉ વાહૈ વ જમારો) - એની ભેગા રહી જમારો - જન્મારો વહાવવો - વીતાવવો એ બહુ દુષ્કર છે. યુવાનીમાંથી એકપણ ડાઘ ન લાગે તે રીતે હેમખેમ પાર ઉતરવુ એ બહુ કઠિન છે.

**ભલો જાની સગાઈ કીની, કૌન પાપ ઉપજાહો;**
**કહા કહીયેં ઈન ઘરકે કુટુંબ તે, જિન મૈરો કામ બિગારો....૨.**

સમતા કહે છે કે એ કામરાગ એના માતા પિતા બધા સ્નેહના રાગી છે. એમની દૃષ્ટિ પણ મલિન છે. એ બધાનો ત્યાગ કરવા યોગ્ય છે છતાં તે ઘર ન છોડે તો પછી આત્માએ પોતાની સત્તાનો ઉપયોગ કરી બલપૂર્વક તેમને કાઢવા જોઈએ. સમતા કહે છે કે મારા પિતા સત્વ ગુણી અને સરળ સ્વભાવના હોવાથી એઓની મોહક વાતોમાં આવી જઈ જેનામાં અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય વગેરે રહેલા છે એવા ચેતનરાજ સાથે મારું સગપણ નક્કી કર્યું. પણ આ તો મારું પૂર્વમાં બાંધેલ કયા ભવનું પાપ ઉદયમાં આવ્યું કે જેથી કરીને મારા સ્વામી આજે મારા ઘરમાં પગ પણ મૂકતા નથી. આ પદ રચનાકાળે યોગીરાજનું મન હિંડોળે ચઢ્યુ છે કે જેથી કુમતિ તેના પરિવાર સાથે આવીને તેમની આત્મધ્યાનની કરણીમાં વિક્ષેપ પાડી તેમનામાં ડહોળાણ ઊભુ કરી રહી છે. સમતા કહે છે કે આ કુમતિ અને તેના ઘરના કુટુંબ પરિવારને શું કહેવું ? મારી નિખાલસભાવની કરણીમાં ભંગ પાડી તેઓ મારા કાર્યને બગાડી રહ્યા છે. પરદેશી એવા મોહ-માચા-મમતા અને કુમતિ બધા ભેગા મળીને એમને મારા સ્વામી પર એવી સત્તા જમાવી છે કે જાણે ઘરના સાચા માલિક તે જ હોય અને મારા સ્વામીના સાચા સગા તેઓજ હોય અને હું તો જાણે પરદેશી હોઉ, એવી સ્થિતિ મારી તેઓએ કરી મૂકી છે. આર્યહૃદયા - સજ્જનહૃદયા સુશીલ નારી આવા પ્રસંગે પતિને ઠપકો આપતી નથી પણ પોતાનાજ પૂર્વભવના પાપને યાદ કરી પોતાનીજ ભૂલ વિચારી સમાધાન કરે છે. માત્ર પતિના વિરહની વેદના તેનાથી સહી જાતી નથી માટે પોતાની હૈયાવરાળ

પોતાની નિકટની સખી આગળ કાઢી સાંત્વન પામવાનો પ્રયત્ન કરે છે. પદના અંતે કર્તાનુ નામ અહિંયા નથી તેથી આ પદ રચના યોગીરાજનીજ હશે કે બીજાની તે વિષયમાં શંકા જરૂર ઉત્પન્ન થાય તેમ છે. પદમાં બંભના અને અપરાધી જેવા આકરા શબ્દ પ્રયોગ કર્યા છે તે વસ્તુતત્ત્વનું નિદર્શન કરવા કર્યા હોય એમ સમુચિત જણાય છે માટે તે ઉપર કોઈ ટીકા કરવાનુ પ્રયોજન રહેતુ નથી.

卐

*મિથ્યાત્વમુક્તિથી સમ્યક્ત્વ, મોહમુક્તિથી વીતરાગતા, અજ્ઞાનમુક્તિથી સર્વજ્ઞતા અને પ્રદેશમુક્તિથી સિદ્ધત્વનું પ્રાગટ્ય છે.*

★

*આત્મા એના શુદ્ધ સ્વરૂપ વીતરાગતાથી ન્યાયાધીશ છે, માટે ન્યાયી છે. સર્વશક્તિમાન હોવાથી નેતા છે અને તેથી નીતિમાન છે. જ્યારે સર્વજ્ઞતાથી આત્મા પ્રમાણ છે, માટે પ્રામાણિક છે.*

★

*અપૂર્ણ પૂર્ણમાં સમાય પણ પૂર્ણ અપૂર્ણમાં સમાય નહિ. પૂર્ણનું બધું પૂર્ણ જ હોય. અપૂર્ણનું બધું અપૂર્ણ જ હોય. પૂર્ણમાંથી પૂર્ણ નીકળે છતાં પૂર્ણ જ રહે.*

# પદ - ૯૭

(રાગ - કલ્યાણ)

या पुद्लका क्या विसवासा, हे सुपनेका वासारे ॥ या पुद्गलका. ॥१॥

चमत्कार विजली दे जैसा, पानी बीच पतासा ॥
या दाहीका गर्व न करना, जंगल होयगा वासा । या पुद्गलका. ॥२॥

जूठे तन धन जूठे जोबन, जूठे है घरवासा ॥
आनन्दघन कहे सबही जूठे, साचा शिवपुरवासा ॥ या पुद्गलका. ॥३॥

**યા પુદગલકા ક્યા વિસવાસા, હે સુપનેકા વાસારે;**
**ચમત્કાર બિજલી દે જૈસા, પાની બીચ પતાસા;**
**યા દેહીકા ગર્વ ન કરના, જંગલ હોયગા વાસા...યા...૧.**

**જુઠે તન ધન જુઠે યૌવન, જુઠે હૈ ઘરવાસા;**
**આનંદઘન કહે સબહી જુઠે, સાચા શિવપુર વાસા....યા...૨.**

મહાત્મા આનંદઘનજીનું ચિત્ત અત્યંત નિખાલસ હોવાથી દિવસે કે રાત્રે જાગૃતિમાં અને નિદ્રા સમયે જેવા પ્રકારના ભલા કે બુરા ભાવ છતા થયા તેને ન છુપાવતાં તેવાજ મનોભાવો દરેક પદમાં ખુલ્લા કર્યા છે. સત્યની શોધમાં જરા સરખી પણ માયા-દંભ કે કપટ છુપાયેલા હોય તો સાધક દશામાં મન સ્થિરતા ન પામી શકે.

જડ પુદ્ગલનો ધર્મ સડવું - પડવું - પતન થવું - વિણસવું - ગળવું - પુરાવું - ઘસાવું - ગંધાવુ વગેરે છે જ્યારે ચેતન તત્ત્વમાં જાગૃતતા છે. જડ અને ચેતન બંનેને પરખવા તેમજ નિરખવા જ્ઞાન દર્શન બે શકિત ચેતનની છે. આવી જીવંત ચૈતન્ય શક્તિ જડતત્ત્વમાં નથી માટે જડને અંધકાર - દિશા શૂન્ય કહ્યું છે જયારે ચેતનમાં પ્રકાશકતા હોવાથી જે જડ અને ચેતન બંનેને પ્રકાશવાનું કાર્ય કરે છે છતાં મનુષ્ય માત્રનું લક્ષ્ય પ્રાય: કરીને જડ તત્વ પ્રત્યે વિશેષ નજરે પડે છે અને એજ જીવનું અજ્ઞાન છે. જાગૃતિ આડે છવાઈ ગયેલું

ચારિત્રમોહના ઉદયથી નિપજતા દોષો ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયો છે.

અંધારું છે.

દેહ ઘરમાંથી ચેતન એવો આત્મા નીકળી જાય છે કે તરત જ દેહની સડવાની - ગંધાવાની - જંતુઓ ઉત્પન્ન થવાની ક્રિયા શરૂ થાય છે. જીવ નીકળી ગયા પછી દેહ દુર્ગંધ મારે છે, આનુ નામજ કાયાની નાશવંતતા. જ્યાં સુધી દેહમાં ચેતન છે ત્યાં સુધી દેહમાં ખોરાક નંખાય છે. તે ખોરાક ચેતન એવા આત્માની હાજરીમાં સાતધાતુ રૂપે વ્યવસ્થિત પરિણમે છે માટે દેહ ગંધાતો નથી. રસ-રૂધિર-માંસ-મેદ-મજ્જા-અસ્થિ- વીર્ય આ સાત ધાતુ રૂપે ખોરાક પરિણમે છે પણ ચેતન નીકળી જતાં હવે અંદરની તે જ ધાતુઓ વિક્રિયાને પામીને અશુચિપણાને ધારણ કરે છે. માટેજ જ્ઞાનિઓએ આ દેહને માટીનો પિંડ કે પૂતળું તરીકે સંબોધ્યું છે. જ્યાં સુધી ચેતનની હાજરી છે ત્યાં સુધી સમયે સમયે નવા તત્ત્વોની પૂર્તિ થયા કરે છે અને નકામા તત્ત્વોનું મળ રૂપે પરિણમી વિસર્જન થયાં કરે છે. અથવા અંદર રહેલ તેજસ શરીર રૂપી ભઠ્ઠીમાં નકામા તત્ત્વો બળીને રાખ થાય છે. ચેતન નીકળી જતાં આ પુરણ ગલનની તેમજ સર્જન-વિસર્જનની ક્રિયા બંધ થાય છે માટે પછી તે અંધારી કોટડી - મસાણિયુ ઘર - ભૂતિયો મહેલ વગેરે દ્વારા ઓળખાવાય છે.

ચેતન નીકળી ગયા પછી તે દેહ મડદાલ અને નિરસ ભાસે છે. આવું કાયાનું સ્વરૂપ નજરે નિહાળવા છતાં જગતમાં ડાહ્યા - પંડિત વિદ્વાન ગણાતા એવાં સાધુ-સંતો-સંન્યાસીઓ-યોગી-બાવા-ફકીરો-ગૃહસ્થો પણ એને કાયમ રહેનાર સમજી એના પર વિશ્વાસ રાખી જીવન નૈયાને ચલાવી રહ્યાં છે. આ કાયા ગમે ત્યારે ઢળી પડવાના સ્વભાવવાળી તેમજ દગો દેનાર વિશ્વાસઘાતી છે એવું જીવોને શ્રદ્ધામાં આવતું નથી. આના પર વિશ્વાસ રાખનારા અંતે સંસાર સમુદ્રમાં ડુબી મર્યા છે. કહેવાતા પંડિતો અને વિદ્વાનો જ્યાં લગી કાયાની માયામાં કે મોહિનીમાં મૂર્છિત થયેલા છે ત્યાં સુધી તે બધાજ અજ્ઞાની છે એમ સમજવું. તેવા અજ્ઞાની જીવોને જડ એવા પુદ્ગલનુ ભાન કરાવવા આ પદમાં યોગીરાજ પોતાના વિચારો જણાવતા લખે છે કે આ દેહ અને તેના સંબંધી ધન-માલ-મિલ્કત-હાટ-હવેલી-વાડી અને વજીફાનો શું વિશ્વાસ કરવો ? સ્વપ્નમાં ભોગવેલા સુખ જેવા આ બધા તત્ત્વો છે અર્થાત્ એમાંથી મળતુ સુખ

દર્શન મોહનીયના ઉદયથી નિપજતા દોષો અવિનય, આશાતના, વેર, ઈર્ષા, આગ્રહાદિ છે.

ક્ષણ પુરતું છે.

જેમ વીજળીનો પ્રકાશ મનુષ્યની આંખને આંજી નાંખે છે તેમ દેહના હાવભાવ - કટાક્ષ - અંગમરોડ વગેરે ચિત્તને આંજી નાંખે તેવા છે પણ એ પ્રકાશ ક્ષણવાર પુરતો હોય છે અને પછી પાછું ઘનઘોર અંધારું. એમ આ પ્રાપ્ત માનવ ખોળિયા (દેહ) નું અસ્તિત્વ પણ વીજળીના એક ઝબકારા જેવું ક્ષણભંગુર છે. તેજ રીતે વાણીની મોહક મીઠાશ પણ ક્ષણવાર પુરતી પછી એ પુતળી ક્યારે દ્રેષ ઓકે તે કહેવાય નહિ. જેમ પાણીની વચ્ચે રહેલ પતાસુ સતત ઓગળ્યા કરે છે, રણમાં મૂકેલ બરફનો ટૂકડો પીગળ્યા કરે છે તેમ આ દેહ પણ ક્ષણે ક્ષણે જર્જરિત થઈ રહ્યો છે, દેહમાંથી પુદ્‌ગલોનું પુરણગલન સતત થયાજ કરે છે, આ દેહનો ગર્વ જરા પણ કરવા જેવો નથી, તે ગમે તેટલો સારો દેખાતો હોય તો પણ અંતે જંગલમાં તેનો વાસ થવાનો છે, શ્મશાનમાં રાખની ઢગલી રૂપે તે મળી જવાનો છે માટે દેહનો મોહ છોડી તેના દ્વારા આત્મસાધના કરી લેવામાંજ સાર છે. તન-ધન-યૌવન આ બધા રૂપકો અને પર્યાયો જુઠા છે, ક્ષણભંગુર છે. આ દેહમાં આત્માનો વસવાટ છે, તે પણ જૂઠો છે માટે આ દેહ એ ભાડુતી ઘર છે, કર્મસત્તાએ લીઝ અને લોન પર આપેલ છે, પુણ્યની લોન પુરી થતા તે છુટી જનાર છે માટે તેનો મોહ રાખવો તે પણ જૂઠો છે. **જે પહેલાં હતું નહિ અને હવે પછી રહેનાર નથી તેનું વચમાં હોવાપણું એ ન હોવાપણા બરાબર છે. એ સપના જેવું છે કે જાગતા હતાં ત્યારે હતું નહિ અને જાગ્યા પછી એમાંનું કાંઈ રહેતું કે હોતું નથી.** આનંદઘન પ્રભુ કહી ગયા છે કે સંસારના બધા પદાર્થો નાશવંત છે અને બધા સુખો ક્ષણિક છે. સાચુ સુખ એક માત્ર મોક્ષ નગરીમાં પધારેલ સિદ્ધ ભગવંતો ભોગવી રહ્યા છે તે છે કે જે ત્રિકાલ અબાધિત શાશ્વત છે બાકી બધુ જૂઠું છે.

દેહના રૂપનો ગર્વ કરવા જતાં ચક્રી સનતની કાયામાં ૧૬-૧૬ ભયંકર રોગો ઉભરાઈ આવ્યા હતા માટે આ દેહનો જરાપણ ભરોસો રાખવા જેવો નથી કે તેનો જરા પણ ગર્વ કરવા જેવો નથી. યુવાની દિવાની છે, ચાર દિવસની ચાંદની જેવી છે, જેની પાછળ ઘોર અંધારી નરકની દુર્ગતિઓ લખાયેલી છે. તેમ લક્ષ્મી પણ ભરોસા પાત્ર નથી કારણ કે ગમે ત્યાં જઈને રહેતા એને શરમ

આવતી નથી. વાઘરી અને કસાઈઓને ત્યાં પણ તે હોય છે માટે તેના પર ભરોસો શું કરવો ? ઘરવાસ પણ ખોટોજ છે. જે ઘરને છોડવું પડે, વારંવાર સમારકામ કરવુ પડે એનો ભરોસો શો ? શરીર રોગનું ઘર છે. એક એક રૂંવાડે પોણાબબ્બે રોગ રહેલા છે. એ બધા એક સાથે ઊભા થાય તો જીવવુ ભારે પડી જાય તેમ છે. પુણ્યની મહેરબાનીથી બધા દબાયેલા પડ્યા છે માટે જીવનુ જીવન શક્ય છે. સંસાર કેટલો દગાખોર છે તે માટે ઈરાનના શાહ મહમદ રેઝા પહેલવીનું દષ્ટાંત બરાબર વિચારવા જેવુ છે. પુણ્યના ભરોસે રહીને બધાજ પ્રતિવાસુદેવો વાસુદેવ સાથેના યુદ્ધમાં હારીને નરકે સિધાવ્યા છે. આ દેહ તેમાં રહેલો આત્મા, પ્રતિ સમયે ઉદયમાં આવતા કર્મો, તેનાથી પળે પળે સર્જાતા કર્મના નાટકો, તેના કારણે થતા મોહનીયના અજ્ઞાન જનિતભાવો તેમજ પુણ્યના ઉદયે મળેલ ભોગ સામગ્રીઓ બધુંજ વિનાશી છે - માટી છે - ક્ષણભંગુર છે - પરિવર્તનશીલ છે, એમ સમજીને એનો વિશ્વાસ કરવા જેવો નથી અને આત્મસાધના કરવાની મળેલ ઉજ્જવળ તકને ગુમાવવા જેવી નથી. **વીજળીના ઝબકારામાં સોઈ પરોવી લેવાં જેવું દુષ્કર સાધનાકાર્ય આ પ્રાપ્ત ક્ષણભંગુર માનવખોળિયામાં રહીને કરી લેવા જેવું છે** - એવો આ પદનો સાર છે.

卐

*આત્મા જ્ઞેયમાં નથી પણ જ્ઞાનમાં છે. જ્ઞાનથી આત્મા અભેદ છે. આત્મા આત્મામાં સ્થિતિ કરે તો પરમસ્થિતિને પામે.*

★

*મન અને બુદ્ધિ એ જ્ઞાન તત્વ છે, જ્યારે અહંકાર એ વેદન તત્વ છે. શબ્દ એ દ્રવ્ય શ્રુત છે. અર્થ એ મતિ છે. ભાવ એ અધ્યાત્મ છે.*

# પદ - ૯૮

## (રાગ - આશાવરી)

अवधू सो जोगी गुरु मेरा, इनपदका करे रे निवेडा ॥ अवधू. ॥

तरुवर एक मूल बिन छाया, बिन फूले फल लागा ॥
शाखा पत्र नही कछु उनकुं, अमृत गगने लागा ॥ अवधू. ॥१॥

तरुवर एक पंछी दो बेठे, एक गुरु एक चेला ॥
चेलेने जुग चुण चुण खाया, गुरु निरंतर खेला ॥ अवधू. ॥२॥

गगन मंडलके अधबिच कूवा, उहां है अमीका वासा ॥
सगुरा होवे सा भरभर पीवे, नगुरा जावे प्यासा ॥ अवधू. ॥३॥

गगनमंडलमें गउआं विआनी, धरती दूध जमाया ॥
माखन था सो विरला पाया, छासे जगत भरमाया ॥ अवधू. ॥४॥

थडविनुं पत्र पत्रविनुं तुंबा, बिनजीभ्या गुण गाया ॥
गावनवालेका रूप न रेखा, सुगुरु सोही बताया. ॥ अवधू. ॥५॥

आतम अनुभव विन नहीं जाने, अंतर ज्योति जगावे ॥
घट अन्तर परखे सोही मूरति, आनन्दघन पद पावे. ॥ अवधू. ॥६॥

**અવધૂ સો જોગી ગુરૂ મેરા, ઈન પદકા કરે રે નિવેડા;**
**તરૂવર એક મૂલ બિન છાયા, બિન ફૂલે ફલ લાગા;**
**શાખા પત્ર નહિં કછુ ઉનકું, અમૃત ગગને લાગા - અવધુ...૧.**

સાધના કરવા દ્વારા શુદ્ધિ વધતા સાધકમાં નિડરતા અને નિર્ભયતા રૂપી ખુમારી પ્રગટે છે તે ખુમારી અવધૂ શબ્દથી પ્રગટ કરે છે. આત્મવીર્ય જાગૃત થતાં લોકભય અને મૃત્યુભય એના ચિત્તમાંથી નીકળી ગયા પછી એક પ્રકારની વીરત્વ શક્તિ પ્રગટે છે તેનો એક પરિચય યોગીરાજે પદ-૪૨માં અબ હમ અમર ભયે ન મરેંગે દ્વારા કરાવ્યો.

હવે આ પદમાં પણ જે આના સારનો નિવેડો કરી આપે તે અવધૂત યોગી મારા સાચા ગુરુ છે, એવી ખુમારીભરી ભાષા તેઓએ વાપરી છે અને પોતાના પરમગુરુ પરમાત્મા પ્રત્યે ભક્તિભાવથી પ્રેરાઈને અવધૂ સો જોગી ગુરુ મેરા - ઈન પદકા કરે રે નિવેડા પદની રચના કરી છે.

એક વૃક્ષ એવું છે કે જેને મૂળ અર્થાત્ મૂળિયા નથી, કંદ નથી, થડ નથી છતાં તે વૃક્ષ છાયા આપી રહ્યું છે. તેને ડાળ-ડાળીઓ-શાખા-પ્રશાખા કાંઈ નથી, મોર પણ આવતા નથી અને ફૂલ પણ લાગતા નથી અને છતાં આશ્ચર્ય એ છે કે તે અમૃત સમાન મીઠા ફળ આકાશમાં અદ્ધર લાગેલા છે તો તે વૃક્ષ કયું ? તેનુ નામ શું ? તેના ફળ કયાં ? તેની શોધ કરો. આ પ્રશ્ન છે - આ કોયડો છે.

કોયડાનો ઉકેલ - સમાધાન : આત્માની ત્રણ અવસ્થા છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. જીવની મનોદશાને અનુરૂપ તેને આશ્રય આપનાર યોગ્ય સ્થાનકો અનુક્રમે (૧) સંસાર વૃક્ષ (૨) બોધિબીજરૂપ ચૈતન્ય વૃક્ષ અને (૩) નિર્મળાનંદની પૂર્ણ અનુભૂતિરૂપ કૈવલ્ય વૃક્ષ. આ ત્રણે વૃક્ષોના ફળ અનુક્રમે (૧) કડવા વિપાક રૂપ (૨) મીઠા મધુરા શેરડીના રસ જેવા (૩) અમૃત રસ જેવાં હોય છે.

હવે આ ત્રણે વૃક્ષોની છાયા કેવી છે ? તો કહે છે કે પહેલુ સંસાર વૃક્ષ તેની છાયાની ઠંડક મૃગજળ જેવી - તાપનો પ્રતિભાસ પેદા કરનારી છે. માથે ઉનાળાનો સૂર્ય તપી રહ્યો હોય ત્યારે વૃક્ષના પાંદડાઓની ઘટાઓ પોતે તાપને ઝીલીને મુસાફરને ઠંડક આપે છે તે ઠંડક ક્ષણવાર પુરતી હોય છે. એ વૃક્ષની બહાર નીકળતા પાછો ગરમીનો અનુભવ થાય છે. તેમ સંસાર વૃક્ષની છાયા પણ એવી છે કે જેમાં પુણ્યના ઉદયે બધી અનુકૂળતાઓ મળે ત્યારે મન કાંઈક ઠંડક અનુભવે પણ જેવો પુણ્યનો ઉદય પુરો થાય - સામગ્રીઓ ચાલી જાય એટલે પાછી મનમાં બળતરા થવા માંડે. હાલના માનવીમાં સંસાર વૃક્ષની છાયા આપવા જેટલો પણ પરોપકાર ગુણ રહ્યો નથી તેવા જીવોને માટે તો સંસાર વૃક્ષની છાયા કટુ વિપાક સમાન કહી છે.

બીજું જે બોધિબીજ રૂપ ચૈતન્ય વૃક્ષ છે તેમાં સમ્યકત્વ ગુણ પ્રગટેલો હોવાના કારણે જીવને અંતરમાં કષાયો શમી જવાથી ઉપશમ ભાવની ઠંડક અનુભવાય છે. જ્યારે ત્રીજુ કૈવલ્ય વૃક્ષ તેની છાયામાં તો પરમ શીતળતાનીજ અનુભૂતિ છે. આ ત્રીજા કૈવલ્યવૃક્ષની છાયાની શોધમાં આનંદઘનજીનો આત્મા લાગેલો છે.

**તરૂવર એક પંછી દોઉ બેઠે, એક ગુરુ એક ચેલા;**
**ચેલેને જુગ ચુન ચુન ખાયા, ગુરુ નિરંતર ખેલા... અવધૂ...૨.**

સંસાર એક એવું વૃક્ષ છે કે તેની (શાખા-પ્રશાખાઓ) અનંત છે તેની સફરે નીકળેલા ગુરુ અને તેમનો શિષ્ય છે. તેમાં ગુરુ તે અંતરાત્મા અને શિષ્ય તે બહિરાત્મા છે. જો બહિરાત્મદશાને પામેલ આત્મા સંસારિકભાવવાળા પદાર્થો પરથી મોહ, માયા અને મમતાના ભાવોનો ત્યાગ કરે તો તે અંતરાત્મા બની કર્મતાપમાંથી મુક્ત થતાં પરમાત્મા થઈ શકે. આમ ગુરુ અને શિષ્ય બંને આત્મા રૂપે એકજ છે પણ અવસ્થા ભેદથી તેના ગુરુ અને શિષ્ય તરીકેના ભેદ પડે છે. સંસારમાં અનંતકાળથી ચારેગતિમાં અથડાતો કુટાતો આત્મા મુસાફરીમાં લાગેલ થાક ઉતારવાના ભાવ સેવવાથી બંધાયેલ પુણ્યના ઉદયથી વિસામો લેવા મનુષ્ય દેહને પામ્યો. પૂર્વ પુન્યાઈથી ઉત્તમ જાતિ - કુળ - ક્ષેત્ર - જિનમંદીર - જિનપ્રતિમા - નિર્ગ્રંથજ્ઞાની સદ્ગુરુ, જિણવાણી, આગમગ્રંથો મળ્યાં. પુન્યવંત આત્મા હોવાથી જીવને સમ્યકત્વ પામી શકાય તેવા ગુરુઓનો યોગ થયો. તેમાં શિષ્ય કે જે બહિર્દષ્ટિ જીવ હતો તે અનંતાનંત યુગો સુધી સંસારમાં રખડતા અનંત અનંત સમય સુધી એક એક આકાશ પ્રદેશ ઉપર અજ્ઞાન અને મોહભાવે જન્મ મરણ કરી અનંતીઅનંતી કાર્મણવર્ગણાઓ તેને ભેગી કરી હતી તેથી તેને માટે કહે છે કે જેમ પંખી, રેતી ઉપર પથરાયેલા એક એક દાણાઓને વીણીને ખાઈ જાય તેમ આ જીવ પણ એક એક સમય કરતા અનંત અનંત સમયોને ચુન ચુન કરીને એટલે વીણી વીણી ને ખાઈ ગયો હતો **અર્થાત્** અનંત અનંત સમયોને તેણે અજ્ઞાન ભાવમાં પસાર કરી અનંતી **કાર્મણ**વર્ગણાઓ કર્મરૂપે એકઠી કરી હતી, તે શિષ્યને હવે છુટવાનો કાળ પાકયો હશે **તેથી** માનવભવ પામીને જે સંસાર વૃક્ષ પર આશ્રય કરવા મલ્યો તે વૃક્ષનું

વાતાવરણ અતિ પવિત્ર હોવાથી તેના પ્રભાવે બહિરાત્માનાં અંતરના ભાવ બદલાયા તેણે બહિરાત્મપણું ત્યાગ્યું અને માર્ગાનુસારીપણાના ગુણોની આરાધના કરતા અપુનર્બંધકપણું તેમજ આગળ વધીને બોધિબીજ એટલે સમ્યકત્વ પામ્યો, અંતરાત્મપણું પ્રગટ્યું. બોધિબીજરૂપ ચૈતન્યવૃક્ષ હાથ લાગ્યું. આ દશા યોગીરાજ આનંદઘનજીના ચેતનની સમજવી.

**(ગરુ નિરંતર ખેલા) - બાહ્ય જગતને વિસારી દેહરૂપી દેવળમાં નિર્મળાનંદનો નાથ ત્રિકાલ શુદ્ધ - ધ્રુવ - ચૈતન્યમય પરમાત્મા પરમપારિણામિક ભાવરૂપે રહેલ છે, તેના ઉપર નિરંતર દૃષ્ટિ કરીને તેમાંજ રમણતા કરવી એ આત્માનો ખેલ છે. ચેતનનો એ રમણભાવ છે અને અંતરાત્મા બનેલ ગુરુ નિરંતર ત્યાં ખેલ્યા કરે છે. સમ્યક્‌દષ્ટિવંત આત્માએ સંસારને બરાબર મિથ્યા સમજી લીધો છે એટલે તેની દૃષ્ટિમાં હવે નિરંતર એક શુદ્ધ સ્વરૂપજ ઉપાદેય લાગ્યા કરે છે અને તેથી તેની દૃષ્ટિ પણ શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપ ઉપર લાગેલી રહે છે. એ તો સંસારરૂપી દ્વૈતને અદ્વૈતરૂપી સ્વઘરનું આંગણ (આંગણું) માને છે અને એ અદ્વૈતના આંગણમાં રમતો રહી, તરતો રહી દ્વૈતને ઓળંગી જઈ અદ્વૈતમાં - સ્વઘર જવા માટે પ્રયત્નશીલ રહે છે.**

સંસાર એક નાટકનો ખેલ છે. અનંત જન્મ મરણની રમત છે. તેનો સર્જનહાર પોતેજ છે. પોતે જયાં સુધી અજ્ઞાની છે ત્યાં સુધી કર્મોનો બાંધનાર પણ પોતેજ છે અને તેનો ભોગવનાર પણ પોતેજ છે અને જયારે તે પોતાના સાચા સ્વરૂપને સદ્‌ગુરુકૃપા બળે ઓળખે છે ત્યારે અંદરથી ઘાતીકર્મોનો ક્ષયોપશમ થતાં જે વીતરાગ પરિણતિના અંશ રૂપ ઉપશમ સમ્યકત્વ પામે છે ત્યારે પોતેજ પોતાને પોતાના વડે પોતાનામાં અનુભવે છે અને ત્યારે તે પોતેજ પોતાનો ગુરુ બને છે. આમ પોતેજ પોતાને ઓળખે છે ત્યારે તે પોતેજ ગુરુ કહેવાય છે, આમ અજ્ઞાન અવસ્થામાં જે આત્મા ચારેગતિમાં સંસારમાં રખડતો હતો તે વખતે તેને પોતાને પોતાની ઓળખ નહિ હોવાથી તેમજ પરને પોતાનુ માનવા રૂપ અજ્ઞાન પ્રવર્તતુ હતું માટે તે શિષ્યરૂપ હતો તે જ શિષ્ય હવે જ્યારે અંતરાત્મા બન્યો ત્યારે તે ગુરુ કહેવાય છે. જ્ઞાન પ્રાપ્તિ માટે વ્યવહારમાં બાહ્ય ગુરુ નિમિત્ત બને છે તે વાત જુદી છે પણ તે જ્ઞાન પડ્યું છે તો પોતાની અંદર જ. જ્ઞાન

કાંઈ બહારથી આવતુ નથી એટલે જ્ઞાનનો માલિક પોતેજ હતો અને પ્રગટ થવા દ્વારા મળે છે પણ પોતાનેજ તત્ત્વ દૃષ્ટિથી જોઈએ તો ખ્યાલ આવશે કે કોઈ કોઈને શીખવતુ નથી. કોઈ કોઈને આપતુ નથી. પોતાની અંદર જેટલો ક્ષયોપશમ થાય તેટલુ જ તે પામે છે (આના વધુ વિસ્તાર માટે પદ-૫૭ ફરીથી જોઈ જોવું)

**વ્યવહારમાં ભલે કહેવાતું હોય કે જ્ઞાન અપાય છે પણ વાસ્તવિકતા એ છે કે જ્ઞાન અપાતું નથી પણ અજ્ઞાન દૂર કરાય છે. જો અપાતું હોત તો એક ગુરૂ કે એક ઉપદેશકથી બધાંને એકસરખું જ્ઞાન થવું જોઈતું હતું. પણ તેમ થતું નથી. અજ્ઞાન હટાવાય છે અને પ્રત્યેક જીવના જ્ઞાનાવરણીય કર્મમાં તરતમતાને કારણે અજ્ઞાન સહુનું જુદું જુદું છે તેથી ઉપદેશક એક હોવા છતાં પ્રત્યેકનો બોધ જુદો જુદો હોય છે.**

ગગન મંડલ મૈ અધબિચ કૂબા, ઉંહાં હે અમીકા બાસા
સગુરા હોવે સો ભરભર પીવે, નગુરા જાવે પ્યાસા....૩.

ચૌદરાજલોક રૂપી ગગન મંડલમાં તિર્છાલોક મધ્યમાં ગણાય કે જેમાં મનુષ્ય ક્ષેત્ર આવેલું છે તેમાં અઢી દ્વીપમાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યોનો વાસ છે. મનુષ્યની આકૃતિ પણ જ્યારે બે પગ પહોળા કરીને અને બે હાથને કેડ પર રહેલા રાખીને વિચારવામાં આવે તો તે ચૌદરાજ લોકની પ્રતિકૃતિરૂપે ઉપસી આવે છે. મનુષ્યના દેહની મધ્યમાં નાભિકમલ છે ત્યાં આત્માના આઠ રૂચક પ્રદેશો હંમેશાને માટે નિરાવરણ હોય છે, જે ચેતના શક્તિનો ઉઘાડ-વિકાસ કરનારું આંતરિક પરિબળ છે. ચૌદરાજલોકમાં પણ બરાબર મધ્યસ્થાને મેરૂપર્વતની સમભૂતલા પૃથ્વી પર ચાર દિશામાં અને ચાર વિદિશામાં ગોસ્તનાકારે આઠ રૂચક પ્રદેશો વર્તે છે તેની જેમ જ મનુષ્ય દેહમાં નાભિકમલ એ દેહનો મધ્યભાગ છે ત્યાં આઠ રૂચક પ્રદેશો હંમેશા નિર્મળ હોય છે. આમ મેરૂપર્વતના સમભૂતલા પૃથ્વી આગળ રહેલા રુચક પ્રદેશો અને ચેતનના આઠ રૂચક પ્રદેશોની સમાનતા અને નિર્મળતા આંશિક કલ્પનામાં આવી શકે છે કે તે આઠ રૂચક પ્રદેશોને છોડીને બાકીના બધાજ પ્રદેશો અજ્ઞાન અને મોહથી ખરડાયેલા છે. આ આઠ

રૂચક પ્રદેશો કે જે નિર્મળ અને નિરાવરણ છે તે આત્માના અનંત આનંદની શક્યતા બતાવનાર નિર્મળ રત્નતુલ્ય અમીના કુંપા છે એટલે કે અનંત આનંદરસનો તે કૂવો છે ત્યાં અમૃતરસનો વાસ છે. આ અમૃતરસના વાસને ઓળખાવનાર વ્યવહારનયે બાહ્યગુરુ છે તેના દ્વારા ઓળખ પામી સત્વગુણી આત્માઓ કે જેઓએ નિરંતર મનની સમતાને સાધીને મનને સમાધિદશામાં રાખેલ છે તેઓ વાસ્તવમાં સગુરા કહેવાય છે. તેઓ તે નાભિકમલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી તેમાંથી આવતા આનંદરસનું પ્યાલા ભરી ભરીને પાન કરી રહ્યા છે છતાં તે તૃપ્તિ પામતા નથી કારણકે પોતે આનંદના મહાસાગર રૂપ છે. આ અનુભૂતિનો વિષય હોવા છતાં પરમ સત્યને અનુભવેલી યોગીરાજની સિદ્ધ થયેલી દશાની આ પુકાર છે. નગુરા એટલે પાપી - અધમ જીવો તેમની અત્યંત નજીક અમૃતરસનો કૂવો હોવા છતાં તેની ઊંઘી દૃષ્ટિથી તે કૂવો તેમની નજરે ન પડવાથી પોતાની પરમાનંદદશાથી અજાણ રહી ને પ્યાસા ને પ્યાસા રહે છે અને માનવ ભવ મળવા છતાં તેને જેમતેમ વેડફી નાંખી અનંત સંસારની રખડપટ્ટી કરવા ચાલ્યા જાય છે.

શ્રી વીરવિજયજી કૃત પુજાની ઢાળમાં સંસાર વૃક્ષની છાયા વિશે કહ્યું છે કે **"શીતળ નહિ છાયા રે આ સંસારની - કુડી છે કાયા રે છેવટ છારની - સાચી એક માયા રે પ્રભુ અણગારની"**

પ્રભુ શાસનના અણગાર મુનિ ભગવંતો વીતરાગ દેવ પ્રત્યે જે માયાભાવ સેવી રહ્યા છે તે માયાજ સાચી છે જેને પ્રશસ્ત રાગરૂપ કહી છે તે મુનિ અણગાર કેવા છે તો કે.... **ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે - ભવસાયર લીલાએ ઉતરે સંયમ કિરિયા નાવે...**

જે મુનિ ભગવંતો નિરંતર સમભાવમાં રહી સંયમની ક્રિયા રૂપ નાવમાં બેસી સહજ રીતે ભવસાગર તરી રહ્યા છે એવા સદ્ગુરુની સેવના એજ સાચી માયા છે બાકી સંસારની જેટલી માયાઓ છે તે બધી અંતે રાખ થઈ માટીમાં મળી જવાની છે તેવી કૃત્રિમ માયાની બધી છાયાઓ સૂર્યના તાપની જેમ આ-તાપના આપનારી છે. સંસારની છાયા બધી તેવી પ્રતિભાસે છે.

**ગગન મંડલ મેં ગઉઆ વીઆણી - ધરતી દૂધ જમાયા**
**માખન થા સો વિરલા પાયા - છાસે જગ ભરમાયા - અવધુ...૪.**

ચૌદ રોજલોકના મધ્યભાગ તિર્છાલોકમાં મનુષ્ય ક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માઓ અવતરે છે. તેઓ ઘોર સાધના દ્વારા ઘાતીકર્મ ખપાવી કેવલજ્ઞાન પામે છે ત્યારે તે જ સમયથી માંડીને તેઓને તીર્થંકર નામકર્મનો વિપાકોદય શરૂ થાય છે. આ તીર્થંકર પરમાત્મા કલ્પતરૂ કામધેનુ અને ચિંતામણી રત્નસમાન છે. કારણ કે તે જગતના જીવોને ઈચ્છિત આપે છે. કામધેનુ ગાય તે કહેવાય છે કે જેને ગમે ત્યારે ગમે તેટલી વખત દોહવામાં આવે તો પણ તે દૂધ આપે છે અને તે દૂધ પણ પાછું અમૃત સમાન મીઠુ હોય છે. ચૌદ રાજલોક રૂપી ગગન મંડલમાં આવા તીર્થંકર પ્રભુ એ કામધેનુ ગાય તુલ્ય છે અને તેઓને કેવલજ્ઞાન થતાં તેઓ દેશના દ્વારા ગણધર ભગવંતોને જન્મ આપે છે. જે વાછરડા તુલ્ય છે. તીર્થંકર પરમાત્માના શ્રીમુખે ત્રિપદી પામવા દ્વારા ગણધરોના જીવોને સમસ્ત શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થતાં દ્વાદશાંગની રચના થાય છે.

તીર્થંકર પ્રભુની વાણી એ પાંત્રીસ ગુણોથી યુક્ત હોય છે. માલકોશ રાગમાં પ્રભુ પુષ્કરાવર્તમેઘની-જેમ દેશના આપે છે જે લોકોને અમૃત સમાન મીઠી લાગે છે. તેને સાંભળતા ભવ્ય જીવો ભૂખ તરસ થાક વગેરેના દુઃખને ભૂલી જાય છે. પ્રભુની તે વાણી અમૃતપાન સમાન મધુર હોવાથી તે કામધેનુ ગાયના દૂધ સમાન છે. પ્રભુની તે વાણીને પ્રભુ શાસનના વારસદાર - ગાદીપતિ ગણધર ભગવંતો - યુગપ્રધાન આચાર્ય ભગવંતો ઝીલે છે. ગણધર ભગવંતો તેને સૂત્ર રૂપે ગુંથે છે. પરંપરામાં આવેલા તેમના શિષ્ય-પ્રશિષ્યોનો સમુદાય તે વાણીનું શાસ્ત્રોના માધ્યમે ગુરુમુખે શ્રવણ કરે છે. પ્રભુ વીરની પાટ પરંપરામાં આવેલ આનંદઘનજી મહારાજે પણ તે જ્ઞાનામૃત વાણીનું પાન કર્યું. તેનાથી તેમનો ચેતન આત્મા તૃપ્ત થયો. પ્રભુની જ્ઞાનામૃત વાણી રૂપી દૂધને ગુરુમાતા રૂપી ધરતીએ ઝીલ્યું. તે જ્ઞાનમય વાણીના પુદ્‌ગલો આજે પણ ધરતી પર કાયમ છે તેના પ્રભાવથી શાસન ટક્યુ છે અને પાંચમા આરાના અંત સુધી તે ટકશે. હુંડા અવસર્પિણીનો પાંચમો આરો હોવાથી પ્રભાવ ધીમે ધીમે ઘટતો

જશે.

હવે દૂધમાંથી માખણ બનાવવા સૌ પ્રથમ દૂધમાંથી દહીં બનાવવુ પડે. તે દહીંને જમાવવા ખટાશનો અંશ જોઈએ. તે ખટાશરૂપ છાશ પણ પાછી ખાટી થઈને બગડી ગયેલી હોય તો ન ચાલે. તે છાશ મધુરતાથી યુકત જોઈએ. બગડી ગયેલી છાશ દૂધને બગાડી નાંખે.

તે જ્ઞાનમય વાણી રૂપી દૂધને અવતારી એવા યુગપ્રધાન વગેરે પુરુષો કે જે ૧૦૦-૧૫૦ વર્ષે પાકે તેમને પાન તો કર્યું પણ જો તેમાં જીવોની તામસી કે રાજસી વૃત્તિ રૂપી બગડેલી છાશ પડે તો તે જીવને નરક-નિગોદમાં પાડી નાંખે એવા અધમ કાર્યોથી અવતારી પુરુષો દૂરજ રહે છે. અવતારી પુરૂષોને આ વૃતિમાંથી સર્વથા છુટવુ છે માટે તેઓ આશ્રવતત્ત્વનો ત્યાગ અને સંવર તત્ત્વનું ગ્રહણ કરે છે. સોલમાં ભગવાનના સ્તવનમાં કહ્યું તેમ 'ભજે સાત્વિકી સાલ રે' સાલ એટલે ભાત - રંગ. દૂધ જેવા ઉજળા પવિત્ર ભાવને ધારણ કરનારા તે સત્વગુણી આત્માઓ હોય છે. તે સત્વગુણ પણ પ્રકૃતિનો હોવાથી સંતોએ તેને પુન્યાનુબંધીપુન્યની પ્રકૃતિમાં ગણ્યું છે તેવા શુદ્ધ પુન્યની ખટાશ તે જ્ઞાનમય વચનોમાં ભળવાથી સાધુ પુરુષોએ તેને દહીં રૂપે બનાવ્યું. આટલે સુધી આવવા છતાં તેનુ વલોણું કરતા ન આવડે અર્થાત્ આત્મ મંથન કરતા ન આવડે તો માખણ રૂપ તત્ત્વસાર મેળવી શકાતો નથી.

આ તત્ત્વસાર રૂપ માખણને તારવનારા લાખોમાં એક નહિ પણ કરોડોમાં એક કોઈ વિરલાપુરુષ નીકળે છે. આ તત્ત્વસાર એમ બતાવે છે કે 'છાસે જગ ભરમાયા' - મોટા ભાગના જીવો સાધુ વેશ ગ્રહણ કરે છે એટલે એમ માને છે કે આપણે પંચમહાવ્રત યથાર્થ પાળીએ છીએ - નિર્દોષ ચર્યાથી જીવીએ છીએ - કોઈ પણ જાતના વૈષયિક સુખોને ભોગવતા નથી. તપ - ત્યાગ પ્રધાન જીવન જીવીએ છીએ માટે આપણામાં ભગવાને કહેલું સાચુ સાધુપણુ (છઠ્ઠા-સાતમા ગુણઠાણાનુ) આવી ગયું. જિનવચન પર અત્યંત દઢ શ્રદ્ધા છે માટે સમ્યગ્ દર્શન તો આપણામાં છેજ અને નિરંતર શાસ્ત્ર અદયયન કરીએ છીએ એટલે સમ્યગ્ જ્ઞાન પણ આપણામાં છેજ આમ રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગ

આપણા હાથમાં આવી ગયો. પણ જીવને એ ખબર નથી કે આ તારો ક્ષયોપશમ બધોજ બહિર્લક્ષી છે. આંતરલક્ષી ક્ષયોપશમ નથી. તે માટે તો ઉપયોગને વારંવાર અંદરમાં આત્મા તરફ વાળી અંદરમાં સ્થિર કરવો પડે અને કર્તાપણાના અહંકારથી અળગા રહી માત્ર જાણગપણામાં રહી કર્મના વિપાકોદયથી અલિપ્ત થઈ જૂનાના વિસર્જન (નિર્જરા) ને જોતાં રહેવાનું છે. આવો પળેપળનો માત્ર જ્ઞાયકભાવમાં રહેવાનો પ્રચંડ પુરુષાર્થ રાત'દિ વરસો સુધી કરવામાં આવે ત્યારે જીવનની કોઈ ધન્ય પળે કોઈ વિરલાને ગ્રંથિ ભેદાતા વાસ્તવિક આત્માની અનુભૂતિ થતાં સમ્યગ્દર્શન થાય છે અને જ્યાં સુધી આવુ સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી બહારથી ગમે તેવા ત્યાગ-તપ-સંયમ આચરવામાં આવે તો પણ ત્યાં પરમાર્થથી ચારિત્ર નથી કારણ કે સમ્યગ્દર્શન આવ્યા વિના ભાવ સંયમ પર્યાય પ્રાપ્ત ન થાય. બાહ્યવેશ, બાહ્યક્રિયા અને બાહ્યજ્ઞાનની વિપુલતા ઉપર એમ માની લીધુ કે અમારામાં સાચુ સાધુપણુ આવી ગયુ તે જ છાશ છે અને આ છાશનેજ માખણ માની જગતના મોટા ભાગના જીવો ચાલી રહ્યા છે પછી તે સાધુ-સન્યાસી-પીર-ફકીર-બાવા-જોગી-જતી-ભિક્ષુક-સંત-પંડીત કે સાધક કોઈ પણ હોઈ શકે છે. ગ્રંથિભેદ જનિત સમ્યક્ત્વ અને તેનાથી સહિત અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખાની કષાયના ક્ષયોપશમથી પ્રયુકત ભાવાત્મક વિરતિનો પરિણામ જ્યારે જીવને સ્પર્શે છે ત્યારે તે વિશુદ્ધ પરિણતિ એ અધ્યાત્મમાં માખણ સ્થાને છે. આવી માખણ સ્થાનીય પરિણતિને આનંદઘનજી મહારાજ પામેલા હતા. ભાવાત્મક વિરતિ પરિણામ રૂપ માખણ પ્રાપ્ત થયા પછી જ્યારે જીવ ક્ષપકશ્રેણીમાં શુકલધ્યાનરૂપ દાવાનળ સમાન અગ્નિને પામે છે ત્યારે તે માખણ સ્થાનીય પરિણતિમાં પણ જે સંજવલના કષાયના ઉદય રૂપ ખટાશ પડી છે તે બળી જતાં ઘૃત સ્થાનીય કેવલજ્ઞાનને જીવ પામે છે. ઘાતીકર્મોના નાશથી પ્રાપ્ત થતુ કેવલજ્ઞાન રૂપ આત્મ સ્વરૂપને પામવા માટે જીવે આ બધી અવસ્થામાંથી પસાર થવું પડે છે. પછીજ કાયમને માટે આનંદ અનુભવ પ્રગટે છે.

**થડ બિનું પત્ર બિનું તુંબા, બિન જીભ્યા ગુણગાયા રે;**
**ગાવન વાલેકા રૂપ ન દેખા, સુગુરુ સોહી બતાયા....૫.**

ધરતીમાં દટાયેલો કંદ તુંબડા જેવો હોય છે. તેને પાણી મળે એટલે તે

કંદ કુટીને વેલ બને તેને થડ-મૂળ-પાંદડા વગેરે બધુજ હોય છે પણ આ તુંબડાને કશુંજ નથી. તે તંબુરાને તાર પણ નથી, તેને જીભ પણ નથી, ગાનારાનુ રૂપ - રેખા કે ચિત્ર કશુંજ નથી છતાં તે તુંબડા અર્થાત્ તંબુરામાંથી સતત તુંહી તુંહીનો પરમ નાદ મોટે અવાજે મસ્તકમાં ગુંજી રહ્યો છે તે એમ બતાવે છે કે તું અને હું ગુરુ અને ચેલા રૂપે વિખુટા પડી ગયેલા તે બંને આજે ફરી એકરૂપ બનીને ભેટ્યા છીએ તેથી હવે આપણું કોઈ પણ ક્યારે પણ છુટાપણું પાડી શકે તેમ નથી. પૂર્વના મહાપુરુષો જે માર્ગે ગયા તે માર્ગને અમે ગ્રહણ કર્યો - તેનો સાર બોધ ગ્રહણ કર્યો તેનું આ ફળ અમે પામ્યા છીએ. આ પદમાં આ રીતે પદસ્થ ધ્યાનનો મહિમા બતાવવામાં આવ્યો છે. જ્યારે આત્મા બહિરાત્મદશાને ટાળી અંતરાત્મપણું પામે છે અને તેમાં પણ ભાવાત્મક વિરતિ પરિણામ સ્પર્શે છે ત્યારે તે અંતરાત્મદશામાં ઘણા બધા વિકલ્પો શમી ગયા હોય છે અને તેથી નાભિકમળના મધ્યભાગમાંથી એક તુંહી તુંહી નો અનાહત નાદ નીકળે છે જે સહસ્ત્રાર અર્થાત્ બ્રહ્મરંધ્રમાં જઈ લય પામે છે અને તેથી સાધકને ત્યાં અત્યંત શાંતરસ વેદન અનુભવાય છે. પદસ્થ ધ્યાનમાં કોઈ પણ એક પદ કે મંત્ર લઈને તેના અવલંબને આત્માનું ધ્યાન કરવામાં આવે છે. આ આલંબન ધર્મધ્યાન છે જેમાં વિશુદ્ધિ વધતાં તુંહી તુંહીનો નાદ પ્રગટે છે અને તે જ્યારે બ્રહ્મ રંધ્રમાં જઈ સ્થિર થાય છે ત્યારે સાધક પરમ શાંતસુધારસ અનુભવે છે.

અર્થાત્ અહિંયા છઠ્ઠા સાતમા ગુણઠાણાના ઊંચા અધ્યવસાય સ્થાનોમાં વીતરાગતાનો અંશ વિશેષ રૂપે અનુભવાય છે, બહિરાત્મદશા રૂપ જીવના શિષ્ય ભાવનો અંત થાય છે અને ગુરુ અને શિષ્ય બંને અંતરાત્મ રૂપે અભેદપણે અનુભવાય છે. આમાં ગાનાર પણ પોતેજ છે અને જેને ગાઈને જેના જેવું થવું છે તે પણ સત્તારૂપે પોતેજ છે.

આવા થડ વગરના પાંદડાને, પાંદડા વગરના તુંબડાને અને વગર તુંબડે - વગર જીભે ગુણગાન ચાલે અને ગાવાવાળાના રૂપને દેખ્યા વગર અનંત સંગીત ચાલે ત્યારે જીવનની ખરી મોજ મણાય. આવો જે તુંહી તુંહીનો નાદ અંતરમાં જે અનુભવે અને જમાવે તે ખરો જોગી છે અને તે મારો ગુરુ છે તેના

પગલે ચાલવા હું પ્રયત્ન કરું છું અને તેમ કરીને રૂપાતીત ધ્યાનમાં લીન થવાની હોંશ રાખુ છું.

**આતમ અનુભવ બિન નહીં જાને, અંતર જ્યોતિ જગાવે;**
**ઘર અંતર પરખે સોહી મૂરતિ, આનંદઘન પદ પાવે...૬.**

જેમને આત્માની અનુભૂતિ થઈ નથી તેવા માર્ગના તદ્દન અજાણ આત્માઓ, આત્માની આંતર જ્યોતને પ્રજવલિત કરી જગાડે કઈ રીતે ? અંતરઘટને જે પરખવાનો પ્રયત્ન કરે તેજ પોતાની પ્રભુતા સમાન મૂર્તિના પ્રગટ સ્વરૂપે દર્શનને પામે છે. આનંદઘન સ્વરૂપ પૂર્ણ મોક્ષપદ પણ તેજ પામી શકે છે.

યોગીરાજ કહે છે કે આ વાત આત્માનુભવ વગર નહિ જણાય. માત્ર ષડ્દ્રવ્યનું જ્ઞાન મેળવવાથી કે અણુ-પરમાણુઓની જાણકારી મેળવવાથી કે ગણિતના મસમોટા અબજો કે પ્રહેલિકા સુધીના આંકડાઓની ગણતરી કરવાથી કે વિશ્વની બધીજ મેમરીને કોમ્પ્યુટરમાં ફીડ કરી તેની પાસે આખા જગતનુ કામ લેવાથી પણ આ વાત જણાશે નહિ. આને માટે તો આત્માનુભવ જરૂરી છે.

**વર્તમાનનું વિજ્ઞાન પુદ્ગલના ક્ષેત્રે નવી નવી શોધો દ્વારા નવા નવા ચમત્કારો સર્જી વિશ્વને પાગલ બનાવી રહ્યું છે તે વિજ્ઞાન આધ્યાત્મિક ક્ષેત્રે સાવ વામણુ પુરવાર થયુ છે. ભૌતિક ક્ષેત્રે વિરાટતાને આંબી ગયેલુ વિજ્ઞાન અધ્યાત્મના ક્ષેત્રે હજુ પા પા પગલી પણ માંડી શક્યુ નથી એ અત્યંત દુઃખની વાત છે. તેમજ ઘર બાર છોડીને ત્યાગીનો વેશ પહેરી જાત અને જગતને આત્માનો ઉપદેશ આપનાર સાધુ સંતો પણ આ તત્ત્વસાર રૂપ માખણને - તુંહી તુંહીના અનાહતનાદને પામી શકતા નથી તે એનાથી પણ વધારે દુઃખની વાત છે. ખરેખર છાશને જ માખણ માની ભ્રમણામાંજ જિંદગી વીતાવનારા જીવો વર્તમાનકાળે સર્વક્ષેત્રે મોટા ભાગે જોવા મળે છે.**

卐

# પદ - ૯૯

(રાગ - આશાવરી)

अवधू ऐसो ज्ञान विचारी, वामे कोण परुष कोण नारी ? ॥ अवधू. ॥

बम्मनके घर न्हाती धोती, जोगीके घर चेली ॥
कलमा पढ पढ भईरे तुरकडी तो, आपही आप अकेली ॥ अवधू. ॥१॥

ससरो हमारो बालो भोलो, सासु बाल कुंवारी ॥
पियुजी हमारो पोढ्यो पारणीए तो, में हुं जुलावनहारी ॥ अवधू. ॥२॥

नहीं हुं परणी नहीं हुं कुंवारी, पुत्र जणावनहारी ॥
काली दाढीको में कोइ नहीं छोड्यो, ताए हजु हु बालकुंवारी ॥ अवधू. ॥३॥

अढीद्वीपमें खाट खूटली, गगन ओशीकुं तलाइ ॥
धरतीको छेडो आभकी पीछोडी, तोय न सोड भराइ. ॥ अवधू. ॥४॥

गगनमण्डलमें गाय वीआणी, वसुधा दुध जमाई ॥
सउरे सुनो भाइ वलोणुं वलोवे तो, तत्त्व अमृत कोइ पाई ॥ अवधू. ॥५॥

नहीं जाउं सासरीये ने नहीं जाउं पीयरीऐ, पीयुजी सेज बिछाइ ॥
आनन्दघन कहे सुनो भाइ साधु तो, ज्योतसेज्योत मिलाइ ॥ अवधू. ॥६॥

**અવધુ એસો જ્ઞાન વિચારી, વામે કૌન પુરુષ કૌન નારી ?**

**બમ્મન કે ઘર ન્હાતી ધોતી, જોગી કે ઘર ચેલી;**
**કલમા પઢ પઢ ભઈ રે તુરકડી તો, આપહી આપ અકેલી. અવધૂ...**

અવધૂત યોગદશાને પામેલા આનંદઘનજી મહારાજ આત્માની જ્ઞાની દશાનો વિચાર કરી પદ-૯૯માં તે કોણ પુરૂષ છે અને તેની કોણ નારી છે તેમજ તે પુરુષ એવા આત્મા સાથે કેવા કેવા પ્રકારનો વર્તાવ કરી રહી છે, પરુષ માટે તે હાનિકારક છે કે લાભકારક ? તેનો ઉકેલ વિચારી રહ્યા છે. અનાદિકાળથી સંસારની અંદરમાં રખડતો આત્મા પોતે ચેતન રૂપે શુદ્ધ હોવા છતાં પોતાનુ

શુદ્ધ સ્વરૂપ ગુમાવીને બેઠો છે. પ્રકૃતિનું તંત્ર તેને વળગેલુ છે. પ્રકૃતિના તે તંત્રમાં કેટલીક પ્રકૃતિ પુરુષના જેવી દેખાય છે અને કેટલીક પ્રકૃતિ નારી સ્વભાવ રૂપે કામ કરતી દેખાય છે. છ ગાથાના બનાવેલા આ પદમાં પહેલી ચાર ગાથામાં ચેતન એવા આત્માને જે કષાયની પ્રકૃતિ વળગેલી છે તે ક્રોધ, માન, માયા, લોભમાં પુરુષ સ્વભાવે કામ કરતી પ્રકૃતિ કઈ છે ? અને તેની સાથે નારી રૂપે રહેલ પ્રકૃતિ કઈ છે ? અને તેઓ બંનેએ મળીને ચેતનના કેવા હાલ અત્યાર સુધી કર્યા છે અને હમણા પણ કરી રહી છે તેનું આબેહુબ ચિત્ર દોરવા દ્વારા છેલ્લી બે ગાથાઓમાં તેનાથી છુટકારાનો ઉપાય અને તેનુ ફળ બતાવી આ પદની યોગીરાજે પૂર્ણાહુતિ કરી છે. પદની રચના એટલી બધી ગંભીર છે કે તેનો મર્મ પામવા સાધકે યોગીરાજના એક એક શબ્દ ઉપર ખુબ મંથન કરવુ પડે છે. તેમના અંતરના ઊંડાણમાંથી નીકળેલા શબ્દોનો ભાવ બરાબર પકડાય તો તે આપણા અંતરના ઊંડાણને સ્પર્શે એમ છે. પહેલી ગાથામાં ચેતન એવા આત્માને મોહ અને માયા વળગેલા છે તેમાં મોહને પુરુષ સ્વભાવી બતાવી માયાને નારી સ્વભાવની બતાવી છે અને તે માયાથી ચેતન આત્મા તે તે ભવોમાં ગયો ત્યારે તે કેવો બન્યો તેનુ યથાર્થ વર્ણન કરી સંસાર નાટકના તખ્તા પર ચેતન આત્મા કેવાં કેવાં ખેલ ખેલી રહ્યો છે તેનુ સૂચન કર્યું છે.

મોહ અને તેની પત્ની માયા આ સંસાર નાટકના બે પાત્રો છે. તેમાં મોહનો સ્વભાવ જીવને પર વસ્તુ પ્રત્યે મોહિત કરી મૂંઝવવાનો છે, તે આત્મા માટે જેટલો જોખમી છે તેના કરતા અનેક ગુણો જોખમી સ્વભાવ માયાના કપટભાવમાં રહેલો છે. માયા બહારથી દેખાવમાં મીઠી જણાય છે પણ અંતરમાં તે કપટી અને ઝેર જેવી છે. બહારથી સાપ જેવી ઠંડી, લીસી, સુંવાળી છે પણ અંદરમાં ઝેરથી ભરેલી છે. તેનાથી આત્મા પર જે કર્મોનો કાટ ચઢે છે તેને ઊતારતા જીવનો ઘણો દમ નીકળી જાય તેવુ છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા માયાના વિષયમાં લખે છે કે **'દુર્બલ નગ્ન માસોપવાસી પણ જો છે માયા રંગ - તો તે ગર્ભ અનંતા લેશે બોલે બીજુ અંગ'.**

સુયગડાંગ સૂત્રની સાક્ષી આપીને કહે છે કે ઉત્કટ ચારિત્ર પાળવા છતાં અને ઘોર કષ્ટો વેઠવા છતાં જો અંદરમાં માયાના વળ ચઢેલા છે તો તે અનંતી

વખત ગર્ભ ધારણ કરશે જેનું આદર્શ દષ્ટાંત લક્ષ્મણાજી સાધ્વીજીનું છે. આ માયાને શલ્ય તરીકે જણાવેલ છે. સંસારમાં માનવની જેટલી જાતિ છે તે બધામાં માયા પોતાનુ ઘર સમજીને પેસી ગઈ છે અને આ માયાને કારણે જીવ મનુષ્ય ભવમાં જે જે જાતિમાં જાય છે ત્યાં તે તેવા તેવા પ્રકારના ભાવોને ધારણ કરે છે અને તેમાં તે ધર્મ માને છે.

**(બમ્મન કે ઘર નહાતી ધોતી)** - સંસાર દશામાં માયાને વશ પડેલી ચેતના જ્યારે બ્રાહ્મણને ઘેર ગઈ ત્યારે તેને નહાવા-ધોવામાં ધર્મ માન્યો. કોઈનો સ્પર્શ થાય તો કાયા અસ્પૃશ્ય થઈ ગઈ માટે તરતજ સ્નાન કરી શુદ્ધ થવું. સવારે નદીએ - તળાવે કે કૂવે જઈને સ્નાન કરવું એ વાતમાં એણે ધર્મ માન્યો.

**(જોગી કે ઘર ચેલી) - સંસારમાં સરકતી માયાને વશ પડેલી ચેતના જોગીને ઘેર ગઈ ત્યાં તેણે ચેલીનું રૂપ ધારણ કર્યું. જોગી વર્ગમાં ચેલાચેલી કરવાનુ જોર ઘણું હોય છે. જો અંદરમાં વૈરાગ્ય ઝળહળતો ન હોય તો જોગી જતિને ચેલાચેલીની સંખ્યા લગભગ સંસારી જીવની પુત્રપુત્રીની સંખ્યા જેટલુજ કામ કરે છે. આત્માર્થીપણું વિસારી દઈ મઠાધીશ બનનારા - તેમાંજ રસ લેનારા, માન-પૂજાના આકર્ષણમાં ખેંચાઈ જઈ તપ-ત્યાગ અને વૈરાગ્યથી ભ્રષ્ટ થનારા માત્ર પોતાની દુકાનદારી જમાવવા ખાતર વેશપલટો કરી પ્રકૃતિના તત્ત્વોમાં રસ લેતા થઈ જાય છે ત્યારે તેનામાં આ ચેલીભાવ જાગ્રત થયો છે એમ સમજવું. વિશ્વના ઉદ્ધારનો દાવો કરનાર આ કહેવાતા સંતો - મઠાધીશો જ્યારે મઠ-ગચ્છ-સંપ્રદાય કે વાડાના મોહમાં પડી જાય છે ત્યારે તે ચેલીભાવના ખેલ ખેલે છે. જેમ ઓળખાણ પિછાણવાળા અને કાંઈક નિકટનો સંબંધ ધરાવતા ગૃહસ્થો ભેગા થાય ત્યાર પછી શરૂઆતમાં શરીરની સુખાકારિતા પૂછી પછી તું કેટલુ કમાયો ? કેટલા પૈસા વધ્યા ? કેટલાં પુત્ર પરિવાર વગેરેની પૂછપરછ કરે છે તેમ અહિંયા પણ તારે કેટલા શિષ્યો થયા ? વગેરેમાં રસ લેવાતો જોવા મળે છે. તેવીજ રીતે સ્વપક્ષ માન્યતાનો તીવ્ર આગ્રહ અને પર પક્ષને ઉત્થાપવામાં રસ એ બધાં ખંડન મંડનમાં નિષ્પક્ષપાતી વલણ ન રહેતું હોવાથી તે પણ એક પ્રકારનો જોગીનો ચેલીભાવજ ગણાય. માયાને વશ પડેલી ચેતના જ્યાં જ્યાં સંસારમાં જાય છે ત્યાં ત્યાં કેવા પ્રકારના**

**ખેલ ખેલે છે તેને યોગીરાજ બતાવી રહ્યા છે.**

**(કલમા પઢ પઢ ભઈ હૈ તુરકડી)** - ઈસ્લામ ધર્મનો મૂળ મંત્ર 'લાઈલાહ ઈલિલ્લાહ મહમ્મદ રસુલિલ્લાહ' છે. એ કુરાનનું મૂળ સુત્ર છે. ઈસ્લામનું દીક્ષા વાક્ય છે. **કલમો પઢવો એટલે મુસલમાન થવું કે બનાવવો.** ઈસ્લામ ધર્મ અંગીકાર કરનાર હાલતાં ચાલતાં ઉપરનો મંત્ર પઢે છે અને તેથી તે ઈસ્લામમય બની જાય છે. **બાકી મુસલમાનનો અર્થ કરીએ તો એવો ઘટે કે જેણે માનને મુસલી એટલે કે મસળી નાંખ્યો છે તે મુસલમાન.** આ રીતે માયા પ્રયુક્ત ચેતના જયાં જયાં જાય છે ત્યાં ત્યાં તેવી થઈ જાય છે. મુસલમાન થયા પછી તે માયાવી ચેતના કલમા પઢી પઢીને તુરકડી થઈ ગઈ. અર્થાત્ એને અનેક પ્રકારના તરખટ મચાવ્યા. અનેક પ્રકારના નટખટ નખરાં અને હાવભાવ કર્યા. મોહને વશ બનેલ જીવ માયા થકી અનેક દોષો ઊભા કરે છે. 'વટલાચેલી બ્રાહ્મણી તરકડી કરતા ભૂંડી' એ કહેવતમાં તરકડી શબ્દ તુચ્છતાની પરાકાષ્ઠા બતાવવા વપરાય છે તેમ અહીં કલમા પઢી પઢીને તે તુરકડી થઈ અર્થાત્ અત્યંત હલકી સ્થિતિને પામી.

**(આપહી આપ અકેલી) - પ્રકૃતિ પોતે જડ હોવાથી અચેતન તત્ત્વ છે અર્થાત્ એક મરેલુ - મુડદાલ તત્ત્વ છે અને ચેતન એ તો જીવતુ જાગતુ ધબકતું જીવંત તત્ત્વ છે. એનો આત્મા સાથે કોઈ મેળ બેસે તેમ નથી માટે તે માયા રૂપ પ્રકૃતિ તત્ત્વ કે જે નારી તત્ત્વ છે તે ચેતનના પેંગડામાં પોતાનો પગ ઘાલી શકતી ન હોવાના કારણે અર્થાત્ ચેતનત્વરૂપે થઈ શકતી ન હોવાના કારણે આપ હી આપ પોતે પોતાના સ્વભાવ પ્રમાણે જુદી પડીને એકલી થઈને રહે છે કારણ કે તે જીવંતતત્ત્વ નથી પણ જડતત્ત્વ છે. જડને મતિજ્ઞાન હોતું નથી તેથી તે કોઈ સાથે મૈત્રી સંબંધને બાંધી શકતી નથી આનું નામ જ માયા !**

બ્રાહ્મણ - શ્રમણ એ તો સ્વભાવ ધર્મને સાધનારા તે તે ધર્મના અંગો છે. બાકી આત્માને તો નથી કોઈ કુળ, ગોત્ર કે જાતિ. આ બધા કર્મજનિત આત્માને વળગાડ રૂપે વળગેલા તત્ત્વો છે. બમ્મન શ્રમણ - જોગી - જતિ -

નાથબાવા - ભિક્ષુ - સંન્યાસી - તાપસી - કલમા પઢનાર કાજી - ગ્રંથ પઢનાર પંડીત આ બધી સંતોની જાતિઓ તે બધા પોત પોતાના કુલાચાર પ્રમાણે વ્યવહાર માર્ગને સાધનારા છે. જેમના ઘરમાં પેલી તુરકડી - તુચ્છ સ્વભાવી માયા ઘૂસી ગઈ છે, જે તે તે સ્થાનોમાં જઈ તરકટ રચે છે, ખટપટ કરે છે, નટખટ બને છે, કુળકપટ કરે છે તેના કારણે જીવ ગમે તેટલુ કરે તો પણ ઊંચે આવતો નથી અને ફરી ફરીને પાછો સંસારમાંજ રૂલ્યા કરે છે.

**વ્યવહાર માર્ગ ક્રિયા સાથે સંબંધ ધરાવે છે અને ક્રિયા એ જડ તત્ત્વ છે એટલે ક્રિયા ગમે તેટલી સારી દેખાતી હોય છતાં તે શુભાશ્રવ તત્ત્વ છે તેનો સમજ્યા વિના ઉપયોગ કરવામાં આવે તો તેજ ક્રિયા અંતે જડતામાં પરિણમે છે અને આત્મા ક્રિયાજડ બની જાય છે. એવી રીતે શાસ્ત્રોમાંથી ઊછીનું લીધેલું જ્ઞાન તે પણ શુષ્કજ્ઞાન અથવા પોપટિયુ જ્ઞાન કે જે પર નિમિત્તથી પ્રાપ્ત થયેલુ તે આત્મિક જ્ઞાન નથી પણ જડ સ્વભાવી શુષ્ક મતિજ્ઞાન છે. મતિજ્ઞાનમાં મતિ પોતે કાંઈ જ્ઞાન નથી તે તો વિચાર તત્ત્વ છે અને તેથી તે મન છે અને તેથી તે મન તો નોઈન્દ્રિય છે.**

માયા એ રાજસી અને તામસી પ્રકૃતિવાળી છે તે ગુણો આત્મામાં નથી. જીવની અજ્ઞાન રૂપી ઊંધી સમજણથી ચારગતિમાં જે જે સ્થાનોમાં આ ઊંધી સમજના કારણે જીવ જાય છે ત્યાં ત્યાં તે પોતાને તેવો માની તે તે પ્રમાણે વર્તે છે. તેનાથી આત્મામાં સુખ-દુઃખ, હર્ષ-શોક વગેરે અનેક દ્વંદ્વો ઊભા થાય છે. **આત્માએ દોષોને પોતાનો સ્વભાવ માની લીધેલ હોવાથી આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થઈ શકતો નથી કારણ કે દોષોને સ્વભાવ માનતા આત્મામાં વિભાવદશા પ્રગટે છે અને આ વિભાવદશા સ્વભાવમાં જીવને જવા દેતી નથી.**

સસરો હમારો બાલો ભોલો, સાસુ બાલ કુંવારી;
પિયુજી હમારો પોઢે પારણીએં તો, મેં હું ઝુલાવન હારી... અવધુ...૨.

આ બીજી ગાથામાં પ્રકૃતિજન્ય તત્ત્વમાં અહંકાર તે પુરુષ અને કુમતિ તેની નારી. આ બંનેને પુરુષ-સ્ત્રી બતાવી તેમાં કુમતિએ ચેતનના જે હાલ હવાલ કેવા કર્યા છે તે બતાવે છે. કુમતિ એ નારી જાતિ છે કે જેનો સ્વભાવ

તામસી-દ્વેષી છે. તેના મગજનો પારો હંમેશા તપેલોજ રહે છે. એની ગણના અનંતાનુબંધી કષાયમાં થાય છે. જે જીવને માટે પાપાશ્રવ સ્વરૂપ છે. તેના સંગ દોષથી જીવ અનંત સંસાર વધારે છે.

કુમતિના પાપે જયારે જીવને અશુભ નિમિત્તો મળે છે ત્યારે તે તરતજ ઉશ્કેરાટમાં આવી જાય છે. ન કરવાના અધમ કૃત્યો જીવ તેના સંગ દોષથી કરી મૂકે છે. તેના ભાવોમાં કુરતા-નિર્દયતા વ્યાપેલા હોવાથી નબળા જીવોના પ્રાણ લેતા તેના હાથ ધ્રુજતા નથી. ચેતન એવા આત્માને પૂર્વ કર્મના સંયોગે કુમતિ નારી રૂપે વળગેલી છે. ચેતન તેનાથી છુટવા ઝંખે છે પણ કર્મોએ ચેતનના ગળામાં ઘંટની જેમ તેને વળગાડી છે. ચેતન તેને જરા પણ ચાહતો નથી એટલે તેણી ચેતનના પરિવાર પર ખીજ કાઢ્યા કરે છે.

તેણી ચેતનનો પિતા કે જે શુદ્ધ ચેતન છે, પરમાત્મા છે અને ચેતનની માતા કે જે સમતા છે, તેમજ ચેતનની ભગિની દયા અને ચેતનનો મિત્ર વિવેક તે બધાની બહાર હાંસી મજાક ઉડાવ્યા કરે છે. અન્યજનો પાસે પોતાના કુળની નિંદા કરતાં પણ તેણી શરમાતી નથી. ચેતનના માતાપિતા વિનયી-લજ્જાવંત-ધર્મભાવવાળા હોવાથી પોતાના ઘરની આબરૂ ન જાય તે ખાતર બધું સહન કરે છે. તેની સહનશીલતાને નબળાઇમાં ગણી કુમતિ પોતાનો સસરો કે જે ગુણ સંપન્ન ખાનદાન છે અને પોતાને માટે પિતા સમાન પૂજનીય છે તેને માટે કહે છે કે **(સસરો હમારો બાલો ભોલો)** - મારો સસરો તો અક્કલ વિનાનો બાળક બુદ્ધિ જેવો વળી ભોલો એટલે મૂર્ખ છે અને **(સાસુ બાલ કુંવારી)** - મારી સાસુ પરણેલી છે પણ તેણીએ કદીય પોતાના પતિનુ સુખ ભોગવ્યુ જ નથી. તેણી બાલકુંવારી સમાન જીવન જીવ્યા છતાં તેને પુત્રની ઉત્પત્તિ થઈજ કેવી રીતે ? આવા પ્રકારે બોલીને પોતાના સાસુ સસરાને બહારમાં વગોવી રહી છે. **(પિયુજી હમારો પોઢે પારણીએ)** - હું એવા પતિને પરણી છું કે જેને પોતે પતિ તરીકેનું સુખ ભોગવ્યુ જ નથી. મારો પતિ અત્યંત અજ્ઞાની હોવાથી છ માસના બાળકની જેમ પારણામાં પોઢનારો છે. એ મોહની ભરનિદ્રામાં સુતેલોજ પડ્યો છે. એ મોહની ઊંઘમાંથી જાગેજ નહિ એટલા માટે તે પતિને નાદાન બાલક માની હિંડોળે હીંચી રહી છે. પોતાની એબને તે ન જાણી જાય

તે રીતે તે વર્તી રહી છે.

તાત્પર્ય એ છે કે જીવ જ્યારે ગાઢ મિથ્યાત્વમાં વર્તતો હોય છે ત્યારે તેનામાં દુર્બુદ્ધિનું સામ્રાજ્ય વર્તતુ હોય છે, તે નાસ્તિક જેવો હોય છે, દેવગુરુધર્મને તે હંબક માનતો હોય છે, તે વખતે જીવનુ સમગ્ર સંચાલન દુર્બુદ્ધિ કે કુમતિના હાથમાં હોય છે. ગાઢ અજ્ઞાનકાલમાં જ્યાં કુમતિ હોય ત્યાં તેના દરેક ખોટા કામમાં સાચા તરીકેની મહોર છાપ મારનાર અહંકાર તો હાજર હોય જ. એટલે યોગીરાજે જીવમાં વર્તતી કુમતિને એક નારીનુ પાત્ર આપી તેના મુખેજ જીવના જે બેહાલ થાય છે તે વર્ણવ્યા છે. અજ્ઞાન અવસ્થામાં દુર્ગતિના પ્રભાવમાં અને કુતર્કના પ્રવાહમાં ખેંચાઈ ગયેલો જીવ બોલે છે કે આ જગતમાં પરમાત્મા-ભગવાન જેવી કોઈ વસ્તુજ નથી. સદ્‌ગતિ અને દુર્ગતિ વગેરે તો લોકોને લાલચ આપવા કે ભય બતાવવા માટે કહેલ છે માટે તમે ખુશીથી ખાવ-પીવો-હરો-ફરો, મોજ કરો. **Eat, drink and be marry. Don't worry, be happy.** જે ભલા-ભોળા-મૂર્ખ અને અક્કલ વિનાના છે તે જ ભગવાન વગેરેને માને છે. છ મહિનાનો બાળક જેમ જ્ઞાન ન હોવાના કારણે જેમ તેમ એલફેલ બોલે - લવારા કરે તેમ જીવ સમ્યગ્ જ્ઞાન વિનાનો હોવાથી તેને છ મહિનાના બાળક જેવો અને પારણીઆમાં ઝુલતો નાદાન જેવો બતાવ્યો છે. વળી મોહરાજાને કર્મસત્તાને જીવ અજ્ઞાની બનીને રહે તેમાંજ રસ છે માટે તે ચેતન એવા આત્માને કુમતિનો પતિ બનાવી તેને મોહની નિદ્રામાં સૂતેલો બતાવ્યો છે અને તે કુમતિના કહ્યા પ્રમાણેજ ચાલે છે. એક એક વાત તેને પૂછી પૂછીને તેની સલાહ મુજબ કરે છે માટે કુમતિ તેને હિંડોળે હીંચી રહી છે તેવા પ્રકારનો ભાવ ઉપસ્થિત કર્યો છે.

સંસાર નાટકના તખ્તા પર નાચ કરતાં અને ખેલ કરતાં જીવને વળગેલ નારી દ્વારા તેના કેવા હાલ-બેહાલ થાય છે તે બતાવવાનો યોગીરાજ આનંદઘનજી મહારાજ અહિંયા પ્રયત્ન કરી રહ્યા છે.

**નહિ હું પરણી નહિ હું કુંવારી, પુત્ર જણાવન હારી;**
**કાલી દાઢી મેં કોઈ નહિ છોડ્યો, તોયે હજુ હું બાલ કુમારી. અવધુ..૩.**

આ ગાથામાં પ્રકૃતિજન્ય પુરુષ તત્ત્વ તે ક્રોધ અને કામના તે તેની નારી.

પાત્રતા એટલે ઉપાદાન. ઉપાદાનને ગુણસમૃદ્ધિથી વિકસિત કરી સમૃદ્ધ બનાવવાનું છે.

તેમાં આ કામના રૂપ નારી જીવના કેવા હાલ કરે છે તે બતાવે છે. કામના એટલે ઈચ્છાઓ જે અનંતી છે અને અનંતકાળથી જીવની પાછળ લાગેલી છે. જીવ આ સંસારમાં આશાનો માર્યો વલખા મારે છે અને આશા જીવની તે ઈચ્છાઓને કદીયે પૂર્ણ કરી શકે તેમ નથી. ખરેખર તો આશાઓના દાસ ન બનતાં આશાઓને મારવાના પુરુષાર્થમાં લાગવા માટે આ માનવભવ મળ્યો છે પણ વર્તન તેનાથી તદ્દન ઊંધું થઈ રહ્યું છે. કામના જીવાત્માને અવળે પાટે ચઢાવી રહી છે.

**(નહિ હું પરણી નહિ હું કુંવારી)** - કામના કહે છે કે હું પરણેલી હોવા છતાં અપરિણત જેવુ જીવન ગુજારૂ છું પણ તેવું જીવન ગુજારવા માટે હું શક્તિમાન નથી કારણ કે ક્રોધની પત્ની કામના કહે છે કે મને પણ અનેક કામનાઓ - ઈચ્છાઓ - આશાઓ વળગેલી છે તેથી હું એકલી અટુલી રહી શકતી નથી. તાત્પર્ય એ છે કે જીવને એક કામના જાગે અને પુરી થઈ જાય તો તો કામનાનો અંત આવે અને જીવ સુખના માર્ગે પ્રયાણ કરી શકે પણ આ તો એક કામના પુરી થાય તે પહેલા બીજી હજારો કામનાઓ જીવમાં નવી પેદા થઈ જાય છે એટલે કામનાઓનો અંત જ આવતો નથી. **(પુત્ર જણાવન હારી)** - આ જગતમાં જેટલા લોકો જન્મ્યા છે તે બધામાં કોઈને કોઈ કામના અધુરી રહી ગઈ હતી માટે તે જન્મ્યા છે માટે કામના કહે છે કે દરેકને જન્મ આપનારી હું છું, તે બધાની ધાવમાતા તરીકેનું કાર્ય પણ મારા હાથે થયું છે. વળી તે જન્મેલા આત્માઓ કામનાઓના સહારે જ જીવી રહ્યા છે. જેટલા પણ જન્મ્યા અને યૌવનમાં કાળી દાઢીવાળા થયા તે બધાજ સંસારીક કામનાઓને ધરાવનારા હતા એટલ તેઓ મારા વિના તો જીવી શકે તેમ હતાજ નહિ, મારા વિના તેમનુ જીવન જ શક્ય નહોતું એટલે તે બધાના ઘરમાં પત્ની તરીકે હું રહી. છતાં તે જન્મેલા જીવોએ મારી એકે ઈચ્છાને - કામનાને પૂર્ણ કરી નહિ એટલે સ્ત્રીને પરણ્યા પછી પતિનુ ભોગ સુખ મળે તો તેનુ પરણેલુ સાચુ કહેવાય પણ મારી તો બધીજ કામનાઓ - ઈચ્છાઓ અધુરી રહી એટલે હું પરણેલી હોવા છતાં નહિ પરણેલા જેવી અને કુંવારી હોવા છતાં નહિ હું કુંવારી જેવી બની. હું પરણેલી હોવા છતાં અનંતા લોકો મને પરણવા તૈયાર છે એટલે

લોકોની દષ્ટિએ તો હું બાલકુંવારી જેવી જ છું. લોકો તો મને બાલકુંવારી તરીકેજ જુએ છે એનુ કારણ શું ? તો કહે છે કે તેં ક્રોધને તારા પતિ તરીકે સ્વીકાર્યો છે. ક્રોધ જીવની સાત્વિકતાને બાળી નાંખનાર છે એના કારણેજ મારી એકે ઈચ્છા પૂર્ણ થતી નથી. સંત પુરુષોએ ક્રોધ અને માન બંને પુરુષ જેવા દેખાતા હોવા છતાં બંનેને પુરુષ અને સ્ત્રીથી ભિન્ન ત્રીજી નાન્યતર એવી નપુંસક જાતિમાં ગણ્યા છે તેનુ કારણ ક્રોધ જીવની સાત્વિકતાને હણી નાંખે છે અને તેથી જીવને અતિક્રોધથી વ્યાપ્ત એવી નરક વગેરે યોનિઓમાં જઈ નપુંસક જીવન જીવવું પડે છે જે પણ ૫-૨૫-૫૦-૧૦૦ કે ૨૦૦ વર્ષ નહિ પણ સાગરોપમ સુધીનો અતિ દીર્ઘકાળ ત્યાં કાઢવો પડે છે.

આમ આ ક્રોધ અને કામનાથી જીવને દુ:ખનો સમુદ્ર પ્રાપ્ત થાય છે છતાં તેના આંતર સ્વરૂપને - મર્મને નહિ સમજતા જીવ તેના બાહ્ય રૂપ-રંગ અને ચળકાટમાં મુંઝાય છે અને તેથી સંસારમાં ફસાય છે. તેમાંથી બહાર નીકળવા આ ત્રીજી ગાથા દ્વારા ચેતનને જગાડવામાં આવ્યો છે. આનંદઘન સ્વરૂપી ચેતન સંસારથી વૈરાગ્ય પામીને આત્માના સ્વરૂપની શોધમાં ધ્યાન લગાવીને મંડી પડ્યો છે. સુતેલા અલખ નિરંજન નાથને જગાડવા તેને આહલેક જગાવી છે. ધુણી ધખાવી છે અને 'ચેત્ મછંદર ગોરખ આયા' નો ચીપિયો ખખડાવી રહ્યો છે.

**અઢી દ્વીપમાં ખાટ-ખટૂલી, ગગન ઓશીકું તલાઈ;**
**ધરતી કો છેડો આભ કી પીછોડી, તોય ન સોડ ભરાઈ. અવધુ...૪.**

આ ગાથામાં સંસારી જીવને વળગેલ પ્રકૃતિજન્ય પુરુષ તત્ત્વ તે લોભ અને તૃષ્ણા તેની નારી તેનાથી થયેલ જીવના બેહાલ બતાવે છે.

લોભને કદી થોભ અટકવાપણું હોતું નથી અને તૃષ્ણાનો કદી અંત હોતો નથી. માટે લોભને સર્વ પાપનું મૂળ કહ્યું છે. ઉપમિતિકારે પણ તૃષ્ણા નામની વેદિકા પર વિપર્યાસ નામનું સિંહાસન અને તેના ઉપર બેઠેલ મોહરાજા બતાવ્યો છે. જીવ માત્રને દોઝખમાં નાંખવાના કાર્યો તે કરાવે છે. અઢી દ્વિપ જેટલા વિશાળ ક્ષેત્રમાં જીવને ફસાવવા માટે અનેક પ્રકારના ખાટ-ખટૂલા એટલે ભોગના

સાધનો લોભે રાખ્યા છે. મનુષ્ય ક્ષેત્રની ઉપરના આકાશમાં દેવલોકો આવેલા છે જ્યાં દેવોનો વાસ છે ત્યાં પ્રચંડ વિષય રૂપ પ્રમાદની સામગ્રી છે, તેને પામીને જીવ પરિગ્રહની મૂર્છામાં ફસાયેલો રહે છે. આમ ચૌદ રાજલોકમય ગગનમાં ગાદી-તકીઆ-રજાઈઓ વગેરે પ્રમાદના સાધનો મૂક્યા છે અને લોભની પત્ની તૃષ્ણાએ પોતાના નારીપણાના ભાવોનો દેખાડો કરવા માથા પર આભનો એટલે ભરત ભરેલો પીછોડો એટલે પછેડી અર્થાત્ ચાદર ઓઢી છે જેનો એક છેડો ધરતીને અડીને રહેલો છે. આવી તૃષ્ણાનારીમાં રહેલ આકાશ અર્થાત્ તૃષ્ણા ઉપરથી માંડીને નીચે સુધી બધેજ ફેલાયેલી છે, જે ભિખારીને એક ટંકના ભોજન મેળવવાથી આરંભ પામી વિસ્તરતી વિસ્તરતી શેઠાઈ, ચક્રવર્તીપણા, ઈન્દ્રપણાની પ્રાપ્તિની તૃષ્ણા સુધી પોતાની પછેડીને ફેલાવે જ જાય છે. આટલી અનંતી ઈચ્છાઓને લોભ પુરુષ કેવી રીતે પૂર્ણ કરી શકે ? કારણકે ખાટ ખટુલાનુ ક્ષેત્ર મર્યાદિત છે અને તૃષ્ણા ફેલાયેલી છે ચૌદ રાજલોક જેટલા ક્ષેત્રમાં - મતલબ ઈચ્છાઓનો અંતજ નથી તેને પૂર્ણ કરવાની ક્ષમતા લોભમાં પણ નથી.

**(તોયે ન સોડ ભરાઈ)** - તૃષ્ણા કહે છે કે મારો ખોળો ભરનાર - સોડ ભરનાર કોઈ પુરુષ મારી નજરે આજ સુધી ચડ્યો નથી. આવી બેમર્યાદ ઈચ્છાઓ અનેક રૂપે એક જીવ પાછળ વળગી છે તેની સોડ રૂપી ઈચ્છાઓને એકલો જીવાત્મા કેવી રીતે સંતોષી શકે યા પૂર્ણ કરી શકે ?

**ગગન મંડલમેં ગાય વિહાણી, વસુધા દૂધ જમાઈ;**
**સઉ રે સુનો ભાઈ વલોણું વલોવે, તો તત્ત્વ અમૃત કોઈ પાઈ....૫.**

ઉપરના ચાર કષાય પુરુષો અને ચાર તેની પત્નીઓનો મૂળથી અંત આણવાનો ઉપાય યોગીરાજ અહીં બતાવે છે - ચૌદ રાજલોકમય આકાશના મધ્યભાગમાં તિર્છાલોકમાં તીર્થંકર પરમાત્મા રૂપી કામધેનુ ગાય ઉત્પન્ન થાય છે કે જેમના મુખમાંથી નીકળતી વાણી અમૃત સમાન મીઠી હોવાથી તે દૂધ જેવી છે, તે વાણીનું પાન કરૂણા બુદ્ધિથી તેમના શાસનમાં જન્મેલ આચાર્યાદિ મહાપુરુષો કરે છે અને તેના ઉપર ચિંતન મનન કરી વૈરાગ્ય રસ ભેળવી તેને

દહીં જેવુ ઘન બનાવે છે. હવે તેનું વલોણુ - મંથન કરવામાં આવે તો તત્ત્વસાર રૂપી માખણ પ્રાપ્ત થાય. મોટા ભાગના જીવો વલોણુ કરવામાં નિષ્ફળ ગયા છે કારણ કે માખણ રૂપ તત્ત્વસારને કાર્યોત્સર્ગ માની ઘણી વખત જીવ તપ તપ્યો પણ તે બધું જડભાવે કર્યું. પ્રકૃતિના નિમિત્ત પામીને કર્યું તેથી અહંકાર પુષ્ટ થયો પણ ગળ્યો નહિ તેથી તપનું ફળ દેવગતિ પામી ત્યાંથી પાછો પડ્યો અને એકેન્દ્રિય વગેરે યોનિઓની ગર્તામાં પડ્યો. (ઓઘાને વળી મુહપત્તિના જી-મેરૂ સમાન ઢગ કીધ) - આ શાસ્ત્ર વચન તેમાં સાક્ષી પુરે છે. **સઉ મુમુક્ષુ આત્માઓને હું ચેતવુ છું કે દહીંનું મંથન કરનાર ઘણા બધા નીકળ્યા પણ તત્ત્વસાર રૂપ માખણ તો કોઈ વિરલાજ પ્રાપ્ત કરી શક્યા. આત્મામાં રહી ગયેલ પુણ્યાશ્રવની ખટાશને બાળવાનું કાર્ય જીવે કદીયે કર્યુંજ નહિ. આત્મધ્યાનની ભઠ્ઠીમાં તત્ત્વસાર રૂપ માખણને ખૂબખૂબ તાવવામાં આવે ત્યારેજ પુણ્યાશ્રવની ખટાશ બળી જાય. આ પ્રક્રિયા એક વખત નહિ પણ અનેક વખતની છઠ્ઠા સાતમા ગુણસ્થાનકની આત્મદશાની સમજવી. તેવા કોઈ વિરલા નર પુરુષોજ ધ્યાનાનલ દ્વારા પુણ્યાશ્રવને બાળવાની સ્વરૂપ ક્રિયા કરી તત્ત્વસાર રૂપ અમૃતને પામી શકે છે. જ્યારે દહીંનુ વલોણુ કરવામાં આવે ત્યારે તેમાંથી છાશ અને માખણ છુટા પડે છે તેમાંથી છાશનો ભાગ દૂર કરી જે માખણ નીકળેલ છે તેમાં પણ પાછો ખટાશનો કંઈક અંશ તો હજુ રહેલો છે જે ખટાશને દૂર કરવા તે માખણને વારંવાર અગ્નિ ઉપર ભઠ્ઠામાં નાંખી તપાવતા તેમાંથી ખટાશનો ભાગ નીકળી જતાં તેમાંથી ઘી બને છે. એમ સદ્ગુરુઓ પણ જિનવાણી રૂપી દૂધનુ પાન કરી તેનુ વારંવાર તત્ત્વચિંતન-મનન કરે છે ત્યારે તેમાં પોતાનો વૈરાગ્યરસ ભળતાં તે જિનવચનના ભાવો હૃદયમાં અસ્થિમજ્જા થાય છે. પછી તે પદાર્થોનું ખૂબજ મંથન કરવામાં આવે ત્યારે અંતરમાં રહેલ ઈચ્છાઓ વિશેષ વિશેષ નીકળી જતા જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તે માખણ છે અને પછી પોતાની પરિણતિને વિશેષ શુદ્ધ કરવા વારંવાર ધ્યાનનો આશ્રય કરવામાં આવે છે ત્યારે તેમાં રહેલ પુણ્યાશ્રવ પણ નીકળવા માંડે છે માટે છઠ્ઠેથી સાતમે જતાં વીતરાગ પરિણતિનો અંશ અનુભવાય છે તે માખણની જ વિશિષ્ટ કોટિની અવસ્થા છે જેમાંથી અંતે ક્ષપકશ્રેણીમાં સર્વ ઈચ્છાઓ બળીને ભસ્મીભૂત થઈ જતાં**

**વિકલ્પ રહિત થતાં નિર્વિકલ્પ કેવલજ્ઞાન પ્રગટે છે જે ધૃતસ્થાનીય છે. નારી જાતિ સમાન નરમ પ્રકૃતિવાળા જીવો આ કરી શકતા નથી.**

**નહિ જાઉં સાસરીયે ને નહિ જાઉં પીયરીએ, પીયુજીકી સેજ બિછાઈ**
**આનંદઘન કહે સુનો ભાઈ સાધુ તો, જ્યોતિ સે જ્યોત મિલાઈ. અવધુ..૬.**

આનંદઘનજીના આત્મામાં રહેલી સમતાએ સૌ પ્રથમ વિવેકને જગાડ્યો અને પછી સમતા અને વિવેક બંનેએ ભેગા મળીને ચેતનને સંસારમાં રખડાવનાર ઉપર વર્ણવેલા ચાર કષાયો અને તેની દાસીઓ જીવને સંસારમાં લાલચો આપીને મોહ માયાભાવમાં કેવી રીતે ફસાવે છે તેનો આબેહુબ ચિતાર પ્રથમની ચાર ગાથામાં રજુ કરી સંસારના માયાવી સ્વરૂપને ઉઘાડું પાડ્યુ છે. આમ કરવાથી ચેતન ચેત્યો તેથી સૌ પ્રથમ તેને મનને સાધ્યું તેથી કુબુદ્ધિ હટી ગઈ, સુમતિ જાગૃત થઈ, એટલે મમતાને દેશવટો મલ્યો, સમતા સધાઈ. એટલે તે **સમતા હવે કહે છે કે હવે મારે ચેતનાની અવિકસિત અવસ્થા રૂપ પીયરીયાની વાટ પણ નથી જોઈતી કે ચેતનાની વિકસિત અવસ્થા રૂપ સાસરવાસ પણ નથી જોઈતો કારણ કે તે બંને વિનાશી અવસ્થાઓ છે. મેં તો મારા પ્રિયતમ ચેતન માટે સેજા એટલે શય્યા મોક્ષ નગરીમાં બીછાવીને તૈયાર રાખી છે. હે સાધુભાઈ મિત્રો ! તમે મારી કથા સાંભળી તેમાંથી સાર મેળવજો કે સમતાનો પતિ ચેતન એવો હું અને મારી પત્ની સમતા અમે બંને નિશ્ચયથી એક દિવસ જ્યોતિમાં જ્યોતિ સમાઈ જાય તેમ બંને એકરૂપ થઈને પોતાના સ્વરૂપમાં સમાઈ જશું.**

પદ-૯૯માં માયાને તુરકડી એટલે મનમાં અનેક પ્રકારના તરકટ ઊભા કરનારી કહી છે કારણ કે એના હાવભાવ ચિત્તને તરતજ આંજી નાંખે તેવા છે. માયાને અહિંયા મલિન બુદ્ધિવાળી નારી તરીકે ઓળખાવી છે. માયા - કામિની - તૃષ્ણા આ બધા નારી પાત્રો છે. અઢીદ્વિપમાં ભોગના સાધનો રૂપ ખાટ-ખટૂલી પડેલા છે અને ઉપર દેવલોકમાં પ્રમાદ પેદા કરે તેવા ઉત્કટ વિષયોરૂપી ગાદી તકીઆ પણ છે. મન જ્યારે ઈચ્છે ત્યારે તે જગ્યાએ પહોંચી જાય છે. તૃષ્ણાએ ઓઢેલી પછેડી તેનો એક છેડો ઉપર આભને એટલે આકાશને અડે છે અને

બીજો છેડો ધરતીને અડે છે અર્થાત્ તૃષ્ણા એ ઉર્ધ્વલોકમાં અને તિર્ચ્છાલોકમાં દેવ અને મનુષ્ય - તિર્યંચ બધામાં વ્યાપીને રહેલી છે. આટલા બધા મનના ઓરતા ઓઢીને ફરવા છતાં તે તૃષ્ણાની સોડ ભરાતી નથી પણ ખાલી ને ખાલીજ રહે છે. એક પણ ઈચ્છા તેની સંપૂર્ણ પણે પુરાતી નથી. આવી સંસારી જીવોની લોકેષણાની અતૃપ્તિ જોઈને આનંદઘનજીની સમતા દેવી કહે છે કે મારે આવો સાસરવાસ અને પીયરીયાનો વાસ તેમજ સંસારના કોઈપણ સંબંધીઓનો વારસાવાસ જોઈતો નથી. મેં તો મારા પિયુજી માટે મોક્ષમાં શય્યા બિછાવી રાખી છે ત્યાં અમે બંને જ્યોતિમાં જ્યોતિ સમાય તેમ એકબીજામાં સમાઈ જઈશું.

卐

*રાગ અને મિથ્યાત્વ યુક્ત ત્યાગ અને સહિષ્ણુતાથી લૌકિક પુણ્ય બંધાય. વિરાગ અને સમ્યક્ત્વ યુક્ત ત્યાગ અને સહિષ્ણુતાથી મોક્ષમાર્ગે વિકાસ સાધી શકાય છે.*

★

*દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય. જ્યારે ચારિત્રમોહનીયના ક્ષયથી યથાખ્યાત-ચારિત્ર અર્થાત્ વીતરાગતા અર્થાત્ આત્માનું પ્રેમ સ્વરૂપ પ્રગટ થાય.*

# પદ - ૧૦૦

## (રાગ - આશાવરી)

बेहेर बेहेर नहीं आवे अवसर, बेहेर बेहेर नहीं आवे ॥
ज्युं जाणे त्युं करले भलाइ, जनम जनम सुख पावे ॥ अव. ॥१॥

तन धन यौवन सबही जूठा, प्राण पलकमें जावे ॥ अव. ॥२॥

तन छूटे धन कौन कामको, कायकुं कृपण कहावे ॥ अव. ॥३॥

जाके दिलमें साच वसत हे ताकू झूठ न भावे ॥ अव. ॥४॥

आनन्दघन प्रभु चलत पंथमें, समरी समरी गुण गावे ॥ अव. ॥५॥

**અવસર બેહેર બેહેર નહિ આવે, અવસર બેહેર બેહેર નહિ આવે;**
**જયું જાણે ત્યું કરલે ભલાઈ, જનમ જનમ સુખ પાવે.. અવસર.. ૧.**

અવસર એટલે તક-ટાણો-મોકો-સમય, અવસર લગ્નના કે મરણના, ધન સંચયના કે ધનનાશના, યૌવન કે જીવનના આ બધા તો અનેક વખત મળ્યા પણ તે કોઈ કાયમી નહિ બધાજ વિનાશી. પરંતુ શુભ પુન્ય બળ ઉપાર્જવા - સન્માર્ગે - સુપાત્રે દાનાદિક ભાવમાં તનમનની શુદ્ધિ ખર્ચી નાખવાના ઉત્તમ અવસર બેહેર બેહેર એટલે વારંવાર આવતા નથી - મળતા નથી. **આ શરીર તો લોહી માંસ અને ઉપર ચામડાથી મઢેલ હાડપિંજર છે જે અંતે મસાણિયુ ઘર છે, રાખની ઢગલી છે. ચેતન નીકળી ગયા પછી તે ભૂતિયો મહેલ છે.** તે તારું કદીયે થયું નથી અને થવાનું પણ નથી. જયાં તન પારકું છે ત્યાં મન પણ પારકું છે અને ધન-કુટુંબ પરિવાર પણ પારકા છે. બધુજ માયાવી અને મતલબી છે. માનવ ખોળિયામાં આ ભલાઈ કરનારો જે અવસર મળ્યો છે તે અવસરને પામીને તું ભલાઈના જે કાંઈ કાર્યો થઈ શકે તે તક ગુમાવ્યા વગર કરી લે કેમકે આવો અવસર ફરી ફરી હાથ આવતો નથી. ભલાઈ માનવ ખોળિયામાં જ થઈ શકે છે અને માનવ ખોળિયું કાંઈ વારંવાર મળતું નથી.

નરકમાં ભલાઈ કરવાને કોઈ અવકાશ નથી, તિર્યંચમાં ભલાઈ કરી શકાય એવી કોઈ સ્થિતિ કે સંજોગો નથી હોતાં અને દેવને માટે ભલાઈ કરવાનો કોઈ પ્રશ્ન દેવલોકમાં હોતો નથી કેમકે બધાંય દેવ પુણ્યશાળી અને શક્તિશાળી છે. માનવ ખોળિયું જ એવું છે જ્યાં એક માનવ બીજા માનવનું કે તિર્યંચનું ભલું કરી શકે છે કારણે દમ, દયા, દાનના ગુણો માનવને હોય છે. વળી મળેલા સુઅવસરનો સમય ઓછો છે અને અંતર ઝાઝું છે માટે મોટા પગલાં માંડી ઝડપથી આગળ વધવાની જરૂર છે. માટે (જ્યું જાણે ત્યું કરલે ભલાઈ) - પરોપકારના - ભલમનસાઈના જેટલા કાર્યો કરાય તેટલા કરી લે. જે જે મંગલમય તકો તને પ્રાપ્ત થઈ છે તેની જાણકારીની તને જો સમજ ન પડે તો તું સજ્જન પુરુષોનો - દાનેશ્વરીઓનો - સંત પુરૂષોનો સમાગમ કર. જેમ જેમ સત્સંગ ગાઢ બનશે તેમ તેમ જાણપણાનું જ્ઞાન વધવાથી તારી અંતરની ઊર્મિઓમાંથી દાનની સરવાણીઓ આપોઆપ ફુટ્યા કરશે, ભલાઈના, સુકૃત કરવાના ભાવ સ્વયં જાગ્યા કરશે. જિનમંદિર - જિનપ્રતિમા - જિનાગમ - સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આ મળી કુલ સાત ક્ષેત્રો ભક્તિ કરવા માટેના ઉત્તમ સુક્ષેત્ર કહ્યા છે. આઠમુ અનુકંપા દાન માટેનું ક્ષેત્ર પણ કહ્યું છે. આ સાત ક્ષેત્રો પુણ્યની ખેતી કરવા માટેના ઉત્તમ ક્ષેત્રો છે, ત્યાં સુપાત્ર દાન કરવાના ભાવ જાગશે અને તું તે કરીશ તો આલોક કે પરલોક જ્યાં પણ તું જઈશ ત્યાં આ પુન્ય રૂપી ભાથું સાથે રહેશે તેનાથી તેના ઉત્તમ ફળો તારી સેવામાં હાજર રહેશે. તારે ક્યાંય પણ હાથ લાંબો કરવો પડશે નહિ. જે ગાંઠે બાંધેલુ હશે તેજ સાથે રહેશે અને તેજ ખપ લાગશે.

(જનમ જનમ સુખ પાવે) - મહાત્મા યોગીરાજે જન્મ-જન્માંતરમાં સુખ પામવાનો આ ભક્તિયોગનો સરળ માર્ગ સૌને ઉપયોગી નીવડે તેવો - સૌના ભલા ખાતર બતાવ્યો છે જેનાથી સ્વ અને પર બંનેનું, આ લોક અને પરલોક બંનેમાં હિત થાય છે.

**તન-ધન-જોબન સબહી જૂઠા, પ્રાણ પલકમેં જાવે;**
**તન છૂટે ધન કૌન કામકો, કાયકું કૃપણ કહાવે - અવસર... ૨.**

**આ સંસારની સઘળી સાહ્યબી જૂઠી છે.** અરે તારા શ્વાસોશ્વાસ રૂપ પ્રાણ પર ભરોસો રાખી નચિંત પણે બેફિકરો થઈ, બેજવાબદારીથી તું વર્તે છે કે જાણે દુનિયા મરે કે જીવે એમાં મારે શું ? પણ હે માનવી ! તું યાદ રાખ આ પ્રાણ તને એક દિવસ દગો આપશે. પાછળ ભેગું કરી મુકેલું તારા પોતા માટે તો બધું ધુળ થઈ જશે. તારું પ્રાણપંખેરું એક દિવસ ઊડી જશે, હંસ પિંજર છોડી પરલોકની યાત્રાએ ચાલ્યો જશે. આ શરીરમાંથી ચેતન આત્મા નીકળી ગયા પછી તારું ધન તને શું કામ લાગશે ? રાજગૃહી નગરીનો અતિધનાઢ્ય મમ્મણ શેઠ અતિ કૃપણ અને ધનનો લોભી. ધન પ્રત્યે ગાઢ મૂર્છાને કારણે તે ન ધનને ભોગવી શક્યો - ન તેનું દાન કરી શક્યો. હૃદય દયા વિનાનુ અતિકઠોર, વિશ્વમાત્રના તમામ જીવોની ઉપેક્ષા કરનારું, ભારે તામસી પ્રકૃતિવાળુ અને ભયંકર કૃષ્ણ લેશ્યામાં વર્તતુ હતું. તે મમ્મણ અંતે મરીને સાતમી નરકે ગયો. **ચારે કષાયમાં લોભને બધાનો બાપ કહ્યો છે, જે આત્મા પર ભયંકર કર્મોનો કાટમાલ સર્જે છે.** ધન હો કે અન્ય કોઈ પણ વસ્તુ હો પણ પર વસ્તુ પ્રત્યેની મમતાથી જીવોને ગાઢ બાંધનાર અને જીવની કફોડી હાલત કરનાર આ માયા અને લોભ કષાય છે માટે કષાયોથી વિરમણ પામવાનું અને કષાયોને વોસિરાવવાનું કહ્યું છે.

**જા કે દિલમેં સાચ બસત હૈ, તાકુ જૂઠ ન ભાવે;**
**આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમરી સમરી ગુન ગાવે.... ૩.**

પૂર્વકાળમાં આર્યોના હૃદયમાં સજ્જનતાનો સત્‌નો વાસ હતો. આજના માનવ પાસે જેટલો પૈસો છે તેટલો પૈસો તેમની પાસે ન હતો પણ તેમના હૃદય સત્વશાળી, સાચા અને સારા હતા. ભલમનસાઈ અને પરોપકાર તેમને હૈયે હતાં. જૂઠી સોબત કે અસત્ પ્રવૃતિઓ પ્રત્યે અણગમો હોવાથી તે દૂર રહેતા હતાં. પૂર્વના કાળના લોકો આર્ય કહેવાતા હતાં. આર્ય એટલે ઉત્તમ. એ આર્યો એવાં તો આર્ય એટલે ઉત્તમ હતાં કે એમને જૂઠ કહેતાં અસત્ વૃત્તિ અને પ્રવૃત્તિ તા ભાવતી કે ગમતી જ ન હતી તેથી અનાયાસે, સહેજે સહેજે હાલતાં ચાલતાં તેમનાથી ભલાઈના - સારા કામો થયાં જ કરતાં હતાં તે એટલે સુધી કે અપકારીના અપકારને પણ ગૌણ કરી એ અપકારીના અપકારનો બદલો

ઉપકારથી વાળતાં હતાં. એ તો આનંદઘન - આનંદના સમુહ રૂપ હતાં તેથી પોતે આનંદમાં રહેતાં અને અન્ય સંપર્કમાં આવનારને આનંદમાં રહે તેવો જ વર્તાવ કરતાં હતાં. એ સન્માર્ગી, સત્‌ના સ્વામી સનાતની લોકો સનાતન એવાં પ્રભુના માર્ગે જ ચાલવાનું રાખતાં હતાં અને પ્રભુના માર્ગમાં પ્રભુને યાદ રાખી સર્વ સંપર્કમાં આવનારા જીવોને પ્રભુ સ્વરૂપ લેખી તે સર્વેને પ્રભુના માર્ગે ચાલવાનાં - આગળ વધવામાં સહાયરૂપ થતાં અને ભલાઈ કરીને પણ ભૂલી જઈ, પ્રભુને સમરતાં સમરતાં પ્રભુ બનવાના માર્ગે આગળ વધતા રહેતાં હતાં. યોગીરાજ કહે છે કે તમે સજ્જન થવા ઈચ્છતા હો તો સંત સમાગમ કરો. એમાં કશુજ ગુમાવવાનુ નથી, ત્યાં એકાંતે લાભ જ છે. પાપિષ્ઠ પ્રવૃતિ કરનાર આત્મા ભવાંતરમાં જ્યાં જશે ત્યાં દુઃખદ વેદનાઓ ભોગવતા પૂર્વજન્મના કોઈ તારા સંબંધીઓ સહાય કરવા નહિ આવે. ત્યાં તો જીવે કરેલા પાપ પોતે જાતે જ ભોગવવા પડશે. આવી સંસારની બધી પ્રવૃતિઓ અમંગળ છે. સત્સંગ જીવને સાચા ખોટાનો ભાન કરાવી જગાડે છે.

આનંદઘનજીએ પ્રભુ પ્રાપ્તિનો જે માર્ગ લીધો છે તે માર્ગે પૂર્વ પુરૂષો પણ ચાલેલા છે, વર્તમાનમાં પણ જે કોઈ પણ આ માર્ગે ચાલશે તે પ્રભુ પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિનુ પાન કરશે. આનંદઘનજીને હાલતા ચાલતા પ્રભુના ગુણોનુ રટણ રહેતુ હતું તેમ આનંદઘન પ્રભુના પ્રેમી ભક્તના હૃદયમાં પણ પ્રભુના ગુણોનું રટણ હાલતા ચાલતા રહ્યા કરશે તો પવિત્રતાની નિરંતર વૃદ્ધિ થયા કરશે.

卐

*જે સ્વરૂપે વર્ધમાન હોય, જેનો ભોગવટો કરતાં વૃદ્ધિ થતી જતી હોય અને અંતે નીરિહીતા-પૂર્ણકામમાં પરિણમતું હોય તેને સુખ કહેવાય.*

# પદ - ૧૦૧

## (રાગ - આશાવરી)

मनुप्यारा मनुप्यारा, रिखभदेव मनुप्यारा मनुप्यारा ॥ ए आंकणी ॥

प्रथम तीर्थंकर प्रथम नरेसर,
प्रथम यतिव्रतधारा ॥ रिखभ. ॥१॥

नाभिराया मरुदेवीको नन्दन,
जुगलाधर्म निवारा ॥ रिखभ. ॥२॥

केवल लई प्रभु मुगते पोहोता,
आवागमन निवारा ॥ रिखभ. ॥३॥

आनन्दघनप्रभु इतनी बिनति,
आ भवपार उतारा ॥ रिखभ. ॥४॥

**મનુ પ્યારા, મનુ પ્યારા, રિખવદેવ મનુ પ્યારા;**
**પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર પ્રથમ યતિવ્રતધારા...૧.**

**નાભિરાય મરૂદેવીકો નંદન, યુગલાધર્મ નિવારા...૨.**

જૈનો શ્રી રિખવદેવને આ યુગના પ્રથમ ધર્મ પ્રવર્તક તરીકે અને અન્ય દર્શનીઓ મનુ અવતાર તરીકે આજે પણ હર્ષોલ્લાસથી ભજી રહ્યા છે. દરેકને એમનુ નામ લેતાં પ્રેમ ઉભરાય છે. કોઈ આદિનાથ કોઈ બાબા આદમ - કોઈ આદિપુરુષ - કોઈ પુરાણ પુરુષ - કોઈ અવતારી પુરુષ વગેરે જુદા જુદા નામ અને નિક્ષેપાથી અલગ અલગ રૂપે તેમની ભજના કરે છે.

ભકત કવિ ન્હાનાલાલે ગાયું છે કે - પ્રભો તું આદિ છે. શુચિ પુરુષ પુરાણ તું જ છે. પિતા પેલો આદ્યે, જગત વીંટતો સાગર પણ તુંજ છે. સહુ અદ્‌ભૂતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભૂત નીરખું - મહાજયોતિ જેવું નયન શશીને સૂર્ય

સરીખું, દિશાની ગુફાઓ પૃથિવી ઊંડુ આકાશ ભરતો - પ્રભો તે સૌથીયે - પરપરમ તું દૂર ઉડતો.

અવસર્પિણીકાળમાં પહેલો - બીજો અને ત્રીજો આરો યુગલિક કાળનો હોય છે જેમાં બધાંય યુગલિકો સાથે યુગલરૂપે જન્મે અને સાથે યુગલરૂપે મરે. જીવન જરૂરિયાતની તમામ ચીજો કલ્પવૃક્ષો પાસેથી તેઓ મેળવે. યુગલિકો મરણ બાદ સ્વર્ગેજ જાય પણ નરકે ન જ જાય. પૂર્વના શ્રેષ્ઠ પુન્ય બાંધેલા હોવાથી તેઓ સુખનો ભોગવટો કરે પણ આ જીવનમાં દાન પુન્ય-ધર્મધ્યાન-સંતસમાગમ - જિનમંદિર-પ્રભુપ્રતિમા જેવા પુન્યના કે મોક્ષપ્રાપ્તિના જોગ તેમને ઉપલબ્ધ નથી કારણ કે પૂર્વમાં તેવા સામાન્ય પ્રકારે પુન્યનો સંચય કર્યો હોય, તેમજ વીતરાગ દેવ-ગુરુ-ધર્મથી વિમુખ જીવન ગાળ્યું હોય, તેના ફળ રૂપે યુગલિક ક્ષેત્રમાં જન્મ લેવો પડે છે. યુગલિકો માટે આધ્યાત્મિક ભાષામાં કહેવાય છે કે તેઓ વાસી ખાય છે અને ભૂખ્યા સુવે છે એટલે પૂર્વની કમાણી બેઠા બેઠા ખાય છે પણ ફરી નવુંપુન્ય ઉપાર્જન કરવા કશો ઉધમ કરતા નથી છતાંય પાછા મરીને તો દેવલોકમાં જ જાય છે કારણ કે તેઓને આરંભ સમારંભ કે પરિગ્રહાદિના પાપ નથી. આપણો આત્મા અજ્ઞાનવશ રહી અનંતા એવા કાલ ચકાવામાં પરિભ્રમણ કરતો આવ્યો છે પણ સંસારનો ચકાવો હજી મટ્યો નહિ તે જીવની કેટલી બધી જડતા કહેવાય ? આગમવાણી કહે છે - 'ઓઘાને વળી મુહપત્તિના રે મેરૂ સમા ઢગ કીધ' આટલી બધી દીક્ષા પર્યાયો લીધી છતાં છેડો દેખાતો નથી. ક્યાંક મોટી ગેરસમજણ આડે આવી રહી છે.

યુગલિક માનવોને ધર્મ-અધર્મ, પુન્ય-પાપ, સુખ-દુ:ખ, જન્મ-મરણ, સંયોગ-વિયોગ, આધિ-વ્યાધિ-ઉપાધિ, બંધ-મોક્ષ, જ્ઞાન-અજ્ઞાન વગેરે જીવનને દુષિત કરનારા તત્ત્વોની કશી સમજણ હોતી નથી. આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર, પ્રથમ નરેસર, પ્રથમ યતિવ્રતધારક, પ્રથમ કેવલજ્ઞાની નાભિરાજા અને મરૂદેવાના નંદન - પુત્ર એવાં રિખવદેવ પ્રભુએ યુગલા ધર્મનું નિવારણ કર્યું. તે કાળના જીવોની તાસીર જોઈ તેમને જીવન જીવવા માટેનુ વ્યવહારૂ જ્ઞાન આપ્યું. અસિ-મસિ અને કૃષિનો વ્યવહાર શીખવાડ્યો. જેમ જેમ લોકોની

ફરિયાદ વધવા માંડી તેમ તેમ તે તે જીવોને શિલ્પ-કળા-હુન્નર ઉદ્યોગ વગેરે શીખવાડ્યું. લોકોને લિપિનુ જ્ઞાન તેમજ અક્ષર જ્ઞાન આપ્યું. ૮૩ લાખ પૂર્વ સુધી પ્રભુ ગૃહસ્થપણામાં રહ્યાં. ઈન્દ્રે આવીને પ્રભુનો લગ્ન મહોત્સવ કર્યો. સુનંદા સુમંગલા પ્રભુને પરણાવી જેમનાથી પ્રભુને ભરત બાહુબલી વગેરે ૧૦૦ પુત્રો તેમજ બ્રાહ્મી સુંદરી બે પુત્રીઓ થઈ. ત્યારબાદ પોતાનો દિક્ષાકાળ નજીક જાણી પ્રભુએ ચારિત્ર લીધું.

વન વગડામાં એકાંત પણે આત્મ સાધનામાં રહેતા અને ઉપસર્ગ પરિષહોને સહન કરતા ૧૦૦૦ વર્ષના અંતે પ્રભુને કેવલજ્ઞાન પ્રગટ્યું. જગતના ભવ્યજીવોને તીર્થસ્થાપન કરવા દ્વારા મોક્ષમાર્ગ સમજાવ્યો, કંઈક જીવોને મોક્ષે મોકલ્યા અને આમ મોક્ષમાર્ગ પ્રસ્થાપી અંતે પ્રભુ સ્વયં મોક્ષે ગયા. ૧૦,૦૦૦ મુનિવરો સાથે અષ્ટાપદ પર્વત પર યોગ નિરોધ કરી - અનશન વ્રત આદરી મુકત થયા સાથે અન્ય ૧૦૭ આત્માઓ મોક્ષને વર્યા. સંસારમાં પ્રભુનું જે ચારગતિમાં પરિભ્રમણ થતુ હતું તેનો અંત આવ્યો.

**કેવલ લઈ પ્રભુ મુગતે પોહોતા, આવાગમન નિવારા...૩.**

**આનંદઘન પ્રભુ ઈતની વિનતિ, આ ભવ પાર ઉતારા....૪.**

કેવળજ્ઞાનને પામીને પ્રભુ આપ તો સ્વયં મુકત થઈ લોકાગ્ર શિખરે સિદ્ધપદે બિરાજી, અજરામર થઈ જનમ મરણના ફેરા - આવાગમન નિવાર્યું. આનંદઘનના નાથ હે પ્રભો ! આપે વ્યવહારધર્મનો રાહ બતાવી અનેકોને પાપ પ્રવૃતિથી ઉગાર્યા અને અનંતની સફરે ભટકતા આત્માઓને નિશ્ચયધર્મનો માર્ગ દેખાડી મુક્તિની વાટે ચડાવ્યા તેમજ ભવ્યજીવોનો ઉદ્ધાર કરી મોક્ષે પહોંચાડ્યા તેવી રીતે હે કરૂણાળુ પ્રભો ! આપને મારી એકજ વિનંતી છે કે આપ તો આનંદઘન સેવકના નાથ કહેવાઓ - મારી વિનંતીનો અસ્વીકાર કરી મને નિરાશ ન કરો. આપ મુગતિપુરીમાં જઈ પહોંચ્યા - વીર પ્રભુ પણ મુક્તિએ સિધાવ્યા. હવે મારો હાથ ગ્રહણ કરનાર આ ક્ષેત્રમાં કોઈ ન રહ્યું. કોની આગળ જઈને મારી આંતર વેદનાનો પોકાર કરું કે આ ભવ પાર ઉતારા.

આ પ્રાણીને મોટામાં મોટી ઉપાધિ આવાગમનની જનમ-મરણની છે કોઈ પણ જગ્યાએ ઠરીઠામપણું નથી. મોક્ષમાં ગયા એટલે આવા ગમનનો અંત આવ્યો. એટલે બહુ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી અને જગતને માટે તેઓ આદર્શ રૂપ બની ગયા. બધાજ તીર્થંકર ભગવંતો અને સિદ્ધ ભગવંતો મુક્તિએ પહોંચવા માટે આપણને આદર્શ પુરો પાડે છે.

卐

*આશા પોતે મરતી નથી પરંતુ આશામાં ને આશામાં આપણે મરણને શરણ થઈ જઈએ છીએ, ત્યારે આશા રહે છે અને આશાને રાખનારો રહેતો નથી.*

★ ★ ★

*ગુણમાંથી ગુણની શ્રેણિએ ચઢાતું નથી, તો ગુણને દોષ બનતા વાર લાગતી નથી માટે એક પણ ક્ષણનો પ્રમાદ ન કરવા કહ્યું છે.*

★ ★ ★

*કરવાપણા - બનવાપણા - થવાપણાથી પર થઈ હોવાપણામાં સ્થિર થવું. આત્માનું લક્ષણ જાણવું, દેખવું અને સ્વમાં સ્થિર રહેવું.*

# પદ - ૧૦૨

(રાગ - કાફી)

ए जिनके पाया लागरे, तुने कहीये केतो-ए जिनके ॥

आगोइ जाम फिरे मदमातो, मोहनिंदरीया शुं जागरे ॥ तुने. ॥१॥

प्रभुजी प्रीतमविन नहीं कोइ प्रीतम, प्रभुजीनी पूजा घणी मागरे ॥ तुने. ॥२॥

भवका फेरा वारी करो जिनचंदा, आनन्दघन पाय लागरे ॥ तुने. ॥३॥

આ પદમાં આનંદઘનજીને ચિત્તમાં જે સ્ફુરણા થઈ તે તેમને અનુભવ્યાથી પોતાના આત્માને તેમજ સાધુ ભાઈઓ તેમજ શ્રદ્ધાવંત ધર્મી આત્માઓને સંકેત દ્વારા હિતશિક્ષા આપતા કહે છે -

**એ જિનને પાય લાગરે, તુને કહિયે કે તો;**
**આગોઈ જામ ફિર મદ માતો, મોહ નિંદરીયા શું જાગ રે... ૧.**

એ જિનના પગમાં તું પડ કે જેઓએ કષાયરૂપી કર્મમળને સમતાના નિર્મળ નીરમાં ધોઈને પવિત્ર બનાવ્યા છે. એ જિનેશ્વર દેવના પાય પડી તું માંગણી કરજે કે તમે જેમ કર્મમળને ધોઈ આત્મશુદ્ધિ કરી તેવીજ શુદ્ધિ સેવકની કરો. પ્રભુએ માર્ગે ચાલી ભાવોની શુદ્ધિ કરી છે તે પ્રભુજ તારા પાપ મેલને ધોવાનો માર્ગ બતાવશે.

(તુને કહિયે કેતો) - હે ચેતન તને કેટલું કહેવું ? શું કહેવું ? કહેતાં મને હવે શરમ આવે છે. આ ભાવ અંતરાત્માના છે જેમાં જીવાત્માને ચેતવણી કે ટકોરો મારવામાં આવ્યો છે. તારા સ્વભાવને માયા દોષથી ચૂકી તું અવળા માર્ગે ચઢી ગયો છે. માયાના અરમાનો મૃગજળ સમાન છે. એ ફક્ત પ્રતિભાસ છે. એની પાછળ ફાંફા મારવા એ નર્યું અજ્ઞાન છે. એટલે કે જીવનને વ્યર્થ જવા દેવું અને મૃત્યુને નોંતરવા બરાબર છે. સાગરમાં જેમ પવનની લહેરીઓ ઉઠે અને તેથી પાણીમાં એક પછી એક તરંગો ઉભા થતા જાય તેમ માનવીના

ચેતન એના સ્વાતંત્ર્યને ઝંખતો નથી કારણકે પારતંત્ર્ય ખટકતું નથી.

ચિત્તમાંથી ઉઠતા વિકલ્પો એ મોજા જેવા છે તેનો અંતજ આવતો નથી. એક વિકલ્પ સમાય ત્યાં બીજો ઉઠે, તે સમાય ત્યાં ત્રીજો આમ ચાલ્યા જ કરે છે. આવી રીતનું જીવન સફળ થાય પણ કેવી રીતે ? મનના ચાલતા તરંગોને સમાવવામાંજ આખુ જીવન પુરુ થયું. પરિણામ શૂન્ય આવ્યું. જીંદગી મનુષ્યની જીવવા માટે મળી પણ માયાની પાછળ આંધળો બનેલો ચેતન પશુના મોતે મરાયો.

યોગીરાજ કહે છે કે પરમાત્માની પ્રેમ લક્ષણા ભક્તિમાં નરસિંહ મેહતા, મીરાંબાઈ કે તુકારામની જેમ ચિત્ત જોડી રાખવાથી આ માયાના વેગને ખાળી શકાય છે. માટે પ્રભુ પ્રેમને તમે કદીય ભૂલશો નહિ. કારણ પ્રેમ પોતેજ પરમાત્મા છે. તમારા જીવનમાં જેટલા પ્રમાણમાં સાચા પ્રેમનું અવતરણ થશે એટલાજ પ્રમાણમાં પરમાત્માની પણ તમારા હૃદય મંદિરમાં પ્રતિષ્ઠા થતી જશે. જ્યારે ભગવાનની પૂર્ણ પ્રતિષ્ઠા તમારા દેહ દેવળમાં થઈ જશે ત્યારે તમારું સમગ્ર જીવન એક તીર્થ અથવા જીવતું જાગતું મંદિર થઈ જશે અને તે સ્વયં પરમાત્માનું પ્રગટ રૂપ હશે.

જેમ દીપક માટે પ્રકાશ, ફુલ માટે સુગંધ અને વાદળા માટે વર્ષા તેમ પ્રેમ એ તમારો સ્વભાવ બની જવો જોઈએ. જે વ્યક્તિ અંતરની ગુફાના અનંત ઊંડાણ સાથે એકાકાર થાય છે તેના જીવનમાં પ્રેમની અનારાધાર વર્ષા આપોઆપ શરૂ થઈ જાય છે. આવી વ્યક્તિ પ્રેમ કરતી નથી પણ તે પ્રેમમય બની જાય છે.

(આગોઈ જામ ફિરે મદ માતો) - આગોઈ એટલે આઘો રહેજે - નજદીક ન આવતો. જામ એટલે અક્કડ રાખનાર.

આઠે પ્રકારના મદના નશામાં જામ બનેલા એટલે અક્કડ રહેનારા ચેતનને શિષ્ટ લોક ધૂત્કારે છે. પોતાની પાસે આવવા દેતા નથી છતાં જીવ મદના નશામાં ચકચૂર બની માયાની પાછળ અંધ બની ભટકે છે.

માન અને અહંકાર એ બે પ્રકૃતિના તત્ત્વો છે પણ સ્વભાવ બંનેનો જુદો જુદો છે. સમતાને સાધવામાં મદ આડો આવે છે. જ્યારે અહંકાર માનસિક કષાય છે અને મદ એ પ્રકૃતિજન્ય કર્મમળ દોષ છે. બાહુબલીજીમાં માનમદ

હતો જે ૯૮ ભાઈઓને સાધુ હોવા છતાં તેમને વંદન કરવામાં આડો આવતો હતો. આત્મારામજી કૃત સત્તરભેદી પુજામાં કહ્યું છે - "માન મદ મનસેં પરિહરતા, પાપ પખાલ મનમેં ધરતા".

જેમ દારૂના નશામાં ચકચૂર રહેનારને તેની પત્ની નજીક આવતા તેને તિરસ્કારે છે અને કહે છે કે આઘો રહેજે - મારાથી દૂર રહેજે, મારી નજીક આવતો નહિ તેમ જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, ઋદ્ધિમદ, વિદ્યામદ અને લોભમદ આમાના કોઈ પણ પ્રકારના મદમા મસ્ત બનીને રહેનારને જગત સારા તરીકે ગણતું નથી. હાથી જ્યારે મદમાં આવી પોતાના માલિક માવતના પ્રેમની અવગણના કરે છે અને નિરંકુશ બને છે ત્યાર માવત તેને અંકુશમાં લાવવા ગંડસ્થલ પર અંકુશનો પ્રહાર કરી ઠેકાણે લાવે છે. તેવીજ રીતે જીવાત્મા માન મદના નશામાં મસ્ત બની પ્રભુની આજ્ઞાને અવગણી નિરંકુશ જીવે છે ત્યારે મમતા પણ તેને તિરસ્કારે છે. મમતા પણ પ્રેમની ચાહક છે. અહીં મમતા શબ્દ જગતના બધાંય જીવો સાથે હળીમળીને પ્રેમપૂર્વક રહેવાના સંદર્ભમાં પ્રયોજાયો છે. ચેતન જો પોતાના માલિક પરમાત્મા પ્રત્યે પ્રેમભાવથી વર્તે તો તેના વિચારોમાં સુબુદ્ધિ પેસવાથી તેના પરિણામ સુધરવા માંડે છે. કુમતિને ત્યાગવાથી સુમતિ સ્વભાવ બને છે. ચેતનની પ્રભુ પ્રત્યેની પરમ શ્રદ્ધામાં અંજાઈને સુમતિના વિચારો અને શ્રદ્ધા (જ્ઞાન અને દર્શન) બેઉ એકરૂપ થતાં શ્રદ્ધા અને સુમતિ બંને સમતાના સંગમાં તદ્રુપ બને છે. એટલા માટે યોગીરાજ ચેતનને ચેતવણી આપતા કહે છે કે તું પ્રભુના પગમાં પડ - તેની ભક્તિ કર - તેની આજ્ઞાનું પાલન કર.

**પ્રભુજી પ્રીતમ બિન નહિ કોઈ પ્રિતમ**
**પ્રભુજીની પૂજા ઘણી માગ રે, તુને કહીએ કે તો....૨.**

આ વીતરાગ પ્રભુ સિવાય બીજા કોઈ સાચા પ્રીતમ જગતમાં છે નહિ માટે તેમના ઉપરજ પ્રીતિ અને ભક્તિનો ધોધ વરસાવવા જેવો છે. પ્રભુ એ સાચા પ્રીતમ છે માટે જગત ઉપર તે કરૂણાનો ધોધ વરસાવે છે. માટે હે ચેતન ! પ્રભુ પાસે માંગણી કર કે ભવોભવ આપના ચરણોની સેવાજ મને મળો.

ભવફેરા વારી કરો જિનચંદા,
આનંદઘન પાય લાગરે.... તુને કહીએ તો....૩.

જિનોમાં ચંદ્ર સમાન હે પ્રભો ! મારા સંસારના ફેરાનો અંત આવે એવી આત્માની શીતળતા હું ઈચ્છું છું. હે આનંદઘન પ્રભો ! હું આપના પગમાં પડી ફરી ફરીને આજ માંગુ છું. સંસારમાં અનંતકાળ રખડીને હું થાકી ગયો છું. હવે મારી રખડપટ્ટીનો અંત આવે અને હું એકજ જગ્યાએ હંમેશને માટે ઠરીઠામ થઈને રહું એવી માંગણી આપની પાસે કરું છું.

આનંદઘનજીના સમયમાં મોગલશાહી ભારતભરમાં પ્રસરી ગયેલી. તેમની વટાળ અને જુલ્મી પ્રવૃતિઓથી હિંદુ ક્ષત્રિય રજવાડાઓમાં કુસંપ - વૈરભાવ વગેરેના બીજ રોપાયા હતા. આ નબળાઈને યવનોએ પિછાણી અને તેમની જુલ્મી પ્રવૃતિ દિન-પ્રતિદિન વધતી ચાલી. ધર્મના નામે કલેશ - કંકાસ વધવા માંડ્યા. જયાં જુવો ત્યાં અશાંત વાતાવરણ વધવા માંડ્યું. આ બધુ જોઈને તે મહાત્માનું દિલ દ્રવી ઉઠ્યું. તેમના મન પર વૈરાગ્યની અસર વધતી ચાલી અને તેથી કરીને તેએએ આ પદ-૧૦૨માં પરમાત્મા પાસે માંગણીકરી કે ‘ભવકા ફેરા વારી કરો જિનચંદા - આનંદઘન પાય લાગરે - તુને કહિયે કેતો - હે પ્રભો ! મારા ભવના ફેરા મિટાવો - હું આપના પગમાં પડી આ એકજ અરજ ગુજારુ છું.

卐

*પદાર્થમાં ફેરફાર ન થાય,*
*તું તારામાં ફેરફાર કર !*
*પદાર્થને ફેરવવાની કુચેષ્ટા ન કર,*
*તું તારામાં સમાઈ જા !*

# પદ - ૧૦૩

## (રાગ - કેરવો)

प्रभु भजले मेरा दील राजीरे ॥ प्रभु. ॥

आठ पहोरकी साठड घडीयां, दो घडीयां जिन साजीरे. ॥ प्रभु ॥१॥

दान पुण्य कछु धर्म करले, मोहमायाकुं त्याजीरे. ॥ प्रभु. ॥२॥

आनन्दघन कहे समज समजले, आखर खोवेगा बाजीरे ॥ प्रभु. ॥३॥

આ પદમાં આનંદઘનજી મહારાજ પોતાના શુભભાવ વ્યકત કરતા કહે છે કે

**પ્રભુ ભજલે મેરા દિલ રાજીરે પ્રભુ ભજલે મેરા દિલ રાજીરે**
**આઠ પહોરકી સાઈઠ ઘડીયાં, દો ઘડીયાં જિન સાજીરે...૧.**

**દાન પુણ્ય કછુ ધર્મ કરલે, મોહ માયાકું ત્યાજીરે. પ્રભુ...૨.**

હે ચેતનવંત આત્માઓ ! તમે સૌ પ્રભુના પવિત્ર ગુણોની શુદ્ધિપૂર્વક ભક્તિ કરો તે જોઈને મારું દિલ વિશેષ રાજીપો અનુભવશે. યોગીરાજ પોતે પોતાના આત્મભાવમાં એટલા બધા મશગુલ રહેતા કે એમનું ચિત્ત ૨૪ કલાક પ્રભુના ગુણગાન ગાવામાં રમમાણ રહેતું. તેમના મુખમાંથી ભક્તિરસના ઝરણા નિરંતર વહ્યા કરતાં હતાં. તેમનો પ્રત્યેક સમય આત્મ જાગૃતિ અને પ્રભુના ગુણગાન ગાવામાં વીતતો હતો. આવી જાગૃત દશા કોક વિરલા જીવોનેજ પ્રાપ્ત થાય. સામાન્ય જનસમાજમાં આવી ઉચ્ચતમ કોટિની ભાવદશા ન જ જાગે એમ સમજી તેઓ પ્રભુ પાસે માંગણી કરે છે કે એક દિવસના ૮ પ્રહર તેના ૨૪ કલાક અને ૬૦ ઘડી થાય. તે બધોજ સમય પ્રભુ ભજનમાં જન સમાજ કાઢે તો બહુ સારુ પણ તે ન બને તો છેલ્લે આખા દિવસમાં બે ઘડીતો પ્રભુ ભજન માટે જરૂર કાઢે. (દો ઘડિયા જિન સાજી) - સાજી એટલે મનુષ્ય જીવનની સફલતા માટે છેલ્લે બે ઘડી જેટલો સમય તો જરૂર કાઢે તેમાં પ્રભુ ભક્તિ -

આત્મધ્યાન - તત્વચિંતન કાંઈ પણ કરે નહિ તો જન્મારો એળે જશે અને એવી ગતિઓમાં જવું પડશે કે જ્યાં અંધકાર જ હશે પ્રકાશ નહિ હોય.

દુર્ગતિમાં ન જવુ પડે તે માટે હે ચેતન ! તું દાન પુન્યના ભાવને ફલવાન કરજે અને મોહ માયાને ત્યાગ કરતો રહેજે. દાન-શીલ-તપ અને ભાવ આ ધર્મકરણીના મુખ્ય પાયા છે તેમાંથી તને જે ફાવે તે તું કરી લે. તેનાથી મારું મન અત્યંત ખુશી થશે. મોહમાયાના ભાવોને છોડીને ચોકખા હૃદયે બે ઘડી પણ સુકૃતની કરણી કરી લે.

**આનંદઘન કહે સમજ સમજ લે, આખિર ખોવેગા બાજીરે...૩.**

હે ચેતન ! હજુ જ્યાં સુધી તારુ આયુષ્ય પુરુ થયું નથી અને બે આંખ મિંચાઈ નથી ત્યાં સુધી બાજી તારા હાથમાં છે તે ખોવાઈ ન જાય એમ વિચારી સમજણના ઘરમાં સ્થિરતા લાવ, પ્રભુને ભજીલે, આત્માને ધ્યાચી લે, નહિ તો બાજી હાથમાંથી ચાલી ગયા પછી પસ્તાવુ પડશે. જો આ ભવમાં ચૂક્યો તો પછી તને કોઈ નહિ બચાવે.

સંસારના રંગમાં રંગાઈ ગયેલા અને ગાડી-વાડી-લાડીના ચક્કરમાં પડેલા આત્માને અહિયા જગાડવાનો પ્રયત્ન કર્યો છે. જીવ માત્રને પ્રમાદ સતાવે છે. પ્રમાદમાં જીવનો અનંતોકાળ ગયો છતાં હજુ જીવ જાગતો નથી તે 'દીવો લઈને કૂવે પડ્યો - ધિક્કાર છે મુજને ખરે' એ પંક્તિની યાદ અપાવે છે. મનુષ્યભવ અને પ્રભુશાસનની પ્રાપ્તિ એટલે જાગૃતિનો કાળ, પ્રકાશનો ઝળહળાટ, તેમાં પણ જીવ જો ન જાગે તો પછી ક્યારે જાગશે એ એક પ્રશ્ન છે. કાળની જાજમ પર અનંતા આત્માઓ મોહના પ્રવાહમાં તણાયા કરે છે તેમાં કોઈક વિરલાજ જાગીને આત્મસાધના કરી અમર બની જાય છે.

યોગીરાજજીના પ્રથમ પદમાં આ પદનો ભાવ આવી જાય છે. ભાષા અને શૈલી જોતાં આ પદ યોગીરાજજીનું હોય એવું જણાતું નથી.

卐

# પદ - १०४

(રાગ)

हठीली आंख्यां टेक न मेटे, फिर फिर देखण जाउं. ह. ॥ ए आंकणी ॥

छयल छबीली प्रिय छबि, निरखित तृपति न होइ ॥
नयकरिंडकहटकू (हटकरिट्ठकहटकुं) कभी, देत नगोरी रोई ॥ ह. ॥१॥

मांगर ज्योंटमाकेरही, प्रीय छबीके धार ॥
लाज डांग मनमें नही, काने पँछेरा डार ॥ ह. ॥२॥

अटक तनक नही काहूका, न इक तिलकोर ॥
हाथी आपमते अरे, पावे न महावत ओर ॥ ह. ॥३॥

सुन अनुभव प्रीतम विना, प्राण जात इह ठांहि ॥
है जन आतुर चातुरी, दूर आनन्दघन नांहि ॥ ह. ॥४॥

જ્ઞાની એવા ચેતન પતિને પોતાને પ્રિય એવી પ્રિયતમા ચેતનાનો ઘણા સમય સુધી વિયોગ અને વિરહ પડ્યો હતો, તે બંનેનું જ્યારે પ્રથમ મિલન થયું, તે વખતે ચેતનને સમતા પ્રત્યે હેત ઊભરાય છે. પ્રેમની નિર્મળ મૂર્તિ સમા સમતાની મોહકતા નિહાળ્યા પછી (નિરખત તૃપ્તિ ન હોઈ) તૃપ્તિ - ધરપત ન વળવાથી ચેતનને સમતાને જોવા માટેના ફરી ફરીને ભાવ થયા કરે છે. ચેતન અને ચેતના સમતા બંનેનુ મિલન થયુ. બંને વચ્ચે પ્રેમાળ વાર્તાલાપ અને વિનોદને સાહિત્યકારોએ નવ રસમાંથી હાસ્યરસ તરીકે ઓળખાવ્યો છે અર્થાત્ સખા અને સખીનુ મિલન થતાં જે અંતરમાં પરમ શીતળતા પ્રગટે છે, અંતરમાં હસી-ખુશીની કળા પ્રગટે છે. આવી કળાની ભેટ કુદરતે માનવ પ્રાણીને આપી છે. એમાં નિખાલસતાનું સૌંદર્ય ભળવાથી એ વ્યક્તિ નિર્મળ પ્રેમની સાક્ષાત્ મૂર્તિ બની જાય છે, તે વખતે એનામાં શુદ્ધ ચેતનાનો - વીતરાગતાના અંશનો - દિવ્ય પ્રેમનો સંચાર થાય છે ત્યારે તેના કારણે તે પોતે તેટલા સમય પુરતો પરમાત્મા બને છે. પરમાત્માના ગુણોનું ધ્યાન કરતાં જેટલા સમય સુખી

સાધક તે ગુણોની સાથે અભેદ અનુભવે છે તેટલા સમય સુધી તે આગમથી ભાવ નિક્ષેપે પરમાત્મા કહેવાય છે. આવા નિખાલસ સૌંદર્યને માણવાની કળા માનવી પ્રાણી સિવાય બીજે તિર્યંચ યોનિમાં રહેલા પશુસૃષ્ટિમાં નથી એટલા માટેજ હવે પદની શરૂઆત કરતા યોગીરાજ કહે છે -

**હઠીલી આંખ્યાં ટેક ન મિટે, ફિર ફિર દેખણ જાઉં - હઠીલી.**
**છયલ છબીલી પ્રિય છબી, નિરખિત તૃપ્તિ ન હોઈ**
**નટ કરિં કક હટકું કભી, દેત નગોરી હોઈ - હઠીલી...૧.**

જીદે ચડેલી આંખો પોતાની ટેક છોડતી નથી. તેને એમ થાય છે કે ફરી ફરીને સમતાની મોહકતાને નિહાળ્યાજ કરું ! વારંવાર જોવા છતાં તૃપ્તિજ થતી નથી અને ક્યારેક આંખોને હઠ કરીને બળાત્કારે ત્યાંથી હડસેલી લેવામાં આવે અથવા ધૂત્કારવામાં આવે તો પોતાને દૂર હટાવ્યાથી કભી એટલે ક્યારેક તે આંખો રોઈ પડે છે.

મનનો સંબંધ ઈન્દ્રિયો સાથે અને ઈન્દ્રિયોનો સંબંધ વિષય સાથે થતાં જીવને તે તે પદાર્થનું જ્ઞાન થાય છે. અહિંયા યોગીરાજી ચક્ષુ ઈન્દ્રિયને નાટકના પાત્રમાં લાવી તેને હઠીલી એટલે જીદ્દીની ઉપમા આપી કહે છે કે તમારો સ્વભાવ માત્ર જોવાનો છે એને છોડીને તમારા ધર્મની મર્યાદાને તોડીને હસી-ખુશી મનાવવાનો સ્વભાવ તમારો નથી. તમાશા-નાટક-હસાહસ-મારામારી વગેરે થતું હોય અથવા તો નાટક મંડળી - બજાણીયા વગેરે તમાશા દ્વારા લોક ભેગુ થયુ હોય ત્યારે સંસારરસિક આંખોને તે જોવામાં વિશેષ રસ હોય છે પણ અહિંયા તો ટેક અને નેક જેવા મર્યાદા ધર્મમાં વર્તનારી આંતરદષ્ટિ - વિવેકદષ્ટિ કે દિવ્યદષ્ટિને બાહ્ય એવી ચર્મચક્ષુઓના સ્થાને ગોઠવી - ઉપમા આપી - તેને નાટકના પાત્રમાં લાવી, હિતશિક્ષા આપી રહ્યા છે કે તમે તમારા માત્ર જોવાના મર્યાદા ધર્મને ન ત્યજતાં ટેક અને નેકથી લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરજો પણ હઠીલી ન થજો. સમત્વ ભાવને સાધનાર સાધકના દિવ્ય ચક્ષુનું જ્યારે પોતાની પ્રિયતમા સમતા સાથે મિલન થાય છે તે વેળાએ થતાં વાર્તાવિનોદ અને બંને વચ્ચેના આનંદનો યોગ દેખીને, પરમાત્માની મૂર્તિ જેવી સ્થિર શાંત રસ સમી

સમજવાળો એટલે દેખતો, દેખતો એટલે જાગતો અને જાગતો એટલે કર્મ કાપતો.

સમતાને નિહાળવાનું મન તો સુમતિરાણીને પણ અવશ્ય થાય જ છે.

અહીં ચેતનને સમતા સાથે મેળાપ થતી વખતે તે દશ્યને બહારની ચર્મચક્ષુ પણ જોઈ શકે છે, એવી અનુભૂતિ આનંદઘનજીને થયેલી એટલે તો તેમણે અહીં ચામડાની આંખોને હઠીલી તરીકેની ઉપમા આપી ટકોર કરી છે.

ટેક ન મિટે - ફરી ફરીને પડી ગયેલી જોવાની ટેવને તમે મર્યાદામાં કેમ રાખતા નથી ? લજ્જાશીલ આંખો કોઈ પણ વસ્તુને ટીકીટીકીને જોતી નથી. નેત્રોનું સંગોપન કરવાથી લજ્જા ગુણ વિકસિત થાય છે. કહેવાનુ તાત્પર્ય એ છે કે બાહ્ય ચર્મચક્ષુ કોઈપણ વસ્તુને ટીકીટીકીને જુવે તે તેનો ધર્મ નથી તો બીજી બાજુ આંતરચક્ષુ જે વિવેક ચક્ષુ છે તે ચેતન અને સમતાના મિલન વખતે હસીખુશી મનાવે તે પણ તેનું સ્વરૂપ નથી. ગમે તેવો આનંદ આવે પણ તે વખતે જો આનંદના ઉછાળામાં મન ઉછાળા માર્યા કરે, દષ્ટિ - ઉપયોગ તેમાં ભળે તો તે આનંદ લાંબો સમય ટકતો નથી. માટે આનંદ સમયે પણ દષ્ટિ જ્ઞાયક એવાં દષ્ટા તરફ ધ્રુવાંશ તરફ - પરમ પારિણામિક ભાવ તરફ જોઈએ. (નટ કરિ ડક હટકુ કભી - નેત નગોરી રોઈ) - નટ એટલે નટડી કહીને ડક એટલે ડકડક કે ડખો કરવાથી - જાહેરમાં વગોવણી કરવાથી અને હટકુ એટલે હડસેલ્યા કરવાથી તે આંખો રોવા મંડી પડે છે. આંખોને પણ પોતાના સ્વામીની સમતાદેવી અને ચૈતન્યદેવના મૂર્ત સ્વરૂપના દર્શનની અભિલાષા જાગતી વેળાએ તેને દૂર હટાવતા તે નગોરી એટલે ગરીબડી થઈને રોવા માંડે છે.

**માંગર જ્યોં ટમાકે રહી, પીય છબી કે ધાર**
**લાજડાંગ મનમેં નહિ, કાને પછેરા ડાર... હઠીલી...૨**

માંગર એટલે માંગણહાર ભિક્ષુક કે ભિખારી. જ્યોં એટલે જેમ ભોજન આપનાર કે દાન આપનારની સામે આંખો ટમટમાવ્યા વિને એકીટસે ટગર ટગર જોયા કરે અગર તેને કશું ન આપતાં ધૂતકારી કાઢવામાં આવે તો તેને નિરાશા ઉપજે, એના મનને અત્યંત દુઃખ થાય, તેવી નિરાશા મનને ઉપજવાથી તે ન સહન થવાથી, એ પોતાના સ્વભાવ પ્રમાણે રોવા મંડી પડે છે. તેવીજ રીતે પ્રભુ પ્રેમી ભક્તને ભગવાનનાં દર્શનનો વિયોગ થવાથી તેને અશ્રુપાત થવા

માડે છે. (પીય છબી કે ધાર) - પોતાનો આત્મા ચેતનને, સમતા-સમાધિ સાથે મેળાપ થતાં આનંદઘનજીનો આત્મા સમતાદેવી સાથે પ્રેમસાગરમાં ડૂબકી લગાવી રહ્યો છે. ધારણા - ધ્યાનમાં સ્થિર થયેલ ભીતરની પ્રેમરસ ઝરતી આંખો તે વખતની ચેતનની ધ્યાનસ્થ - સમાધિસ્થિત અનુપમ મુદ્રાને કે છબીને ધારીધારીને ટગમગ નજરે એટલે અનિમેષ નજરે ટગર ટગર જોઈ રહી છે.

(લાજ ડાંગ મનમેં નહિ - કાને પછેય ડાર) - અંતરમાં પ્રગટેલ દિવ્યદષ્ટિ પોતાને નારી જાતની માનીને કહી રહી છે કે ભગવત્ સ્વરૂપની પ્રેમમયી છબી નિરખવાનો અધિકાર જેટલો પુરુષ જાતિને છે તેટલોજ અધિકાર નારી જાતિને પણ છે. આમ હઠ કે જીદે ચડેલી આંખો જીવાત્માને વળતો પ્રહાર કરી રહી છે. પરમદેવની મૂર્તિના દર્શન કરવામાં અમારી નારી જાત ઉપર પુરુષ વર્ગ અન્યાયી રીતે વર્તે છે. નારી દેહને કર્મથી હલકો માની અમને લાજ-શરમ જેવી મર્યાદાની શિખામણ આપી અમને ધૂત્કારે છે. વળી ડાંગ બતાડી, ભય પમાડીને અમને લાજમર્યાદામાં રહેવાનું કહે છે ત્યારે ચર્મચક્ષુ કહે છે કે અમે કાંઈ પારકાના તમાશા જોવાનુ હલકું તુચ્છ કામ નથી કરતાં પરંતુ અમે તો અમને જ જોઈએ છીએ. અર્થાત્ અમે તો અમારા સ્વામીની જ અનુચારિણી છીએ.

(કાને પછેડા ડાર) - સમતા ચેતનને કહે છે કે તે આંખો જેમ પોતાના પ્રિય પ્રભુની છબીને જોવામાં લીન છે તેમ કર્ણેન્દ્રિય પણ કાન પર પછેડી ઓઢીને બહારથી આવતા શબ્દોને સાંભળવાનું બંધ કરી તે પણ પ્રિયતમની છબીમાં એકાકાર થઈ ગઈ છે. બહાર શું વાતાવરણ થઈ રહ્યું છે એનુ ભાન એને રહ્યુ નથી. કહેવાનુ તાત્પર્ય એટલું જ છે કે સમાધિમાં એવાં તો લીન-ગરકાવ થઈ ગયાં છે કે બહારનું જોવા, જાણવા, સાંભળવાનું ભાનસાન ગુમાવી દીધું છે.

**અટક તનક નહિં કાહુકા, હટકે ન ઈક તિલકોર;**
**હાથી આપ મતે અરે, પાવે ન મહાવત જોર... હઠીલી..૩.**

અટક એટલે અટકાયત કે દખલગીરી કરનાર બધા અંતરાયો દૂર થવાથી હવે કોઈની દખલ તનક - તનીક એટલે કે જરા પણ ન રહેવાથી બધીજ ઈન્દ્રિયો પોતાના સ્વામીનું મન જેમાં પ્રસન્નતા અનુભવી રહેલ છે તે માર્ગથી

એક તિલભાર - તશુમાત્ર પણ પાછી હટવા માંગતી નથી. મુખ મૌન ધારણ કરીને સમાધિ રસમાં તરબોળ થયેલ છે, નાક હવે બહારની બધીજ ગંધોને અગ્રાહ્ય સમજી ફરી ગ્રહણ કરવા તૈયાર નથી અને સ્પર્શેન્દ્રિય પ્રભુ (પ્રેમનું સ્પર્શન) પ્રેમના સ્પર્શનું સ્પંદન ઈચ્છી રહી છે.

જેમ હાથી પોતે પોતાની સ્વાભાવિક ચાલે ચાલતો હોય છે ત્યાં સુધી માવતનો અંકુશ તેના પર જોર કરવા ઈચ્છતો નથી પણ હાથી નિરંકુશ બને ત્યારે માવતને અંકુશનો ઉપયોગ કરવો પડે છે. તેવીજ રીતે જેને મનને સાધ્યું તેણે સઘળું સાધ્યું એ વાત સાવ સાચી છે પણ કોઈ કહે કે મને મારુ મન વશ થઈ ગયું છે તો તેની વાર્તાને હું સાચી માનવા તૈયાર નથી કારણ તેને તો અનુભવજ પરખી શકે છે. સમાધિભાવમાં મન અમન બની ગયુ હોય છે, વિકલ્પો શમી ગયા હોય છે એટલે મનને અંકુશની જરૂર રહેતી નથી. એના ભાવજ પલટાઈ ગયા છે કે જે અવસ્થા માલિકની તે અવસ્થા મારી એવી સમરસતા ત્યાં વર્તતી હોય છે.

**સુન અનુભવ પ્રીતમ બીના, પ્રાણ જાત ઈહ ઠાંહી;**
**હૈ જન આતુરી ચાતુરી, દૂર આનંદઘન નાંહિ...૪.**

જ્યારે પ્રિયતમ નાથની છબી કે આકૃતિ અનુભવમાં આવ્યા પછી એ જ્યાર વિલીન થાય છે ત્યારે આત્માને પ્રભુનો વિયોગ ન ખમી શકવાના કારણે આંખોમાંથી અશ્રુની ધારા છુટે છે એને ડુમો ભરાવાથી શ્વાસોશ્વાસ રૂંધાઈ જવાના કારણે આ ક્ષણે પ્રાણ છૂટી જશે એવો અનુભવ આનંદઘનજીને થયેલ જેની નોંધ તેમણે અહિંયા લીધી છે. **અનુભૂતિ સંપન્ન સાધક ચિંતક ખીમજી બાપા સ્વાનુભવ વર્ણવતા લખે છે કે ધ્યાનમાં એમને ભગવાન સીમંધર પ્રભુની આકૃતિના દર્શન થયેલ. કચ્છમાં પોતાના વતન નારણપુરમાં હતાં ત્યારે બપોરના ૩-૩ાા ના અરસામાં આ બનેલ અને પછી તે દર્શનની અનુભૂતિ ચાલી જતાં, દર્શન બંધ થતાં, તેઓ એક કલાક સુધી એ દર્શનાનુભૂતિના વિયોગમાં ધ્રુસકે ધ્રુસકે રડેલ. તે રૂદન એવુ હૈયાફાટ હતું કે કેમે કરીને તે બંધ થતુ ન હતું.**

(હે જન આતુરી ચાતુરી) - મનની આટલી બધી આતુરતા હોય અને ચેતન પળે પળ જાગ્રત થઈ સ્વરૂપમાં ડૂબકી મારવા મથતો હોય તેવા ચતુર આત્માઓને આનંદઘન સ્વરૂપી પ્રભુ દૂર નથી પણ પોતાની તદ્દન નજદીક આ દેહ દેવળમાં બિરાજી રહ્યા છે, જેની પ્રભુતાઈ કે વિભુતાઈ એ પ્રભુની પ્રભુતાઈ અને વિભુતાઈ જેવીજ છે. એમાં કોઈ તફાવત નથી. માત્ર તેને મેળવવા ધૈર્ય અને દૃઢ નિશ્ચય હોવા જરૂરી છે.

卐

*કોઈપણ જીવ બીજાની સહાય વિના આગળ આવતો નથી માટે પરોપકારભાવનો આગ્રહ રાખવો જરૂરી છે.*

परस्परोपग्रह जीवानाम्

★

*સૂક્ષ્મ અને સ્વચ્છ બનેલી બુદ્ધિમાંથી જ આત્માને કોઈ ધન્ય પળે પ્રજ્ઞાનો પ્રકાશ લાધે છે તે સમ્યગ્દર્શન છે.*

★

*સમ્યક્ત્વની પ્રાપ્તિ પશ્ચાત્ વીતરાગતા ન આવે ત્યાં સુધી સમતાની જ સાધના સાધુ-સાધકે કરવાની હોય છે.*

★

*કુદરત એ કોઈ વસ્તુ કે વ્યક્તિ નથી પરંતુ કાર્યરૂપે પરિણમનારા કારણો - સંયોગોનું ભેગા થવું તે કુદરત છે.*

# પદ - ૧૦૫

## (રાગ - આશાવરી)

अवधू वैराग बेटा जाया, याने खोज कुटुंब सब खाया ॥ अवधू. ॥

जेणे ममता माया खाई, सुख दुख दोनो भाइ ॥
कामक्रोध दोनोकुं खाइ, खाइ तृष्णाबाई ॥ अवधू. ॥१॥

दुर्मति दादी मत्सर दादा, मुख देखतही मुआ ॥
मंगलरुपी वधाइ वांची, ए जब बेटा हुवा ॥ अवधू. ॥२॥

पुण्यपाप पाडोशी खाये, मान लोभ दोउ मामा ॥
मोह नगरका राजा खाया, पीछे ही प्रेम ते गामा. ॥ अवधू. ॥३॥

भाव नाम धर्यो बेटाको, महिमा वरण्यो न जाई ॥
आनंदघन प्रभु भाव प्रगट करो, घटपट रह्यो समाई ॥ अवधू. ॥४॥

શ્રીમાન આનંદઘનજી મહારાજે પદ રચના સંસારભાવમાં રાચતા આત્માઓને તેમાંથી બહાર કાઢવા માટે કરી છે. સાહિત્યકારોએ સાહિત્ય સર્જનમાં નવ રસને સ્થાન આપ્યું છે, તે નવે રસોમાં શાંત રસ અથવા વૈરાગ્ય રસ એ રસાધિરાજ છે. અહિંયા જે આત્મલક્ષી ભાવોની વ્યાખ્યા કરી છે તેમાં વૈરાગ્યમય ભાવ રસની મુખ્યતા છે કે જે વૈરાગ્યભાવથી વિષય કષાય પર વિજય મેળવાય છે. સિદ્ધર્ષિ ગણી મહારાજે મહામોહના બે દીકરામાં મોટા દીકરાને રાગ કેસરી તરીકે ઓળખાવ્યો છે અને નાના દીકરાને દ્વેષ ગજેન્દ્ર તરીકે ઓળખાવ્યો છે. રાગ કેસરી દેખાવમાં નમ્ર હોવા છતાં તે બહુ આકરો રાજા છે જે માયા અને લોભનો બાપ થાય છે. વીતરાગની વીતરાગતામાં મુખ્યતયા રાગનેજ આગળ કરવામાં આવ્યો છે. કારણકે રાગ જ્યાં પોષાતો નથી ત્યાં જ જીવ દ્વેષ કરે છે. ટૂંકમાં રાગની નિષ્ફળતા જ દ્વેષમાં પરિણમતી હોવાથી મૂળમાં તો રાગ જ છે. દ્વેષ દેખાય છે. રાગ દેખાતો નથી, રાગ જાય એટલે દ્વેષ જાય જ ! રાગ એ મીઠો દુર્ગુણ છે. તેના પર જેટલા અંશે વિજય થાય તેટલા અંશે સંસાર ઓસરતો

જાય છે. જેટલા અંશે વૈરાગ્યમાં પ્રગતિ તેટલા અંશે સાધ્યની સમીપતા થાય છે. સિંદૂર પ્રકરણમાં સોમપ્રભસૂરિ ભગવંતે વૈરાગ્યના વિષયમાં બહુ માર્મિક શ્લોક લખી જીવને જગાડવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ લખે છે -

भोगान् कृष्ण भुजंग भोग विषमान् राज्यं रजः सन्निभं
बंधून् बंधनिबन्धनानि विषयग्रामं विषान्नोपमम् ।
भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा त्यजन्
स्तेष्वासवित्त मनाविलो विलभते मुक्तिं विरक्तः पुमान् ॥

- ઈન્દ્રિયોના ભોગોને કાળા ભયંકર સર્પના શરીર જેવા જાણીને, મોટા રાજ્યને ધૂળ સમાન જાણીને, ઋદ્ધિને રાખોડીની સગી બહેન સરખી જાણીને અને સ્ત્રીઓના સમુહને તણખલાના ઢગલા સમાન જાણીને તે સર્વ પદાર્થો ઉપરની આસક્તિ ત્યજી દઈ, તેનાથી અનાસક્ત રહી વૈરાગ્યવાસિત આત્મા મુક્તિને પ્રાપ્ત કરે છે.

ભર્તુહરિ પણ વૈરાગ્ય શતકમાં લખે છે કે -

भोगे रोगभयं कुले च्युतिभयं, वित्ते नृपालाद् भयं
मौने दैन्यभयं बले रिपुभयं, रूपे जराया भयम् ।
शास्त्रे वादभयं काये कृतान्ताद् भयं
सर्वं वस्तु भयान्वितं भुवि नृणाम् वैराग्यमेवाभयम् ॥

આ દુનિયાની સર્વ વસ્તુ ભયથી ભરેલી છે. ભોગ ભોગવવામાં રોગોનો ભય છે. કુલવાનને કોઈ નિંદા કરે તેના કારણે નીચે ગબડી પડવાનો ભય છે. શ્રીમંતને રાજ્યના કર વગેરેનો ભય છે. પ્રાણી મૌન રહે તો તે દીન છે એવા આક્ષેપોનો તેને ભય રહે છે. બળવાનને દુશ્મનનો ભય રહે છે. રૂપવાન સ્ત્રીને વૃદ્ધાવસ્થાનો ભય રહે છે. શાસ્ત્રના અભ્યાસીને વાદવિવાદનો ભય રહે છે. ગુણવાનને દુર્જનનો ભય રહે છે અને છેવટે શરીરને મૃત્યુનો ભયતો રહેજ છે. આવી રીતે નાની મોટી સર્વ વસ્તુ ઉપર એક યા બીજા પ્રકારનો ભય ઝઝુમતો રહે છે. માત્ર વૈરાગ્ય એજ એવો ભાવ છે કે જેને માથે કોઈજ ભય નથી.

આ પદમાં ખોજ કુટુંબ સબ ખાયા - તેમાં ખાયા શબ્દનો ઉપયોગ

વિશેષપણે કર્યો છે. પદમાં નમ્રતા ભરી નરમ ભાષાનો ઉપયોગ કર્યો છે. આમાં આનંદઘનજીની વિવેકદષ્ટિ અને સમદષ્ટિના ભાવ છતા થાય છે. તેમણે કર્મોને દોષ નથી આપ્યો તેમજ કર્મોને હલકા ચિતર્યા નથી. સમતાને જે વૈરાગ્ય નામનો દીકરો જન્મ્યો તેને 'ભાવ' એવુ નામ આપ્યું છે. ભાવ શબ્દ પર્યાયના વાચક રૂપે પ્રયોજ્યો છે. તેનો સ્વભાવ અસ્થિર અર્થાત્ પલટાયા કરવાનો છે તેના બે પ્રકાર (૧) દુર્ભાવ અને (૨) સદ્ભાવ.

પોતાના જીવાત્માની અણસમજને દોષિત ઠેરવી છે. વિષય કે રસ કોઈ હલકા નથી. ચેતનમાં વિકારીતા દાખલ થઈ, માયા-મમતા ઉપયોગમાં પેઠા, ચેતન જ્ઞાની મટી અજ્ઞાની બન્યો, નિર્વિકારીતાને ચૂક્યો અને પરવસ્તુમાં વિકારી બન્યો એ એની મોટી ભૂલ છે. આ સત્ય યોગીરાજને સમજાયું અને તેમની ચેતના શુદ્ધિમાં આવી ગઈ.

**અવધુ વૈરાગ્ય બેટા જાયા, વાને ખોજ કુટુંબ સબ ખાયા... અવધુ...**

**જેણે મમતા માયા ખાઈ, સુખ દુ:ખ દોનો ભાઈ;**
**કામ ક્રોધ દોનું ખાઈ, ખાઈ તૃષ્ણા બાઈ... ૧.**

આત્માની અવધૂત યોગ દશાની પ્રાપ્તિ એટલે ખુમારી, નીડરતા, નિર્ભયતા, યોગમાં તલ્લીનતા કે જેનાથી આત્મવીર્યમાં જોમ પ્રગટે છે અને તેના પ્રભાવે રાજ્ય ભય કે ભૂતપ્રેતાદિકના સંકટ સમયે ચલિત ન થતાં પોતાના ધ્યેયમાં તે અચળ રહે છે.

પોતાની ભીતરમાં જે બુરા તત્ત્વો કબ્જો જમાવી બેઠેલા તેમની ખોજ માટે યોગીરાજે જીવન અર્પણ કરી દીધું હતું, તે અરસામાં સમતાએ વૈરાગ્યવંત વીતરાગી ભાવ ધારક પુત્રને જન્મ આપ્યો, તેના સમાચાર સાંભળીને મમતા અને માયાનો પરિવાર મનથી હચમચી ગયો છે. સમતાનો પુત્ર વૈરાગ્ય એક પછી એક ભીતરમાં પેઠેલા દુર્ભાવોને ખાવામાં એટલે કે ખતમ કરવાના પુરુષાર્થમાં મંડી પડ્યો છે. સૌ પ્રથમ તેણે માયા અને મમતાના ભાવોને ખતમ કર્યા એટલે કે વૃદ્ધિ પામતા અટકાવ્યા. ત્યાર પછી ઘરમાં ભરાઈ બેઠેલા સુખ અને દુ:ખ જે માયા મમતાના ભાઈ હતા તેને ખતમ કર્યા. મતલબ

ધન-ધાન્ય-દેહ-પુત્ર-પરિવારાદિની વાંછા કે જે જીવને અંતે દુઃખરૂપ દાવાનળમાં નાખનાર છે તેને જીવ સુખરૂપ માની બેઠો છે તે સુખ દુઃખના ભાવોને વૈરાગ્ય બેટાએ ખતમ કર્યો. પછી કામ અને ક્રોધનું નિવારણ કર્યું અને પછી મમતાની બેન તૃષ્ણાનો નાશ કર્યો. (ખોજ કુટુંબ સબ ખાયા) - જ્ઞાન ધ્યાનની અંતરંગભાવવાળી ક્રિયામાં ઊંડા ઊતરી દુર્ભાવ રૂપ પર્યાયોને શોધી શોધીને ખાયા એટલે ખતમ કર્યા. અર્થાત્ તે ભાવોને પલટાવીને સદ્પ્રવૃતિ રૂપે આત્મામાં સ્થાપિત કર્યાં. અશુભ ભાવોમાંથી વૈરાગ્યના બળે રસને ખેંચી લઈને તેનામા રહેલ અશુભત્વને ખતમ કર્યું. ઔદેયિક ભાવોને ક્ષયોપશમભાવમાં પલટી નાંખ્યા. મમતાનો નાશ થવાથી સમ્યક્ પરિણમન થવા લાગ્યું. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રગટ્યો.

**દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખત હી મુઆ;**
**મંગલરૂપી બધાઈ વાંચી, એ જબ બેટા હુઆ....૨.**

વૈરાગ્યવંત ભાવ પુત્રના મુખ ઉપર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ દર્શનનું તેજ ઝગારા મારી રહ્યું હતું. મુખ ઉપર ભામંડલની જેમ આત્મપ્રકાશની છાયા ચારેબાજુ ફેલાયેલી હતી તે જોઈનેજ દુર્મતિ રૂપી દાદી અને મત્સર દાદાનો ગર્વ ગળી ગયો, છક્કા છૂટી ગયા અને તેમની આંખો પર અંધારપટ છવાઈ ગયો.

જીવન એ લાંબા કાળનું જાગતું ઉઘાડી આંખનું સ્વપ્ન છે માટે સંતોએ સંસારને સ્વપ્નની ઉપમા આપી છે. સ્વપ્નાના હાથીને જેમ હાથીશાળામાં બાંધી શકાતો નથી તેમ સાંસારિક સામગ્રીઓને પણ કાયમ માટે પોતાની કરી શકાતી નથી એટલે કે બાંધી શકાતી નથી. વ્યક્તિ કે સામગ્રી બેમાંથી એકને ચાલ્યા જવું પડે છે. આ દેખાતી દુનિયા એ પણ જ્ઞાનીને મન એક સ્વપ્ન છે. કારણ કે પહેલા નહોતુ અને પછી રહેતુ નથી તે વચમાં કેમ હોય ? કવિ નરસિંહ મહેતાએ પણ ગાયું છે કે 'જાગીને જોઉં તો જગત દીસે નહિ..' આત્મા જો પોતાની અંદરમાં જાગે તોજ કામ થાય તેમ છે.

**જાગ્યો જો ન ઘટ અંતર વિષે, નિશા જાગવાથી શું વળ્યું ?**
**ત્યજા ન દોષ દિલ તણા, ઘર ત્યજવાથી શું વળ્યું ?**

વૈરાગ્યના વિષયમાં પ્રકાશ ફેંકતા ભક્ત કવિ નરસિંહ મેહતા લખે છે કે-

બાપજી પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતા તારું નિદ્રા આવે;
ઊંઘ આલસ્ય આહાર મેં આદર્યા, લાભ વિના લવ કરવી ભાવે;
દિન પૂઠે દિન તો વહી જાય છે, દુર્મતિના મેં ભર્યાં ડાલાં;
ભક્તિ ભૂતલ વિષે નવ કરી તાહરી-ખાંડ્યા સંસારના થોથાં ઠાલાં.

અન્યત્ર પણ નરસિંહ મહેતા લખે છે -

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે....
સમદષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવી ઝાલે હાથ રે....
મોહ માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામનામ શું તાળી રે લાગી, સકલ તીરથ તેના તનમાં રે
વણલોભીને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે...

પ્રજ્ઞાવબોધમાં બ્રહ્મચારીજી પણ લખે છે કે -

જે શાસ્ત્ર વનમાં ભટકતી મતિ, સતી સમી નહિ જાણવી.
ચૈતન્યકુળઘર જે ત્યાજે, કુલટા નઠારી માનવી,
મતિ રૂપ નદી દૂર દૂર દોડે, શાસ્ત્ર સાગર શોધતી;
પરમાત્મ વેદનથી હૃદય, ભેદાય તો સ્થિરતા થતી...૧.
જે મોહથી પરદ્રવ્યમાં, અણુ જેટલી રતિ આદરે;
તે મૂઢ અજ્ઞાની બનીને, સ્વરૂપ વિપરીતતા ધરે.
તજી વિષય આસક્તિ અરે ! લ્યો ઓળખી આત્મા ખરો;
કરી ભાવના આત્માતણી, તપગુણથી મુક્તિ વરો....૨.

પારકાની અદેખાઈ કરનાર મત્સર નામનો દાદો બેઠો હતો તે એમજ માનતો હતો કે મારાથી કોઈ વધારે છે જ નહિ એટલે જે કોઈ જરા પણ પ્રકાશમાં

આવે તેને બેસાડી દેતાં - અવર્ણવાદ બોલતાં તેને શરમ આવતી નહોતી. વળી તે દુર્બુદ્ધિને પરણેલો હતો, તેથી આ બંનેના વૈરાગ્ય બેટાનું મોઢું જોતાંજ તેના મોતિયા મરી ગયા. સામાન્ય વૈરાગ્ય થાય ત્યારથી ખોટી બુદ્ધિ અને પારકી ઈર્ષ્યાનો ત્યાગ થવા માંડે છે.

સમતાને વૈરાગ્ય નામનો બેટો જન્મ્યો એટલે ભાઈ વિવેકે વધામણીના મંગલ સમાચાર મમતા-માયા, તેમના ભાઈ સુખદુ:ખ, તેમના દાદા દાદી મત્સર - દુર્બુદ્ધિ, તેની બ્હેન તૃષ્ણા અને એના દીકરા કામક્રોધ બંધાને મોકલ્યા. ચારેબાજુ મંગલરૂપ વધાઈ ગાવામાં આવી. જેમ જેમ સમાચાર મળતા ગયા તેમતેમ તેમના અહમ્ અને મદ ગળવા માંડ્યા, એક પછી એક ક્રમબદ્ધ પર્યાય પલટાવાની શરૂઆત થવા માંડી. સાથે ચેતન પર તેજપ્રકાશના પૂંજ પથરાવા માંડ્યા. અજ્ઞાન તિમિર ગળવા માંડ્યું. મમતા-માયાને જન્મની વધાઈઓ ઉજવવામાં રસ નહોતો કારણ કે અનાદિકાળથી સત્તા જમાવીને બેઠેલ તેમનુ આસન હચમચી ઉઠ્યું હતું.

**પુણ્ય પાપ પાડોશી ખાયે, માનકામ દોઉ મામા;**
**મોહ નગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે ગામા...૩.**

પુન્ય અને પાપ નામના બે આશ્રવ દ્વારો થકી જીવ રૂપી સરોવરમાં જે ગંદુ-મલિન પાણી આવતું હતું તે અટકી ગયું અને સ્વચ્છ નિર્મલ જલથી સરોવર ભરાવા માંડ્યું અર્થાત્ એક પછી એક ગુણોનો વિકાસ થતાં સ્વચ્છ પુણ્ય બંધાવા માંડ્યું.

હવે બાકી રહેલા માન અને લોભ તે મમતા અને માયાના મામા થાય કારણ કે માયા મમતાની માતા મોહિનીના તે બંને ભાઈ થાય એટલે મમતા માયાના તે મામા થાય. તે બંનેનો પણ આ વૈરાગ્ય બેટાએ નાશ કર્યો. આઠ પ્રકારના મદમાંથી એક પણ મદ સંઘરવા જેવો નથી. સત્તરભેદી પુજામાં - 'પાપ પખાલ મનમેં ધરતા - માન મદસેં પરિહરતા'.

પાપનુ પ્રક્ષાલન કરવા પરમાત્માની પ્રક્ષાલ પુજા કરતા મારા પાપ દોષોને હું મનથી પણ ત્યાગુ છું એવા ભાવ મનથી ચિંતવવાના છે અને લોભને સ્વયંભુ

રમણ સમુદ્રની ઉપમા આપી છે. આ સમુદ્રની લંબાઈ-પહોળાઈ-ઊંડાઈ એવી અપાર છે કે તેને કોઈ પાર પામી શકાતો નથી. તેમ આ લોભને પણ નાથવો મુશ્કેલ છે. પાર વિનાની લાલસાઓ લોભ સંઘરી બેઠો છે. સઘળાં પાપો અને દોષોનું મૂળ આ લોભ છે. ધન-ધાન્ય-ઘર-કુટુંબ-યશ-કીર્તિ-સત્તા કે પ્રતિષ્ઠા - રાજ્યાદિ દરેકમાં લોભનો પગ પેસારો રહેલોછે. વૈરાગ્ય વિના તેનું શમન થતું નથી.

લોભની સ્થિતિ દશમા ગુણસ્થાનક સુધી છે. આથી પહેલાં ઉપર જણાવેલા ભાવો એક પછી એક ક્ષય થતાં જાય છે. છેલ્લે માયા નગરીનો રાજા મોહ અને તેનો પરિવાર પ્રધાનમંત્રી, સેનાપતિ બધાએ ધર્મરાજાનું શરણું સ્વીકારી લીધું એટલે એ નગરીમાં પ્રેમાવતાર ધર્મરાજાનો પ્રવેશ થયો. સર્વ જીવો પ્રતિ આત્મદષ્ટિ - પરમાત્મદષ્ટિ-સમદષ્ટિ એજ તો વીતરાગી પ્રેમ છે. પ્રેમ એતો પરમાત્માનો ગુણ અર્થાત્ સ્વરૂપ છે. રાગ અને મોહની વ્યાપકતા એ જ પ્રેમ છે. જ્યાં પ્રેમ છે ત્યાં પરમાત્માનો વાસ છે. વૈરાગ્ય પ્રગટ થતાં જ્ઞાન બધુંજ સમ્યગ્ થવા માંડે છે. દષ્ટિ સુધરવા માંડે છે માટે આંતરશત્રુઓ નબળા પડતા જાય છે. વૈરાગ્યની પ્રચંડતાના બળે આખા મોહનો તેના પરિવાર સહિત જડમૂળથી નાશ થાય છે અને તે સંકુચિત મોહ સૃષ્ટિ સમસ્તના સચરાચર ઉપરના વ્યાપક પ્રેમમાં પરિણમે છે. આ વિષયમાં પજ્ઞાવબોધકાર લખે છે કે -

**દેહાદિમાં મન રમે મમતા ધરીને,**
**સંસાર કારણ વિષે પ્રિયતા કરીને;**
**સંસારનો ભય નથી મન-માંકડાને,**
**માથે ભમે મરણ ભાન ન રાંકડાને. ૧.**

**સંસારભાવ જનયોગથી જીવ ઘૂંટે,**
**માહાત્મ્ય બાહ્ય નજરે પરનું ન છુટે;**
**સાધુ બની બહુભણી યશલાભ લૂંટે**
**તોયે ન ભ્રાંતિ ઘટતી ચઢતી જ ઊંટે. ૨.**

જો પુણ્યયોગ ઉદયે ઘટી મોહ જાગે,
વૈરાગ્યને અનુભવી ગુરુ હાથ લાગે;
સેવા કરી સુગુરુની રુચિ મોક્ષની જો,
સ્થાપે ઉરે અચળ તેજ ખરા મુનિતો. ૩.

સમ્યક્ત્વ પામી મમતા તજી વિચરે જે,
ભ્રાંતિ રહિત મન શાંતિ અનુભવે તે;
સન્માર્ગ હસ્તગત જો નહિ મોક્ષ દૂર,
પ્રારબ્ધ પૂર્ણ કરી લે જીવ શિવપુર. ૪.

જો ચિત્તશુદ્ધિ નથી સાધી યથાર્થભાવે,
તો મોક્ષ વાત વચને ફળ અન્ય આવે;
સ્વચ્છંદ વર્તન મનોરથનું ન રોકે,
ને ધ્યાન વર્ણન કરે નહિ લાજ લોકે. ૫.

ભ્રાંતિ ટળી મન બને સ્થિર જેથી તત્વે,
તે ધ્યાન તત્વ પણ તેજ ગણો મહત્વે;
ગુણો પલાયન કરે મન જો ન શુદ્ધ,
આવી ઘણા ગુણ વસે મન જો વિશુદ્ધ. ૬.

ઉપયોગમાંથી પરનું માહાત્મ્ય જેમ જેમ નીકળે છે તેમ તેમ વૈરાગ્ય વૃદ્ધિ પામે છે. ઉપયોગમાંથી પરનુ એકત્વ તૂટી જતાં જીવ સમ્યગ્ દર્શન પામે છે. ઉપયોગમાંથી પરની આસક્તિ અને આકર્ષણ નીકળી જતા જીવ ચારિત્ર પામે છે અને અસ્થિરતા નીકળતા અપ્રમત્તદશાને વરે છે.

**ભાવ નામ ધર્યો બેટા કો, મહિમા વરણ્યો ન જાઈ;**
**આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટ ઘટ રહ્યો સમાઈ.**

આ વૈરાગ્ય બેટાનું ભાવ - ભાવકુમાર નામ પાડવામાં આવ્યું. ભાવ એટલે અંતરની નિર્મળતા - આદર્શની વિચારણા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ, ધર્મ-અર્થ-કામ-મોક્ષ, દાન-શીલ-તપ-ભાવ, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આ

બધામાં ભાવની કિંમત એટલી બધી છે કે તેનું માહાત્મ્ય આંકી શકાય તેવું નથી. ભાવ સુધરવાથી અંતર્મુહૂર્તમાં ક્ષપકશ્રેણી માંડ્યાના દૃષ્ટાંતો છે.

**વસ્તુ દ્રવ્ય-ભાવાત્મક છે. દ્રવ્ય એના ભાવમાં હોય, એના ગુણ પ્રમાણેના પર્યાયમાં હોય તો જ તે શુદ્ધ દ્રવ્ય કહેવાય. દ્રવ્યને દ્રવ્યાનુસારી ભાવથી ભાવમાં લાવી શકાય છે માટે સાધાનામાં ભાવનું ખૂબ ખૂબ મહાત્મ્ય છે. સ્વ (પોતાના) ભાવને ભૂલી ભાન વગરના બેભાન થઈને દુર્ભાવથી દુષ્ટ બન્યા છીએ તો હવે સ્વનું ભાન કરી સભાન થઈને દુર્ભાવને સદ્‌ભાવથી દૂર કરી સ્વભાવમાં આવી સ્વભાવમાં સ્થિર થવાનું છે. ભાવથી ભાવમાં જવાની પ્રક્રિયા એ નિશ્ચયાત્મક પ્રક્રિયા છે અને તેથી જ સાધ્ય ચતુષ્કને પામવા ચારેય સાધના ચતુષ્કમાં શિરમોરમાં ભાવનું સ્થાન છે.**

"ભાવ વિના દાનાદિકા - જાણો અલૂણોધાન
ભાવ રસાંગ મિલ્યા થકી - ત્રૂટે કર્મ નિદાન."

આ ધર્મનગરીમાં ધર્મરાજા પરમાત્માનો વાસ નીકળી જવાથી તે સ્થાન ખાલી પડેલ. દેહરૂપ દેવળમાં મોહરાજાનો વાસ હતો તે મોહના કારણે દુર્ધ્યાનથી તે દેવળ અપવિત્ર બની ગયેલ ત્યાં મોહરાજા પદભ્રષ્ટ થવાથી અને ધર્મરાજાનું આગમન થવાથી સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. આ પ્રતાપ ભાવ ધર્મનો સમજવો. ધર્મ ભાવમાં સમાયો છે. આજ્ઞાપાલનમાં સમાયો છે માટે ભાવ શુદ્ધિનો મહિમા અવર્ણનીય કહ્યો છે. તેમાં પણ વૈરાગ્ય વાસિત ચિત્તભાવનો મહિમા અજબ સમજવો. આ ભાવ પ્રત્યેક પ્રાણીમાં સમાન પણે અદૃષ્ટપણે રહેલો છે. આનંદઘનજી કહે છે કે હે પ્રભો ! આપની પરમ કૃપાથી મારા તેમજ સૌના હૃદયમાં એ ભાવ પ્રગટ થાઓ !

ચાર ચાર ભયંકર હત્યાઓ કરવા દ્વારા નરક તરફ પ્રયાણ કરી ચૂકેલા દૃઢપ્રહારીને ભાવનો પલટો આવ્યો તો લુંટારામાંથી સંત થયો અને સમભાવે કર્મોને વેદતા ૬ મહિનામાં કેવલજ્ઞાન લીધું.

卐

# પદ - ૧૦૬

(રાગ - નટ્ટ)

किन गुण भयो रे उदासी, भमरा ॥ किन. ॥

पंख तेरी कारी, मुख तेरा पीरा, सब फूलनको वासी ॥ भमरा किन. ॥१॥

सब कलियनको रस तुम लीना, सो क्यूं जाय निरासी ॥ भमरा किन. ॥२॥

आनन्दघन प्रभु तुमारे मिलनकुं जाय करवत ल्यू कासी ॥ भमरा किन. ॥३॥

**ભમરા કિન ગુન ભયોરે ઉદાસી**

**પંખ તેરી કારી, મુખ તેરા પીરા, સબ ફુલનકો વાસી... ભમરા..૧.**

જીવ જ્યારે વિભાવ દશામાં વર્તતો હોય છે ત્યારે તેના આંતર મનને ભ્રમરની સાથે સરખાવી તેની ઉદાસીનતા વિશે પ્રશ્ન પૂછવામાં આવે છે "હે મન ભ્રમર ! કયા ગુણને લઈને તું ઉદાસ વર્તે છે ?" આ સંસાર એ પ્રકૃતિનું સર્જન છે તેમાં સાત્વિક, રાજસ અને તામસ ભાવો રહેલા છે તેમજ મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર આ ચારે પ્રકૃતિના માનસિક તત્ત્વો છે. તામસભાવ એટલે દ્વેષભાવ - અરૂચિભાવ-વેરભાવ, રાજસભાવ એટલે વિલાસીભાવો જેમાં કામરાગ-સ્નેહરાગ-દષ્ટિરાગ આવે અને સાત્વિક ભાવમાં સરળતા, નમ્રતા, સેવા, પરોપકાર, સહાનુભુતિ, સંતોષ વગેરે આવે.

આ પ્રશ્ન પુછનાર છે સુમતિ દેવી. તેમનો આ પ્રશ્ન યોગીરાજ પોતે મન આગળ મૂકીને તેની પાસેથી જવાબ માંગી રહ્યા છે અને પછી મન જે પોતાની ઉદાસીનતાનુ કારણ બતાવી જે કાર્ય કરવા માંગે છે, ત્યારે આનંદઘનજી મનને જે હિતશિક્ષા આપે છે તેનું વર્ણન આ પદમાં કરવામાં આવ્યુ છે.

"હે મન ભ્રમર ! પ્રકૃતિના કયા ગુણ પ્રત્યે તને અભાવ પ્રગટ્યો અને કયા ગુણ પ્રત્યે પ્રીતિ પ્રગટી ? તેને તું પ્રગટ કર. પહેલાં તારુ મુખ પ્રસન્નતાને અનુભવતુ હતું. હે ભોગી ભ્રમર ! તું આખો વખત ગુંજારવ કરતો એક ફુલથી

બીજા પર અને બીજા ફુલથી ત્રીજા પર ઉડ્યા કરે છે. તારે બે કાળી પાંખો છે, તારું મુખ પીળું છે અને તું બધા ફુલોમાં વસનારો આજે તું ગમગીન કેમ દેખાય છે ?''

મનને જે ભ્રમરની ઉપમા આપી છે તે સાર્થક છે. ભ્રમર પુષ્પની આસપાસ ફર્યા કરે છે અને પુષ્પાંથી રસ ચૂસે છે અને રાત્રે દેખી ન શકે ત્યારે પ્રભાત થવાની રાહ જોઈને તે પુષ્પ ઉપર બેસી રહે છે. એનુ મન પુષ્પની કળીઓનુંજ ધ્યાન કર્યા કરતુ હોય છે. તેમ સંસાર રસિક જીવ પણ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસકત રહે છે અને તેનુ મન એક વિષયમાંથી બીજા વિષયમાં અને બીજામાંથી ત્રીજામાં ભટક્યા કરે છે. પ્રાણી ગમે તેટલા વિષયો ભોગવે ધરાતો નથી. આવા નિરંતર વિષયોમાં ભટકતા અને ગુંજારવ કરતાં મનને ઉદાસીન જોઈને તેને તેની ઉદાસીનતા કયા કારણે છે તે પૂછવામાં આવી રહ્યું છે.

**સબ કલિયનકો રસ તુમ લીના, સો ક્યું જાય નિરાસી. ભમરા..૨.**

''તેં તો બધી કળીઓમાંથી રસ લીધો છે એવો તું આજે ઉદાસ કેમ છે ? તારું તાજગી બક્ષતુ અસલી રૂપ આજે શોભા રહિત કેમ બન્યું છે ? ફુલોની કળીઓમાંથી મન ફાવે ત્યારે રસને માણવાની સ્વતંત્રતા તને વરેલી છે તેમાં તને કોઈ રોક ટોક કરનાર નથી. નીરસતા તારી નજીક ન આવવી જોઈએ !''

હવે મન તેનો જવાબ આપી રહ્યું છે. ''હે મારા માલિક ! હું ઉદાસીન છું એનુ કારણ હું આપને બેવફા બન્યો છું. માલિકનું દરેક પ્રકારે હિત જાળવવું એ મારી ફરજ મેં અદા નથી કરી. મારા માલિકને કર્મક્ષય કરવાના માર્ગમાં મે સહાય નથી કરી અને તેની ઈચ્છાથી વિરુદ્ધ હું વર્ત્યો છું !''

**આનંદઘન તુમારે મિલન કું, જાય કરવત લ્યુ કાસી... ૩.**

''એ મારા પાપ દોષનો મને આજે પસ્તાવો થઈ રહ્યો છે અને એજ મારી ઉદાસીનતાનું કારણ છે. હે આનંદઘનના નાથ પ્રભો ! આપે પરમાત્મભાવ સાથે મિલન કરવા જે કાર્ય આદર્યું છે તેમા ખલેલતા ન પહોંચે તે માટે મારા

પાપ ધોવા અને મારા સ્વામીનુ કાર્ય પૂર્ણ કરવા હું કાશીએ જઈ કરવત મુકાવવા તૈયાર છું !'' આવા મનને યોગીરાજ સમજાવે છે કે આવા અજ્ઞાનજનિત હઠયોગના કાર્યો કરવાથી પ્રભુની પ્રાપ્તિ તો દૂર રહો પણ જીવ ભારે કર્મોથી બંધાય છે. તને તારા પાપોનો - દોષોનો પસ્તાવો થઈ રહ્યો છે એટલે તારા સ્વામીનુ પરમાત્મા સાથે મિલન જરૂર થશે. સાચો હૃદયનો પસ્તાવો એજ સજા છે, જે હૃદયના આંસુ છે અને તે પાપપક્ષાલન કરવા સક્ષમ છે.

કવિ કલાપીની પંક્તિ અહિંયા યાદ આવે છે - ''રે પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે - પાપી તેમાં ડૂબકી દઈને પુન્યશાળી બને છે.''

ભાવ બે પ્રકારના છે એક જડભાવ અને બીજો ચેતનભાવ. જડભાવમાં અજ્ઞાન-અવિવેક-ધર્માંધતા-ધર્મઝનુન વગેરે આવે જ્યારે ચેતનભાવમાં સમજણનો સદ્ભાવ આવે જ્યાં આંધળી શ્રદ્ધા, ધર્મ ઝનુન વગેરે ન હોય. જડભાવમાં આશામાં નિરાશા છૂપાઈ છે જ્યારે ચેતનભાવમાં આશામાં અમરતા છે. જડના ભરોસે રહેનારા જડભાવોમાં રાચીમાચી અનંતકાળ ચારગતિમાં રૂલ્યા છે જ્યારે સમજણના ઘર સ્વરૂપ ચેતનભાવમાં આવીને સંત સાધકો અમૃતને તારવી પરમાનંદના ભોક્તા બન્યા છે. જીવ જેમ જેમ પોતાનામાં રહેલ અજ્ઞાનભાવોનો સરળતાથી ઈન્કાર નહિ કરતાં સ્વીકાર - એકરાર કરે છે તેમ તેમ તે પ્રકૃતિના ફંદામાંથી છૂટતો જાય છે. આવુ સત્ય સમતાવંત સાધકને વરેલું છે. તેને પામવા માટે આનંદઘનજીની ભલામણ છે કે મનના ભરોસે ન રહો પણ તમારુ વીર્ય અને સમજ કેળવી તેને સઘન બનાવી અમરપદના ભોક્તા બનો.

卐

*અકસ્માત ન થાય તેની સાવધાની રાખો છો. એમ વ્યક્તિની વ્યક્તિ સાથે અથડામણ ન થાય એની હરપળ તકેદારી રાખો.*

# પદ - ૧૦૭

## (રાગ - વસન્ત)

तुम ज्ञानविभो फूली वसन्त, मनमधुकर ही सुखसों रसंत ॥ तुम. ॥१॥

दिन बडे भये वैरागभाव, मिथ्यामति रजनीको घटाव. ॥ तुम. ॥२॥

बहु फुली फली सुरुचिवेल, ज्ञाता जन समता संगकेल. ॥ तुम. ॥३॥

जानत वानी पिक मधुर रुप, सुरनर पशु आनन्दघन सरुप ॥ तुम. ॥४॥

વસંતઋતુ એ સર્વ ઋતુઓમાં ઋતુરાજ કહેવાય છે. એમાં કુદરતનો આનંદ અવર્ણનીય હોય છે. તે વસંત ઋતુ પર કવિઓ મુગ્ધ બની ગયા છે એ ઋતુમાં જેવી કુદરતની સ્થિતિ હોય છે તેવી દશા જ્ઞાનવિભોર, ચેતનરામની હોય છે તે અત્રે બતાવવામાં આવી છે. આપણા એક ગુજરાતી કવિએ પણ રચના કરી છે.... 'રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, જાણે વસંતે શિરપાવ દીધો...'.

**તુમ જ્ઞાન વિભો ફૂલી વસંત, મન મધુકર હી સુખસોં રસંત...૧.**

આનંદઘનજી મહારાજ પ્રભુની પ્રભુતાઈ અને વિભુની વિભુતાઈ વસંતઋતુના દૃષ્ટાંતથી બતાવી રહ્યા છે કે જે વસંતઋતુમાં નવા પાંદડાઓની આકૃતિઓની રચના દેખાય છે, નવી નવી કળીઓ ખીલે છે, સુંદર રંગબેરંગી સુગંધિદાર પુષ્પો આવે છે, ચારેબાજુ હરિયાળી પથરાયેલી હોય છે અને સૃષ્ટિ સમસ્ત નવપલ્લવિત થઈ નવા તાજગી સભર સાજ સજેલી જોવામાં આવે છે. આ ઋતુમાં વિવિધ પ્રકારના પર્ણોની રચના કરનાર, તેમાં રંગ પુરનાર, તેને સુગંધિત બનાવનાર, કોઈ વિશ્વેશ્વર વિભો હશે તો ખરોજ ? આ કલાકૃતિઓને આપણે સૌ નજરે જોઈએ છીએ છતાં તે કલાનો રચનાર કેમ કોઈ નજરે ચડતો નથી ? તેમ જુદા જુદા દેહોની આકૃતિ બનાવનાર પણ કેમ કોઈ ભાળ્યો નહિ ? તમે તમારી ભીતરમાં ઊંડા ઊતરી શોધવાનો પ્રયત્ન કરશો તો જરૂર જવાબ મળશે.

આનંદઘનજી મહારાજ પોતાના જ ચેતનને ઉદ્દેશીને કહી રહ્યા છે ''હે ચેતનરાજ ! તમારી જ્ઞાનમય વસંત હવે ખીલી ગઈ છે, દર્શન મોહનો અંધકાર નષ્ટ થયો છે, સમ્યગ્ દર્શનનો દીપક ઝળહળી રહ્યો છે !'' જ્ઞાન વસંત ખીલે ત્યારે અનેરો આનંદ આવે છે. સ્તવનોમાં યોગીરાજ આ અવસ્થાને દિવ્ય નયન શબ્દથી ઓળખાવે છે. વસંત ઋતુમાં ભમરાઓનો ગુંજારવ સાંભળ્યો હોય તેને ખયાલ આવે કે તે ભ્રમર અપૂર્વ આનંદથી માલતી ઉપરથી ગુલાબ પર અને ત્યાંથી ડમરા પર ગુંજન કરતો જાય છે તેમાં તેને કોઈ અટકાયત કરતું નથી. એવી રીતે જ્ઞાનની વસંત ખીલે ત્યારે ચેતન, આત્માના ગુણોમાં મસ્તીથી વિચરે છે અને સર્વત્ર તે સમતાને અનુભવે છે. વિકલ્પોનું શમન થવાના કારણે તેને આનંદજ રહે છે. જ્ઞાનની વસંત ખીલે ત્યારે મન મધુકરનો સુખવાસ નજરે ચઢે છે. મનમાં ઘર કરી ગયેલા દોષોને હટાવવાનો પ્રયત્ન કરવાથી અંદરથીજ જવાબ મળશે કે એ કળા કરનાર જણજણના ભાતીગર અર્થાત્ જીવમાત્રના ભીતરમાંજ છુપાઈને રહ્યો છે. ભીતરની કલ્પ શક્તિનું જ પરિણમન છે. જીવ જેવાં ભાવ કરે છે, જેવો રસ રેડે છે તે પ્રમાણે પુદ્‌ગલ પરિણમન કરે છે.

**દિન બડે ભયે વૈરાગ્યભાવ, મિથ્યામતિ રજનીકો ઘટાવ...૨.**

વૈરાગ્યભાવ રૂપ દિવસ મોટો થવા લાગ્યો અને દુર્મતિ રૂપી રાત્રિ નાની થતી ચાલી. વસંતઋતુના આગમન સાથે દિવસ ઉત્તરોત્તર મોટો થતો જાય છે અને રાત્રિ ધીમે ધીમે નાની થતી જાય છે એવી કુદરતની આ લીલા નજરે દેખાય છે તેમ ચેતનનો જ્યારે વસંતકાળ ખીલે ત્યારે વૈરાગ્યભાવ વધતો જાય છે અને ભોગભાવ ઘટતો જાય છે.

સમ્યંગ્ શ્રદ્ધાના બળે સુવિચારણા પ્રગટી તેથી તત્ત્વરૂચિભાવ પ્રગટ્યો અને હવે વૈરાગ્યવાસિત ચિત્ત બનવાથી ભાવોનો વેગ બળવાન બન્યો. આમ ઉત્તરોત્તર પુરુષાર્થમાં પ્રગતિ આવ્યાથી મન કહે છે મારા ભાગ્યના દિવસો ઉઘડી ગયા ! માનવ જીવન સફળ બન્યું ! મિથ્યાંધકાર નષ્ટ થયો પ્રકાશ વધવા માંડ્યો, જ્ઞાનની ક્ષિતિજો ખુલવા લાગી, વૈરાગ્યભાવ વૃદ્ધિ પામ્યો. ભવિષ્યમાં બડે એટલે કોઈ મહાભાગ્યનો ઉદય થવાનો છે તેની આ નિશાની જાણવી. આ

બડભાગી બનવાની એંધાણી છે.

**બહુ ફુલી ફેલી સુરુચિવેલ, જ્ઞાતા જન સમતા સંગકેલ...૩.**

હીન એવી કુવિચારણાઓ ઘટી અને સુવિચારોનીધારા અંતરમાં વહેતી થઈ ગઈ. ચિત્તભાવ વૈરાગ્ય વાસિત થયો. કુરૂચિ એટલે પ્રમાદભાવ હટ્યો. રૂચિમાં નિર્મળતા - પવિત્રતા જેમ જેમ પ્રગટતી ગઈ તેમ તેમ સુરૂચિ રુપ વેલડીઓ ફુલતી ચાલી અને ફેલી એટલે ફેલાતી એવી તે ચારેકોર પ્રસરવા લાગી.

જેમ જેમ સુરૂચિભાવ વધે તેમ તેમ ધ્યાનસ્થ પ્રભુ મુદ્રામાં રહેલા સાધકને સમાધિરસથી ભરેલ સાગર અંદરમાં હિલોળા લેતો હોય તેવું અનુભવાય છે. આવા સમાધિરસમાં મગ્ન યોગીની મુખ-મુદ્રામાં પ્રભુની પ્રભુતાઈ જેવું તેજ ચમકે છે. પ્રભુ મુદ્રાના અવલંબને પોતાના જ્ઞાનાદિ અમુલ્ય રત્નોની ઓળખમાં વૃદ્ધિ થતી જાય છે.

ચૈતન્યસ્વરૂપ આત્મામાં સુરૂચિ પ્રગટાવનાર કોણ ? તો કહે છે કે પ્રથમ સુવિચારણા અંતરમાં પ્રગટી પછી સુરૂચિ તરફ ભાવ આકર્ષાયા તેના પ્રભાવથી દિશાઓ ખુલી ગઈ. અંતરની ગહેરાઈની - ઉંડાણની પણ સમજણ પડવા લાગી. સત્યની શોધનો માર્ગ ખુલવાથી જ્ઞાનની વંસત ખીલી ઉઠી. સુરૂચિભાવ જાગવાથી જ્ઞાનરૂપી વેલડીઓ ફુલી એટલે નવા પાન આવવાની શરૂઆત થઈ અને ચારેબાજુ તે પ્રસરવાની શરૂઆત થઈ.

(જ્ઞાતા જન સમતા સંગ કેલ) - યોગીરાજ આનંદઘનજી આત્માના વિકાસને વસંતઋતુની સાથે ઘટાવી જ્ઞાનગુણનુ અને જ્ઞાતાજનોનુ બહુમાન કરતા કહે છે કે જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાતા આ ત્રણેનું ઐકય થાય તેવા અનુભવી જ્ઞાનસાગરના સાગરખેડૂઓજ પ્રભુના પ્યારા બને છે. જમીનના ખેડનારા ખેડુતને જગતનો તાત ગણ્યો છે કારણ કે તે ખેતી કરવા દ્વારા જેમ જગતને અનાજ આપી જીવાડે છે તેમ જ્ઞાનસાગરના ખેડૂઓ પણ જગત ઉપર ઉપકાર કરતા હોવાથી ભૂલેલાને રાહ ચીંધતા હોવાથી જગત તેમને બહુમાનભાવ અને અહોભાવની નજરે જુવે છે. નિર્મળ જ્ઞાનદશા પ્રગટી છે તેવા આત્માઓ નિરંતર

સમતા-સમાધિમાં મગ્ન રહે છે, તેઓની અવસ્થા યોગીરાજ સ્તવનમાં આ રીત વર્ણવે છે કે "માન અપમાનને સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે, વંદક નિંદક સમ ગણે - ઈસ્યો હોય તે જાણે રે....

સમતાના સંગે નિરંતર આનંદપ્રમોદ કરવો - જગત સાથે પ્રેમ-વાત્સલ્યનો વહેવાર કરવો - હેત બતાવવું - એમની આપત્તિઓનું નિરાકરણ કરવું એ સામાન્ય જન માનસનું કામ નથી. જ્ઞાનની વસંત ખીલે છે ત્યારે અંતઃકરણ વધુને વધુ મૃદુતા ધારણ કરે છે કે જે મૃદુતામાં અન્યને પોતામાં સમાવવાનો ગુણ છે. જે કઠણ, કડક, સખત હોય છે તો તેમાં અન્ય સમાઈ કે ભળી શકતું નથી. પરોપકાર સહજ હોય છે, અકૃત્રિમ હાસ્યથી તે આખા જગતને જીતી લે છે, દરેકના હૃદયમાં તે સ્થાન મેળવે છે.

**જાનત બાની પિક મધુર રૂપ, સુર નર પશુ આનંદઘન સરૂપ...૪.**

પિક એટલે કોયલ અને બાની એટલે વાણી. પિકમાં નર અને માદા બે જાત હોય છે તેમાં પિક શબ્દ નર કોયલ માટે વપરાય છે. મોર-બપૈયો-સુગરી, ટીટોડી-કોયલ બધાની વાણી અલગ અલગ હોય છે અને ગુણ પણ અલગ અલગ હોય છે. નર કોયલમાં જેવી વાણીની મીઠાશ છે તેવી મીઠાશ અન્ય કોઈ પણ પક્ષીની જાતિમાં નથી. તે જ રીતે પિકમાં મધુરતા અને કોમળતા પણ અનન્ય હોય છે જે બીજામાં જોવા મળતુ નથી. પીક કહેવાતા નર કોયલ અને માદા કોયલ બંનેના શરીરનું રૂપ એક સરખુ હોય છે. બંને વચ્ચે અથાગ પ્રેમ હોય છે. તેઓ એક ક્ષણ પણ વિખુટા ન પડે, છતાં ચણનો ચારો કરવા અલગ અલગ જવુ પડે ત્યારે પિક-નર વાણી દ્વારા માદા-કોયલને સંકેત આપે છે કે તે કયાં છે ? એની બોલીને-અવાજને માદા કોયલ તરતજ ઓળખી લે છે. તેમનું ચિત્ત ચારામાં લાગેલું હોવા છતાં પોતાના પ્રેમીને વાણી દ્વારા તરતજ ઓળખી લે છે. તે માટે પદમાં જાનત બાની પિક મધુર રુપ શબ્દનો પ્રયોગ કર્યો છે. નર અને માદા કોયલના પ્રેમ જેવો પવિત્ર પ્રેમરસ ભકતજનોના ઉરમાં પણ વહેતો હોય છે. તેવા પ્રેમીને સમતા ચાહે છે. તેમનો સંગ કરે છે (સુર નર પશુ આનંદઘન રૂપ) - જેમણે યોગને સાધીને સમતા હસ્તગત કરી છે

તેવા સાધક આત્માઓને દેવો પણ ચાહે છે, માનવીઓ-પશુ-પંખીઓ પણ ચાહે છે.

આનંદઘન સ્વરૂપમાં ઠરી જઈ, મૃદુ બની, વ્યાપક થઈ બધા પ્રાણીઓને પોતાના ગણી સમત્વભાવમાં રહેનાર સાધકના સંગે વાઘ-સિંહ જેવા હિંસક પશુઓ પણ પ્રેમથી વર્તે છે.

આનંદઘનજીએ આબુની ગુફામાં રહી આત્મ સાધના દ્વારા યોગોને સાધતા તે સમયે વાઘ સિંહ પણ ગુફાના દ્વારે આવી બેસતા હશે તે પ્રાણીઓની છાયા તેમના જ્ઞાનદર્પણમાં પડતી હતી એની નોંધ તેમને આ પદ દ્વારા લીધી હોય તેવું જાણવા મળ્યું છે. આવું બની શકે છે તે તો નજીકના ભૂતકાળમાં થયેલ શાંતિસૂરીજીના જીવનમાં પણ આપણને જોવા મળે જ છે.

બંગાળ દેશમાં ૧૯મી સદીમાં પ્રભુભકત પ્રેમી અંધ કવિ કેશી ડે થયા તે પણ તેમના સુંદર ભજનમાં લખે છે - "બાબા મનકી આંખે ખોલ - યહ જીવન હે અણમોલ. બાબા. મતલબ કી યહ દુનિયાદારી - મતલબ કે સારે સંસારી - જગમેં તેરા કો હિતકારી - જ્ઞાન તરાજુ સે તોલ.... બાબા મનકી આંખે ખોલ...."

જેટલા આંતર નયન - વિવેક ચક્ષુ ખુલે તેટલા પ્રમાણમાં જાગૃકતા પ્રગટે અને તેટલા પ્રમાણમાં આત્મહિત સધાય. મન રૂપી આંખ ખુલે તેના વિચાર મન માન્ય કરી શકે. સંસારની દુનિયાદારી બધી મતલબી છે. સ્વાર્થની ધરી પર આધારિત છે. આખો સંસાર મતલબનો પ્રેમી છે. 'ગરજ સરે એટલે વૈદ્ય વેરી' એના જેવું છે. હમણાં તો માનવીની દૃષ્ટિ પર અંધાપો આવી જવાથી સાચાને ખોટામાં અને ખોટાને સાચામાં મૂલવી ચાલી રહ્યો છે. માનવ જીવન અણમોલ રત્ન જેવું છે. આંખે અંધકાર વ્યાપ્યાથી તેની પરખ થઈ શકતી નથી.

卐

# પદ ૧૦૮

અબ ચલો સંગ હમારે કાયા, અબ ચલો સંગ હમારે
તોયે બહોત યત્ન કરી રાખી કાયા.. અબ....
તોયે કારનમેં જીવ સંહારે, બોલે જૂઠ અપારે
ચોરી કરી પરનારી સેવી, જૂઠ પરિગ્રહ ધારે... કાયા.. અબ..૧.

પટ અભુષણ સુંધા ચૂઆ, અસન પાન નિત્ય ન્યારે
ફેર દિને ખટરસ તોંયે સુંદર, તે સબ મલકર ડાહે... કાયા.. અબ..૨.

જીવ સુણો યા રીત અનાદિ, કહા કહત વારંવારે
મૈંન ચલુંગી તોયે સંગ ચેતન, પાપ પુણ્ય દોય લાહે.. કાયા.. અબ..૩.

જિનવર નાવ સાર ભજ આતમ, કહાં ભરમ સંસારે
સુગુરુ વચન પ્રતીત ભયે તબ, આનંદઘન ઉપગારે... કાયા.. અબ..૪.

આ પદ રચના ઉપરથી એવુ અનુમાન કરાય છે કે આનંદઘનજી મહારાજા જયારે અંતિમ અવસ્થામાં મેડતા નગરમાં સ્થિરવાસ રહેલા ત્યાર હવે વધુ સમય આ મારી કાયા ટકશે નહિ એવો સંકેત તેમને મળી ગયો હશે અને આ કાયા હવે થોડા સમયની મહેમાન છે એવું જાણી લીધાથી પોતાની કાયાને સંબોધીને કહી રહ્યા છે. કાયા અને જીવાત્મા વચ્ચે અંત સમયે થયેલો આ સંવાદ દરેકે ગ્રહણ કરી હૃદયસ્થ કરવા જેવો છે.

જીર્ણ થઈ ગયેલી કાયાનો નાશ થવાના સમયે જયારે જીવાત્મા દેહ ઘર છોડી જઈ રહ્યો છે ત્યારે કોઈકજ વીરલા જીવને આત્મભાન રહે છે અને સદ્જ્ઞાન સૂઝે છે, તેવાં આત્માના હૈયામાંથી ત્યારે દુ:ખના ઉદ્ગાર નીકળે છે કે કાયાની માયા પાછળ મેં આખી જિંદગી ગુમાવી પણ આત્મ કલ્યાણની વિચારણામાં તેને ન જોડી, હવે અંત સમયે તેનો પસ્તાવો તો થાય પણ તે શું કામનો ?

ગા.૧ : હે કાયા ! તારો અને મારો વિયોગ થવાની ઘડીઓ ગણાઈ રહી છે. ૮૦-૮૫ વર્ષની આવરદા તારી સાથે રહીને વીતાવી - તને લાડ લડાવ્યા.

અનેક પ્રકારે તારી વિનાશી સૌંદર્યતાને પોષી - હવે મારે આ દેહ સંબંધ ત્યાગ કરવાનો સમય નજદિક આવ્યો છે. પૂર્વે પણ અનંતકાળ આવા મળેલાં દેહનીજ ચિંતા કરી. આટલો કાલ વ્યર્થ ગુમાવ્યો. મારી ચેતના પર મોહાંધતાના વાદળો ઘેરાયેલા હતા તેથી સાચી સૂઝ પડી નહિ. હવે મને વિનાશી સત્યની સમજ પડવાથી તને કહું છું કે જો તું મારી હોય તો મારી સાથે ચાલ.

(તોયે બહોત યત્ન કરી રાખી) - ઘણી કાળજી રાખી તને ઉછેરી છે. તને સાચવવા ઘણા ઓષધો વાપર્યા છે. તને સાચવવા મેવા-મીઠાઈ-પકવાન બધુંજ આપ્યું છે. જગત અજ્ઞાની હોવાના કારણે તારા સ્વરૂપ પર મોહ્યો છે. દુનિયાએ ત્યાગી દીધેલ એંઠને તે સંગ્રહી રાખી છે જેને જોવાથી પણ મોઢું ફેરવી લે એવું તારું અંદરનુ સ્વરૂપ છે. જે ચામડે મઢેલું બહારથી રૂપાળું જણાય છે.

(તોયે કારણ મેં જીવ સંહારે) - તને પોષવા કસાઈના ભવમાં મેં આકરા જીવ વધ કર્યા છે, માછીમારના ભવમાં માછલા પકડવા દ્વારા ઘણાની હત્યા કરી છે, શિકાર કરીને પશુવધ કર્યા છે, વનસ્પતિઓ કાપી છે, હું પોતે જીવ હોવા છતાં પણ તારે ખાતર બીજા જીવોની હત્યા કરતા અચકાયો નથી.

(બોલે જૂઠ અપારે) - અગણિત જીવોની હિંસા તો કરી છે પણ છોગામાં પાછું પાર વિનાનુ જૂઠુ બોલ્યો છું. પૈસા મેળવવા સાચા જૂઠા કરતા જરા પણ અચકાયો નથી.

(ચોરી કરી પરનારી સેવી) - ચોરી અને પરદારાગમનના ઘણા પાપ સેવ્યા છે. જૂઠા-વિનાશી પરિગ્રહોના બોજા ઉપાડ્યા છે. મરતી વખતે તે બધાની મૂર્છા સાથે લઈને મર્યો છે.

(પટ આભૂષણ સુંઘા ચૂઆ) - વસ્ત્ર અને અલંકારોથી તને શણગારી. દુર્ગંધ દૂર કરવા તને નહાવડાવી - ધોવડાવી - ચંદનના લેપ કર્યા - અત્તરો સુંઘાડ્યા. (ફેર દિને ખટરસ તોયે સુંદર - તે સબ મલકર ડારે) - ષટ્રસના ભોજન કરાવ્યા છતા તેં કાયાએ સુગંધિત વસ્તુઓને દુર્ગંધમય બનાવી દઈ મળ-મૂત્ર રૂપે પરિણમાવીને બહાર ફેંકી દીધી. કાયામાં લેશ પણ સુગંધ પ્રસરી નહિ.

કાયાની માયામાં જીવે આવાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહના પાપ સેવ્યા છે અને છતાં કાયા હવે એનું કાયાપણું છોડી રહી છે અને છૂટી જઈ રહી છે. જે કાયાની માયા કરી પાપાચાર કર્યાં તે કાયાને તો કોઈ માયા કે લાજશરમ નથી તો હવે એવી નિર્લજ્જ, બેશરમ, દગાખોર, વિનશ્વર કાયાની માયા શા માટે રાખવી ? કાયા જ હવે કહી રહી છે કે મારી માયા છોડી પાપાચારના સેવન બંધ કરી પાંચ મહાવ્રત કે અણુવ્રત સ્વીકારી તું મારો આધાર લેવાનું છોડી દઈ તું તારાપણામાં આવ અને તારા નિરંજન, નિરાકાર, નિરાલંબ, નિરપેક્ષ, નિરાવરણપણાને પ્રાપ્ત કરી અશરીરી, અરૂપી, અમૂર્ત, અવિનાશીતાને પામ અને આજ વાત હવે યોગીરાજ કાયાના મુખથી જ આગળ ઉપર કહે છે.

(જીવ સૂણો યા રીત અનાદિ કહા કહત વારંવાર રે) - ચેતન વારંવાર આ રીતે બોલવાથી કાયાને ખીજ ચઢે છે અને તેથી ચેતનને વળતો પ્રહાર કરતાં કહે છે અરે ચેતન ! તારી ચુતરાઈને આટલો સમય લગી કોને ત્યાં ગિરવે રાખી હતી ? તને આટલું પણ ભાન આખી જિંદગીમાં કેમ ન આવ્યું ? અરે ભાન વિનાના ! તારી મુર્ખાઈનું પ્રદર્શન અંત સમયે મારી આગળ કરી રહ્યો છે. હું તો પ્રકૃતિએ રચેલ નિર્જીવ માયાનું પુતળું છું. હું તો પ્રકૃતિની રીત પ્રમાણેજ વર્તુ છું. મારા માલિકને હું ક્યારે પણ બેવફા બની નથી. તેં તારા માલિકને છેતર્યો છે. તું ચતુર થઈને ચૂકયો છું - પૂજાની ઢાળમાં પણ આજ વાત દોહરાવી છે કે....

**ચેતન ચતુર થઈ ચૂક્યો - નિજ ગુણ મોહ વશે મૂક્યો - ચેતન....**

અરે જીવ ! સાંભળ, પ્રકૃતિનો આ અનાદિનો નિયમ અથવા ન્યાય તને કેમ આજ દિ' સુધી ન ઓળખાયો ? તારો ધર્મ અને મારો ધર્મ હંમેશા જુદો જ છે. હું ક્યારે પણ કોઈની સાથે ગઈજ નથી અને જવાની પણ નથી.

(પાપ પુન્ય દોય લાહે) - મારી ખાતર જીવનમાં તેં જે કાંઈ સારી કે ખોટી કરણી કરી હશે તેનાથી બંધાયેલ પુન્ય પાપ ભોગવવા તારેજ જવુ પડશે. આમ કાયાએ ચેતનને બોલતો બંધ કરી દીધો.

હું જ નહિ પણ વિશ્વ આખુંય અકર્તા છે એવા ભાવથી જ જગતને નિર્દોષ જોવાશે.

(જિનવર નાવ સાર ભજ આતમ કહાં ભરમ સંસારે) - અંત સમયને સફળ બનાવવા કાયા ચેતનને ચેતવે છે - તું તારો ધર્મ સંભાળ રે. દરિયામાં ભયંકર તોફાન ઉમટ્યા પછી આખી નાવ ડૂબી રહી છે ત્યારે જેસલને તોરલ કહે છે તારી નાવને ડૂબવા નહિ દઉ. તું તારા પાપ પ્રકાશિત કર. તોરલના સંગે બહારવટિયા બનેલા જેસલમાં પણ કોમળતા પ્રગટી - પાપોનો પસ્તાવો થયો અને જેસલ ઈશ્વર સમક્ષ પોતાના પાપો પ્રકાશે છે - વન કેરા મૃગલા મારીઆ, લૂંટી કુંવારી જાન રે, હરણ માર્યા લખ ચાર રે કંઈક ગામડાઓ લૂંટ્યા, સામનો કરનારના માથા વધેરી નાંખ્યા, અનેક પ્રકારના ત્રાસ વર્તાવ્યા. આમ કમ્મે શૂરા તે ધમ્મે શૂરા. પશ્ચાતાપમાં ક્ષત્રિય જેસલનુ લોહી ઉછળ્યું. સતી માતા તોરલના સંગે જેસલનું જીવન પલટાણું અને દરિયામાં ઉછળેલ તોફાન શાંત થઈ ગયું. અને પછી કચ્છ અંજાર શહેરના પાદરે બંનેએ જીવતા સમાધિ લીધેલી.

સત્યના આધાર પર ચાલતી જીવન નૈયામાં સફર કરનારા આત્માઓને ભવસાગરના સામા કીનારે પહોંચાડવા જિનેશ્વરો તરણ તારણ મનાયા છે. તેમના શરણે ગયેલા દરેકની જીવન નાવને હેમખેમ પેલે પાર, કીનારે તેમને પહોંચાડી છે.

"યાદ રાખજે ચેતન ! હરિનો મારગ છે શૂરાનો - નહિ કાયરનું કામ જોને, પરથમ પહેલું મસ્તક મૂકી - વળતા લેવું નામ જોને."

જે આત્માઓ અવનવી કસોટીઓમાં સમતા ભાવે રહ્યા છે અને સાક્ષી બની જીવ્યા છે, તેમની નાવને પ્રભુએ પાર ઉતારી છે. હૈયડે એક જિનેશ્વર દેવનું નામ સ્મરણ કરી તેઓનું રક્ષણ માંગ. તેજ તને બચાવશે. બાકી કાયાની માયાથી બંધાયેલા સંસારના સંબંધો કોઈ તને બચાવી શકે તેમ નથી માટે કહ્યું કે કહાં ભરમ સંસારે.

કાયાની માયા રૂપ ચોતરફ બીછાવેલી માયાજાલ (ભ્રમજાલ) તેમાં જીવને પ્રથમ મીઠીવાણી દ્વારા માયા છેતરે છે. બરાબર મોહ જાળમાં બાંધે છે પછી કરોળિયાની જેમ પોતે રચેલ જાળમાં પોતેજ ફસાય છે અને પેતાના જીવનનો

અંત આણે છે.

(સુગુરૂ વચન પ્રતીત ભયે તબ આનંદઘન ઉપગારે) - પરમ ગુરુ પરમાત્મા અને બીજા આત્માનુભવી સત્ ગુરુના વચન પર પ્રતીતિ, ખાતરી - શ્રદ્ધા થવાથી તે વાણી પ્રેમ રૂપે પરિણમી અમૃત સમાન ભાસે છે. વાણી પર પ્રેમભાવ ન ઉપજે ત્યાં સુધી ચિત્તમાં તે વસી શકતી નથી. તે માટે અંતઃકરણ નિર્મળ - શુદ્ધ અને પવિત્ર હોવું જરૂરી છે. આટલી તૈયારી જેનામાં હોય તેને આનંદઘન પ્રભુ ઉપગારે - ઉપકારક બને છે અને ઉગારે છે. એટલે કે દુઃખોથી મુકત કરવા પ્રભુ અંતરમાં સહાય કરી મુક્તિમાર્ગ તરફ ચઢાવે છે. ગુપ્ત સહાય કરે છે. બુદ્ધિ, સદ્‌બુદ્ધિ બનાવે છે, મન સુમન બનાવે છે, નઠોર અને કઠોર હૃદયને સુકોમલ મુલાયમ બનાવે છે અને સુયોગ (સારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) નો સંયોગ કરાવી આપે છે. એજ પ્રભુનો ઈશ્વરનો ઈશાનુગ્રહ છે.

પોતાના આત્મા પ્રત્યે જીવને તેવા પ્રકારના ભાવ ઉલ્લસવા જોઈએ. તે સિવાયની બધી માંગણીઓ જૂઠી છે તેનાથી પ્રભુ પ્રસન્ન થાય નહિ.

卐

*પ્રતિકૂળતાને અનુકૂળતામાં પરિવર્તિત કરવાની આત્મકલા જેને આવડે તે પ્રતિકૂળતા (અશાતા) યા અનુકૂળતા (શાતા)થી પર ઊઠી શકે છે.*

★

*પૃચ્છા જરૂર કરો ! સ્પષ્ટતા - સમજણ મેળવો, પણ સર્વજ્ઞના વિધાનમાં શંકા ન કરો ! શંકા એ સમ્યક્ત્વનું દૂષણ છે.*

# પદ - ૧૦૯

હું તો પ્રણમું સદ્‌ગુરુ રાયા રે - માતા સરસતી વંદુ પાયા રે

હું તો ગાઉં આતમરાયા - જીવણજી બારણે મત જાજો,
તમે ઘેર બેઠા કમાવો ચેતનજી બારણે મત જાજો... ૧.

તારે બાહિર દુર્મતિ રાણી રે કે તાશું કુમતિ કહે વાણી રે,
તને ભોળવી બાંધશે તાણી... જીવણજી બારણે મત જાજો... ૨.

તારા ઘરમાં છે ત્રણ રતન તેનું કરજે તું તો જતન,
એ અખૂટ ખજાનો છે ધન્ન... જીવણજી બારણે... ૩.

તારા ઘરમાં બેઠા છે ધુતારા - તેને કાઢોને પ્રીતમ પ્યારા,
એહથી રહોને તુમ ન્યારા... જીવણજી બારણે મત જાજો... ૪.

સત્તાવનને કાઢો ઘરમાંથી - ત્રેવીશને કહો જાવ ઈહાંથી,
પછી અનુભવ જાગશે માંહેથી... જીવણજી બારણે... ૫.

સોળ કષાયને દીઓ શીખ - અઢાર પાપ સ્થાનકને,
મંગાવો ભીખ - પછી આઠ કરમની શી બીક... જીવણજી... ૬.

ચારને કરો ચકચૂર - પાંચમી શું થાઓ હજુર,
પછી પામો આનંદ ભરપુર - જીવણ... ૭.

વિવેક દીવે કરો અજવાળો રે.. મિથ્યાત્વ અંધકારને ટાળો,
પછી અનુભવ સાથે મ્હાલો જીવણજી... ૮.

સુમતિ સાહેલી શું ખેલો રે - દુર્ગતિનો છેડો મેલો રે,
પછી પામો મુક્તિગઢ હેલો.... જીવણજી... ૯.

મમતાને કેમ ન મારો રે - જીતી બાજી કાંઈ હારો રે,
કેમ પામો ભવનો પારો... જીવણજી... ૧૦.

શુદ્ધ દેવ ગુરુ સુપસાય રે - મારો જીવ આવે કાંઈ ઠાય રે,
પછી આનંદઘન પદ થાય.... જીવણજી... ૧૧.

આનંદઘનજીની સમતાદેવી પ્રથમ સદ્‌ગુરુ દેવને પ્રણામ કરે છે અને પછી પોતાના પતિને અંતરમાં સુજ્ઞાન ટકી રહે તે માટે સરસ્વતી માતાને પગમાં પડી વંદના કરતાં માંગણી કરે છે કે મારા સ્વામી આતમદેવનું નામ જીવણજી છે. તેઓ પોતાનો સ્વભાવ છોડીને સંસાર સંબંધી ચિંતા સેવી રહ્યા છે. તેમને સુમતિ આપજો કે જેથી પોતાના ઘરને છોડી બાહ્યભાવમાં પરઘર ભટકવાની મનોવૃતિઓને અંકુશમાં લે. પરક્ષેત્રનો ત્યાગ કરી પોતાની હદની અંદર આવેલા સ્વક્ષેત્રમાં રહી, સુકૃતની કમાણી કરવા પોતાના જ ઘરમાં રહી પોતાના ઘરમાં રહેલાં જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી ત્રણ રત્નોનું જતન કરે. બહાર, પરઘર એવાં સંસારના ક્ષેત્રે તો જીવોને કુબુદ્ધિ આપનારી - કુમતિ તરીકે લોકમાં ખ્યાતિ પામેલી મોહરાજાની રાણી દુર્મતિની બોલબાલા વર્તે છે જે જીવને પોતાના પક્ષમાં લઈ રાગભાવના બંધનોમાં તાણીને એવી તો બાંધશે કે તેમાં ફસાયા પછી છૂટવું કઠિન થઈ પડશે.

આ રત્નત્રયીમાં તો એવી અખૂટ સંપતિ પડી છે કે તે ગમે તેટલી વપરાય તો પણ તે ન ખૂટતા ઉલટી વધ્યાજ કરે એમ છે. એવો એ અખૂટ ખજાનો યતના દ્વારા સુરક્ષિત રહે તેવી વર્તના કરવા દ્વારા તેની જાળવણી કરજો.

આ કાયાને ચેતન પોતાનું ઘર માની બેઠો છે તે તો ફક્ત બાહ્ય રુપ છે. જેમાં લલચાય છે તે તો બાહ્ય કલેવર છે. એ સ્થૂલ શરીરમાં મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને પ્રમાદ નામના ચાર ધુતારા રહેલા છે. તે ચારેયની પાપલીલા રાત્રિ દિવસ ચાલુજ છે. તેઓએ આ દેહમાં રહીને માનવમંદિર - દેહદેવળને અભડાવ્યું છે કારણ કે મનનો રાગભાવ શરીર પર છે તેથી પરમાત્માનો વાસ તેમાંથી નીકળી ગયો છે. દેહદેવળ સુનુ પડવાથી ધુતારાઓ તેમાં પેસી ગયા છે, તેઓને કાઢવા સાત્વિકી પ્રવૃત્તિ આદરવી જરૂરી છે. તે ધુતારાઓને કાઢીને પછી તમે એનાથી ન્યારા અર્થાત્ અળગા રહો. અજ્ઞાન હટે એટલે પ્રજ્ઞા જન્મે છે પછી ધ્યાન અને સમાધિ જેવી ઉચ્ચતમ દશાને પમાય છે. સમાધિ

એ ધ્યાનની ઉચ્ચતમ સ્થિતિ છે. જેમાં મન તદ્દન અક્રિય થઈ ગયુ હોય છે કે જ્યાં માત્ર ચૈતન્યનુંજ જાગરણ હોય છે.

પાંચ પ્રકારના મિથ્યાત્વ મોહનીય (૧) આભિગ્રહિક (૨) આભિનિવેશિક (૩) સાંશયિક (૪) અનાભોગિક (૫) અનાભિગૃહીક છે.

બાર પ્રકારે અવિરતિ છે. (૧) પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠુ મન તેના અનુકૂળ વિષયમાં રાગ અને પ્રતિકુળ વિષયમાં દ્વેષ તે છ પ્રકાર તેમજ ષટ્કાય જીવોના ઉપમર્દનમાં પ્રવર્તવું તે છ પ્રકાર, એમ બંને મળી ૧૨ પ્રકાર અવિરતિના છે.

પાંચ (૫) અવ્રતના પરિણામ + અનંતાનુબંધી વિગેરે સોળ (૧૬) કષાય + નવ (૯) નો કષાય + મિશ્ર મોહનીય અને સમ્યકત્વ મોહનીય + પાંચ (૫) પ્રકારના પ્રમાદ ૧) વિષય ૨) કષાય ૩) નિદ્રા ૪) વિકથા ૫) મદ્ય. મન-વચન-કાયાના ત્રણ (૩) યોગ મળી જે કુલ સત્તાવન છે તે તત્ત્વોને આત્મ ઘરમાંથી બહાર કાઢવાના છે. તેમજ પાંચ ઈન્દ્રિયના મળીને જે કુલ ત્રેવીસ વિષયો થાય તેને પણ કાઢવાના છે. જે માટે સંવરના સત્તાવન ભેદોનું સેવન કરવાનું છે તે આ પ્રમાણે છે :

પાંચ સમિતિ + ત્રણ ગુપ્તિ + બાવીસ પરિષહ + દશ યતિધર્મ + બાર ભાવના + પાંચ ચારિત્ર = ૫૭ સંવરના પ્રકારને સેવવા દ્વારા આત્મઘરમાં પેઠેલા મિથ્યાત્વ - અવિરતિ - કષાય - પ્રમાદયોગ વગેરેને કાઢવાના છે જે નીકળતા અંદરથી આત્માનો અનુભવ પ્રગટે છે અને ઉત્કૃષ્ટ કોટિનું પુન્યાનુબંધી પુન્ય બંધાય છે.

પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયોમાં રાતિદિ ભટકતુ જે મન છે તેને સત્તાવાહી સ્વરે હુકમ કરો કે આ ઘરને છોડીને હવે તમે અહીંથી ભાગો. દેહ પર મનનો અનાદિનો રાગ હોવાથી તે જલ્દીથી ઘર ન છોડતાં અહિંતહિં લપાશે - છુપાશે કે સંતાકૂકડીની રમત રમશે. આ મનની દોડધામ શાંત થયા પછી અનાદિની બંધ પડેલી અનુભવની આંખ એટલે દૃષ્ટિ ખુલશે. અંદરના ગુપ્ત રહસ્યો સાધનાના બળે ખુલતા જશે.

અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વને અટકાવે છે.
અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિને અટકાવે છે
પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિને અટકાવે છે
સંજ્વલનના કષાય વીતરાગતાને અટકાવે છે.

તે સોળે કષાયને આત્માની હદમાંથી હાંકી કાઢવાના છે. તેને આત્મ ઘરમાંથી બહાર કાઢી ભીખ માંગતા કરવાના છે. તેમને કહેવાનું કે હવે ઘરનો માલિક આતમદેવ જાગ્યો છે માટે તમે આ ઘર છોડી ચાલ્યા જાવ, નહિ તો તમારા બુરા હાલ થશે. તેજ રીતે અઢાર પાપસ્થાનકના પરિણામ અત્યંત ભયંકર છે, જેને પણ ઉપશમ ભાવમાં નિરંતર રહીને કાઢવાના છે. આત્મઘરમાંથી જ્યારે આ નીકળી જાય છે પછી આઠ કર્મોની બીક જીવને સતાવતી નથી કારણકે ચેતન ભાનમાં વર્તે છે.

ચાર ગતિના ચકરાવાને ચકનાચૂર કરતા (સંસારમાં ચાર ગતિમાંના ભ્રમણનો અંત થતાં) પંચમગતિ મુક્તિધામ નજીક આવે છે અને આનંદરસના સરોવરમાં જીવ મહાલે છે.

**વિવેક દીવે કરો અજવાળો રે,**
**મિથ્યાત્વ અંધકાર ટાળો રે પછી અનુભવ સાથે મ્હાલો....૮.**

વિવેકદષ્ટિની જ્યોત પ્રકાશવાથી ભીતરમાં રહેલ ચિદાકાશ પ્રદેશ ઝળહળે છે તેથી મિથ્યાત્વ રૂપી અંધકાર દૂર થાય છે, પછી આત્મા અનુભવજ્ઞાનની ધારામાં મહાલતો ભરપુર આનંદને માણે છે. અહીં નવા પાપ કર્મો બંધાતા અટકે છે અને જુના સંચિત કર્મોને ખપાવે છે તથા તે વખતે થતા ઉપસર્ગોને જીવ શાંત ભાવે સહી કર્મોને નિર્જરે છે.

**સુમતિ સાહેલી શું ખેલો રે,**
**દુર્ગતિના છેડો મેલો રે પછી પામો મુક્તિગઢ હેલો રે...૯.**

અહીં આત્માને પોતાની સાચી સખી સમતાદેવી સાથે આનંદનો અનુભવ થાય છે. આમ દુર્ગતિઓના બંધનોને તોડતો અને સુગતિ સાથે પરિણામોને

જોડતો મુક્તિગઢ પર ચઢવાની તૈયારી કરે છે.

ગા.૧૦ : સમતા આપણને સૌને સંબોધન કરતા કહે છે કે સંસાર સંબંધી મમતા તમને જે પરેશાન કરે છે, સમ્યગ્કરણી કરવામાં અંતરાયો નાંખી રહી છે તેને તમે કેમ વારતા કે મારતા નથી ? મહાભાગ્ય ઉઘડે ત્યારે માનવભવની તક સાંપડે છે. ખરેખર તમે પ્રકૃતિ તત્ત્વને ખુશ કરીને આ તક મેળવી લીધી અને આખી બાજીને જીતમાં પલટાવી નાખી તે જીતની બાજી પાછી હારમાં ન પલટાઈ જાય માટે ભવોનો અંત આણવા સુકરણી રૂપ ઉદ્યમમાં લાગી જાવ.

ગા.૧૧ : શુદ્ધ દેવગુરુ સુપસાય રે... મુક્તિપુરીના માર્ગે સફર કરતાં અંતરાય કર્મો પર્વત બનીને આડા પડેલા તે હેલો એટલે કર્મના આંચકા ભુકંપ વગેરેના ઝપાટા લાગવાથી ગતિના વેગને થંભાવી દે, યા ઢીલો પાડી દે - વચ્ચે અનેક રૂકાવટો ઊભી કરે તેમાં પીછેહટ ન કરતાં જેમણે પુરુષાર્થને વેગવંત બનાવ્યો તેઓ બાજીને જીતી ભવસાગર તરી પંચમગતિએ જઈ બિરાજ્યા છે.

પોતાનો પરમાત્મ સ્વરૂપ આત્મા તે શુદ્ધ દેવ કહો કે સદ્ગુરૂ કહો કે સદ્ધર્મ કહો એ તત્ત્વત્રયીની સહાયતા માંગો જેથી મારા જીવને સાંત્વન મળે. સમતા કહે છે નાથ વિના અબળા પણે અનંતકાલ કાઢ્યો. હવે સ્વામીનો મેળાપ થાય તો મારો જીવ કાંઈક ઠેકાણે આવે, વચ્ચે અંતરાયો હટી જાય અને આનંદઘન પ્રાપ્તિનો માર્ગ નિર્વિઘ્ન બની જાય તેવી કૃપા પરમાત્મા પાસે સમતા માંગી રહી છે.

卐

*દ્રવ્ય આપણું દેવનું થાય તો ભાવ આપણા દેવભાવ થાય. એજ દેવદ્રવ્યની વૃદ્ધિનું કર્તવ્ય, કે જેનાથી દ્રવ્યાતીત એવા દેવાધિદેવ જેવાં દ્રવ્યાતીત થવાય.*

# પદ - ૧૧૦

## (રાગ - વેરાવલ)

मेरे ए प्रभु चाहीए, नित्य दरिसन पाउं ॥
चरणकमल सेया करुं, चरणे चित्त लाउं ॥ मे. ॥१॥

मन पंकजके मोंलमें, प्रभु पास बीठाउं ॥
निपट नजीक हो रहुं, मेरे जीव रमावुं ॥ मे. ॥२॥

अन्तरजामी आगले, अन्तरिक गुण गाउं ॥
आनन्दघन प्रभु पासजी, में तो और न ध्याउं ॥ में. ॥३॥

મેર એ પ્રભુ ચાહીએ નિત્ય દરિસન પાઉં;
ચરણ કમલ સેવા કરૂં - ચરણે ચિત્ત લાઉ.. મેરે...૧.

મન પંકજ કે મોંલમેં, પ્રભુ પાસ બેઠાઉ;
નિપટ નજીક હો રહું, મેરે જીવ રમાવું... મેરે...૨.

અંતરજામી આગલે, અંતરિક ગુણ ગાઉં;
આનંદઘન પ્રભુ પાસજી, મેં તો ઔર ન ધ્યાઉં.. મેરે...૩.

મને દેહ દેવળમાં રહેલ પ્રભુના દર્શનની ઝંખના છે જેથી હું જ્યારે ચાહું ત્યારે તેના દર્શન કરી શકું. નરસિંહ મેહતાને પુત્રેષણા અને ધનેષણા પ્રત્યે મુદ્દલ રાગ નહોતો તેથી તે બે ચીજની માંગણી તેને ક્યારેય પ્રભુ પાસે કરી નહોતી. તેમને દુનિયાના રંગઢંગ ખૂબ અનુભવેલા તેથી દુન્યવી કોઈ ઇચ્છાઓ રહી નહોતી. તેમણે એકજ માંગણી કરી કે ભવાંતરે જ્યાં હોઉ ત્યાં હે પ્રભુ ! આપની સેવા ભક્તિ મને મળ્યા કરે. ચૈત્યવંદનના જય વીયરાય સૂત્રમાં પણ આપણી પ્રાર્થના છે કે...''તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં''.

આનંદઘનજીએ પણ દુન્યવી રંગઢંગ ઘણા અનુભવેલા. નાનપણમાં તેમનો

આત્મા સત્વની શોધમાં તો હતોજ. પણ મોહભાવને હટાવવાના નિમિત્ત કારણો ન મળે ત્યાં લગી મોહ જીવને મુંઝવ્યા કરે છે પણ જ્યારે કાળ પાકે છે ત્યારે જીવને મળતા નિમિત્તો, મોહનિદ્રામાંથી એકદમ જગાડી દે છે અને સભાનપણામાં લાવી દે છે.

સાધકદશા અથવા સાધનાનો માર્ગ અતિદુષ્કર છે, જે કોકનેજ હાથ ચડે છે. સમય પાકવાની અણી પર હોય છે ત્યારે ઈશ્વર કૃપા દ્વારા પોતાની કૃપા પોતા ઉપર થતાં પ્રકૃતિ સાનુકૂળ બને છે અને જીવ સફાળો જાગે છે.

ગા.૧ : સાધકને જ્યાં સુધી પ્રભુ દર્શન ન થાય ત્યાં સુધી તે તરફડ્યા કરે છે. અનહદ જ્વલંત તાલાવેલી પ્રભુ પ્રાપ્તિની ન લાગે ત્યાં સુધી તે માર્ગ હાથ ન આવે. યોગીરાજ પ્રભુના ચરણકમલમાં રહી પ્રભુને સેવ્યા કરું - પ્રભુ સેવામાં રહી પ્રભુ ચરણનો સ્પર્શ રહ્યા કરે તેવી ઈચ્છા પ્રભુ સમક્ષ પ્રગટ કરી રહ્યા છે.

ગા.૨ : (મન પંકજ કે મોંલ મેં - પ્રભુ પાસ બેઠાઉ) - પ્રભુના ચરણ રૂપી મોંલ અર્થાત્ મહેલાતમાં બેસવા મન ઈચ્છી રહ્યું છે. જેમ મન ચાહી રહ્યું છે તેવીજ રીતે મારો જીવ ચેતન પણ એજ ચાહી રહ્યો છે.

(નિપટ નજીક હો રહું મેરે જીવ રમાવું) - નિપટ એટલે પ્રભુની તદ્દન નજદીક રહી - પ્રભુના ધ્યાનમાંજ રહેવાય એવું પણ જીવ ઈચ્છી રહ્યો છે.

ગા.૩ : (અંતરજામી આગલે અંતરિક ગુણ ગાઉં) - અંતરિક્ષ ભૂમિ એટલે પંચમગતિ મુક્તિધામ ત્યાં તો અંતરિક્ષ પાર્શ્વનાથ જેવા મુક્તાત્માઓ બિરાજેલા તેમની તદ્દન નજદીક તો મારો જીવાત્મા અને મન પહોંચી શકે તેમ નથી કારણ કે તે સ્થાન અને મનુષ્યગતિ રૂપ સ્થાન બંને વચ્ચેનું અંતર ઘણું છે - 'સાત રાજલોક છેટા પ્રભુ બેઠા' ત્યાં બિરાજમાન પ્રભુ પાસે પહોંચવું તે શક્ય નથી.

મારા અંતરમાં રહેલી ભાવનાને જાણનારા એ અંતર્યામી ભગવંત જે અંતરિક્ષમાં લોકાગ્ર શિખરે બિરાજેલા છે તેમના ગુણોને યાદ કરી તેમના ગુણગાન - ભજન - કીર્તન મારા દેહદેવળમાં બેઠેલાં અંતઃસ્થિત અંતર્યામી આગળ ગાયા

સ્વીકારની ભૂમિકા ઉપર મોક્ષ છે. કર્તુત્વની ભૂમિકા ઉપર મોક્ષ નથી.

કરું કે જેથી તે મારા અંતર્યામી પ્રભુને પણ એ પંચમગતિનું સ્થાન જલ્દી પ્રાપ્ત થાય.

(આનંદઘન પ્રભુ પાસજી મૈં તો ઔર ન ધ્યાઉં) - આનંદઘનજી મહાત્મા હાલ તો એવું ઇચ્છી રહ્યા છે કે મન ચાહે ત્યારે નિત્ય પ્રભુ દર્શન મળ્યા કરે, મતલબ મારા પરમદેવ કે પરમગુઢ જે કહું તે જ હું છું. અંતરયામી એટલે બીજાના અંતરમાં ચાલતી મનની ક્રિયાઓને જાણવાની શક્તિનો ધારક પણ હું જ છું. હું દૂર નથી પણ નિપટ નજીક પાસેજ વસી રહ્યો છું. મારે બહાર ક્યાંય જવાની કે શોધવાની જરૂરતજ નથી. અનુભૂતિઓનો અનુભવ કરનાર તેમજ તેને જાણનારો - જોનારો પણ હું જ છું. ધ્યાતા - ધ્યેય અને ધ્યાન પણ હું જ છું એવા મારા પ્રભુના દર્શનને મારો જીવ તેમજ મન ચાહી રહ્યો છે.

卐

*સર્વ કલ્યાણની ભાવનામાં રહેવાથી ભાવુકનું પ્રથમ કલ્યાણ થાય છે. કલ્યાણીને કલ્યાણના સાધનો મળ્યા જ કરે છે !*

★

*સાધન તો સાધન છે. સાધનથી શું કામ લેવું તે સાધન વાપરનારા ઉપર આધાર રાખે છે. ડોક્ટરના હાથમાં રહેલી છરી જીવાડે અને ખૂનીના હાથમાં રહેલી છરી મારે.*

★

*સામાની પ્રકૃતિ ઓળખાય તો તેની સાથેના વ્યવહારમાં રાગ-દ્વેષ ન રહે. બાળકને નાદાન જાણી એની નાદાની અણદેખી કરી શકાય.*

# ઉપસંહાર

આનંદઘનજી મહારાજે સંસારી જીવોની કુબુદ્ધિ ને મલિન ભાવવાળી તેમજ બાહ્યભાવોમાં ભટકતી જોઈને તેને ઠેકાણે લાવવા અને સ્થિર કરવા અનેક રીતો અજમાવીને પદોની રચના કરી છે. તેમજ પોતાનો અંતઃકરણરૂપી અરીસો સ્વચ્છ બને અને પોતાના ભગવત્ સ્વરૂપના દર્શન રોજ થયા કરે તેવી અંતરઈચ્છા તેમણે વ્યક્ત કરી છે. એમને પોતાની દશા ખટકી રહી છે. શૂળ કે કાંટાની જેમ તે વેદના પમાડે છે. એમાંથી છૂટવા તેમજ ભૂલા પડેલા આત્માને મોહ નિદ્રામાંથી જગાડવા અથાગ પરિશ્રમ આદરી મુક્તિનો માર્ગ ખુલ્લો કરી ગયા છે. તેમનો આપણા પર આ અત્યંત મહાન ઉપકાર છે. પરમ તત્ત્વની પ્રાપ્તિ અર્થે તે મહાત્માએ કેટલા બધા સંકટો સહ્યા હશે તે જગતને ખ્યાલમાં આવે તેમ નથી. એમની નિઃસ્પૃહતા પણ અજબની ગણાય. પોતાનુ જન્મ સ્થળ - દેશ - ગામ - નગર - માતાપિતા - કુળ - વંશ વગેરેનો કોઈ જ ચિતાર તેમણે રજુ કર્યો નથી. એટલે સુધી કે પોતાની રચનામાં તેમના સંસારી કે સાધુ પર્યાયનું નામ પણ નહિ ગૂંથતા પરમાત્માના વિશેષણ 'આનંદઘન'ને જ પોતાનું નામ બનાવી પરમાત્માના નામે જ પોતાની આવી અદ્ભૂત રચનાને સ્વાનુભૂત સંવેદનાને જગત સમક્ષ જગકલ્યાણના હેતુથી વહેતી કરી છે. જે આજ સુધી સચવાઈ રહી આપણા સુધી પહોંચી છે અને સ્વાનુભૂતિ સંપન્ન ખીમજીબાપા જેવાં સાધકાત્મા દ્વારા તે સંવેદના આપણને સ્પંદિત કરનારા ભાવા આંદોલનો આપણા સુધી પહોંચ્યા છે એ આપણા સહુનું પરમ સૌભાગ્ય છે. જેને ગ્રંથસ્થ કરવા અનાયાસે હું ભાગ્યશાળી બન્યો છું એ મારું અહોભાગ્ય કે કોઈ પૂર્વ ઋણાનુબંધ છે. સ્તવન ચોવીશીમાં પોતાનો પરમાત્મ દેવ પ્રત્યેનો અવિહડ ભક્તિરંગ છતો કર્યો છે. પ્રભુના નામ પ્રમાણે તેમાંથી ગુણોને તારવી લીધા છે અને પદ રચના ૧૧૦માં પોતાને થયેલ અનુભૂતિઓને પ્રત્યક્ષ પ્રમાણ તેમજ આગમ પ્રમાણને બાધ ન આવે તે રીતે ગંભીર આશયો બતાવી જગત સમક્ષ ખુલ્લા મુક્યા છે તેમાંથી ખીમજી બાપાએ બિંદુ જેટલો તત્ત્વસાર શોધ્યો તેના ઉપર અમે અમારી શક્તિ અનુસારે વિવેચન કરી આ પદ રચના પૂર્ણ કરી છે. તેના ઉપર વિશ્વમાત્રના જીવો ઊંડાણથી અભ્યાસ કરી પોતાની દશા સુધારે અને શીઘ્ર મુક્તિપદના ભોક્તા બને એજ એક માત્ર શુભાભિલાષા.....

પં. મુક્તિદર્શનવિજય ગણિ.

卐

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પાઠકની નોંધ

| પદ ક્રમાંક | પૃષ્ઠ ક્રમાંક | નોંધ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# પદ - ૯૯ અનુલક્ષિત પરિશિષ્ટ - ૪

## 'ચેત્ મછંદર ગોરખ આયા' એ ચીતિસૂત્ર ઉપર અનુપ્રેક્ષા

ચેત્ મછંદર ગોરખ આયા - ચેત્ મત્સ્યેન્દ્ર ગોરક્ષ આયા.

આ સંબોધનનું તાત્પર્ય એ કહે છે....

હે ચેતન ! હે ચેતસ ! હે ચેતસી ! હે ચેતક ! તું જાગ ! તું જાગ ! તું મહામોહ નિદ્રામાંથી જાગૃત થા ! તારું ભવાભિનંદિપણું છોડી તું તારી વિસ્તરેલ મહામાયાજાળમાંથી બહાર આવ. કોશેટો દૂર કર ! અનાદિ અનંતકાળથી તું સત્તાથી સિદ્ધ સમ છો, પૂર્ણ છો, અનંત ચતુષ્ટયથી યુક્ત છો. અનંત પ્રભુત્વ તારું બીડાયેલ નથી. તું અનંત શક્તિનો ધણી છો. ચૈતન્યમાં રમનારા, રમણતાના દેવ તું તારા સ્વરૂપપણામાં પાછો આવ.

હે અનંતગુણના ભંડાર આત્મન્ તું પિંડ બ્રહ્માંડની માયામાં ક્યાં રમે છે ! પર્યાયમાં વિશેષભાવની અશુદ્ધિ તો તને કોરી ખાશે. તું સ્વરૂપલક્ષી થા ! તારા સ્વરૂપરમણતામાં - અસ્તિત્વમાં, અનંત બ્રહ્માંડની સમૃદ્ધિ માયા શી વિસાતમાં ? હવે આ માયાનો આંચળો છોડ અને તું તારા મૂળ મૌલિક સ્વરૂપમાં આવ ! ઉત્તિત્થ - ઉત્તિષ્ઠ - ઉઠ જાગૃત થા ?

ચપ ચપ રણકતો ગોરખનાથનો ચિપીચો ઉપર મુજબનો ગુપ્ત સંદેશ ગુરૂ મત્સ્યેન્દ્રનાથને આપી રહ્યો હતો. વળી આગળ કહે છે કે તું તારા અધિષ્ઠાન ચૈતન્યતત્ત્વમાં લીન કેમ થતો નથી ? તું સૂક્ષ્મકાળ સમય માત્ર પણ પ્રમાદને સ્પર્શ નહિ. હે જીવંત ચેતના ! હે સંજીવની વિદ્યામંત્રના ધારક યોગાચાર્ય ! નાથ પરંપરાના આદર્શોનું વિસ્મરણ તને કેમ થયું ? ગુરૂ આદિનાથમાં અંતર્ભૂત થયેલ હે પૂર્ણ ચેતના ! હવે તું પરસમયને છોડીને સ્વસમયમાં આવ, માયાના આ વિશાળ વિસ્તારને છોડ, આ ગોરક્ષ તને હવે અહીંથી લીધા વગર પાછો જશે નહિ. આમ ઉભી બાંગ દ્વારા ગોરક્ષનાથ પુકારી રહ્યાં હતાં.

"આદિનાથ નાતે મછીન્દ્ર પુતા નિજ તટ નિહારે ગોરખ અવધૂતા"

લોકોક્તિ કહે છે કે નાથ સંપ્રદાયનો પ્રસાર આખાય ભારતવર્ષમાં ગલી ગલીમાં ગુંજતો હતો. ત્યારના જાણકાર લોકો કહે છે કે મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથ એ બંને બધીય તત્કાલીન પરંપરામાં અંતર્ભૂત થઈ ગયેલ હતા. નવનાથ પરંપરામાં એક ઠેકાણે કહે છે કે આદિનાથ, ઉદયનાથ, સ્કંદનાથ, દંડનાથ, અદંડનાથ, સત્યનાથ, કર્મનાથ, મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથ થયાં.

આદિનાથ - શિવશંકર બાદ મત્સ્યેન્દ્રનાથ શ્રેષ્ઠ પંક્તિના આચાર્યપ્રવર ગુરૂવર્ય ગણાતા જેને વિષ્ણુનો અવતાર ગણાવાતો. તેઓ યોગવિદ્યામાં પારંગત હતાં અને કોલમાર્ગી તાંત્રિક પણ કહેવાતા.

તંત્રાલોક પર ૧૨ volume નો સ્વોપજ્ઞ ટીકા સહિત ગ્રંથ લખનાર કાશ્મીરના પરમ યોગીશ્રી અભિનવ ગુપ્તાચાર્ય પણ મત્સ્યેન્દ્રનાથને પોતાના પરમગુરૂ માનતા હતાં.

મત્સ્યેન્દ્રનાથની ઉત્પત્તિ વિષે લોકવાયકા કહે છે કે તેઓ માછલીના ગર્ભમાંથી (સપ્તશ્રુંગી) પેદા થયા હતાં. પ્રખર યોગાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા. મત્સ્યેન્દ્રનાથનો ભેટો શિષ્ય ગોરક્ષનાથ સાથે થયો તે વિશે પણ એક કિવદંતી પ્રસિદ્ધ છે.

કથા કહે છે કે કોઈ એક પ્રદેશના જંગલમાં આવેલ શિવાલયમાં એક સ્ત્રી નિત્ય આરાધનાર્થે જતી હતી અને ત્યાં મંદિરમાં તે નિત્ય પૂજન અર્ચન પ્રાર્થના કરતી હતી. કહેવાય છે કે પ્રાર્થનાના બળે એ પુત્રવિહિન સ્ત્રીને એક અવધૂત યોગી શંકર સ્વરૂપ મત્સ્યેન્દ્રનાથનો જંગલમાં ભેટો થયો. એ અવધૂતયોગીએ પ્રસન્નતાથી ઝોળીમાંથી રાખની ચપટી (ભભૂતિ-વિભૂતિ) ખાવા માટે આપી. કમનસીબે સ્ત્રીએ અશ્રદ્ધાથી તે ન ખાતા બાજુમાં પડેલા ગાયના પોદળા (છાણ)માં નાખી દીધી. કાળ પસાર થયે ત્યાં તે છાણમાંથી એક તેજસ્વી બાળકની ઉત્પત્તિ થઈ. કપિલા નામની ગાય નિત્ય ત્યાં આવીને પોતાના આંચળમાંથી દૂધની ધારા તેના - તે બાળકના મુખમાં વહેવડાવતી રહી. એ સંતાન જન્મથી દશ વર્ષ સુધીના દીર્ઘ બાલ્યાકાળમાં જ યોગધ્યાન નિમગ્ન

થઈ સાધનામાં રત રહ્યો.

કાળાંતરે બાર વર્ષ બાદ કૂતુહલતાથી કે પછી કાળલબ્ધિની પરિપકવતાએ કરીને મત્સ્યેન્દ્રનાથ પુનઃ તે જગ્યાએ આવે છે. સર્વ બની ગયેલ ઘટનાક્રમને - વસ્તુસ્થિતિને તેઓ પામી જાય છે. એ બાળકને પોતાની સાથે લઈ જાય છે. બાળક મત્સ્યેન્દ્રનાથ પાસે રહી યોગવિદ્યામાં પારંગત થાય છે. એટલે સુધીની પારંગતતા હાંસલ કરે છે કે એની પણ ગણના અવધૂતકક્ષાના યોગીમાં થવા માંડે છે.

ઉર્ધ્વરેતા ગોરક્ષનાથ બાર બાર વર્ષ સુધી અનિમેષ નયને આત્મ સાધનામાં રત રહે છે. પરમપદના આ સાધકે અષ્ટ મહાસિદ્ધિ, અષ્ટાંગ યોગમાં પારંગતતા મેળવી. પિંડબ્રહ્માંડમાં કુંડલિની શક્તિની પૂર્ણ જાગૃતતા થી બ્રહ્મરંધ્રમાં શિવ અને શક્તિનું પૂર્ણ સાયુજ્ય થતાં અવ્યયપદમાં આરુઢ થવા દ્વારા યોગારૂઢ થયાં. ઘણી સિદ્ધિ, ઘણી લબ્ધિઓની પ્રાપ્તિ થઈ.

અત્રે એક વસ્તુનો ચિતાર આપવો પ્રાસંગિક બનશે. ગોરક્ષનાથને પ્રાપ્ત સિદ્ધિ-લબ્ધિના-કાર્યસિદ્ધિના અહંકારને ગાળવા મત્સ્યેન્દ્રનાથે એમને બાર (૧૨) વર્ષ સુધી ધર્મકાર્ય પ્રસાર અર્થે પૂરા ભારતવર્ષમાં અટણ (ભ્રમણ) કરવાની આજ્ઞા કરે છે.

નાથ સંપ્રદાયના અવધૂત કક્ષાના સાધકો જ્યારે પણ પ્રસાર અર્થે ભારતવર્ષનું અટણ કરે ત્યારે; ખભે ઝોળી હોય, વળી એ ઝોળીમાં ગુપ્ત ખાના હોય જે વિભૂતિ આદિ ચમત્કારિક ચીજોથી યુક્ત હોય, કંથાધારી હોય, કાનફટા હોય, એક હાથમાં ગોળ કડા વાળો લાંબો એવો ચીપિયો હોય, બીજા હાથમાં ભિક્ષાપાત્ર હોય, ગળામાં લટકતો ઘૂઘરો હોય જે ઘૂંટણ સુધી લંબાયેલ હોય, જે બંને પગ ઉપર સતત અફળાતો રણકતો રહેતો હોય, આગળ પાછળ ચાલતા રહેલાં પગ કોઈ પણ એક જગ્યાએ એક પળ સ્થિર રહે નહિ. એક ઘરેથી એક વાર ભિક્ષા ગ્રહણ કર્યા પછી બીજી વખત તે જ ઘરે પાછું ફરકવાનું નહિ. આવા ચુસ્ત નિયમથી બદ્ધ વ્રતધારી બની ભિક્ષા અર્થે બાર વર્ષ સુધી ભારતવર્ષમાં ભટકવાનું, ક્રોધ કરવાનો નહિ, ઈત્યાદિ નિયમોથી પૂર્ણ જાગૃતિ કેળવતા. નાથ

સંપ્રદાયના આ યોગીઓ આજે પણ ઘુઘરિયા બાવા તરીકે ઓળખાય છે.

શિષ્ય ગોરક્ષનાથના પરિક્ષણ અર્થે એક વખતે એક ઘેરથી લાવેલ ભિક્ષા ગુરૂએ (મત્સ્યેન્દ્રનાથે) ફરી વખત ત્યાંથી લાવવાની આજ્ઞા કરે છે. ગુરૂ આજ્ઞાને શિરોધાર્ય માની પુન: તે ઘર કે જ્યાંથી પહેલાં ભિક્ષા પ્રાપ્ત થયેલ ત્યાંથી ગોરક્ષનાથ ભિક્ષાની માંગણી કરે છે. દાતાર ઘરધણી બાઈએ ભિક્ષા માટે પુન: આવેલ જોઈ ગોરખનાથને નાથસંપ્રદાયના નિયમથી વાકેફ કરે છે અને પુન: ભિક્ષાદાનના બદલામાં ગોરક્ષનાથની ડાબી આંખ માંગે છે. પળનો ય વિલંબ કર્યા વિના ગોરક્ષનાથ ડાબી આંખ ખેંચી કાઢી બાઈના હાથમાં ધરી દે છે. ગૃહીત ભિક્ષા ગુરૂ મત્સ્યેન્દ્રનાથને અર્પે છે, ત્યારે ગુરૂ પૃચ્છા કરે છે કે આંખ ક્યાં ગઈ ? ગુરૂ તો અગાઉથી આ બધું જાણતાં જ હોય છે. કૃત્રિમ ક્રોધાવેશમાં આવી ગુરૂ તેની બીજી આંખ સોંપવા કહે છે તો શિષ્ય ગોરક્ષનાથ તે આંખ પણ તત્કાળ કાઢીને ગુરૂના ચરણોમાં સમર્પિત કરી દે છે. ગુરૂ મરક મરક હસે છે કે શિષ્ય પરિક્ષણમાં ઉત્તીર્ણ થયો. ગુરૂ પોતાનો વરદ્ હસ્ત ગોરક્ષનાથના મુખ ઉપર ફેરવતા પુન: આંખોની ઉપલબ્ધિ થાય છે.

બીજી એક પ્રાસંગિક લીલામાં ગુરૂ મત્સ્યેન્દ્રનાથ શિષ્ય ગોરક્ષના ધ્યાન બહાર પરીક્ષા લેવા આસામ નેપાળ તરફના કામરૂદેશમાં બાર વર્ષથી રહેતાં હોય છે. એક જ ક્ષેત્રમાં સ્થિરવાસ કરી રહ્યાં હોય છે. પોતાની ધ્યાનારૂઢ અવસ્થામાં ગોરક્ષનાથ ગુરૂના આ સ્થિરવાસની અને ગુરૂની અવદશાને પામી જાય છે.ગુરૂને આ અવદશામાંથી બહાર લાવવા ગોરક્ષનાથ સ્વયં કામરૂદેશ કે જ્યાં કાત્યાયન દેવીની શક્તિપીઠ જે સાધના માટે ઉત્તમ ગણાય છે ત્યાં જાય છે. ત્યાં જઈને ચીપિયો ખણખણાવી તાલબદ્ધ અવસ્થામાં ગોરક્ષનાથ પોકારે છે.....

"ચેત્ મચ્છંદર ગોરખ આયા"

આ સંબોધનના તાત્પર્ય વિષે અગાઉ વિચાર્યું છે.

જે મહાલયના ગવાક્ષ સન્મુખ ઉપરોક્ત સંબોધનની અહાલેક જગાવે છે તે મહાલયની મલેકા એવી ગણિકા ગુરૂને કે પોતા થકી થયેલ સંસારી જીવો - પુત્રોને સોંપવાનો ઈન્કાર કરે છે. ઉલટું આ તેજસ્વી ગોરક્ષનાથને પરણવાની

ઈચ્છા વ્યક્ત કરે છે. ગોરક્ષનાથની પૃચ્છાના ઉત્તરમાં એ ગણિકા પોતાનું નામ કપિલા જણાવે છે.

જવાબમાં ગોરક્ષનાથ જણાવે છે કે કપિલા એ તો મારી જન્મદાતા ગૌમાતાનું નામ છે. માતા સાથે લગ્ન થાય નહિ કહી પ્રસ્તાવનો ઈન્કાર કરે છે.

હવે ગોરક્ષનાથ પોતાના ગુરૂ મત્સ્યેન્દ્રનાથને રૂબરૂ મળે છે કે જે ગુરૂએ જ આખીય લીલા શિષ્યની કસોટી માટે વિકુર્વી હતી. ગુરૂ શિષ્યને કહે છે કે હું તારી સાથે આવું તો ખરો પણ પહેલાં મારા બે પુત્રોને નદીમાં સ્નાન કરાવીને લઈ આવ. આજ્ઞાંકિત શિષ્ય ગુરૂ આજ્ઞાને શિર્ષાવંધ લેખી બંને ગુરૂપુત્રોને નદીકિનારે લઈ જઈને ધોબીપછાડ સ્નાન કરાવીને ઝાડ ઉપર સુકવવા લટકાવી દે છે. ગુરૂ પૂછે છે કે દીકારાઓ ક્યાં ગયા ? ત્યારે ઉત્તરમાં શિષ્ય ગોરક્ષનાથ ગુરૂપુત્રોને ઝાડ ઉપરથી ઉતારી જમીન ઉપર સુવાડી દે છે. આ સમયે ગુરૂ માયાકંદન કરે છે. ત્યારે શિષ્ય ગોરક્ષ પાણીની છાંટ નાંખીને બંને ગુરૂપુત્રોને સજીવન કરે છે. ગુરૂ મત્સ્યેન્દ્રથ શિષ્ય ગોરક્ષની આ સિદ્ધિ નિહાળી પ્રસન્ન થાય છે અને પોતાની વિકુર્વેલી લીલાને પૂર્ણપણે સંહરી (સંકેલી) લઈને શિષ્ય ગોરક્ષનાથ સાથે ગુરૂ મત્સ્યેન્દ્રનાથ પ્રસન્ન ચિત્તે પરત સિધાવે છે. છતાં વળી પાછા ગુરૂ શિષ્ય ગોરક્ષની ધ્યાન બહાર બે સુવર્ણના પાણા પોતાની ઝોળીમાં મૂકી દે છે. જંગલમાંથી પસાર થવાનું આવતા, સ્થંડિલ (ગુરૂશંકા) માટે જવું છે કહીને ઝોળી શિષ્યને આપી ભયથી સાવધ રહેવાનું સૂચન કરી આગળ નીકળી જાય છે.

હવે આગળ વધતાં શિષ્ય વિચાર કરે છે કે આપણી જોગીને પાસે કાંઈ છે નહિ અને જંગલમાં ખાસ કાંઈ ભય જેવું છે નહિ કારણકે વાતાવરણ બધું શાંત છે તો પછી ગુરૂએ ભયથી સાવધ રહેવાં શા માટે કહ્યું ? નક્કી કાંઈ ભેદ છે. કહેવાનું કોઈ તાત્પર્ય છે. શંકાશીલ બનેલા શિષ્યે ગુરૂની ઝોળી ખોલીને જોતાં બે સુવર્ણપાણા નિહાળતાં વસ્તુસ્થિતિને કળી ગયા. શિષ્યે એ બંને સુવર્ણપાણાને જંગલમાં દૂર ફગાવી દીધાં. ગુરૂનો તો શિષ્ય પરીક્ષણ અર્થેનો તુક્કો જ હતો.

ગુરૂ સ્થંડિલ ગયા હતાં ત્યાંથી પરત ફરતાં શિષ્યને પૃચ્છા કરે છે કે સુવર્ણપાણા ક્યાં ગયાં ? શિષ્યે તો બે સુવર્ણપાણા ફેંકીને જ્યાં બે સુવર્ણના પહાડો ખડા કરી દીધાં હતાં તે દિશા ગુરૂને બતાવી.

ગુરૂએ શિષ્ય ગોરક્ષનાથની સિદ્ધિઓની અને સિદ્ધિઓની પ્રાપ્તિ છતાં શિષ્યની નિઃસ્પૃહતા અને નિરહંકારિતાની પ્રસંશા કરી. આમ શિષ્ય ગોરખનાથ ગુરૂ મત્સ્યેન્દ્રનાથની બધી ય નાની મોટી કસોટીઓમાંથી હેમખેમ પાર ઉતર્યાં અને પારંગત ઠર્યાં.

ગુરૂએ જેટલી જેટલી લીલાઓ કરી હતી તે બધી માત્ર શિષ્યના પરીક્ષણ હેતુભૂત જ કરી હતી. ગુરૂ પોતે તો પોતાના સ્વરૂપમાં પૂર્ણપણે જાગૃત હતા. કુંડલિની યોગ દ્વારા, સોડહમ્‌ના અજપાજાપના સાધનથી પરમપદ સ્વરૂપ આત્માથી આત્મામાં લય સ્થિતિને કેમ પામવી તેના પ્રચાર અને પ્રસાર માટે આખાય ભારતવર્ષમાં તેમણે પર્યટન કર્યું.

**સમીક્ષા :** અત્રે 'ચેત્‌' શબ્દ પૂર્ણ ચૈતન્યને લાગુ પડે છે. જેને પ્રમાણ કહી શકાય એવી પરમાત્મ તત્ત્વમાં ઉપયોગની પૂર્ણપણે લયલીનતા સધાઈ ગઈ છે એવી અપ્રમત્તદશાનું સાતત્ય અને વ્યુત્થાનદશાની ચડ ઉતર અવસ્થામાં વર્તતી પૂર્ણ જાગૃતિને આ ચેત્‌ શબ્દ નિર્દેશ કરે છે.

ચૈતન્ય જો 'પ્રમાણ' છે તો મત્સ્યેન્દ્રનાથ એ 'પ્રમેય' ગણાય. હવે 'મત્સ્યેન્દ્રનાથ' શબ્દની વ્યુતપત્તિ વિષે વિચારણા કરીએ. 'મત્સ્ય' એ અષ્ટમંગલમાંના એક 'મીનયુગ્મ' રૂપ મંગલ છે. તો પણ તાંત્રિકો પોતાની પંચ મકારની ભાષામાં મત્સ્ય શબ્દને એક 'મ'કાર ગણે છે. તેની અધ્યાત્મિક દૃષ્ટિએ વિચારણા કરીએ તો 'મત્સ્ય યુગલ' એ પિંડ (દેહ)માં રહેલાં બે નસકોરાંના સ્થાને છે કે જે દ્વારા શ્વાસ ઉચ્છવાસની ઈડા પિંગલા નાડી દ્વારા થતી પ્રક્રિયા છે. પિંગલા એ સૂર્યનાડી છે જ્યાર ઈડા એ ચંદ્રનાડી છે. સૂર્ય એ આત્માનો કારક છે અને ચંદ્ર એ જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ મનનો કારક છે. સૂર્યચંદ્રના મિલનથી પિંડ-બ્રહ્માંડમાં યોગાગ્નિનું પ્રાગટ્ય થાય છે. પરિણામ સ્વરૂપ 'સોડહમ્‌'નો અજપાજાપ થવા માંડે છે. સોડહમ્‌ના અજપાજાપથી આત્મપ્રદેશને

ચોંટી રહેલાં અને આત્મપ્રદેશાને આવૃત (આચ્છાદિત) કરનારા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો બંધ, પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ (રસ) થી શિથિલ થાય છે. કર્મનિર્જરા સધાય છે તેથી નિર્મળતા આવતી જાય છે.

આત્મા સત્તાથી તો સિદ્ધ સમ છે. અનાદિથી શુદ્ધ છે. પણ આ ઉપરોક્ત પ્રક્રિયાથી પર્યાયમાં રહેલી અશુદ્ધતા કર્મનિર્જરાના પરિણામે વિશેષ કરીને નિર્જરે છે જેથી કરીને આત્માની શુદ્ધતા પર્યાયમાં પણ ઝળકે છે. આત્મા તો અનંત શક્તિનો પિંડ છે. તે મન, ઈન્દ્રિયો, રાગાદિ પરિણામથી પર છે. આત્મા એ અતીન્દ્રિયનો વિષય છે અને તે અનુભવમાં વેદાય છે. એટલે જ મત્સ્યેન્દ્રનાથ શબ્દમાં 'મત્સ્ય' એટલે પિંડ (દેહ) પ્રક્રિયા જે યોગની પરિભાષામાં 'મીનમારગ' તરીકે ઓળખાય છે. 'નાથ' એટલે સ્વામીપણું. ચૈતન્ય એ સ્વામી છે.

તત્ત્વદષ્ટિથી વિચારતા આ વાત મત્સ્યેન્દ્રનાથની નથી પણ સ્વયંના ચૈતન્યને પૂર્ણપણે જાગૃત કરવાની છે. પિંડ (દેહ)થી પર આત્માથી આત્મામાં નિમજ્જન કરવું - લયલીન થવું. ટુંકમાં કહેવાનું એ છે કે 'મત્સ્યેન્દ્રનાથ' શબ્દ દ્વારા પ્રમેયથી પ્રમાણમાં જવું. આને સાધનાનો - સાધનામાર્ગનો એક પ્રકાર જાણવો. આ વાતને વધુ ન વિસ્તારતા શબ્દવિરામ ઉચિત રહેશે.

હવે મત્સ્યેન્દ્રનાથ જો પ્રમેય ગણાય તો શિષ્ય ગોરક્ષનાથ એ પ્રમાતા છે. અહીં 'ગોરક્ષ' શબ્દ અત્યંત પારિભાષિક જણાય છે. 'ગો' થી ઈન્દ્રિયસમુહ જાણવું એટલે કે પિંડ-દેહમાં ઔદારિક સ્થૂલ શરીર, તેજસ અને કાર્મણ સૂક્ષ્મ શરીર જાણવું. સ્થૂલ ઔદારિક શરીર વિકલ્પે વૈક્રિય કે આહારક શરીર પણ હોઈ શકે છે. ઉપરાંત ઈન્દ્રિયો અને તેના વિષયો, કર્મેન્દ્રિયો અને તેના વિષયો, મનની ચંચળતા, સંકલ્પ-વિકલ્પમાં બુદ્ધિનો અભિગમ, બુદ્ધિના તર્ક વિતર્ક, ચિત્ત અને તેની આગળા પાછળા કુસંસ્કારો કે સુસંસ્કારોથી યુકતતા, અહંકાર, કષાય સમુહ, માર્ગણા સ્થાન, ચૌદ ગુણસ્થાનક ક્રમારોહ કે જે ઉત્તરોત્તર મોહક્ષીણતા અને ભાવવિશુદ્ધિને સૂચવનારા છે તે, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ, કર્મ, કર્મચેતના, કર્મફળચેતના, ઘાતિ અઘાતિ કર્મની ૧૪૮ પ્રકૃતિઓ ઈત્યાદિ બધું જડ કર્મથી યુક્ત હોવાથી પૌદ્‌ગલિક છે. આમ આ 'ગો' શબ્દ અંધકારમયતા

એટલે કે મિથ્યાત્વ સુચક શબ્દ છે.

આત્મા અનાદિથી સત્તાથી શુદ્ધ છે, પૂર્ણ છે, તેથીજ દેહભાવથી પર થવાની વાત છે. આત્માનું અધિષ્ઠાન્ નિત્ય જાગૃત અવસ્થામાં વેદાવું જોઈએ.

ગોરક્ષ શબ્દમાં 'ગો' પછી 'ર્' અક્ષર યોગાગ્નિ સૂચક છે. આમ પણ વર્ણમાળામાં 'ર્' અગ્નિતત્ત્વસૂચક વર્ણ જણાવેલ છે. આ યોગાગ્નિ આત્મપ્રદેશ ઉપર રહેલ કર્મરજનું નિર્મૂલન કરે છે. નિર્જરા આત્યંતિકપણે અનુભવાય છે. આગળ ગોરક્ષ શબ્દમાંનો 'ક્ષ' વર્ણ ક્ષપક સૂચક છે. એ બતાવે છે કે સર્વ કર્મ ઉપાધિથી પૂર્ણ નિર્મૂલન થઈ શુદ્ધોપયોગમાં રમણતા કરવી. સ્વ તત્ત્વમાં રમણતા - વેદન - અનુભવન એ જ જ્ઞાન ચેતનાનું લક્ષણ છે. લક્ષણથી લક્ષમય થવાનું છે. તેથી જ 'ગોરક્ષ' શબ્દથી પ્રમાતાથી પ્રમેય અને પ્રમેયથી પ્રમાણ એવા ચૈતન્યમાં લીન થવાનું છે. અર્થાત્ આત્મા વડે આત્માએ આત્મામાં અપ્રમત્તપણે લયલીન થવાનું સૂચવે છે. કથા 'ગોરક્ષ'ની છે પણ લક્ષ્યાર્થ એ છે કે શુદ્ધ ચૈતન્યમાં રમમાણતાનો લક્ષ્યવેધ કરવાનો છે.

અહીં, 'ચેત્ મત્સ્યેન્દ્ર ગોરક્ષ આયા' - 'ચેત્ મછંદર ગોરખ આયા' માં 'આયા' શબ્દ જાગૃત સ્થિતિ એટલે કે સભાનતાપૂર્વકની આત્મજાગૃતિ અર્થાત્ આત્માનું વેદન - આત્માનુભૂતિ કરવી. 'આયા' શબ્દમાંના 'આ' અક્ષરથી આત્માની અવ્યાબાધ સ્થિતિમાં પરિણામ પામવું. વર્ણમાળામાં 'ય' વાયુતત્ત્વ સૂચક છે. જેનું પરિણમન નક્કરતા છે. વાયુનું ભક્ષણ કરનારા યોગીઓ તેના પર જીવનારા હોય છે. અહીં 'વાયુનો જય તો મનનો જય' એ ઉક્તિથી મનોજય કરવાનું સૂચવે છે. પરંતુ મન જ જ્યાં જડ છે અને પૌદ્ગલિક છે તો તેના જીતવાના પુરુષાર્થથી કાંઈ આત્મા પામી શકાતો નથી. જડની સત્તા જેમ સ્વતંત્ર છે તેમ આત્માની સત્તા પણ સ્વતંત્ર છે. જડના અવલંબનથી આત્મા પમાતો નથી. એટલે કે 'પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકળ અને પરભાવ'થી 'સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ (વર્તમાન સમય) અને સ્વભાવને પમાતો નથી. જડના આલંબનથી અશુભથી છૂટી શુભમાં જવાય છે પણ શુદ્ધ થવાનું નથી. શુદ્ધ થવા માટે, મુક્તાવસ્થા માટે તો બધાંય શુભ અશુભથી છૂટા થવું પડે અને તે માટે તો

પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરાંગમુખ થઈ સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સન્મુખ થવું પડતું હોય છે. 'સ્વ' એ 'સ્વ' છે જ્યારે 'પર' એ 'પર' છે. તેથી જ વાયુ ('ય'કાર) ને મન સાથે સંબંધ છે. અહીં તો ઉપયોગ કંપનને જેમ દૂર કરવાનું છે તેમ યોગકંપનને પણ દૂર કરવાનું છે. મનોયોગ, વચનયોગ, કાયયોગના સૂક્ષ્મ સ્પંદનમાત્રથી પર થવાનું છે. આત્મપ્રદેશોમાં નિરંતર થઈ રહેલા કંપનથી આત્માનો ગતિ અને આયુષ્ય સાથે સંબંધ છે, જે પૌદ્ગલિક છે. આત્મામાં કંપન નથી. જેથી કાળ પણ ત્યાં અસર કરતો નથી. તેથી 'આયા' શબ્દ દ્વારા આત્માની પૂર્ણ જાગૃતસ્થિતિમા રહેવાનું સૂચવે છે. આત્માથી આત્મમય બની આત્મામાં લયલીન થવાનું છે. તેથી જ 'ચેત્ મછંદર ગોરખ આયા'ના સંબોધનથી મત્સ્યેન્દ્રનાથ કે ગોરક્ષનાથ અવધૂતની આ વાત નથી પરંતુ સ્વયંની ચેતનાને પોતાની પૂર્ણતામાં વસાવવાની આ વાત છે. 'આયા' શબ્દથી 'ચેત્' શબ્દમાં એટલે કે પ્રમાતાથી પ્રમાણ ચૈતન્યમાં ઓગળી (દ્રવી) જવાનું છે.

અત્રે પ્રયોજાયેલા કેટલાંક પારિભાષિક શબ્દોની તુલનાત્મક વિચારણા કરતાં જે રહસ્ય હાથ લાગ્યું છે તે આ પ્રમાણે છે -

**સપ્તશ્રૃંગ :** પિંડદેહમાં રહેલાં અધોમુખી સપ્તચક્રો કે જે નાડીઓની ગાંઠ રૂપ ચક્રો pluxes છે. એ સાત નાડીઓના મિલનસ્થાન રૂપ ચક્રો (૧) મૂલાધાર (૨) સ્વાધિષ્ઠાન (૩) મણિપુર (૪) અનાહત (૫) વિશુદ્ધ (૬) આજ્ઞા (૭) બ્રહ્મરંધ્ર અથવા સહસ્ત્રાર તરીકે ઓળખવામાં આવે છે. મૂલાધારચક્રથી સહસ્ત્રાર સુધીની યાત્રા સુષુમ્ણા નાડીના માર્ગે ત્રણ ગ્રંથિઓને છેદીને અવયવ પદમાં બિંદુ : (વિસર્ગ) માં આરૂઢ થવું. વિસર્ગ (:) એટલે ઉપલો ત્રિકોણ ▲ = સૂર્ય જે શિવ એટલે કલ્યાણનું પ્રતિક છે અને નીચેનો અધોમુખ ત્રિકોણ ▼ = ચંદ્ર જે શક્તિનું પ્રતિક છે. આ બંનેના સાયુજ્યથી આનંદ કેન્દ્રને જાગૃત કરવું.

**શિવાલય :** સામાન્ય સ્થૂલ અર્થ કરતાં શિવાલયનો અર્થ મંદિર કરાતો હોય છે કે જે મંદિરનો પણ લક્ષ્યાર્થ થતો હોય છે કે મનને અંદરમાં લઈ જવાનું એટલે કે અંતર્મુખ થવાનું સ્થાન તે મંદિર. પરંતુ જો શિવાલયનો સૂક્ષ્મ લક્ષ્યાર્થ કરીએ તો શિવ એટલે પરમાત્મા અને આલય એટલે રહેવાનું સ્થાન. અર્થાત્

શિવ (પરમાત્મા)ને રહેવાનું (વસવાનું - નિવાસનું) આલય (સ્થાન) તે શિવાલય. લક્ષ્યાર્થથી પૂર્ણ પ્રકાશમય - જ્યોતિર્મય સ્વયંનું જે સ્વરૂપ છે તેમાં નિવાસ કરવો તેને શિવાલય જાણવું.

**સ્ત્રી-દેહ :** પ્રકૃત્તિનું તત્ત્વ છે જેમાં ચંચળતાનો પ્રસાર છે. જે ચંદ્ર-મન-નદીના-શક્તિના પ્રતિક રૂપે છે. અખિલ સંસાર 'આ' કાર જ્યાં નામ અને રૂપથી યુક્તતા છે. સ્ત્રી દેહ કિંતુ પુરુષ ચૈતન્યથી યુક્ત પર્યાય અવસ્થા વગેરે ચિંતવી શકાય. પ્રકૃતિની સહાયથીજ પુરુષે પોતાના પૌરુષત્વને પ્રગટ કરી પ્રકૃતિથી જુદા પડી પૂર્ણરૂપને પ્રગટ કરવાનું છે.

**વિભૂતિ-રાખ :** આપવાનો ભાવ તો અનુગ્રહ. વસ્તુની મહત્તા નથી. માંગવાની ચીજ તો આખરે કાળાંતરે રાખમય થનાર છે - પંચભૂતોમાં મળી જનાર - ભળી જનાર છે. તેથી તારામાં યોગાગ્નિ પ્રગટાવ કે જે દ્વારા ઉપાદાન તૈયાર થાય. એમ રાખમાંનો 'રા' સૂચવે છે. 'ખ' સૂચવે છે કે આકાશવત્ થવું. આકાશ જેવાં અરૂપી, અવિનાશી, વ્યાપક અને સતત, સરળ, સહજપણે સ્વગુણ કાર્ય કરનારા થવું. આકાશ તત્ત્વ જેવું છે તેવાં આકાશમાં જ્ઞાયકતા (પ્રકાશકતા) અને વેદકતા ઉમેરી દેવામાં આવે તો તે સિદ્ધાત્મા - શુદ્ધાત્મા - પરમાત્માનું સ્વરૂપ બની જાય. એથી જ તો આત્માને ચિદાકાશ તરીકે પણ ઓળખાવાયો છે. દેહભાવને વિલીન કરવો (કેમકે અંતે દેહની તો રાખ થનાર છે) અને અધ્યસ્થએ સતત અધિષ્ઠાન એવાં આત્મામાં અધિસ્થિત થઈને રહેવું.

**ગાયનું છાણ (પોદળો) :** ગોરક્ષનો જન્મ છાણમાંથી થયો તે કથાવસ્તુનું તાત્પર્ય એ છે કે કમલ જેવું સુંદર પવિત્ર મનાતું પૂષ્પ પણ કાદવમાં નિપજે છે અને પરમાત્માના ચરણે ચડે છે. તેમ ગોરક્ષ જેવાં યોગી આત્મા કે જે છાણમાંથી જન્મ લે છે અથવા તો ત્રેસઠ શલાકા પુરુષો જેવાં ઉત્તમ આત્મા સ્ત્રીયોનિ જેવી મલિન જગ્યામાંથી જન્મ લે છે અને ગર્ભ જેવી ગંધાતી અંધારી કોટડીમાં રહેવું પડે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સુંદરતા અને મહાત્મ્ય આત્માનું છે. ગમે એવી કારમી પ્રતિકુળતા હોય તો તેની વચ્ચે તેમાંથી પણ પુરુષાર્થ

કરાય તો આત્મતેજ પ્રગટી ઊઠે છે અને પૂરુ જેને ઈષ્ટ છે એવો પુરુષ પોતાની પૂર્ણતાની પ્રાપ્તિની પૂર્તિ કરે છે.

**ઉર્ધ્વરેતસ્ :** બિંદુ (વીર્ય)નું ધારણ તે બ્રહ્મચર્ય અને વીર્યના ઉર્ધ્વીકરણથી આત્મતેજનું પ્રાગટ્ય એ ઉર્ધ્વરેતસ્ છે. સ્ત્રી સંબંધમાં રજનું પણ સ્ખલન ન થાય તો ઉર્ધ્વરેતસ્ બની શકાય. નાભિ કે જે મણિપુરચક્ર છે અને જ્યાં આઠ રુચક પ્રદેશો રહેલાં છે તે ચક્રથી પ્રારંભ કરી ઉપર ઉપરના ચક્રોએ ધ્યાનથી તે તે ચક્રોને સ્પંદિત કરી તેનું ભેદન કરતાં જઈ કુંડલિની શક્તિ એવી ચિદ્‌શક્તિનું ઉર્ધ્વીકરણ કરવું એટલે કે કર્મના આવરણો ને હઠાવતા જઈ ચેતના જે આઠ રૂચક પ્રદેશ સ્થિત છે તેનો ઉઘાડ કરતાં જવું, ઉર્ધ્વીકરણ કરતાં જવું તે ઉર્ધ્વરેતસ્ છે. ઉર્ધ્વરેતસ્‌પણાથી ભવાભિનંદિપણું તૂટે, આવરણ હઠે અને ચેતના નવપલ્લવિત થાય. અધોમુખી, અધોગામિની, ભોગગામિની ચિદ્ શક્તિ ઉર્ધ્વમુખી ઉર્ધ્વગામિની, યોગગામિની થઈ શિવ સાયુજ્યની બની સ્વરૂપ શક્તિ, અનંતશક્તિ, અનંતસુખ, અનંતદર્શની, અનંતજ્ઞાની રૂપે સ્થાયી થાય છે. મણિપુરચક્રથી નીચેના ચક્રોનું ધ્યાન અધોરેતસ્‌પણામાં પરિણમે છે, જે ભોગી બનાવે છે. વીર્યના સ્ખલનથી જીવ અધોરેતસ્ બને છે. કેટલાંક મંત્રોના ઉચ્ચારણથી પણ ચક્રો સ્પંદિત થતાં હોય છે. ઉપરના ચક્રોને સ્પંદિત કરનારા મંત્રોચ્ચારથી ઊર્જા ઉપર ઉઠે છે અને તેથી વિપરીત નીચેના ચક્રોને સ્પંદિત કરનારા મંત્રોચ્ચારથી ઊર્જા નીચેની તરફ વહે છે જે ભોગી બનાવે છે.

**યોગાગ્નિ :** શરીરસ્થ પ્રાણ જે સીધો ઉર્ધ્વગતિ સૂચક ▲ ત્રિકોણ સૂર્ય છે કે પછી અગ્નિ વિધેયાત્મક ઊર્જા **Positive Energy** છે તે અનાહતચક્રમાં રહેલ છે. એ સદાય ઉર્ધ્વસ્થ દશામાં હોય છે.

જ્યારે મૂલાધાર ચક્રમાં રહેલો અપાનવાયુ (ચંદ્ર) જે નિત્ય અધોગતિ સૂચક ઉલટો ત્રિકોણ ▼ તે ચંદ્ર અને નિષેધાત્મક ઊર્જા **Negative Energy** છે. એ નિહાર - મલમૂત્ર વિસર્જક ઊર્જા છે.

ગ્રંથિભેદ દ્વારા સુષ્મણા નાડી કાર્યાન્વિત થતા ઉર્ધ્વસ્ત બનીને અપાનવાયુ જ્યારે સહસ્રારચક્રને ભેદે છે ત્યારે પ્રાણ અને અપાનના ઘર્ષણથી જે અગ્નિ

પ્રગટ થાય છે તે યોગાગ્નિ છે જે શરીરસ્થ યોગાગ્નિને માત્ર સાધક જ પોતે પોતાના દેહમાં અનુભવી શકે છે. અધોમુખી ચક્રો ઉર્ધ્વમુખી થાય છે, ચક્રો સ્પંદિત થઈ કાર્યાન્વિત બને છે. સાધક અતીન્દ્રિય દિવ્ય સુખાનંદને વેદે છે અને સાથે આત્મપ્રદેશ પરથી કર્મરજ નિર્જરણ થાય છે.

**લીલા-ભ્રમજાળ :** આત્મવિસ્મૃતિ.

અનુપ્રેક્ષક : યોગારૂઢ યોગસાધક આત્મા.

★ ★ ★

# પદ ૫-૨૯ અનુલક્ષિત પરિશિષ્ટ - ૫

## ॥ आत्माष्टकम् ॥

मनोबुद्धयहंकार चित्तानि नाहं
न च श्रोत्रजिव्हे न च घ्राणनेत्रे ।
न च व्योमभूमिर्न तेजो न वायुः
चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम् ॥१॥
न च प्राणसंज्ञो न वा पञ्चवायुः
न वा सप्तधातुः न वा पञ्चकोशः ।
न वाक्पाणिपादं न चोपस्थपायु
चिदानन्दरुपः शिवोऽहम् शिवोऽहम् ॥२॥
न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्य भावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्षः
चिदानन्दरुपः शिवोऽहम् शिवोऽहम् ॥३॥
न पुण्यं न पापं न सोख्यं न दुःखं ।
न मन्त्रो न तीर्थो न वेदा न यज्ञः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानन्दरुपः शिवोऽहम् शिवोऽहम् ॥४॥
न मे मृत्युशंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः
चिदानन्दरुपः शिवोऽहम् शिवोऽहम् ॥५॥
अहं निर्विकल्पो निराकार रुपः
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणि ।
सदा मे समत्वं न मुक्तिर्न बन्धः
चिदानन्दरुपः शिवोऽहम् शिवोऽहम् ॥६॥

– शंकराचार्य.

# પરમપદ પ્રાપ્તિ પ્રાર્થના

ન પુણ્ય હો, ન પાપ હો, ન જન્મ મરણ સંતાપ હો;
એ અક્ષય અવિકલ અચલ સ્થાને,
આત્મા કેરો વાસ હો, મમ આત્મા કેરો વાસ હો ! ૧.

ન જન્મ હો, ન મરણ હો, ન સત્તા હો, ના શરણ હો;
એ અજર અમર અંતિમ સ્થાને, આત્મા કેરો વાસ હો ! ૨.

ન તૃષા હો, ના ભૂખ હો, ન અલ્પ સુખ ના દુઃખ હો;
એ અવિનાશી અકલંક સ્થાને આત્મા કેરો વાસ હો ! ૩.

ના ગંધ હો, ના સુગંધ હો, ન આંખ હો ના અંધ હો;
એ અગમ અદ્‌ભૂત આદિ સ્થાને આત્મા કેરો વાસ હો ! ૪.

ના રૂપ હો, ના કુરૂપ હો, જ્યાં આત્મ સહજ સ્વરૂપ હો;
એ અનાદિ અનંત અરૂપી સ્થાને આત્મા કેરો વાસ હો ! ૫.

ન આદિ હો, ન અંત હો જ્યાં વાસ સિદ્ધ ભગવંત હો;
એ અભય અવર્ણ અભેદ સ્થાને આત્મા કેરો વાસ હો ! ૬.

- રચયિતા : ગજાનન ઠાકુર.

★ ★ ★

# પદ ૧૪ અનુલક્ષિત પરિશિષ્ટ - ૬

નાવમેં નદીયા ડૂબી જાય; મુજ મન અચરીજ થાય. ૧.

કીડી આવી સાસરે રે, સો મણ ચૂરમો સાથ;
હાથી ધરિયો ગોદમાં રે, ઊંટ લપેટ્યો જાય. ૨.

કચ્ચા ઈંડા બોલતા, બચ્ચા બોલે નાય;
નિજ દર્શનમેં સંશય પડીયો, સહેજ મુક્તિ મિલ જાય. ૩.

એક અચંબો ઐસો દેખ્યો, માછલી ચાવે પાન;
ઊંટ બજાવે બંસરી રે, મેઢક જોડે તાલ. ૪.

એક અચંબો ઐસો દેખ્યો, મડદું રોટી ખાય;
મુખસેં તો બોલે નહી રે, ડગ ડગ હસતો જાય. ૫.

બેટી બોલે બાપને રે, વિણ જાયો વર લાય;
વિણ જાયો વર નહિ મળે તો, મુજશું ફેરા ખાય. ૬.

સાસુ કુંવારી, વહુ પરણેલી, નણદલ ફેરા ખાય;
દેખણવાલી હુલર જાયો, પાડોશણ હરખાય. ૭.

એક અચંબો ઐસો દેખ્યો, કુવામાં લાગી લાય;
કચરો સબ બળી ગયો, પણ ઘટ તો ભર ભર થાય. ૮.

આનંદઘન કહે સુનો ભાઈ સાધુ, એ પદસે નિર્વાણ;
ઈસ પદકા અર્થ કરે સો શીઘ્ર સાધે કલ્યાણ. ૯.

અવધૂત યોગીરાજ આનંદઘનજી મહારાજાના સામાન્યત: પ્રાપ્ત ૧૧૦ પદમાં આ પદનો સમાવેશ થયેલ નથી. ભાષા અને શૈલી પણ આનંદઘનજી મહારાજશ્રીના જણાતા નથી. પરંતુ આ કોયડારૂપ પદ હોવાથી એક પડકારરૂપે પદના રહસ્યને સમજાવવાનો યથાશક્ય પ્રયત્ન અત્રે કરેલ છે.

યોગીરાજજીનું હોય કે અન્ય કોઈનું હોય પણ આ પદ એટલે ઉખાણું કે કોયડો છે. યોગીરાજજીના ૧૧૦ પદમાં પણ કોઈક કોઈક આવા કોયડા સ્વરૂપ

પદ છે.

કોઈક કોઠાસૂઝવાળા વિરલા જ આવા કોયડા ઉકેલી શકે એમ છે. છતાંય ખાત્રી તો નહિ જ થાય કે રચયિતા જે કહેવા માંગે છે તે આમ જ હશે કે જેમ વિચારાયું છે.

પ્રશ્ન એ પણ ઉદ્‌ભવે છે કે સીધેસીધું આધ્યાત્મ (તત્ત્વજ્ઞાન) પીરસવાને બદલે શા માટે આવી આડીતેડી આંટીઘૂંટી ભરી રહસ્યમય વાતો કરીને ગૂંચવે છે અને મગજ પકવે છે ? ભાઈ ! મગજ પકવવાનું - પરિપકવ જ બનાવવાનું છે. ફળ પાકે તો મોંમાં પાણી છૂટે અને રસ ઝરે. વળી ફળ પાકે તો જ શાખા એને પકડમાંથી છૂટું કરી મુક્ત કરે. મગજને પકવવા, બુદ્ધિને સૂક્ષ્મ, તેજસ્વી, ધારદાર બનાવવા માટે જ ચોથા ગણિતાનુયોગનું આયોજન થયું છે. સંસારી જીવ રાગી મટી વીતરાગી થઈને અજ્ઞાની મટી જ્ઞાની થઈ કેવળજ્ઞાની બને તો સંસાર એ સંસારીને સંસારની પકડમાંથી મુક્ત કરે.

સીધે સીધું સહેલાઈથી મળી ગયેલું હોય તેની કિંમત આપણને કેટલી ? કહે છે.... "સહજ મિલા સો દૂધ બરાબર !" રત્નના મૂલ્યથી બીનવાકેફ અબુધ ભરવાડ એને કાચનો કટકો માની વેડફી નાખતો હોય છે એવી આપણી સ્થિતિ છે.

વળી જેટલી જેટલી ઊંધી ઊંધી વાતો કરાય તેટલો સામો ગૂંચવાય અને ચોંકે - ચમકે, કે આવી ઊલટી વાતો તે કેમ કરીને હોય ?

કૃતિકારને આજ જોઈતું હોય છે કે આપણે એની કૃતિને જોતાં, વાંચતા, સાંભળતાં ગૂંચવાઈએ, મુંઝાઈએ, ચોંકીએ, આશ્ચર્યચકિત થઈ જઈએ કે જેથી આપણી તર્કની તલવારો અને બુદ્ધિની બંદૂકોના હથિયારો હેઠા મૂકી શરણાગતિ સ્વીકારીએ ! આપણો બુદ્ધિનો ફાંકો ઉતરી જાય અને અહંકાર ઓગળી જતાં આપણા અજ્ઞાનનો સ્વીકાર કરતાં થઈ, જ્ઞાની ગુણીજન એવાં ગુરુજનોનો આદર-બહુમાન કરતાં થઈએ. પૂર્ણજ્ઞાન - બ્રહ્મજ્ઞાન - કેવળજ્ઞાન શું છે ? એને સમજતાં થઈ એનું લક્ષ રાખતાં થઈએ.

કૃતિકારનો હેતુ ઊલટી ઊલટી વાતો કરી આપણો વર્તમાન માર્ગ ઊલટો છે ત્યાંથી ઊલટાવી, ઉથલાવીને સુલટાવીને સુલટા માર્ગે ચઢાવવાનો છે. સાધારણ રીતે જીવની જાત હઠીલી, તોરીલી, બાળક જેવી અવળચંડી, અળવીતરી છે. તેથી જ દક્ષિણમાં મોકલવો હોય તો કહેવું પડે કે ઉત્તરમાં જા ! ઊલટી ખોપરીના આપણે ઊલટું જ કરીએ તેથી આપણા હિતેચ્છુએ આપણી સાથે ઊલટા હાથે - ડાબા હાથે જ કામ લેવું પડતું હોય છે.

ઉપરાંત ઊલટી વાતોમાં બુદ્ધિને કસવી પડે છે, મગજમારી - મથામણ કરીને મગજ કસવું પડતું હોય છે. શ્રવણથી આગળ વધી વિચારક બની ચિંતન, મનન, મંથન કરવું પડતું હોય છે અને ત્યારે એ મંથનમાંથી માખણ હાથ લાગે છે. સ્થૂલ બુદ્ધિ સૂક્ષ્મ બની તીક્ષ્ણ થઈ લક્ષ્યને વીંધી બુદ્ધત્વને પામતી હોય છે.

એકને એક બે એ તો આખું જગત જાણે અને જણાવે પરંતુ એકને એક મળી ચાર થાય એમ કહીએ તો ? તરત પ્રશ્ન છૂટે કે કેમ કરીને થાય ? ગણિતમાં એકને એક મળી બે થાય એ બરોબર છે પણ સંસારમાં તો અમે બે અને અમારા બેના વ્યવહારે એકમાં એક મળતાં ચાર થાય કે નહિ ? તો વળી એથી વિપરીત અધ્યાત્મક્ષેત્રે તો એકમાં એક મળતાં એક જ રહે કેમકે દ્વૈત, દ્વૈત મટી અદ્વૈત થાય. આત્મામાં વીતરાગતા આવી મળતાં એક પરમાત્મા જ શેષ રહે છે. અર્થાત્ ચેતન - શુદ્ધ ચેતન શેષ રહે છે અને ચેતન સિવાયનું જડ બધું નીકળી જાય છે. આમ અહીં કર્યો ઉમેરો - સરવાળો પણ થઈ બાદબાકી. અરે ! એ તો એવી પૂર્ણતાની પરાકાષ્ટા છે કે એ પૂર્ણમાંથી લ્યો તોય પૂર્ણ રહે અને ઉમેરો તોય પૂર્ણ રહે. એ તો દરિયો - સાગર છે. એમાંથી ચાંગળુ પાણી લેવામાં આવે કે ઉમેરવામાં આવે એ સાગર, સાગર જ રહે છે.

વળી આ પદ્ધતિમાં લાઘવતા આવે છે. ઘણું બધું કહેવાનું હોય તે એકાદ શબ્દમાં, થોડા શબ્દમાં, એકાદ પંક્તિમાં, એકાદ દુહામાં કે ચાર છ ચરણના એકાદા પદમાં કહેવાય જાય છે. એટલું જ નહિ પણ તત્ત્વના વિધેયાત્મક અને નિષેધાત્મક ઉભય પાસાને એક સંગાથે કહી શકાતા હોય છે. અધ્યાત્મ પીરસવાની

આ પદ્ધતિ એ એક એવી અદ્‌ભૂત કલા છે કે જેમાં અસ્તિ નાસ્તિનું યુગપદ્ કથન શક્ય બનતું હોય છે.

એક નાનકડી કેપ્સ્યુલમાં અવકાશયાત્રીને અઠવાડિયાનો ખોરાક મળી જાય એવી વ્યવસ્થા હોય છે. એના જેવાં જ આ શ્લોકો - સુભાષિતો - પદો હોય છે. આ અંગે બહુ પ્રસિદ્ધ ઉદાહરણ છે કે કોઈએ બુદ્ધિની પરખ કરવા પૂછ્યું કે.... "રોટી જલી ક્યું ? પાન સડા ક્યું ? ઘોડા અડા ક્યું ?" ત્રણેય પ્રશ્નોનો એક જ ઉત્તર છે કે...."ફિરાયા નહિ થા". એમ જંગલમાં ભીલની ત્રણ પત્નીઓએ ત્રણ જુદી જુદી માંગણી કરી. ભીલને કહ્યું કે તરસ લાગી છે પાણી લઈ આવ, ભૂખ લાગી છે ભોજન આપ, નિદ્રા આવે માટે સંગીત સંભળાવ. "સરો નડત્થિ" એ બે જ શબ્દોથી ભીલે ત્રણે પત્નીની માંગની પૂર્તિની અસમર્થતા બતાડી.

અખા, કબીર, નરસિંહ મહેતા જેવાં સંત કવિઓએ પણ આવી શૈલી અપનાવી હતી.

તો હવે આટલી પૂર્વભૂમિકા બાદ ઉપરોક્ત પડકારરૂપ પદ ગર્ભિત રહસ્યોદ્‌ઘાટનનો યથાશક્ય પ્રયત્ન કરીએ !

★

**નાવમેં નદીયા ડૂબી જાય, મુજ મન અચરીજ થાય. ॥૧॥**

નાવ નદી ઉપર તરતી અને નાવમાં વજન વધી જતાં કે કંઈક ખામી સર્જાતા નાવને નદીમાં ડૂબી જતી સાંભળી છે, જોઈ છે, અનુભવી છે. પણ આ તો આપ શું વાત કરો છો કે નદી નાવમાં ડૂબી જાય ! મને તો તમારી આવી વાતથી નવાઈ ઉપજે છે. આપ મન માને નહિ અને બુદ્ધિમાં ઉતરે નહિ એવી વિસ્મય પમાડનારી ઢંગધડા વગરની આશ્ચર્યકારી વાત કરો છો !

આપ જેવાનું કથન અર્થસભર અને મર્મ-હૃદયને વીંધનારું માર્મિક જ હોઈ શકે. વાતને વાગોળતા, વિચારતા વિચારતા ઝબકારો થયો કે હા ! આપ જે વિસ્મયકારક ચમત્કારીક વાત કહેવા માંગો છો તે આ પ્રમાણે હોવી જોઈએ

કે....

આત્મા એક છે. એક એવો આત્મા અસંખ્યાત આત્મ પ્રદેશોનો ઘન (સમુહ) છે. એવાં એકેક આત્મપ્રદેશોને અનંતાનંત કાર્મણવર્ગણાઓ વળગેલી છે. આમ જીવરૂપ નાનકડી નાવમાં કાર્મણવર્ગણાઓ રૂપી નદી ડૂબી ગયા જેવું થયું છે તે આશ્ચર્યકારી છે. વાસ્તવિકતાએ ખરેખર તો આત્મા કાર્મણવર્ગણાથી પર (મુકત) રહી ભવસાગર ઉપર એટલે કે ચૌદ રાજલોકરૂપ ભવસાગર - સંસારસાગર ઉપર લોકાગ્ર શિખરે સિદ્ધશિલા ઉપર તરતો એટલે કે પોતાના પરમ પારિણામિક શુદ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપમાં રમતો (રમમાણ) હોવો જોઈએ, તેને બદલે એ સંસારમાં ખૂંપી ગયો છે - ડૂબી ગયો છે એ મહા આશ્ચર્ય છે. નાનકડી એવી નાવમાં - આત્મામાં ચૌદ રાજલોકરૂપ સંસાર ડૂબી ગયો છે ચૌદ રાજલોકમાં આત્મા ક્યાં ક્યાં નથી રખડતો ?

હવે આ વાત બીજી રીતે વિચારીએ ! એક જ્ઞાનીએ પૂછ્યું કે આંખ મોટી કે પહાડ ? વ્યાપકતામાં અસીમતા - અનંતતામાં કોણ ચઢે ? જ્ઞાન કે આકાશ ? નાનકડી એવી આંખોમાં ઊંચો, વિશાળ, ભવ્ય એવો પહાડ સમાઈ જાય છે. એકેક આત્મપ્રદેશે રહેલ કેવળજ્ઞાનમાં ચૌદરાજલોક સહિતના લોકાકાશ અને અસીમ એવો આકાશ સમાઈ જાય છે એ અજબ ગજબની અજાયબી નથી શું ? આકાશ ક્ષેત્રથી મહાન સર્વવ્યાપી છે તો આત્મા જ્ઞાનથી મહાન સર્વવ્યાપી છે. એ તો જવા દો, આપણા નાનકડા એવાં મગજ (Brain) માં - ચિત્તમાં કેટ કેટલી સ્મૃતિઓના ગંજના ગંજ ખડકાયેલા છે તેનો વિચાર કરીએ તો પણ વાતનો મેળ ખાઈ જાય એમ છે. આપણા હાલના વૈજ્ઞાનિક સાધનોની વાત કરીએ તો એક નાનકડી CD માં DVD માં કે કોમ્પ્યુટરના સોફ્ટવેરમાં - ફ્લોપીમાં કેટકેટલું સંઘરાયેલું પડ્યું છે !

**કીડી આવી સાસરે રે, સો મણ ચૂરમો સાથ**
**હાથી ધરિયો ગોદમાં રે, ઊંટ લપેટ્યો જાય... (૨)**

જીવ અનાદિકાળથી નિગોદ - સૂક્ષ્મ નિગોદ - અવ્યવહાર રાશિમાં હતો ત્યાં એની દશા અત્યંત સૂક્ષ્મ - તુચ્છ નહિવત્ કીડી જેવી હતી. જેમ કીડીની

જગતમાં કોઈજ કિંમત નથી લોકોના પગ નીચે કચડાઈ કચડાઈને, છૂંદાઈને એનુ જીવન પૂરુ કરવાનું હોય છે તેમ અવ્યવહાર રાશિમાં જીવની કોઈજ કિંમત નથી. એક શરીરમાં અનંતા સાથે રહેવાનુ, સાથેજ આહાર લેવાનો, સાથેજ નિહાર કરવાનો, જન્મ-મરણ પણ સાથેજ કરવાના જીવ હોવા છતાં તેની કોઈજ કિંમત નહિ જડ જેવી દશા કે જ્યાં ચેતના અત્યંત મૂર્છિત થઈ ગઈ છે તેવી સ્થિતિ. અનાદિકાળથી ત્યાંજ જીવનું રહેઠાણ હોવાના કારણે કૃતિકારે તેને પિયરની ઉપમા આપે છે કે જ્યાંથી જીવ બહાર નીકળ્યો. લોકના વ્યવહારમાં આવ્યો સૂક્ષ્મ પૃથ્વીકાય વગેરે સંજ્ઞાને પામ્યો એટલે જાણે કે પિયર છોડીને જીવ રૂપી કીડી સાસરે આવી પણ ત્યાં તેને દહેજમાં તેના બાપ કર્મપરિણામ રાજાએ અનંતાનંત કર્મના થર રૂપ સો સો મણનું ચૂરમું દહેજમાં આપ્યું. હવે વ્યવહારરાશિમાં પણ એક એક યોનિમાં અનંત અનંતકાળ ભટકતા મનુષ્યપણુ, ચરમાવર્તકાળ, હળુકર્મિતા વગેરે પામ્યો. પછી સંત સમાગમથી પોતાની જાતને ઓળખી મિથ્યાત્વરૂપી મહાહાથી ને સમ્યગ્દર્શનના પરિણામથી મહાત કર્યો, પરાસ્ત કર્યો એટલે આત્મા ઉપરથી મિથ્યાત્વ-પ્રત્યયિક પરિણામ કે જે ઐરાવણ હાથી જેવા જાયન્ટ હતા તે તો અટક્યા પણ તોયે આત્મા ઉપર અવિરતિ અને કષાય નિમિત્ત કર્મોનો આશ્રવ તો આવતોજ રહ્યો જે ઊંટ તુલ્ય હતા એટલે કે અપૂર્વકરણના પરિણામથી ગ્રંથિરૂપી હાથીને તો બરાબર ગોદમાં લઈ મસળી નાંખ્યો. હાથીનું લપેટાવાપણું તો ટળ્યુ છતાં હજુ અવિરતિ અને કષાય રૂપી ઊંટનું લપેટાવાપણું તો ચાલુજ રહ્યું. એટલે પિયરથી આવતા કર્મપરિણામ રાજા રૂપી તેના બાપે જે કર્મના જથ્થા રૂપ ચૂરમુ આપ્યું હતું તે ચૂરમુ ઓછુ થયું છતાં મૂળમાંથી તો તે ન જ ગયુ. હજુ જીવ જો સાવધ ન રહે તો ઊંટ ક્યારે હાથી થઈ જાય તે કહેવાય તેમ નથી એવી અવસ્થામાં જીવ સમય પસાર કરી રહ્યો છે.

**કચ્ચા ઈંડા બોલતા, બચ્ચા બોલે નાય,**
**નિજ દર્શનમેં સંશય પડીયો, સહેજ મુક્તિ મિલ જાય...૩.**

જીવ જ્યારે અચરમાવર્તકાળમાં તેમજ ચરમાર્તકાળમાં ભારે કર્મી હોય છે ત્યાં સુધી તેનામાં ભવાભિનંદીપણું હોય છે અને તે ભવાભિનંદીપણું એ જીવની

અપકવ દશા છે. તે કાળમાં તેને સ્વપ્રશંસા અને પરનિંદા અતિપ્રિય હોય છે. આ તેની અવસ્થા તે નહિ પકવ થયેલા તેવા કાચા ઈંડા જેવી છે અને સ્વપ્રશંસાદિ તે બહુ બોલબોલ કરવા સમાન છે. હવે તેમાંથી તે કાળક્રમે ચરમાવર્તમાં તેમજ અપુનર્બંધકાદિ અવસ્થા પામે છે ત્યારે તેને સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળવા મળે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વિગેરે તત્વો સમજાય છે ત્યારે તેને પોતાના આત્મા વિશે સંશય પડે છે કે શું હું ખરેખર ભવ્ય હોઈશ કે અભવ્ય ? શું મારો આત્મા આત્મદર્શન - સમ્યગ્‌દર્શન પામ્યો હશે કે નહિ ? આ વિષયનું જ્યારે અંદરમાં મનોમંથન ચાલે છે - ઘમસાણ થાય છે ત્યારે પોતાની સમજશકિતના બળે તેને ગુરુ ઉપદેશના માધ્યમે પોતાની જાતમાં ભવ્યત્વ હોવા છતા સમ્યગ્‌દર્શનનો અભાવ નિશ્ચિત જણાય છે અને તેથી તેને લાગે છે કે આ ચરમાવર્તકાળ અને તેમાં મને થયેલ મોક્ષની ઈચ્છા, એ તો મારો હજુ બાલ્યકાળ છે. હજુ હું સમ્યગ્‌દર્શન રૂપ ધર્મયૌવન પામ્યો નથી તેથી તે પામવા પોતાની જાતને બાળક સમજી આજુબાજુના તમામ સંયોગોમાં મૌન ધારણ કરે છે અને એક માત્ર મોક્ષ પામવાની તીવ્ર લગન ઊભી કરી તેના કારણીભૂત સમ્યગ્‌દર્શનને પામવા મરણિયો પ્રયાસ કરે છે અને તેમાં જ્યારે સફળતાને વરે છે ત્યારે તેને અંદરથી સચોટ ખ્યાલ આવી જાય છે કે આંશિક મુક્તિ રૂપ સમ્યક્‌દર્શન મળ્યું છે તો હવે પૂર્ણજ્ઞાન રૂપ પૂર્ણ મુક્તિ મળતા વાર નહિ લાગે.

એક અચંબો ઐસો દેખ્યો, માછલી ચાવે પાન,
ઊંટ બજાવે બંસરી રે, મેઢક જોડે તાલા...૪.

જીવ રૂપી માછલીની દષ્ટિ અનંતાનંતકાળથી વિષયકષાય તરફજ હતી. નિતાંત વિષયજનિત સુખ અને કષાયજનિત સુખ એજ એની દષ્ટિમાં હતા. વિષય કષાયની એંઠ ચાટવાનોજ એનો ધંધો હતો અને કદી પણ આત્મા તરફ દષ્ટિ હતીજ નહિ. આત્મિક સુખ શું છે તેનું તેને કદીપણ ભાન હતું જ નહિ. જેમ માછલી જ્યારથી જન્મે ત્યારથી તેને પાણી સિવાય કાંઈજ જોયુ હોતુ નથી, પાણી એજ એનુ જીવન, પાણી એજ એની દષ્ટિ, પાણી એજ એનો ખોરાક, પાણી એજ એનો આધાર, બસ પાણી-પાણી અને પાણી એ સિવાય બીજુ

કાંઈજ એના લક્ષ્યમાં હોતુ નથી. તેમ આ જીવને પણ વિષય અને કષાયના સુખ સિવાય અધ્યાત્મ જગત શું છે એ તેના ખ્યાલમાં હોતુ નથી. જેમ પાણીના સંગે રહેલી માછલી પાણીમાંથી બહાર આવે અને પાન ચાવતી દેખાય તો એ કોને આશ્ચર્ય ન થાય ? એમ અનાદિનો વિષય સંગી જીવ પણ ભવિતવ્યતા સાનુકૂળ થવાથી કાલપરિણતિનો પરિપાક થયેથી સંત સમાગમ પામી હોંશે હોંશે તત્ત્વશ્રવણ કરતો દેખાય તો તે જોઈને કોને આશ્ચર્ય ન થાય ? આ તત્ત્વના શ્રવણનો રસ વધતા વધતા તત્ત્વના મનન અને ચિંતન સુધી પહોંચતા એનો મનમયૂર નાચી ઉઠે છે, રોમરાજી વિકસિત થઈ નેત્રકમળ ખીલી ઉઠે છે, જાણે કે જીવ રૂપી ઊંટ ડોલવા માંડ્યો, તાનમાં આવીને ગાવા લાગ્યો કે અહો ! અહો ! શું પ્રભુનો માર્ગ છે ! શું ત્રણલોકના નાથ તીર્થંકર પ્રભુની વાણી છે ! તેના મુખમાંથી પ્રશંસાના પુષ્પો વેરાવા માંડ્યા. એનો દેહ તો કદરૂપો દેડકા જેવો હતો પણ હવે આ બધાને કારણે પુણ્યપ્રકૃતિ ઉદયમાં આવતાં ભિખારી છતાં દર્શનીયતાની શોભાને પામ્યો એના મન અને વચન, કાયાની સાથે તાલમાં તાલ મિલાવીને સંગીતને છેડવા લાગ્યો, એના દેહમાંથી સુમધુર સંગીત રેલાવા લાગ્યું, પ્રકૃતિ આનંદવિભોર બની. જગતને માટે તે હવે દર્શનીય બન્યો. આ બધું તેના માટે પણ આશ્ચર્યકારી બન્યું અને જગત માટે પણ આશ્ચર્યકારી બન્યુ. એક વખતના દ્રમકની-ભિખારીની ઉપમાને પામેલા અનાથ અને અશરણ એવા જીવે સર્વજ્ઞ પરમાત્મા રૂપી સુસ્થિત મહારાજા ધર્મબોધકર રૂપી સદ્‌ગુરુ અને જિનશાસન રૂપી રાજમહેલને પામીને પોતાની કાયાપલટ કરી નાંખી, તે સંસારી જીવમાંથી સાધુ બન્યો, ભિખારીમાંથી પુણ્યશાળી બન્યો અને લોકબત્રીસીએ પણ એનુ નામ હવે સપુણ્યક તરીકે ગણાવા માંડ્યું.

**એક અચંબો ઐસો દેખ્યો, મડદું રોટી ખાય;**
**મુખસેં તો બોલે નહી રે, ડગ ડગ હસતો જાય. ॥૫॥**

આપણા ઉપયોગમાં આવતા પદાર્થો જીવોએ છોડી દીધેલાં જીવના કલેવરો એટલે કે મડદા છે. જીવો દ્વારા ત્યજી દેવાયેલાં એ પુદ્‌ગલ સ્કંધોમાં બીજા પરમાણુ ભળે છે તે મડદાએ રોટી ખાધા જેવું છે. એ પુદ્‌ગલ પરમાણુ કે પુદ્‌ગલસ્કંધ તો જડ છે, મુખથી કાંઈ બોલતા નથી પણ ડગ ડગ હસતા જાય

છે કેમકે એ તો જીવને જણાવે છે કે ભાઈ ! તને શુભ મળ્યું કે અશુભ, શાતા મળી કે અશાતા, એ બધું તારું જ છે જે હું તને પાછું આપું છું, તેં મારા પ્રતિ જેવાં શુભાશુભ ભાવ કર્યાં તેવાં રૂપે હું પરિણમેલ છું. હું મારામાં - મારા પરિણમનમાં પ્રામાણિક છું. તું તારા પરિણમનમાં પ્રામાણિક બન ! તો તું તારા સ્વયંના પરમપારિણામિક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના અવલંબને તું સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર, અપ્રમત્તતા, ક્ષપકશ્રેણી, વીતરાગતા, કેવળજ્ઞાન અને સિદ્ધ સ્વરૂપે પરિણમીશ.

**બેટી બોલે બાપને રે, વિણ જાયો વર લાય;**
**વિણ જાયો વર નહિ મળે તો, મુજશું ફેરા ખાય ॥૬॥**

સુમતિ દીકરી સુમન બાપને કહે છે કે મારા માટે એવો વર લાવો કે જન્મ્યો ન હોય ! સુમતિ એટલે મતિજ્ઞાન પોતાના સુમનને, આત્માને કહે છે કે મને એની સાથે વરાવો જે જન્મ્યો નથી, અર્થાત્ જેનો જન્મ નથી, જેનો ઉત્પાદ નથી પણ જે સ્વયંભુ અનાદિ અનુત્પન્ન અવિનાશી નિષ્પન્ન છે એવાં કેવળજ્ઞાન - પરમાત્મ તત્ત્વ સાથે મને વરાવો ! જો આપ તેમ ન કરશો તો મારી સાથે એટલે કે મતિજ્ઞાન કહેતાં વિનાશી જ્ઞાન સાથે અને અનાત્મભાવ સાથે ફેરા ખાતા જ રહેવું પડશે અર્થાત્ ભવભ્રમણ ચાલુ ને ચાલુ રહેશે.

**સાસુ કુંવારી, વહુ પરણેલી, નણદલ ફેરા ખાય;**
**દેખણવાલી હુલર જાયો, પાડોશણ હરખાય... ॥૭॥**

સુમતિ એટલે સદ્‌બુદ્ધિ - પ્રજ્ઞા છે તે જ્ઞાનાવરણીય અને મોહનીયના ક્ષયોપશમથી પ્રગટેલ સમ્યગ્જ્ઞાન છે જે કેવલજ્ઞાન સ્વરૂપ આત્માનો અંશ છે, અંગ છે, ભાગ છે. આત્મા પોતે પૂર્ણ એવો કે જ્ઞાન સ્વરૂપ છે કે જેનુ અડધુ અંગ તે સમ્યગ્જ્ઞાન - પ્રજ્ઞા છે. આમ પ્રજ્ઞા એ જીવની અર્ધાંગના-પત્ની બની એ પ્રજ્ઞાનો વિકાસ થતાજ પરમાત્મદશા પ્રગટે છે જે પ્રજ્ઞાની માતા છે અને તેથી જીવની તે સાસુ છે.

આત્મપુરુષની માતા પરમાત્મદશા - સિદ્ધદશા સદા કુંવારીજ છે જ્યારે આત્માની પત્ની સુમતિ પરણેલી છે કારણકે તે કેવળજ્ઞાન સાથે જોડાયેલી છે.

વળી એની નણંદ એટલે કે આત્માની બેન કીર્તિ આખા જગતમાં ફેલાતી (ફરતી) રહે છે. પોતાની આરાધના (સમ્યગ્) દષ્ટિ વડે પતિ આત્માને જ જોનારી અને એમાંજ રાચનારી સુમતિ પત્નીએ સમ્યગ્જ્ઞાનરૂપી વિવેક નામે પુત્રને જન્મ આપ્યો. એટલે એની પાડોશણો વિદ્યા, લક્ષ્મી, ધૃતિ, કાંતી, મેધા, જિજ્ઞાસા આદિ એ દેખણહારા આનંદ પમાડનારા પુત્રને જોઈ જોઈને હરખાવા લાગી - રાજી રાજી થઈ ગઈ.

**એક અચંબો ઐસો દેખ્યો, કુવામાં લાગી લાય;**
**કચરો સબ બળી ગયો પણ ઘટ તો ભર ભર થાય. ॥૮॥**

એક આશ્ચર્ય એવું જોયું કે આત્માના અધ્યવસાયરૂપી કુવામાં ક્ષપકશ્રેણી રૂપી દાવાનળ સળગ્યો. ધ્યાનરૂપી એ અગ્નિમાં કર્મોરૂપી કચરો બળીને ભસ્મીભૂત થઈ જતાં આત્મકુંભ જ્ઞાનામૃતથી છલકાઈ ગયો.

**આનંદઘન કહે સુનો ભાઈ સાધુ, એ પદસે નિર્વાણ;**
**ઈસ પદકા અર્થ કરે સો શીઘ્ર સાધે કલ્યાણ ! ॥૯॥**

પદ રચયિતા કહે છે કે હે સાધુ પુરુષો ! સાધક મુમુક્ષુ આત્માઓ આ પદથી નિર્વાણ છે. આ પદનો અર્થ કરનાર શીઘ્ર આત્મકલ્યાણ સાધશે એટલે કે નિર્વાણને પામશે. આનંદઘનજી કે એમના જેવાં કૃતિકાર અનુભવજ્ઞાની જ આવી ગહન વાતોનો તાગ લઈ શકે કે જેને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે, જેથી કરીને તેવા સમ્યગ્જ્ઞાની, મિથ્યા વાતોને સમ્યગ્રૂપે ઘટાવી શકે અને જેને બધું સમ્યગ્ પરિણમન હોય તેનું નિર્વાણ નિકટ જ હોય !

★ ★ ★

निशदिन जोउं तारी वाटडी, घेरे आवो रे ढोला...

अवधू क्या मांगु गुणहीना !!!

*राम कहो, रहेमान कहो..*

बेहेर बेहेर नहीं आवे रे अवसर ......

साधो भाई समता रंग रमीजे..

क्या सोवे उठ जाग बाउ रे, अंजलि जल ज्यूं आयु घटत है...

आशा औरनकी क्या कीजे ?

अब हम अमर भये न मरेंगे ......

मूलडो थोडो भाई व्याजडो घणो रे, केम करी दीधो रे जाय ?

**દાર્શનિક સિદ્ધાંતોની ગૂઢતા એવં પ્રેમલક્ષણા ભક્તિની શુદ્ધતાને, આંતરસંવેદનના ઓરસિયા ઉપર લઢી લઢીને જેમણે અનુભૂતિના અમૃતરસ નિપજાવ્યા છે, તેવા મસ્ત ફકીર અવધૂત યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજાના અધ્યાત્મપદોનો પારસસ્પર્શ એટલે જ આ ગ્રંથ**

Design by Jai Bhairav Graphics. (98213 44432)

Printed by : Hitesh Dasadia - 26830921